

આગમ મંદિર - પાલીતાણા

આગમ મંદિર - સુરત



આગમોદ્ધારક

સંગ્રહ : ૨૬

# સાગર-
# સમાધાન

—સમાધાનકાર—

આગમોદ્ધારક

આચાર્યદેવશ્રી

આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ



: પ્રકાશક :

શ્રી જૈન પુસ્તક પ્રચારક સંસ્થા, સુરત.

ધ્યાનસ્થ-સ્વર્ગત-

આગમોદ્ધારક-આચાર્યદેવશ્રી

# આનંદસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીના

વરદ હસ્તે

શ્રી વર્દ્ધમાનજૈનતામ્રપત્ર-આગમમંદિર, સુરતની થએલ
પ્રતિષ્ઠાને ૨૫ વર્ષ પૂર્ણ થયાં તે નિમિત્તે

વિક્રમ સંવત્ ૨૦૨૯ના મહા સુદ ૩ મંગળવાર
તા. ૬-૨-૧૯૭૩ના શુભદિને

પૂ૦ સાધુ ભગવંતો અને સાધ્વીજી મહારાજશ્રીને

ભેટ

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

આગમોદ્ધારક-સંગ્રહ : ૨૬

# સાગર-સમાધાન

## ભાગ-૨

સમાધાનકાર :-

પૂ. આગમોદ્ધારક-આચાર્યપ્રવર-

શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજ

: પ્રકાશક :

શ્રીજૈન-પુસ્તકપ્રચારક-સંસ્થા, સૂરત.

[ નકલ [illegible] ] આવૃત્તિ બીજી [ મૂલ્ય રૂ. ૫-૦૦

[ વિક્રમ સં[illegible]૨૦૨૫ ] વીર સંવત્ ૨૪૯૯ [ આગમોદ્ધારક સંવત્ ૨૩

: પ્રાપ્તિસ્થાન :

આનંદ પુસ્તકાલય

ગોપીપુરા, સુરત.

## પૂ૦ આગમોદ્ધારક-આચાર્યદેવ શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મ૦ના અંતેવાસી શિષ્ય મુનિવર શ્રીગુણસાગરજી મ૦ની શુભપ્રેરણાથી

## દ્રવ્ય-સહાયકોની નામાવલી

૧૦૧-૦૦ પ૦ પૂ૦ ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીએ અમારાશ્રી સંઘ ઉપર ઘણોજ ઉપકાર કર્યો છે. તેઓશ્રીની શુભનિશ્રામાં છપાતા સાગર સમાધાનના ભા૦ ૨ જામાં અમારા શ્રી મુળી જૈન સંઘ તરફથી જ્ઞાનભક્તિમાં ભેટ.

૨૫૧-૦૦ મુનિરાજશ્રી ગૌતમસાગરજી મ૦ તથા મુનિરાજશ્રી અરૂણોદયસાગરજી મ૦ નાનપુરા પર્યુષણપર્વની આરાધના કરાવવા ગએલ તેમાં થયેલ જ્ઞાનખાતાની આવકમાંથી નાનપુરા જૈન સંઘ તરફથી જ્ઞાન-ભક્તમાં ભેટ.... સુરત.

૫૦૧-૦૦ પ૦પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીઆનંદસાગર-સૂરીશ્વરજીમહારાજના પ્રશિષ્ય ગણીવર્ય શ્રીસૌભાગ્ય-સાગરજી મ૦ તથા આગમોદ્ધારક શ્રીના તપસ્વી અંતેવાસી શિષ્ય દીપસાગરજી મ૦ની શુભ પ્રેરણાથી અમદાવાદ શ્રી જૈન સોસાયટીમાં વિક્રમ સંવત ૨૦૨૮માં થએલ ચાતુર્માસમાં જ્ઞાનખાતાની આવકમાંથી જૈન સોસાયટી સંઘના ઉપાશ્રયના જ્ઞાનખાતા તરફથી ભેટ.

૧૦૧-૦૦ પ૦ પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મ.ના તપસ્વી અંતેવાસી શિષ્ય દીપસાગરજી મ. ની શુભ પ્રેરણાથી ચિ. શરદ-કુમારની અઠ્ઠાઈની તપસ્યા તથા તેમના માતુશ્રી

કાન્તાબેનની સોળ ઉપવાસની તપશ્ચા નિમિત્તે સી. મહેતા એન્ડ કું. તરફથી જ્ઞાનભક્તિમાં ભેટ....અમદાવાદ.

૧૦૧-૦૦ પ૦ પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મ.ના તપસ્વી અંતેવાસી શિષ્ય મુનિરાજ શ્રીદીપસાગરજી મ૦ ના ઉપદેશથી અમદાવાદવાળા શાહ રસીકલાલ ચંદુલાલની પેઢી તરફથી જ્ઞાનભક્તિમાં ભેટ.

હા. ચંદુલાલ નાલચંદ શાહ...અમદાવાદ

૫૦૧-૦૦ પ૦ પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મહારાજના શિષ્ય ઉપાધ્યાય શ્રી ક્ષમાસાગર મ. ના પ્રશિષ્ય મુનિરાજ શ્રીશશીપ્રભસાગરજી મહારાજની શુભ પ્રેરણાથી પુસ્તક પ્રકાશનમાં છાપરીયાશેરીના મોટા ઉપાશ્રયે થએલ જ્ઞાનખાતાની ઉપજમાંથી જ્ઞાનભક્તિમાં મોટા ઉપાશ્રય શ્રી સંઘ તરફથી ભેટ....સુરત.

૫૧-૦૦ મુનિરાજ શ્રીઅભિનંદનસાગરજી મ૦ તથા નિત્યવર્ધનસાગરજી મ. ની શુભ પ્રેરણાથી વલસાડ શ્રી જૈન સંઘ તરફથી પુસ્તક પ્રકાશનમાં ભેટ.

૧૦૧-૦૦ વિદુષી સાધ્વી સુમલયાશ્રીજી મ.ના પરમવિનયી શિષ્યા વિચક્ષણાશ્રીજી મ. ની શુભ પ્રેરણાથી નાનચંદ ધનાજી ટ્રસ્ટ ઉપાશ્રયની થએલ જ્ઞાનખાતાની ઉપજમાંથી ભેટ...સુરત.

૧૦૧-૦૦ બીલીમોરા નિવાસી મગનલાલ મોતીચંદ પનારવાળા તથા તેમના ધર્મપત્ની શાંતાબેન શ્રી સમેત શીખરજી આદિ મહાન તીર્થોની યાત્રા કરેલ તે નિમિત્તે પુસ્તક પ્રકાશનમાં ભેટ.

૧૦૧-૦૦ વિદુષી સાધ્વીશ્રી તિલકશ્રીજી મ. ના સુશિષ્યા ૨ ગેન્દ્રશ્રી મ. ની પ્રેરણાથી જ્ઞાનખાતાની આવકમાંથી જ્ઞાનભક્તિમાં ભેટ....મુંબઈ-બોરીવલી.

૫૧-૦૦ સમેતશીખર તીર્થોદ્ધારીકા વિદુષી સાધ્વીશ્રી રંજનશ્રીજી મ ની સુશિષ્યા સરસ્વતીશ્રીજી મ૦ ની પ્રેરણાથી જ્ઞાનખાતામાંથી જ્ઞાનભક્તિ નિમિત્તે ભેટ....અમદાવાદ.

૫૧-૦૦ સમેતશીખર તીર્થોદ્ધારીકા વિદુષી સાધ્વીશ્રી રંજનશ્રીજી મ૦ ના સુશિષ્યા પ્રિયંકરાશ્રીજી મ.ના શિષ્યા નિરંજનાશ્રીજી મ૦ ની શુભ પ્રેરણાથી જ્ઞાનખાતાંની આવકમાંથી શ્રી સંઘ તરફથી જ્ઞાનભક્તિમાં ભેટ...બારડોલી.

૫૧-૦૦ વિદુષી સાધ્વી સુરપ્રભાશ્રીજી મ૦ ની સુશિષ્યા ક૦ કપ્રભાશ્રીજી મ૦ ની પ્રેરણાથી જ્ઞાનપ્રકાશનમાં ભેટ...જામનગર.

૫૧-૦૦ વિદુષી સાધ્વીશ્રી પ્રમોદશ્રી મ. ના સુશિષ્યા નિરૂપમાશ્રીજી મ૦ ની શુભ પ્રેરણાથી જ્ઞાનખાતાની આવકમાંથી ભેટ...સુરત.

૧૫૧-૦૦ વિદુષી તપસ્વી સાધ્વીશ્રી તીર્થશ્રીજી મ. ના સુશિષ્યા વયોવૃદ્ધ સાધ્વીશ્રી પ્રમોદશ્રીજીના સુશિષ્યા તપસ્વી નિરૂપમાશ્રીજી મ. તથા સાધ્વીશ્રી જેષ્ઠાશ્રીજી મ. પ્રશમરસાશ્રીજી મ. જયરેખાશ્રીજી, જયધર્માશ્રીજી, પ્રમિતગુણાશ્રીજી, પ્રદિપ્તાશ્રીજી, સુગુપ્તાશ્રીજી, નવરત્નાશ્રીજીની શુભ પ્રેરણાથી રામપુરા નિવાસી કાન્તીલાલ સાકરચંદ તરફથી ભેટ...રામપુરા-ભંકોડા.

૧૦૧-૦૦ સમેતશીખર તીર્થોદ્ધારીકા વિદુષી સાધ્વી શ્રીરંજનશ્રીજી મ. ના સુશિષ્યા રેવતીશ્રીજી મ. ના પરમવિનયી શિષ્યા શમગુણાશ્રીજી મ. ની શુભ પ્રેરણાથી જ્ઞાનભક્તિમાં ભેટ....સુરત.

૨૦૧-૦૦ સમેતશીખર તીર્થોદ્ધારીકા વિદુષી સાધ્વી શ્રી રંજનશ્રીજી મ૦ ના પરમવિનયી સાધ્વીશ્રી ગુણોદયાશ્રીજી મ૦ની શુભ પ્રેરણાથી પુસ્તક પ્રકાશનમાં ભેટ.

૧૦૧-૦૦ યોગનિષ્ઠ આચાર્યશ્રી વિજયકેસરસૂરીશ્વરજી મ. ના આજ્ઞાવર્તીની વિદુષા સાધ્વીશ્રી નેમશ્રીજી મ. ની અઠ્ઠાઇની તપસ્યા, સાધ્વીશ્રી શાસનરસાશ્રીજીના માસક્ષમણ સા. રત્નત્રયાશ્રીજીની અઠ્ઠાઇ સા. વિરતીધરાશ્રીજી મ. ના ૧૧ ઉપવાસ સાધ્વીશ્રી મંજુલાશ્રીએ કરેલ વર્ધમાનતપની ૫૨ મી ઓળી તથા સાધ્વીશ્રી ત્રિલોચનાશ્રીજીએ કરેલ ૮૨-૮૩મી ઓળીની પૂર્ણાહુતી નિમિત્તે નવસારી શ્રી સંઘ તરફથી જ્ઞાનખાતામાંથી જ્ઞાનભક્તિમાં ભેટ. નવસારી.

૫૧-૦૦ વિદુષા સાધ્વી હેમેન્દ્રશ્રીજી મ. ની શુભ પ્રેરણાથી જ્ઞાનભક્તિમાં ભેટ...બીલીમોરા.

૧૦૧-૦૦ વિદુષી સાધ્વીશ્રી શુભંકરાશ્રી મ૦ તથા સા. મહાનંદાશ્રીજી મ. જે હરીપુરા શ્રી સંઘની વિનતિથી ચાતુર્માસ કરેલ તેમાં થએલ જ્ઞાનખાતાની આવકમાંથી તેમની શુભ પ્રેરણાથી હરીપુરા ઉપાશ્રય જ્ઞાનખાતા તરફથી જ્ઞાનભક્તિમાં ભેટ.

૧૦૧-૦૦ વિદુષી સાધ્વીશ્રી કનકપ્રભાશ્રી મ૦ના સુશિષ્યા સાધ્વીશ્રી સુતારાશ્રીજી મ૦ના ઉપદેશથી તથા પ્રશિષ્યા સાધ્વી સુલક્ષિતાશ્રીની શુભ પ્રેરણાથી લીંબડી નિવાસી શેઠ શાન્તીલાલ ચુનીલાલ તરફથી પુસ્તક પ્રકાશનમાં ભેટ લીંબડી

૧૦૧-૦૦ સુરત નિવાસી ઝવેરી રતનચંદ તલકચંદનાં ધર્મપત્ની રમીલાબેન (ધનુબેન) તથા તેમનાં સુપુત્રો રમેશ, સુરેશ તથા દિનેશ તથા પુત્રવધુ મીનાક્ષીબેન તરફથી જ્ઞાનભક્તિમાં ભેટ.

# પ્રકાશકીય-નિવેદન

અમારી આ "જૈન પુસ્તક-પ્રચારક સંસ્થા" પૂર્વાચાર્યોની અને પરમતારક ગુરૂદેવ **શ્રી આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજની કૃતિઓનું તેમજ શાસનોપયોગી બીજી આધુનિક-કૃતિઓનું પણ પ્રકાશન કરવા ભાવના રાખે છે. તે પૈકી પૂ. ગુરૂદેવશ્રીએ આપેલ પ્રશ્નોના સમાધાન તરીકે **'સાગર સમાધાન'** આગમોદ્ધારક સંગ્રહ ૨૬મા ગ્રંથરત્ન તરીકે પૂ૦ ગુરૂદેવશ્રીના પ્રખર અનુરાગી મુનિરાજ **શ્રી ગુણસાગરજી** મહારાજની પ્રેરણાથી પ્રસિદ્ધ થાય છે.

આ ગ્રંથના વિષયને સમજવા માટે વિષયાનુક્રમ અપાયેલ છે.

પૂ૦ મુનિ મહારાજશ્રી **ગુણસાગરજી** મહારાજશ્રીની પ્રેરણાથી આ તથા બીજી સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં નીચેના ગ્રંથો પ્રકાશિત થયા છે.

સિદ્ધચક્ર-માહાત્મ્ય.
સુધા-સાગર ભા-૧-૨
સાગર-સમાધાન ભા-૧-૨.
શ્રી નવ સ્મરણાનિ ગૌતમરાસશ્ચ.
સૂયગડાંગ સૂત્ર. (વ્યાખ્યાન.)
પર્વ-દેશના.
(પાંગ પ્રકીર્ણક વિષયાનુક્રમાદિ.
સ્થાનાંગ-સૂત્ર.
(વ્યાખ્યાન સંગ્રહ ભા-૧)
ષોડશક પ્રકરણ.
(વ્યાખ્યાન સંગ્રહ ભા. ૧)
આગમીયસૂક્તાવલ્યાદિ.
લઘુતમનામકોષ અને }
લઘુસિદ્ધપ્રભા-વ્યારણ }
આચારાંગ સૂત્ર.
(અ૦ ૪ વ્યા૦ સંગ્રહ ભા. ૧)
આરાધનામાર્ગ. (ગુજરાતી ભાવાર્થ)
શ્રી તીર્થંકરપદવી-સોપાન.
(વીસસ્થાનકના વ્યાખ્યાનો)
આગમોદ્ધારકશ્રીની અમોઘ-દેશના વ્યાખ્યાન
આગમોદ્ધારકશ્રીની અમૃત-વાણી વ્યાખ્યાન
આગમોદ્ધારકશ્રીની અમૃત-દેશના વ્યાખ્યાન
નવપદ-માહાત્મ્ય.
આગમોદ્ધારક-લેખસંગ્રહ.
પર્વ-માહાત્મ્ય (પર્વોના વ્યાખ્યાનો)
પ્રશમરતિ અને સંબંધકારિકા.
(વ્યાખ્યાન સંગ્રહ)

નવપદ-માહાત્મ્ય. (આ૦ બીજી)
ઉપદેશ રત્નાકર. ( મૂળ ભવાર્થ )
શ્રી પ્રજ્ઞાપના વ્યાખ્યા (હારિભદ્રીય)
તાત્ત્વિક-પ્રશ્નોત્તર.
પત અને ઉદ્યાપન.
અષ્ટાહ્નિકા-માહાત્મ્ય
( અઠ્ઠાઈના વ્યાખ્યાનો )
આનંદ-સુધાસિન્ધુ ભા-૨
તાત્ત્વિક-પ્રશ્નોત્તર ( સંસ્કૃત )
આરાધનામાર્ગ ભા-૧ (સં. ભાવાર્થ)
સાગર સમાધાન ભા-૧. (આ બીજી)

આ પુસ્તકનું સંશોધનાદિ કાર્ય **પૂ૦ આગમોદ્ધારક આચાર્યશ્રી આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજના **અનન્ય-પટ્ટધર** શ્રી સમેતશિખરજી મહાતીર્થમાં, તથા રાજગૃહી મહાતીર્થમાં અને મૂળી તથા કપડવંજમાં અંજનશલાકા પ્રતિષ્ઠા કરાવનાર તથા તીર્થંકર ભગવંતોની કલ્યાણક-ભૂમિઓની તીર્થયાત્રા કરીને બંગાલ, બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, ખાનદેશ, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, આદિ પ્રદેશોમાં વિચરીને ઘણા જ વર્ષે પાલીતાણા શહેરમાં પધારી ત્યાં શ્રી વર્ધમાન જૈન આગમમંદિર-સંસ્થાની વિશાળ જગ્યામાં બંધાયેલ ગુરૂમંદિરમાં પૂ૦ આગમોદ્ધારકશ્રીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવનાર, પૂર્વાચાર્યોના તથા પૂ૦ આગમોદ્ધારકશ્રીના રચેલા ગ્રંથોનું સંપાદન કરનાર વર્તમાનશ્રુતના જ્ઞાતા વિદ્યાવ્યાસંગી, મૂળીનરેશ-પ્રતિબોધક શાંતમૂર્તિ ગચ્છાધિપતિ આચાર્યભગવાન્ **શ્રી માણિક્યસાગરસુરીશ્વરજી** મહારાજના પરમવિનયી શિષ્યરત્ન શતાવધાની **ગણીવર્ય શ્રીલાભસાગરજી** મહારાજે કરેલ છે. તથા આ પુસ્તક પ્રકાશનમાં સહાયભૂત થનાર મુનિશ્રી અરૂણોદયસાગરજી મ૦ તથા બાલમુનિ શ્રીમહાબલસાગરજી મ૦ના અમો ઋણી છીએ. અંતમાં આ પ્રશ્નોના સમાધાનોના વાંચન-મનન દ્વારા ભવ્ય જીવો આરાધના કરો એજ અભ્યર્થના

વિ૦ સં૦ ૨૦૨૯
મહા સુદ ૩. મંગળવાર
આગમમંદિર-પ્રતિષ્ઠાદિન
સૂરત

લિ૦
**મદ્રાસી પાનાચંદ સાકેરચંદ**
**ઝવેરી અમરચંદ રતનચંદ**
**ઝવેરી શાંતિચંદ છગનભાઈ**

# પ્રસ્તાવના

ગ્રન્થો પુસ્તકો પુસ્તિકાઓને અંગે પ્રસ્તાવના આપવાની પરંપરા ચાલુ છે, નાના કે મોટા દરેક ગ્રન્થને સામાન્ય કે વિશેષ, પણ તે ગ્રન્થના ઉદ્દેશ, રહસ્ય, રૂપરેખાદિ દર્શાવનાર નાની કે મોટી પ્રસ્તાવના હશે.

પ્રસ્તાવના એટલે ગ્રન્થની રૂપરેખા વિગેરે આપવામાં આવેલ છે જેમાં તે સિદ્ધચક્રસાહિત્ય-પ્રચારકસમિતિ મારફત પ્રસિદ્ધ થતા શ્રી સિદ્ધચક્ર નામે પાક્ષિકમાં **'શ્રી સાગર સમાધાન'** છે. પ્રશ્નોના સમાધાન આપનાર પૂજ્ય ગુરુદેવશ્રીના નામથી જૈન સમાજમાં કોઈ ભાગ્યે જ અપરિચિત હશે જૈન સમાજના પરમ ઉપકારી શાસનના પરમ પ્રભાવક પૂ૦ ગુરૂદેવશ્રીની ઓળખાણ આપવી એ બાલચેષ્ટા-કિન્તુ તક પામીને એ વિષે એ પુણ્યપુરુષનું શાસનના ધુરંધર સૂરિપુંગવનું સ્મરણ થાય. ભક્તિ થાય એ અનુમોદનીય છે. કર્તવ્ય છે. શૈલાનાનરેશ-પ્રતિબોધક સ્વ-પર-શાસ્ત્ર-રહસ્યનિષ્ણાત, જ્ઞાનવૃદ્ધ. વયોવૃદ્ધ પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ **આગમોદ્ધારક આચાર્યદેવશ્રીઆનંદસાગરસૂરીશ્વરજી** મહારાજ એજ શ્રી જૈનસમાજના પ્રાણાધિકવલ્લભ પૂજ્ય ગુરૂદેવશ્રીએ તીર્થને અંગે, શાસનના અંગે, સિદ્ધાન્ત અંગે, જ્યારે જ્યારે તેવા તેવા પ્રસંગો પ્રાપ્ત થયા છે. ત્યારે ત્યારે લેશ પણ વિશ્રાંતિ વિના કોઈની પણ પરવા વિના તેઓશ્રીએ એકલે હાથે પ્રભુ શાસનની અપ્રતિમ સેવાઓ બજાવી છે. એવી સેવામાંજ જીવનને તન્મય બનાવ્યું છે. પ્રભુ શાસનની વિજયપતાકા જ ફરકાવી છે. એમ તો તેઓશ્રીની અગણિત સેવાઓ વિદ્યમાન છે. તેઓશ્રીનું જીવન જ સેવાના પ્રતિક સમાન છે. અનેકવિધ સેવાઓમાં આગમ-સેવા એ તેઓશ્રીનું પ્રધાનતમ આત્મીય જીવન છે. આગમના વાંચન સંશોધન પ્રકાશન આદિથી તો તેઓશ્રી **સાક્ષરશિરોમણી** તરીકે સુપ્રસિદ્ધ હતાજ, છે જ કિન્તુ છેલ્લે છેલ્લે સિદ્ધાચલગિરિરાજની છાયામાં બાંધવામાં આવેલું **શ્રી વર્ધમાન-જૈન-આગમમંદિર** મધ્યમાં એક મોટું, આજુબાજુ ચાર મધ્યમ

મંદિરોવાલું અને ૪૦ દેરીઓની રચનાથી વિભૂષિત કરાયું છે. એમાં ઉર્ધ્વલોક અને અધોલોકનાં વિમાનોમાંના શાશ્વતચૈત્યોમાં સ્થાપિત કરાયેલા એકસો એંસી જિનબિંબોને અનુલક્ષીને ૧૮૦ પ્રભુ પ્રતિમાઓ જૈનાગમોની સંખ્યા પીસ્તાલીશ હોવાથી ૪૫ ચૌમુખજીઓ વડે આ પ્રમાણે સ્થાપિત કરાવાઇ છે.-વર્તમાન ૨૪ તીર્થંકરોના ચોવીસ, ૨૦ વિહરમાન જિનેશ્વરોના વીસ અને શાશ્વતા ચૌમુખજી મલી ૪૫ ચૌમુખજીઓ વડે (૪૫×૪=૧૮૦) દેવલોકમાનાં જિનબિંબ સ્વરૂપ સાચવવામાં આવ્યું છે. જિનેશ્વરોના જન્મકલ્યાણક સમયના અભિષેકો માટેના મેરૂપર્વતો પાંચ હોવાથી તેને અનુલક્ષીને એક મોટો ૪ મધ્યમ એ પાંચ ચૈત્યોમાં. આગમો અને પ્રકરણોમાં આવેલા વર્ણનો પ્રમાણે પાંચ મેરૂ-પર્વતોની સ્થાપના કરી પાંચ ચૌમુખજી બાકીની ૪૦ દેરીઓમાં જિનેશ્વર ભગવંતોએ સમવસરણમાં ચારે દિશાઓ તરફ ચતુર્મુખે આગમોની પ્રરૂપણારૂપ દેશના દીધી હોવાથી તે ઉદ્દેશને-અનુલક્ષીને ૪૦ સમવસરણોમાં ૪૦ ચૌમુખજી મલી ૪૫ ચૌમુખજી પ્રતિષ્ઠિત કરાયા છે. તેમજ દિવાલોમાં મકરાણાના આદર્શ પાષાણોમાં શ્રી મુખે પ્રરૂપેલાં એ પીસ્તાલીશે આગમો અને પૂર્વાચાર્યોએ રચેલાં કમ્મપયડિ પંચસંગ્રહ જ્યોતિષકરંડક વિગેરે કેટલાક શાસ્ત્રો આરૂઢ કરાવી સ્થાપવામાં આવ્યા છે.

(૨) ઉપર્યુક્ત આગમમંદિરની સમીપમાં સુકુમાર અને આકર્ષક સિદ્ધચક્ર-ગણધરમંદિર પણ બાંધવામાં આવ્યું છે. એના સહુથી ઉપલા મજલામાં ચારે દિશાએ કૃપાદૃષ્ટિ દાખવતા ચૌમુખજી પધરાવવામાં આવ્યા છે. અને ભૂગર્ભમાં અતિથિ તરીકે અન્ય પ્રતિમાજીઓ બિરાજમાન કરવામાં આવ્યા છે. વચલા તલમજલાના ભાગમાં સિદ્ધચક્ર મંડળ આદીની યોજના આ મુજબ કરવામાં આવી છે-સિદ્ધચક્ર મંડળમાં ૧૦૦૮ પાંખડીના કમળમાં સમવસરણ યોજ્યું હોઇને ઉપલી બાજુમાં નવપદજીની યોજના માટે વિશાળપણે કમળની ૮ પાંખડીઓ બનાવવામાં આવી છે. કમળના મધ્યભાગની શિખામાં અરિહંતરૂપે ચૌમુખજીની અને વચલી ૪ પાંખડીઓમાં સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુની મૂર્તિઓ

પધરાવવામાં આવેલી હોઇને મંડળની રચના દેદીપ્યમાન બની છે. કમળના ખૂણાઓની ચાર પાંખડીમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપપદની લિપિબદ્ધ યોજના અને આખા મંડળમાં મંત્રાક્ષરો અને દેવ-દેવીઓ તેના નામો અને સ્થાનો સહિત કોતરવામાં આવ્યા છે. એ મંદિરની દિવાલોમાં પણ વર્તમાન ચોવીસીના ચોવીસે તીર્થંકર મહારાજાઓ સ્વ સ્વ તમામ ગણધરો સહિત અલંકૃત કરાવી આયાગપટ્ટની જેમ ૨૪ પટોમાં સ્થાપિત કરવામાં આવ્યો છે. અને ૧ પચ્ચીસમો પટ ભગવંત મહાવીરસ્વામી અને સુધર્માસ્વામી સહિત આગમોને પુસ્તકારૂઢ કરનાર **શ્રી દેવર્દ્ધિગણિ-ક્ષમાશ્રમણ** પર્યન્તના બહુશ્રુત કેટલાક આચાર્ય ભગવંતો વડે અલંકૃત કરવામાં આવ્યો છે. ગણધર મહારાજાઓના પટ્ટોવડે ભૂષિત હોવાથી જ એનું નામ સિદ્ધચક્ર-ગણધરમંદિર રાખવામાં આવ્યું છે દિવાલોના વિશેષભાગમાં **આચારાંગ-સૂયગડાંગ-દશાશ્રુતસ્કંધ-દશવૈકાલિક** અને **ઉત્તરાધ્યયનસૂત્રોની** નિર્યુક્તિઓ તથા **તત્ત્વાર્થસૂત્ર** અને **સિદ્ધપ્રાભૃત** ગ્રંથોને આદર્શ શિલા ઉપર આરૂઢ કરાવી બીરાજમાન કરવામાં આવ્યા છે. આ મંદિર પણ આગમોની નિર્યુક્તિઓ વડે અલંકૃત હોવાથી સિદ્ધચક્ર**ગણધર જૈનાગમમંદિર** કહેવાય તો અતિશયોક્તિ નથી જ.

આગમમંદિરો માટે ભરાવેલા ૮૦૦ પ્રતિમાજીઓની તથા બહારના આવેલા અન્ય પ્રતિમાજીઓ વિગેરે મલીને આશરે ૨૦૦૦ ઉપરાન્ત જિનબિંબો વિગેરેની અંજનશલાકા સંવત્ ૧૯૯૯ મહાવદ-૨ ને સોમવાર તા. ૨૨-૨-૧૯૪૩ને રોજ શુભલગ્નમાં **આચાર્યશ્રીઆનંદસાગર-સૂરીશ્વરે** કરી હતી તેમજ ઉક્ત બંને મંદિરોની પ્રતિષ્ઠા વિ૦ સં૦ ૧૯૯૯ના મહાવદ ૫ ને તા. ૨૫-૨-૧૯૪૩ ગુરૂવારને રોજ ઉક્તસૂરીશ્વરે કરાવી હતી.

આ બંને મંદિરોની સાથોસાથ સાધુ-શ્રમણ મહારાજોનો પુસ્તક સંગ્રહ રાખવા-જાણવા માટે **'શ્રી શ્રમણસંઘ પુસ્તક સંગ્રહ'** નામનું એક મકાન પીસ્તાલીશ આગમને અનુલક્ષીને પીસ્તાલીશ પુસ્તક ભંડારો સંગ્રહવા માટેનું યોજવામાં આવ્યું છે. તેમાં હાલ થોડા ભંડારો

ગોઠવવામાં આવ્યા છે. તેની રીતે સુરતમાં સ્થાપન કરવામાં આવેલ **શ્રી વર્ધમાન જૈન તામ્રપત્રાગમમંદિરમાં** તિર્છાલોકના વિમાનોમાં શાશ્વતા ચૈત્યોમાં સ્થાપિત કરાયેલાં ૧૨૦ જિનબિંબોને અનુલક્ષીને ભૂગર્ભ સહિત ત્રણ મજલામાં ૧૨૦ પ્રભુબિંબો પશ્ચિમાભિમુખે સ્થાપિત કરવામાં આવ્યા છે. મુખ્ય તલમજલામાં આસન્નોપકારી ચરમ તીર્થંકર શ્રી **મહાવીરસ્વામી** આદિ બિંબો, ચોટીગર્ભમાં આદ્ય–તીર્થંકર શ્રી **આદીશ્વરજી** આદિ બિંબો, અને ભૂગર્ભમાં શ્યામ આરસના સહસ્રફણા યુક્ત શ્રી **પાર્શ્વનાથજી** આદિ બિંબો. ભૂમિગૃહમાં ઉપરાંત શ્રી સિદ્ધચક્રજીના મંડળો એ સમવસરણરૂપે તે તે વર્ણના રંગવાળી પ્રતિમાઓથી બિરાજીત કરવામાં આવ્યા છે. ભૂમિગૃહમાં અને તળમજલાના રંગમંડપમાં પીસ્તાલીશે આગમોને તામ્રપત્રોમાં ઉપસાવેલા અક્ષરોથી આરૂઢ કરાવી ચેનલોમાં કાચથી આચ્છાદિત કરી સ્થાપિત કરવામાં આવ્યા છે. ભૂમિગૃહમાં પાર્શ્વનાથજી અને કમઠ તાપસના પ્રસંગો વિગેરેના દશ્યો તલમજલે મુખ્ય રંગમંડપમાં શ્રી મહાવીરના પંચકલ્યાણક આદિ-દશ્યો અને ચોટી–શિખા મજલે શ્રી આદીશ્વરજીના પ્રસંગમાંના દશ્યો દીવાલો ઉપર કોતરવામાં આવ્યા છે. મંદિરને ફરતી ચારે તરફની દીવાલોના બાહ્યભાગમાં ચૌદ સ્વપ્નો. અષ્ટમંગલ અને અષ્ટ પ્રાતિહાર્યો વિભૂષિત કરવામાં આવ્યા છે. સુરતના મંદિરમાં બિરાજમાન કરવા માટે પાદલિપ્તપુરમાં સં• ૧૯૯૯ની સાલમાં અંજનશલાકા થયેલા બિંબોમાંથી ૧૨૦ જિનબિંબો સં૦ ૨૦૦૩ના આશ્વિન વિજયાદશમી અને શુક્રવારે પાહુણા તરીકે અત્રે પધરાવવામાં આવ્યા હતા અને એજ પ્રતિમાજી-ઓની તામ્રપત્ર આગમમંદિરમાં વિ૦ સં૦ ૨૦૦૪ના મહા સુદ ૩ ને શુક્રવારે તા. ૧૩–૨–૧૯૪૮ની મંગલ પ્રભાતે રવિ અને રાજ આદિ ચાર શુભયોગવાળા સમયે **આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરીશ્વરે** પ્રતિષ્ઠા કરાવી હતી.

આ બન્ને આગમમંદિરની રૂપરેખા **જીવણચંદ સાકરચંદ** ઝવેરીના લખાણ ઉપરથી લીધી છે.

# સૂરત અને સૂરીશ્વરજી

**પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનંદ-સાગરસૂરીશ્વરજી**એ પોતાનું આખુ જીવન જૈનશાસનની સેવામાં વીતાવ્યું હતું અને પોતે અથાગ મહેનતથી શુદ્ધ કરેલા જિનાગમોને મુદ્રણ કરાવીને, આરસ ઉપર કોતરાવીને અને તામ્રપત્ર ઉપર ઉપસેલા અક્ષરોથી આરૂઢ કરીને ત્રણ પ્રકારે તેનો ઉદ્ધાર કર્યો તેમના ત્રીજા ઉદ્ધારનું કાર્ય ભાગ્યયોગે સૂરતને સાંપડ્યું. તે તામ્રપત્ર ઉપર આરૂઢ કરેલા આગમો સુરતમાં એક દેરાસર બંધાવી તેની દીવાલો ઉપર લગાડવાનું નક્કી થયું. આથી તે માટે અન્ય ધાર્મિક વહીવટો માટે ગુરૂદેવશ્રીના ઉપદેશથી એક પેઢી સ્થાપવાનું નકકી થયુ અને શ્રી ચતુર્વિધ સંઘે સંવત્ ૨૦૦૨ના વૈશાખ સુદ ૧૧ ને શનિવારના દિવસે **શ્રીઆગમોદ્ધારક સંસ્થાની** સ્થાપના કરી અને તે સંસ્થાદ્વારા સુરતમાં શ્રી વર્ધમાન જૈનતામ્રપત્ર આગમમંદિર બાંધવામાં આવ્યું.

## ખાતમુહૂર્ત પ્રતિષ્ઠા

આ આગમમંદિર (દહેરાસરજી) બાંધવા માટે સુરતના સુપ્રસિદ્ધ રાવબહાદૂર નગીનચંદ ઝવેરચંદ ઝવેરીના સુપુત્ર શેઠ સોભાગચંદના સુપત્ની રતનબહેને આશરે રૂ. ૩૦,૦૦૦) અંકે ત્રીશ હજારની જમીન ભેટ આપી, અને તેના ઉપર આ દહેરાસર બાંધવા માટે સં. ૨૦૦૩ના ફાગણ વદ ૬ ને દિવસે ખાતમુહૂર્ત સંઘવી શેઠ માણેકલાલ મનસુખભાઈ અમદાવાદવાળાના હસ્તે કરાવી કામ શરૂ કર્યું અને નવ માસ જેટલા ટુંકા સમયમાં જ આ દહેરાસરનું કામ પુરૂ કરી સંવત્ ૨૦૦૪ મહા સુદ ૩ ને શુક્રવારે **પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરીશ્વરજી**ના વરદ હસ્તે આ મંદિરની પ્રતિષ્ઠા કરાવવામાં આવી આ દહેરાસર બાંધવામાં તથા પાછળથી દિવાલોમાં સોનું વગેરે પુરાવી ડેકોરેશન વિગેરે કરવામાં તેમજ તામ્રપત્ર ઉપર આગમો તૈયાર કરાવવા વિગેરેમાં કુલે લગભગ રૂ ૫,૦૦,૦૦૦નો અંકે પાંચ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે.

# સુરતના ગુરૂમંદિરના અપૂર્વ દશ્યો અને ભવ્ય-પ્રતિમા

## શ્રીઆગમોદ્ધારક-ગુરૂમંદિર

આ મંદિર આગમોદ્ધારક આચાર્ય **શ્રી આનંદસાગરસૂરીશ્વરજી** મ૦ના સ્મરણચિહ્નરૂપે બંધાવવામાં આવ્યું છે.

**પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજ વિ૦ સં૦ ૨૦૦૬ના વૈશાખ વદ ૫ ને શનિવારના દિવસે સુરત મધ્યે ગોપીપુરાના માળીફળિયામાં આવેલી **શેઠ મંછુભાઈ દીપચંદ**ની ધર્મશાળામાં (લીંબડાના ઉપાશ્રયમાં) નિર્વાણ પામ્યા હતા. તેમના દેહનો અગ્નિસંસ્કાર શ્રીઆગમોદ્ધારક સંસ્થાની માલિકીની, શહેરની વચમાં આવેલી જગ્યા ઉપર સરકારી સ્પેશિયલ (ખાસ) પરવાનગીથી કરવામાં આવ્યો હતો તેજ આ જગ્યા ઉપર **શ્રીઆગમોદ્ધારક-ગુરૂમંદિર** બાંધી **વિ૦ સં૦ ૨૦૦૭ના મહા સુદ ૩ ને શુક્રવારના** દિવસે પૂ૦ આચાર્યદેવ **શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી મ૦**ની **પ્રતિમાજી**ની પ્રતિષ્ઠા તેમના **અનન્ય-પટ્ટધર** આચાર્ય **શ્રીમાણિક્યસાગરસૂરીશ્વરજી મ૦**ના વરદ હસ્તે કરાવવામાં આવી છે.

આ ગુરૂમંદિર બાંધવામાં કુલ ખર્ચ લગભગ અઠ્યાસી હજાર રૂપિયાનો થયો છે.

રંગમંડપમાં પ્રવેશદ્વારની ઉપર **ધ્યાનસ્થ ગુરૂદેવ**નું તૈલચિત્ર મૂકવામાં આવ્યું છે. તે ચિત્ર આચાર્યદેવ **શ્રી આનંદસાગરસૂરીશ્વરજી** મ૦ નિર્વાણ પહેલાં પંદર દિવસ આગળથી કાઉસ્સગ્ગમુદ્રાએ ધ્યાનમાં રહેલા તેનું છે. તેઓ તે દરમિયાન અઢેલતા પણ ન હતા અને સૂતા પણ ન હતા. જે સ્થિતિમાં ધ્યાનમાં રહ્યા હતા તેનું આબેહૂબ આ તૈલચિત્ર છે

રંગમંડપના પ્રવેશદ્વારની બંને બાજુએ ગુરૂદેવશ્રીના દીક્ષાથી માંડી અંત સુધીનાં **ચાતુર્માસોની અને જીવનના મુખ્ય પ્રસંગોની** નોંધ આપવામાં આવી છે.

રંગમંડપમાં દક્ષિણ તરફના દ્વારની ઉપર **શ્રીઆગમોદ્ધારકે** આપેલી **વાચનાનું** દૃશ્ય છે.

રંગમંડપમાં પશ્ચિમ તરફની બન્ને બાજુની દીવાલો ઉપર **આગમોદ્ધારક**ના રચેલા **સંસ્કૃત-પ્રાકૃત ગ્રન્થો** અને **સંકલિત ગ્રન્થોનાં** નામો **આરસમાં** અંકિત કરાવવામાં આવ્યાં છે.

ગભારાના પ્રવેશદ્વાર ઉપર **રાજપ્રતિબોધ**નું દૃશ્ય છે. આમાં મધ્યે **ગુરુદેવશ્રી**, ડાબી બાજુએ **શૈલાનાનરેશ** છે ને જમણી બાજુએ રાજાએ આપેલો અમારી પડહનો પટ્ટક છે.

રંગમંડપમાં ઉત્તર તરફના દ્વારની ઉપર (૧) **સ્કંદિલાચાર્યે** આપેલી **માથુરીવાચના** છે ને (૨) **દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણે** કરાવેલ પુસ્તકારોહણરૂપ **વલ્લભીવાચના** છે.

રંગમંડપમાં દક્ષિણ અને ઉત્તર તરફના દ્વારોની બન્ને બાજુએ ચાર દૃશ્યો છે. પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવશ્રી **આનંદસાગર-સૂરીશ્વરજી** મહારાજના સદ્ઉપદેશથી સ્થાપાયેલ શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડ તરફથી છપાએલ સચિત્ર **'બારસા સૂત્ર' મૂળ તામ્રપત્ર ઉપર ઉપસાવેલ અક્ષરોથી અલંકૃત કરી સુંદર ફ્રેમમાં તૈયાર કરીને દીવાલ ઉપર લગાડવામાં આવેલ છે.** તે એક અદ્ભુત વસ્તુ શ્રી આગમોદ્ધારક-ગુરુમંદિરમાં દર્શન કરવા લાયક બનેલ છે.

રંગમંડપના ઘુમટમાં ગુરુદેવશ્રીના દેહની જેવી **સ્મશાનયાત્રા** નીકળેલી હતી, તેવી આબેહૂબ તેમાં આલેખવામાં આવી છે.

# પૂજ્યશ્રીની અપુર્વ ભાવના

પૂ૦ ધ્યાનસ્થ ગુરૂદેવશ્રીની ભાવના આગમોમાં આવતી પૂ૦ મહાપુરુષોની વાર્તાઓને આરસમાં ભાવવાહી ચિત્રો ચીતરાવીને ભવ્ય અને કલાયુક્ત સચિત્ર આગમમંદિર બંધાવવાની ભાવનાથી આગમોમાંથી વાર્તાઓની નોંધ સુરતમાં શેઠ મંછુભાઇ દીપચંદની ધર્મશાળામાં (લીંબડાના ઉપાશ્રયે) કરાવતા હતા, પણ તે નોંધ અધુરી રહી અને પૂ૦ આગમોદ્ધારક-આચાર્યદેવ-**શ્રી આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજ તેજ ઉપાશ્રયમાં ૧૫ દિવસ અર્ધપદ્માસને મૌનપણું અંગીકાર કરીને **વિ૦ સં૦ ૨૦૦૬ના વૈશાખ વદ ૫ શનિવારે અમૃત ચોઘડીએ ક. ૪. મી. ૩૨ના નિર્વાણ પામ્યા.**

તે થએલ નોંધ ઉપરથી પૂ૦ આગમોદ્ધારક આચાર્યદેવ **શ્રીઆનંદસાગરસૂરિજી** મહારાજના **અનન્ય-પટ્ટધર** પૂ૦ ગચ્છાધિપતિ આચાર્ય ભગવાન્ **શ્રીમાણિક્યસાગરસૂરીશ્વરજી** મહારાજની શુભ-નિશ્રામાં તૈયાર થયેલ ૪૨ ભવ્ય-ચિત્રો પાલીતાણા આગમમંદિર નજીક બંધાયેલ 'સ્વાધ્યાય-હોલ'માં વિ૦ સં૦ ૨૦૨૬ના મહા વદ ૫ ગુરૂવારે પધરાવવામાં આવેલ છે.

વિ૦ સં૦ ૨૦૨૯ — લી.

મહા સુદ ૩ મંગળવાર<br>
આગમોદ્ધારક-ગુરૂમંદિર<br>
પ્રતિષ્ઠાદિન સુરત

**આ૦ શ્રી આનંદસાગરસૂરીશ્વર-<br>
શિષ્ય ગુણસાગર**

# વિષયાનુક્રમ


| વિષય | પ્રશ્ન |
|---|---|
| અનુકરણીયતાને અંગે. | ૭૫૧ ૯૬૦ |
| આગમનામનો વિહાર શાસ્ત્રમાં છે ? | ૭૫૨ |
| નહિ પડવાના નિશ્ચયથી વ્રતાદિ દેવાય છે ? . | ૭૫૩ |
| મુહૂર્ત્ત આદિમાં લૌકિકટીપ્પણાનો આગ્રહ. | ૭૫૪ |
| ભગવાનનો ગર્ભમાં અભિગ્રહ. | ૭૫૫.૭૭૯ |
| 'જાવણિજ્જાએ'નો અર્થ શો ? | ૭૫૬ |
| આદેશ માગ્યા પછી ઇચ્છં કહેવાનું તત્ત્વ શું ? | ૭૫૭ |
| શ્રાવક–શ્રાવિકા ચતુર્વિધસંઘમાં કેમ ગણાય ? | ૭૫૮ |
| સમ્યક્ત્વ પામ્યા પછી શ્રાવક ક્યારે કહેવાય ? | ૭૫૯ |
| 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' 'नादंसणिस्स नाणं' 'मोक्खमग्गाहिलासिणो' मोक्षमार्गः–'सम्यग्ज्ञानदर्शनचारित्ररूपः' એ પદોની સંગતિ. | ૭૬૦ |
| વડાકલ્પનો છટ્ઠ શી રીતે કરવો ? | ૭૬૧ |
| શાસ્ત્રપ્રદાનના અંગે કોણ અધિકારી છે ? | ૭૬૨ |
| કેવલજ્ઞાનીમહારાજ પંચપરમેષ્ઠિમાં કયા પદે ? | ૭૬૩ |
| ત્રણે પ્રકારના સમ્યક્ત્વવાળા અસંખ્યાતગુણ નિર્જરાવાળી પહેલી શ્રેણિમાં ગણાય ? | ૭૬૪ |
| ક્ષાયિકસમ્યક્ત્વ પામતા જીવો ઔપશમિક અને ક્ષાયોપશમિક પામેલા હોય ? | ૭૬૫ |
| ક્ષાયિકસમ્યક્ત્વવાળો એ ભવ કે પહેલા ભવમાં પાંચમું ગુણ-સ્થાન પામેલો હોય કે ન હોય ? | ૭૬૬ |
| અનંતાનુબંધી અને દર્શનમોહનીયના ઉપશમ અને ક્ષપક અંગે શ્રેણિનું સમાધાન. | ૭૬૭ |

આચારાંગનિર્યુક્તિમાં આવેલ **संमुप्पती** નામેની પહેલી
શ્રેણિનું સમાધાન ૭૬૮
અનાદિ મિથ્યાત્વી જીવ સમ્યક્ત્વ પામે તે પણ સાધુ કરતાં
અસંખ્યાતગુણ નિર્જરાવાળો છે? ૭૬૯
સમ્યગ્દષ્ટિની પહેલી શ્રેણિ કેમ? ૭૭૦
ગર્ભાષ્ટમાદિનો ખુલાસો. ૭૭૧
ભગવાનના જન્મ વાંચન વખત નાળિએર વધેરવામાં એકેન્દ્રિયની
વિરાધનાનો ખુલાસો. ૭૭૨
વ્યાખ્યાનાદિમાં ચોપડીઆદિની પ્રભાવના થાય કે નહિ? ૭૭૩
શ્રુતદેવી, સરસ્વતીદેવી એક કે જુદાં? અને તેની મૂર્તિ કેવી? ૭૭૪
પર્યુષણમાં કલ્પધર અને સંવચ્છરીના દિવસે પૌષધ કરવાનો
ખુલાસો. ૭૭૫
પર્વતિથિનો ક્ષય હોય કે નહિ? ૭૭૬
ઉદયવાળી તિથિ પ્રમાણ છતાં અનુદયી પર્વતિથિ કેમ મનાય? ૭૭૭
મહાવીરમહારાજાનું નિર્વાણકલ્યાણક ક્યારે ગણવું? ૭૭૮
ઉપકારનો ઔદયિક, ક્ષાયિક ક્ષાયોપશમિકાદિ વિચાર. ૭૮૦, ૭૮૧
'**आकालम्**'નો અર્થ શો? ૭૮૨, ૯૫૨
'**वरबोधित०**'નો અર્થ શો? ૭૮૩, ૭૮૪, ૭૮૫, ૭૮૬, ૭૮૭,
૭૮૮, ૭૮૯, ૧૨૨૨, ૧૨૨૩, ૧૨૨૪, ૧૨૨૫
ઋષભદત્તનું બીજું નામ સોમિલ? ૭૯૦
આષાઢપૂર્ણિમાએ વર્ષની પૂર્ણાહુતી તો સંવચ્છરીએ કેમ નહિ? ૭૯૧
'**चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु**'ના ક્રમનું સમાધાન. ૭૯૨
નેમિનાથજી સિવાય ૨૩ ભગવાનનું જ સિદ્ધાચલ આવવું થયું? ૭૯૩
મત્સ્યના આકારનું મંગલપણું કેમ? ૭૯૪
ભાવિતાત્મા માતાની કુક્ષિમાં આવે તો માતા સ્વપ્નું જુવે ખરી? ૭૯૫
ભવિષ્યમાં શુદ્ધચારિત્રવાળા કે વિદ્વાન્ થનારાના જન્મની વિશિષ્ટતા છે? ૭૯૬
કર્મવેદનકાલના પ્રકાર કેટલા? ૭૯૭

અનુત્તરવિમાનમાં જનાર ઉપશમશ્રેણિવાળો પ્રથમ સંઘયણવાળો જ હોય ? ૭૯૮
સ્વયંભૂરમણની પૂર્વાપર વેદિકા સુધી લોક. ૭૯૯
આસનકમ્પ, સતત ઘંટાનાદ, અને અવધિજ્ઞાનથી ઈન્દ્રોને જિનેશ્વર મહારાજના જન્મની ખબર. ૮૦૦
ઋષભદેવભગવાનનું ગૃહસ્થપણામાં ક્ષીરસમુદ્રનું જ પાણી પીવાપણું. ૮૦૧
સ્વયંપ્રભાદેવી તેજ નિર્નામીકા ? ૮૦૨
શ્રેયાંસકુમારને જાતિસ્મરણ સાથે અવધિજ્ઞાન. ૮૦૩
'કરેમિ ભંતે' અને 'ચત્તારિમંગલ' વિગેરે પ્રતિક્રમણમાં બોલવાનું કારણ શું ? ૮૦૪
શ્રાવકને મિથ્યાત્વની અપેક્ષાએ કઈ રીતે પચ્ચક્ખાણ હોય નહિ ? ૮૦૫
શૂલાદિરોગના નાશનો વિચાર તે આર્તધ્યાન ખરૂં કે ? ૮૦૬
બાવીશ તીર્થંકરના શાસનમાં ચાર મહાવ્રતનો ઉપચાર ક્યારે ? ૮૦૭
દેવસિકાદિપ્રતિક્રમણો દિવસાદિથી બનેલા હોવાથી તે રીતે વ્યવહાર થાય ? ૮૦૮
બાવીશ તીર્થંકરના સાધુઓનું અતિચાર લાગે ત્યારે પ્રતિક્રમણ કરવાપણું. ૮૦૯
બાવીશ તીર્થંકરના સાધુઓ પ્રતિક્રમણ કોની સમક્ષ કરે ? ૮૧૦
દેરાસરના રક્ષણમાં રૌદ્રધ્યાન કેમ નહિ ? ૮૧૧
ક્ષાયોપશમિકસમ્યક્ત્વવાળો બેઇંદ્રિયઆદિમાં જાય તો મરણ વખતે શું હોય ? ૮૧૨
ક્ષાયોપશમિક અને વેદક સમ્યક્ત્વમાં ભેદ. ૮૧૩, ૮૧૪
ગણધરમહારાજ અંગપ્રવિષ્ટની રચના કયા અનુક્રમે કરે ? ૮૧૫
કૃષ્ણમહારાજને દીક્ષા લેનારને નહિ રોકવાનો અભિગ્રહ કેવી રીતે ? ૮૧૬

કલ્પસૂત્રમાં દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણસુધીની પટ્ટપરંપરાનું સમાધાન. ૮૧૭
એક સૂત્રના અનંતા ગમ-પર્યાયો. ૮૧૮, ૮૧૯
દિગંબરોને આગમ-સમીક્ષાનો અવકાશ નથી ? ૮૨૦
દીક્ષિતને રોકવાને અંગે. ૮૨૧, ૮૨૨, ૮૨૩
મરીચિએ ભગવાનનું કહેલું જાણ્યું તેમાં અભિમાન શું ? ૮૨૪, ૮૨૫, ૮૨૬, ૮૨૭
છેદોપસ્થાપનીયચારિત્ર ક્યારથી ? ૮૨૮
કેશિકુમારનું સામાન્ય શ્રુતજ્ઞાનાપણું ? ૮૨૯
કેશિકુમારની શંકાઓ શા. માટે ? ૮૩૦
કેશિકુમારે વ્રત ગૌતમસ્વામી પાસે લીધું. ૮૩૧
દિગંબર અને શ્વેતાંબર કેવી જિનેશ્વર ભગવાનની મૂર્તિને માને ? ૮૩૨
તિથિઅંગેના પ્રશ્નો. ૮૩૩, ૮૩૪, ૮૩૫, ૮૩૬, ૮૩૭, ૮૩૮, ૮૩૯, ૮૪૦, ૮૪૧, ૮૪૨, ૮૪૪, ૮૪૫, ૮૪૬, ૮૪૭, ૮૪૮, ૮૪૯, ૮૫૦, ૮૫૧, ૮૫૨, ૮૫૩, ૮૫૪, ૮૫૫, ૮૫૬, ૮૬૨, ૮૬૩, ૮૬૪, ૮૬૬, ૮૮૮, ૮૮૯, ૮૯૦, ૮૯૯, ૯૦૦, ૯૦૧, ૯૨૦, ૯૨૧, ૯૨૨, ૯૨૩, ૯૨૪, ૯૨૫, ૯૨૬, ૯૨૭, ૯૨૮, ૧૨૦૧, ૧૨૦૨, ૧૨૧૪, ૧૨૧૫, ૧૨૧૬, ૧૨૧૭, ૧૨૧૮, ૧૨૧૯, ૧૨૨૦, ૧૨૨૧, ૧૨૬૭, ૧૨૬૮, ૧૨૬૯, ૧૨૭૦, ૧૨૭૧, ૧૨૭૨, ૧૨૭૩, ૧૨૭૪, ૧૨૭૫, ૧૨૭૬.
બ્રાહ્મણનું કુલ કઈ અપેક્ષાએ નીચું ? ૮૪૩
જિનેશ્વરમહારાજઆદિની પૂજામાં થતી હિંસાની માફક યજ્ઞાદિના હિંસામાં પાપ ખરું કે નહિ ? ૮૫૭
પાણી વિના વધારેલું શાક બીજે દિવસે વાસી ગણાય કે નહિ ? ૮૫૮

બટાકાદિ સૂકવેલાનો નિષેધ. ૮૫૯
સર્વ કુમાકારીઓને પોતાની બ્હેન સમાન માનવી એ
નિયમનું સમાધાન. ૮૬૦
૨૦ સ્વલાસ્ત્રીને અડકવામાં દોષ કેવી રીતે ? ૮૬૧
હરિતપાલરાજાના સ્વપ્નોનો કાળ સંબંધી ફળ વિચાર. ૮૬૫
સમ્યક્ત્વ અને જ્ઞાનમાં ઉપકાર્યઉપકારક ભાવ. ૮૬૭
સમ્યક્ત્વ અને ચારિત્ર ઉપયોગ રૂપે નથી પણ તત્ત્વશ્રદ્ધા
અને પાપનિવૃત્તિના અધ્યવસાય રૂપ છે. ૮૬૮
ચક્ષુઆદિ દર્શનનું સમ્યક્પણું કેમ નહિ ? ૮૬૯
ખરતરો છઠ્ઠાદિના ભેગાં પચ્ચક્ખાણો માનતા નથી તે
શાસ્ત્રાનુસારી નથી ? ૮૭૦, ૯૨૯, ૯૩૮, ૯૮૩
તીર્થંકર સિવાયની પદવીઓ સંસારચક્રમાં એકથી વધારે
વખત આવી શકે ? ૮૭૧
ચક્રવર્તીઆદિપદવીઓમાં ભવનો નિયમ ખરો કે નહિ ? ૮૭૨
ચક્રવર્તીઆદિપદવી પામ્યા પછી તિર્યંચગતિમાં પણ જાય ! ૮૭૩
નંદનમુનિના તપના દિવસનો હિસાબ. ૮૭૪
અવધિજ્ઞાન અંગેના પ્રશ્નો. ૮૭૫, ૮૭૬, ૮૭૯, ૮૮૦, ૮૮૫, ૮૮૬,
૮૮૭, ૧૦૮૬
ભગવતીજી વિગેરે અને તત્ત્વાર્થમાં આવતા મતિજ્ઞાનના
વિષયની સમજણ. ૮૭૭
મેઘકુમાર અંગેના પ્રશ્નો. ૮૭૮, ૮૯૮
કેવલજ્ઞાન વખતે મતિજ્ઞાનાદિ હોય કે ન હોય ?
'केचित्'નો ભાવાર્થ. ૮૮૧
મતિ અને શ્રુતજ્ઞાનની ભજનાનો ખુલાસો. ૮૮૨
ગજસુકુમાલને સ્ત્રીઓ એક કે બે ? ૮૮૩
હાલિક અને મહાવીરમહારાજાનો સંબંધ ક્યારથી ? ૮૮૪

પ્રિયમિત્રના ભવમાં સાધુપણું અને દીક્ષા પર્યાયનો ખુલાસો. ૮૯૧
નંદનના ભવમાં રતિ-અરતિને નથી ગણ્યું તેનો ખુલાસો. ૮૯૨
આર્યરક્ષિતસૂરિજી ભદ્રગુપ્તસૂરિજીને નિર્યામણા કરાવ્યા પછી ઉજ્જયિની આવ્યા ? ૮૯૩
કલ્પસૂત્રમાં ચાન્દ્રકુલનો અધિકાર નથી તેનો ખુલાસો. ૮૯૪
નાગેન્દ્રકુલ અને નાગિલીશાખાનો ખુલાસો. ૮૯૫
અભવ્યને આભોગિકમિથ્યાત્વ હોય કે ન હોય ? ૮૯૬
ચોમાસી ફરવાથી ત્રણ પખ્ખીપ્રતિક્રમણ ઓછા થયાં તેનું સમાધાન. ૮૯૭
અતિમુક્તમુનિ અંગેના પ્રશ્નો. ૯૦૨, ૯૦૩, ૯૦૪, ૯૦૫,
આર્યરક્ષિતસૂરિજીના પિતાના પ્રસંગથી ચોલપટ્ટો નિયમિત અને માત્રકની પ્રવૃત્તિ થઈ ? કાલ કર્યો ત્યારે તેમના પિતા હતા ? ૯૦૬
વજ્રસ્વામીના ગૃહસ્થપર્યાયનું સમાધાન. ૯૦૭
આલોયણ આચાર્યાદિક સાધુઓ પાસેજ કેમ લેવાય ? ૯૦૮
વજ્રસ્વામીજી અને આર્યસમિતસૂરિજીનું પહેલા-પછીપણાનું સમાધાન. ૯૦૯
શાસનપ્રભાવના માટેજ વજ્રસ્વામીજી પુષ્પો લાવ્યા. ૯૧૦
વજ્રસ્વામીજી સુધી કથંચિત્ વનમાં રહેનારા સાધુઓ હોય તો ના ન કહેવાય. ૯૧૧
નન્દીસૂત્રના કર્તા અંગે. ૯૧૨, ૧૦૨૫
ચંદ્રકુલ અને ચંદ્રગચ્છ લખાય છે તેનું સમાધાન ૯૧૩
આર્યરક્ષિતજીની દીક્ષિત થતી વખતે ઉંમર કેટલી ? ૯૧૪
આર્યરક્ષિતજીનો સ્વર્ગવાસ ક્યારે ? ૯૧૫
શ્રીકાલિકાચાર્ય મહારાજ વખતે ઉજ્જયિનીમાં શાહી ગાદીએ બેઠો. ૯૧૬
કલ્પસૂત્ર વાંચન અંગે. ૯૯૮
સંવચ્છરીના પલટા અંગે. ૯૯૯
ષટ્પર્વીઘટાઘટવિચારમાં ભૂલો. ૯૧૭, ૯૧૮, ૯૧૯,

ગોશાળાના જીવતાં તેના કેટલા સ્થવિરો ભગવાન્ પાસે આવ્યા ? ૯૩૦
ઉત્સૂત્રકંદકુદ્દાલના કર્તાનો નિર્ણય. ૯૩૧
પર્યુષણની અઠ્ઠાઈમાં ચાર શ્રાવણના અને ચાર ભાદરવાના દિવસો જોઈએજ એમ કહેનારા સાચા છે ? ૯૩૨
શ્રાવકની પહેલી પ્રતિમા ક્યારે હોય ? ૯૩૩
પૌષધની વ્યાખ્યા અને કર્તવ્યપણું. ૯૩૪
જાતિસ્મરણજ્ઞાનને સંજ્ઞિજ્ઞાન તરીકે ગણ્યાનું સમાધાન. ૯૩૫
સચિત્તઆહારને છોડે તો આરંભ કેમ છૂટો રહે ? ૯૩૬
આવનાર સાધુને ઉતરવાની વિનંતી ન કરનાર અને વગર રજાએ ઉતરનારના દોષનું સમાધાન. ૯૩૭
પ્રવ્રજ્યા વખતે ઓઘો મુહપત્તિ અને ચોલપટ્ટો સાથે દેવાય ? ૯૩૯
સરખા સમુદાયવાળાનું પરસ્પર કર્તવ્ય શું ? ૯૪૦
સાધુની વૈયાવચ્ચમાં સાધુએ કરવા યોગ્ય વિધાન. ૯૪૧
દ્રવ્યપૂજા અંગેના પ્રશ્નો. ૯૪૨, ૯૪૩
જયવીયરાયની ગાથાનો નિર્ણય. ૯૪૪
ચતુર્વિધ સંઘને સાધ્વી કે શ્રાવિકાની થોય વિગેરે ન કલ્પે ? ૯૪૫
નમુત્થુણંઆદિથી ભગવાનની મૂર્તિ આગળ કરાતું દેવવંદન તે ચૈત્યવંદન કહેવાય ? ૯૪૬
પાકાદિ આરંભનું કાર્ય શ્રાવકે જાતેજ જયણાથી કરવું શું ? ૯૪૭
સ્વાધ્યાયાદિમાં વિકલ્પે એકલા ઇરિયાવહિયા. ૯૪૮
પુષ્પના હાર કેટલા પ્રકારના ભગવાનને ચડાવાય ? ૯૪૯
હરણિયાને બળદેવ ઉપર પૂર્વભવનો રાગ. ૯૫૦
શ્રાવક, શ્રાવિકાના કુલ, ગણ હોય કે ન હોય ? ૯૫૧
'**नमो अरिहंताणं**'ના બહુવચનનો ખુલાસો. ૯૫૩
જિનબિંબના અભાવે સ્થાપનાની સાક્ષીએ દેવવંદન કરાય ? ૯૫૪, ૧૦૦૦
અન્યદર્શનોમાં જે સુંદર કહેલું છે તે જિનેશ્વરમહારાજના શાસનનું છે ? ૯૫૫

ઉદ્યાપનનું શાન્તિસૂરિમહારાજ વિગેરેના પ્રાચીનગ્રન્થોમાં પણ
કહેવાપણું. ૯૫૬
જિનેશ્વરમહારાજની પ્રતિમા મુક્તિ પામતા આકારનીજ હોય ? ૯૫૭
શ્રમણસંઘના છતા, અછતા દોષોને ગોપાવનાર મોક્ષને પામે છે. ૯૫૮
'ભગવાન્ તીર્થંકરમહારાજ તે ભવમાં આરાધક હોય નહિ' એ
કથન અણસમજુનું છે. ૯૫૯
જીવ, કર્મ અને ઉભયનો યોગ અનાદિનો છે કે નહિ ? ૯૬૧
જીવ અને કર્મનો સંયોગ અનાદિનો છે. સંયોગ કારણ અને
સંસાર કાર્ય છે. ૯૬૨
'જીવ અને કર્મના યોગનો સર્વથા વિયોગ એજ મોક્ષ' એમ
કહેનારના રામ બોલાવે. ૯૬૩
**'उस्सुत्तमणुवइट्ठ'** એ નિશીથભાષ્યની ગાથાનો પરમાર્થ શો ? ૯૬૪
પુંડરીકસ્વામીની આગળ કરાતું ચૈત્યવંદન અરિહંતશબ્દના
પર્યાયને અંગે છે. ૯૬૫
**'तिक्खमन्नयर'** એથી પુષ્પાદિકમાં હિંસાદિનો નિષેધ ન થાય. ૯૬૬
સામાયિકમાં **'वंदणवत्तियाए'** ને અંગે. ૯૬૭, ૯૬૮
ચિલાતીપુત્રે ઉપશમ, વિવેક અને સંવરપદનો અર્થ
પૂર્વભવના અભ્યાસથી જાણ્યો. ૯૬૯
સર્વાંગસુંદર વિગેરે તપોનું સર્વાંગસુંદરપણું તો પ્રાસંગિક
છે, અને મુખ્ય ફળ તો મોક્ષપ્રાપ્તિ છે. ૯૭૦
ચૈત્યવંદન, સ્તવ અને સ્તુતિ અંગેના પ્રશ્નો. ૯૭૧, ૯૭૨, ૯૭૩,
૯૭૪, ૯૭૫, ૯૭૬, ૯૭૭, ૯૮૧, ૧૦૦૧, ૧૦૦૨
જિનેશ્વરમહારાજના શાસનમાં સર્વદા સ્યાદ્વાદપણું. ૯૭૮
જૈનમત પ્રમાણે નિત્યાનિત્યની વ્યાખ્યા શી ? ૯૭૯
સિદ્ધાચળજીનું શાશ્વતપણું કેમ ? ૯૮૦
તપચિંતવનમાં ચોત્રીશભક્તાદિ લેવાનું કારણ શું ? ૯૮૨
**'निव्वुइपहसासणयं'** ના અંગે પ્રશ્નો. ૯૮૪, ૯૮૫, ૯૮૬

નિશ્ચય અને વ્યવહારધર્મ ક્યાં હોય? ૯૮૭
નિશ્ચય અને વ્યવહાર ધર્મનું સ્વરૂપ શું? ૯૮૮
સકામનિર્જરા ક્યારે થાય? ૯૮૯
સકામનિર્જરા સિવાય મોક્ષ થાય? ૯૯૦
મોક્ષ કોનો અને કોનાથી? ૯૯૧
આસન્નભવીજ ધર્મમાં રસિયો થાય. ૯૯૨
જીવના અંગે પ્રશ્નો. ૯૯૩, ૯૯૪
શરીરનો માલીક અને પાચનાદિ ક્રિયા કરનાર કોણ? ૯૯૫
આત્મા અરૂપી હોવાથી કેવલજ્ઞાનથી જણાય. ૯૯૬
મહાવીર મહારાજાના સંવત્ અને વિક્રમ સંવત્ વચ્ચે
પાલકાદિરાજાઓ લેવાનું કારણ શું? ૯૯૭
જ્ઞાનનો સ્વભાવ વિશેષ મુખ્યક પદાર્થ જાણવાનો છે તે ૧૦૦૩
વિગેરે ૧૦૦૪, ૧૦૦૫
પ્રાતિહાર્ય અંગેના પ્રશ્નો. ૧૦૦૬, ૧૦૦૭, ૧૦૦૮
નિગોદ અંગેનાં પ્રશ્નો. ૧૦૦૯, ૧૦૧૦, ૧૨૪૫
શ્રુતઅજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં સર્વજીવોમાં
ન્યૂનાધિકચનો નિયમ નથી. ૧૦૧૧
ઉપધાનની ક્રિયાની જરૂર. ૧૦૧૨
અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં તીર્થસ્થાપના અને
પ્રવૃત્તિનો કાલ મહત્વનો કાલ ગણાય. ૧૦૧૩
પરલોકાદિ ન માને પણ સદાચારઆદિથી ચાલે તે સારો
ગણાય કે નહિ? ૧૦૧૪
જાવજ્જીવ સુધી તિથિના લીધેલા નિયમવાલાને
ઉપધાનાદિમાં ક્રિયા બેવડી કરવી પડે? ૧૦૧૫
મગફળીના અંગે. ૧૦૧૬, ૧૧૩૫
નવકાર અને લોગસ્સના શ્વાસોચ્છવાસનું પ્રમાણ શાસ્ત્રમાં છે? ૧૦૧૭

કૃષ્ણજી અપરકંકામાં કેવી રીતે ગયા ? ૧૦૧૮
જિનકલ્પી અને પ્રતિમાધારીમાં તફાવત શું ? ૧૦૧૯
નિહ્નવના અંગે કાયોત્સર્ગ. ૧૦૨૦
સૂર્યાભદેવે કરેલી પૂજામાં નિર્જરા કહેવી ? ૧૦૨૧
તામલીતાપસ ઈન્દ્રપણે ઉપજી પર્યાપ્તો થતાં સમ્યક્ત્વ પામ્યો. ૧૦૨૨
શેલકઆદિ તેવી અવસ્થાએ યથાચ્છંદાચારવાળા ગણાયા છે. ૧૦૨૩
ચક્રવર્તીએ ભોગો માટે કરેલા વૈક્રિયશરીરદ્વારા ઔદારિક પુદ્ગલોથી ગર્ભ રહી શકે છે. ૧૦૨૪
વિષ્ણુકુમારના વૈક્રિયને અંગે. ૧૦૨૬
નવકાર અપૌરૂષેય કેમ નહિ ? ૧૦૨૭
ચંદનબાલાઆદિ ગણધરમહારાજા પાસે ભણી શકે. ૧૦૨૮
આર્યરક્ષિતસૂરિ પછીથી સાધ્વીઓને આચારપ્રકલ્પઆદિ ભણવાની મનાઈ જણાય છે. ૧૦૨૯
પરમાણુમાં એક રસ, એક ગંધ, એક રૂપ અને બે સ્પર્શ હોય. ૧૦૩૦
યોગની ક્રિયાવાળા આગમો કહેવાય છે અને તે સિવાયના સૂત્રો કહેવાય છે. ૧૦૩૧
દેવતાઓ મૂળ શરીરે બહાર જતા નથી. ૧૦૩૨
દેવતાઓને લોમાહાર હોય ? ૧૦૩૩
ગર્ભજોને પ્રથમ શુક્ર અને રૂધિરનો આહાર હોય. ૧૦૩૪
અરિહંતાદિ ચાર પદોમાં પણ સર્વશબ્દ જોડવો એવું અભયદેવસૂરિ જણાવે છે ૧૦૩૫
સોલ પહોરની દેશનામાં દેવતાઓની હાજરી હોવાથી દિવસ જેવું હોય અને તેથી ચતુર્વિધ સંઘ હોય. ૧૦૩૬
કાલિક–ઉત્કાલિકની વ્યાખ્યા શી ? ૧૦૩૭
પદ કોને કહેવાય ? ૧૦૩૮, ૧૦૪૨, ૧૧૪૨
મહાવિદેહમાં વર્ણની વ્યવસ્થા હોય ? ૧૦૩૯

મહાવિદેહમાં મિથ્યાદર્શનો હોય. ૧૦૪૦
અગ્યારઆદિપૂર્વોનો સાથે વિચ્છેદ થયો છે. ૧૦૪૧
**'अवरद्धेऽवि न कुप्पइ'** એ શમના લક્ષણની વ્યાખ્યા. ૧૦૪૩
ગિરિરાજ ઉપર ચોમાસામાં ચઢવાનો નિષેધ કેમ? ૧૦૪૪
નારકીમાં જતા દેવતાઓને અવધિમાં વાંધો આવતો નથી? ૧૦૪૫
૧૦૪૬, ૧૦૪૭, ૧૦૫૧
પરમાધામિઓએ કરેલી નારકીની પીડાને અંગે. ૧૦૪૮, ૧૦૪૯, ૧૦૫૦
સ્વયંસંબુદ્ધપણું અવધિજ્ઞાનથી હોય? ૧૦૫૨, ૧૦૫૩
શ્રુતજ્ઞાનના અંગે. ૧૦૫૪, ૧૧૮૬, ૧૧૮૭, ૧૧૮૮, ૧૧૮૯, ૧૧૯૨
બીજા દર્શનનું દ્વાદશાંગી પછી થવાપણું કે પહેલાં? ૧૦૫૫
ભાષ્ય અંગેના પ્રશ્નો. ૧૦૫૬, ૧૦૫૮
ભદ્રબાહુસ્વામીનો નિર્ણય. ૧૦૫૭
**'उप्पन्ने इ वा'** કહેવાનો હેતુ? ૧૦૫૯
પૂજા પછી મનની પ્રસન્નતા થાય? ૧૦૬૦
**'सम्यग्दर्शन०'** આદિ ભિન્નપદોથી મોક્ષ જણાવવાનું કારણ શું? ૧૦૬૧
સદ્ભૂતપદાર્થની અશ્રદ્ધાને અંગે. ૧૦૬૨, ૧૦૬૩
પર્યુષણાકલ્પમાં માહણ-કુલ કહેવાનો હેતુ? ૧૦૬૪
પૂજા સાવદ્ય ગણાય? ૧૦૬૫
અનુકંપાદાનથી ભોગાદિની પ્રાપ્તિ થાય છતાં નિર્જરા નજ થાય એમ ખરૂં? ૧૦૬૬
દ્રવ્યસમ્યક્ત્વ અને ભાવસમ્યક્ત્વ કોને કહેવું? ૧૦૬૭
દ્રવ્યસમ્યક્ત્વ ઉત્પન્ન થવામાં અપૂર્વકરણની જરૂર ખરી? ૧૦૬૮
ધર્માસ્તિકાયાદિક આજ્ઞાગ્રાહ્ય કે દાર્ષ્ટાન્તિક? ૧૦૬૯
શમઆદિલક્ષણ કયા સમ્યક્ત્વમાં હોય? ૧૦૭૦
દ્રવ્ય અને વ્યવહાર-સમ્યક્ત્વમાં ફરક શો? ૧૦૭૧
ભાવ અને નિશ્ચય-સમ્યક્ત્વમાં ફરક શો? ૧૦૭૨

નિશ્ચય અને કારક-સમ્યક્ત્વમાં ફરક શો ? ૧૦૭૩
માષતુષઆદિને જિનવચનની પ્રતીતિ અને શ્રદ્ધા શાથી ? ૧૦૭૪
સમ્યગ્દર્શનના અંગે. ૧૦૭૫, ૧૨૦૬, ૧૨૦૭, ૧૨૦૯
આવશ્યક અને તત્ત્વાર્થમાં આવતી અનુકંપામાં ફરક શો ? ૧૦૭૬
દ્રવ્યનિક્ષેપા દ્રવ્યનું લક્ષણશી રીતે સમજવું ? ૧૦૭૭
'**आणागिज्झो अत्थो०**' એ ગાથાના અંગે. ૧૦૭૮, ૧૦૭૯
'**यथोक्तनिमित्त०** **तत्त्वार्थ०**' શ્વે૦ અને
'**क्षयोपशमनिमित्त:**' દિગં૦ ને અંગે. ૧૦૮૦
ઉમાસ્વાતિનું ઉચ્ચનાગરીપણું છે તે કેમ ? ૧૦૮૧
તત્ત્વાર્થભાષ્યના સ્વોપજ્ઞ વિષે. ૧૦૮૨, ૧૦૮૯, ૧૦૯૨, ૧૦૯૩
'**निर्देश०**' કહ્યા છતાં **तन्निसर्गाद्०**' સૂત્ર કહેવાની
જરૂર શી ? ૧૦૮૩, ૧૦૮૪, ૧૦૮૫
જીવના અંગે દ્રવ્યનિક્ષેપાનો નિષેધ કેમ ? ૧૦૮૭, ૧૦૮૮
ચારિત્રની વિપરીતતા માટે મિથ્યાચારિત્ર અને અચારિત્ર
કેમ નથી ? ૧૦૯૦
'**हिंसा**' શબ્દ વાપર્યા છતાં ચારિત્રશબ્દની જરૂર શા માટે ? ૧૦૯૧
નૈગમઆદિનયો પ્રમાણના અંશરૂપ છતાં '**प्रमाणनयै:०**' શા માટે ? ૧૦૯૪
નયો કહેવાની શી જરૂર ? ૧૦૯૫, ૧૦૯૬
જ્ઞાનપક્ષમાં દેશવિરાધના તો ક્રિયાપક્ષમાં દેશવિરાધના જોઇએ
કે નહિ ? ૧૦૯૭
સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિની શ્રદ્ધાનો નિયમ શી રીતે ? ૧૦૯૮
પ્રતિક્રમણની આદિમાં દેવવંદન કરવાની આવશ્યકતા ખરી ? ૧૦૯૯
સામાયિકમાં બે ઘડી ન જોઈએ એમ ખરૂં ? ૧૧૦૦
ઉગ્ગએ સૂરે આદિ પચ્ચક્ખાણના અંગે પ્રશ્નો. ૧૧૦૧, ૧૧૦૨,
૧૧૦૩, ૧૧૦૪
સ્થિર અને અસ્થિર, શુભ અને અશુભ અંગેના પ્રશ્ન. ૧૧૦૫

અરિહંતમહારાજ કે આચાર્યાદિના નાભિ નીચેના અંગો પૂજાય. ૧૧૦૬
કાઉસ્સગ્ગમાં પડતી આડ અંગે. ૧૧૦૭
શાસનદેવતાની પ્રક્ષાલન પૂજા કરાય ? ૧૧૦૮
દહેરાસરમાં અશુચિના અંગે. ૧૧૦૯
શ્રાવકના અતિચારમાં બેસતાં નવકાર ન ભણ્યો તેનો ખુલાસો. ૧૧૧૦
ત્રણ કાલ ગણવાનો ખુલાસો. ૧૧૧૧,
કામળીમાં કપડો રાખવાના અંગે. ૧૧૧૨
૧૧૨૫, ૧૧૨૬, ૧૧૨૭, ૧૧૨૮
આત્મામાં કેવલજ્ઞાનને અંગે પ્રશ્ન. ૧૧૧૩
સમ્યક્ત્વીની બધી પ્રવૃત્તિમાં નિર્જરા થાય કે નહિ? ૧૧૧૪
ગમે તેવી સંસારની પ્રવૃત્તિમાં સમ્યક્ત્વીને કર્મ લાગે કે નહિ? ૧૧૧૫
સમ્યક્ત્વી કોઇનું ખૂન થવું કે બચાવવું માને કે નહિ? ૧૧૧૬
જડ એવા કર્મો આત્માને કેમ લાગે? ૧૧૧૭
આત્માને ત્રણ રત્નની પ્રાપ્તિ શાથી થાય? ૧૧૧૮
વ્રતઆદિની પ્રવૃત્તિથી નિર્જરા ખરી કે નહિ? ૧૧૧૯
આત્મભાવની સ્થિરતામાં ક્રિયાની જરૂર ખરી કે નહિ? ૧૧૨૦
વ્યવહારચારિત્ર મોક્ષનું કારણ છે કે નહિ? ૧૧૨૧
સમ્યક્ત્વી સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી ગુરૂ અને આરંભ-
પરિગ્રહ માને કે નહિ? ૧૧૨૨
'**अभावितापर्षद्**' માટે. ૧૧૨૩
દીક્ષા પંચાશકમાં સમવસરણની રચના કરી પુષ્પ નાખવાના
અધિકાર વિષે. ૧૧૨૪
મનઃપર્યવજ્ઞાનના અંગે. ૧૧૨૯
વ્યતિરિક્તદ્રવ્યનન્દીમાં વાજીંત્ર લેવાય? ૧૧૩૦
નન્દીસૂત્રમાં '**पच्चक्खं दुविहं**'. આમ કેમ? ૧૧૩૧
જ્ઞાનના પૂજનનું અને સૂત્રની બોલીનું દ્રવ્ય શેમાં વપરાય? ૧૧૩૨

જિનેશ્વર મહારાજ જિનકલ્પી છે? ૧૧૩૩
'तहाविह समणं माहणं वा' અંગે. ૧૧૩૪
રોહિણી તપને અંગે. ૧૧૩૬
તીર્થંકરોને પ્રમાર્જનની જરૂર ખરી? ૧૧૩૭
અજાણતાં કાચું પાણી પીવાય તેની આલોયણ અંગે. ૧૧૩૮
રથનેમિ અને રાજીમતીનું વરસાદને લીધે સમુદાયથી જુદા
પડી ગુફામાં આવવું થયું? ૧૧૩૯
કૃષ્ણમહારાજઆદિ નિરૂપક્રમઆયુષવાળાને ઉપદ્રવ અંગે. ૧૧૪૦
જિનનામ બાંધવાને અંગે. ૧૧૪૧
ઉપાંગ એટલે શું? ૧૧૪૩
આચારાંગાદિમાં વિસ્તારથી કહેલા સૂત્રનો ખુલાસો ૧૧૪૪
ગીતાર્થની નિશ્રિતતામાં પણ સાધુપણું હોય? ૧૧૪૫
ભગવાનને બે વર્ષ ગૃહસ્થપણામાં
રહેવા વિષે. ૧૧૪૬, ૧૧૪૭, ૧૧૪૮, ૧૧૪૯
મરણમાં ભક્તોને મહોત્સવ માનનારાઓને અંગે. ૧૧૫૦, ૧૧૫૧,
પ્રાકૃત ભાષામાં સૂત્રો રચાયાં તે સહેલાઈથી સમજવા માટે છે? ૧૧૫૨
પૂર્વોમાં સંસ્કૃત ભાષા હતી? ૧૧૫૩
અત્યારે સાધ્વીઓને અંગમાં આચારાંગ સિવાય ભણવાનો
નિષેધ કેમ? ૧૧૫૪
નિહ્નવોના અંગે ૧૧૫૫, ૧૧૫૬
તીર્થંકરો પણ કાલબળે ઓછી તાકાતવાળા હોય પરંતુ તે
કાલે અન્ય કરતાં અતુલબલી હોય. ૧૧૫૭
આવશ્યકસૂત્ર અંગબાહ્યમાં આવી શકે ૧૧૫૮
જિનકલ્પી સાધુઓને ગોચરી લેવા વિષે. ૧૧૫૯
ન મળે ત્યારે ગ્રહણ કરવા યોગ્ય ઘાસ સ્હેજે લેવાય નહિ. ૧૧૬૦
માત્રક અને પાત્રકનો ખુલાસો. ૧૧૬૧
આલોયણમાં આવતા કલ્યાણકશબ્દનો અર્થ શો? ૧૧૬૨

દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજીમહારાજને અગ્યારઅંગનું
સંપૂર્ણ જ્ઞાન હતું. ૧૧૬૩
દશ પૂર્વધર કેટલા? ૧૧૬૪
ક્ષય અને વિસંયોજના કોને કહેવાય? ૧૧૬૫
સૂર્યનું ઉગવું અને આથમવું નિયતદિશામાં છતાં ચંદ્રમાં
ફરક કેમ? ૧૧૬૬
સૂત્રપોરસી અને અર્થપોરસીનો ટાઈમ કયો? ૧૧૬૭
કેવલજ્ઞાન ન થાય ત્યાં સુધી તીર્થંકરોને કયા
ચારિત્રવાળા ગણવા પડે? ૧૧૬૮
ભદ્રબાહુસ્વામી પહેલાં પણ નિર્યુક્તિ હતી? ૧૧૬૯
પાક્ષિકઆદિની વ્યાખ્યા. ૧૧૭૦, ૧૧૮૦
કલ્પસૂત્રનું આટલુ પ્રમાણ પૂર્વે પણ હતું ખરું? ૧૧૭૧
કલ્પસૂત્રમાં આવતી ભદ્રબાહુસ્વામીજી પછીની પાટોનો ખુલાસો ૧૧૭૨
દશાશ્રુતસ્કંધ સ્વતંત્ર રચાયું નથી તેની નિશાની છે? ૧૧૭૩
અપૃથક્ત્વાનુયોગ એટલે શું? ૧૧૭૪
પર્યુષણાકલ્પને દશાશ્રુતસ્કંધનું આઠમું અધ્યયન
શાથી ગણ્યું? ૧૧૭૫
તીર્થંકરનામકર્મ અંગે. ૧૧૭૬, ૧૧૭૭, ૧૧૭૮, ૧૧૭૯
શાસ્ત્રની આદિ વિગેરેમાં મંગલ કરવા વિષે. ૧૧૮૧, ૧૧૮૨, ૧૧૮૩
મતિઆદિ પાંચજ્ઞાનોના અંગે. ૧૧૮૪, ૧૧૮૫
'जह जह बहुस्सुओ' એ ગાથાનું તાત્પર્ય. ૧૧૯૦
नयास्तव स्यात्पदलाञ्छिता इमे'નો ભાવાર્થ શો ૧૧૯૧
સમ્યક્ અને મિથ્યા જ્ઞાન અંગે. ૧૧૯૨, ૧ ૧૧૯૪ ૧૧૯૫,
૧૧૯૬, ૧૧૯૭, ૧૨૦૪, ૧૨૦૫
હરિભદ્રસૂરિજી પૂર્વગતશ્રુતના વિચ્છેદકાલની નજીકમાં ૧૧૯૮
દૃષ્ટિવાદના પાંચભેદો કેમ છે? ૧૧૯૯

પ્રશ્નવ્યાકરણ અંગે. ૧૨૦૦, ૧૨૦૩
ઉત્સૂત્રભાષકોને અનંતસંસાર રખડવાનો નિયમ ખરો? ૧૨૦૮
નંદીજીને અધ્યયન તરીકે કેમ કહેવાય છે? ૧૨૧૦
પંચપરમેષ્ઠી નમસ્કાર શ્રુતસ્કંધ કેમ? ૧૨૧૧
આવશ્યકચૂર્ણિના કર્ત્તા કોણ? ૧૨૧૨
છુટાપરમાણુંમાં વર્ણ, ગન્ધ, રસ, અને સ્પર્શનો પલટો થાય? ૧૨૧૩
વ્યવહાર અને અવ્યવહારરાશિ અંગે. ૧૨૨૬, ૧૨૨૭, ૧૨૨૮, ૧૨૨૯, ૧૨૩૦, ૧૨૩૧, ૧૨૩૨, ૧૨૩૩, ૧૨૩૪, ૧૨૩૫, ૧૨૩૬, ૧૨૩૮, ૧૨૫૪, ૧૨૫૫ ૧૨૫૬, ૧૨૫૭, ૧૨૫૮
અભવ્ય સિવાયના ત્રસપણું પામેલા જીવો કોઇપણ કાલે મોક્ષે જાય કે કેમ? ૧૨૩૭
પરમાધામીને કઈ અને કેટલી લેશ્યા હોય? ૧૨૩૯
બાવીશ તીર્થંકરના શ્રાવકોને કેટલાં પ્રતિક્રમણ? ૧૨૪૦
ભરત અને મહાવિદેહમાં યુગપલ્ટામાં સમયનું આંતરૂં. ૧૨૪૧, ૧૨૫૯
મૂળાના કંદ સિવાયના ચાર અંગો કેટલી જગોપર વપરાય છે. ૧૨૪૨
મેરૂની વાવડીયોમાં વિકલેન્દ્રિયનો અસંભવ નથી. ૧૨૪૩
તીર્થંકરમહારાજ સિવાયની વિજયોમાં કેવલીનો અસંભવ નથી. ૧૨૪૪
સાંજના પડિલેહણનો કાજો વોસરાવી ઇરિયાવહિ કરવી કે કેમ? ૧૨૪૬
આર્દ્રકુમાર અંગે. ૧૨૪૭, ૧૨૪૮, ૧૨૪૯, ૧૨૫૦, ૧૨૫૧, ૧૨૫૨
**'नमोत्थु णं'** અંગે. ૧૨૫૩
તપને અંગે ૧૨૬૦, ૧૨૬૧, ૧૨૬૨, ૧૨૬૩
**'नमोऽर्हत् सिद्धाचार्योपाध्याय०'** સ્ત્રીઓ બોલી શકે કે નહિ? ૧૨૬૪
ઝંકારારાવસારા૦ એ ગાથા સાથે કેમ બોલાય છે? ૧૨૬૫
**'नमोस्तु वर्द्धमानाय०, विशाललोचन०'** સ્ત્રીઓ કેમ નથી બોલતી? ૧૨૬૬

## જુગાર નિવારણ પદ

(રાગ–ઝેર ગયાં ને વેર ગયાં)

સજ્જન યહ શીખ ધાર હૃદયમેં, વરજો હરદમ જૂઆ રે ।
જિસસેં અપને દિલમેં દેખો, અધમપણા જ્યું ભૂઆ રે ।
નહિ કિરિયાણા એગારી નહિ, નહિ વિદ્યા મન છૂઆ રે સ૦૧

ધન લેનો ધારે નિજ મનસેં, ફજુલ હરામકા કીના રે ।
પાવે તબભી ન તકલીફસેં, દામ કિમ્મત નહિ ચીના રે સ૦૨

રાત દિવસ સજ્જનસેં દ્વેષી, દુર્જન સંગ ગવેષી રે ।
નરક નિગોદકે કૂપમેં ડાલે, કર્મનિકાચિત રેખી રે સ૦૩

લંપટ નિર્લજ લોક હરામી, સાથમેં અહનિશ રહેતા રે ।
ભવતારણ પ્રભુ ગુરુ અરુ ધર્મ, નવી મનમેં સદ્દહતા રે સ૦૪

વ્યસન સકલકા મૂલ હે જૂઆ, કંથાચાર્ય નિહાલો રે ।
ચોરી પરદારા ફિર મદ્યે, માંસે ખેલત કાલો રે સ૦૫

પાંડવ પાંચ જગતમેં જાહિર, રાજ્ય ભંડાર ને દેશો રે ।
ઓરતકું પણ હાર ગયે સબ, દેખો ધૂતકા વેશો રે સ૦૬

મહાભારત જગમેં જુદ્ધ હાવા, હુવા ઈસી જૂઆસેં રે ।
પ્રાણી ચિત્તમેં ચેત તજો અબ, જૂઆ યહ સુખ વાસેં રે સ૦૭

રાજ્યપતિ નળ વિદ્યાનિધિ વળી, અશ્વ વિદ્યા એક દીવો રે ।
હાર ગયા કુલ દઈ દમયંતી, શીલરયણ ચિરજીવો રે સ૦૮

જગમેં પીણ દેખો સટ્ટાસેં, અપને જાનકો ખોતે રે ।
ધન કણ કંચન નારી ખોકે, જૂઆ સેં નિત રોતે રે સ૦૯

સુણ સજ્જન યહ સદ્ગુરુ શીખા, પરિહર જૂઆ મનસેં રે ।
શ્રીજિનઆગમવચનસુધારસ, આનન્દ લહેરો વરસેં રે સ૦૧૦

॥ णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥

આગમોદ્ધારક સંગ્રહ ૨૬

# સાગર સમાધાન

**પ્રશ્નકાર**–ચતુર્વિધ સંઘ.

**સમાધાનકાર**–આગમોદ્ધારક આગમદિવાકર તપાગચ્છીય જૈનાચાર્ય શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રીમદ્ આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ.

**પ્રશ્ન ૭૫૧**–શાસ્ત્રના પુરાવા છતાં અનુકરણીયતાનો નિષેધજ પકડી રાખે તેનું શું ?

**સમાધાન**–કદાગ્રહને વશ થયેલો મનુષ્ય સેંકડો વખત શાસ્ત્રના પુરાવા સાથે મોક્ષાર્થ અનુષ્ઠાન અનુકરણીય છે, એમ જણાવાયા છતાં અન્યાન્યવાતોને નામે અનુકરણીયતાનો નિષેધ કરેજ જાય તેને શું કહેવું ?

**પ્રશ્ન ૭૫૨**–કોઈ પણ માસકલ્પાદિ વિહારોની માફક આગમ નામનો વિહાર છે ?

**સમાધાન**–આગમ નામનો વ્યવહાર શાસ્ત્રમાં સ્થાને સ્થાને હોવા છતાં આગમવ્યવહારથી વિહાર કરનારને મધ્યમપદ લોપથી આગમ-વિહારશબ્દ ભ્રમણામાં વાપર્યો અને છતાં ન સમજે તેનો ઉપાય શો ?

**પ્રશ્ન ૭૫૩**–નહિ પડવાના નિશ્ચયપૂર્વકજ અમે વ્રતાદિ દઈએ છીએ એમ કહેવાય ખરૂં ?

**સમાધાન**–તથાવિધ જ્ઞાન વિનાના મનુષ્યો નહિ પડવાના નિશ્ચય-થીજ અમે વ્રતદાન આદિ કરીએ છીએ એમ જણાવવા બ્હાર પડે તે સાહસ !

**પ્રશ્ન ૭૫૪**–જૈનશાસ્ત્રોમાં મુહૂર્તાદિક જોવાનાં કહ્યાં છે તે પોષ અને આષાઢ સિવાયના માસની વૃદ્ધિ માનનારા ટીપણાં કે બીજાથી?

**સમાધાન**–લૌકિક ટીપણાને શાસ્ત્રાનુકૂલ માનવાના આગ્રહની મુબારકબાદી ન લેવી. કોઈ પણ કાર્યમાં મુહૂર્તાદિક જોવાની જરૂરજ નથી એમ કલ્પનારને ધન્ય છે.

**પ્રશ્ન ૭૫૫**–ભગવાન્ મહાવીર મહારાજે કરેલા ગર્ભવાળા અભિગ્રહમાં અવધિજ્ઞાનના ઉપયોગને કારણ માનવું કે નહિ?

**સમાધાન**–માતપિતાના અત્યંત સ્નેહને અવધિજ્ઞાનથી જાણ્યો છે, તેથી તે રૂપે કારણ ગણવું અને મારી દીક્ષા ક્યારે થશે? માતાપિતા કાલ ક્યારે કરશે? એ વિગેરે સંબંધી ઉપયોગ નથી રહેલ્યો, તેથી તે બાબત અવધિનો ઉપયોગ કર્યો નથી એમ સમજવું.

**પ્રશ્ન ૭૫૬**–લઘુવંદનસૂત્ર કેટલું પ્રાચીન છે અને તેમાં 'જાવણિજ્જાએ' (यापनीयया) પદનો અર્થ શો?

**સમાધાન**–વંદન આવશ્યકમાં ગુરૂને સંક્ષેપથી વંદન કરાય ત્યારે 'मत्थएण वंदामि'નું વંદન કરાય ને તેથી લઘુવંદન બને, 'इच्छामि'થી પ્રશ્ન છે, અને 'मत्थएण वंदामि' વંદન છે માટે વંદનાવશ્યકની માફક સર્વતીર્થે એ હોય, ને કાબુમાં રાખેલ ઇન્દ્રિય અને મનની પ્રવૃત્તિથી એવો અર્થ 'जावणिज्जाए' નો કરાય છે.

**પ્રશ્ન ૭૫૭**–દરેક આજ્ઞા માગીને કરાતા કાર્યમાં આદેશ મલ્યા પછી માગનાર પાછો 'इच्छ' કહે છે તેનું તત્ત્વ શું?

**સમાધાન**–જૈનધર્મમાં કોઈપણ કાર્ય મુખ્યતાએ બલાભિયોગે કરાવવાનાં હોતાં નથી પણ ઈચ્છાકારથી કરવાનાં હોય છે. તે મર્યાદાથી દરેક આદેશ મળતાં 'इच्छ' કહેવામાં આવે છે અર્થાત્ આદેશ મલ્યો તે કરવામાં પણ પોતાની ઈચ્છા જાહેર કરે છે.

**પ્રશ્ન ૭૫૮**–શ્રીચતુર્વિધ સંઘમાં મુખ્ય અંગ તરીકે સાધુઓ છતાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ રૂપે શ્રીચતુર્વિધ સંઘ ગણાય છે તેમાં સાધુ–સાધ્વીઓ પંચમહાવ્રતધારક, અઢાર હજાર શીલાંગને ધારણ કરનાર જ હોય પણ શ્રાવક–શ્રાવિકા એ શ્રીસંઘના પરિવાર રૂપે પણ ક્યારે ગણાય ?

**સમાધાન**–વ્યવહારથી આત્મકલ્યાણને કરનાર શ્રીજિનવચનને હિતબુદ્ધિથી સાંભળે તે સર્વને શ્રાવક–શ્રાવિકા ગણાય અર્થાત્ દેશ-વિરતિ, સમ્યક્ત્વ કે અપુનર્બંધકપણાની દશાને ધારનારો પણ તેવો હોય તો પણ શ્રાવક ગણાય.

**પ્રશ્ન ૭૫૯**–કોઈક કહે છે કે–સમ્યક્ત્વ પામ્યા પછી પણ એથી નવ પલ્યોપમ મોહસ્થિતિ ખપાવે તો શ્રાવક કહેવાય એ શુ સત્ય છે ?

**સમાધાન**–દેશવિરતિની પ્રાપ્તિ માટે નવ પલ્યોપમને સમ્યક્ત્વ પછી ખપાવવા પડે, પણ શ્રાવકપણું તો અપુનર્બંધકપણું અને પછી સમ્યક્ત્વ એ બંનેની પ્રાપ્તિથી આવી જ જાય છે. (જુઓ ધર્મસંગ્રહ વિગેરે) ભરત મહારાજા, કૃષ્ણ મહારાજા અને શ્રેણીક મહારાજાઓએ તે નવ પલ્યોપમની સ્થિતિ નહોતી ખપાવી તો પણ શાસ્ત્રકારોએ તેઓને શ્રાવક માન્યા છે.

**પ્રશ્ન ૭૬૦**–શ્રીતત્ત્વાર્થસૂત્રકાર ભગવાન્ ઉમાસ્વાતિ વાચકજી મહારાજ 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' એમ કહી મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શન ને પહેલાં જણાવે છે અને શ્રીઉત્તરાધ્યયન સૂત્રમાં પણ 'नादं-सिणस्स नाणं'' એ વચનથી સમ્યગ્દર્શન પહેલું અને પછી જ સમ્યગ્જ્ઞાન એમ સ્પષ્ટ અક્ષરોમાં જણાવે છે છતાં શ્રીવિશેષાવશ્યકની ટીકામાં મલધારીય હેમચંદ્રસૂરિજી મહારાજ 'मोक्खमग्गाहिलासिणो' એ પદની વ્યાખ્યા કરતાં 'मोक्षमार्गः सम्यग्ज्ञानदर्शनचारित्ररूपः' એમ કહી મોક્ષ-માર્ગમાં સમ્યગ્જ્ઞાનને અગ્રપદ આપે છે, તો એ બેનો વિરોધ કેમ ન ગણવો ?

**સમાધાન**–જે જીવને સમ્યગ્દર્શન થાય છે તેને જીવાદિક તત્ત્વોમાં આશ્રવ આદિના હેયપણાનો અને સંવર આદિના ઉપાદેયપણાનો નિશ્ચય હોઈ કેવળ મોક્ષને જ સાધ્ય–ફળ રૂપે ગણે છે. અને તેવા મોક્ષને સાધ્ય રૂપ ગણવાના નિશ્ચય પછી જ જે કાંઈ અલ્પ કે બહુજ્ઞાન થાય કે પહેલાંનું અલ્પ બહુ જ્ઞાન હોય તે બધું શાહુકારની ચતુરાઈ જેમ જગત્‌ને આશીર્વાદ સમાન હોય તેમ તે જ્ઞાન જ્ઞાનરૂપ ગણાય છે. અર્થાત્ સમ્યગ્દર્શન એટલે મોક્ષના સાધ્યપણાની સાથેજ સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ છે. અને તેથીજ શાસ્ત્રોમાં કોઈપણ જગોપર સમ્યગ્દર્શનવાળાને અજ્ઞાની કે મિથ્યાદર્શનવાળાને જ્ઞાની તરીકે માનેલો નથી. જો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને એક સાથે ન માનતાં કંઈક પણ આંતરે થયેલું માનવામાં આવે તો સમ્યગ્દર્શનવાળાને અજ્ઞાની કે જ્ઞાનવાળાને મિથ્યાદષ્ટિ માનવો પડે પણ તેમ કોઈ પણ જગોપર કોઈએ પણ માન્યું નથી, અને તેથીજ તત્ત્વાર્થની ટીકામાં લાભનો ક્રમ બતાવતાં 'उत्तरलाभे नियतः पूर्वलाभः' એ પદની વ્યાખ્યામાં મુખ્યતાએ તો એવી વ્યાખ્યા કરી કે– ઉત્તર એટલે આગળનું એવું ચારિત્ર જો મળ્યું હોય. તો પહેલાં બે એટલે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જરૂર મળેલાં હોય છે. પણ આ પદની બીજી રીતે એમ પણ વ્યાખ્યા કરાએલી છે કે–ઉત્તરોત્તર લાભે પહેલાંનો લાભ એટલે ચારિત્ર લાભે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનનો લાભ અને સમ્યગ્જ્ઞાનનો લાભ થયો હોય તો તેની પહેલાંનું જે સમ્યગ્દશન તેનો લાભ જરૂર થયેલો હોય, પણ આગળ જણાવે છે કે– 'पूर्वलाभे भजनीयमुत्तरम्' અર્થાત્ પહેલાંના વાક્યમાં જેમ ઉત્તરોત્તર શબ્દ નથી તેમ અહીં પણ પૂર્વપૂર્વ એવો શબ્દ નથી, તેથી મુખ્યતાએ એવી વ્યાખ્યા કરાય છે કે–પહેલાંના બે એટલે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન મળ્યાં હોય તો 'उत्तरम्' એમ કહી એકવચન કહીને માત્ર એકલા ચારિત્રનીજ ભજના જણાવે છે પણ 'उत्तरोत्तरम्' એમ કહીને જ્ઞાન અને ચારિત્ર બંનેની ભજના જણાવતા નથી આ બધા ઉપરથી

સ્પષ્ટ થશે કે–સમ્યગ્દર્શનની સાથેજ સમ્યગ્જ્ઞાનની કે સમ્યગ્જ્ઞાનની સાથેજ સમ્યગ્દર્શનની ઉત્પત્તિ એક પણ સમયના આંતરા સિવાય માનવી વ્યાજબી છે. અને તેથીજ આયુષ્યના છેલ્લા સમયે પણ પમાતા સમ્યક્ત્વવાળાને એકજ સમયનું સમ્યક્ત્વ અને મતિજ્ઞાનાદિ મનાય છે. હવે જ્યારે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બંને એકી સાથે થાય છે. તો પછી મોક્ષમાર્ગના નિરૂપણમાં કોઇક સમ્યગ્દર્શનને પહેલું લે, કોઈક સમ્યગ્જ્ઞાનને પહેલું લે, તો તેમાં કોઈ પણ પ્રકારે વિરોધ માનવાને અવકાશ નથી. વળી સમ્યગ્દર્શનરૂપી ગુણ જીવાદિક નવતત્ત્વો કે સાતતત્ત્વોના શ્રદ્ધાનરૂપ હોવાથી તે તત્ત્વોના શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન થવા પહેલાં જીવાદિક તત્ત્વોનું જ્ઞાન થવું જોઈએ એ તો સ્વાભાવિક છે, કેમકે જે મનુષ્યને જીવાદિક પદાર્થોનું સ્વયં કે ઉપદેશથી જ્ઞાનજ ન થયું હોય તે મનુષ્ય તે જીવાદિક પદાર્થોની હેય–ઉપાદેયપણે શ્રદ્ધા કરી શકેજ કેમ ? એ અપેક્ષાએ વિચાર કરીએ તો યથાસ્થિત બોધ તો સમ્યગ્દર્શન થવા પહેલાં થવો જોઇએ, માત્ર મોક્ષરૂપી પરમ સાધ્યની અપેક્ષાએ જ્ઞાનનું સમીચીનપણું થવું તે સમ્યગ્દર્શન ઉત્પન્ન થયા પછીજ થાય અને તેથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થયા વિના સમ્યગ્જ્ઞાન ન ગણાય, પણ યથાર્થ બોધરૂપ સમ્યગ્જ્ઞાન તો સમ્યગ્દર્શનની પહેલાં થવુંજ જોઇએ, માટે યથાર્થ બોધરૂપ સમ્યગ્જ્ઞાન મોક્ષમાર્ગમાં પહેલો નંબર લે તો તેમાં પણ કાંઈ વિરોધ જેવું નથી વળી સમ્યગ્દર્શનના ભેદો જણાવતાં પ્રથમ મિથ્યાદષ્ટિ હોય અને સૂત્ર ભણતાં ભણતાં સમ્યગ્દર્શન પામે તેને સૂત્રરૂચિ સમ્યગ્દર્શન થયું છે એમ કહેવાય. તો એ અપેક્ષાએ સમ્યગ્દર્શન થવા પહેલાં અંગ, ઉપાંગ, આદિના અધ્યયનરૂપ સમ્યક્શ્રુત, સમ્યગ્દર્શન ઉત્પન્ન થવા પહેલાં મળ્યું છે એમ શ્રુતના સમ્યક્પણાની અપેક્ષાએ પણ શ્રી વિશેષાવશ્યકવૃત્તિકાર સમ્યગ્જ્ઞાનને મોક્ષમાર્ગના વર્ણનમાં સમ્યગ્દર્શન કરતાં પહેલું લાવે તો મળવાના હિસાબે તે અનુચિત નથી, અથવા પ્રથમ નિસર્ગ સમ્યક્ત્વ થએલું હોય અને તેને લીધે અજ્ઞાનનો નાશ

થઈ જ્ઞાન તો થઈ ગયું હોય અને પછી તે જ્ઞાનના જોરે અધિગમ સમ્યગ્દર્શનને જેઓ મેળવે તેઓની અપેક્ષાએ વ્યવહારથી સમ્યગ્જ્ઞાનને સમ્યગ્દર્શન કરતાં પહેલું લે તો તે કાંઈ ખોટું ગણાય નહિ, અને આજ કારણથી 'सम्यग्दर्शनशुद्धं यो ज्ञानम्' એ કારિકાની વ્યાખ્યામાં સમ્યગ્દર્શનને માટે શુદ્ધ એવું જ્ઞાન એવો ચતુર્થીનો વિગ્રહ કબુલ કરીને અધિગમ સમ્યગ્દર્શન પહેલાં તે સમ્યક્ત્વપણે પરિણમવાવાળું નિસર્ગ સમ્યગ્દર્શનનું જ્ઞાન માનેલું છે. એ અપેક્ષાએ પણ બાહ્યદષ્ટિથી સમ્યગ્જ્ઞાનને પહેલું કહેવું તે યોગ્યજ છે.

**પ્રશ્ન ૭૧૬**–પર્યુષણની થોયમાં 'વડાકલ્પનો છઠ્ઠ કરીને' એ વિગેરે વાક્યો આવે છે તો કલ્પસૂત્રને દહાડે છઠ્ઠનો બીજો ઉપવાસજ આવવો જોઈએ એવી રીતે છઠ્ઠ કરવો એમ ખરૂં કે? અને આ વર્ષમાં છઠ્ઠ ક્યારે કરવો? (વિ૦ સં૦ ૧૯૯૧).

**સમાધાન**–શ્રીહીરસૂરિજી મહારાજે દીધેલા અને શ્રીકીર્તિવિજયજી મહારાજે સંગૃહીત કરેલા હીરપ્રશ્નોત્તરમાં ચતુર્દશી, અમાવાસ્યા કે પ્રતિપદા આદિની વૃદ્ધિમાં છઠ્ઠ ક્યારે કરવો એવા પ્રશ્નના ઉત્તરમાં ચોક્ખા શબ્દથી જણાવે છે કે–આ પર્યુષણના કલ્પસંબંધી છઠ્ઠ કરવામાં કોઇ પણ તિથિયોના નિયમને માટે આગ્રહ કરવો નહિ અર્થાત્ (ટીપણામાં) બે ચૌદશો હોય તો પહેલી બીજી ચૌદશનો પણ છઠ્ઠ થાય. બે અમાવાસ્યા હોય તો તેરશ, ચૌદશનો છઠ્ઠ થઈ બીજી અમાવાસ્યાએ એકલો ઉપવાસ થાય, અને બે પડવા હોય તો પણ તેરશ ચૌદશનો છઠ્ઠ થઈ અમાવાસ્યાએ પારણું આવી પહેલે પડવે એકલો ઉપવાસ થાય. આવી રીતે છઠ્ઠનું અનિયમિતપણું હોવાથી તિથિના નિયમનો આગ્રહ ન કરવા જણાવે છે, તો આ વખતે તેરશે પર્યુષણ બેસતાં હોવાથી તેરશ અને ચૌદશનો છઠ્ઠ કરવો એ વ્યાજબી લાગે છે. વળી શાસ્ત્રકારો સંવચ્છરીના અઠ્ઠમને પણ અનાગત અને અતિક્રાન્ત એવા પચ્ચખ્ખાણના ભેદો કહી તે આગળ પાછળ કરવાનું જણાવે

છે અને તે સકળસંઘને માન્ય હોયજ છે, તો પછી અમાવાસ્યા અને પડવેજ છઠ્ઠ કરવો એવો આગ્રહ કરી ચૌદશની તિથિ કે જેમાં શક્તિ છતાં ઉપવાસ ન કરે તો શાસ્ત્રકારો સ્થાન સ્થાન ઉપર પ્રાયશ્ચિત્તવિધાન કરે છે, તેવી પખ્ખીની ચૌદશને દિવસે ન લાવવું હોય તો ન લાવી શકાય એવું છતાં પણ અને શાસ્ત્રકારે તિથિનો આગ્રહ છઠ્ઠના નિ માટે ન કરવો એમ જણાવેલ છતાં અર્થાપત્તિથી તેજ દિવસે પારણું કરવાનો આગ્રહ કરવો તે ઉચિત છે એમ તો કહી શકાય નહિ આ વખતે પર્યુષણપર્વની આરાધનાના દિવસો નીચે મુજબ કરવા ઠીક લાગેછે.
શ્રાવણ વદ ૧૩ સોમવાર તા. ૨૬મી અઠ્ઠાઈનું ધર.
શ્રાવણ વદ ૧૩ અને શ્રાવણ વદ ૧૪નો છઠ્ઠ.

ભાદરવા શુ. ૧ ને ગુરૂવારે કલ્પવાંચન અને કલ્પનો ઉપવાસ, ભાદરવા શુ. ૧ બીજી શુક્રવારે ભગવાન્ મહાવીર મહારાજનો જન્મ, ભાદરવા શુ. ૨ શનિવારથી તેલાધરનો અઠ્ઠમ.

)સેનપ્રશ્ન પ્રમાણે જેને પાંચમની તપસ્યા નિયમિત કરવાની હોય તેને ત્રીજ, ચોથ અને પાંચમનો અઠ્ઠમ કરાય, છઠ્ઠ કરવાની શક્તિવાળાને પણ ચોથ પાંચમનો છઠ્ઠ કરવાનો હોય છે, પણ ચોથની સં -રીના દિવસને કોઈ પણ પ્રકારે આરાધના બાબતમાં આંચ ન લાગે તે ધ્યાનમાં રાખવાનું છે. પાંચમ કરતો હોય છતાં પણ છઠ્ઠ ન થઇ શકે અને આગળ ઉપવાસ ન પણ વાળવો હોય તો તેને ચોથના ઉપવા ાં પાંચમનો ઉપવાસ આવી ગયો એમ પણ સ્પષ્ટ લેખ શાસ્ત્રમાં છે.)

ભાદરવા શુ. ૪ સોમ તા. ૨ જીએ સંવચ્છરી પર્વ.

**પ્રશ્ન ૭૬૨**–શાસ્ત્રોમાં સ્પષ્ટપણે જણાવે છે કે શાસ્ત્રમાત્રના પ્રદાનને અંગે નીચે જણાવેલા ત્રણ ગુણવાળાજ અધિકારી છે.

(૧) જીવ ભવ્ય હોવો જોઇએ,
(૨) મોક્ષમાર્ગની અભિલાષાવાળો હોવો જોઇએ.
(૩) ગુરૂમહારાજના ઉપદેશમાં રહેલો હોવો જોઈએ.

આ ત્રણમાં ગુરૂઉપદેશમાં રહેવાપણું તો ગુરૂમહારાજના કહ્યા મુજબ ચાલતો હોય એટલે જાણી શકાય.

પણ ભવ્યપણું શાસ્ત્રપ્રદાન કરનારાએ કેવી રીતે જાણવું ? કેમકે પ્રથમ તો ભવ્યાભવ્ય રૂપી જીવના સ્વભાવો શાસ્ત્રકારો કેવલીથીજ ગમ્ય છે એમ જણાવે છે, અને તેથી સૂર્યાભદેવાદિ સરખાને ભવ્યત્વના નિર્ણય માટે સર્વજ્ઞ ભગવાનનેજ પૂછવુંજ પડે છે.

વળી મોક્ષમાર્ગનો અભિલાષી હોવો જોઇએ એમ જે કહેવામાં આવેછે તે શું એમ નથી જણાવતો કે તે શાસ્ત્ર લેનારને મોક્ષનો માર્ગ મળ્યો નથી, કેમકે અભિલાષા મળેલાને ન હોય, પણ નહિ મળેલાનેજ હોય.

**સમાધાન**–સર્વજીવના ભવ્ય કે અભવ્ય સ્વભાવને સાક્ષાત્ તો કેવલજ્ઞાની જ જાણી શકે છે, પણ અન્ય જીવમાં રહેલું અભવ્યપણું છદ્મસ્થો અનુમાનથી પણ જાણી શકે નહિ. કેમકે અભવ્યપણાનું તેવું કોઇ વિશિષ્ટ ચિહ્ન શાસ્ત્રકારોએ જણાવેલું નથી. કદાચિત્ કહેવામાં આવે કે જીવતત્ત્વ ન માને અગર જીવતત્ત્વની વિરાધનાથી ન ડરે એટલા માત્રથી એ અભવ્ય કહેવો પણ તે વ્યાજબી લાગતું નથી, કેમકે પ્રદેશી રાજા પ્રતિબોધ પામ્યો ન હતો ત્યાં સુધી તે તે દશામાં જ હતો. જો કે શાસ્ત્રકારો એમ જણાવે છે કે અભવ્યને મોક્ષની શ્રદ્ધા હોય નહિ પણ તેનો અર્થ માત્ર એટલો જ કે અભવ્ય મોક્ષને માને નહિ પણ તે વાકયનો એવો અર્થ તો ન જ કરાય કે જે જે મોક્ષને ન માને તે તે બધા અભવ્ય, કેમકે ભવ્ય જીવને પણ મોક્ષની શ્રદ્ધા કે ઇચ્છા તો અંત્યપુદ્ગલપરાવર્તમાંજ હોય છે, અર્થાત્ અંત્યપુદ્ગલપરાવર્ત સિવાયના કાળમાં તો ભવ્ય હોય તો પણ મોક્ષને માનનારો હોતો નથી, માટે જીવ કે મોક્ષને ન માને તેટલા માત્રથી અભવ્ય છે એમ કહી શકાય નહિ; પણ જે મનુષ્યને પોતાના આત્મામાં મોક્ષની ઇચ્છા થાય કે–હું ભવ્ય હઇશ કે અભવ્ય હઇશ ? એવી શંકા થાય તો તે જીવ જરુર ભવ્ય છે એમ શ્રીશીલાંકાચાર્ય

મહારાજ ખુલ્લા શબ્દોમાં કહે છે, એટલે શાસ્ત્રને ગ્રહણ કરનારો પોતાના આત્માનું ભવ્યપણું નિશ્ચિત કરે તે અસંભવિત નથી, અને અન્ય આત્માને અંગે પણ મોક્ષનું સ્વરૂપ જણાવતાં કે મોક્ષને ફળ તરીકે વર્ણન કરતાં જો ઉલ્લાસ માલમ પડે તો તેને ભવ્ય તરીકે ગણી શકાય, અને તેથી તે શાસ્ત્ર ગ્રહણ કરવાને લાયક ઠરે.

વળી મોક્ષમાર્ગની અભિલાષાને અંગે જે કહેવામાં આવ્યું તે ત્યારે જ સાચુ ઠરે કે જ્યારે શાસ્ત્રકારોએ શાસ્ત્રપ્રદાનની જગોપર મોક્ષમાર્ગ શબ્દથી મોક્ષમાર્ગની ઉત્તરોત્તર વિશુદ્ધ એવો કરેલો અર્થ જો લક્ષમાં લેવામાં આવે નહિ.

તત્ત્વદૃષ્ટિએ તો શાસ્ત્રનું પ્રદાન કરનારા આત્માએ ભવ્યાદિકનો નિશ્ચય કરવો જેટલો જરૂરી રહેતો નથી તેના કરતાં અભવ્યને, મોક્ષના માર્ગની ઇચ્છા વગરનાને તથા ગુરૂ મહારાજના હુકમથી વિરૂદ્ધ વર્તનવાળાને શાસ્ત્રનું પ્રદાન ન કરવું એમ નિષેધ અર્થને જણાવવા માટે જ એ વાકય છે, પણ તે નિષેધપ્રધાનપણે વાક્યો રાખવા કરતાં વિધિ-પ્રધાનપણે વાક્યો રાખવાથી શાસ્ત્રને દેનાર અને લેનારને ગુણની ગવેષણા અને ધારણાથી ફાયદો થાય તેથી વિધિપ્રધાન તે વાક્યો રાખ્યાં છે, તેથી અભવ્યપણાનો વ્યવચ્છેદ ન થાય કે મોક્ષમાર્ગની અનભિલાષાનો વ્યવચ્છેદ ન થાય કે ગુરૂઉપદેશમાં સ્થિત છે કે કેમ ? એવો નિશ્ચય ન થાય ત્યાં સુધી શાસ્ત્રપ્રદાનમાં થોભ વાની જરૂર નથી.તેમ શાસ્ત્રપ્રદાન કરતાં તેવાને કદાચિત્ અપાઈ જાય તો તેથી શાસ્ત્રપ્રદાન કરનારો દૂષેજ છે એમ કહી શકાય નહિ. એવી જ રીતે અધિકારીને અંગે કહેવાતાં અર્થિપણું, સમર્થપણું અને શાસ્ત્રનિષિદ્ધપણું એ ત્રણને અંગે પણ એમજ સમજાય અર્થાત્ અર્થિપણા અને સમર્થપણાના નિર્ણય સુધી થોભવા કરતાં અનર્થી અને અસમર્થ માલમ પડે તો તેને અનધિકારી ગણવો એ સ્વભાવસિદ્ધ હોવાથી સમજાય તેવું છે.

**પ્રશ્ન ૭૬૩**–કેવલજ્ઞાની મહારાજાને પાંચ પરમેષ્ઠીના પાંચ પદોમાંથી કયા પદમાં ગણવા ?

**સમાધાન**–ચઉસરણ પયન્નાની ગાથા ૩૨મીમાં 'केवलिणो परमोही० ते सव्वे साहुणो सरणं' ॥ ૩૨ ॥ આ પ્રમાણે કેવલીમહારાજને સાધુ તરીકે ગણેલા છે, વળી શ્રીઅરિહંત મહારાજાના બાર ગુણો અશોકવૃક્ષાદિવાળા છે તે સામાન્ય કેવલીમાં નથી; માટે કેવલી મહારાજને સાધુપદમાં ગણવા ઠીક છે.

**પ્રશ્ન ૭૬૪**–સમ્યગ્દષ્ટિજીવોને અસંખ્ય ગુણ નિર્જરાવાળી અગીઆર શ્રેણિમાં પ્રથમ શ્રેણિમાં ગણ્યા છે તો તેમાં ત્રણે પ્રકારના એટલે ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વવાળા ગણવા કે કોઈ એકજ પ્રકારના સમ્યક્ત્વવાળા લેવા ?

**સમાધાન**–પહેલી શ્રેણિમાં લીધેલા સમ્યગ્દષ્ટિ ત્રણે પ્રકારના સમ્યગ્દર્શનવાળા લેવા યોગ્ય જણાય છે. કેમકે ઔપશમિક કે ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનવાળા જ જીવો તે પહેલી શ્રેણિમાં લેવા હોત તો ક્ષાયિક સમ્યક્ત્વવાળા સિવાયના જીવો લેત અને 'અક્ષાયિક સમ્યગ્દષ્ટિ' એમ કહેત, પણ તેમ ન કહેતાં સામાન્ય સમ્યગ્દષ્ટિ કહ્યા છે, માટે તે ત્રણે પ્રકારના સમ્યક્ત્વને ધારણ કરનારા પહેલી શ્રેણિમાં લેવા યોગ્ય છે.

**પ્રશ્ન ૭૬૫**–ક્ષાયિક સમ્યક્ત્વ પામનારા જીવો તે ક્ષાયિક સમ્યક્ત્વ પામતા પહેલાં ઔપશમિક ને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામેલાજ હોય એમ ખરુ કે ?

**સમાધાન**–સામાન્ય રીતે 'ગર્ભવતી સ્ત્રી પુત્ર જણે' એ દૃષ્ટાન્તે પ્રથમ ઔપશમિક પામેલો જીવજ તથા ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામેલો જીવજ ક્ષાયિક સમ્યક્ત્વ પામે અને તેથીજ શાસ્ત્રકારો છવ્વીસથી એકવીશનો અલ્પતર સત્તાની અપેક્ષાએ મોહનીયની નહિ લેતાં અઠ્ઠાવીશથી એકવીશનો અલ્પતર લે છે. પણ વિશેષાવશ્યકની કોટયાચાર્યની ટીકામાં અકૃતત્રિપુંજવાળા એટલે સમ્યક્ત્વમિશ્રમોહનીયના પુંજ સિવાયના જીવો પણ ક્ષાયિક સમ્યક્ત્વ પામે એમ સૂચવે છે ને તેથી અક્ષપિત મિથ્યાત્વ એવું ઔપશમિક સમ્યક્ત્વ પામનારને વશેષણ આપી તેની સફળતા ગણી છે તો તે અપેક્ષાએ એમ પણ કહેવામાં અડચણ નથી કે ચોથે ગુણઠાણાએ આવ્યા સિવાય ક્ષાયિક સમ્યક્ત્વ નજ પામે. એ યોગ્ય નથી.

**પ્રશ્ન ૭૬૬**–જે જીવ ક્ષાયિક સમ્યક્ત્વ પામે તે પહેલાના ભવોમાં કે એ ભવમાં પાંચમું ગુણઠાણું જરૂર પામેલોજ હોય એમ કોઈ કહે છે તે ખરું ?

**સમાધાન**–આવશ્યકચૂર્ણિ વિગેરેમાં સ્પષ્ટ જણાવે છે કે–જે જીવો સિદ્ધ થએલા છે તેના અસંખ્યાતમા ભાગ જેટલા અનંતજીવોએ દેશવિરતિ ફરસી નથી. માટે જે ઉપદેશક કે લેખક એવો નિયમ બાંધે કે ક્ષાયિક સમ્યક્ત્વ પામનારો જીવ આ ભવ કે પર ભવમાં દેશવિરતિ પામેલોજ હોય તે શાસ્ત્રથી વિરૂદ્ધ અને કલ્પનામાત્રથી બોલે છે અને લખે છે એમ સમજવું.

**પ્રશ્ન ૭૬૭**–અસંખ્યગુણ નિર્જરાની અગીયાર શ્રેણિમાં ચારિત્ર-મોહના ઉપશમક અને ક્ષપકની બે શ્રેણિઓ ગણી છે તે અનંતાનુ-બંધીના તથા દર્શનમોહનીયના ઉપશમ અને ક્ષપકના બબ્બે ભેદો કેમ લીધા નથી ?

**સમાધાન**–યાદ રાખવાની જરૂર છે કે અગીયાર નિર્જરાની શ્રેણિમાં અનંતાનુબંધીની વિયોજકતા લીધી છે ને તેથી ઉપશમ, ક્ષય અને ક્ષયોમશમ એ ત્રણે અવસ્થા લઈએ તો કાંઈ બાધ જણાતો નથી અને દર્શનમોહક્ષપકને સ્થાને દર્શનમોહની ત્રણે પ્રકૃતિનો ક્ષય અને ઉપશમ તથા ક્ષયોપશમ પણ લેવા યોગ્ય છે. અન્યથા બીજી શ્રેણિમાં લેવાના હોય તો શાસ્ત્રના અક્ષરો વિશેષપણે દેખાડવા જોઈએ.

**પ્રશ્ન ૭૬૮**–શ્રીઆચારાંગનિર્યુક્તિમાં સમ્યગ્દષ્ટિ નામની નિર્જરા-શ્રેણિ પહેલાં ન લેતાં 'सम्मुप्पत्ती' નામે પહેલી શ્રેણિ લીધી છે તો સર્વ પ્રકારથી સમ્યક્ત્વોત્પત્તિ પ્રથમ શ્રેણીમાં કેમ ન ગણવી ?

**સમાધાન**–તેજ નિર્યુક્તિકારે અનંતાનુબંધીનો નાશ અને દર્શન-મોહના નાશની ગુણશ્રેણિ તો ચોથી અને પાંચમીજ લીધી છે. ને તેથી સમ્યક્ત્વોત્પાદનું સ્થાન ત્યાં ચોથી પાંચમી શ્રેણિમાં જાય અને જો ત્રણે

પ્રકારના સમ્યક્ત્વની ઉત્પત્તિ લઈ લઈ એ તો ચોથી પાંચમી શ્રેણિ વ્યર્થ થાય. કદાચ ચોથી પાંચમી શ્રણીમાં કેવલ ક્ષાયિક સમ્યક્ત્વનીજ ઉત્પત્તિ લેવી હોય અને અહીં આદ્ય શ્રેણિમાં બાકીના ઔપશમિક અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિ લેવી હોય તો પ્રથમ તો તેવા અક્ષર જોઈએ તેમજ અનંતાનુબંધીના ઉપશમને ચોથી શ્રેણિમાં લેવા માટે વિયોજક શબ્દ વાપર્યો છે તે અઘટતું થાય અને ઉપશમ જો ત્યાં ચોથી શ્રેણિમાં લેવામાં આવે તો પછી અનન્તાનુબધીની ત્રણે અવસ્થા ત્યાં ચોથી શ્રેણિમાં લેવી પડે, અને જો તેમ હોય તો પછી ત્રણે પ્રકારના સમ્યક્ત્વ પામનારા ત્યાં ચોથી શ્રેણિમાં જ ગણાય. વળી ટીકાકાર શ્રીશીલાંકાચાર્ય મહારાજ વિગેરેએ 'सम्मुप्पत्ती' પદની વ્યાખ્યા ધર્મ જાણવાની ઈચ્છા, સાંભળવા જવું, સાંભળવું, ધર્મ અંગીકાર કરવો બાહ્ય પ્રવૃત્તિ જ પહેલી શ્રેણિમાં જણાવી અને તે સ્થિતિ સમ્યક્ત્વને ઉત્પન્ન કરનાર ગણી 'एतेन सम्यक्त्वोत्पत्तिर्व्याख्याता' એમ માત્ર ગૌણાર્થથી ચરિતાર્થપણું જણાવ્યું ને તેથી પહેલી ને ચોથી–પાંચમી શ્રેણિમાં વિરોધ રહેતો નથી. છતાં જો બીજા તેવા ભેદ દેખાડનાર સ્પષ્ટ અક્ષરો શાસ્ત્રોમાં નીકળે તો શાસ્ત્રાનુસારીઓને માનવામાં અડચણ નથી.

**પ્રશ્ન ૭૬૯**–અનાદિ મિથ્યાત્વી જીવ સમ્યક્ત્વ પામે તે પણ સાધુ કરતાં અસંખ્યગુણ નિર્જરાવાળો છે એમ માનવું વ્યાજબી છે?

**સમાધાન**–સભાષ્ય તત્ત્વાર્થ સૂત્રની ટીકામાં–

'अनन्तः संसारस्तदनुबन्धिनोऽनन्ताः क्रोधादयस्तान् वियोजयति–क्षपयति उपशमयति वा अनंतवियोजकः'

અર્થાત્ અનંત એવો જે સંસાર તેનો અનુબંધ કરાવનારા તે અનંત એવા જે ક્રોધાદિ એટલે અનંતાનુબંધી ક્રોધાદિ તેનો વિયોગ કરે એટલે ક્ષય કરે કે ઉપશમ કરે તે ચોથી શ્રેણિવાળા ગણાય અર્થાત્ સર્વવિરતિવાળા જે ત્રીજી નિર્જરાશ્રેણિવાળા છે તેના કરતાં અસંખ્યગુણ નિર્જરા કરવાવાળા છે. આ વચનને માનવાવાળો મનુષ્ય તો ઔપશમિક કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામતી વખત સાધુ

કરતાં અસંખ્યગુણ નિર્જરા માન્યા વગર રહે નહિ. કદાચ કહેવામાં આવે કે અનંતના વિયોજકમાં કહેલું ક્ષપણ ક્ષાયિક માટે લેવું ને ઉપશમ ઉપશમશ્રેણિવાલા 'ઔપશમિક' માટે લેવું તો તેમ કહેનારની અજ્ઞાનતા છે, કેમકે પ્રથમ તો સામાન્યથી જ અહીં અનંતાનુબંધીનું ક્ષપણ અને ઉપશમન લીધું છે. પણ આગળની પાંચમી શ્રેણિમાં–દર્શનમોહક્ષપક इति दर्शनमोहः अनन्तानुबन्धिनश्चत्वारः सम्यक्त्वमिथ्यात्वतदुभयानि च, अस्य सप्तविधस्य दर्शनमोहस्य क्षपकः'

એમ કહી દર્શનમોહક્ષપકને અનન્તાનુબંધી ચાર ને દર્શન મોહનીયનું ત્રિક એમ સાતેને ખપાવનાર ગણી ક્ષાયિક સમ્યકૃત્વવાળાની તો શ્રેણી પાંચમીજ રાખી છે. આવો સ્પષ્ટ પાઠ જે ન સમજે અને શ્રાવક કરતાં સમ્યકૃત્વ પામનાર અસંખ્યગુણ નિર્જરાવાળો કેમ હોય? એમ અશ્રદ્ધા કરે અને કરાવે ને અભિનિવેશથી જ તે હકીકત હોવાથી તત્વાર્થની ટીકાની વાત છોડી તેનું સમાધાન આપ્યા સિવાય અણસમજપણે આચારાંગની ટીકાને વળગે તેની ગતિ શ્રી કેવલીમહારાજજ જાણે.

**પ્રશ્ન ૭૭૦**–અભિમુખ કુર્વન્ અને કૃતને અસંખ્યગુણ નિર્જરાવાળા ગણે છે. એ હિસાબે ઔપશમિક અને ક્ષાયિક સમ્યકૃત્વને પામેલા આગલની શ્રેણી કરતાં અસંખ્યાતગુણ નિર્જરાવાળા થાય તો પછી સમ્યગ્દષ્ટિની શ્રેણી પહેલી કેમ ગણી?

**સમાધાન**–જેમ પ્રવ્રજ્યા લેતી વખત શાસ્ત્રકારો અપ્રમત્ત દશા અને ઉત્તમ પરિણતિ જણાવે છે. પણ તેની તે દશા અને પરિણતિ આખા પર્યાયમાં ન હોય તેમ અભિમુખાદિ દશામાં આસન્નને અંગે તેવી સાધુ કરતા અસંખ્યગુણી નિર્જરાની સ્થિતિ છતાં ચોથા ગુણઠાણાના આખા ક્ષાયિક સમ્યકૃત્વના કાલની તેવી સ્થિતિ ન હોય તેથી તે પહેલી શ્રેણીમાં હોય તે ગેરવ્યાજબી ન ગણાય.

**પ્રશ્ન ૭૭૧**–પંચનિર્ગ્રંથી પ્રકરણ ગાંધી મફતલાલ ઝવેરચંદ તરફથી

બહાર પડેલ છે, તેમાં પ્રસ્તાવનામાં 'આ નિર્ગ્રંથ ઓછામાં ઓછા ગર્ભ અને જન્મથી આઠ વર્ષ પૂર્ણ થયા પછી દીક્ષા લેનારા હોય છે' એમ જે લખ્યું છે તેનું શું સમજવું ?

**સમાધાન**–**પ્રથમ** તો તે આખાય ગ્રંથમાં કે તેના અનુવાદમાં ગર્ભ કે જન્મથી અષ્ટમ કે અષ્ટની વાત જ નથી. વળી અમદાવાદમાં સુશ્રાવક મફતલાલને આ લેખને અંગે ખુલાસો પૂછવામાં આવ્યો ત્યારે તેમણે જણાવ્યું કે–આ વાક્યો મેં પ્રસ્તાવનામાં લખેલ નથી પણ **વિદ્યાશાળા**માં રહેલ સાધુએ મારા ના કહ્યા છતાં દાખલ કરેલ છે. અને તે મારે નામે બહાર પડ્યું તે ખોટું થયું છે. વસ્તુતાએ પ્રવચન સારોદ્ધાર વિગેરેમાં પણ સ્પષ્ટ શબ્દોથી જન્મથી પણ અષ્ટ અને ગર્ભથી અષ્ટમ એટલે આઠની શરૂઆતનો લેખ છતાં એક વાત અજ્ઞાનદશાથી બોલવી અને પછી બીજી બાજુથી કોઈ સારી વાત જણાવે તોપણ માનવી નહિ એવી **જેઓની પરાપૂર્વની રીતિ** જળવાયેલી રહેલી હોય ત્યાં શું કહેવું ? 'અષ્ટમ' શબ્દનો 'આઠ પૂર્ણ' એવો અર્થ તો તેઓજ કરે કે જેઓ શાસ્ત્ર, યુક્તિ કે સાહિત્યની સ્થિતિથી દૂર હોય.

**પ્રશ્ન ૭૭૨**–શ્રીમહાવીર ભગવાનના જન્મને શ્રવણ કરતી વખતે નાળિયેર વધેરાય છે; તે નાળિયેર એકેન્દ્રિય જીવ હોવાથી અનુચિત કેમ નહિ?

**સમાધાન**–સંસારી લોકો હર્ષની વખતે નાળિયેરની શેષ વહેંચે છે, તેવી આ જન્મોત્સવ પ્રસંગ શ્રવણના આનંદને અંગે નાળિયેરની શેષો વહેંચે તે સ્વાભાવિક છે. 'નાળિયેર એકેન્દ્રિય છે માટે ન વધેરવું' એમ કહી એકેન્દ્રિયની દયાના કથનને આગળ કરે તે તેનેજ શોભે કે જે અગ્નિકાયને એકેન્દ્રિય સમજી દીવા ન સળગાવતો હોય. માટી, મીઠાની વિરાધના ન કરતો હોય. તથા શાક વિગેરે વનસ્પતિની વિરાધનાથી જે અલગ થયો હોય; એકેન્દ્રિયની વિરાધનાથી આ રીતિએ દૂર રહેનારો મનુષ્ય નાળિયેરની શેષ ન વહેંચે તે સ્વાભાવિકજ છે; બાકી અન્યત્ર એકેન્દ્રિયને અંગે ચિંતા ન કરનારો, અત્ર આવી વાત આગળ

કરે તે તો ફક્ત ભક્તિનાં ચેડાંજ છે શાસ્ત્રકારો પણ એકેન્દ્રિયના આરંભથી દૂર રહેનારા વિમલબુદ્ધિને દ્રવ્યસ્તવ કરવાની જરૂરીયાત નથી એમ સ્પષ્ટપણે જણાવે છે.

**પ્રશ્ન ૭૭૩**-વ્યાખ્યાન, પ્રતિક્રમણ, પૌષધ, ઉપધાન વિગેરેમાં જે પ્રભાવના કરાય તેમાં ચોપડીઓ, કટાસણાં વિગેરેની પ્રભાવના કરવી તેમાં વધારે લાભ ખરો કે નહિ ?

**સમાધાન**-બાલજીવોને ધર્મશ્રવણાદિ તરફ આકર્ષવા માટે અને બીજાઓને પણ પ્રમાદ ટાળીને તે તે કાર્યોમાં પ્રોત્સાહન આપવા પ્રભાવના દેવામાં આવે છે. તે ઉદ્દેશ ધ્યાનમાં રાખી પ્રભાવના કરવી વ્યાજબી છે. બાકી કેટલાકો પોતાનાં છપાવેલાં પુસ્તકોની પ્રભાવનામાંજ વધારે લાભ બતાવે અને તેવી રીતે પ્રભાવના દ્વારા પુસ્તકો વહેંચાવી, ઘણી આવૃત્તિના પ્રકાશન પ્રસિદ્ધિ વિગેરેનો આડંબર ધરાવવા માંગતા હોય તો તે યોગ્ય લાગતું નથી.

**પ્રશ્ન ૭૭૪**-શ્રુતદેવતા અને સરસ્વતી દેવી એક છે કે જુદાં ? અને તેમની મૂર્તિઓ પ્રાચીન છે કે કેમ ?

**સમાધાન**-શ્રુતદેવતા અને સરસ્વતી એકરૂપ ગણાય. કારણ કે ગ્રંથકારો એમાંથી એકની સ્તુતિ કરે છે. સરસ્વતીની મૂર્તિઓ બારમી સદીઓનાં તાડપત્રોનાં જે પુસ્તકો અમદાવાદના સાહિત્યપ્રદર્શનમાં આવ્યાં હતાં તેમાં ઘણે સ્થાને હતી.

**પ્રશ્ન ૭૭૫**-પર્યુષણમાં કલ્પધર અને સંવચ્છરીને દિવસે પૌષધ કરવો ઠીક છે કે શાસનની શોભા તથા જ્ઞાનદ્રવ્ય, દેવદ્રવ્યાદિની વૃદ્ધિ માટે ચારેય પ્રકારે પૌષધમાંથી માત્ર આહાર પૌષધજ કરવો ઠીક છે ?

**સમાધાન**-તે તે પર્વોમાં ચાર પ્રકારનો પૌષધ કરનાર પ્રથમથી પોતાની શક્તિ પ્રમાણે જ્ઞાનદ્રવ્યાદિની વૃદ્ધિ માટે સવડ કરી લે; કદાચ ન કરી હોય તો પાછળથી કરે પણ તે નામે સંપૂર્ણ પૌષધ છોડવો

તે વ્યાજબી નથી વળી ખરચથી બચવા માટેજ પૌષધ લેવાય તો તે વિરાધનાજ ગણાય.

**પ્રશ્ન ૭૭૬**–સામાન્ય રીતે જૈનજનતામાં કહેવાય છે કે બીજ, પાંચમ, આઠમ, અગીયારસ, ચૌદશ, અમાવાસ્યા અને પૂર્ણિમા કે જે પર્વતિથિઓ તરીકે ગણાય છે તેનો ક્ષય હોય નહિ એ હકીકત શું સત્ય છે?

**સમાધાન**–જ્યોતિષકરણ્ડક, સૂર્યપ્રજ્ઞપ્તિ અને લોકપ્રકાશ આદિ શાસ્ત્રોને જાણનારો મનુષ્ય એમ કહી શકે નહિ કે જૈન શાસ્ત્ર પ્રમાણે બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય નહિ. કેમકે તેમાં અવમરાત્રિ એટલે ઘટનારી તિથિઓ બીજ, પાંચમ, વિગેરે ગણાવી છે. વળી જો પર્વ તિથિનો ક્ષય ન થતો હોય તો 'क्षये पूर्वा तिथिः कार्या' એવો શ્રીઉમાસ્વાતિજીનો પ્રઘોષ પણ હોત નહિ. માટે જૈનજ્યોતિષનાં હિસાબ પ્રમાણે પર્વતિથિનો ક્ષયજ ન હોય એમ કહેવાય નહિ, પણ આરાધના કરવા માટે નિયત થયેલ બીજ આદિ તિથિઓનો ક્ષય હોય તો આરાધના કરનારાઓએ તે તે આરાધવા લાયક બીજ આદિનો ભોગવટો પોતાના પહેલાંની એકમઆદિ તિથિમાં થતો હોવાથી, એકમ આદિ તિથિને દિવસે બીજઆદિ પર્વતિથિનું આરાધનાકાર્ય કરાય માટે આરાધનાની અપેક્ષાએ, 'પર્વતિથિનો ક્ષય ન હોય' એમ કહેવું વ્યાજબી ગણી શકાય, અને તેથી જ આરાધનાની અપેક્ષાએ ભીંતીયા પંચાંગો છપાવનારાઓ, મૂલટીપણામાં પર્વતિથિનો ક્ષય હોય તો તેને સ્થાને પૂર્વની તિથિનો ક્ષય કરી (લખી) પર્વની તિથિઓને અખંડિત રાખે છે.

**પ્રશ્ન ૭૭૭**–જે તિથિમાં સૂર્યનો ઉદય થાય તે તિથિને પ્રમાણ કરવી એમ જે શાસ્ત્ર અને લોકોક્તિ બંનેથી સંમત છે તેનું એકમઆદિ તિથિએ સૂર્યોદય છતાં તેને બીજ આદિપણે માનવાથી પ્રમાણિકપણું કેમ રહેશે?

**સમાધાન**–"જે તિથિમાં સૂર્યોદય થાય તે તિથિ પ્રમાણ ગણવી." એ શાસ્ત્રવચન અને લોકોક્તિ તિથિના ન્યૂનાધિક ભોગવટા માટે તેમજ

પ્રથમ તિથિમાં તે પર્વની તિથિના પ્રવેશનું આરાધ્યપણું નહિ ગણવા માટે છે. અર્થાત્ બીજ આદિને દિવસે સૂર્યોદય પછી બીજ ઘડી, બે ઘડી હોય અને પછી અઠ્ઠાવન ઓગણસાઠ ઘડી ત્રીજ વિગેરે હોય છતાં બીજની તિથિ વિગેરેમાં સૂર્યોદય થયો માટે તે આખી તિથિ બીજ આદિ તરીકે ગણાય. વળી એકમ વિગેરેની તિથિએ એકમ વિગેરેની તિથિ માત્ર ઘડી, બે ઘડી હોય અને બીજ વિગેરે અઠ્ઠાવન ઓગણસાઠ ઘડી હોય તો પણ તેને એકમ તરીકે જ ગણાય, આટલા માટેજ જે તિથિમાં સૂર્યોદય થાય તેજ તિથિ વ્રત પચ્ચખ્ખાણ વિગેરેમાં પ્રમાણભૂત ગણાય, એમ જણાવેલ છે, પણ 'સૂર્યોદયવાળી તિથિજ પ્રમાણ ગણવી' આ નિયમ તિથિની હાનિ કે વૃદ્ધિને અંગે લાગુ પાડી શકાય જ નહિ, કારણ કે પર્વતિથિનો ક્ષયજ ત્યારે હોય કે જ્યારે તેમાં સૂર્યોદય હોય જ નહિ, માટે 'ક્ષયના સ્થાને સૂર્યોદયવાળી તિથિ લેવી', એમ કોઈપણ બુદ્ધિમાન્ કહી શકે નહિ. પર્વના (પર્વતિથિના) ક્ષય-પ્રસંગે તો માત્ર તે પર્વતિથિનો ભોગવટોજ લેવાય અને તેથીજ 'क्षये पूर्वा तिथिः कार्या' એમ કહેવાય છે. વળી પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે તો તે બંને તિથિઓમાં સૂર્યોદય હોય છે, અને બે સૂર્યોદયને ફરસનારીજ તિથિને વધેલી તિથિ ગણાય છે, તો તેવી વધેલી તિથિમાં સૂર્યોદયવાળી તિથિનો નિયમ રહી શકે નહિ, પણ જેમ દરેક તિથિઓમાં તિથિઓના ભોગવટાની ઘડીનો હિસાબ નહિ લેતાં સૂર્યોદયનો હિસાબ લઈ તત્ત્વથી પૂર્ણતાવાળી જ તિથિને આરાધ્ય ગણી તેવી રીતે વધેલી તિથિમાં પણ પૂર્ણતાવાળી તિથિ બીજીજ હોય માટે સૂર્યોદયના નિયમને ધ્યાનમાં રાખી બીજી તિથિજ વૃદ્ધિમાં આરાધ્ય ગણાય તે સ્વાભાવિક જ છે.

**પ્રશ્ન ૭૭૮**-લોકરીતિએ દીવાળી કરવી એવી કહેવતને અનુસરીને દીવાળી કરતાં લૌકિક દીવાળીને દિવસે અમાવાસ્યા અને સ્વાતિ નક્ષત્ર જે ભગવાન્ મહાવીર મહારાજના નિર્વાણકલ્યાણકની તિથિ તથા નક્ષત્ર છે તે બેમાંથી એક પણ ન આવે તેનું કેમ ?

**સમાધાન**-ત્રિલોકનાથ શ્રીતીર્થંકરભગવાનોની આરાધના માત્ર તે તે

અંગેજ છે, અને તે પ્રમાણે શ્રીપંચાશક વિગેરેમાં ચોકખો લેખ છે. કોઈ પણ ભગવાનનું કોઈપણ કલ્યાણક નક્ષત્રની અપેક્ષાએ આરાધવાનું હોતું જ નથી અને અમાવાસ્યા તિથિના નિયમને બાધ કરવા માટેજ 'लोकानुगैः' એમ કહીને આ શ્રીદીવાળીનું પર્વ લોક કરે તેમ કરવા જણાવેલું છે.

**પ્રશ્ન ૭૭૯**–ભગવાન્ શ્રીમહાવીરમહારાજે ગર્ભાવસ્થામાં જે અભિગ્રહ કર્યો ત્યારે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકયો હતો કે નહિ? એક વખત શ્રીસિદ્ધચક્રના અંકમાં 'તે વખતે અવધિજ્ઞાનનો ઉપયોગ નથી મૂકયો,' એમ પણ આવ્યું હતું, અને વળી એમ પણ આવ્યું છે કે 'તે ગર્ભાવસ્થામાં અવધિજ્ઞાનનો ઉપયોગ ભગવાને મૂકયો છે' તો આ બે ભિન્ન ભિન્ન લખાણમાં શું સત્ય સમજવું?

**સમાધાન**–શ્રમણ ભગવાન્ શ્રીમહાવીરમહારાજે ગર્ભાવસ્થામાં અભિગ્રહ કરતી વખતે પોતાની દીક્ષાનો વખત જાણવા માટે શ્રીનંદિવર્ધનની વિનંતિ વખતની માફક અવધિજ્ઞાનનો ઉપયોગ નથી મૂકયો, પણ માતાપિતાને પોતાના વિયોગમાં કેવું દુઃખ થાય, કઈ દશા થાય કઈ ગતિ થાય એ તમામ અવધિજ્ઞાનના ઉપયોગથી તેઓશ્રીએ જાણ્યું. એ શ્રી શીલાંકાચાર્ય વિરચિત શ્રીઆચારાંગની ટીકાના લેખથી સ્પષ્ટ છે વળી શ્રીઆવશ્યક વિગેરેની ટીકાના પાઠોથી માતાપિતાનો સ્નેહ અવધિજ્ઞાનથી જાણ્યો એમ સ્પષ્ટ છે, 'પરંતુ કોઈપણ સ્થાને ગર્ભાવસ્થાના અભિગ્રહની વખતે માતાપિતાના મરણ પછી બે વર્ષે દીક્ષા થવાની છે' એમ અવધિજ્ઞાનના ઉપયોગથી જાણીને પછી 'માતાપિતાના જીવતાં સુધી દીક્ષા નહિ લેવાનો અભિગ્રહ કર્યો છે' એમ લેખ છે જ નહિ અને સંભવિત પણ નથી, તેથી એ બન્ને પ્રકારની હકીકતોમાંથી એક પણ અયોગ્ય નથી.

**પ્રશ્ન ૭૮૦**–ઉપકાર કરવાનું ક્ષયોપશમથી ક્ષયથી કે ઉદયથી થાય?

**સમાધાન**–શિલ્પનિરૂપણ આદિ ઉપકારો પુણ્યના ઉદયથી થાય છે. આચાર્ય શ્રીહરિભદ્રસૂરિજી જણાવે છે કે –

**एवं विवाहधर्मादौ तथा शिल्पनिरूपणे ।
न दोषो ह्युत्तमं पुण्य-मित्थमेव विपच्यते ॥ १ ॥**

અર્થાત્ પુત્રોને રાજ્યો વહેંચી આપવાની માફક વિવાહક્રિયા વિગેરેમાં તથા શિલ્પ-શિલ્પકર્માદિ નિરૂપણમાં પણ દોષ નથી. પરંતુ પુણ્યનો ભોગવટો એની રીતે થાય છે.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે તે પરોપકાર પુણ્યના વિપાકરૂપ હોવાથી ઔદયિક છે, અને દાનાદિરૂપ પરોપકાર તો દાનાદિ અંતરાયના ક્ષય અને ક્ષયોપશમથી થતો હોવાથી ક્ષાયિક અને ક્ષાયોપશમિક કહેવાય એટલે એ પરોપકાર ભગવાન્ શ્રીતીર્થંકર જેવાને ઔદયિક પણ હોય અને દાનાદિ રૂપ પરોપકાર ક્ષાયિક અને ક્ષાયોપશમિક પણ હોય.

**પ્રશ્ન ૭૮૧**-દ્રવ્ય ઉપકાર કે ભાવ ઉપકાર અથવા તો ઔદયિક ઉપકાર, ક્ષાયિક કે ક્ષાયોપશિમક ઉપકાર અનાદિ હોય કે સાદિ હોય ? અનંત હોય કે સાંત હોય ?

**સમાધાન**-બન્ને પ્રકારના ઉપકારો આદિવાળા અને અંતવાળા હોય. પારિણામિક ભાવ જે જીવપણું વિગેરે છે તે સિવાય ઔદયિક કે બીજો ભાવ અનાદિ હોયજ નહિ, જો કે મતિ અજ્ઞાન વિગેરે ક્ષાયોપશમિકભાવ છતાં અનાદિ કહેવાય છે, પણ તે પ્રવાહની અપેક્ષાએ અનાદિ છે. અને એવી રીતે પરોપકારના કારણરૂપ ઉત્તમ પુણ્ય તો પ્રવાહથી પણ અનાદિ હોય નહિ તથા ક્ષાયોપશમિકભાવરૂપ ઉપકાર તો સાદિસાંતજ હોય. જો કે દાનાદિલબ્ધિઓ ક્ષાયિકભાવની પણ હોય છે અને ક્ષાયિકભાવ અનાદિનો ન હોય, પણ સાદિઅનંત ભાંગે હોય છે. પણ પૂજ્યપાદ્ શ્રીહરિભદ્રસૂરિ જેવા સમર્થ ટીકાકારો પણ દાનાદિના ક્ષાયિકભાવને ક્ષાયિકપણું છતાં સાદિઅનંત નહિ માનતાં સાદિસાંતજ માને છે અને તેના કારણમાં એમ જણાવાય છે કે દાનઆદિનો પ્રસંગ હોય તો ત્યાં ક્ષાયિકભાવ હોવાથી તે દાનાદિના અંતરાયો ન નડે અને તેથી

ત્યાં દાનાદિના ક્ષાયિકભાવ ગણાય, પણ જ્યાં દાનાદિની સિદ્ધિપણાને લીધે પ્રસંગજ નથી ત્યાં તે દાનાદિ સંબંધી ક્ષાયિકભાવ મનાય નહિ. અર્થાત્ પરોપકારના કારણરૂપ દાનાદિ ક્ષાયોપશમિક કે ક્ષાયિક એ એમાંથી કોઇ પણ ભાવ હોય તો પણ અનાદિઅનંત થઈ શકે નહિ. અને જ્યારે ખુદ દાનાદિ અનાદિઅનંત ભાંગે ન હોય તો પછી તેનાથી થનારો પરોપકારભાવ તો અનાદિ કે અનંત હોય જ કેમ? અર્થાત્ દાનાદિ સાદિસાંત હોવાથી પરોપકાર સાદિસાંતપણે જ હોય.

**પ્રશ્ન ૭૮૨**–ઉપર જણાવ્યા પ્રમાણે જ્યારે પરોપકારના કારણભૂત દાનાદિ સાદિસાંત હોઈને તેનાથી થનાર પરોપકાર સાદિસાંત જ ાય તો પછી ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજી શ્રીલલિતવિસ્તરાવૃત્તિમાં ભગવંત શ્રીજિનેશ્વરદેવોનાં વર્ણનમાં 'आकालमेते परार्थव्यसनिनः' વિગેરે જણાવી સર્વકાલ એટલે અનાદિઅનંતપણે શ્રીજિનેશ્વરભગવાનોને પરોપકાર વ્યસન હોવાનું જણાવે છે તેનું કેમ?

**સમાધાન**–આચાર્ય ભગવાન્ શ્રીહરિભદ્રસૂરીશ્વરજીએ જે 'आकाल' પદ વાપર્યું છે તે વ્યાજબીજ છે, પણ જેમ 'सर्वकाल, सदा, सर्वदा, नित्य' વિગેરે પદો સર્વકાલને કહેનારાં છતાં તેથી વિવક્ષિતજ સર્વકાલ લેવાય છે અને નિરવશેષાર્થ 'સર્વ' ન લેતાં માત્ર આદેશ 'સર્વ' કે સર્વધત્તા 'સર્વ'જ લેવાય છે, અને તેથી અહીં પણ વિવક્ષિત જ સર્વકાલ લેવાય પણ અનાદિઅનંતરૂપ સર્વકાલ લેવાય નહિ. જો એમ ન લઇએ તો 'परलोकहितायैव मध्यमः प्रवर्तते क्रियासु सदा' તત્ત્વાર્થસૂત્ર–ભાષ્યની આ કારિકામાં મધ્યમ પુરૂષની પરલોકહિતની પ્રવૃત્તિ પણ અનાદિઅનંત-કાલની માનવી પડશે અને જો ક્ષાયોપશમિકભાવ પણ અનાદિ માનીએ તો ક્ષાયિકભાવ પણ અનાદિ માનવામાં અડચણ નહિ આવે અને જો અનાદિનો ક્ષાયિકભાવ માનવામાં આવે તો અનાદિશુદ્ધ એક પરમેશ્વરને માનવામાં અડચણ નહિ રહે અને એમ માનનારો તો શ્રીજિનેશ્વરદેવના શાસનથી સર્વથા પતિતજ છે.

**પ્રશ્ન ૭૮૩**–શું ભગવાન્ શ્રીજિનેશ્વરમહારાજાઓ પણ અનાદિથી પરોપકાર પરાયણ સ્થિતિવાળા નથી અને તેઓશ્રી શું અમુક કાલથી પરોપકાર પ્રવૃત્તિવાળા થયા છે?

**સમાધાન**–પૂજ્યપાદ ભગવાન્ આચાર્ય શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા શ્રીઅષ્ટકજી નામના ગ્રન્થમાં જણાવે છે કે–

'वरबोधित आरभ्य परार्थोद्यत एव हि। અર્થાત્ ભગવાન્ જિનેશ્વરો બોધિલાભ થયો તે કરતાં વરબોધિલાભ એટલે શુદ્ધ સમ્યક્ત્વ કહો કે ભગવાન્ જિનેશ્વરપણાના કારણભૂત જિનનામ બાંધતી વખત જે દર્શનશુદ્ધિ કહી છે તેના જેવી શુદ્ધ દર્શનવાળી દશા કહો તેવી દશા આવે ત્યારથી તેઓ પરોપકારમાં ઉદ્યમવાળા હોય છે. આમ જો સામાન્ય બોધિલાભ કે વરબોધિલાભ પછી જ પરોપકારીપણું ન માનીએ અને અનાદિથીજ જો પરોપકારીપણું માનીએ તો તેજ લલિતવિસ્તરામાં તેજ સ્થાને 'न, त्वशुद्धमपि जात्यरत्न" ઇત્યાદિ જણાવીને ભગવાન્ જિનેશ્વરોની પણ, પહેલાં તો અશુદ્ધદશા હતી, એમ જે સૂચવે છે તે અસંભવિત જ થાય માટે જિનેશ્વરમહારાજાઓ તથાભવ્યત્વવાળા છતાં પણ પરોપકારના કાર્ય કરવા રૂપ શુદ્ધદશાને તો અનાદિથી ધારણ કરનારા નથી પણ વિશિષ્ટ બોધિલાભ પછીજ તે ધારણ કરનારા થાય છે. વળી તેજ લલિતવિસ્તરાના તેજ 'आकाल" વાળા પાઠમાં ભગવાન્ જિનેશ્વરોને 'देवगुरुबहुमानिन:' અર્થાત્ દેવગુરુના બહુમાનના કરનારા હોય એમ સ્પષ્ટપણે જણાવ્યું છે. તો શું ભગવાન્ જિનેશ્વરો અનાદિકાલથી સમ્યક્ત્વવાળા હતા એમ મનાશે ખરૂં? અને એમ માનનારાને નિર્યુક્તિકાર મહારાજ શ્રીભદ્રબાહુસ્વામિજીએ "जहमिच्छत्ततमाओ" વિગેરે જણાવી, નિર્ગમ વિગેરે દ્વાર માનનારા ગણાય ખરા? અર્થાત્ જેમ દેવગુરૂબહુમાનીપણું 'आकाल"ના પાઠમાં જણાવ્યું છે, પણ તે દેવગુરૂબહુમાનીપણું, સમ્યક્ત્વ આદિ વિશિષ્ટ દશા પછીજ થાય છે અને મનાય છે. તેવી રીતે પરોપકારીપણું અનાદિથી નહિ પણ વિશિષ્ટ સમ્યક્ત્વ કે વરબોધિની દશા પછી જ નિયમિત થઈ શકે અને માની શકાય

**પ્રશ્ન ૭૮૪**–ભગવાન્ જિનેશ્વરોને સમ્યક્ત્વ થાય એને વરબોધિજ કહેવાય અને અન્ય જીવોને સમ્યક્ત્વ થાય તે સામાન્ય રીતે સમ્યગ્દર્શન કહેવાય એમ ખરૂં ?

**સમાધાન**–આવશ્યક નિર્યુક્તિકાર મહારાજ વિગેરે તે–'सम्मत्त पढमलंभो बोद्धव्वो वद्धमाणस्स' વિગેરે પાઠોથી શ્રીમહાવીરમહારાજ તીર્થંકરને થયેલા સમ્યક્ત્વને પણ સમ્યક્ત્વજ કહે છે. શ્રી તીર્થંકર મહારાજાના સમ્યક્ત્વને વરબોધિજ કહેવાય. એમ કહેનારે આવશ્યક નિર્યુક્તિ ભાષ્ય, ટીકા કે ચરિત્રોમાંથી કોઈ તેવો પુરાવો રજૂ કરવો જોઈએ.

**પ્રશ્ન ૭૮૫**–ભગવાન્ જિનેશ્વરો અનાદિકાલથી પરોપકારીપણાવાળાજ હોય એમ માનવામાં તો, તેઓને ક્ષાયિકોપશમિક ભાવઆદિનું અનાદિપણું ન હોવાથી (અને એમ ક્ષાયિક ભાવનું અનાદિપણું માનવું એ જૈનશાસ્ત્રોની માન્યતાવાળાને ન શોભે પણ) સમ્યક્ત્વ પામ્યા પછી એકાંતે પરોપકાર કરવાવાળા માની તે ભગવાનના આદિ સમ્યક્ત્વને વરબોધિલાભ માનીએ તો શી હરકત ?

**સમાધાન**–ભગવાન્ મહાવીર મહારાજાદિ તીર્થંકરોના જીવો પણ નયસાર કે ધનસાર્થવાહઆદિના ભવોમાં જે સમ્યક્ત્વ પામ્યા છે તે સમ્યક્ત્વ છેલ્લા ભવ સુધી નિયમિત રહેજ એવો નિયમ નથી. ખુદ ભગવાન્ મહાવીર મહારાજનો જીવજ નયસારના ભવમાં સમ્યક્ત્વ પામ્યા પછી અનેક વખત સમ્યક્ત્વને વમનારો અને અસંખ્ય કાલ સુધી સ્થાવરપણામાં ભમેલો છે, માટે જે સમ્યક્ત્વ છેલ્લા ભવ સુધી ટકે અને જે સમ્યક્ત્વની હયાતિમાં શ્રીતીર્થંકર–નામકર્મ નિકાચિત કરવામાં આવે તેજ સમ્યક્ત્વને વરબોધિલાભ તરીકે કહી શકાય, સામાન્ય સમ્યક્ત્વના લાભમાત્રને વરબોધિલાભ માનીએ અને તે સામાન્ય સમ્યક્ત્વ થયા પછી સર્વદા પરોપકારીપણુંજ હોય એમ માનીએ તો ભગવાન્ મહાવીર મહારાજે મરીચિના ભવમાં કરેલ પરિવ્રાજકત્વ, કપિલ આગળ કરેલ

દુર્ભાષણ, વાસુદેવ ભવના પહેલાના ભવમાં સાધુપણામાં કરેલું ગાયનું ભ્રમણ, વળી તેજ ભવમાં સાધુપણામાં કરેલ નિયાણું વિગેરે હકીકત શું પરોપકારીતાવાળીજ છે એમ શું માની શકાશે? પ્રથમના સમ્યક્ત્વને વરબોધિલાભ માનનારે આ હકીકતનું સમાધાન કરવા લેશ પણ પ્રયત્ન કર્યો નહિ તે વ્યાજબી નહોતું.

**પ્રશ્ન ૭૮૬**–જિનેશ્વર ભગવાન્ પ્રથમ જે સમ્યક્ત્વ પામે તેજ સમ્યક્ત્વ તીર્થંકરપણાને લાવનાર હોવાથી તેને વરબોધિલાભ કેમ ન કહેવાય?

**સમાધાન**–જિનેશ્વર ભગવાનના જીવો પ્રથમ સમ્યક્ત્વના લાભથી સામાન્યતઃ પરોપકારી હોય છતાં વરબોધિલાભ પછી તો નિયમિત રીતે પરોપકારીપણાવાળાજ હોય છે એમ શ્રીહરિભદ્રસૂરિવર્ય–

'वरबोधित आरभ्य परार्थोद्यत एव हि'। એ વાક્યથી તીર્થંકરોના જીવો વરબોધિલાભ પછી તો નિયમિતજ પરોપકારવાળા હોય છે, એમ જણાવે છે. ભગવાન્ શ્રીજિનેશ્વરસૂરિજી પણ શ્રીઅષ્ટકજીની ટીકામાં આ પાદની ટીકા કરતાં વરબોધિ શબ્દનો અર્થ કરતાં શ્રીજિનેશ્વર ભગવાનોને અંગેજ 'वरबोधितः–विशिष्टसम्यग्दर्शनलाभात् आरभ्य–तत्प्रभृति परार्थोद्यत एव–परहितकरणोद्यमवानेव नान्यथाविधः' એમ કહી સામાન્ય સમ્યગ્દર્શન ન જણાવતાં વિશિષ્ટ સમ્યગ્દર્શનનેજ વરબોધિલાભ કહે છે અને વળી 'नान्यथाविधः' એમ કહી સ્પષ્ટ કરે છે કે સતત પરોપકારીતાજ વરબોધિ પછી હોય, અને વરબોધિ થયા પછી પરોપકાર સિવાયનો ન હોય, વળી તત્વાર્થસૂત્રમાં પણ તીર્થંકરોને અંગેજ 'सम्यग्दर्शनविशुद्धिः' એમ ભગવાન્ જિનેશ્વરોના સમ્યગ્દર્શન માત્રને વરબોધિ તરીકે કે શુદ્ધ સમ્યગ્દર્શન તરીકે જણાવતા નથી. વળી ભગવાન્ હરિભદ્રસૂરિજી લલિતવિસ્તરાવૃત્તિમાંજ 'स्वयंसंबुद्ध'ના અર્થમાં પ્રથમ 'સંબોધ' અને 'વરબોધિને' સ્પષ્ટ જુદા જણાવે છે, તેથી સામાન્ય સમ્યક્ત્વના લાભ કરતાં વરબોધિલાભ એ જુદી વસ્તુ છે, અર્થાત

તીર્થંકરપણાના ભવ સુધી જેનું અખંડપણું ચાલે એવા સમ્યક્ત્વનેજ વરબોધિ કહી શકાય.

વળી એજ ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજી શ્રીતત્વાર્થસૂત્રની ટીકામાં પણ સ્પષ્ટપણે એમ જણાવે છે કે વરબોધિ લાભ થયો ત્યારથી તીર્થંકરના ભવ સુધીના ઘણા ભવોમાં ભગવાન્ મહાવીર મહારાજે જીવોની દયા અને વ્રતધારીઓની અનુકંપા આદિથી શુભકર્મોજ લાગલાગટ આસેવન કરેલાં છે. તે પાઠ આ પ્રમાણે છે —

[ यः शुभकर्मासेवनभावितभावो भवेष्वनेकेषु । जज्ञे ज्ञातेक्ष्वाकुषु ( તત્ત્વાર્થસૂત્રભાષ્યકારિકા ) ॥

**[ यः किम्भूतः ? इत्याह–'शुभकर्मासेवनभावितभावः' शुभं कर्म्म–भूतव्रत्यनुकम्पादि वक्ष्यमाणं तस्यासेवनम्–अभ्यासः तेन भावितो–वासितः भावितः अन्तरात्मा यस्येति विग्रहः । कियन्तकालमित्याह–'भवेष्वनेकेषु' वरबोधिलाभादारभ्य जन्मस्वनेकेषु, अन्ते किमित्याह–जज्ञे–ज्ञातेक्ष्वाकुषु जज्ञे–जातवान्. ]**

ભાવાર્થ –તે ભગવાન્ મહાવીર મહારાજા. જીવો અને વ્રતધારીઓની અનુકંપા વિગેરે જે આ ગ્રંથમાંજ કહેવાશે એવાં શુભકર્મોનું આસેવન એટલે લાગલાગટ જે આચરણ તેનાથી વાસિત થયેલો એટલે તન્મયતાને પામેલો અંતરાત્મા છે જેનો એવા હતા, શંકા કરે છે કે-આવા શુભકર્મના આસેવનવાળા ભગવાન્ ક્યાં સુધી હોય? એના ઉત્તરમાં જણાવે છે કે-વરબોધિલાભથી આરંભીને ઘણા ભવોમાં તેઓ શુભકર્મ સેવવાવાળા હતા અને અંતે જ્ઞાતકુલમાં ભગવાન્ મહાવીરપણે જન્મ્યાં.

[ આ પાઠને વિચારતા સ્પષ્ટપણે સમજી શકે તેમ છે કે–લાગલાગટ શુભકર્મ આચરવાવાળા અને પરોપકારીપણાની નિયમિતતાવાળાજ સમ્યક્ત્વને વરબોધિલાભ કહી શકાય. પણ જિનેશ્વર મહારાજના જીવને સમ્યક્ત્વના લાભ માત્રને વરબોધિલાભ કહેવાય નહિ અને આ બધી હકીકત

સમજનારા, 'ભગવાન્ જિનેશ્વરો અનાદિથી પરોપકારીપણાવાળાજ હોય છે કે શ્રીજિનેશ્વરનું સમ્યક્ત્વ માત્ર વરબોધિ કહેવાય અને તે સમ્યક્ત્વ મળ્યા પછી તેઓ પરોપકારીપણાના વ્યસનવાળાજ હોય' એમ માની શકેજ નહિ, અને 'એમ માનવું શાસનશૈલીથી વિરૂદ્ધ છે,' એમ સમજી શકશે. ]

**પ્રશ્ન ૭૮૭**–ભગવાન્ જિનેશ્વર મહારાજા જેમ તીર્થંકરપણાને લાવનાર એવું સમ્યક્ત્વ વિગેરે પામનાર હોવાથી, તીર્થંકર નહિ થનાર બીજા જીવોના કરતાં વિશિષ્ટ ભવ્યત્વવાળા હોય છે, અને તેથી તેમની ભવ્યતા વિશિષ્ટભવ્યતા એટલે તથાભવ્યતા કહેવાય છે, અને તથાભવ્યત્વ જેમ અનાદિ છે, તેવી રીતે પરોપકારીપણાને પણ કારણરૂપે અનાદિ માનવામાં શી અડચણ છે?

**સમાધાન**–પ્રથમ તો ભગવાન્ મહાવીર મહારાજાએ નયસારના ભવમાં સમ્યક્ત્વ પામવા પહેલાં અટવીમાંથી ભૂલા પડી આવેલા સાધુ મહાત્માની ભક્તિથી જે પરોપકારીતા કરી હતી, તેને 'અંગે બધા ભગવાન્ જિનેશ્વરો અનાદિકાલથી પરોપકારવાળા હોય છે,' એમ મનાવવા કેટલાક તૈયાર હતા. અને તે નયસારની કાર્યરૂપ પરોપકારીતા વર્ણવવામાં ભગવાન્ જિનેશ્વરોની અતિશય આશાતના પોકારવા લાગ્યા હતા, તો હવે કારણરૂપે સર્વ તીર્થંકરોમાં અનાદિથી પરોપકારીતા છે એમ માની પણ લેવા તૈયાર થયા છે. તો પણ નયસારની કાર્યરૂપે રહેલી પરોપકારીતા માની તે અંશે ભગવાન્ મહાવીર મહારાજની અધિકતા માન્યા સિવાય તેઓનો છૂટકો નથી, અને તેણે તો ઘોર આશાતનાની વાતને તો ઘોરમાં જ પધરાવવી પડશે.

**પ્રશ્ન ૭૮૮**–કારણરૂપે ભગવંત તીર્થંકરોમાં પરોપકારીતા અનાદિથી છે, એમ માનવું એ શું શાસ્ત્રને અનુકૂલ છે?

**સમાધાન**–જે મનુષ્ય સ્થૂલદૃષ્ટિવાળા બનીને ઉઠાઉગીર બન્યા

હોય તેઓ યોગ્યતા તથા કારણનો વિભાગ ન કરી શકે તથા યોગ્યતા અને કારણને એક માની લે તે જુદી વાત છે, પણ વાસ્તવિક તત્ત્વને વાસ્તવિકપણે સમજનારો મનુષ્ય તો તે યોગ્યતા અને કારણનો વિભાગ સમજ્યા સિવાય રહેજ નહિ ભવ્યજીવોને મતિઆદિથી પદાર્થો જાણવાની યોગ્યતા તો જીવમાં ભવ્યત્વ હોવાથી અનાદિકાલથી છે. પણ કારણતા એટલે લબ્ધિ તો સમ્યક્ત્વ થાય ત્યારે જ. થાય અને જે વખતે મતિ-આદિથી પદાર્થને જાણે ત્યારે કાર્યરૂપ એટલે ઉપયોગરૂપ કહેવાય, તેવી રીતે જેઓને દાનાદિ અંતરાયનો ક્ષયઆદિ થશે તે બધા જીવો યોગ્યતા-વાળા તો છે, પણ કારણપણાવાળા તો ક્ષયોપશમાદિવાળા થાય ત્યારેજ કહેવાય. અર્થાત્ યોગ્યતા, કારણતા અને કાર્યતા એ ત્રણેયના વિભાગને તત્ત્વજ્ઞો તો સહેજે સમજી શકે તેમ છે, અને તેથી કારણરૂપે પણ અનાદિથી પરોપકારીતા છે એવું કહેવાય પણ નહિ. જીવ ભવ્યત્વ ને અભવ્યત્વ સિવા-યના ભાવને અનાદિ કહેનારો અનાદિપારિણામિકભાવને સમજતો નથી.

**પ્રશ્ન ૭૮૯**–કાર્યરૂપે કે કારણરૂપે પરોપકારીપણું સર્વતીર્થંકરોમાં અનાદિથી છે એમ ન માનીએ તો યોગ્યતારૂપે તો સર્વતીર્થંકરોમાં સરખી પરોપકારીતા છે એમ માનવામાં અડચણ નથી ને ?

**સમાધાન**–જેમ તીર્થંકરોમાં તીર્થંકરપણાને કરવાવાળી તથાભવ્યતા છતાં વહેલા તીર્થંકર થનાર તીર્થંકરોની તથાભવ્યતા અને મોડા તીર્થંકર થનારની તથાભવ્યતા જુદા પ્રકારની છે, તેમ ભગવાન્ વીરની તથાભવ્યતા કહો કે કારણતા કહો એ એવાંજ હતાં કે જેના પ્રભાવે નયસાર મિથ્યાત્વી-પણું પામ્યો છતાં પણ કાર્યરૂપે પરોપકાર કરવાવાળા અને તે બાબતનો ક્ષયોપશમ પહેલાં એટલે સમ્યક્ત્વ થવા પહેલા મેળવવાવાળા થયા એમ માનવુંજ પડશે.

( આ પ્રશ્નોત્તરોનો તાત્પર્યાર્થ )

(૧) ભગવાન્ તીર્થંકરોના જીવોને અનુકંપાગુણ સમ્યક્ત્વ સાથે થતો હોવાથી સામાન્ય સમ્યક્ત્વ પામે ત્યારથી અને અત્યંત તન્મયપણે વરબોધિલાભ પછી તો જરૂર પરોપકારપરાયણ થાય છે.

(૨) ઔદયિકભાવે કે ક્ષાયોપશમિકાદિભાવે પરોપકાર હોવાથી તે પરોપકારીપણું અનાદિથી છે એમ મનાય નહિ.

(૩) ભગવાન્ જિનેશ્વરોનું સમ્યક્ત્વ માત્ર વરબોધિ ન કહેવાય પણ વિશિષ્ટ સમ્યક્ત્વજ વરબોધિલાભ કહેવાય.

(૪) વરબોધિનો લાભ થયા પછી ભગવાન્ જિનેશ્વરો પરોપકાર કરવામાં લીન જ હોય છે.

(૫) તીર્થંકરના ભવથી પહેલાના ભવો જે નિરંતર શુભકર્મની સેવાવાળા ભવો હોય તેમાં વરબોધિનો લાભ કહેવાય.

(૬) કારણરૂપે પરોપકાર પણ ક્ષયોપશમાદિકરૂપ છે માટે તે અનાદિ છે એમ કહેવાય નહિ

(૭) યોગ્યતારૂપે પરોપકાર અનાદિ માનવા છતાં તે પણ યોગ્યતા વિચિત્ર હોવાથી શ્રીનયસારની પરોપકારની તથાભવ્યતા કે યોગ્યતા મિથ્યાત્વદશામાં પણ ફલવાળી થઈ તે વિશિષ્ટતા માનવામાં કોઈની નિંદા નથી. પણ ભગવાન્ જિનેશ્વર શ્રીમહાવીર મહારાજાની સ્તુતિ છે.

**પ્રશ્ન ૭૯૦**–આવશ્યકની મલયગિરિજીની વૃત્તિમાં ૪૫૦ મી તથા ૪૫૭મી ગાથાની ટીકામાં અનુક્રમે 'सोमिलस्य ब्राह्मणस्य देवानन्दायाः पत्न्याः कुक्षौ समुत्पन्नः' એમ તથા 'कोडालसगोत्रो ब्राह्मणः सोमिलाभिधानोऽस्ति तस्य गृहे उत्पन्नः देवानन्दायाः कुक्षाविति' આવા સ્પષ્ટ પાઠોથી દેવાનંદા સોમિલ બ્રાહ્મણની પત્ની હતી એમ જણાવે છે તે કેમ ?

**સમાધાન**–તેજ ગાથાઓની ટીકામાં ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજી તેનું નામ સ્પષ્ટપણે ઋષભદત્ત જણાવે છે' માટે ઋષભદત્તનું બીજું નામ સોમિલ હતું એમ માનવું યોગ્ય છે અને ખુદ મલયગિરિ મહારાજ પણ આગલ જ દેવાનન્દાના ભર્તાર તરીકે ઋષભદત્તને જણાવે છે માટે તે ઋષભદત્તનું બીજું નામ સોમિલ હોય તેમાં નવાઈ નહિ.

**પ્રશ્ન ૭૯૧**–જૈન શાસ્ત્રોમાં સર્વસ્થાને અને લૌકિકમાં કૌટિલેયઆદિ અર્થશાસ્ત્રોમાં જ્યારે સંવત્સરનો અંત આષાઢ શુક્લ પૂર્ણિમાની

સાંજે છે, એમ કહે છે તો પછી સંવત્સરને અંતે કરાય તે સાંવત્સરિક પ્રતિક્રમણ કહેવાય એવા શાસ્ત્રોમાં સ્થાને સ્થાને જણાવાયેલ વાક્યોને અનુસરીને આષાઢ શુક્લ પૂર્ણિમાએ સંવચ્છરી પ્રતિક્રમણ કેમ નથી થતું ?

**સમાધાન**-સૂર્યાદિ જ્યોતિષ્કોના ચારને હિસાબે યુગને અંતે આષાઢ શુક્લ પૂર્ણિમાએ જ પાંચે વર્ષો બરાબર થવાથી તેમજ કર્મ સંવત્સરનો અંત આષાઢ શુક્લ પૂર્ણિમાએ આવતો હોવાથી જ્યોતિષના હિસાબે બે પ્રકારના વર્ષોનો અંત આષાઢ પૂર્ણિમાએ ગણાય છે. પણ શાસનમાં ક્લેશ, કષાયોને વોસરાવવા અને તેને માટે જે સંવચ્છરી પડિક્કમણું કરવું તેને અંગે સંવત્સરની પૂર્ણતા ભાદ્રપદના પ્રથમ પર્વમાંજ રાખેલી છે. અર્થાત્ જ્યોતિષના વર્ષની સમાપ્તિ કે શરૂઆતની સાથે સંવચ્છરીનો સંબંધ નથી, અને આ પ્રમાણેજ દૈવસિક, રાત્રિક, પાક્ષિક કે ચાતુર્માસિક પ્રતિક્રમણોનો પણ સંબંધ જ્યોતિષ્ક દિન પક્ષ સાથે નથી.

**પ્રશ્ન ૭૯૨**-દરેક શાસ્ત્રોમાં શ્રાવકોના વર્ણનમાં 'चाउद्दसट्ठमुद्दिट्ठ-पुण्णमासिणीसु' એવો પાઠ આવે છે તો આ અનુક્રમ પૂર્વાનુપૂર્વી કે પશ્ચાનુપૂર્વીના ક્રમથી ભિન્ન હોવાનું કારણ શું ?

**સમાધાન**-આ અનુક્રમના ભેદનું કારણ વ્યાખ્યાકારોએ સ્પષ્ટ કર્યું નથી, છતાં આ જણાવાયેલી માસિક તિથિઓમાં આઠમ, અમાવાસ્યા (કલ્યાણક તિથિ) કે પૂર્ણિમા કરતાં ચતુર્દશીનું અધિકપણું-અભ્યર્હિતપણું હોવું જોઇએ, કેમકે એમ ન હોત તો અલ્પસ્વરવાળા અષ્ટમી અને ઉદ્દિષ્ટા શબ્દથી ચતુર્દશીને પહેલાં મુકત નહિ, અને ક્રમની અપેક્ષાએ આઠમને પહેલાં ન લેતાં ચૌદશને પહેલાં લેત નહિ, અને એ ઉપરથી એમ માની શકાય કે આઠમ આદિ તિથિઓ કરતાં ચૌદશની અધિક માન્યતા હોવી જ જોઇએ અને હંમેશા પાક્ષિક તો ચતુર્દશીનું હોવાથી, એવો ચતુર્દશીના પ્રાધાન્યને જણાવનાર ચતુર્દશીથી શરૂ થયેલો પાઠ હોય તે સ્વાભાવિકજ છે.

**પ્રશ્ન ૭૯૩**-ભગવાન્ શ્રીનેમિનાથજી શ્રીગિરનારજી ઉપર દીક્ષિત થયા. કેવલજ્ઞાન પામ્યા અને મોક્ષ પામ્યા છે તો પછી શ્રીસિદ્ધાચલજી ઉપર શ્રીનેમિનાથજી સિવાય તેવીશ તીર્થંકર મહારાજ આવ્યા છે. એમ કેમ કહેવાય છે? કેમકે શ્રીગિરનાર શ્રીસિદ્ધાચલજીની પાંચમી ટુંક છે, એમ શ્રીશત્રુંજયમાહાત્મ્યમાં સ્પષ્ટપણે જણાવેલ છે.

**સમાધાન**-મૂલટુંકમાં શ્રીનેમિનાથજી ભગવાનનું આવવું થયું નથી તેથી શ્રીનેમિનાથજી સિવાયના તેવીશ ભગવાનો શ્રીસિદ્ધાચલજી આવ્યા એમ કહેવાય છે.

**પ્રશ્ન ૭૯૪**-અષ્ટમંગલની અંદર મત્સ્યનું યુગ્મ કેમ લેવાય છે? શું મત્સ્ય જાતિ ઉત્તમ છે?

**સમાધાન**-બત્રીશ લક્ષણમાં જેમ મત્સ્યનો આકાર ઉત્તમ ગણાય છે. તેવી રીતે સ્વસ્તિકાદિની સ્થાપનાની માફક મત્સ્યની સ્થાપના ઉત્તમ ગણાય છે. કેટલીક આકૃતિઓજ, પદાર્થ ઉત્તમ ન હોય તો પણ ઉત્તમ હોય છે. ધ્યાનમાં રાખવું કે ઝાડ અને પર્વતના આકારોની હાથ આદિમાં રેખાઓ ઉત્તમ છે અને યવની રેખા પણ ઉત્તમ છે. માટે મત્સ્યના આકારની ઉત્તમતા ગણવામાં અડચણ નથી.

**પ્રશ્ન ૭૯૫**-ભગવાન્ જિનેશ્વર મહારાજા વિગેરે જ્યારે માતાની કુક્ષિમાં આવે છે ત્યારે તેમની માતાઓ ચૌદ વિગેરે સ્વપ્નો દેખે છે તેવી રીતે જે જીવ ભાવિતાત્મા અનગાર થવાનો હોય તેની માતા, તે જીવ ગર્ભે આવે ત્યારે કોઈ સ્વપ્ન દેખે ખરી? અને કદાચ દેખે તો તેનું પ્રમાણ શું?

**સમાધાન**-શ્રીજિનેશ્વર મહારાજ વિગેરે ગર્ભમાં આવે ત્યારે તેઓની માતા જેમ ચૌદ વિગેરે સ્વપ્નો દેખે છે તેમ ભાવિતાત્મા અનગારનો જીવ ગર્ભે આવે ત્યારે તેમની માતા જે ગજવૃષભાદિ ચૌદ સ્વપ્નોમાંથી કે ત્રીશ મહાસ્વપ્નોમાંથી કોઈપણ એક સ્વપ્ન દેખે એ સંભવિત છે અને તેથીજ ધારણીદેવીએ દેખેલા સિંહસ્વપ્નના ફલ તરીકે માંડલિક રાજાપણું

જણાવવાની માફક ભાવિતાત્મા અનગારપણું ફલ કરીકે સ્વપ્નપાઠકોએ જણાવેલ છે (જ્ઞાતા ૨૧ પત્રે) એવીજ રીતે ભગવતીજીના ૧૧મા શતકમાં ૧૧મા ઉદ્દેશે મહાબલજીની માતાએ દેખેલ સિંહસ્વપ્નના ફલ તરીકે પણ ભાવિતાત્મા અનગારપણું જણાવેલું છે. (જુઓ ભગવતીજી ૫૩૧ પત્રે).

**પ્રશ્ન ૭૯૬**–કેટલાકો રમણની દોરીએ ચઢેલા જે એમ કહે છે કે–ભગવાન્ તીર્થંકર મહારાજા સિવાયના ભવિષ્યમાં શુદ્ધચારિત્રવાળા કે વિદ્વાન્ થનારા હોય તો તેઓના જન્મમાં કંઈ વિશિષ્ટતા નથી તો એ શું સાચું છે?

**સમાધાન**–શ્રીભગવતીસૂત્ર અને જ્ઞાતાસૂત્રના સિંહસ્વપ્નના અધિકારને જાણનારો તથા આવશ્યકાદિમાં કહેલ ગણધર આચાર્યાદિના નામકર્મને માનનારો મનુષ્ય તો અણઘડ રમણની વાત મંજુર કરી શકેજ નહિ. સાર્વત્રિક વિશિષ્ટતાનો નિયમ ન માનીએ તો પણ વિશિષ્ટતા ન જ હોય એમ કહેનાર જરાક જડતાની જંજીરમાં જકડાયેલ હોવાથી સુજ્ઞને માનવા લાયક થાયજ નહિ.

**પ્રશ્ન ૭૯૭**–કર્મવેદનના કાલ કેટલા પ્રકારના થાય છે અને તે શા કારણથી થાય છે?

**સમાધાન**–ત્રણ પ્રકારે છે. તેમાં જે નિરૂપક્રમ કર્મ હોય અને બાંધ્યા પ્રમાણેજ વેદવું પડે તેનો જયેષ્ઠ વેદનકાલ તથા જે કર્મ તપ તથા ચારિત્ર-દ્વારાએ ઉપક્રમથી વેદાય તે મધ્યમ વેદનકાલ ગણાય, પણ જે કર્મ ક્ષપકશ્રેણિદ્વારાએ કે અયોગીપણામાં થતી નિર્જરાદ્વારાએ ખપાવાય તે જઘન્ય વેદનકાલ ગણાય.

**પ્રશ્ન ૭૯૮**–શ્રીગુણસ્થાનક્રમારોહઆદિને અનુસારે પ્રથમ ત્રણ સંઘયણવાળો ઉપશમશ્રેણિ માંડે એમ જણાવાયું છે અને જો ઉપશમ-શ્રેણિમાં કાલ કરે તો જરૂર અનુત્તરવિમાનમાંજ જાય એ નિયમ છે. તો બીજા ત્રીજા સંઘયણવાળો જીવ અનુત્તરમાં જાય?

**સમાધાન**-અનુત્તરમાં જનારા જીવ પ્રથમ સંઘયણવાળાજ હોય માટે બીજા ત્રીજા સંઘયણવાળા જીવો ઉપશમશ્રેણિ માંડે તોપણ તેઓ શ્રેણિમાં કાલ ન કરે એમ માનવુંજ ઉચિત છે.

**પ્રશ્ન ૭૯૯**-કેટલાકો સ્વયંભૂરમણની વેદિકાથી સંખ્યાત યોજન સુધી પણ 'લોક' કહે છે એ શું વ્યાજબી છે અને હોય તો તે શા હિસાબે વ્યાજબી ગણાય ?

**સમાધાન**-સ્વયંભૂરમણની પૂર્વાપરવેદિકાનું અંતર એક રાજ પ્રમાણ છે, પણ ક્ષુલ્લક પ્રતરો ધર્મા પૃથ્વીના સંખ્યાત યોજન પછી હોવાથી સ્વયંભૂરમણની વેદિકા કેટલાક યોજન અધિક સુધી તીર્યંગ્લોક પ્રમાણ હોય તે અસંભવિત નથી. પૂર્વાપરવેદિકા જેટલો લોક કહેવાય છે તે અલ્પની અપેક્ષાથી સમજી શકાય. રત્નપ્રભાથી સામાન્ય રીતે પણ બાર યોજન દૂરજ અલોક છે.

**પ્રશ્ન ૮૦૦**-સૌધર્માદિ ઈન્દ્રો શ્રીજિનેશ્વરમહારાજનો જન્મ કયા કયા કારણથી જાણી શકે છે ?

**સમાધાન**-આસનનો પ્રકંપ, સતત ઘંટાનાદ અને અવધિજ્ઞાન એ ત્રણ કારણોથી સૌધર્માદિના ઈન્દ્રો શ્રીજિનેશ્વરદેવના જન્મને જાણે છે, એમ શ્રીપ્રવ્રજ્યાવિધાનની વૃત્તિમાં શ્રીપ્રદ્યુમ્નસૂરિ જણાવે છે.

**પ્રશ્ન ૮૦૧**-શ્રીઅજિતનાથજી વિગેરે તેવીશ ભગવંતો ગૃહસ્થાવસ્થામાં સંસ્કાર કરેલો આહાર કરતા હતા. પણ ભગવાન્ શ્રીઋષભદેવજી તો ગૃહસ્થપણામાં દેવકુરૂના ફલ ખાતા હતા તો તેઓ પાણી કયુ પીતા હતા?

**સમાધાન**-ભગવાન્ શ્રીઋષભદેવજી ગૃહસ્થાવસ્થામાં ક્ષીરોદધિસમુદ્રનું પાણી પીતા હતા એમ શ્રીપ્રદ્યુમ્નસૂરિજી જણાવે છે.

**પ્રશ્ન ૮૦૨**-લલિતાંગદેવની સ્વયંપ્રભાદેવી જે પહેલાં હતી તેજ નિર્નામિકા થઈને ફેર સ્વયંપ્રભા થઈ છે કે બીજી થઈ છે ?

**સમાધાન**–પહેલાંની સ્વયંપ્રભા હતી તેજ નિર્નામિકા અને તેજ ફેર સ્વયંપ્રભા થયેલી જણાય છે.

**પ્રશ્ન ૮૦૩**–શ્રેયાંસકુમારે જાતિસ્મરણ મેળવ્યું તેથી પોતાના ભવોને જાણે પણ ભગવાનના ભવો શી રીતે જાણે ?

**સમાધાન**–શ્રીપ્રદ્યુમ્નસૂરિજી શ્રીશ્રેયાંસકુમારને જાતિસ્મરણની સાથે અવધિજ્ઞાન પણ જણાવે છે, માટે ભગવાનના ભવો જાણવામાં પણ અડચણ નથી.

**પ્રશ્ન ૮૦૪**–પ્રતિક્રમણ અધ્યયન ઔદયિકભાવમાંથી ક્ષાયોપશમિકભાવમાં આવવાને અંગે છે તો તેમાં 'ઇચ્છામિ પડિક્કમિઉં' અને 'ઇરિયાવહિયા' વિગેરે સૂત્રો તો વ્યાજબી છે પણ 'કરેમિ ભંતે!' એ સામાયિકસૂત્ર અને 'ચત્તારિમંગલં' વિગેરે સૂત્રો શા માટે બોલાય છે ?

**સમાધાન**–પ્રતિક્રમણ અધ્યયનને પ્રસંગે સામાયિકસૂત્ર બોલીને જે સામાયિકનું સ્વરૂપ રાગ અને દ્વેષને અંગે સમભાવ રૂપ છે તે ન કર્યું હોય અથવા રાગદ્વેષ કર્યાં હોય તેના તથા સામાયિકને મોક્ષનું કારણ ન માન્યું હોય કે અસમભાવ જે રાગદ્વેષની પરિણતિ તેને સામાયિક રૂપ માની હોય તે બાબત સામાયિકસૂત્રથી પડિક્કમણું કરવાનું છે. તેવી રીતે અરિહંતભગવાન્આદિ ચારમાં મંગલપણાની બુદ્ધિ ન રહી હોય અથવા અમંગલપણાની બુદ્ધિ થઈ હોય તેનું પડિક્કમણું કરવા માટે તે સૂત્રો પ્રતિક્રમણ અધ્યયનમાં રાખેલાં છે. જુઓ આવ૦ પત્ર ૫૭૩.

**પ્રશ્ન ૮૦૫**–શ્રાવકને હિંસાદિને અંગે કથંચિત્ દ્વિવિધ ત્રિવિધ એટલે મન, વચન અને કાયાએ કરવું કરાવવું નહિ. એવા પચ્ચખ્ખાણ હોય પણ મિથ્યાત્વની અપેક્ષાએ કેવાં પચ્ચખ્ખાણ હોય અને તે કેવી રીતે ?

**સમાધાન**–શ્રમણોપાસકને અગીયારમી પ્રતિમા વેળા અપ્રાપ્ય વસ્તુને અંગે અણુવ્રતાદિમાં કદી તિવિહં તિવિહેણં એવા પચ્ચખ્ખાણ હોય, બાકી તો અણુવ્રતાદિમાં દુવિહં તિવિહેણં એવાંજ એટલે મન, વચન અને

કાયાથી કરે નહિ અને કરાવે નહિ એવાં પચ્ચખ્ખાણ હોય, પણ મિથ્યાત્વની અપેક્ષાએ તો મન, વચન અને કાયાથી કરવું નહિ, કરાવવું નહિ અને અનુમોદવું નહિ એમ ત્રિવિધ ત્રિવિધ પચ્ચખ્ખાણ હોય છે તે આ પ્રમાણે–

૧ મનથી 'બૌદ્ધ આદિ ધર્મ સારો છે' એમ માને નહિ.

૨ વચનથી 'સારો છે' એમ કહે નહિ.

૩ કાયાથી વગર પ્રયોજને તેઓનો સંબંધ કે સંસર્ગ કરે નહિ.

૪ મનથી 'અમુક બૌદ્ધાદિ ધર્મમાં જાઉં' એમ વિચારે નહિ.

૫ વચનથી 'તું બૌદ્ધાદિ ધર્મમાં જા' એમ કહે નહિ.

૬ કાયાથી બૌદ્ધાદિને અર્પણ કરે નહિ.

૭ કોઈ બૌદ્ધાદિ ધર્મમાં જતો હોય તો તેને મનથી અનુમોદે નહિ અને મૌન ન રહે.

૮ વચનથી 'સારૂં કરવા માંડ્યું કે કર્યું'' એમ ન કહે.

૯ કાયાથી એ બૌદ્ધાદિધર્મમાં જતા તરફ તિરસ્કારદર્શક નખછોટિકાદિ આપે. આ પ્રમાણે શ્રાવકે મિથ્યાત્વથી ત્રિવિધ ત્રિવિધ વિરતિ કરાય.

**પ્રશ્ન ૮૦૬**–શૂલઆદિના રોગોના નાશનો અને સંસારના દુઃખોના નાશનો વિચાર થાય તે અનિષ્ટના વિયોગરૂપ અને વેદનાના વિયોગરૂપ આર્ત્તધ્યાન કેમ ન કહેવાય?

**સમાધાન**–રાગાદિને આધીન થઈ દવા વિગેરે થાય તો જરૂર આર્ત્તધ્યાન ગણાય પણ જ્ઞાનાદિની વૃદ્ધિઆદિ માટે દવા કરે તો અલ્પ-સાવદ્ય કે અસાવદ્ય હોવાથી ધર્મધ્યાન ગણાય અને તપઃસંયમ તો ખુદ ધર્મધ્યાન સ્વરૂપ જ છે. જુઓ ધ્યાનશતક ગાથા ૧૧–૧૨.

**પ્રશ્ન ૮૦૭**–બાવીશ તીર્થંકરના શાસનમાં છેદોપસ્થાપનીયચારિત્ર નહોતું પણ ફક્ત સામાયિકચારિત્ર સાધુઓને હતું તો પછી તેઓમાં ચાર મહાવ્રતોનો ઉચ્ચાર ક્યારે થતો હશે?

**સમાધાન**–પહેલા અને છેલ્લા તીર્થંકરમહારાજના શાસનમાં છેદોપસ્થાપનીય નામનું ચારિત્ર હોવાથી દીક્ષા વખતે માત્ર સામાયિકચારિત્ર

અપાય અને પછી ષડ્જીવનિકાય અધ્યયનના પઠન અને યોગ થવાથી નિરતિચાર ચારિત્ર હોય છતાં તે પર્યાય છેદીને મહાવ્રતોનો આરોપ થાય છે. પણ બાવીશ ભગવાનના શાસનમાં છેદોપસ્થાપનીયચારિત્ર ન હોવાથી સામાયિકચારિત્રની સાથેજ ચાર મહાવ્રતો સ્થાપન કરતા હતા. ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજી તે માટેજ આવ૦ ૫૬૩માં જણાવે છે કે–

'मध्यमाः सामायिकसंयममुपदिशन्ति, यदैव सामायिकमुच्चार्यते तदैव व्रतेषु स्थाप्यते' અર્થાત્ બાવીશ તીર્થંકરના સાધુઓ સામાયિકચારિત્રનો ઉપદેશ આપે છે જ્યારે સામાયિકચારિત્ર ઉચ્ચરાવાય ત્યારેજ વ્રતોમાં સ્થાપન કરાવાય છે. આજ કારણથી પુંડરીકજી રાજઋદ્ધિનો ત્યાગ કરી કંડરીકનો સાધુપણાનો વેષ લઈ પ્રાણાતિપાતાદિ ન કરવાની પ્રતિજ્ઞા કરે છે, આ વાત જ્ઞાતાધર્મકથાસૂત્રમાં કહેલી છે.

**પ્રશ્ન ૮૦૮**–દિવસને અંતે કરાય તે દૈવસિક અને રાત્રિને અંતે કરાય તે રાત્રિક પ્રતિક્રમણ કહેવાય છે અને શાસ્ત્રકારો પણ 'अन्तो अहो निसस्स य' એમ આવશ્યકનો અર્થ દેખાડતાં જણાવે છે તો પછી પક્ષને છેડે કરાય તે પાક્ષિક, ચાતુર્માસને છેડે કરાય તે ચાતુર્માસિક અને વર્ષને અંતે કરાય તે વાર્ષિક એટલે સાંવત્સરિક એમ વ્યુત્પત્તિથી પક્ષને અંતે પુનમે પાક્ષિક, ચોમાસાને અંતે ચઉમાસી, વર્ષને અંતે વાર્ષિક એટલે પુનમેજ પખ્ખી, ચઉમાસી અને સંવચ્છરી થવાં જોઇએ ને ?

**સમાધાન**–આચાર્ય મહારાજ શ્રીહરિભદ્રસૂરિજી આવ૦ ૫૬૩માં દૈવસિક અને રાત્રિકને માટે 'दिवसनिर्वृत्तं' અને 'रजनिनिर्वृत्तं' એમ કહી દિવસ અને રાત્રિને વ્યવહારથી લેવાના સૂચવી પાક્ષિકાદિની વ્યુત્પત્તિમાં 'पक्षातिचारनिवृत्तं' એમ સાક્ષાત્ કહી ચઉમાસી અને સંવચ્છરીમાં તેની ભલામણ 'एवं चातुर्मासिकं' 'सांवत्सरिकं' એવા પદોથી કરે છે તેથી તે પખ્ખી, ચઉમાસી અને સંવચ્છરી વ્યાવહારિક પક્ષ, ચઉમાસ અને વર્ષના અંત ઉપર ધોરણ નહિ રાખતાં, પક્ષ આદિના અતિચારો ઉપર ધોરણ રાખે છે એમ જણાવે છે તેથી જેમ સંવચ્છરી વ્યાવહારિક વર્ષને અંતે

નથી તેમ પક્ખી અને ચઉમાસી પણ વ્યાવહારિક પક્ષ અને ચઉમાસને અંતે નથી અને તેથી ઘર શોધવાનું દૃષ્ટાન્ત આપે છે. લોકોમાં ઘરનું શોધવું સાંજ સવાર થાય છે. બાકી શોધન પક્ષ, ચઉમાસી અને સંવચ્છરીને અંતે હોય તેમાં કાંઈ પુનમનો નિયમ હોતો નથી. માટે રાઈ અને દેવસિ વ્યવહારથી લેવાં પણ પાક્ષિકઆદિ માટે તે વ્યાવહારિકનો નિયમ નહિ. એ વાત જણાવવા માટે 'पक्षातिचारनिर्वृत्तं' એમ કહેવું અને ચઉમાસી તથા સંવચ્છરીમાં તેની ભલામણ કરવી તે ગેરવ્યાજબી નથી.

**પ્રશ્ન ૮૦૯**–બાવીશ તીર્થંકરોના સાધુઓને જે રાઈ અને દેવસિ પડિક્કમણાં હતાં તે તેઓ રાત્રિ અને દિવસને અંતે કરતા હતા કે હરકોઈ વખતે કરતા હતા?

**સમાધાન**–બાવીશ તીર્થંકર મહારાજાના સાધુઓને દૈવસિકઆદિ પાંચ પ્રકારના પ્રતિક્રમણમાં ફક્ત રાઈ અને દેવસિ પડિક્કમણાં હોય છે એટલે રાતે કે દિવસે તેઓ પડિક્કમણું કરે, અર્થાત્ રાત્રિને અંતે તે રાત્રિક અને દિવસને અંતે તે દૈવસિક એ વ્યુત્પત્તિ પ્રતિક્રમણકલ્પ તેઓને નિયત ન હોવાથી લાગુ પડતા નથી. તે મધ્યમ જિનના સાધુઓને તો જ્યારે પહેલા પહોર વિગેરેમાં દોષ લાગે ત્યારે તેજ પહેલા પહોર વિગેરેમાં તે પડિક્કમણું કરી લે, તેટલા માટે ભગવાન્ શ્રીભદ્રબાહુસ્વામીજી અને શ્રીહરિભદ્રસૂરિજી કહે છે કે–

'जो जाहे आवन्नो सो ताहे पडिक्कमइ.'

**ટીકા**—**यः साधुरितियोगः यदा-यस्मिन् काले पूर्वाह्णाद् आपन्नः प्राप्तः स तदैव तस्य स्थानस्य प्रतिक्रामति.**

**પ્રશ્ન ૮૧૦**–વર્તમાનમાં જેમ સવાર સાંજ વગેરે નિયમિત કાલે પડિક્કમણું કરવાનું હોવાથી ગુરૂમહારાજની સમક્ષ અને ગુરૂમહારાજની હાજરી ન હોય તો સ્થાપનાચાર્ય સમક્ષ એકલા પડિક્કમણું થાય છે તેમ બાવીશ ભગવાનના શાસનના મુનિઓને પડિક્કમણું જ્યારે દોષ લાગે

ત્યારે જ કરવાનું હોવાથી ગુરૂસમક્ષ પડિક્કમણું હોય કે એકલા હોય ?

**સમાધાન**–બાવીશ ભગવાનના સાધુઓને જ્યારે પહેલા પહોર વિગેરેમાં દોષ લાગે ત્યારે જ પડિક્કમણું કરવાનું હોવાથી તેઓ ગુરૂમહારાજની સાક્ષીથી પણ કરે અને એકલા પણ કરે એટલા માટે શ્રીહરિભદ્રસૂરિજી આવશ્યકવૃત્તિમાં જણાવે છે કે–

'एकाक्येव गुरुसमक्षं वा प्रतिक्रामति मध्यमानाम्' ।

એકલો અથવા ગુરૂમહારાજની સમક્ષ મધ્યમ તીર્થંકરમહારાજના સાધુઓને પ્રતિક્રમણ હોય છે.

**પ્રશ્ન ૮૧૧**–ચાર પ્રકારના રૌદ્રધ્યાનોમાં હિંસા, જુઠ અને ચોરીના વિચારો રૌદ્રધ્યાન કહેવાય તે તો સહેજે સમજાય તેમ છે પણ સંરક્ષણના વિચારોને રૌદ્રધ્યાન કેમ કહેવાય ? અને સંરક્ષણના વિચારને રૌદ્રધ્યાન ગણતાં ધનનું રક્ષણ પણ રૌદ્રધ્યાન કહેવાય ખરૂં ? અને જો તે રૌદ્રધ્યાન કહેવાય તો દેવદ્રવ્યનું રક્ષણ કરવું તે રૌદ્રધ્યાન કહેવાય ખરૂં ?

**સમાધાન**–રક્ષણ કરનાર અન્યસર્વને અંગે હરણની શંકાવાળો અને કલ્પનાથી હરનારને મારવાના વિચારવાળો જરૂર હોય તેથી બધી વસ્તુ અને ધન, એ સર્વનું સંરક્ષણ એ રૌદ્રધ્યાન ગણાય. ચૈત્યદ્રવ્યનું રક્ષણ વિષયના સાધનની બુદ્ધિએ નથી માટે તે રૌદ્રધ્યાન નથી એજ વાત 'श्रावकस्य चैत्यद्रव्यसंरक्षणे न रौद्रध्यानं' એમ શ્રીહરિભદ્રસૂરિજી જણાવે છે.

**પ્રશ્ન ૮૧૨**-બેઇન્દ્રિયઆદિમાં ઉત્પન્ન થતી વખતે જે જીવોને સાસ્વાદનસમ્યક્ત્વ હોય છે તે પહેલાના ભવમાં ઔપશમિકસમ્યક્ત્વવાળા હોય છે. તેવી રીતે ક્ષાયોપશમિકસમ્યક્ત્વવાળા મરણ પામતાં જો બેઇંદ્રિયઆદિમાં જાય તો તેને કોઈ સમ્યક્ત્વ હોય કે નહિ ? અને ન હોય તો ન હોવાનું કારણ શું ?

**સમાધાન**–ઔપશમિકસમ્યક્ત્વવાળાનું મિથ્યાત્વ રસ અને પ્રદેશ એ બન્ને પ્રકારે શમી ગયેલું છે તેથી ઔપશમિકવાળાને અનંતાનુબંધીનો ઉદય

થયા છતાં મિથ્યાત્વનો ઉદય થતાં વાર લાગે છે ને એના ઉદયના આંતરામાં જે વખત હોય તેમાં સાસ્વાદનસમ્યક્ત્વ હોય અને તે બેઇંદ્રિય-આદિમાં ઉત્પન્ન થતી વખત હોઈ શકે પણ ક્ષાયોપશમિકસમ્યક્ત્વવાળાને તો મિશ્ર ભાવે પુદ્ગલો વેદાતાં હોવાથી અનંતાનુબંધીના ઉદયની સાથેજ મિથ્યાત્વનો ઉદય થઈ જાય છે માટે ક્ષાયોપશમિકવાળાને સાસ્વાદનસમ્યક્ત્વ ન હોય. શ્રી કોટ્યાચાર્યજી કહે છે–

'अस्मादेव भ्रश्यन्तो द्वीन्द्रियादिषूत्पद्यन्ते, नान्यस्मात् अन्यतो झटिति मिथ्यात्वप्राप्त्या षडावलिकाकालाभावात्' આ એકદમ ક્ષાયોપશમિકવાળાને મિથ્યાત્વજ થાય છે એ વાત બેઇંદ્રિયાદિ અને તેના ઔપશમિકના પડવાને આશ્રયી છે છતાં કેટલાકો બીજે પણ તે વાત લગાડીને માને છે કે મરીને નરકમાં જનારો જીવ ક્ષાયિક કે ઔપશમિકવાળો હોય તોજ સમ્યક્ત્વ સાથે લઈ જાય પણ ક્ષાયોપશમિકવાળો સાથે લઈ જાય નહિ. અને તેથી તેઓ નારકીમાં જે સમ્યક્ત્વ સાથે પાંચ નરકો સુધી જવાનું થાય છે તે વિશેષે ઔપશમિક સમ્યક્ત્વની અપેક્ષાએ માને છે કે ક્ષાયિકવાળો તો ત્રણ નરક સુધીજ જવાનો હોય છે.

**પ્રશ્ન ૮૧૩–** ક્ષાયોપશમિક અને વેદક બન્ને સમ્યક્ત્વ જ્યારે સમ્યક્ત્વમોહનીયને વિપાકથી વેદવાવાળાં છે તો પછી જૂદાં કેમ ગણ્યાં ?

**સમાધાન**–બન્નેમાં સમ્યક્ત્વમોહનીયનું વેદન તો વિપાકથી છે પણ ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં અનુદાહક અને ઉપશાંત એવું મિથ્યાત્વ અને મિશ્રમોહનીય છે પણ વેદકમાં તો મિથ્યાત્વ અને મિશ્ર મોહનીય તેવાં હોતાં નથી, માટે ઉપશમ અને ક્ષયના ભિન્નપણાની માફક ક્ષાયોપશમિક અને વેદકનું ભિન્નપણું માનવું વ્યાજબીજ છે.

**પ્રશ્ન ૮૧૪**–ક્ષાયોપશમિક અને વેદકસમ્યક્ત્વમાં શોધેલા પણ મિથ્યાત્વના પુદ્ગલો વેદાય છે અને તેને લીધેજ તે ક્ષાયોપશમિક અને વેદક કહેવાય છે તો પછી ઔદયિક કેમ ન કહેવું ?

**સમાધાન**–શોધેલા મિથ્યાત્વપુદ્ગલોનો ઉદય હોવાથીજ ક્ષાયોપશમિક ગણાય અને તેથી તે **ઔદયિક** ન ગણાય અને તેથી મિશ્રપણ ઔદયિકમાં ન ગણ્યું.

**પ્રશ્ન ૮૧૫**–ગણધરમહારાજા અંગપ્રવિષ્ટની રચના કયા અનુક્રમે કરે ?

**સમાધાન**–ગણધરમહારાજા દીક્ષા લીધા પછી ત્રિલોકનાથતીર્થંકર મહારાજને એક પ્રદક્ષિણા કરી ખમાસમણથી પાદપતિત થઈ 'किं तत्तं ?' એ પ્રશ્ન કરે અને ત્રિલોકનાથ૦ ઉત્તર આપે કે 'उपन्नेइ वा', પછી બીજી પ્રદક્ષિણા કરી પાદપતિત થઈ બીજી વખત 'किं तत्तं ?' એમ પૂછે ત્યારે ભગવાન્ 'विगमेइ वा' એમ કહે, અને ત્રીજી વખત પ્રદક્ષિણા કરી પાદપતિત થઈ 'किं तत्तं ?' એમ પૂછે ત્યારે પ્રભુ 'धुवेइ वा' એમ કહે. આવી રીતે થયેલા ત્રણ પ્રશ્નોત્તરોને નિષદ્યા કહેવાય છે અને તે ત્રણ નિષદ્યાથી તે ગણધર મહારાજાઓને ગણધર નામકર્મનો ઉદય થાય અને ઉત્કૃષ્ટ એવાં મતિ અને શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય, પછી પ્રથમ ગણધરમહારાજાઓ ચૌદ પૂર્વોની રચના કરે અને સર્વરચનામાં પહેલી રચના પૂર્વોની થાય છે માટેજ તેને 'પૂર્વો' એવું નામ અપાયું છે. તે પૂર્વગત શ્રુતોને અધ્યયન કરવાની અનુકૂલતા પડે માટે જેમ વ્યાકરણશાસ્ત્રોમાં પ્રથમ સંજ્ઞા વગેરે પ્રકરણો કરવાં પડે છે તેમ પરિકર્મ અને સૂત્રોની રચના કરવી પડે છે, પછી પૂર્વોની વ્યાખ્યાશૈલી આદિને માટે વર્તમાનસૂત્રોની વ્યાખ્યા માટે જેમ અનુયોગદ્વાર ગણાય છે તેવી રીતે પૂર્વાનુયોગની રચના ગણાય, અને જેમ દશવૈકાલિક આચારાંગ યાવત્ પંચપરમેષ્ઠિનમસ્કાર આદિ સૂત્રોમાં ચૂલિકાઓ હોય છે, તેવી રીતે પૂર્વગતના અંતમાં તે તે પૂર્વોને અંગે જે ચૂલિકાઓની જરૂર હોય તે રચાય જો કે ચૂલિકાવસ્તુ દરેક પૂર્વની જૂદી જૂદી છે અને તે તે પૂર્વની સાથેજ તે તે પૂર્વની ચૂલિકા છે, પણ જેમ આચારાંગ અઢારહજાર પદપ્રમાણુ માન્યું તેમાં માત્ર પ્રથમ શ્રુતસ્કંધનુંજ

માન લીધું, તેવી રીતે પૂર્વોનું માન વિગેરે ચૂલિકાવસ્તુ સિવાય લીધેલું હોઈને ચૂલિકા નામનો દૃષ્ટિવાદનો પાંચમો ભેદ ગણાય છે. આ ઉપરથી શ્રુતજ્ઞાનના વીશ ભેદોનું વર્ણન કરતાં પરિકર્મ અને પરિકર્મસમાસ અને ચૂલિકા, ચૂલિકાસમાસ એવા ભેદો કેમ ન ગણ્યા ? એવી શંકાને સ્થાન નહિ રહે, કેમકે તે બધા પૂર્વગતને અંગે રહેલા છે અને વસ્તુ પ્રાભૃત વગેરે પૂર્વ અને પૂર્વના પેટા ભેદો તો વીશ ભેદમાં ગણેલાજ છે, અર્થાત્ બારમું આખું અંગ જે દૃષ્ટિવાદ તે બધું ચૌદ પૂર્વને અવલંબીને રહેલું છે અને તેથી એક, નવ, દશ કે ચૌદ પૂર્વધરની હકીકત શાસ્ત્રોમાં આવે છે પણ પરિકર્મધર, સૂત્રધર, પૂર્વાનુયોગધર કે ચૂલિકાધર વિગેરે હકીકત આવતી નથી. આવી રીતે દૃષ્ટિવાદની રચના થયા પછી સ્ત્રીઓ અને અલ્પબુદ્ધિ-વાળાઓ માટે આચારાંગ આદિ અંગોની રચના કરાઈ છે. આ વસ્તુ બારીક દૃષ્ટિથી વિચારાશે તો માલૂમ પડશે કે અંગોમાં જે જે વિશેષવૃતાન્તો ઉદાહરણ તરીકેનાં છે, તેમાં ગણધરપદવી પછીનાં પણ ઉદાહરણો બનવા પછી ગણધરોજ ગોઠવે છે એટલે તીર્થસ્થાપના વખતે રચાયેલ અંગોમાં આ દૃષ્ટાન્તો હતાં એમ માનવાની ફરજ પડે તેમ નથી.

**પ્રશ્ન ૮૧૬**–શ્રીકૃષ્ણ મહારાજાએ દીક્ષા લેવા તૈયાર થયેલાને ન રોકવો એવું મનથી ધારેલું કે અભિગ્રહ કરેલો? અને કયા પ્રસંગને લઈને અભિગ્રહ લીધેલો ? અને એવો અભિગ્રહ કર્યો પછી તે અવિરત કેમ ગણાય ?

**સમાધાન**–બાલબ્રહ્મચારી ત્રિલોકનાથ શ્રીનેમિનાથજી મહારાજના મુખારવિંદથી, મહારાજા ભરતચક્રવર્તીએ જે પોતાને આધીન એવા કુટુંબની અને બાહુબલિજી જેવા સામા પડેલા કુટુંબની દીક્ષાની અનુમોદના અને અનુમતિ આપેલી હતી તે વાત સાંભળીને, શ્રીકૃષ્ણમહારાજાએ પણ અભિગ્રહ કર્યો હતો કે 'કોઈપણ મારો વહાલો કે શત્રુ હશે પણ જો દીક્ષા લેવા તૈયાર થશે તો હું તેનો નિષેધ નહિ કરૂં અને અનુમોદના કરીશ તથા અનુમતિજ આપીશ.' વાંચનારને સહેજે પોતાના દુનિયાદારીના અનુભવથી એમ લાગશે કે વહાલાની અનુમોદના કે અનુમતિનો નિષેધ ન

કરવા આદિનો અભિગ્રહ ઠીક ગણાય. પણ શત્રુની દીક્ષાને અંગે અનુમતિ હોય નહિ અને જરૂર પણ ન હોય તો તેનાં અભિગ્રહની જરૂર શી? પણ આ વિચાર કરવા પહેલાં વ્યાવહારિક લોકવૃત્તિ કરતાં પણ રાજવૃત્તિ જૂદી ચીજ છે ગામ અને દેશો લૂંટયાં હોય અનેક વિશ્વાસઘાતનાં કાર્યો કર્યાં હોય, અનેક વહાલામાં વહાલા ગણેલા કુટુંબીઓ કે અન્ય મનુષ્યોને માર્યા હોય, તો પણ તેના વિરોધને વોસિરાવવો વૈરવાળાની વૃત્તિને દાબી દેવી, કરેલા નુકસાનને ખમી ખાવું, આબરૂ અને આજ્ઞા ખંડનના ઘાને પણ ન થયો ગણવો, એટલું નહિ પણ તેવા મનુષ્યના આ દીક્ષાના કાર્યને અનુમોદવું અને અનુમતિ આપવી એ ઘણી જ મુશ્કેલ લાગે. બાહુબલજીની દીક્ષા વખતે ભરત મહારાજના ઉદ્‌ગારો ખરેખર તે દશાને સૂચવે છે. માટે મિત્ર કરતાં પણ રાજવીઓને શત્રુઓની દીક્ષાની અનુમોદના અને અનુમતિ બહુ મુશ્કેલીવાળી છે. વળી અભિગ્રહ કરવાથી અવિરતિ ઓળંગાતી નથી. ગુરૂ અને દેવના વૈયાવૃત્યનો તો સમ્યગ્દૃષ્ટિને નિયમ હોયજ. ખુદ કૃષ્ણમહારાજે ચોમાસામાં ધર્મ કાર્ય સિવાય બહાર નહિ નીકળવાનો નિયમ લીધો અને પાલ્યો છે છતાં તે અવિરતપણું છે. એ હિસાબે તેઓએ અણુવ્રત નહિ ઉચ્ચરેલાં હોવાથી એવા અભિગ્રહો છતાં અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણઠાણેજ ગણાય છે. એક વાત એ પણ આ સ્થાને વિચારવાની છે કે શાસ્ત્રકારો અનુમતિની જરૂર માત્ર સોલ વર્ષની વય સુધીજ ગણે છે, તો મિત્ર કે શત્રુપણાનો સંબંધ તો તેથી અધિક ઉમ્મરવાળાને અંગેજ હોય તો તેમાં પ્રતિબંધ કે અનુમતિને સ્થાનજ ક્યાં છે? પણ માતાપિતાને અંગે અનુમતિની જરૂર સોલ વર્ષ સુધીની છતાં રાજાનું સ્વામીપણું તેના રાજ્યની હદમાં રહે છે, અને તેની હદમાં તેની મરજી વિરૂદ્ધ કરવામાં અદત્ત ગણવામાં આવે છે, અને એજ કારણથી શ્રાવકના ત્રીજા વ્રતના અતિચારોમાં ચોરપ્રયોગ વિગેરે અતિચારો કહ્યા છતાં વિરૂદ્ધ રાજ્યાતિક્રમણને અતિચાર ગણ્યો એ અપેક્ષાએ શ્રીઆર્યરક્ષિતસૂરિજીની દીક્ષા રાજાના ભયથી અન્યત્ર જઇને કરવામાં આવી તેથી પણ શિષ્યનિષ્ફેટિકાના દોષવાળી ગણાઈ છે.

**પ્રશ્ન ૮૧૭**–પર્યુષણાકલ્પસૂત્ર શ્રીભદ્રબાહુસ્વામી શ્રુતકેવલિકૃત છે એમ કહેવાય છે અને મનાય છે. પણ જો તે શ્રીપર્યુષણાકલ્પસૂત્ર શ્રીભદ્રબાહુશ્રુતકેવલીજીએ કરેલ હોય તો તે શ્રીકલ્પસૂત્રમાં શ્રીમાન્ શ્રીદેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ સુધીની પટ્ટપરંપરા કેમ અર્થાત્ શ્રીદેવર્દ્ધિગણિક્ષમાશ્રમણની પછી આ કલ્પસૂત્ર રચાયું એમ માનવુ શું વ્યાજબી નથી?

**સમાધાન**–શ્રીપર્યુષણાકલ્પસૂત્રની રચના તો શ્રીગણધરમહારાજાઓએ ચૌદ પૂર્વની રચના કરી ત્યારે નવમા પૂર્વમાં શ્રીપર્યુષણાકલ્પ તરીકે કરી અને ભગવાન્ શ્રીભદ્રબાહુસ્વામીજીએ જ્યારે શ્રીદશાશ્રુતસ્કંધનો ઉદ્ધાર કર્યો ત્યારે તે પર્યુષણાકલ્પને દશાશ્રુતસ્કંધના આઠમા અધ્યયનપણે ઉદ્ધર્યું એટલે શ્રીપર્યુષણાકલ્પમાં જે જિનચરિત્ર અને સામાચારીની રચના તે તો શ્રીગણધર અને શ્રીભદ્રબાહુસ્વામી સુધી અને યાવત્ શ્રીદેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ સુધી પણ સરખીજ છે, પણ બીજી વાચના જે સ્થવિરાવલીની વાચનાની છે. તેમાં ગણધર સુધી ગણધરોની, ભદ્રબાહુજી સુધી ભદ્રબાહુજી સુધીના સ્થવિરોની અને પુસ્તકારોહણ કરતી વખતે શ્રીદેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ સુધી સ્થવિરાવલી લેવામાં આવી છે, તેથી શ્રીકલ્પસૂત્ર મૂલથી શ્રીગણધરોનું રચેલું શ્રીભદ્રબાહુશ્રુતકેવલીનું ઉદ્ધરેલું અને શ્રીદેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજીનું લખેલું છે એમ માનવામાં અનંતાર્થપણું વિગેરે બધું ઘટાડી શકાય છે. સહેજે સમજી શકાય તેવી હકીકત છે કે સાધુઓને સર્વકાલે ચોમાસાનું અવસ્થાન કરવું યોગ્યજ હતું અને તે કરતી વખતે શ્રીજિનેશ્વરોનું વૃત્તાંત, પૂર્વપુરુષોનું વૃત્તાંત અને ચોમાસાની સામાચારીનું શ્રવણ વ્યાજબીજ છે તો પછી સર્વકાલે કલ્પની કર્ષણીયતા અને માન્યતામાં શ્રદ્ધાસંપન્નોને આંચકો આવે તેમ નથી એટલે બુદ્ધિમાનોમાં ખપાવવાને નામે શ્રદ્ધારહિત કરાવવા ઈચ્છનારાઓથી સાવચેત રહેવું એજ આવશ્યક છે.

**પ્રશ્ન ૮૧૮**–આચારાંગઆદિ સૂત્રોની જે નોંધ શ્રીસમવાયાંગજી, નંદીસૂત્ર વિગેરેમાં જણાવેલી છે તેમાં અનંતા ગમા, અનંતા પર્યાયો,

અનંતા ભાવો આદિ જે જણાવ્યું છે તે અનંતા ગમા વિગેરે આખા-સૂત્રના મળીને ગણવા કે એકેક સૂત્રના ગણવા ?

**સમાધાન**–'अनन्तगमपर्याय', सर्वमेव जिनागमे। यतः सूत्रम्' આવી રીતે શ્રીહરિભદ્રસૂરિજી મહારાજે ચોખ્ખા શબ્દથી સ્પષ્ટ કરેલું છે કે આખા અંગના મળીને અનંતા ગમા વિગેરે નહિ. પણ દરેક અંગના દરેક સૂત્રના અનંતા ગમા વિગેરે સમજવું અને આજ વાત આચારાંગ-સૂત્રની ટીકામાં 'आउसंतेण' પદની તથા ક્રોધાદિપદાર્થોની વ્યાખ્યા કરતાં સ્પષ્ટ કરેલી છે. તત્ત્વ એ કે આખા અંગના અનંતા ગમા વિગેરે નહિ. પણ અંગના દરેક સૂત્રના અનંતા ગમા લેવા.

**પ્રશ્ન ૮૧૯**–सव्वनईणं जा हुज्ज वालुआ सव्वोदहीण जं उदयं।
इत्तो अणंतगुणिओ अत्थो इक्कस्स सुत्तस्स ॥१॥ એ ગાથાથી તેમજ
'मुखे जिह्वासहस्रं स्याद् हृदये केवलं यदि।
तथापि कल्पमाहात्म्यं वक्तुं शक्यं न मानवैः ॥१॥ એ શ્લોકથી સૂત્રના જે અનંતા અર્થો કહેવાય છે તે શી રીતે ઘટાવવા ?

**સમાધાન**–જગતમાં જે મનુષ્ય જેટલા જ્ઞાનને ધરાવતો હોય તેટલા જ્ઞાનના વિચારપૂર્વક એક પણ વાકય બોલે છે એ વાત લક્ષ્યમાં લઈ લેવી પછી વિચારવું કે સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનનું અનંતપણું છે કે નહિ ? તેમજ શ્રુતકેવલી ભગવાન્ જેઓ કેવલજ્ઞાનીની માફક પ્રજ્ઞાપનીય બધા પદાર્થો જાણે છે, તેઓ બંને અનંતજ્ઞાનવાળા છે કે નહિ ? અને જો તેઓ અનંતજ્ઞાનવાળા છે તો પછી તેઓનાં દરેક વાકયો તે અનંતજ્ઞાનના વિચાર શોધન પૂર્વકજ ઉચ્ચરાયલાં છે, માટે તેના અનંતા અર્થો કહેવામાં અડચણ શી ? વળી બીજી વાત ધ્યાનમાં રાખવાની છે કે જયાં દશ કેરીઓ પડી છે અને તે જાણી છે, ત્યાં 'કેરીઓ છે' એમ બોલનાર દશની અપેક્ષાએજ 'કેરી' શબ્દ બોલે છે, માટે તે 'કેરી' શબ્દ દશ કેરી પદાર્થને જણાવનારો, એવી રીતે લાખ કેરીઓ દેખીને કેરી શબ્દ

બોલનારો મનુષ્ય લાખને ઉદ્દેશીને 'કરી' શબ્દ કહે છે, એવી રીતે અનંતા જીવોમાં રહેલા ક્રોધાદિકને જાણીને ક્રોધાદિક એક શબ્દ બોલનારો અનંત અર્થને કહેનારો થાય અને આખી જિંદગીએ કરીને પણ સંખ્યાતીજ વખત કેવલી પણ બોલે, માટે અનંતાનું કથન અશક્ય ગણાય.

**પ્રશ્ન ૮૨૦**–દિગંબરો એમ જણાવે છે કે શ્વેતાંબરોના શ્રાવકોને તો આગમને હાથ લગાવવાનો પણ હક્ક નથી એટલે શ્વેતાંબરશ્રાવકો તો આગમની સમીક્ષામાં સમજેજ શું? તેમાં શું તત્વ છે?

**સમાધાન**–પ્રથમ તો વેશ્યા સતી સન્નારીને ઓલંભો દે એવો આ દિગંબરનો પ્રસંગ છે. કારણ કે પ્રથમ તો બિચારા દિગંબરો શ્રીજિનેશ્વરભગવાનના વચનોનોજ સર્વથા વિચ્છેદ માને છે અને વર્તમાનમાં જે શાસ્ત્રો તેઓમાં છે તે બધી આચાર્યોનીજ કૃતિ છે એમ માને છે, એટલે બિચારા દિગંબરોને આગમ જેવી ચીજજ સર્વથા વિચ્છેદ છે, તેથી ખરી રીતે તેઓને આગમની સમીક્ષાના વિચારનેજ અવકાશ નથી. વળી શ્વેતાંબર સમાજમાં શ્રાવકોને પણ છજીવનિકાય સુધીનું સૂત્ર અર્થ ઉભયથી અને પિંડૈષણાનું અર્થથી સ્વયં અધ્યયન કરે છે, એટલું જ નહિ પણ આગમ સાંભળવાની અને સમજવાની તો શ્વેતાંબર સમાજના શ્રાવકોને પૂરતી છૂટ છે, અને તેની તપાસ કરવા દરેક મોટા સ્થાનોમાં સારા સાધુઓની સભામાં પધારીને દિગંબર ભાઇઓએ પોતાની ડીંગ મારવાની ટેવ છોડવી.

**પ્રશ્ન ૮૨૧**–શ્રીસૂયગડાંગસૂત્રના વૈતાલીયઅધ્યયનમાં પ્રવ્રજ્યા માટે તૈયાર થયેલા કે પ્રવ્રજિત થયેલાને તેનાં સગાઓ રૂદન આદિથી ભમાવવા માટે પ્રયત્ન કરે છે એમ જે હકીકત છાપામાં રજુ થયેલી છે તેનું તત્ત્વ શું?

**સમાધાન**–શ્રીસૂર્યગડાંગસૂત્રના વૈતાલીયઅધ્યયનાદિના લેખોથી એટલું જણાવવાનું તત્ત્વ છે કે–'રજા સિવાયની પાકી ઉમ્મરે પણ દીક્ષા નજ થતી હોય તો આ પ્રમાણે પ્રવ્રજ્યા લેના અને પ્રવ્રજિત થયેલાને

એકદમ જોવાનું, કુટુંબને રોવાનું અને ઓલંભા વિગેરે દેવાનું હોત છે એટલા પૂરતું એ લેખોનું તત્ત્વ છે.

**પ્રશ્ન ૮૨૨**-શ્રીસમવાયાંગસૂત્રના નામે દીક્ષા લેવા તૈયાર થયેલાને કે દીક્ષિત થયેલાને બલાત્કારે શ્રમણધર્મથી ચ્યુત કરે તો મહામોહનીય બાંધે એટલો સામાન્ય લેખ છે. તો પછી એમ કહેવાય છે કે શ્રીગણધરમહારાજઆદિ જેવા શાસનનાયકોની હિંસા-હત્યા કરવા જેવું મહામોહનીય કર્મ બલાત્કારે દીક્ષાને તોડાવવાથી બંધાય છે?

**સમાધાન**-શ્રીસમવાયાંગસૂત્રમાં મહામોહનીયકર્મ બાંધવાના ત્રીશ સ્થાનકો બતાવ્યાં છે. તેમાં જેવી રીતે દીક્ષા લેવાને તૈયાર થયેલા કે દીક્ષિત થયેલાને બલાત્કારે સાધુ ધર્મથી ચ્યુત કરવામાં મહામોહનીયકર્મનો બંધ કહ્યો છે, તેવીજ રીતે ગણધરાદિક પુરૂષોની હિંસા-હત્યા કરવાથી પણ મહામોહનીયકર્મનો બંધ કહેલો છે એટલે મહામોહનીય રૂપી સરખા ફલની અપેક્ષાએ તે કારણને સરખાં ગણ્યાં છે, અને તેથી પ્રવ્રજ્યાનું તોડવું અને ગણધરાદિનું હણવું એ સરખાં ગણ્યાં છે, આ બાબત ત્રીશ મોહનીય સ્થાનકવાળો આખો સમવાયાંગજીનો અધિકાર વાંચવા અને સમજવાથી ખુલાસો થઈ શકે તેમ છે.

**પ્રશ્ન ૮૨૩**-સગાઈ સ્નેહના સંબંધને લીધે મોહનીયના જોરે કોઈ મનુષ્ય કોઈ મનુષ્યને દીક્ષા લેતાં રોકે તો તેને મહામોહનીયકર્મનો બંધ થાય કે નહિ?

**સમાધાન**-જો કે સમવાયાંગજીમાં મહામોહનીયનાં કારણો જણાવતાં તો દીક્ષા થાય કે થયેલી હોય તેનો બલાત્કારથી ભંગ કરવામાં મહામોહનીયનો બંધ થાય, એમ માત્ર જણાવે છે, એટલે સગાસંબંધી પોતાના સંબંધને લીધે દીક્ષા તોડાવે તો મહામોહનીય નજ બંધાય કે બંધાયજ એવું એકાંત શ્રીસમવાયાંગસૂત્રના અક્ષરોના આધારે કહી કહી શકાય નહિ. પણ મોક્ષમાર્ગની કિંમત કરતાં સંસાર માર્ગની

કિંમત વધારે આંકે તોજ એ સગાસંબંધી પણ દીક્ષાથી વિરૂદ્ધ થઈ શકે, અને તેનું પરિણામ શું આવે એ સમજવું મુશ્કેલ નથી. આજ કારણથી જમાલિ વિગેરેની માતા વિગેરેને અંગે વગર ઇચ્છાએ પણ દીક્ષાની અનુમતિ આપી છે. ધ્યાન રાખવું કે લેણદારને દાવો કરવો પડે તે દેણદારની નાલાસી છે તેવી રીતે નાસીભાગીને દીક્ષા લેવી પડે તે સગાઓની ધર્મ ભાવનાનીજ ખામી છે.

**પ્રશ્ન ૮૨૪**-પોતે પહેલા વાસુદેવ થવાના હતા, ચક્રવર્તી થવાના હતા અને છેલ્લા તીર્થંકર થવાના હતા, એ વાત ભગવાન્ શ્રીઋષભદેવજી દ્વારા જાણીને હર્ષ આવ્યો, તેમાં અભિમાન કેમ ગણ્યું? અને નીચગોત્રનો બંધ કેમ ગણ્યો ?

**સમાધાન**-પ્રશ્નકારે પ્રથમ તો એ સમજવું જરૂરી છે કે પોતાને ઉત્તમ જાતિ, કુલ કે બલઆદિ પ્રાપ્ત થયા સિવાય તો અભિમાન થતું નથી અને નીચગોત્ર બંધાવાનું બનતું નથી પણ પોતાને પ્રાપ્ત થયેલ ઉત્તમજાતિ આદિને અંગે બીજાઓને તેવી જાતિઆદિ ન હોવાને લીધે અધમ જાહેર કરવા કે એ ઉત્તમ જાતિઆદિવાળા નથી એમ જાહેર કરવા તેજ અભિમાન કહેવાય અને એવું અભિમાન મરીચિએ કર્યું છે માટે નીચગોત્રનો બંધ થાય તેમાં નવાઈ શી?

**પ્રશ્ન ૮૨૫**-ત્રેસઠ શલાકાપણાને અંગે કુલની ઉત્તમતા જણાવવી એ શું અભિમાન કહેવાય? અને તેનાથી નીચગોત્ર બંધાય?

**સમાધાન**-ભગવાન્ અરિહંતાદિકની પોતાના કુલમાં ઉત્પત્તિ થઈ હોય તેથી પણ જેઓ પોતાના કુલને ઉત્તમ ગણાવી બીજાને હલકા ગણાવવા માગે તો તેમ કરવા માગનાર પણ જરૂર અભિમાનવાળા ગણાય અને તેને નીચગોત્રનો બંધ થાય.

**પ્રશ્ન ૮૨૬**-મરીચિએ જયારે શ્રીતીર્થંકરાદિને અંગે પોતાના કુલની ઉત્તમતા જણાવી ત્યારે અભિમાન કર્યું ગણાયું. અને નીચગોત્ર બંધાયું

તો પછી ત્રિશલાજીએ ભગવાન્ ગર્ભમાં સ્થિર રહીને પછી ચાલ્યા ત્યારે પોતાને ત્રિભુવનમાન્યપણું અને ભાગ્યશાલીપણું જણાવ્યું છે તે અભિમાન કેમ ન ગણાય ?

**સમાધાન**–ત્રિશલાજીએ ત્રિભુવન માન્યપણું આદિ કહ્યું છે કે પોતાના કુલની ઉત્તમતા કે બીજાના કુલની અધમતા માટે નથી. પણ ગર્ભના સ્થિરપણાની વખતે થયેલા શોકના બદલા તરીકે છે, અર્થાત્ તે માત્ર પોતાને ઈષ્ટ–વિયોગ થયો નથી, પણ ઇષ્ટ સંબંધ ચાલુજ છે એમ જણાવવા પૂરતુંજ છે.

**પ્રશ્ન ૮૨૭**–મરીચિને પણ શ્રીત્રિશલાજી માફક ઈષ્ટ સંબંધ જણાવવાનુંજ થયું છે પણ અભિમાન નથી થયું એમ કેમ ન ગણવું ?

**સમાધાન**–પ્રથમ તો અધ્યવસાયને જાણનાર એવા સર્વજ્ઞ ભગવાનોએ મરીચિના પરિણામ અભિમાનના અને શ્રીત્રિશલાજીના પરિણામ અભિમાન વગરના દેખ્યા છે. વળી મરીચિ શ્રીભરતમહારાજના મુખે પોતાનું ચક્રવર્તીપણું આદિ સાંભળીને ખુણામાં હતા ત્યાંથી સભા વચ્ચે આવીને ત્રિપદી સ્ફોટ કરી અભિમાન કર્યું છે. એ વાત સમજાય તો અભિમાન અને હર્ષ એ બંને જુદા સ્પષ્ટપણે સમજાશે.

**પ્રશ્ન ૮૨૮**–પહેલા અને છેલ્લા જિનેશ્વરોના શાસનમાંજ છેદોપસ્થાપનનીય ચારિત્ર હોય કે બીજા તીર્થંકરોના શાસનમાં પણ છેદોપસ્થાપનીયચારિત્ર હોય ?

**સમાધાન**–પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનના સાધુઓમાં તો દોપસ્થાપનીયચારિત્ર હોયજ અને દીક્ષાપર્યાયની ગણત્રી પણ છેદોપસ્થાપનીયચારિત્રથીજ થાય. ભગવાન્ અજિતઆદિ બાવીશ જિનેશ્વરોના શાસનોમાં સાધુઓને સામાયિકારોપણથી દીક્ષાપર્યાય ગણાતો હતો. મતલબ એ છે કે નિરતિચાર એવા ચારિત્રના પર્યાયનો છેદ, આદિ અને અંત્ય જિનેશ્વરોના શાસનમાં હોય. પણ સાતિચારપણાને અંગે ચારિત્રનો પર્યાયનો છેદ તો સર્વ તીર્થંકરના શાસનમાં હોવામાં શાસ્ત્રબાધ નથી.

**પ્રશ્ન ૮૨૯**–કેશિગૌતમીયસંવાદમાં શ્રીકેશીકુમારને સામાન્ય શ્રુતજ્ઞાની કહ્યા છે અને ભગવાન્ શ્રીગૌતમસ્વામીજીને 'बारसंगविउ' એમ કહી બાર અંગના જાણકાર જણાવ્યા છે તો ભગવાન્ પાર્શ્વનાથના શાસનમાં અંગ વિભાગ નહોતો ?

**સમાધાન**–શ્રીકેશીકુમાર બાર અંગધારી નહોતા તેથી સામાન્યથી શ્રુતજ્ઞાની કહ્યા છે. બાકી અંગપ્રવિષ્ટ તરીકે વિભાગ શ્રીપાર્શ્વનાથજીના શાસનમાં પણ હતો તેથી શ્રીકલ્પસૂત્રમાં શ્રીપાર્શ્વનાથજીના આઠસેં ચૌદ પૂર્વી કહ્યા છે.

**પ્રશ્ન ૮૩૦**–શ્રીકેશીકુમારે જે જે શંકાઓ પૂછી તે બધી મતભેદની હતી કે કેટલીક જિજ્ઞાસાની હતી ?

**સમાધાન**–પાંચ અને ચાર શિક્ષા યાને વ્રત અને યમને અંગે તથા સચેલક તેમજ અચેલકપણાને અંગે મતભેદો હતા તેથી પરસ્પરના શિષ્યોની એ બે શંકાઓજ થઈ છે. બાકીની શંકાઓ માત્ર શ્રીગૌતમસ્વામીજીની જ્ઞાનશક્તિ અને સંયમશક્તિ જાણવા માટે હતી એ સ્પષ્ટ છે અને તેથી તે શંકાઓ સાંકેતિક શબ્દોથી જણાવી તેનાં ખુલ્લાં વ્રતાદિ પૂછ્યાં છે અર્થાત્ શ્રીપાર્શ્વશાસનમાં તે પદાર્થો હતાજ.

**પ્રશ્ન ૮૩૧**–શ્રીકેશિકુમારે પંચમહાવ્રતનો ધર્મ ભગવાન મહાવીર પાસે લીધો કે શ્રીગૌતમસ્વામી પાસે ?

**સમાધાન**–શ્રાવસ્તી નગરીમાં જ્યારે શ્રીકેશિકુમારે પાંચ મહાવ્રતનો ધર્મ લીધો ત્યારે ભગવાન્ શ્રીમહાવીરદેવ શ્રાવસ્તીમાં નહોતા તેથી શ્રીકેશિકુમારે પાંચ મહાવ્રતનો ધર્મ શ્રીગૌતમસ્વામીજી પાસે લીધો છે. પાર્શ્વનાથના સંતાન થનારે વિચારવા જેવું છે.

**પ્રશ્ન ૮૩૨**–ભગવાન્ શ્રીજિનેશ્વરોની મૂર્તિઓ માટે નગ્ન એટલે કચ્છ વિનાની કે ચિહ્નવાળી મૂર્તિઓ દિગંબરોનીજ મનાય એમ ખરૂ ?

**સમાધાન**–કચ્છ કે કંદોરાવાળી મૂર્તિઓ દિગંબરોને માન્ય નથી બાકી શ્વેતાંબરોને તો કચ્છ કે કંદોરાવાળી અને તે સિવાયની પણ મૂર્તિઓ માન્ય છે. શ્રીબપ્પભટ્ટઆચાર્ય પછીની મૂર્તિઓમાંજ શ્વેતાંબરો તરફથી કચ્છ કે કંદોરો કરવાનું નિયમિત થયું છે, અને તેથીજ મથુરાના કંકાલી ટીલામાંથી શ્વેતાંબરોની શાખાવાળી અને ગણના લેખવાળી મૂર્તિઓ નગ્ન રૂપમાં છે. વસ્તુતાએ દિગંબરોનો આગ્રહ છે કે– 'નગ્નજ મોક્ષે જાય અને તેજ સાધુ કહેવાય.' શ્વેતાંબરોની માન્યતા મુજબ તો મોક્ષને માટે તો સચેલક કે અચેલકપણું એક્કે નિયમિત નથી, માટે શ્વેતાંબરો બન્ને પ્રકારની મૂર્તિઓ માને છે અને માની શકે.

**પ્રશ્ન ૮૩૩**–બીજ, પાંચમ આદિનો ક્ષય અને વૃદ્ધિ શ્રીજૈનશાસ્ત્ર પ્રમાણે હોય કે નહિ?

**સમાધાન**–શ્રીસ્થાનાંગસૂત્ર તથા સૂર્યપ્રજ્ઞપ્તિઆદિસૂત્રો અને જ્યોતિષ્કરંડકઆદિ પ્રકરણોને અનુસારે સાફ સાફ જણાય છે કે બીજ પાંચમઆદિ પર્વતિથિઓનો ક્ષય હોઈ શકે છે, પણ તિથિઓની વૃદ્ધિ થવાનો પ્રસંગ ઓછો છે, છતાં ક્ષય અને વૃદ્ધિના પ્રસંગો નિયત છે.

**પ્રશ્ન ૮૩૪**–શ્રીજૈનશાસ્ત્ર પ્રમાણે બીજઆદિ તિથિઓનો ક્ષય થાય છે અને વર્તમાનમાં લૌકિકટીપણાંને આધારે ચાલવાનું હોઇને બીજ-આદિ તિથિઓની વૃદ્ધિ પણ અનિયતપણે થાય છે, તો તે બીજઆદિ પર્વતિથિની આરાધના (આરાધન ક્રિયા) શું ઉડાડી દેવી અને બેવડી કરવી?

**સમાધાન**–પર્વતિથિનો ક્ષય હોય તોપણ પર્વાનુષ્ઠાનની ક્રિયાનો નાશ ન થાય, તે ક્રિયાને ઉડાડી દેવાય નહિ તેમજ પર્વતિથિની વૃદ્ધિ હોય તો તેથી પર્વતિથિની ક્રિયાની વૃદ્ધિ પણ ના થાય એટલે કે તે ક્રિયા બેવડી કરાય નહિ. અને તેથીજ વાચકવર શ્રીઉમાસ્વાતિજી મહારાજના પરંપરાગત-શબ્દો શાસ્ત્રકારો સ્થાને સ્થાને જણાવે છે કે –

'क्षये पूर्वा तिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा' અર્થાત્ બીજઆદિ

પર્વતિથિનો ક્ષય હોય તો પહેલાંની તિથિને પર્વતિથિ તરીકે માનવી અને વૃદ્ધિ હોય તો ઉત્તરતિથિને (બીજી તિથિને) પર્વ તિથિ તરીકે માનવી.

**પ્રશ્ન ૮૩૫**-જ્યારે બીજઆદિનો ક્ષય હોય એ અરસામાં શ્રીઉમાસ્વાતિ વાચકવરનાં વચન પ્રમાણે પહેલાંની પડવા આદિ તિથિમાં બીજઆદિ પર્વતિથિની ક્રિયાની આરાધના કરી લેવી, એ માની લઇએ પણ બીજઆદિ પ્રર્વતિથિના ક્ષયે, તેની પહેલાંની પડવાઆદિ અપર્વ-તિથિનો ક્ષય કેમ માનવો ?

**સમાધાન**-ધ્યાન રાખવાની જરૂર છે કે-જે જે પર્વતિથિ બીજ-આદિની આરાધના તપઆદિથી કરાય છે તે તે પર્વતિથિ સવારમાંજ; કે સવારના પ્રતિક્રમણમાં પચ્ચખ્ખાણના વખતથીજ લેવાય છે અને બીજી તિથિના સૂર્યોદયના સમય સુધી લેવાય છે, માટે જો બીજઆદિના ક્ષયે પડવા (એકમ) આદિની સવારથી જો ત્રીજ આદિના સૂર્યોદય સુધી બીજ-આદિ માની લઈએ તો પછી પડવા આદિ તિથિનો ક્ષય માનવોજ પડે.

**પ્રશ્ન ૮૩૬**-બીજઆદિ તિથિનો ક્ષય હોય ત્યારે તેને પહેલે દિવસે 'પડવો' આદિ પણ માનીએ અને ક્ષય થયેલી પર્વતિથિ જે બીજઆદિ છે તે પણ માનીએ અર્થાત્ પડવાઆદિને દિવસે પડવોઆદિ પણ માનીએ અને ક્ષયપણાને પામેલી બીજઆદિ પર્વતિથિ પણ માનીએ તો હરકત શી ? એટલે બીજઆદિ પર્વતિથિઓના ક્ષયે તેના પહેલાંની તિથિ પડવાઆદિનો ક્ષય મનાય છે તેના કરતાં તે પડવોઆદિ તિથિઓ જે ઉદયવાળી છે તે પણ માનવી અને બીજઆદિ પર્વતિથિઓ અનુદયવાળી હોવાથી ક્ષીણ થયેલી છે તે પણ માનવી; એમાં હરકત શી ?

**સમાધાન**-મહાનુભાવ ! બીજઆદિ પર્વતિથિનો ક્ષય થયો હોય, ત્યારે પડવોઆદિ તિથિ ઉદયવાળી છે માટે તેનો ક્ષય ન માનવો અને બીજઆદિ પર્વતિથિ ઉદયવિનાની છે તેની આરાધના માનવી તો પછી આખી બીજઆદિ પર્વતિથિને અંગે જેને સચિત્તત્યાગ, શીલપાલન એટલે કે વિષય (અબ્રહ્મ) ત્યાગઆદિનો નિયમ છે, તેવો નિયમ, તેવો

પ્રતિબંધ પડવાઆદિ તિથિઓને અંગે નથી, તો તે મનુષ્ય બીજઆદિના ક્ષયે પડવાઆદિના દિવસે નિયમ ન પાળે તો તેનું પ્રાયશ્ચિત્ત કેમ દેવાય ? વળી બીજઆદિનો ભોગવટો શરૂ થયો નથી અને છતાં પડવોઆદિ નવામતના હિસાબે છે તો તે વખતનું પ્રાયશ્ચિત્તઆદિ કેમ અપાય ? અર્થાત્ તે મિશ્રપંથીઓ પણ સવારથી એકલી પર્વતિથિ માને છે.

**પ્રશ્ન ૮૩૭**–આરાધના કરનાર મનુષ્ય બીજઆદિ પર્વતિથિનો ક્ષય હોય તોપણ તેની પહેલાંની પડવાઆદિક અપર્વતિથિમાં આખી બીજઆદિ પર્વતિથિનીજ આરાધના કરે પણ ક્ષય કઇ તિથિનો ?

**સમાધાન**–તમારા કથન પ્રમાણેજ બીજઆદિ પર્વતિથિના ક્ષય વખતે પડવોઆદિ અપર્વતિથિને પર્વતિથિપણેજ આરાધે. પણ તે પડવોઆદિને અપર્વ તરીકે ગણીને તેમાં અપર્વમાં થતી પ્રવૃત્તિ જેવી પ્રવૃત્તિ કરી શકેજ નહિ. તો પછી સ્પષ્ટ થયું કે બીજઆદિ પર્વતિથિના ક્ષયે તેની પહેલાંની પડવો આદિ અપર્વતિથિનો ક્ષયજ થયો.

**પ્રશ્ન ૮૩૮**–બીજઆદિ પર્વતિથિના ક્ષયને પ્રસંગે પડવોઆદિ અપર્વતિથિને અપર્વતિથિ તરીકે ન માની, અને તે આખી પડવોઆદિ અપર્વતિથિને ક્ષય થયેલી બીજઆદિને પર્વતિથિપણે માની, પણ બીજઆદિ પર્વતિથિના ક્ષયે પડવાઆદિનો ક્ષય થયો કેમ કહેવાય ?

**સમાધાન**–પડવોઆદિ અપર્વતિથિ ઉદયવાળી છતાં તે આખી અપર્વ એવી પડવાઆદિ તિથિને જ્યારે અખંડ બીજઆદિ પર્વતિથિ માની લીધી તો પછી પડવાઆદિ અપર્વતિથિપણું રહ્યું ક્યાં ? અર્થાત્ સ્પષ્ટ થયું કે બીજઆદિ પર્વતિથિના ક્ષયે પડવાઆદિ અપર્વતિથિનો ક્ષયજ ગણ્યો.

**પ્રશ્ન ૮૩૯**–બીજઆદિ પર્વતિથિના ક્ષયે પડવોઆદિ તેની પહેલાંની અપર્વતિથિનો ક્ષય ગણવો અર્થાત્ તે દિવસે પડવોઆદિ ન ગણવા એવો કોઇ શાસ્ત્રપાઠ છે ?

**સમાધાન**–તત્ત્વતરંગિણીમાં ચતુર્દશીના ક્ષયનો પ્રસંગ લઇને લખે છે કે–

'कथं त्रयोदश्याः चतुर्दशीत्वेन स्वीकारो युक्तः ? इति चेत् । सत्यं, तत्र त्रयोदशीति व्यपदेशस्याप्यसम्भवात्, किन्तु प्रायश्चित्तादिविधौ चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात् ।

અર્થાત્ શંકાકાર કહે છે કે–તેરશને ચૌદશપણે માની લેવી તે શું ઠીક કહેવાય ? એવી શંકાના ઉત્તરમાં જણાવે છે કે–તારૂં કથન ઠીક છે, પણ તે દિવસે (ક્ષીણ ચૌદશની પહેલાંની તેરશે) 'તેરશ' એવો વ્યવહાર પણ અસંભવિત છે, કેમકે પ્રાયશ્ચિત્ત, પૌષધઆદિ કાર્યોમાં (તે તેરશે) આજ ચૌદશ છે એમજ કહેવાય છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે–ક્ષય પામેલી બીજઆદિ પર્વતિથિની પહેલાંના પડવાઆદિ અપર્વનો ક્ષય કરી તે દિવસે બીજઆદિ તિથિ કહેવાય. આ રીતે સ્પષ્ટ છે કે–પુનમના ક્ષયે તેરશને ચૌદશ તથા ચૌદશને પુનમ કહેવી પડે. વળી પુનમનો ક્ષય હોય ત્યારે ચૌદશનો ભોગ તેરશે અને પુનમનો ભોગ ચૌદશે હોય તેથી આરોપ નહિ ગણાય.

**પ્રશ્ન ૮૪૦**–બીજઆદિના ક્ષયે તેની પહેલાંની પડવાઆદિનો ક્ષય માની બીજઆદિ મનાય પણ બીજઆદિની વૃદ્ધિમાં પડવાઆદિની વૃદ્ધિ કેમ ગણાય ?

**સમાધાન**–ભગવાન્ ઉમાસ્વાતિવાચકપ્રવરના વચનથી બીજઆદિના ક્ષયે પડવાઆદિનો ક્ષય કરી તે દિવસ બીજઆદિ મનાય, તો પછી તેમનાજ વચન પ્રમાણે વધેલી બીજઆદિના પ્રસંગે બીજી બીજઆદિનેજ બીજ તરીકે કહેવાય અને જ્યારે બીજી બીજઆદિને બીજ તરીકે કહેવાય તો પછી પહેલાંની બીજને બીજ ન કહેવાય પણ પડવોજ કહેવાય, અર્થાત્ અપર્વની તિથિજ વધી શકે. એજ પ્રમાણે પુનમ અમાવાસ્યાના વૃદ્ધિના પ્રસંગે બે તેરશો કરવીજ પડે.

**પ્રશ્ન ૮૪૧**–ઉદયમાં જે તિથિ હોય તેજ 'उदयंमि जा तिही०' ઇત્યાદિ વાક્યથી પ્રમાણ મનાય છે તેનુ કેમ થાય ?

**સમાધાન**–'उदयंमि जा तिही०' એ વાક્ય ઉત્સર્ગ છે, અને ક્ષયમાં પૂર્વની તિથિ લેવી અને વૃદ્ધિમાં ઉત્તરની પર્વતિથિ લેવી એ સૂત્ર (વાક્ય) તેનાથી પ્રબલ છે. નાહિતર બીજઆદિના ક્ષયે બીજઆદિમાં સૂર્યોદય ન હોવાથી પડવાઆદિના સૂર્યોદયમાં બીજઆદિ 'આજ' છે એમ કહેતાં મૃષાવાદઆદિ લાગશે અને બંને બીજઆદિ દિવસોએ સૂર્યોદય છતાં બીજી બીજઆદિમાં 'આજ બીજઆદિ છે' એમ કહેતાં પણ મૃષાવાદ લાગશે, માટે ક્ષયવૃદ્ધિના પ્રસંગ સિવાય ઔદયિકતિથિ માનવાની છે.

**પ્રશ્ન ૮૪૨**-પ્રશ્નશાસ્ત્રમાં 'પહેલી એકાદશી' અને 'અપર એકાદશી' તથા 'પહેલી અમાવાસ્યા' અને 'ઉત્તર અમાવાસ્યા' એમ જે કહેવાય છે તે પર્વતિથિની વૃદ્ધિ ન માને તો કેમ કહેવાય ?

**સમાધાન**–બીજઆદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે જેમ પડવાઆદિને બીજઆદિ તરીકે ગણતાં પડવાનો ક્ષય કરવા છતાં માત્ર પંચાગની અપેક્ષાએ કહેવાય છે તેમ અગીયારશ કે અમાવાસ્યાદિની વૃદ્ધિ નહિ માનવા છતાં માત્ર પંચાગની અપેક્ષાએજ 'પૂર્વ' અને અપર શબ્દો વાપર્યા છે.

**પ્રશ્ન ૮૪૩**–બ્રાહ્મણકુલને નીચગોત્ર કેમ ગણ્યું છે ?

**સમાધાન**–'जस्स बंभणा०' એ વિગેરે શાસ્ત્રોનાં વાક્યોથી બ્રાહ્મણોમાં ઉત્તમજાતિ અને ઉત્તમકુલો છે એમ માનવુંજ પડશે, પણ જેમ અમુક કાર્યોને અંગે અમુક કુલોજ ઉત્તમ ગણાય, જેમ રક્ષણને માટે ક્ષત્રિયો, વ્યાપારને માટે વણિકો; આ જોતાં તીર્થંકર, વાસુદેવાદિઓ માટે ક્ષત્રિયાદિકુલોજ ઉત્તમ ગણાય તેમાં આશ્ચર્ય નથી અને તે અપેક્ષાએ તેવા પદવીધરો એટલે કે તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવાદિની ઉત્પત્તિ બ્રાહ્મણકુલોમાં ન હોય. શ્રીરામચંદ્ર કે શ્રીકૃષ્ણજી પણ ક્ષત્રિયોમાંજ થયા છે.

**પ્રશ્ન ૮૪૪**–બીજઆદિ પર્વતિથિનો ક્ષય હોય અને તેને પડવાઆદિને દિવસે આરાધાય તો તે ખોટું કહેવાય કે નહિ ?

**સમાધાન**–ઉદયવાળી તિથિ ન મળે કે કોઈક કારણથી ઉદયવાળી પર્વતિથિ ન લઈ શકાય તોપણ જે દિવસે તે તે પર્વતિથિનો ભોગવટો હોય, તે તે દિવસને તે તે પર્વતિથિ તરીકે આરાધાય તેમાં અડચણ નથી, કેમકે શ્રીધર્મસાગરજી મહારાજ તિથિના ભોગની હયાતીને આધારભૂત ગણે છે. તત્ત્વતરંગિણી પત્ર ૩–'तद्भोगगन्धस्याप्यभावात्' અર્થાત્ પુનમને દિવસે ચૌદશના ભોગનો ગંધ પણ નથી, વળી ચૌદશે ક્ષીણ-પુનમની વાસ્તવિક સ્થિતિ છે એમ જણાવતાં કહે છે કે– 'त्रुटितत्वेन चतुर्दश्यां पौर्णमास्या वास्तव्येव स्थितिः ।' અર્થાત્ ક્ષીણ હોવાથી ભોગ હોવાને લીધે ચૌદશમાં પુનમની ખરેખરી સ્થિતિ છે એમ કહેવું તે પણ ભોગની અપેક્ષાએજ કહેવાય વળી ખરતરો ચૌદશના ક્ષયે, પુનમે ચૌદશ કરી પાક્ષિક કરે છે તેને અંગે જે જણાવે છે કે–'तद्भोगगन्धाभावेऽपि' અર્થાત્ પુનમને દિવસે ચૌદશના ભોગની ગંધ પણ નથી તો પુનમે ચૌદશ કેમ થાય ? આ ઉપરથી જેઓ પુનમના ક્ષયે તેની આરાધના તેરશે કરવાનું કહે છે તેઓને તેરશને દિવસે પુનમનો ઉદય કે ભોગની ગંધ પણ નથી તે વિચારવાનું છે જેઓ પુનમના ક્ષયે તેરશનો ક્ષય કરે છે તેમને તો તેરશે ચૌદશનો અને ચૌદશે પુનમનો ભોગવટો છે એ ચોક્ખુંજ છે. વળી જેઓ પુનમના ક્ષયે ચૌદશનો ઉદય અને પુનમનો ભોગવટો માની બેગાં કરવા માગે તેઓએ ખરેખર વિચારવું જોઈએ કે જો તપસ્યા માત્રને અંગે પ્રશ્ન હોત તો શરૂઆત પુનમની ગણી લેત પણ સચિત્તત્યાગ, અબ્રહ્મત્યાગ (બ્રહ્મચર્ય-પાલન) જેવા દિનપ્રતિબદ્ધ નિયમોમાં બે દિવસ ક્યાંથી લાવશો ? વળી શાસ્ત્રોમાં સ્થાને સ્થાને 'चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णिमासिणीसु णं' એમ કહી ચૌદશ અને પુનમ કે અમાવાસ્યા બંને દિવસોના પૌષધો કરે છે, અને તે પ્રમાણે બે તિથિના પૌષધો કરનારાને એકજ ચૌદશને દિવસે ચૌદશ અને પુનમના પૌષધો કેવી રીતે કરાવી શકાશે ?

**પ્રશ્ન ૮૪૫**–પર્વતિથિ માનવાનું લક્ષણ શું ? કેટલાકો કહે છે કે ઉદયવાળી અને સમાપ્તિવાળી હોય તે તિથિ. અથવા ઉદયવાળીતિથિ

અથવા સમાપ્તિવાળી તિથિ એમ જૂદી જૂદી રીતે કહેવામાં આવે છે; માટે તિથિ કઈ ગણવી ?

**સમાધાન-** જો 'ઉદયવાળી હોય તેજ તિથિ' એમ કહીએ તો બીજઆદિનો ક્ષય હોય ત્યારે બીજઆદિ તિથિઓ ઉદયવાળી હોય નહિ જયારે બીજઆદિનો ક્ષય હોય ત્યારે પડવો અને ત્રીજઆદિનો ઉદય હોય, માટે 'ઉદયવાળી હોય એજ તિથિ કહેવાય' એમ માનનારો ભૂલે છે. પણ જો એમ કહે કે ક્ષીણ પર્વનો પ્રસંગ ન હોય તો ઉદયવાળીતિથિ તે પ્રમાણ છે' તો જે વખતે પર્વતિથિ જે બીજઆદિ છે, તેની વૃદ્ધિ હોય ત્યારે તે બંને બીજેએ કે પાંચમઆદિ પર્વતિથિએ સૂર્યનો ઉદય હોય છે, તેથી બંને બીજઆદિને ઉદયવાળી હોવાથી પર્વતિથિ માની આરાધવી પડશે, એટલે કહેવું પડશે કે ક્ષીણના અથવા વૃદ્ધિના પ્રસંગમાં ઉદયવાળી તિથિ ન લેવી પણ ઉદય તથા સમાપ્તિવાળી તિથિ લેવી. જેથી હંમેશા ઉદય અને સમાપ્તિ હોય છે અને વૃદ્ધિ હોય ત્યારે ઉદય અને સમાપ્તિ બંને બીજે દિવસેજ હોય છે, તો તે વાત પણ સાચી નથી. કેમકે હંમેશની તિથિઓમાં તથા વધેલી તિથિઓમાં બીજે દિવસે ઉદય તથા સમાપ્તિ બંને હોય છે છતાં જે વખતે બીજઆદિ પર્વ તિથિઓનો ક્ષય હોય ત્યારે ઉદય નહિ હોવાથી તે બીજઆદિ પર્વતિથિઓને અને તેની આરાધનાને ઉડાડી દેવી પડશે. આ બધું દૂષણ ટાળવા માટે જો એમ ગણવામાં આવે કે સમાપ્તિવાળી તિથિ ગણવી તો તેથી રોજની તિથિઓમાં પણ ઉદયની સાથે સમાપ્તિ હોય છે. બીજઆદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે પણ તે બીજઆદિ પર્વતિથિની સમાપ્તિ પડવાઆદિનેજ દિવસે હોય છે અને બીજઆદિની વૃદ્ધિ હોય ત્યારે તે બીજઆદિની સમાપ્તિ બીજે વારેજ હોય છે તેથી સમાપ્તિ થાય તે તિથિ ગણવામાં સામાન્ય તિથિમાં ક્ષીણ તિથિમાં કે વૃદ્ધિવાળી તિથિમાં, એકેયમાં અડચણ આવશે નહિ અને જો આમજ હોય તો પછી શાસ્ત્રકારોને સામાન્ય તિથિ માટે 'उदयंमि जा तिही०' તથા ક્ષીણ તિથિમાં

'क्षये पूर्वा' વળી વૃદ્ધિમાં वृद्धौ ज्ञेया तथोत्तरा' એમ જૂદાં જૂદાં લક્ષણો અને વિધાનો કરવાની જરૂર શી? વળી 'समाप्तिर्मानं' એમ માનવાથી અધિક માસના પ્રસંગમાં પણ તિથિની સમાપ્તિની માફક માસની સમાપ્તિ બીજા માસમાં છે તેથી બીજો માસજ પ્રમાણ ગણાય છે તે વ્યાજબીજ ઠરશે એટલે એમ કહેવું પડશે કે ઉદય પૂર્વ અને ઉત્તર તિથિ અથવા ઉત્તર માસનું જૂદું જૂદું વિધાન કરનારાઓએ નકામુંજ ડોળ્યું છે, પણ જ્યારે બીજઆદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે પડવો અને બીજઆદિ બન્ને તિથિઓ તે તે પડવાઆદિને દિવસે સમાપ્તિ પામે છે તે વખતે એક વારમાં બંને તિથિઓ આવીને (ભેળાઇને) પંચાંગની માફક ટીપણામાં પણ ભેળસેળ ખાતું થશે. તેથી સમાપ્તિ માત્રને પ્રમાણ ન જણાવતાં ઉદયઆદિ જૂદાં જૂદાં સ્વરૂપો જણાવ્યા છે. વળી સમાપ્તિવાળી તિથિ માનવામાં આવે તો જેમ બીજાઓ બેસતી તિથિને માનનારા થઈને પ્રતિક્રમણ વખતેજ તિથિ આવે તેને માને છે તેવી રીતે સમાપ્તિનો પક્ષ લેવા જતાં પ્રતિક્રમણ વખતે સમાપ્ત થતી કે પચ્ચખ્ખાણ લેતી વખતે તે તે સમાપ્તિ લેવાનો પ્રસંગ આવી જાય આ માટે ઉત્સગ માર્ગે જે તિથિમાં સૂર્યોદય થાય તેજ તિથિ તે તિથિના પૌષધ પ્રતિક્રમણના કાર્યમાં ગણવી, એમ શાસ્ત્રકારો ઘણે સ્થાને ઉદયવાળી તિથિ માનવાનું કહી જણાવે છે, પણ અપવાદ માર્ગે જણાવે છે કે જો સૂર્યોદયવાળી તિથિ ન મળે તો ક્ષયમાં પૂર્વતિથિને પર્વતિથિ માનવી અને વૃદ્ધિમાં બે ઉદયવાળી તિથિ મળે તો બીજા ઉદયવાળી તિથિને પર્વતિથિ તરીકે માનવી આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે ઉદયવાળી તિથિ એ ઉત્સર્ગ, અને ક્ષય તથા વૃદ્ધિમાં પહેલાંની અને બીજી તિથિને પર્વતિથિ માનવી એ અપવાદ છે એટલે ક્ષય અને વૃદ્ધિના પ્રસંગમાં ઉદયવાળી તિથિની વાત કરવી તે 'मुनी अत्र'નું 'इवर्णादेः' સૂત્રથી 'मुन्यत्र' બનાવવા જેવું જૂઠુંજ છે.

**પ્રશ્ન ૮૪૬**–તપાગચ્છની સામાચારીવાલાને ક્ષયમાં પૂર્વતિથિ અને વૃદ્ધિમાં ઉત્તરતિથિ કરવાની અડચણ નથી પણ સવાલ એ છે કે–પર્વ-

તિથિના ક્ષયે પૂર્વની અપર્વતિથિનો ક્ષય કરવો, એ શા આધારે લેવું ? કેમકે શ્રીહીરસૂરિજીના વચન પ્રમાણે પંચમીના ક્ષયે તેનું તપ પહેલાંની તિથિમાં કરવું એમ જણાવેલું છે, અર્થાત્ પર્વતિથિના ક્ષયે તેની પહેલાંની અપર્વતિથિનો ક્ષય જણાવ્યો નથી.

**સમાધાન**–મહોપાધ્યાય શ્રીધર્મસાગરજી શ્રીતત્ત્વતરંગિણીમાં જણાવે છે કે–'ચૌદશનો ક્ષય હોય અને તેરશે સૂર્યોદય હોય તો તે ઉદયવાળી તેરશને ચૌદશ કેમ ગણવી ?' એવી ખરતરની શંકાના ઉત્તરમાં ચોકૂખા શબ્દોમાં કહે છે કે પ્રાયશ્ચિત્તઆદિ (પચ્ચખ્ખાણ પડિક્કમણું, તથા તપ વિગેરે)માં તેરશનો ઉદય છતાં પણ 'તેરશ છે' એવું કહેવાતુંજ નથી, પણ 'ચૌદશજ છે' એમ કહેવાય છે જુઓ તે પાઠ :

'नन्वौदयिकतिथिस्वीकारान्यतिथितिरस्कारप्रवणयोरावयोः कथं त्रयोदश्या अपि चतुर्दशीत्त्वेन स्वीकारो युक्तः ? इति चेत्। सत्यं, तत्र त्रयोदशीति व्यपदेशस्याप्यसम्भवात्, किन्तु प्रायश्चित्तादिविधौ चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात्' ખરતર શંકા કરે છે કે–'જે તિથિએ સૂર્યનો ઉદય હોય તે તિથિને માનનારા અને ઉદયવિનાની તિથિને છોડનારા આપણે છીએ અર્થાત્ બન્ને એ પ્રકારને આચરનારા છીએ તો પછી ઉદયમાં જે તેરશ છે તે તેરશને ચૌદશ તરીકે કેમ માની શકાય ? આવી શંકાના ઉત્તરમાં શ્રીધર્મસાગરજી મહારાજ જણાવે છે કે–ત્હારી વાત સાચી છે પણ જ્યારે ચૌદશનો ક્ષય હોય અને તેરશે ચૌદશ કરાય તે વખતે તે તેરશને દિવસે તેરશ છે એવા કથનનો પણ સંભવ નથી પણ પ્રાયશ્ચિત્ત પડિક્કમણા આદિ કાર્યોમાં ચૌદશજ છે એમ કહેવાય છે' આવા સ્પષ્ટ અક્ષરો છે છતાં જેઓ બીજઆદિ પર્વતિથિઆદિના ક્ષયે પડવાનો ક્ષય નથી માનતા તથા આરાધનાને માટે પ્રગટ થતાં ટીપણામાં પણ ૧/૨, ૪/૫, ૮/૯, ૧૦/૧૧, ૧૩/૧૪, ૧૪/૧૫ એમ લખે છે તેઓ શાસ્ત્ર અને પરંપરા બન્નેથી ઉલટાજ છે. જો કે તેવું લખનારાઓ પરંપરા શાસ્ત્રના લેખોની દરકાર ન કરવામાં પાવરધા છે–એમ 'સોરઠ દેશને અનાર્ય દેશ કહેવાથી, માણસના આચાર ઉઠા-

વવાથી, સૂતક ઉઠાવવાથી, ઊંટડીના દૂધને અભક્ષ્ય કહેવાથી, ઓળી સરખી અસજ્ઝાયમાં કાલગ્રહણ લઈ પદવીઓ કરવાથી' સિદ્ધ છે અને તેથી તેઓ પોતાનું નવીન ટીપણું રદ કરશે નહિ એમ જણાય છે છતાં શાસ્ત્ર અને પરંપરાને માનનારો મનુષ્ય તો પરંપરા અને તેને અનુસરતો ઉપરનો (આ) લેખ વાંચી કદી પર્વતિથિના ક્ષયે તેની પહેલાંની તિથિનો ક્ષય કરવાનું કે માનવાનું, કહેવા કે લખવાની ભૂલ કરશે નહિ. વળી આજ અપર્વતિથિના ક્ષયની વાતમાં શ્રીધર્મસાગરજી મહોપાધ્યાય જણાવે છે કે–

'एतच्च त्वयाऽप्यङ्गीकृतमेव, अन्यथा क्षीणाष्टमीकृत्यं सप्तम्यां क्रियमाण-मष्टमीकृत्यव्यपदेशं न लभेत' અર્થાત્ બીજઆદિ પર્વતિથિના ક્ષયે પહેલાંની અપર્વતિથિનો ક્ષય તે પણ કબૂલ કરેલો છે. જો એમ ન હોય તો ઉદયમાં સપ્તમી હોય ત્યારે અષ્ટમીનું કૃત્ય કહી શકાશેજ નહિં આ ઉપરથી પણ ચોકૂખું છે કે આઠમને ક્ષયે સાતમનો ક્ષય કરી તે દિવસે આઠમની આરાધના કરાય છે અને તે તિથિ આઠમના નામે બોલાય છે. વળી 'ક્ષીણ એવી પુનમની સ્થિતિ ચૌદશેજ છે' એમ જણાવીને 'પુનમે કાંતો પુનમ રહેશે અને કાંતો પાક્ષિક રહેશે' એમ જણાવી, બે તિથિની ભેળી આરાધનાની 'ના' કહે છે જુઓ :

'आद्ये पाक्षिकानुष्ठानविलोपापत्तिः, द्वितीये स्पष्टमेव मृषाभाषणं, पञ्चदश्या एव चतुर्दशीत्वेन व्यपदिश्यमानत्वात्' અર્થાત્ પુનમ માનો તો પાક્ષિક અનુષ્ઠાનના નાશની આપત્તિ ઉભી થાય અને જો તેને પાક્ષિક અનુષ્ઠાન કહો તો સ્પષ્ટજ મૃષાવાદ છે, કેમકે પુનમને ચૌદશ કહો છો આ ઉપરથી સ્પષ્ટ સમજાશે કે બે પર્વતિથિઓ એકઠી થઈ શકે નહિ. વળી શ્રીહીર-સૂરિજીએ 'ક્ષીણ પંચમીનું તપ તેની પૂર્વતિથિમાં કરવું' એમ કહ્યું તે મુખ્ય તો 'પંચાંગની અપેક્ષાએ પૂર્વ તિથિ' એમ કહેવું જોઈએ. વાચકવર શ્રીઉમાસ્વાતિજીનો પ્રઘોષ તો પ્રસિદ્ધજ છે કે–'क्षये पूर्वा तिथिः कार्या (ग्राह्या) वृद्धौ कार्या तथोत्तरा' એટલે પર્વતિથિના ક્ષયે પહેલાંની (પૂર્વની) અપર્વતિથિનેજ પર્વતિથિ કરવી, અને જો પર્વતિથિ બેવડી

હોય તો બીજી પર્વતિથિનેજ પર્વતિથિ કરવી. આથી સ્પષ્ટ સમજાય છે કે પર્વતિથિના ક્ષયે પ્રથમની અપર્વતિથિનો ક્ષય કરવો અને તે તિથિને એટલે કે તેજ દિવસે પર્વતિથિ કરવી અને વૃદ્ધિ હોય ત્યારે પર્વતિથિમાંના પ્રથમ દિવસે પર્વતિથિ ન માનતાં બીજે દિવસેજ પર્વતિથિ માનવી. એટલે પહેલાંની અપર્વતિથિની વૃદ્ધિ ગણવી પડે. જેઓ 'પહેલી અપર્વ-તિથિને રાખી તેમાં પર્વતિથિનું કામ કરવું એમ કહે છે તેઓએ વિચારવું જોઈએ કે–એમ હોત તો પ્રથમ તો પ્રઘોષમાં 'तिथौ' અથવા 'पूर्वस्या' એમ પદ નથી એ ચોક્ખું છે, વળી આગળ જણાવ્યું તેમ ધર્મકાર્યમાં તે તિથિને અપર્વતિથિના નામે બોલવાનો પણ નિષેધ કરેલોજ છે. વળી શ્રીધર્મસાગરજી મહારાજ ચૌદશના ક્ષયે તેરશને ચૌદશ કરવાનું અને ચૌદશજ કહેવાનું સ્પષ્ટપણે કહે છે કે–

'कारणविशेषमन्तरेण त्रयोदशीति व्यपदेशशङ्काऽपि न विधेया' અર્થાત્ વિશેષ કારણ સિવાય તો તે કહેલી ચૌદશને દિવસે તેરશ છે એવું કહેવાની શંકા પણ ન કરવી. એમ એટલે સુધી સ્પષ્ટ છતાં જેઓ પર્વતિથિના ક્ષયે અપર્વતિથિને ઉપર લખી, પર્વતિથિને નીચે લખી, તેવું ટીપણું પ્રસિદ્ધ કરે છે. તેઓ પરંપરાને અને શાસ્ત્રોને ઉઠાવનારા થવા સાથે પોતાના ટીપણાને માનનારાઓને કેવલ અવળે રસ્તેજ દોરે છે, માટે શાસનરસિકોએ તેવા ઉત્થાપકોથી તથા તેઓના ટીપણા-ઓથી દૂર રહેવું, વળી तत्व०પત્ર ૧૫માં જણાવે છે કે–

'निर्घोष्यमाणे अद्यापि त्रयोदशीमेव वदसि ।' અર્થાત્ ચૌદશના ક્ષયે તેરશને ઉડાડી ચૌદશ કરવાનું જાહેર કર્યા છતાં તેને તું તેરશ કહે છે?

**પ્રશ્ન ૮૪૭–પૂર્વે** જણાવ્યા પ્રમાણે બીજઆદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેનાથી પહેલાંની પડવાઆદિ અપર્વતિથિનો ક્ષય ગણાય એ ઠીક છે પણ પુનમ જેવી પર્વતિથિનો ક્ષય હોય ને તેની પહેલાં પણ ચૌદશ જેવી પર્વતિથિ હોય તો તેવા પ્રસંગે એટલે કે પુનમનો ક્ષય હોય ત્યારે કઈ તિથિનો ક્ષય કરવો?

**સમાધાન**–પંચાંગમાં પુનમઆદિ અપર્વતિથિનો ક્ષય હોય તો પણ ટીપણામાં તો તેની આરાધના ઉડાડાતી નથી, માટે 'ક્ષય' લખાયજ નહિ. જેઓ ચૌદશઆદિ પર્વતિથિના ક્ષયે તેરશઆદિનો ક્ષય ન માનતાં ૧૩/૧૪ એમ સરખાવટથી 'તેરશ–ચૌદશ એકઠાં' એમ જણાવી જેઓ આરાધનાને માટે કરાવાતા ટીપણાંમાં પર્વતિથિનો ક્ષય ભલે જણાવે, પણ 'त्रयोदशीचतुर्दश्योः'નો પાઠ અને પરંપરાથી તેરશનોજ ક્ષય થાય છે અને કરાય છે, તેથી શાસ્ત્ર અને પરંપરા માનનારા ટીપણામાં તો તેરશનો ક્ષયજ કહે છે. પર્વતિથિને ભેળી કરનારાઓ તે તે ભેળા કરેલી પર્વતિથિએ વાર કયો ગણશે ? કેમકે વારના સમયમાં હાનિ–વૃદ્ધિ હોતી નથી, તે તો ચોવીશ કલાકનોજ હોય છે, તો વળી અપર્વક્ષયે પણ ૨/૩, ૫/૬ કેમ ન લખવા ? કેમકે ત્રીજ વગેરેની સમાપ્તિ બીજઆદિએ છે. ચોપડામાં અને પત્રમાં શું '૧૩/૧૪' લખીને વાર લખાય છે ? વાર તો સૂર્યોદયથી શરૂ થાય છે અને તે દિવસે ચૌદશ તો ઘણીવાર પછી શરૂ થશે એક તિથિની સાથે એક વારનો વ્યવહાર પણ નહિ થઈ શકે. વળી તેરશના ક્ષયમાં તો પરંપરા સંગત થાય પણ તેરશ અને ચૌદશનો મિશ્રવાર તો એજ લોકો આંકી શકે. આ વાત એટલા માટેજ જણાવી છે કે શાસ્ત્ર અને પરંપરાથી પૂર્વની અપર્વતિથિ ક્ષય થાય એમ સાબિત છે, તો પછી પુનમની પહેલાં ચૌદશની તિથિ અપર્વ નથી માટે ચૌદશનો ક્ષય ન કરાય, પણ તે ચૌદશ કરતાં પણ તેનાં પહેલાંની અપર્વતિથિનો ક્ષયજ વ્યાજબી છે એમ સમજાય. વળી પુનમના ક્ષયે પુનમની આરાધના ચૌદશે કરવા માટે ચૌદશનો ક્ષય ન કરવાનો હોવાથી તો શ્રીહીરસૂરિજીએ હીરપ્રશ્નમાં પાંચમ અને પુનમના ક્ષયમાં તેની તપસ્યા ક્યારે કરવી ?' એવા પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં પાંચમના ક્ષયે તેનો તપ પાંચમથી પહેલાંની તિથિમાં કરવો એમ સ્પષ્ટપણે કહી દીધું પણ પુનમના ક્ષયના માટે જુદો ઉત્તર આપ્યો. જો પુનમના ક્ષયે પુનમનું તપ ચૌદશે, તેનો ક્ષય કરીને કે કર્યા વિના પણ કરવાનો હોત તો જેમ

પંચમી માટે તેનાથી પૂર્વતિથિમાં ભલામણ કરી તેમ પુનમ માટે પણ સરખી ભલામણ કરત, પણ તેમ ન કરતાં પુનમના ક્ષયે પુનમનું તપ કરવા 'त्रयोदशीचतुर्दश्योः' એમ સ્પષ્ટપણે જણાવ્યું છે, અને પંચમીના ઉત્તરથી જુદી રીતિએ ઉત્તર આપ્યો છે. અર્થાત્ પુનમના ક્ષયે ચૌદશનો ક્ષય તે પર્વતિથિ હોવાથી ન થાય તેથી તેમજ બ્રહ્મચર્યાદિ પાલનની બે વખત આરાધના પણ એક તિથિમાં બને નહિ માટે 'તેરશે ચૌદશ કરી ચૌદશે પુનમ કરવી' એમ સ્પષ્ટપણે જણાવ્યું છે કેટલાકો કહે છે કે 'પુનમના ક્ષયે, ચૌદશનો તપ કરતો હોય તેથી પુનમનો તપ તેરશ-ચૌદશે કરવો' એમ કહ્યું છે પણ આવું કહેનારાઓએ વિચારવું જોઇએ કે-ચૌદશનો તપ કરતો હોય તો પુનમના ક્ષયે પુનમનો તપ ક્યારે કરવો? તે જણાવ્યું નથી તેમજ ઉત્તરમાં પણ એમ નથી જણાવ્યું કે 'પુનમનો તપ ચૌદશનો તપ કરતો હોય તો તેરશચૌદશે કરવો.' વળી જો એમ હોય તો પંચમી અને પુનમના ક્ષયે, તેના તપ કરવાના ઉત્તરમાં જુદાપણું ઠામ પાડતાં ચોકખું જણાવત કે 'પંચમી અને પુનમના ક્ષયે તેનું તપ તેની પૂર્વતિથિમાં કરવું અને પછી જણાવત કે-જો ચૌદશે તપ કરવા સાથે પુનમનો તપ કરનારો હોય તો તેરશચૌદશે તે તે તપ કરે,' પરંતુ એમ નથી જણાવ્યું પણ પૂર્વની તિથિમાં પાંચમનું તપ કરવા ઉત્તર જૂદો આપીને જે 'તેરશ-ચૌદશ' એમ દ્વિવચનના પ્રયોગથી જણાવ્યું છે તેથી સ્પષ્ટ થાય છે કે-પુનમના ક્ષયે ચૌદશને પલટાવી તેરશે લાવવી અને ચૌદશને દિવસે પુનમનો તપ કરવો; અને પરંપરા પણ એવીજ છે. વળી ઉદયપુર વિગેરેનાં ભંડારો તથા જૂની સમાચારીની પ્રતોમાં પણ સ્પષ્ટપણે એમ લખે છે કે-પુનમનો ક્ષય હોય ત્યારે તેરશનો ક્ષય કરવો અર્થાત્ તેરશે ચૌદશ કરવી અને ચૌદશે પુનમ કરવી આ ઉપરથી નક્કી થાય છે કે પર્વતિથિનો ક્ષય ન કરવો. માટે ક્ષય પામતી પર્વતિથિની પહેલાં પણ જો પર્વતિથિ હોય તો તે પાછલની પર્વતિથિથી પણ પહેલાંની અપર્વતિથિનો ક્ષય કરવો. આ સ્થાને કાલિકાચાર્ય મહારાજને માનનારાઓ ભાદરવા સુદ પાંચમના ક્ષય કે તેની

વૃદ્ધિએ ચોથનો ક્ષય કે વૃદ્ધિ માને છે તે યોગ્ય નથી. ચૌમાસી પુનમના ક્ષયે તેરશનો ક્ષય કરાય છે અને તે પરંપરા તથા લેખ અનુસાર છે તે, તેઓએ ધ્યાનમાં લઈને, અહીં પણ તે હિસાબે ભાદરવા સુદ પાંચમની ક્ષય કે વૃદ્ધિએ ત્રીજનો ક્ષય કે વૃદ્ધિ કરવીજ જોઇએ, કેટલાકો કહે છે કે "બાર પર્વમાં ક્ષય કે વૃદ્ધિ ન મનાય પણ સંવત્સરીની ચોથ બાર પર્વમાં નથી માટે તેનો ક્ષય કે વૃદ્ધિ માનવામાં અડચણ નથી.' આ વાત કહેનારે વિચારવું જોઈએ કે જો કાલિકાચાર્યમહારાજે કહેલી ચોથની સંવત્સરી કબૂલ છે, તો પછી ચોથ એ સંવત્સરીની પર્વ-તિથિજ છે, અને ચૌમાસીની ચૌદશની જેમ કૃત્રિમ છે છતાં તેની ચૌમાસીની અપેક્ષાએ વૃદ્ધિ કે ક્ષય આચરાય નહિ તેવીજ રીતે ભાદરવા સુદ ચોથ પણ સંવત્સરી કૃત્રિમ છતાં પણ પર્વતિથિ તરીકે છે માટે તેની પણ ક્ષય કે વૃદ્ધિ ન જ મનાય વળી ભાદરવા સુદ પાંચમ પર્વ તરીકે છે તો તેના કરતાં ભાદરવા સુદ ચોથ ઓછા મહત્વવાળી નથી, કેમકે શ્રીહીરસૂરિજી પાંચમનો તપ કરનારાને છઠ્ઠ કરવાની શક્તિ ન હોય તોજ ભાદરવા સુદ ચોથના ઉપવાસમાં પાંચમનો તપ આવી ગયાનું જણાવે છે. માટે ભાદરવા સુદ પાંચમની વૃદ્ધિ કે ક્ષય જેમ ન મનાય તેમ ભાદરવા સુદ ચોથ પણ સંવત્સરીની તિથિ હોવાથી તેનો પણ ક્ષય કે વૃદ્ધિ ન થાય અને તેથી પાંચમની વૃદ્ધિએ કે ક્ષયે ત્રીજનીજ વૃદ્ધિ કે ક્ષય કરવાંજ પડે. વળી કેટલાકો 'ઉદયવાળી ચૌદશ કેમ વિરાધાય એમ માની પુનમના ક્ષયે તેનો તપ તેરશે અને તેરશે ભૂલી જવાય તો તે પુનમનો તપ પડવાને દિવસે કરવો, આવું માનનારાઓએ વિચારવુ જોઈએ કે શું પુનમને માટે તેરશ કે પડવો લ્યો તેમાં પુનમનો ઉદય કે સમાપ્તિ બન્ને છે? કે શું તેરશે કે પડવે એ પુનમની તિથિનો કોઈ ભાગ સરખો પણ છે? જો તેરશે કે પડવે એ પુનમનો ભાગ પણ નથી તો તેરશે કે પડવાએ પુનમ કેમ મનાય છે? મહોપાધ્યાયજી શ્રીધર્મ-સાગરજી પુનમના દિવસે ચૌદશના ક્ષયે પખ્ખી કરનારને ભ્રાંતિવાળા કહે છે અને તેના કારણમાં ચૌદશના ભોગનો ગંધ પણ નથી એમ

જણાવે છે તેથી તેરશે કે પડવાને દિવસે પુનમને ભોગ અંશે પણ ન હોવાથી પુનમના ક્ષયે તેરશે કે પડવાએ પુનમનો તપ માનવો ભ્રમિત ન કહેવાય? શ્રીહીરસૂરિજી મહારાજે, તેરશે ભૂલાયાથી પડવો જણાવ્યો છે તેનું કારણ તો ચોખ્ખું છે. તેરશે ચૌદશ ન કરી એટલે ચૌદશે ચૌદશ કરી પુનમની બીજી તપસ્યા ચૌદશે સાથે લીધેલ હોવાથી પડવાએ પૂરી કરે કેમકે ચૌદશે પુનમની તિથિનો ભોગવટો છે. તત્ત્વ એટલું કે પુનમના ક્ષયે બારશ-તેરશજ ભેળાં થાય અને પુનમની વૃદ્ધિએ બે તેરશ થાય વળી પુનમે પખ્ખી કરનારને એક અનુષ્ઠાનના લોપક માન્યા છે તેમ ચૌદશ-પુનમ ભેળાં કરનારને પણ થશે.

**પ્રશ્ન ૮૪૮**-જેઓ બીજઆદિ પર્વતિથિના ક્ષયે તેની પૂર્વની અપર્વતિથિનો ક્ષય ન કરે તેઓ તિથિ કેમ બોલે અને તે રીતે બોલવામાં અડચણ શી? વળી જેઓ પુનમના ક્ષયે તેરશનો ક્ષય ન માની તેરશે ચૌદશ અને ચૌદશે પુનમ ન કરે તેઓ તિથિ કઈ બોલે અને તેમાં અડચણ શી?

**સમાધાન**-શાસ્ત્ર અને પરંપરાને અનુસરીને જેઓ બીજઆદિ પર્વતિથિના ક્ષયે તેનાથી પહેલાંની પડવા આદિ તિથિનો ક્ષય કરે તેઓ તો પુનમ કે અમાવાસ્યા આદિના બીજે દિવસે 'આજ બીજઆદિ છે' એમ કહે અર્થાત્ પુનમ કે અમાવાસ્યાની તિથિની પછી બીજઆદિનોજ વ્યવહાર કરે, પણ જેઓ બીજઆદિના ક્ષયે તેનાથી પહેલાંની પડવાઆદિ અપર્વતિથિનો ક્ષય ન માને પણ 'પડવો અને બીજઆદિ ભેળાં છે' એમ કહે તેઓને સવારના પ્રતિક્રમણ કરતાં પહેલાં પૌષધ ઉચ્ચરતી (લેતી) વખતેજ બીજઆદિ પર્વતિથિ તો માનવી પડે. પચ્ચખ્ખાણ લેતી વખતે બીજઆદિ માનવાં પડે, સ્નાત્રાદિમાં બીજઆદિ માનવાં પડે, પૌષધાદિ ન હોય તોપણ ભોજન વખતે અને આખો દિવસ લીલોતરી કે સચિત્ત છોડવામાં બીજઆદિ માનવાં પડે, તિથિએ પ્રતિક્રમણ કરવાં એવી બાધા હોય તો સાંજે બીજઆદિ માનવાં પડે. અબ્રહ્મત્યાગ (બ્રહ્મચર્યપાલન)નો,

રાત્રિભોજનત્યાગનો નિયમ બાર તિથિને અંગે હોય, તેવાં પચ્ચક્ખાણ બાર તિથિને અંગે હોય તો રાત્રે બીજઆદિ માનવાં પડે. તો પછી પડવો અને બીજઆદિ ભેળાં કહેનારે પડવોઆદિને ક્યાં રાખવાં? સ્પષ્ટ થાય છે કે તેવાઓએ માત્ર વચનથી પરંપરા અને શાસ્ત્ર ઉઠાવવા આગ્રહ સેવ્યો છે. વળી પડવો અને બીજઆદિને ભેળાં કહેનાર કે ગણાવનાર શું સાઠેય ઘડી પડવો અને બીજઆદિને ભેળાં ગણાવશે કે? જો સાઠેય ઘડીએ તેમ ગણાવે તો તે દિવસે બીજઆદિ તિથિના નિયમની વિરાધનાનું અર્દ્ધ (અડધું) પ્રાયશ્ચિત ગણશે? જો પ્રાયશ્ચિતને આખું ગણવામાં આવે તો પછી પડવોઆદિ, માત્ર કહેવા સિવાય ક્યાં રહ્યાં? અને અડધી તિથિ અપ્રાયશ્ચિત્તની હતી તેને પ્રાયશ્ચિત્તમાં ગણી કે? વળી જેઓ પુનમના ક્ષયે તેરશને દિવસે પુનમ કરવાનું કહે છે તેઓ શું પુનમ કે અમાવાસ્યા પછી ચૌદશ આવી માનશે? અને જો પુનમ કે અમાવાસ્યા પછી ચૌદશ માને તો તેઓ નહિ રહે લૌકિકમાં કે નહિ રહે શાસ્ત્રીયમાં. વળી તેરશેજ ભૂલવાથી શાસ્ત્રકારે પુનમનો તપ પડવાએ કરવા જણાવ્યું, તેજ જણાવે છે કે ચૌદશે પુનમનું તપ થાય નહિ અને તેનું કારણ માત્ર તેરશે ચૌદશ ન કરી તેજ છે. વળી એથી ચૌદશ અને પુનમ ભેળાં પણ નજ થઈ શકે એમ પણ શું નક્કી નથી થતું? પુનમનું તપ ભૂલી જવાય તો પડવાએ કરવામાં આવે એથી સ્પષ્ટ થયું કે તેરશનો ક્ષય ન થયો એટલે પડવાનો ક્ષય કર્યો, ભૂલ થવાના પ્રસંગે તો વિના ક્ષયે પણ અષ્ટમીઆદિના નિયમમાં બીજે દિવસે કરાય છે: એમાં નવું નથીજ, વળી વાચકવર શ્રીઉમાસ્વાતિજીના સુપ્રસિદ્ધ પ્રઘોષમાં 'पूर्वा तिथिः कार्या' એમ છે એટલે પહેલાંને દિવસે જે અતિથિ હોય તેને તિથિ કરવી એમ જણાવ્યું છે તેને બદલે પુનમ અમાવાસ્યાના ક્ષયે તેનો તપ તેરશે કરનારને તો 'क्षये पूर्वतरा' એમ માનવું પડશે, અને પૂર્વતરા એ પણ પૂર્વાજ છે. વળી એકમઆદિમાંજ બીજઆદિને માનનારાઓને પૂર્વસ્યાં તિથૌ એવો પ્રથમાંતના સ્થાને સપ્તમ્યંતવાળો પ્રઘોષ માનવો પડશે, અને જો

પ્રથમાંત માનશો તો પર્વતિથિ જે બીજઆદિ છે તેના ક્ષયે પડવાઆદિનો ક્ષય માની તે પડવાઆદિનેજ બીજઆદિપણે કરવાં પડશે.

**પ્રશ્ન ૮૪૯**–બીજઆદિના ક્ષયે એકમબીજ ભેળાં બોલવા વિગેરેમાં હરકત છે, પણ બીજઆદિ પર્વતિથિઓની વૃદ્ધિ હોય ત્યારે તેને બેવડી માની પહેલાંની બીજઆદિને ફલ્ગુ બીજ, અભિવર્દ્ધિત બીજ કે બોખા બીજ ગણવામાં શી અડચણ ?

**સમાધાન**–પ્રથમ વ્રતનિયમ આદિ લેનારે વ્રતનિયમ લેતાં બીજ આદિ તિથિના નામે સામાન્યરીતે પચ્ચખ્ખાણ લીધાં હશે તેનો આજ બીજઆદિ છે છતાં મ્હારે વ્રતનિયમ પાળવાં નથી એમ કહેતાં નિયમ-આદિનો ભંગ થશે. માટે ફલ્ગુ અભિવર્દ્ધિત કે બોખાબીજ છોડીને બીજી બીજઆદિએ મ્હારો નિયમ છે.' એમ કહેવું પડશે. વળી શાસ્ત્રોમાં વર્ષનું નામ તો અભિવર્દ્ધિત છે, રૂઢ છે પણ બીજઆદિવૃદ્ધિ પામેલી તિથિનાં 'અભિવર્દ્ધિત' આદિ નામો તો માત્ર વ્યુત્પત્તિથી કલ્પિત છે. રૂઢ નથી. શાસ્ત્રકારો વળી મહિના વધે તેને પણ રૂઢીથી 'અભિવર્દ્ધિત માસ' નથી કહેતા, પણ 'અધિકમાસ' કહે છે. જે જેઓ વધેલી તિથિને અભિવર્દ્ધિતતિથિ કહેવા માંગે છે તેઓએ શાસ્ત્રકારની દૃષ્ટિએ અભિ-વર્દ્ધિત માસ તથા અભિવર્દ્ધિતતિથિનાં લક્ષણ 'સૂર્ય પ્રજ્ઞપ્તિ' 'લોકપ્રકાશ' વિગેરેમાં જોવાં કે જેથી સૂત્રથી વિરૂદ્ધ અને અસત્ય બોલવું ન થાય. શ્રીઉમાસ્વાતિજીના પ્રઘોષમાં 'उत्तरा तिथिः कार्या' એવો સ્પષ્ટ ઉલ્લેખ છે પણ 'उत्तरस्यां' એમ સપ્તમી વિભક્તિના પ્રયોગવાળો લેખ નથી અને તેથીજ પર્વતિથિના ક્ષયે તેની પહેલાંની અપર્વતિથિ પર્વતિથિ તરીકે ગણાય તપાગચ્છની પરંપરા સાથે પુસ્તકોમાં પણ કોઇ કોઇ સ્થળે લેખો છે કે પુનમ અમાવાસ્યાના ક્ષયે તેરશનો ક્ષય કરવો અને વૃદ્ધિએ તેરશની વૃદ્ધિ કરવી એ ઉપરથી સ્પષ્ટ થાય છે કે બીજઆદિ પર્વતિથિની વૃદ્ધિએ તેની પહેલાંની પડવોઆદિ અપર્વતિથિનીજ વૃદ્ધિ કરાય.

**પ્રશ્ન ૮૫૦**–તિથિની વૃદ્ધિ જૈનશાસ્ત્ર પ્રમાણે હોય કે નહિ ?

**સમાધાન**-ચાંદ્રમાસ ૨૯ાા દિવસનો અને કર્મમાસ ૩૦ દિવસનો હોવાથી બાર માસે છ તિથિ ઘટે એ તો બરોબર છે. પણ તિથિ વધવાની વાતો તો જૈનશાસ્ત્રથી વિરૂદ્ધ છે. જો કે કર્મમાસ કરતાં સૂર્યમાસમાં અડધો દિવસ વધારે હોવાથી તિથિ વધે એમ કહેવાય પણ સૂર્યમાસની અપેક્ષાએ એ છે અને સૂર્યમાસ વ્યવહારમાં નથી લેવાતો. વ્યવહારમાં માત્ર કર્મમાસ લેવાય છે. તેથી ટીપણામાં લખાતી તિથિની વૃદ્ધિ શાસ્ત્રોક્ત નથી. વળી તે ઋતુમાસના વર્ષે જે દિવસ છ ઘટ્યા તેનો પાંચ વર્ષે એક મહિનો અને સૂર્યમાસના અડધા દિવસના હિસાબે એક માસ, એમ ગણતાં યુગમાં બે માસ વધે છે, એટલે પણ તિથિની વૃદ્ધિ હોઈ શકે નહિ.

**પ્રશ્ન ૮૫૧**-દરેક વર્ષે સંવત્સરી કરતાં ત્રણસેં સાઠ દિવસ કરીએ એટલે પાંચ વર્ષે ૧૮૦૦ દિવસ થાય અને દિવસ તો ૧૮૩૦ થાય છે તો તે ત્રીશ દિવસની આલોયણનું શું ?

**સમાધાન**-જેમ પાક્ષિક વિગેરે તો સોલ દિવસે હોય છે તોપણ તિથિઓ તો 'પડવો, બીજ'આદિ પન્નરજ હોય છે. વર્ષમાં અધિક હોય છે તો પણ મહિના તો શ્રાવણઆદિ બારજ છે, તેથી 'पन्नरसण्हं दिवसाणं' અને 'बारसण्हं मासाणं' એમ બોલવાથી તે અધિકતિથિ અને અધિક માસ આવી જાય તેવી રીતે ૧૮૩૦ દિવસના માસ વગેરે શ્રાવણાદિ નિયમિત છે અને મિચ્છામિ દુક્કડં કહેતી વખતે બોલાઈ ગયા છે માટે આલોયણ રહી જતી નથી.

**પ્રશ્ન ૮૫૨**-મુખ્યતાએ ઉદય અને સમાપ્તિ બે ન મળે તો સમાપ્તિવાળી તિથિ પ્રમાણમાં લેવી એમ નહિ ?

**સમાધાન**-જો એમ લઈએ તો આઠમના ક્ષયે સાતમને દિવસે સાતમનો ઉદય અને સમાપ્તિ બંને છે, માટે તે સાતમે આઠમ નહિ મનાય, માટેજ શાસ્ત્રકારોએ પર્વતિથિના ક્ષયે પહેલાંની તિથિનેજ પર્વતિથિ કરવી એમ સ્પષ્ટ જણાવ્યું છે. 'પૂર્વની તિથિમાં પર્વતિથિની ક્રિયા

કરવી' એવો અર્થ કરનારા ખોટા છે, કેમકે તે સ્થાને ક્યાંઈ પણ 'पूर्वतिथौ' એવો સાતમી વિભક્તિના પ્રત્યયવાળો પાઠજ નથી, અને બે તિથિને સાથે માનનારા મિશ્રતિથિ માની તિથિવિરાધનાની આલોયણ આપી શકશે નહિ. વળી તત્ત્વતરંગિણીનો પાઠ જે વીરશાસનમાંજ શ્રીજનકવિજયજીએ આપ્યો છે તેમાંજ ચૌદશના ક્ષયે તેરશે ચૌદશજ માનવાનું અને તેરશનું નામ પણ નહિ હોવાનું સ્પષ્ટ જણાવે છે. છતાં તિથિને ભેળી કરીને પ્રગટાવતાં પંચાગોને 'વીરશાસન' અને 'જૈનપ્રવચન' નથી ફેરવતા તે કેવળ તેમનું દુરાગ્રહીપણુંજ છે, પણ શ્રીસંઘ તેમની તેવી સ્થિતિ કેઈ કાલથી જાણે છે તેથી ઘણે ભાગે તો ગોટાળો વળશે નહિ, અને આ વાંચવાથી સાવચેત થશે.

**પ્રશ્ન ૮૫૩**–બીજ, પાંચમઆદિ પર્વતિથિઓનો ક્ષય હોય ત્યારે તો તત્ત્વતરંગિણીઆદિના વચનથી, તેનાથી પહેલાંની પડવા આદિ અપર્વતિથિનો ક્ષય થાય પણ પુનમ કે અમાવાસ્યાના ક્ષયે તેરશનો ક્ષય કેમ કરાય ?

**સમાધાન**–બીજઆદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તે ક્ષયવાળી તિથિની આરાધના ન ઉડે માટે તેના પહેલાંની પડવાઆદિ અપર્વતિથિનો ક્ષય કરવો પડે અને તે પડવાઆદિના દિવસે આખી બીજ માની આરાધના કરાય, પણ જ્યારે પુનમ અને અમાવાસ્યાનો ક્ષય હોય ત્યારે તે પુનમ તથા અમાવાસ્યા પહેલાંની ચૌદશ પણ પર્વતિથિ હોવાથી તેને ઉડાડી દેવાય તો ચૌદશને અંગે સચિત્તત્યાગ, અબ્રહ્મત્યાગ, પૌષધોચ્ચાર વિગેરે તથા પાક્ષિક પણ ઉડી જાય માટે તે વખતે તેરશે ચૌદશ અને ચૌદશે પુનમ કે અમાવાસ્યા કરાય છે, અને તેથીજ પુનમના ક્ષયે માત્ર તે પુનમના તપના પ્રશ્નમાં શ્રીહીરસૂરિજીએ 'त्रयोदशीचतुर्दश्योः' એમ દ્વિવચનપ્રયોગથી ઉત્તર આપ્યો છે. વળી તેરશે ભૂલવાના પ્રસંગે પણ 'प्रतिपद्यपि' એમ કહ્યું, પણ 'चतुर्दशीप्रतिपदोः' એમ દ્વિવચન પ્રયોગથી ઉત્તર આપ્યો નથી, કારણ કે તેરશે ચૌદશ નથી કરી એટલે ચૌદશે

ચૌદશ અને પડવાએજ પુનમ કરવી પડે. જેઓ ક્ષીણપર્વતિથિને ભેળી કરી દે છે તેઓના મતે તો 'તેરશે ભૂલાતાં ચૌદશે' એમ કહેવું પડત. એકઠાં ચૌદશે કરવાની અપેક્ષાએ તો પ્રથમ જ 'पूर्वस्यां' એમ પાંચમના ક્ષયની માફક કહેવું પડત, વળી છઠ્ઠને અંગે પણ જો આ પ્રશ્ન હોત તો જરૂર 'त्रयोदशीचतुर्दश्योः'ની માફક 'चतुर्दशीप्रतिपदोः' એમજ તેરશે ભૂલના પ્રસંગે પણ કહેવું પડત, પણ તેરશે ચૌદશ નક્કી એટલેજ ચૌદશે ચૌદશ રહી અને પડવાએ પુનમ કરવી પડી. જેમ તેરશે પુનમ ન થાય તેમ ચૌદશે પુનમ કરી પડવાએ ચૌદશ પણ ન જ થાય માટે ક્ષીણપર્વની પહેલાં જો પર્વ હોય તો તે પર્વથી પણ પહેલાંની અપર્વતિથિનો ક્ષય કરી બન્ને પર્વને આરાધવાંજ જોઈએ.

**પ્રશ્ન ૮૫૪**-પુનમ અને અમાવાસ્યાની વૃદ્ધિએ તેરશ વધારવાથી ન તો બીજી તેરશે ચૌદશનો અને કરાતી ચૌદશે પણ ચૌદશનો ઉદય, સમાપ્તિ કે ભોગવટો પણ નથી તેનું કેમ ?

**સમાધાન**-ઉદયનો અધિકાર શ્રીશ્રાદ્ધવિધિ વિગેરેમાં, પહેલાં લઈ તેની પછી ક્ષયવૃદ્ધિનું પ્રકરણ લીધું છે માટે ક્ષયવૃદ્ધિ પ્રસંગમાં ઉદય વિગેરે જોવાય નહિ. જેઓ બે પુનમો માનશે તેઓ ચૌમાસી છઠ્ઠ કેમ કરશે ? કાર્તિક પુનમનો વિહાર કેમ નહિ કરે ?

**પ્રશ્ન ૮૫૫**-જે વખત બીજઆદિ તિથિનો ક્ષય હોય ત્યારે તો ઉદયવાળી ન હોય અને તેથી તેના કરતાં પહેલાંની ઉદયવાળી પડવા-આદિ અપર્વતિથિને બીજઆદિ માની લેવી, પણ પુનમ અને અમા-વાસ્યાના ક્ષયે પહેલાંની ચૌદશ તો ઉદયવાળી છે તેને કેમ પલટાવવી ?

**સમાધાન**-પુનમ અને અમાવાસ્યાના ક્ષયની વખતે ચૌદશ ઉદયવાળી છે પણ પુનમ અને અમાવાસ્યાનો ક્ષય હોવાથી તે પુનમ અને અમાવાસ્યાની આરાધના ઉડી જાય છે, માટે તેવા પ્રસંગે તિથિની આરાધના માટે ઉદયને ગૌણ કરી આરાધનાને ટકાવાય છે શું ઉદયયાળી ચૌદશ છે ? તેમ જ્યારે બીજી તિથિઓનો ક્ષય હોય છે

ત્યારે તેના પહેલાંની તિથિ ઉદય કે ઉદયયુક્ત સમાપ્તિવાળી નથી હોતી ? અને હોય છે છતાં પર્વની આરાધનાના માટે તે પડવાઆદિના ઉદયની ઉપેક્ષા કરી તો અહીં પુનમના પર્વને ટકાવવા માટે ચૌદશના ઉદયની ઉપેક્ષા કરવી પડે અને તેરશે ચૌદશ અને ચૌદશે પુનમ કે અમાવાસ્યા કરવી પડે. વળી જેઓ એકમ-બીજ આદિ એકઠાં કરે છે તેઓ શું ચૌદશ-પુનમ કે ચૌદશ-અમાસ એકઠાં માનશે ? અને માને તો બે દિવસના આખા દિવસના સચિત્તત્યાગનો કે પૌષધઆદિ કરવાનો નિયમ એક વખત ઉડાવી દેશે ? અને જો નહિ ઉડાવે તો ચૌદશે કરેલો સચિત્તત્યાગ શું ચૌદશનો કહેશે કે પુનમ અમાવાસ્યાનો કહેશે ? આ વસ્તુસ્થિતિ વિચારતાં જો બે પર્વ સાથે આવે તો બેમાંથી કોઈના પણ ક્ષયે તેનાથી પહેલાંની અપર્વતિથિનો ક્ષયજ કરવો પડે, અર્થાત્ ક્ષય અને વૃદ્ધિના પ્રસંગ સિવાય ઉદયવાળી તિથિ લેવી એ નિયમ છે. જોડકા-પર્વમાં ક્ષય વખતે ભોગવટાની હયાતી લેવી, અને વૃદ્ધિમાં પર્વનો ક્રમ લેવો.

**પ્રશ્ન ૮૫૬**-તત્ત્વતરંગિણીમાં ક્ષય કે વૃદ્ધિમાં સમાપ્તિવાળી તિથિ લેવા લખ્યું છે તે કેમ ?

**સમાધાન**-તિથિની વૃદ્ધિ-હાનિ ન હોય ત્યારે જેમ ઉદયવાળી તિથિ લેવાનું લખ્યું છે, પણ પર્વતિથિનો ક્ષય આવે ત્યારે તે ઉદયનો નિયમ નથી રહેતો, તેની રીતે એકવડી પર્વતિથિ હોય અને તેની વૃદ્ધિ-હાનિ થઈ હોય તો ક્ષીણમાં ઉદય મળે નહિ અને વૃદ્ધિમાં બે ઉદય હોય માટે સમાપ્તિ લેવાય, પણ જ્યાં બે પર્વ સાથે હોય અને બીજા પર્વની તિથિનો ક્ષય હોય તો તે સમાપ્તિનો અધિકાર લઈ શકાય નહિ. ધ્યાન રાખવું કે-અપર્વતિથિનાં ઉદય અને સમાપ્તિ એ બંને છતાં તેને ગણી નથી માટે બીજી અપર્વતિથિ બેવડાય ત્યારે ઉદય કે કે સમાપ્તિ કરતાં ભોગવટાનો સદ્‌ભાવ હોવો જોઇએ.

**પ્રશ્ન ૮૫૭**-શ્રીજિનેશ્વરભગવાનની પૂજા, શ્રીગુરૂમહારાજના પ્રવેશ મહોત્સવો (સામૈયાં) અને સાધર્મિકની ભક્તિ વિગેરે કાર્યોમાં જીવોની હિંસા

થાય છે કે નહિ ? જો હિંસા થાય છે તો તેમાં પાપ લાગે છે કે નહિ ? અને જો એ હિંસામાં પાપ ન લાગે તો યજ્ઞાદિની હિંસામાં પાપ કેમ લાગે ?

**સમાધાન**–શ્રીજિનેશ્વરમહારાજની પૂજા વિગેરેમાં સ્થાવર જીવોનો વધ થાય છે, પણ પ્રમત્તયોગ એટલે વિષયકષાયાદિના લીધે થયેલ પ્રાણવધમાં હિંસા ગણાય છે. અને તેથીજ તત્વાર્થકાર મહારાજ 'प्रमत्तयोगात् प्राणव्यपरोवणं हिंसा' એમ કહી પ્રમત્તયોગથી થતા પ્રાણોના નાશને હિંસા જણાવે છે. અને આજ કારણથી સાધુને નદીઆદિ ઉતરવાની અને શ્રાવકોને ભગવાનની પૂજાદિક કરવાની શાસ્ત્રકારોએ આજ્ઞા આપેલી છે જો તે નદી ઉતરવામાં અને પૂજા કરવા વિગેરેમાં હિંસા માનીએ અને તેમાં પાપ માનીએ તો તો પછી શાસ્ત્રકારો પાપ કાર્યોનો ઉપદેશ આપનારા ગણાય. 'પાપ નહિ થવા છતાં ભગવાનની પૂજા સાધુઓ કેમ નથી કરતા ? એવો પ્રશ્ન કરવામાં આવે તો તેના ઉત્તરમાં સમજવાનું કે–તે પૂજા, સાધુપણાની પ્રાપ્તિ માટે છે, જેને માટે પૂજા છે તેની પ્રાપ્તિ તો સાધુઓને થઈ ગઈ છે માટે નિરોગી મનુષ્યે જેમ મફતીઉં ઔષધ પણ લેવાનું હોય નહિ તેમ સાધુઓ માટે પૂજાની જરૂર નથી. વળી સાધુને સંયમની સાધના સિવાયના કૃત્યથી દ્રવ્યહિંસા કરવી એ પણ વ્યાજબી ગણાયજ નહિ, તેથી પણ ભગવાનની દ્રવ્યપૂજામાં સાધુ પ્રવર્તતા નથી. શ્રાવકોને પણ પૂજાદિ કરતાં દ્રવ્યહિંસાદિ થાય છે પણ તેનાથી કર્મ આવવાની વખતે, મોક્ષમાર્ગના સાધનની બુદ્ધિથી પૂજા કરેલી હોવાથી, પાપકર્મ લાગતાં નથી, અને વળી પૂજા કર્યા પછીના શુભભાવથી તે આરંભાદિથી થયેલ કદાચ પાપ હોય તો તે નિર્મૂલ નાશ પામે છે, અને પુણ્યકર્મનો બંધ કરે છે. આટલું છતાં જેઓ સંસારમાં માટી, મીઠાનો, કાચા પાણીનો, દીવા વિગેરે અગ્નિનો અને વનસ્પતિનો ઉપયોગ, પાપના ભયથી ન કરતા હોય અને એકેન્દ્રિયની દયામાં પરિણમેલા હોઈ સાધુપણાની ભાવનામાં લીન હોય તો, તેવાઓ દ્રવ્યપૂજા ન કરે એમ શાસ્ત્રકારો પણ સ્પષ્ટપણે જણાવે છે. અને તેથીજ સામાયિક અને

પૌષધઆદિમાં શ્રાવકને પણ દ્રવ્યપૂજા કરવાનો નિષેધજ છે. યજ્ઞાદિ કાર્યો ઋદ્ધિપ્રાપ્તિ આદિને માટે કરાય છે. કોઈપણ યજ્ઞ મોક્ષને માટે હોતો નથી, અને હોય પણ નહિ, તેથી યજ્ઞ એ ત્રસ અને સ્થાવરની હિંસામય હોવાથી પાપ તથા મિથ્યાત્વથી ભરેલ છે. વળી કોઈપણ ધર્મી જીવ ત્રસ જીવોની હિંસાને અંગે દયા વિનાનો હોય નહિ, તેથી યજ્ઞાદિકમાં કરાતી ત્રસની હિંસા પાપબુદ્ધિ અને પાપ વિનાની હોયજ નહિ.

**પ્રશ્ન ૮૫૮**–પાણી વિનાનું વધારેલું શાક બીજે દિવસે વાસી ગણાય કે ?

**સમાધાન**–અન્ય પાણી ન લાગ્યું હોય તો પણ તે જો વધારવાથી સુકું થાય તોજ વાસી ન ગણાય.

**પ્રશ્ન ૮૫૯**–જેમ આદુ સુકવીને ઉપયોગમાં લેવામાં આવે છે તેમ બટાકા, સક્કરીયાં આદિને સુકવીને ઉપયોગમાં લઈ શકાય ?

**સમાધાન**–આદુ વિગેરેનો ઔષધ માફકજ ઉપયોગ થાય છે. જ્યારે બટાકા વગેરેનો તો શાક અને ખોરાક તરીકે ઉપયોગ થાય છે માટે હિંસાનો પ્રસંગ દેખીને તે સુકા બટાકા આદિ ન લેવાય.

**પ્રશ્ન ૮૬૦**–જ્યાં સુધી પોતાનો વિવાહ ન કર્યો હોય ત્યાં સુધીમાં 'સર્વ કુમારિકાઓને પોતાની બહેન સમાન માનવી' એવો નિયમ લીધો હોય તો પછી ભવિષ્યમાં તેમાંથી કોઈની પણ સાથે વિવાહ શી રીતે થઈ શકે ?

**સમાધાન**–જેમ ભાષણ સાંભળવા આવેલી સ્ત્રીઓમાં વક્તાની પોતાની પત્ની પણ હાજર હોય છતાં વક્તા તો 'માતાઓ, બહેનો' એમ સમુદાયને સંબોધીનેજ બોલે છે, અને તેથી તેને દોષ લાગી જતો નથી તેવી રીતે સમુદાયે કુમારિકાઓને બહેન કહી હોય તો પણ પછીથી વિવાહ થાય તેથી તે ભગિનીગમનના દોષનો ભાગી નથી. તે મનુષ્ય 'હું વિવાહ નહિ કરૂં'' એમ ધારીને કાંઈ સર્વ કુમારિકાઓને બહેનો કહેતો નથી.

**પ્રશ્ન ૮૬૧**–રજસ્વલા સ્ત્રીને અડકવામાં ધાર્મિક દૃષ્ટિએ દોષ કેવી રીતે ?

**સમાધાન**-સાધુ આદિના સ્વાધ્યાયને અંગે પણ 'ચોવીશ પહોર સુધી સો ડગલામાં રજસ્વલા ન જોઇએ' એમ શાસ્ત્રકારો જણાવે છે, તથા રજસ્વલા સાધ્વીને પણ ઋતુના ત્રણ દિવસ સ્વાધ્યાય વર્જવાનું જણાવે છે. આથી રજસ્વલા સ્ત્રીનું અશુચિપણું સ્પષ્ટ છે, તેથી અશૌચથી દૂર રહેવું ઉચિત છે. સમુચિત છે. વહાણ, પાપડ, તેમજ આંખ આવી હોય ત્યારે તે તમામ ઉપર છાયા પડવા વિગેરેથી થતું નુકશાન સ્પષ્ટપણે જાણનારો મનુષ્ય રજસ્વલાને અસ્પૃશ્ય કેમ ન ગણે ?

**પ્રશ્ન ૮૬૨**-ટીપણામાં આરાધવા લાયક પર્વ તિથિનો ક્ષય આવે છે, પણ જૈન જ્યોતિષની ગણતરીએ પર્વ તિથિનો ક્ષય આવે કે નહિ ?

**સમાધાન**-શ્રીસૂર્યપ્રજ્ઞપ્તિ, જ્યોતિષ્કરણ્ડક, શ્રીસ્થાનાંગસૂત્ર અને લોકપ્રકાશ આદિ શાસ્ત્રોમાં ભાદરવા વિગેરેમાં અવમરાત્ર જણાવી એકમથી માંડીને બધી તિથિઓનો ક્ષય જણાવેલો છે, તેથી એકલા લૌકિક ટીપણામાં જ તિથિઓનો ક્ષય આવે છે એમ નહિ પણ જૈન જ્યોતિષને હિસાબે પણ પંદરે તિથિઓમાંથી કોઈ પણ તિથિનો ક્ષય હોય એમ માનવુંજ જોઇએ. એમ તો ખરૂં છે કે-જેવી રીતે લૌકિક ટિપણામાં કોઈ પણ વખતે કોઈ પણ તિથિ ક્ષય થાય છે તેમ જૈન જ્યોતિષમાં અનિયમિતપણે તિથિઓનો ક્ષય થતો નહોતો, પરંતુ અમુક મહિને અમુક તિથિનોજ ક્ષય થાય એમ નિયમિત હતું, અને કર્મમાસમાં તિથિ કે પર્વતિથિ એક્કેની વૃદ્ધિ થાય નહિ.

**પ્રશ્ન ૮૬૩**-જૈન ટીપણાના અભાવે લૌકિક ટીપણાના આધારે તિથિઓ અત્યારે મનાય છે કે પહેલાં પણ મનાતી હતી ?

**સમાધાન**-પ્રાચીન ગ્રંથોમાં જે એમ લખે છે કે 'હમણાં જૈન ટીપણું નથી, એ ઉપરથી કેટલાકો એમ કહે છે કે-પહેલાં જૈન ટીપણું પ્રવર્તતું હતું, પણ મૂળ સૂત્રોમાં આષાઢ આદિ મહિનાનો અને તિથિઓનો વ્યવહાર હોવાથી પ્રથમ પણ વ્યવહાર લૌકિક ટીપણાને અંગે હોવો જોઈએ એમ કહી શકાય. કોઈ પણ ચરિત્રમાં કોઈ પણ પ્રસંગે કે કોઈ પણ

કલ્યાણકના પ્રસંગમાં જૈમોના માસ કે દિનનો વ્યવહાર સૂત્રકારોએ કે પંચાંગીકારોએ કરેલોજ નથી. ફક્ત ભગવાન્ શ્રીમહાવીરમહારાજના નિર્વાણના અધિકારમાંજ વર્ષ, માસ, તિથિનાં નામો જૈન જ્યોતિષના હિસાબે જણાવવામાં આવ્યાં છે પણ તેમાં પણ વ્યવહાર તો કાર્તિક વદ અમાવાસ્યાને નામેજ કરેલો હોવાથી વ્યવહારમાં લૌકિક ટીપણાનીજ પ્રાધાન્યતા જણાવી છે.

**પ્રશ્ન ૮૬૪**-રામવિજયજીના નવામતવાળાઓ સિદ્ધચક્રમાં બે ચૌદશ અને બે અમાવાસ્યા લખ્યા છે એમ કહે છે એનું શું?

**સમાધાન**-પ્રશ્ન ૭૬૧ માં બે ચૌદશ અને બે અમાવાસ્યા છે એમ આગળ કરીને રામટોળીના નવામતવાળાઓ શાસનપક્ષના જીવોને ભરમાવે છે પરંતુ તે તેઓની નાલાયકાત છે. કારણ કે શાસનપક્ષે કોઈ પણ દિવસ પર્વ આરાધનામાં બે આઠમ, બે ચૌદશ, બે પુનમ આદિ માની નથી અને મનાવી નથી. હીરપ્રશ્નમાં જે પ્રશ્ન ને ઉત્તર છે તે ટીપણામાં આવતી ચૌદશ અને અમાવાસ્યાની વૃદ્ધિની અપેક્ષાએ છે અને શ્રીસિદ્ધચક્રમાં છઠ્ઠ કરવાની તિથિનો અનિયમ જણાવવા માટે ટીપણાની તિથિની અપેક્ષાએ તે કહેવામાં આવેલું છે. અને તે વાત નવા મતવાલાના બધા આત્માઓ જાણે એવી સ્પષ્ટ છે છતાં માયામૃષાવાદને નોતરું દઈને સમકિતને સળગાવી દેનારની તે સ્થિતિ હોય તેમાં નવાઈ નથી. પણ શાસનપ્રેમીઓએ તેવાથી સાવચેત રહેવું.

**પ્રશ્ન ૮૬૫**-રાત્રિને પહેલે, બીજે, ત્રીજે અને ચોથે પહોરે સ્વપ્ન દેખાય તો બાર, છ, ત્રણ તથા એક માસે, એવા ક્રમે ફલ આપે છે. એમ કહેવાય છે, તો પછી ભગવાન્ મહાવીરમહારાજે જણાવેલાં હસ્તિપાલ રાજાનાં દશ સ્વપ્નોનાં ફલો ચિરકાલે કેમ થયાં?

**સમાધાન**-એ જણાવેલો ફલાદેશનો કાલ અનિયમિત જાણવો એ ફલ પ્રાયઃ જાણવું. ફળ તે મુજબ થાય પણ, વહેલું કે મોડું પણ થાય. ભગવાનની માતાને આવતાં ચૌદ સ્વપ્નોનું ફલ નવ માસ પહેલાં હોતું

નથી અને તે સ્વપ્નાં ત્રીજે પહોરે હોય છે. વળી તે સ્વપ્નો સ્વપ્રત્યે છતાં પરમે દેનાર થાય છે. હસ્તિપાલનાં સ્વપ્નો તો આખા શાસનમાં કાલે ફલવાળાં છે. લોઢાના ઢગલા વિગેરેની ઉપર ચઢવા આદિનાં સ્વપ્નાં ભવાંતરોએ ફલ દેનાર પણ હોય છે.

**પ્રશ્ન ૮૬૬**–'उदयंमि' આદિ ગાથાઓથી પર્વતિથિ ઉદયવાળી પણ હોય તે કરવી, બેસતી ન કરવી, એમ નક્કી કરાય પણ 'क्षये पूर्वा तिथिः कार्या' એ વાક્ય શા માટે? કેમકે એવા વાક્ય ન હોત પણ ક્ષય પામેલી તિથિ પહેલે દિવસેજ હોય અને તેથી તેની આરાધના પહેલે દિવસેજ થાત.

**સમાધાન**–બીજ આદિ પર્વતિથિઓ ક્ષય પામેલી હોય ત્યારે પહેલે દિવસેજ હોય એ બરોબર છે, પણ તે ક્ષીણ થયેલ પર્વતિથિ પહેલે દિવસ આખી હોય નહિ, અને ઉદયવાળી પણ હોય નહિ, તેથી 'क्षये पूर्वा' એમ વિધાન કરી જણાવ્યું કે–ઉદયવાળી પહેલાંની તિથિ જે હોય તેને પર્વતિથિ કરવી, અર્થાત્ ઉદય અને સમાપ્તિવાળી છતાં પણ અપર્વતિથિનો ક્ષય ગણી એ અપર્વતિથિનેજ પર્વતિથિ કરવી. આ વિધાન માટે આ વાકય ગણાય, નહિતર તો પહેલાંની તિથિમાં ભેળી પર્વતિથિ કરવી હોત તો 'क्षये पूर्वा' કહેવાની જરૂરજ નહોતી. પૂર્વની અપર્વતિથિનો ક્ષય કરવો એ ફલિતાર્થ છે છતાં તેને વાચ્યાર્થ તરીકે લેવા જાય તો કુતર્ક કરનારજ ગણાય.

**પ્રશ્ન ૮૬૭**–સમ્યક્ત્વ અને જ્ઞાન બંને સાથે થાય છે તો તેમાં પરસ્પર ઉપકાર્યઉપકારકભાવ કેમ ઘટી શકે?

**સમાધાન**–જેમ ત્રિકાષ્ઠિકામાં પરસ્પર ઉપકાર્યઉપકારકભાવ છે તેમ એક સાથે થનારા સમ્યક્ત્વ અને જ્ઞાનને પણ પરસ્પર ઉપકાર્ય-ઉપકારકભાવ થાય.

**પ્રશ્ન ૮૬૮**–જીવને સ્વભાવે એકજ જાતનો ઉપયોગ હોય છે, તેથી મતિજ્ઞાનાદિ અને ચક્ષુદર્શનાદિનો સાથે એટલે એકી સાથે ઉપયોગ

ન હોય, પણ સમ્યક્ત્વનો અને ચારિત્રનો ઉપયોગ જ્ઞાન સાથે થશે ત્યારે અનેક ઉપયોગ થશે તેનું કેમ ?

**સમાધાન**–ધ્યાન રાખવાની જરૂર છે કે–જીવના સ્વભાવરૂપ ઉપયોગના સાકાર અને નિરાકાર એવા બે અને મતિજ્ઞાનાદિ તથા ચક્ષુદર્શનાદિ આઠ અને ચાર એમ બાર અનુક્રમે ભેદ અને પ્રભેદો છે, એટલે સમ્યક્ત્વ અને ચારિત્ર એ નથી તો ઉપયોગના ભેદ નથી તો પ્રભેદો, પણ તત્વશ્રદ્ધાના કારણભૂત આત્માધ્યવસાય કે પાપની પ્રવૃત્તિને પાપ-પ્રવૃત્તિ તરીકે મનાવનાર તથા પરિણતિને રોકવાવાળા પરિણામયુક્ત આત્માધ્યવસાયવાળો અને વિશિષ્ટ એવો મતિજ્ઞાનાદિકનો એકજ ઉપયોગ જીવને હોય છે.

**પ્રશ્ન ૮૬૯**–જેમ સમ્યગ્દષ્ટિના પરિગ્રહથી મત્યાદિજ્ઞાનનું સમ્યક્પણું કહેવાય છે તેમ ચક્ષુઆદિદર્શનનું સમ્યક્પણું કેમ નથી કહેવાતું ?

**સમાધાન**–ધ્યાન રાખવાની જરૂર છે કે–દર્શન એ નિરાકાર કે અવ્યક્ત સ્વરૂપ છે અને તેથી તેમાં સમ્યક્ત્વ કે મિથ્યાત્વના પરિગ્રહથી વિશિષ્ટતા ન આવે કેમકે પોતેજ નિર્વિશેષ છે, અને તેથી ચક્ષુઆદિ દર્શનોનો સમ્યગ્ કે અસમ્યગ્ એવો વિભાગ ન હોય. તત્કાલ ગર્ભમાં આવેલા જીવના શરીરમાં સ્ત્રી કે પુરૂષપદનાં ચિહ્નો નથી હોતાં પણ તે અંગોપાંગની સ્પષ્ટતામાંજ થાય છે.

**પ્રશ્ન ૮૭૦**–એક ઉપવાસને અંગે તો શ્રીતપાગચ્છવાળાઓ અને ખરતરગચ્છવાળાઓને પચ્ચખ્ખાણમાં ફરક નથી, અર્થાત્ બંને એક સરખી માન્યતા ધરાવે છે પણ તપાગચ્છવાળાઓ છઠ્ઠ અઠ્ઠમઆદિ કરવાં હોય ત્યારે પહેલે દિવસે છઠ્ઠ અઠ્ઠમઆદિનાં પચ્ચખ્ખાણ લે છે અને ખતરગચ્છવાળાઓ હમેશાં એક એક ઉપવાસનાં પચ્ચખ્ખાણ લે છે, અને તેમાં બીજે દિવસે છઠ્ઠ, ત્રીજે દિવસે અઠ્ઠમ, ચોથે દિવસે દશમ વિગેરે રીતે ગણે છે, તો શાસ્ત્રાનુસારી શું સમજવું ?

**સમાધાન**-પ્રથમ તો શ્રીપંચવસ્તુઆદિ પ્રૌઢગ્રંથોમાં રાત્રિ પ્રતિક્રમણના અધિકારમાં, છમાસના તપ સુધીમાં જે તપ કરવો હોય તે તપ ધારીને, કાઉસ્સગ્ગ પારી ચિંતવેલા તપમાં પચ્ચખ્ખાણ લેવાનું જણાવે છે. વળી શ્રીઆવશ્યકમાં શ્રીહરિભદ્રસૂરિજી અઠ્ઠમ અને અઠ્ઠમનું કોટીબદ્ધ પચ્ચખ્ખાણ જણાવતાં અઠ્ઠમ અઠ્ઠમની કોટી મેળવવાનું જણાવે છે. વળી શ્રીભગવતીજી, જ્ઞાતાસૂત્ર, વિપાક અને અંતગડ વગેરે સૂત્રોમાં આદ્ય દિવસેજ અઠ્ઠમ ગ્રહણ કર્યાના અધિકારો ઘણે સ્થાને છે. ખરતરગચ્છવાળા તરફથી કહેવામાં આવે છે કે જો પહેલા દિવસથીજ છઠ્ઠ અઠ્ઠમઆદિનાં પચ્ચખ્ખાણ દેવા-લેવામાં આવે તો શ્રીકલ્પસૂત્ર વિગેરેમાં છઠ્ઠ અને અઠ્ઠમ આદિને માટે કહેલાં જે પાણી છે તે પહેલે દિવસથી વાપરવાનાં થાય પણ તેઓનું આ કથન ચાલી શકે તેમ નથી કારણ કે પ્રથમ તો જે જે ઉપવાસ છઠ્ઠ અને અઠ્ઠમ આદિને માટે પાણી જણાવ્યાં છે તે પહેલાંનાં ઉપવાસ આદિનાં પાણી છઠ્ઠ અઠ્ઠમ આદિની તપસ્યાવાળાને લાયક નથી, પણ આગળની છઠ્ઠ અઠ્ઠમ આદિ તપસ્યાવાળા માટે કહેલાં પાણી પહેલાંની ઉપવાસની તપસ્યામાં ન લેવાં એમ નથી, કેમકે જો એમ માનીએ તો એક બે ઉપવાસવાળાએ અષ્ટમ આદિમાં લેવાનું શુદ્ધ ઉષ્ણ પાણી વપરાય નહિ એમ માનવું પડે ખરી રીતે તો એ શ્રીકલ્પસૂત્રનો પાઠ ચોમાસામાં લાગલાગટ ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમઆદિ કરનારા માટે છે, વળી ખરતરો શ્રાવકોને પાણીના છ આગાર તો લેવાના માનતાજ નથી તો પછી શ્રાવકની અપેક્ષાએ તો પાણીના ફરકથી છઠ્ઠ, અઠ્ઠમઆદિ ન કરવા, એમ રહેતુંજ નથી, વળી ભગવાન્ શ્રીઅભયદેવસૂરિજી કે જેઓ ખરતરગચ્છના નથી, એટલું જ નહિ પણ જેઓની વખતે ખરતરગચ્છની ઉત્પત્તિજ નહોતી, છતાં એ મહાપુરૂષના નામે જિનવલ્લભે પોતાની મહત્તા સ્થાપી તથા ખરતરવાળાઓ તેઓશ્રીના નામે પોતાના ગચ્છની મહત્તા જણાવે છે, અને તેને લીધે જ શ્રીઉપદેશસપ્તતિમાં

'येभ्यः प्रतिष्ठामापन्नो गच्छः खरतराभिधः । અર્થાત્ ખરતરગચ્છ-વાળાઓ, જે શ્રીઅભયદેવસૂરિજીના નામથી પોતાના ગચ્છની પ્રતિષ્ઠા

વધારવા માગે છે, તેઓજ શ્રીઅભયદેવસૂરિજી ભગવાન્ તો શ્રીભગવતીજી વૃત્તિમાં તો સ્પષ્ટ જણાવે છે કે-

चतुर्थं भक्तं यावद् भक्तं त्यज्यते यत्र तत् चतुर्थभक्तं, इयं चोपवासस्य संज्ञा एवं षष्ठादिकमुपवासद्वयादेरिति ( श० २ अ-१ ) આ વચનથી સ્પષ્ટ જણાવે છે કે-પ્રથમથી ચોથા, છટ્ઠા, આઠમા અને દશમા આદિ ભક્તોનાં પચ્ચખ્ખાણો કરાય અને એવી રીતે સામટાં ભક્તો છોડાતાં હોવાથીજ છઠ્ઠ અઠ્ઠમઆદિનાં સાથે પચ્ચખ્ખાણો દેવાં લેવાં તે શાસ્ત્રીય છે.

**પ્રશ્ન ૮૭૧**-ત્રેસઠ શલાકા પુરૂષોમાં કઈ કઈ પદવીઓ એકથી વધારે વખત આવી શકે ?

**સમાધાન**-ફક્ત ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્‌ની પદવી ભવચક્રમાં એકજ વખત આવે; બાકી ચક્રવર્તિપણા વિગેરેની પદવીઓ ભવચક્રમાં ઘણી વખત આવી શકે છે. આજ કારણથી જિનનામકર્મને નિકાચતી વખતજ 'तइयभवोसक्कइत्ता णं' એવો નિયમ નિર્યુક્તિકાર મહારાજા વિગેરે સ્પષ્ટ શબ્દોથી જણાવે છે. અર્થાત્ સંસારચક્રને ત્રણ ભવ જેટલો બાકી રહે તેવું કરીનેજ જિનનામકર્મને નિકાચિત કરી શકાય એટલે નક્કી થયું કે તીર્થંકર પદવી તો ભવચક્રમાં એકજ વખત અને અને અંત્ય ભવમાજ હોય પરંતુ ચક્રવર્તિપણું આદિ પદવીઓના બંધ વખતે સંસારને ઓછો કરવાનો નિયમ ન હોવાથી તે પદવીઓ ભવચક્રમાં ઘણી વખત પણ આવી શકે, આજ કારણથી શ્રીભગવતીસૂત્રમાં દેવાધિદેવપણાનું આંતરૂં જણાવ્યું નથી પણ નરદેવપણાનું એટલે ચક્રવર્તિપણાનું આંતરૂં એક જીવની અપેક્ષાએ જણાવેલું છે.

**પ્રશ્ન ૮૭૨**-ભગવાન્ શ્રીજિનેશ્વર મહારાજાઓ તો તદ્દભવેજ મોક્ષે જાય છે પણ ચક્રવર્તિઓ તથા બલદેવો તો મોક્ષે પણ જાય અને સદ્દગતિએ જાય તો દેવલોકે પણ જાય અને ચક્રવર્તી જો ચક્રવર્તિપણું છોડીને ત્યાગી ન બને તો તે નરકે પણ જાય તથા વાસુદેવો અને પ્રતિવાસુદેવો તો નરકેજ જાય. એ વાત શાસ્ત્રસિદ્ધ છતાં તે તીર્થંકરપણા

સિવાયની ચક્રવર્તીપણા આદિની પદવીઓને ધારણ કરનારાઓ માટે ભવોની સંખ્યાનો નિયમ ખરો કે નહિ? પંદર ભવોથી વધારે ભવો ચક્રી વગેરે ન કરે એમ કેટલાકો કહે છે તે ખરૂં છે?

**સમાધાન**–જો કે વર્તમાન અવસર્પિણીના ત્રેસઠશલાકાપુરૂષોમાં એકની એક પદવી બે વખત કોઈ પણ જીવને આવી (મળી)નથી, પરંતુ સર્વકાલ માટે એવો નિયમ કરાતો નથી કે એકની એક પદવી એક જીવને બીજી વખત ન જ આવે. શ્રીભગવતીસૂત્રમાં કંઈક અધિક સમય, સાગરોપમના આંતરે બીજી વખત ચક્રવર્તીપણું પ્રાપ્ત થાય, એમ સ્પષ્ટ જણાવે છે. વળી તેજ સ્થાને ઉત્કૃષ્ટ અંતર અપાર્દ્ધપુદ્ગલપરાવર્તનું જણાવે છે તેથી એમ માની શકાય કે ચક્રવર્તી થયા પછી પંદરભવે ચક્રવર્તી આદિ મોક્ષે જાય એવું નિયમથી નથી.

**પ્રશ્ન ૮૭૩**–ચક્રવર્તીપણું આદિ પામ્યા પછી ફેર (ફરી) પણ ચક્રવર્તીપણું આદિ અપાર્દ્ધપુદ્ગલપરાવર્ત પછી પામે તો શું ચક્રવર્તીપણું પામીને તિર્યંચાદિગતિમાં જાય? ત્રેસઠશલાકાપુરૂષ થયા પછી કોઈ પણ તિર્યંચની ગતિમાં ન જાય એવો નિયમ નહિ ગણવો?

**સમાધાન**–પ્રથમ તો ભગવતીસૂત્રમાં જણાવેલ અપાર્દ્ધપુદ્ગલ-પરાવર્તનું અંતર તિર્યંચની ગતિમાં ગયા સિવાય પુરૂં થાયજ નહિ ભગવાન્ શ્રી મહાવીર મહારાજનો જીવ, ત્રિપૃષ્ઠ વાસુદેવ થયા પછી ત્યાંથી નરકે જઈ સિંહ થયા છે અને પછી પણ અનેક ભવો તિર્યંચના કર્યા છે. ત્રિપૃષ્ઠ વાસુદેવનો ભવ તથા છેલ્લો ભવ તીર્થંકરનો ભવ (શ્રી મહાવીર મહારાજ તરીકેનો ભવ), એ બે ભવ વચ્ચે સો સાગરોપમ જેટલું અંતર ગણાય, તેમાં દેવલોક અને નરકના તો એંશી સાગરોપમ થાય, તો તે સિવાય બાકીનો કાલ પૂરવા તિર્યંચ ગતિમાં જાય એ રીતે શાસ્ત્રકાર પણ તિર્યંચભવો ગણાવે છે.

**પ્રશ્ન ૮૯૪**–શ્રીમહાવીરમહારાજાએ નંદનઋષિના ભવમાં એક લાખ વર્ષ સુધી સાધુપણું પાળ્યું. અને તેમાં અગીયાર લાખ એંશી

હજાર છસેં પિસ્તાલીસ ૧૧૮૦૬૪૫ માસખમણ કર્યાં તે શી રીતે ? કેમકે લાખ વર્ષના બાર લાખ મહિના થાય, પણ માસખમણના અને તેના પારણાંના દિવસના મહિના ૧૨૧૯૯૯૯ ને દિન ૨૫ થાય તે કેમ મળે ?

**સમાધાન**–જો કે ઋતુ અગર કર્મ નામના મહિનાને હિસાબે વર્ષમાં બાર માસ હોય છે, પણ જે પાંચ વર્ષે બે માસ વધે છે. તેમાં દરેક વર્ષે છ તિથિઓ ઘટતી હોવાથી એક માસ તો પડતી તિથિઓને પેટે પાંચ વર્ષમાં જાય, પણ બીજો એક મહિનો વધારે થાય તેના દિવસોને પાંચ વર્ષને હિસાબે લઇએ તો દરેક વર્ષે ૬ દિવસ વધી ૩૬૬ દિવસ થાય તેથી છ લાખ દિવસ થાય અથવા વીસ હજાર મહિના વધે અને તેથી બાર લાખ અને વીસ હજાર મહિના થાય તેમાં પારણા સાથે ૧૧૮૦૬૪૫ માસખમણ જાય (થાય) અને ૪૬મા માસખમણના ૨૫ મેં દિવસે શ્રી નંદનમુનિજીએ કાલ કર્યો હોય તે સંભવિત છે.

**પ્રશ્ન ૮૭૫**–અવધિજ્ઞાનના 'द्विविधोऽवधिः' એમ કહી જણાવેલ બે ભેદમાં ભવપ્રત્યયિક અવધિજ્ઞાનનું ક્ષયોપશમ નિમિત્તથી જુદાપણું માત્ર દેવ-નરક ભવને અંગે નિયમિત થાય છે તેમાં એ સિવાય બીજો હેતુ કોઈ કહેવાય ખરો ?

**સમાધાન**-ભવપ્રત્યયમાં પ્રથમ તો તેનુ કારણ ક્ષયોપશમજ છે, છતાં તે ભવનો ક્ષયોપશમ ઘેંસના ગાંઠીયા જેવો હોવાથી કોઈ કાળે પણ તે મનઃપર્યાયઆવરણના ક્ષયોપશમ તરફ કે કેવલજ્ઞાનઆવરણના ક્ષય તરફ વધવા દેજ નહિ, અને ક્ષયોપશમ પ્રત્યયમાં આગળ વધવાની તો છૂટ છે. ક્ષયોપશમવાળું અનવસ્થિત પણ હોય જ્યારે આ ભવપ્રત્યયિક અવસ્થિતજ હોય છે. ભવપ્રત્યયમાં નથી તો પલ્યોપમ કે સાગરોપમના કાલે વૃદ્ધિ કે નથી તો તેટલે કાલે પણ હાનિ. વળી તે ભવપ્રત્યયની પ્રાપ્તિમાં આત્મપરિણામની ચ્હાય તેટલી વૃદ્ધિ થાય કે હાનિ થાય તો પણ તેથી જ્ઞાનની વૃદ્ધિ-હાનિ થતીજ નથી આવાં કારણોથી લક્ષણના પ્રયત્નનો પ્રસંગ છતાં 'द्विविधोऽवधिः' એમ ભેદ જણાવ્યા તે વ્યાજબી છે.

**પ્રશ્ન ૮૭૬**–દેવ અને નારકીના ભવને અંગેજ જો અવધિ કે વિભંગ થાય છે તો પછી અસંજ્ઞી તિર્યંચો જ્યારે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા આયુષ્યવાળા નારકી કે દેવ થાય છે ત્યારે તેઓને અપર્યાપ્ત અવસ્થામાં અવધિ કે વિભંગ, એક્કેય કેમ નથી હોતુ ? અને જો દેવ કે નરકમાં ઉત્પન્ન થઈ પર્યાપ્ત થયા પછી ભવ લઈએ તો શું સમ્યગ્દષ્ટિ કે નારકીઓને અપર્યાપ્તપણામાં બે જ્ઞાનવાળા માનવા ?

**સમાધાન**–સંમૂર્ચ્છિમો માત્ર ભવનપતિ અને વ્યંતરમાં તથા પ્રથમ નરકમાંજ જાય છે, માટે અલ્પ ગણી અવિવક્ષા હોય અથવા સંજ્ઞીની અપેક્ષાએ જ વ્યુત્પત્તિ કરી હોય. શ્રીમલયગિરિમહારાજા પ્રજ્ઞાપનામાં ચોકખું જણાવે છે કે સમ્યગ્દષ્ટિને મનુષ્ય કે તિર્યંચનું આયુષ્ય પુરૂં થાય કે તેના અનંતર સમયેજ દેવ કે નરકમાં જનારને ત્રણેય જ્ઞાન હોય છે. એ અપેક્ષાએ સમ્યગ્દષ્ટિની મુખ્યતાએ ભવપ્રત્યય એવો વ્યપદેશ હોય. અસંજ્ઞી જીવો કાલ વખતે સમ્યગ્દષ્ટિ ન જ હોય.

**પ્રશ્ન ૮૭૭**–શ્રીભગવતીજી અને પ્રજ્ઞાપનાદિમાં શ્રુતજ્ઞાન કરતાં મતિજ્ઞાનના પર્યાયો, 'અનભિલાપ્ય પર્યાયોને પણ મતિજ્ઞાન જાણે' એમ કહી વધારે જણાવ્યા છે ત્યારે તત્ત્વાર્થકાર તો મતિજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાનને મહાવિષયવાળું કહે છે તો શું સમજવું ?

**સમાધાન**–તત્વાર્થકાર મહારાજા મોક્ષમાર્ગના ઉદ્દેશથી જ્ઞાનનો અધિકાર મુખ્યપણે લેતા હોવાથી તે લોકોત્તર શ્રુતને શ્રુત તરીકે જણાવે છે (લે છે) અને તેથીજ શ્રુતના અંગપ્રવિષ્ટાદિક વિભાગો કરે છે, અને મતિજ્ઞાન તરીકે માત્ર વર્તમાન વિષયને જણાવનાર ઇંદ્રિય અને મનનાજ જ્ઞાનને લે છે અને તે પણ પારિણામિક રૂપવાળું લે છે, તેથી 'ત્રિકાલના પદાર્થો ઓઘાદેશે સર્વદ્રવ્ય સર્વભાવ તે સર્વજ્ઞના વચનથી જણાય છે' એમ ગણીને શ્રુતને તેઓ મહાવિષય ગણે છે ઉપદેશથી કે તેના અનુસારે થતા જ્ઞાનને મતિજ્ઞાન ન ગણતાં શ્રુત ગણીને તેને મહાવિષય ગણે છે.

**પ્રશ્ન ૮૭૮**-શ્રીમેઘકુમારની દીક્ષા **થઈ** તેમાં સમ્યક્ત્વની સાથેજ સર્વવિરતિ થઈ એમ ખરૂં ?

**સમાધાન**-**दोहलयं अणुसरिउ मेहकुमारोत्ति से कअं नाम ।**
**परिवड्ढिओ य कमसो कलाउ सिग्घं अहिज्जेइ ॥ ९२ ॥**
**अह जोव्वणमणुपत्तो अहिलसणिज्जं सुरंगणाणंपि ।**
**तो परिणइ धूयाओ नरेसराणं सुरूवाओ ॥ ९३ ॥**
**तत्थागओ कयाइवि सिरि वीरजिणेसरो विहरमाणो ।**
**तस्संतिए य सोउं जिणधम्मं सावओ जाओ ॥ ९४ ॥**
**अह विहरिऊण भयवं पुणरवि तत्थागओ तओ दिक्खं ।**
**मेहकुमारो गिण्हइ संविग्गो तस्स पासम्मि ॥ ९५ ॥**

**અર્થ**-અકાલે મેઘનો દોહદ (દોહલો) ધારિણીરાણીને થયો હતો તે અનુસારે તે કુમારનું 'મેઘકુમાર' એવું નામ રાખવામાં આવ્યું હતું. અનુક્રમે તે વયે વધતો ગયો, મોટો થયો અને કલાઓને જલદી શીખી ગયો. ॥ ૯૨ ॥ પછી દેવીઓથી પણ ઇચ્છનીય યૌવનને પામેલો મેઘકુમાર મો'ટા મો'ટા રાજાઓની સારા રૂપવાળી કન્યા-કુમારિકાઓને પરણ્યો ॥ ૯૩ ॥ કોઈક દિવસ ભગવાન્ મહાવીરમહારાજા વિહાર કરતા ત્યાં આવી સમવસર્યા (ત્યારે) તેઓશ્રીની પાસે ધર્મને સાંભળીને તે મેઘકુમાર શ્રાવક થયો એટલે સમ્યક્ત્વ કે સમ્યક્ત્વ સાથે તે દેશવિરતિને પામ્યો ॥ ૯૪ ॥ પછી ભગવાન્ શ્રીમહાવીરમહારાજા દેશાંતરોમાં વિહાર કરીને બીજી વખત જ્યારે રાજગૃહી આવ્યા ત્યારે સંવેગ પામેલા પામેલા એવા મેઘકુમારે તેઓશ્રીની (ભગવાન્ શ્રીમહાવીરદેવની) પાસે દીક્ષા અંગીકાર કરી ॥૯૫॥ મલધારિહેમચંદ્રાચાર્ય વિરચિત ભવભાવનામાં જણાવાયેલાં આ વચનોથી સિદ્ધજ છે કે શ્રી મેઘકુમારે પહેલાં શ્રાવકપણું પાળીનેજ દીક્ષા લીધેલી છે. (ભગવાન્ મહાવીરના કેવલજ્ઞાનના પહેલાં ચોમાસે મેઘકુમારની દીક્ષા માનનારાઓ આ ઉપરથી વિચાર કરશે )

**પ્રશ્ન ૮૭૯**-શ્રીનંદીસૂત્રમાં અવધિજ્ઞાનના છ ભેદોમાં 'પ્રતિપાતી' અને 'અપ્રતિપાતી' એવા ભેદો ગણ્યા છે અને શ્રીતત્વાર્થમાં 'અવસ્થિત' અને અનવસ્થિત એવા ભેદો કહ્યા છે તો તે શી રીતે સમજવું ?

**સમાધાન**-શ્રીનંદીસૂત્રમાં એક વખતના અવધિજ્ઞાનને અંગે ભેદ ગણ્યા હોય અને તેથી 'પ્રતિપાતી, 'અપ્રતિપાતી' ભેદો ગણે, અને શ્રીતત્વાર્થમાં યાવત્ અવધિજ્ઞાનનો વિચાર લીધેલો હોવાથી અવસ્થિત ભેદમાં સરખાવટ છતાં અનવસ્થિતમાં પ્રતિપાતી લેવા સાથે નવું ઉત્પન્ન થનાર 'અવધિ' પણ લીધું (ગણ્યું) છે.

**પ્રશ્ન ૮૮૦**-તત્વાર્થકાર જ્યારે અનવસ્થિતમા 'વધતું ૧, ઘટતું ૨, અને વધતું ઘટતું ૩ એ ત્રણેય ભેદો લે (ગણે) છે, તો પછી વર્દ્ધમાન' અને 'હીયમાન' એ બે ભેદો ગણવાની જરૂર શી ?

**સમાધાન**-વર્દ્ધમાન ભેદમાં અંગુલના અસંખ્યાતમા ભાગથી ક્રમસર વધતું અને 'હીયમાન'માં સર્વલોકમાં દેખીને અનુક્રમે ઘટતું અવધિજ્ઞાન લીધું છે, પણ અનિયમિત રીતે વધતું અને અનિયમિત રીતે ઘટતું અવધિ જણાવવા માટે અનવસ્થિતમાં વૃદ્ધિ અને હાનિ બે જુદાં અને ભેળાં લીધાં છે.

**પ્રશ્ન ૮૮૧**-તત્વાર્થભાષ્યકાર મહારાજા મતિજ્ઞાનાદિનો સદ્ભાવ કેવલજ્ઞાન થાય ત્યારે હોય કે ન હોય એ બાબતમાં 'केचित् केचित्' કહીને હોવાનું અને ન હોવાનું જણાવે છે, પણ પોતાનો મત જણાવતા કેમ નથી ?

**સમાધાન**-જો કે મતિજ્ઞાનાદિની સાથે કેવલજ્ઞાન હોય અને ન હોય એવા બન્ને પ્રકારને ભાષ્યકાર 'केचित्'ના નામે જણાવે છે પણ ગ્રંથકારોની શૈલી હોય છે કે પોતાના મતને પણ 'केचित्'ના નામે જણાવે. તેથી તેઓ એમ જણાવે છે કે આ મ્હારાદ્વારા કરાતું વ્યાખ્યાન આચાર્યવર્યોનું છે અને 'केचित्' કે 'अन्ये'થી જે મને લાગે છે તે જણાવું છું, પણ ખુદ સૂત્રકાર મહારાજ 'आचतुर्भ्यः' કહીને સ્પષ્ટ કરે છે કે

મતિજ્ઞાનાદિનો સદ્ભાવ કેવલજ્ઞાનની સાથે ન હોય. વળી ભાષ્યકાર મહારાજ પણ અપ્રતિપાતી અવધિજ્ઞાનને જણાવતાં 'आकेवलप्राप्ते:' એમ કહી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થતાં અપ્રતિપાતી અવધિજ્ઞાન પણ ચાલ્યું જાય' એમ સ્પષ્ટ જણાવે છે.

**પ્રશ્ન ૮૮૨**–શ્રીનંદીસૂત્રમાં 'જ્યાં મતિ ત્યાં શ્રુત અને જ્યાં શ્રુત ત્યાં મતિ હોય' એમ કહે છે, ત્યારે તત્ત્વાર્થભાષ્યકાર મતિ હોય ત્યાં શ્રુતની ભજના કેમ કહે છે?

**સમાધાન**–શ્રીનંદીસૂત્રકારમહારાજ સામાન્ય શ્રુતજ્ઞાનને અંગે કહે છે અને તેથી તેના અક્ષરાદિ ભેદો કહે છે જ્યારે શ્રીતત્ત્વાર્થકાર મહારાજ મોક્ષોપયોગી શ્રુતને અંગે કહે છે અને તેથી અંગઆદિજ ભેદો પાડે છે.

**પ્રશ્ન ૮૮૩**–શ્રીગજસુકુમારજીને ક્ષત્રિયોત્પન્ન (ક્ષત્રિયાણીથી ઉત્પન્ન થયેલી) સોમા નામની બ્રાહ્મણ કન્યા, એ એક જ સ્ત્રી હતી કે બીજી કોઈ સ્ત્રી હતી?

**સમાધાન**–શ્રીગજસુકુમારજીને દ્રુમનામના રાજાની પુત્રી પ્રભાવતી નામની બીજી સ્ત્રી પણ હતી. (પ્રવ્રજ્યાવિધાનવૃત્તિ)

**પ્રશ્ન ૮૮૪**–હાલિકના જીવનો ભગવાન્ શ્રીમહાવીરમહારાજાના જીવની સાથે સિંહ અને ત્રિપૃષ્ઠના ભવથી સંબંધ છે કે તેની પહેલાં પણ સંબંધ ખરો?

**સમાધાન**–ભગવાન્ મહાવીરમહારાજાનો જીવ જ્યારે વિશાખભૂતિના ભવમાં હતો ત્યારે તે સિંહનો (એટલે કે હાલિકનો) જીવ વિશાખનંદી તરીકે (વિશાખભૂતિના ભાઈ તરીકે) હતો. ઉદ્યાનમાં રહેવાના કારણે ત્યાં વૈરની જડ બંધાઈ અને મથુરામાં કરાયેલી હાંસી પ્રસંગે તેણે ઘણા બલવાળો થવા સાથે તેને મારવાનું 'નિયાણું' બાંધ્યું. ભવો ભમીને વિશાખનંદીનો જીવ સિંહ થયો અને વિશાખભૂતિનો જીવ

(શ્રીમહાવીરભગવાનનો જીવ) તે ત્રિપૃષ્ઠવાસુદેવ થયો. ત્રિપૃષ્ઠવાસુદેવે સિંહને ચીરી નાંખીને માર્યો. છેલ્લે ભવે તે સિંહનો જીવ 'હાલિક' થયો અને પછી 'દેવશર્મા' તરીકે થયેલો પણ તેજ ગણાય છે.

**પ્રશ્ન ૮૮૫**–આનુગામિક અવધિજ્ઞાન અને અનાનુગામિક અવધિજ્ઞાન એ બે ભેદોમાં જેમાં ઉત્પન્ન થયેલ અવધિજ્ઞાન અવધિ-જ્ઞાનવાલાની સાથે ક્ષેત્રાંતરમાં આવે તે આનુગામિક અને ન આવે તે અનાનુગામિક એમ કહેવાય છે, પણ તે અવગાહનાના ક્ષેત્રની અપેક્ષાએ ગણવું કે દશ્યક્ષેત્રની અપેક્ષાએ ગણવું ?

**સમાધાન**–તત્ત્વાર્થભાષ્ય અને તેની ટીકામાં અનાનુગામિકના અધિકારમાં 'यत्र स्थितस्योत्पन्न' અર્થાત્ 'જ્યાં રહેલાને ઉત્પન્ન થાય' એ વિગેરે કહેવાથી તેમજ 'प्रश्नादेशपुरुषज्ञानवत्' એમ કહી જે દૃષ્ટાન્ત આપે છે અને 'यत्र स्थाने' અર્થમાં 'ઉપાશ્રયમાં–કાયોત્સર્ગરૂપ સ્થાનમાં' એમ લે છે તેથી અવગાહનાનું વ્યાવહારિક સ્થાન ગણાય. શ્રીનંદીસૂત્રમાં સાંકળે બાંધેલા દીવાનું દૃષ્ટાન્ત હોવાથી દશ્યક્ષેત્રની અપેક્ષાએ અનાનુગામિકપણું લેવાય આનુગામિક ભેદમાં તો શ્રીતત્ત્વાર્થમાં સૂર્યના પ્રકાશનું અને ઘટની રક્તતાનું અને શ્રીનંદીસૂત્રમાં સાથે રાખેલી સગડીનું દૃષ્ટાન્ત છે તેથી તેમાં અવગાહ કે દષ્યક્ષેત્રનો ભેદ નહિ પડે.

**પ્રશ્ન ૮૮૬**–તત્વાર્થમાં 'षड्विकल्पः शेषाणाम्' એમ કહી મનુષ્યને અને તિર્યંચને આનુગામિકઆદિ છ ભેદો વાળું અવધિજ્ઞાન જણાવે છે તો નારકી અને દેવતાને અવધિજ્ઞાનના એ છ ભેદોમાંથી કોઈ પણ ભેદો હોય કે નહિ ?

**સમાધાન**–શ્રીઆવશ્યકનિર્યુક્તિમાં 'आनुगामिओ उ' એ ગાથામાં નારકી અને દેવતાને આનુગામિક નામના ભેદવાળુંજ અવધિજ્ઞાન હોય એમ જણાવેલ છે. વળી 'ओहिस्सऽबाहिरा' એમ કહીને પણ જણાવે છે કે દેવ અને નારકીનું અવધિજ્ઞાન આનુગામિકજ હોય વળી દરેક દેવતા

અને નારકીના અવધિજ્ઞાનનું ભવને અંગે નિયમિતપણું હોવાથી તે અવસ્થિત ભેદવાળું હોય છે. વળી તે દેવનારકીના ભવ સુધી નથી પડતું માટે તે અપ્રતિપાતિભેદે છે એટલે આનુગામિક અવસ્થિત અને અપ્રતિપાતિભેદવાળુંજ અવધિ તે દેવનારકીને હોય છે. અનાનુગામિ, પ્રતિપાતિ અને વર્દ્ધમાન કે હીયમાન ભેદો તેઓને ન હોય. માટે નર તથા તિર્યંચનેજ તે છ ભેદ હોય.

**પ્રશ્ન ૮૮૭**–દેવતા અને નારકીઓને જે અવધિનું નિયત ક્ષેત્ર છે તે પોતપોતાના સ્થાનમાં હોય ત્યારે તો ઠીક, પણ જ્યારે તેઓ પોતાના સ્થાનથી અને દૃશ્યક્ષેત્રથી બહાર જાય ત્યારે પણ તેટલું અવધિ આગલ વધે કે નહિ?

**સમાધાન**–સ્થાન કે દૃશ્યક્ષેત્રની પણ બહાર જનાર દેવનારકીને પણ સ્વપ્રમાણમાં અવધિ રહે છે એમ માનવું જોઇએ અન્યથા ચાર દેવલોક સુધીના દેવતાઓ વાલુકાપ્રભામાં મિત્રને સાતા દેવા કે શત્રુને અસાતા દેવા જ્ઞાન ન હોવાથી જઈ શકે નહિ, અને ભવનપતિના પરમધાર્મિક દેવો નરકમાં અવધિજ્ઞાન વગરના થઈ જાય. ફક્ત ઊર્ધ્વ લોકમાં અન્યદેવની નિશ્રાએ જાય તો ત્યાં અવધિ વધવાનો સંભવ નથી. નીચે નીચે દેખવાનો સ્વભાવ અવધિનો જે ગણાય છે તે આ સ્થાને ઘણો જ ઉપયોગી છે.

**પ્રશ્ન ૮૮૮**–પુનમના ક્ષયે ચૌદશે પુનમનું પણ આરાધન મહોપાધ્યાય શ્રીધર્મસાગરજી જણાવે છે તો ચૌદશ–પુનમ ભેળાં ન કેમ ગણાય?

**સમાધાન**-પુનમના ક્ષયે ચૌદશ–પુનમ ભેલાં ન થાય, પણ તેરશનો ક્ષય માની તેરશે ચૌદશ અને ચૌદશે પુનમ થાય, તેમાં ચૌદશને દિવસે પુનમનો ભોગ હોવાથી અને તેરશે ચૌદશનો ભોગ હોવાથી, ચૌદશ-પુનમનું પણ આરાધન થઈ જાય. ત્યાં ભોગની હયાતી હોય છે અને આરાધના થાય છે.

**પ્રશ્ન ૮૮૯**–પુનમના ક્ષયે તપસ્યા માટે પાક્ષિક ચાતુર્માસિક છઠ્ઠનું દૃષ્ટાંત કેમ કીધું છે?

**સમાધાન**– પખ્ખી અને ચૌમાસીના છઠ્ઠના અભિગ્રહવાળા કંઈ એક દિવસે બે ઉપવાસ કરી લેતા નથી, પરંતુ એક દિવસે છઠ્ઠનું પચ્ચખ્ખાણ લઈ બીજે દિવસે પૂરૂં કરે છે. તેવી રીતે તેરશે ચૌદશ માની તે દિવસે કરેલો તપ ચૌદશે માનેલી પુનમથી પુરો થાય છે, માટે એ દૃષ્ટાંત છે જો એમ ન માનીએ તો બેય દિવસના પૌષધ, બ્રહ્મચર્ય અને સચિત્તાદિત્યાગના નિયમવાળાએ શું એકજ દિવસ પાલન કરવું? આજ્ઞાનું બહાનું શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધમાં ન ચાલે.

**પ્રશ્ન ૮૯૦**–પર્વતિથિના ક્ષયે પહેલાંની અપર્વતિથિનો ક્ષય કરાય છે, તે શા આધારે?

**સમાધાન**–પ્રથમ તો 'क्षये पूर्वा तिथिः कार्या' વાકચમાં પર્વતિથિના ક્ષયે પહેલાંની તિથિનેજ પર્વતિથિ કરવાનું કહ્યું, તેથી આપોઆપ ક્ષય આવે છે. વળી તત્ત્વતરંગિણીકાર ચોખ્ખા શબ્દોમાં જણાવે છે કે–ચૌદશનો ક્ષય હોય ત્યારે તેરશે ચૌદશ કરવી અને તે દિવસે 'તેરશ છે' એમ કહેવુંજ નહિ વળી તે દિવસે તેરશનો વ્યપદેશ કરનારને મૂર્ખ ગણ્યો છે. જો તેરશ–ચૌદશ ભેળાં ગણીએ તો તિથિનો ભોગ શરૂ થાય ત્યારથી તિથિ અંગેના નિયમો પાળવાના રહે આખો દિવસ પાળવાના રહે નહિ અને તિથિ બેસે તે પહેલાંના સમયે ખાધેલ સચિત્તાદિની આલોયણ આપવી કે લેવી પડે નહિ, કેમકે તેરશઆદિની તો બાધા હતીજ નહિ સૂર્યોદયના પહેલા ભાગથી તે દિને ચૌદશ માનવામાં આવે તોજ આખો દિવસ નિયમ વિગેરેનો સંબંધ રહે, અને જો એમ માનીએ તો ચોકખું થયું કે તેરશનો ક્ષય કરવો. વળી તેરશ–ચૌદશ ભેળા હોય કે ચૌદશ ઉદયવાળી હોય તેમાં થયેલી નિયમવિરાધનાનું પ્રાયશ્ચિત્ત સરખું નહિ અપાય. સરખું અપાય તો તેરશ કયાં રહી? પ્રાયશ્ચિત્તઆદિમાં ચૌદશજ છે એમ ચોકખું શાસ્ત્રકાર કહે છે માત્ર મુહૂર્ત્તાદિકમાં તે તેરશ ગણાય એ વિશેષ કારણ છે.

**પ્રશ્ન ૮૯૧**–ભગવાન્ શ્રીમહાવીરમહારાજે પ્રિયમિત્રના ભવમાં કોની પાસે સાધુપણું લીધું ? અને ત્યાં દીક્ષાપર્યાય કેટલો હતો ?

**સમાધાન**–ભગવાન્ શ્રીમહાવીરમહારાજે પ્રિયમિત્રના ભવમાં પોટ્ટિલાચાર્ય પાસે સાધુપણું લીધેલું છે એમ શ્રીપ્રદ્યુમ્નસૂરિજી પ્રવ્રજ્યાકુલકની ટીકામાં જણાવે છે કેટલેક સ્થાને તે આચાર્યનું નામ પ્રોષ્ઠિલાચાર્ય પણ જણાવાય છે, અને તેમનો દીક્ષાપર્યાય પાંચક્રોડ વર્ષનો, શ્રીપ્રદ્યુમ્નસૂરિજી જણાવે છે, કેટલેક સ્થાને ક્રોડવર્ષનો દીક્ષાપર્યાય કહેલ છે.

**પ્રશ્ન ૮૯૨**–ભગવાન્ શ્રીમહાવીરમહારાજે શ્રીનંદનના ભવમાં અઢાર પાપસ્થાનક વર્જતાં, છઠ્ઠું પાપસ્થાનક રાત્રિભોજન ગણીને, વોસિરાવ્યું છે અને રતિઅરતિને નથી ગણી તેનું કેમ ?

**સમાધાન**–કષાયો અને રાગદ્વેષમાં રતિઅરતિ આવી ગઈ, એમ ગણીને રતિઅરતિ ન લીધાં હોય અને રાત્રિભોજનની ભયંકરતાથી તે હિંસાને વર્જવામાં આવી જાય છતાં જુદું લીધું હોય તો અસંભવિત નથી.

**પ્રશ્ન ૮૯૩**–શ્રીઆર્યરક્ષિતસૂરિજી શ્રીવજ્રસ્વામી પાસે ઉજ્જયિની ભણવા ગયા ત્યારે શ્રીભદ્રગુપ્તસૂરિજીને જે નિર્યામણા કરાવી તે ઉજ્જયિનીમાંજ કે બીજે ?

**સમાધાન**–શ્રીભદ્રગુપ્તસૂરિજીને કરાવેલી નિર્યામણા ઉજ્જયિનીમાં નથી, પણ બીજે છે. નિર્યામણા કરાવ્યા પછી ઉજ્જયિની આવ્યા છે અને રાત્રે ઉજ્જયિનીથી બહાર રહ્યા છે. ઉજ્જયિનીમાં પણ જૂદે ઉપાશ્રયે ઉતરીને આવ્યા છે.

**પ્રશ્ન ૮૯૪**–શ્રીકલ્પસૂત્રમાં સ્થવિરાવલી કોટિગણ અને વજ્રી શાખાનો અધિકાર આવે છે પણ ચંદ્રકુલનો અધિકાર કેમ નથી ?

**સમાધાન**–આચાર્યમહારાજ શ્રીવજ્રસ્વામીના શ્રીવજ્રસેનસૂરિશિષ્ય, આચાર્ય હતા, તેમના બારદુકાળી પડવા પહેલાંના શિષ્યોની પરંપરાનો

ઉલ્લેખ ત્યાં થયો છે, અને તેથી શ્રીચંદ્રસૂરિ સમંતભદ્રસૂરિ વિગેરેનાં નામો જે વર્તમાન ગચ્છોની પરંપરાની પટ્ટાવલીમાં છે તે શ્રીકલ્પસૂત્રમાં નથી.

**પ્રશ્ન ૮૯૫**-નાગેન્દ્રકુલ, નાગિલીશાખા એક છે કે જૂદા જૂદા છે?

**સમાધાન**-આચાર્ય ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજી શ્રીનંદીસૂત્રની ટીકામાં 'नाइलवंस' પદનો અર્થ 'नागेन्द्रकुल' એવો કહે છે, તેથી તે એક હોય તો ના કહી શકાય નહિ. શ્રીકલ્પસૂત્ર સ્થવિરાવલીમાં તો આર્યનાગિલઆચાર્યથી નાગિલશાખા એમ જણાવેલ છે, અર્થાત્ કલ્પસૂત્રમાં નાગિલ એવું નામ નથી આપ્યું અને ચંદ્ર-નિર્વૃતિકુલોઆદિની વ્યાખ્યા પણ નથી એમજ ચંદ્ર, નિર્વૃતિ, નાગેન્દ્ર અને વિદ્યાધર આ ચારેય સાથે હતા.

**પ્રશ્ન ૮૯૬**-અભવ્યજીવોને આભોગિકમિથ્યાત્વ હોય કે નહિ?

**સમાધાન**-મોક્ષને મેળવવાની ઇચ્છા જેને થાય તે અંત્યપુદ્ગલપરાવર્તવાળો હોય છે એમ શ્રીહરિભદ્રસૂરિજી 'मोक्खासओऽवि नन्नत्थ' એમ કહી જણાવે છે. અર્થાત્ છેલ્લા પુદ્ગલપરાવર્ત સિવાય બીજા પુદ્ગલપરાવર્તોમાં એટલે કે અધિકપુદ્ગલપરાવર્ત બાકી હોય તો ત્યારે જીવને મોક્ષ મેળવવાનો વિચાર પણ થાય નહિ, તેથી મોક્ષના સાધન તરીકે કુદેવાદિની આરાધના અભવ્યને ન હોય. સાંસારિક કારણે, પૌદ્ગલિકભાવે તો તે સુદેવાદિ અને કુદેવાદિ બન્ને આરાધે.

**પ્રશ્ન ૮૯૭**-જે વખતે પુનમે ચઉમાસી થતી હતી ત્યારે ચઉદશે પક્ખી અને પુનમે ચઉમાસી થતી હતી અને હમણાં ત્રણ ચઉમાસીએ પક્ખી થતી નથી, તેથી પક્ખી પડિક્કમણાની સંખ્યા ઘટી તેનું કેમ?

**સમાધાન**-ચઉદશે પક્ખી અને આષાઢીઆદિ પુનમે ચઉમાસી, એવો નિયમ હતો, પણ પૂર્વધરોએ ચઉદશે ચઉમાસીની આચરણા કરી તેથી પક્ખી તે દિવસે થતી નથી. પક્ખી ચઉમાસી ભેળાં ન થાય તેથી તે પક્ખી બંધ કરી. આચરણાને બહાને વર્તમાનમાં શાસ્ત્ર અને પરંપરાને ઉઠાવી દઈ પર્વો ઉડાવવાની કોઈ વાત કરે તો તે માર્ગ કહેવાય નહિ

કાલિકાચાર્ય મહારાજે એક દિવસ સકારણ, સંવત્સરીમાં પાછળ કર્યો તેથી શું એ બહાને અલ્પજ્ઞ નિષ્કારણ એક દિવસ વળી પાછળ કરી શકે? તો તે કલ્પનાથી આઠ દિવસની ઓળી અને સાત દિવસની અઠ્ઠાઈ પણ તે ભેળસેળ તિથિવાળાને માનવી પડશે. રૂપૈયામાં આનો સમાય તો પછી પક્ખી, ચઉમાસી અને સંવત્સરીએ દેવસી કેમ કરાય છે? તથા સંવચ્છરી કરનારને રાઈ દેવસિઆદિ કરવાની જરૂર શું નહિ કહે?

**પ્રશ્ન ૮૯૮**–મેઘકુમારના જીવે હાથીના છેલ્લા ભવમાં દાવાનલથી બચવા માટે માંડલાં ત્રણ કર્યાં કે એક કર્યું?

**સમાધાન**–સામાન્ય રીતે કલ્પસુબોધિકા વિગેરેમાં એક માંડલું કર્યાનું કહે છે. અને જણાવે છે કે વર્ષાના આદિ, મધ્ય અને અંત્ય ભાગમાં તે હાથી તે એક માંડલના તૃણવૃક્ષાદિનો નાશ કરતો હતો; પણ મલધારી શ્રીહેમચંદ્રસૂરિજી મહારાજ ભવભાવનામાં ત્રણેય વખત ત્રણ માંડલા જુદાં જુદાં જણાવે છે અને સાથે જણાવે છે કે પહેલું અને બીજું માંડલું ભરાઈ ગયેલું દેખીને ત્યાંથી પાછો વળી તે ત્રીજે માંડલે ગયો.

**પ્રશ્ન ૮૯૯**–શાસ્ત્રકારો કર્મમાસને તે નિરંશ હોવાથી વ્યવહારમાં લેવાનું કહે છે તો ધાર્મિક પર્વોની આરાધના કયા માસની અપેક્ષાએ કરવી?

**સમાધાન**–પાક્ષિક, ચઉમાસી અને સંવચ્છરીમાં 'पन्नरसण्हं राइंदियाणं' 'एकसयवीसराइंदियाणं' અને 'तिन्निसयसट्ठीराइंदियाणं' એમ અનુક્રમે બોલાય છે, તે જો કર્મમાસની અપેક્ષા ન લઇએ તો બોલી શકાય જ નહિ. કારણ કે નક્ષત્ર, ચંદ્ર, સૌર કે અભિવર્દ્ધિતમાંથી કોઈ પણ માસની અપેક્ષા લેતાં બરોબર પંદર, એકસો વીશ અને ત્રણસો સાઠ દિવસ પક્ષ વિગેરેમાં થાય જ નહિ. એટલે પક્ષ વિગેરેના રાત્રિદિવસ જે સંખ્યામાં બોલાય છે તે કર્મમાસની અપેક્ષાએજ બોલાય છે.

**પ્રશ્ન ૯૦૦**–બીજ, પાંચ, આઠમ, અગીયારસઆદિ તિથિઓ, ચંદ્રમાસની તિથિઓની અપેક્ષાએ થાય કે કર્મમાસની અપેક્ષાએ થાય?

**સમાધાન**–શાસ્ત્રકારો ચોકખા શબ્દોથી તિથિની ઉત્પત્તિ ચંદ્રના ચાર ઉપરથી જ જણાવે છે માટે બીજઆદિ તિથિઓ ચંદ્રમાસની અપેક્ષાએ થાય છે પકખી, ચઉમાસી અને સંવચ્છરી જે કર્મમાસની અપેક્ષાએ પન્નરસઆદિ દિવસોવાળા બોલાય છે તેની પણ ચૌદશઆદિ તિથિઓ તો ચંદ્રના ચારની અપેક્ષાએજ લેવાય છે, અને તેમાં ચંદ્રની અપેક્ષાવાળી તિથિઓ પણ પંદર વિગેરે જરૂર હોય છે. જૈનજ્યોતિષ પ્રમાણે તિથિનો ક્ષય જો કે દરેક બાસઠમે દિવસે થાય છે, છતાં તિથિ ત્યાં નાશ પામતી નથી. માત્ર જે તિથિ સૂર્યોદયને ફરસતી નથી તેનો ક્ષય થયો એમ જૈનજ્યોતિષ માને છે. એટલે જેમ કર્મમાસમાં પક્ષઆદિના પંદરઆદિ દિવસો હોય છે તેમજ પાક્ષિકઆદિ પ્રતિક્રમણોની વચ્ચે તિથિઓ પણ પંદર વિગેરે બરોબર થાય છે. એટલે તિથિ ક્ષય પામે ત્યારે સૂર્યોદય તે તિથિમાં ન હોય, પણ તિથિનો નાશ તો છેજ નહિ. અને એવાજ રીતે લૌકિકટીપણા પ્રમાણે તિથિ વધે તો પણ તે પડવા–બીજઆદિ પંદર તિથિઓને નામેજ હોય છે, માટે બે સૂર્યોદયને ફરસનારી તિથિ વધી કહેવાય તે પડવાઆદિ પંદરથી અન્ય કોઈ સોલમી તિથિ હોયજ નહિ. માટે પંદર આદિ બોલવું તેજ વ્યાજબી છે.

**પ્રશ્ન ૯૦૧**–બીજઆદિ તિથિઓની જ્યારે આરાધના કરવાનું શાસ્ત્રકારો કહે છે ત્યારે તે તે બીજઆદિ તિથિઓનો આરંભ જ્યારે જ્યારે થાય ત્યારે ત્યારે તે તે બીજઆદિ તિથિઓના શીલઆદિ નિયમો શરૂ કરવા અને તે તે તિથિઓ સમાપ્ત થાય ત્યારે ત્યારે તે શીલઆદિના નિયમો પૂરા કરવા એ વ્યાજબી કેમ ન માનવું ?

**સમાધાન**–શાસ્ત્રકારોએ પકખી, ચઉમાસી અને સંવચ્છરી માટે ઉપવાસ, છઠ્ઠ અને અઠ્ઠમની તપસ્યા કરવાની જરૂર જણાવી છે, અને તે ઉપવાસઆદિ પચ્ચક્ખાણોમાં 'सूरे उग्गए' આદિપદો રાખેલાં છે, તેથી બીજઆદિ તિથિઓની આરાધના કરનારે શીલઆદિના નિયમો કરનારે તે સૂર્યોદયથી શરૂ કરવાજ જોઈએ અને બીજે સૂર્યોદય થાય ત્યાં સુધી

પાલવાજ જોઈએ વળી શાસ્ત્રોમાં આઠમ, ચૌદશ, પુનમ અને અમાવાસ્યાને દિવસે સંપૂર્ણ પૌષધ કરવાનું જણાવેલ છે અને સંપૂર્ણ પૌષધવ્રત પણ સંપૂર્ણ અહોરાત્રને અંગે છે. રાત્રિભોજનની વિરતિ પણ સૂર્યના આથમવા પછી થતી રાત્રિને અંગેજ છે, માટે વ્રતપચ્ચક્ખાણમાં સૂર્યના ઉદય અસ્તનોજ પૂરો સંબંધ છે એમ માનવું જ જોઇએ. જો કે અહોરાત્રની ઉત્પત્તિ સૂર્યના ઉદય અને અસ્તથીજ છે પણ સૂર્યમાસ ૩૦॥ દિવસનો હોવાથી તેને સૌરતિથિ કહેવાય જ નહિ. અર્થાત્ ઉપવાસ આદિનો ઉચ્ચાર કર્મમાસની અપેક્ષાએ, તિથિઓની આરાધના ચંદ્રમાસની અપેક્ષાએ અને વ્રતનિયમાદિ અહોરાત્રની અપેક્ષાએ કરાય છે. આમ હોવાને લીધે ઋતુમાસ જ્યારે બે થાય ત્યારે એક અવમરાત્ર માનીને તેની આગલી તિથિને ક્ષીણ માનવાની જરૂર થઈ જાય છે પણ વૃદ્ધિ તો હોય જ નહિ, પણ શાસ્ત્રોમાં જે 'અતિરાત્ર' કહીને વૃદ્ધિ જણાવે છે તે તિથિની વૃદ્ધિ માટે કે સૂર્ય દિવસની વૃદ્ધિ માટે નથી પણ અહોરાત્રની વૃદ્ધિ માટે છે. જો તિથિ લઇએ તો ૫૫/૬૨ વધવી જોઇએ અને સૌર દિવસ લઇએ તો ૬ દિવસ વધે માટે અહોરાત્ર જ ૭ વધે એમ સમજવું.

**પ્રશ્ન ૯૦૨**–'તું બાલક છે. અણસમજુ છે અને ધર્મનો અજાણુ છે' એવા માતાપિતાના કથનના ઉત્તરમાં, 'જાણું છું તે નથી જાણતો અને નથી જાણતો તે જાણું છું' એમ કહેવું વ્યાજબી છે?

**સમાધાન**–અતિમુક્ત મુનિ માતાપિતાને એમ જણાવે છે કે–રાગ અને દ્વેષ એ બે આલવાળો હોય તે બાલ કહેવાય, પણ હું તો રાગદ્વેષને ટાળવા તૈયાર છું અને તેમાં ખરી સમજણ મરણથી બચવામાં અને દુર્ગતિથી આત્માને બચાવવામાં ગણાય. તેમાં આયુષ્યના અભાવથી મરણ થાય છે એ સમજું છું. પણ મારું મરણ ક્યાં? કેમ? કેટલે કાલે? અને ક્યારે થશે? એ હું જાણતો નથી. (અર્થાત્ અનિયમિતપણે મરણ આવે છે માટે સમજણની સાથે જન્મ–મરણને ટાળનાર સંયમ માર્ગ લેવો જોઇએ.) વળી જીવો નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિમાં ભમે છે તે

કયા પ્રકારનાં કર્મબંધનથી તે હું નથી જાણતો, પણ પોતાનાં કર્મોથી જીવ ચારે ગતિમાં ભમે છે એમ જાણું છું. (અર્થાત્ ચારેય ગતિમાંથી બચવા માટે મારા આત્માને સંયમમાં જોડી દઉં છું કે જેથી તે કર્મો લાગેજ નહિં) આવી રીતે અતિમુક્તક કુમારે પોતાના બાલપણાનો અભાવ જણાવી, મરણની અનિયમિતતાથી સંયમની ઉતાવળતા કારણરૂપ જણાવી કુટુંબનું અશરણપણું જણાવી ચારેય ગતિથી બચાવનાર સંયમનું શરણપણું જણાવ્યું તેથી માબાપે દીક્ષા અપાવી. આ હકીકત માટે જુઓ અંતગડ સૂત્ર પા૦ ૨૪–

**अतिमुत्तं कुमारं अम्मापितरो एवं व०–बालेसि ताव तुमं पुत्ता! असंबुद्धेसि०, किं नं तुमं जाणसि धम्मं?**

**तते णं से अतिमुत्ते कुमारे अम्मापियरो एवं व०–एवं खलु अम्मयातो! जं चेष जाणामि तं चेव न याणामि जं चेव न याणामि तं चेव जाणामि।**

**तपणं तं अइमुत्तं कुमारं अम्मापियरो एवं व०–कहं नं तुमं पुत्ता! जं चेव जाणसि जाव तं चेव जाणसि?**

**त० से अतिमुत्ते कुमारे अम्मापियरो एवं०–जाणामि अहं अम्मतातो! जहा जाएणं अवस्समरियव्वं, न जाणामि अहं अम्मतातो! काहे वा कहिं वा कहं वा केचिरेण वा?, न जाणामि अम्मताओ! केहिं कम्मायथणेहिं जीवा नेरइयतिरिक्ख-जोणिमणुस्सदेवेसु उववज्जंति, जाणामि ण अम्मायातो! जहा सतेहिं कम्मायाणेहिं जीवा नेरइय जाव उववज्जंति।**

**પ્રશ્ન ૯૦૩**–અતિમુક્ત મુનિએ દેશના સાંભળીને વૈરાગ્ય મેળવ્યો હતો કે સ્વયં મેળવ્યો હતો?

**સમાધાન**–શ્રીભગવતીજી તથા શ્રીઅંતગડ એ બે સૂત્રોમાં તેમનો અધિકાર છે તેમાં શ્રીભગવતીજીમાં જે અતિમુક્ત મુનિનો અધિકાર છે તેમાં માત્ર પાત્રાંને તરાવવાના અધિકાર સિવાયનો ઇરિયાવહી કે કેવલજ્ઞાનનો અધિકાર નથી, શ્રીઅંતગડસૂત્રમાં તો ભગવાન્ શ્રીગૌતમસ્વામીજી

સાથે ગામમાંથી આવી ભગવાન્ શ્રીમહાવીરદેવની દેશના સાંભળીને વૈરાગ્ય પામ્યા, એમ સ્પષ્ટપણે જણાવે છે.

**પ્રશ્ન ૯૦૪**–અતિમુક્તમુનિજીને તેમના માતપિતાએ દીક્ષા લેતા રોકવા માટે શું કહ્યું અને અતિમુક્તમુનિજીએ તેનો શો ઉત્તર આપ્યો ?

**સમાધાન**–અતિમુક્તમુનિજીએ ધર્મ સાંભળવાથી પોતાને વૈરાગ્ય થયેલો જણાવી, માતપિતા પાસે દીક્ષાની આજ્ઞા માગી ત્યારે માતાપિતાએ જણાવ્યું કે, 'તું બાલક છે, અણસમજુ છે, અને તું ધર્મને શું જાણે ?' ત્યારે તેમણે ઉત્તરમાં એમ જણાવ્યું કે–'હે માતાજી ! હે પિતાજી ! હું જે જાણું છું તેજ નથી જાણતો અને જે નથી જાણતો તેજ જાણું છે.'

**પ્રશ્ન ૯૦૫**–'જાણું છું તે નથી જાણતો' વિગેરે કહેનાર અતિમુક્ત મુનિ કેટલા શ્રુતને ધારણ કરનાર હતા ? અને ઇરિયાવહીનો પણ ખરો અર્થ નહોતા જાણતા એ ખરૂં ?

**સમાધાન**–તે અઇમત્તા (અતિમુક્ત) મુનિજી અગીયાર અંગને ધારણ કરનાર હતા એમ શ્રીઅંતગડસૂત્રકાર જણાવે છે. 'તેઓ ઇરિયાવહીનો અર્થ નહોતા જાણતા' એ વચન શાસ્ત્રથી વિરૂદ્ધ છે. 'दगमट्टी'નો અર્થ જાણતા હોવાથી તો પશ્ચાત્તાપ થયો એમ ઉપદેશપ્રાસાદ કહે છે.

**પ્રશ્ન ૯૦૬**–શ્રીઆર્યરક્ષિતસૂરિજીના પિતાના પ્રસંગ પછી ચોલપટ્ટો નિયમિત થયો !માત્રકની પ્રવૃત્તિ થઈ એમ ખરૂં ? અને આર્યરક્ષિતસૂરિમહારાજે કાલ કર્યો ત્યારે તેમના પિતા હતા ?

**સમાધાન–(आव० हारि० पा० ३०५) जुयलेणं, कडिपट्टगछत्तुवाणहकुंडिआबंभसुत्ताणि ण मुयइ, मत्तपण चेव सन्नाभूमिं गम्मइ–आयरिआ भणंति–आणेह साडयं, ताहे भणइ–किं एत्थ साडएण ?, दिट्ठं जं दिट्ठव्वं, चोलपट्टओ चेव भवउ, एवं ता सो चोलपट्टं गिण्हाविओ**

पा. ३१०–जहाऽहं वट्टिओ फग्गुरक्खिअस्स गुट्ठामाहिलस्स य तहा तुम्हेहिं वट्टिअव्वं ।

प्रव्रज्याविधाने पृ० ७ मद्वृत्त्या वर्त्तितव्यं मे बन्धौ मम च मातुले । साधुसाध्वीगणेऽन्यस्मिन् ।

उत्तराध्ययने पा. ९७–जइ मम जुवलएणं । ताहे ते भणंति–अच्छह तुब्भे कडिपट्टिएणं । मत्तएणं चेव सन्नामूमिं गम्मइ । आणेह साडयं, ताहे भणइ–किं व साडएणंति, जं दट्ठव्वं तं दिट्ठं, चोलपट्टओ चेव मे भवउ एवं ता सो चोलपट्टंपि गिण्हाविओ

पा. १७३–इअरोऽवि भणितो जहाऽहं वट्टिओ फग्गुरक्खिअस्स गुट्ठामाहिलस्स य तहा तुम्हेहिऽवि वट्टिअव्वं ।

આ વિગેરે પાઠો જોનારને સ્પષ્ટ માલૂમ પડશે કે શ્રી આર્યરક્ષિત-સૂરિજીના વખતથી ચોલપટ્ટો નિયમિત થયો નથી. 'નગ્ન' શબ્દ જે ત્યાં વાપર્યો છે તે ચોલપટ્ટાને લીધે જ છે; નહિ કે સર્વથા વસ્ત્રના અભાવને લીધે. વળી 'માત્રક આપીશું' એવું વિધાન નથી કરતા પણ 'માત્રકથી ઠલ્લે જવાશે' એમ કહેલ છે. સ્થવિરકલ્પના ચૌદ ઉપકરણોમાં અસલથી માત્રકની હયાતી હતી. એમ કહી શકાય કે જે માત્રકનો ઉપયોગ સંજ્ઞાભૂમિમાં (સ્થંડિલભૂમિમાં) ન થતો હોય અથવા સામાન્ય સાધુ માટે ન થતો હોય તે વખતથી સામાન્ય સાધુ માટે પણ થયો હોય અથવા અન્યદર્શનની સત્તા કે મહત્તાને અંગે શાસનના બચાવ, કે હેલનાના નિવારણ માટે, ચૌદ ઉપકરણના માત્રકથી જુદું માત્રક રાખવાનું કર્યું હોય તેથી શિથિલતાની આચરણા ન ગણાય.

આચાર્ય મહારાજ પોતાના કાલ વખતે ભાઈ અને મામાની ભલામણ કરે છે પણ પિતાની ભલામણ નથી કરતા તેથી તેમના કાલધર્મ વખતે તેમના પિતાની હયાતી હોવાનો સંભવ નથી. પ્રભાવકચરિત્રમાં 'માતુલ, ભ્રાતા અને પિતા' એમ કહી ભલામણ કરી' એમ કહ્યું છે પણ 'પિતા' શબ્દ પહેલો ન હોવાથી માત્ર આદર જણાવી પૂજ્યપણાવાળા અન્ય પુરૂષો લીધા ગણાય.

**પ્રશ્ન ૯૦૭**-ભગવાન્ શ્રીવજ્રસ્વામીજીએ છ માસની ઉમ્મરમાં 'छम्मासियं छसु जयं ' એ વચનથી દીક્ષાવાળા ગણાયા છે,

વળી આવશ્યકની શ્રીહરિભદ્રસૂરિઆદિની ટીકાઓમાં પણ 'ત્રણ વર્ષની ઉંમરે દીક્ષા દીધી' એમ લખ્યું છે.

યુગપ્રધાનયંત્રમાં આઠ વર્ષ ગૃહસ્થપણાનો પર્યાય લખ્યો છે.

તો એ ત્રણેયનો મેળ કેમ મળે ?

**સમાધાન**-ભગવાન્ શ્રીવજ્રસ્વામીજીને તેમની માતાએ સાધુને વહોરાવ્યા તે અપેક્ષાએ છ મહિનાની દીક્ષા માની છે. આટલા માટેજ શાસ્ત્રકારોએ શય્યાતરકુલમાં વજ્રસ્વામીજીનું પાલન થતું હતું ત્યાં પણ 'फासुअपडोयारो य से इट्ठो' એમ પ્રાસુકથી પોષણ જણાવેલ છે.

પછી ત્રણ વર્ષની વયે રાજસભા સુધી તેમની માતાની તકરાર પહોંચતાં, ત્યાં પણ પરિણામમાં રાજસભામાં રજોહરણના સ્વીકારથી દીક્ષાથી અલંકૃત કરવામાં આવ્યા અને શય્યાતરને ત્યાં ન રાખતાં તે દીક્ષિત વજ્રસ્વામીજીને સાધ્વીના ઉપાશ્રયે રાખ્યા.

પછી આઠ વર્ષની વયે વડી દીક્ષા અપાઈ, પછી સાધ્વીના ઉપાશ્રયે રહેવું બંધ કર્યું, તેથી વડી દીક્ષાની અપેક્ષાએ આઠ વર્ષ ગૃહસ્થપર્યાયમાં ગણ્યા.

આ સિવાય બીજું પણ સમાધાન બહુશ્રુતો કરે તો તે ના નહિ.

**પ્રશ્ન ૯૦૮**-સાધુઓ સાધુ પાસે આલોયણ લે છે તેમ સાધ્વીઓ સાધ્વીઓ પાસે આલોયણ કેમ નથી લેતી ?

**સમાધાન**-સાધ્વીઓને જેમ દૃષ્ટિવાદ ન ભણાવાય તેવી રીતે આર્યરક્ષિતસૂરિજી પછીથી આચારપ્રકલ્પઆદિ છેદસૂત્રો આપવાના નિષેધને અંગે સાધ્વીઓને પણ આલોયણ લેવાનું આચાર્યાદિક સાધુઓ પાસેજ હોય છે.

**પ્રશ્ન ૯૭૯**–શ્રી આર્યસિંહગિરિજીના શિષ્યોની ગણનામાં, શ્રીવજ્રસ્વામીજીને આર્યસમિતસૂરિજી કરતાં પહેલાં કેમ કહ્યા ?

**સમાધાન**–શ્રીઆર્યસમિતસૂરિજી તો શ્રીવજ્રસ્વામીજીના અર્પણ પહેલાના દીક્ષિત હોવાથી મોટાજ છે પણ ધનગિરિજી મહારાજના સાહચર્યથી શ્રીવજ્રસ્વામીજીને ક્રમાંકે બીજા (બીજે નંબરે) ગણ્યા છે પણ આગલ પરંપરા ચલાવતાં આર્યસમિતસૂરિજીની બ્રહ્મદીપિકા શાખા પહેલી લઈ પછી વજ્રસ્વામીજીની શાખા લીધી છે તે ધ્યાન બહાર જવા દેવું નહિ.

**પ્રશ્ન ૯૮૦**–શ્રીવજ્રસ્વામીજીને 'પુરી' નામની નગરીના શ્રાવકોએ 'ચૈત્યપૂજાજ મહાન્ ધર્મનું અંગ છે' એમ માનીને પુષ્પ લાવવા વિનંતિ કરી છે ?

**સમાધાન**–'પુરી' નામની નગરીના શ્રાવકો શ્રીજિનોક્ત ધર્મના સર્વ અંગોને અંગ તરીકે માનતા હતા, પરંતુ બૌદ્ધોએ, રાજા પોતાના ધર્મનો હોવાથી, ઈર્ષ્યાને લીધે ફૂલો રોકાવ્યાં હતાં. યાવત્ પર્યુષણ સરખા દેવતાના અનુકરણથી પણ મહાપૂજા કરવાના દિવસો છતાં પુષ્પ ન મળવાથી શાસનહેલના ગણી તે ટાળવા શ્રીવજ્રસ્વામીજીને વિનંતિ કરી. અને તેથી કમને પણ શ્રીવજ્રસ્વામીજીને પુષ્પો લાવવાનું મન થયું, અને તેથીજ તે પ્રસંગને અંગે, શ્રીનિર્યુક્તિકાર મહાત્મા, અન્યશાસન તરફથી થતી અવહેલના અને શાસનની પ્રભાવનાના મુદ્દા જણાવે છે, પણ પ્રજાનો મુદ્દો જણાવતા નથી. બીજા સાધુઓ જો આનું આલંબન લે તો કૂટ ગણવામાં આવ્યું છે.

**પ્રશ્ન ૯૮૧**–શ્રીવજ્રસ્વામીજીના સમય સુધી મુનિઓ પ્રાયઃ વનમાં રહેતા હતા એમ ખરૂં ?

**સમાધાન**–શ્રાવિકા જયંતીનું પ્રથમ શય્યાતરીપણું, સુસ્થિત આચાર્યનું કલ્પકને ત્યાં રહેવું. શ્રીઆર્યસુહસ્તિસૂરિજીનું યાનશાલામાં રહેવું, બ્રહ્મચર્યની નવવાડો, શ્રીઆચારાંગ તથા શ્રીદશવૈકાલિકમાં જણા-

વાયેલ શબ્દરૂપાદિથી વસતિની પ્રતિબદ્ધતા તથા તેના અનતિક્રાંતાદિ ભેદો આદિને જાણનારો તેમ ન માને, કથંચિત્ વનવાસની તો ના નહિ.

**પ્રશ્ન ૯૧૨**–શ્રીનંદીસૂત્રને રચનાર કોણ; શ્રીદેવવાચકજી કે શ્રીદેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજી ?

**સમાધાન**–શ્રીનંદીસૂત્રને ઉદ્ધરનારા શ્રીદેવવાચકજી છે. તેમના ગુરૂનું નામ શ્રીદૂષ્યગણીજી છે, અને તેઓ શ્રીઆર્યમહાગિરિજીની પરંપરામાં છે અને શ્રીદેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજી તો સાંડિલ્યગણીના શિષ્ય છે અને શ્રીઆર્યસુહસ્તિસૂરિજીની પરંપરામાં છે એમ નંદીસૂત્ર અને કલ્પસૂત્રમાં સ્પષ્ટ છે. લેખનદ્વારા સર્વસૂત્રોના ઉદ્ધારક હોવાથી શ્રીદેવર્દ્ધિ–ગણિક્ષમાશ્રમણજીને શ્રીનંદીસૂત્રના કર્તા કહે તો જુદી વાત.

**પ્રશ્ન ૯૧૩**–કેટલેક સ્થાને 'ચંદ્રકુલ' લખાય છે. કેટલેક સ્થાને 'ચંદ્રગચ્છ' લખાય છે તેનું કારણ શું ?

**સમાધાન**–એક આચાર્યની સંતતિને કુલ અને સાપેક્ષ કુલોના સમુદાયને ગણ અને ગણના સમુદાયને સંઘ કહેવાય એવું શાસ્ત્રીયવચન વિચારતાં જણાશે કે–અમુક પરંપરાની અપેક્ષાએ ચંદ્રકુલ હોય અને જ્યારે તેમાંથી બીજા ગચ્છોના ભેદ જૂદા નીકળ્યા હોય ત્યારે તેજ ચંદ્રકુલવાળાનેજ ચંદ્રગચ્છ (ગણ) લખાય, ગચ્છ શબ્દનું મૂલ વડગચ્છ પછીનું જણાય છે.

**પ્રશ્ન ૯૧૪**–શ્રીઆર્યરક્ષિતજીની ઉમ્મર દીક્ષાની વખતે કેટલી ?

**સમાધાન**–શ્રીપંચકલ્પચૂર્ણિમાં સોળ વર્ષ પછી શૈક્ષનિષ્ફેટિકા નામનો દોષ માબાપની રજા ન હોય તોપણ નથી લાગતો. એમ જણાવવાપૂર્વક શ્રીઆર્યરક્ષિતસૂરિજીની દીક્ષાને શૈક્ષનિષ્ફેટિકા દોષવાળી જણાવે છે. તેથી તેમની દીક્ષા વખતે ઉમ્મર સોલની અંદરજ હોય, અને યુગપ્રધાનગંડિકામાં તેમનો ગૃહસ્થપર્યાય અગીયારજ વર્ષનો લખેલો છે, કેટલેક સ્થાને તે પર્યાય બાવીસ વર્ષનો જણાવાયો છે તો ત્યાં શૈક્ષનિ-

છેદિકા ગણાય નહિ. માત્ર રાજાદિના ઉત્પ્રવ્રાજનના ભયથી અન્યત્ર ગયા છે માટે રાજાદિની અપેક્ષાએ ત્યાં તે દોષ લેવાય, પણ સામાન્યતઃ સોલ વર્ષ પછીજ રજા વગર પણ દીક્ષા થાય તેમાં નિષ્ફેટિકા દોષ નથી એમ શ્રીભાષ્યકારો તથા શ્રીચૂર્ણિકારો ચોકખું લખે છે.

**પ્રશ્ન ૯૧૫**–શ્રીઆર્યરક્ષિતસૂરિજીનો સ્વર્ગવાસ વીરસંવત્ ૫૮૪માં માનવો કે ૫૮૩માં માનવો ?

**સમાધાન**–ગોષ્ઠામાહિલનુ નિહ્નવપણું વીરસંવત્ (નિર્વાણ) ૫૮૪ વર્ષે થયું એમ શ્રીઆવશ્યકનિર્યુક્તિ, શ્રીઉત્તરાધ્યયનનિર્યુક્તિ તથા શ્રીવિશેષાવશ્યકભાષ્યમાં સ્પષ્ટપણે જણાવેલ છે અને આચાર્યમહારાજના કાલધર્મ પછીજ ગોષ્ઠામાહિલ નિહ્નવ થયેલ છે સંભવ છે કે ચૈત્રી વર્ષની ગણતરીએ ચોમાસામાં આચાર્યશ્રીજીનો કાલધર્મ થયો હોય અને ચોમાસા પછી ગોષ્ઠામાહિલ નિહ્નવ થયા હોય.

**પ્રશ્ન ૯૧૬**–શ્રીકાલિકાચાર્ય મહારાજદ્વારાએ ઉજ્જયિનીના ગર્દભિલ્લ રાજાનો ઉચ્છેદ થયા પછી ત્યાંની (ઉજ્જયિનીની) ગાદીએ કોણ બેઠું અને તેનો રાજ્યધર્મ કયો ?

**સમાધાન**–જે શાહિને ત્યાં શ્રીકાલિકાચાર્ય મહારાજ રહ્યા હતા તે શાહિ ઉજ્જયિનીની મુખ્ય ગાદીએ બેઠો અને જોડે આવેલા બીજા શાહિઓ માંડલિક તરીકે થયા અને તેઓ જૈનધર્મનેજ રાજ્યધર્મ ગણતા હતા. એમ શ્રીમલધારી હેમચંદ્રાચાર્યમહારાજ પુષ્પમાલાવૃત્તિમાં જણાવે છે. પારસદેશમાં રાજાને શાહિ તરીકે અને રાજાધિરાજને શાહીનશાહ તરીકે ગણતા. તેઓનો વંશ હોવાથી તેઓ શકકુલ અથવા શક તરીકે ગણાયા.

**પ્રશ્ન ૯૧૭**–વિજયઆણસૂરવાળાઓએ પર્દુપર્વી ઘટાઘટ વિચાર લખ્યો છે તેમાં 'શ્રીકાલિકાચાર્યે સભા સમક્ષ કલ્પસૂત્ર વાંચ્યુ'. એમ જણાવે છે તેનું કેમ ?

**સમાધાન**–ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજીના વખત સુધી તો સર્વત્ર સંવચ્છરીપડિક્કમણું કરીનેજ સાધુઓ શ્રીકલ્પસૂત્રની પાંચમી વાચના

આજે જ કરતા હતા. માત્ર શ્રીનિશીથચૂર્ણિકાર કરતાં પહેલાંથી આનંદપુરમાં મૂલચૈત્યમાં જ દિવસે કલ્પસૂત્ર વંચાતું હતું. એટલે તે વિચાર પ્રમાણે નથી તો ૯૯૩માં આનંદપુરમાં વાચના થઈ. અને તેથી તેને શરૂ કરનાર શ્રીકાલિકાચાર્યમહારાજા પણ નહોતા

**પ્રશ્ન ૯૧૮**–તે 'ઘટાઘટ'માં જણાવ્યું છે કે પાંચમની સંવચ્છરીનો પલટો આનંદપુરમાં પુત્રના શોકને નિવારવા લોકો આવવાના હતા તેથી થયો અને ધ્રુવસેનરાજાએ આજ્ઞાપૂર્વક કરાવ્યો તે શું સાચું છે?

**સમાધાન**-શ્રીનિશીથચૂર્ણિઆદિ પ્રમાણિક શાસ્ત્રોમાં તો સંવચ્છરીની તિથિનું પરાવર્તન પ્રતિષ્ઠાનપુરમાં થયેલું છે. લોકોના અનુયાયિપણાને લીધે ઇન્દ્રમહોત્સવને લીધે કરાયું છે અને શાતવાહન રાજાની વિનંતિથી કરાયેલું છે. માટે ઘટાઘટ વિચારમાં જે આ પ્રમાણે લખ્યું છે તે શાસ્ત્રથી વિરોધી હોઈને સમ્યગ્દષ્ટિઓને માનવા લાયક જ નથી. તે ઘટાઘટમાં આ પ્રમાણે લખેલું છે—

**अधुना लोकाः! शृण्वन्तु भाद्रपदशुपञ्चम्यां श्रीकालिकसूरीणां वार्षिकं पर्व करणीयमस्ति अतस्ते। सूरिवराः ध्रुवसेनराजानमाहूय कथितुं लग्नाः। भो राजन्! पञ्चम्यां वार्षिकं पर्व अस्ति तत्करणार्थं आगन्तव्यं अत्र। तदा राज्ञा भणितं स्वामिन्! सत्यं, 'लोगविरुद्धच्चाओ' इति वचनात् पञ्चम्यां अस्माकं पुत्रशोकनिवारणार्थं सर्वाः प्रजाः आगमिष्यन्ति तदा श्रीमतां पार्श्वे वार्षिकपर्वे महोत्सवार्थं ममागमनं न भविष्यति, अतः षष्ठ्यां वार्षिकपर्व कर्तव्यम्। इति कथयित्वा राजा स्वसदने गतः। अथ तैः सूरिपादैः सर्वगीतार्थानाचार्यांश्च संमेल्य राजावदातः कथितः, तदा सर्वैर्गीतार्थैरुक्तं–यूयं महाप्रभावकाः श्रीमद् वीरवचनतः तत्रभवतां वचनं प्रमाणं, परं पष्ठ्यां वार्षिकं पर्व न जायते। कुतः?, आयुरनित्यम्। अतश्चतुर्थ्यां वार्षिकं पर्व कर्तव्यम्। इति गीतार्थानां वचनमुररीकृत्य चतुर्थ्यां संघसमक्षं राजपुरस्सरं**

**वार्षिकं प्रतिक्रमणमपि चतुर्थ्यामेव कृतं** । વધારે આશ્ચર્યની વાત તો એ છે કે-એજ ઘટાઘટ વિચારમાંજ 'सालाहणेण रण्णा०' વિગેરે બે ગાથા આવી છે તેથી 'ધ્રુવસેન રાજાએ સંવચ્છરીની તિથિ પલટાવરાવી' એવું તેનું લખાણ જુઠું ઠરે છે.

**પ્રશ્ન ૯૧૯**- **'किंच चतुर्दशी पौर्णमासी चेत्युभे अप्याराध्यत्वेन संमते स्तः, परं चातुर्मासिकलक्षणा ग्राह्या नान्या इति'** એમ એ ઘટાઘટમાં તત્ત્વતરંગિણીને નામે જણાવ્યું તે સાચું છે?

**સમાધાન**-'किंच'થી માંડીને 'स्तः' સુધીનો પાઠ તો તત્ત્વતરંગિણીમાં છે, પરંતુ 'परं'થી લઈ જે આગલ પાઠ છે, તે આણસૂરવાળાએ જુઠ્ઠો લખ્યો છે, તત્ત્વતરંગિણીકાર તો બધી પુનમો માન્ય ગણે છે. જુઓ ગાથા ૫ (પાંચ)મીની ટીકાનો પાઠ-

**'यद्यप्यागमे चातुर्मासिकसम्बन्धिन्यस्तिस्रः पौर्णमास्यः अमावास्याश्च पुण्यतिथित्वेन महाकल्याणतया प्रख्याता आराध्यत्वेनोक्तास्तथापि क्वापि श्रावकाणां केवलं पौषधव्रतमेवाश्रित्य सामान्येन गृहीता दृश्यन्ते अतस्तदपेक्षयैव युक्तयो दृश्यन्ते.**

**પ્રશ્ન ૯૨૦**-ઘટાઘટ વિચારમાં જણાવે છે કે—

**'यदा पूर्णिमा क्षीयते यदा तत्तपः त्रयोदश्यां क्रियते, तदनंतरं चतुर्दश्यास्तपः क्रियते, यतश्चातुर्मासिकं चतुर्दश्यां वर्त्तमानत्वात् (मानं) पूर्णिमादिनस्तु क्षयं प्राप्तः अतः त्रयोदश्यां पूर्णिमायास्तपः पूर्यते, तपोविनिमये संमोहो नैव कार्यः ।**

અર્થાત્ પુનમના ક્ષયે તેનો તપ તેરશે કરવો અને પછી બીજે દિવસે ચઉદશનો તપ કરવો, કેમકે ચઉમાસી ચઉદશમાં છે, અને પુનમનો દિન તો ક્ષય પામેલો છે, માટે તેરશે પુનમનો તપ કરવો, તપની ફેરફારીમાં મુંઝાવું નહિ. આવું આનંદસૂરિવાળાનું કથન કેમ ન માનવું?

**સમાધાન**-પ્રથમ તો પુનમના ક્ષયે તેનો તપ તેરશે કરવાનો હોત

તો શ્રીહીરસૂરિજી, ક્ષીણપુનમના તપના માટે 'त्रयोदश्यां' એમ સ્પષ્ટપણે કહી દેત, પણ 'त्रयोदशीचतुर्दश्योः' એમ દ્વિવચનથી ન કહેત; માટે ઉપર જણાવેલ આનંદસૂરિનું વચન શ્રીહીરસૂરિજીના કથનથી વિરૂદ્ધ છે. વળી વ્યવહારથી પણ તેરશે પુનમ કરવી અને તે પુનમથી બીજે દિવસે ચઉદશ કરવી એમ કરવું એ અઘટિત જ છે. એ બધા કરતાં શ્રીહીરસૂરિજી જ્યારે બારેય માસની પુનમો 'छण्हं तिहीण मज्झंमि' એવા શ્રાદ્ધદિનકૃત્યના વચનથી આરાધવા લાયક ગણે છે ત્યારે આ આનંદસૂરિવાળા 'ત્રણ ચૌમાસીનીજ પુનમો આરાધવા લાયક છે' એમ જણાવે છે અને તેથી 'ચઉમાસી ચૌદશ એ વિગેરે' બોલે છે તે સર્વથા ખોટુંજ છે આ સ્થાને એક વાત આનંદસૂરિવાળાની ઢંગધડાવગરની છે તે ધ્યાનમાં રાખવી. તે વાત એ છે કે–આનંદસૂરિવાળા ત્રણ પુનમો જે ચઉમાસીની છે તેજ આરાધવા લાયક માને છે, પણ બારેય માસની પુનમોને આરાધવા લાયક માનતા નથી. અને તેથી તે આનંદસૂરિવાળા ચઉમાસી પુનમના ક્ષયે તેરશનો ક્ષય માને છે, અને તે સિવાયની નવ પુનમોનો ક્ષય હોય ત્યારે પડવાનો ક્ષય માને છે, છતાં આ ઉપરથી પણ એટલું તો ચોક્કસ છે કે–નવામતવાળાની માફક ચૌદશ અને પુનમને ભેળાં માનીને બનનારા ભેળસેળપંથીઓ તો નથી તો દેવસૂરવાળા કે નથી તો આણસૂરવાળા, કેમકે પુનમના ક્ષયે દેવસૂરવાળા બારેય માસ તેરશનો ક્ષય કરે છે અને આણસૂરવાળા ત્રણ ચઉમાસીની વખતે તેરશનો અને નવ વખત પડવાનો ક્ષય માને છે. જો કે તપ તો અતિક્રાંત અને અનાગતકાલે પણ બની શકે છે, પણ તેવા તપની વખતે તે તિથિની માન્યતા કરવી તે તો નિષ્પ્રયોજન અને અયોગ્યજ કહેવાય વળી આશ્ચર્યની વાત તો એ છે કે–ચૌદશના ક્ષયે તેરશનો ક્ષય કરી ચઉમાસી કે પક્ખી તેરશે થાય પણ પુનમના ક્ષયે પક્ખી ચઉમાસી તેરશે ન થાય એવું કથન વ્યાજબી ગણાવા માગે છે ક્ષયના પ્રસંગમાં સામાન્ય તિથિનો ભોગ લેવો, તેરશે ચઉદશનો અને ચઉદશે પુનમનો ભોગ છે, પણ તેરશે તો ક્ષીણ પુનમનો ઉદય,

સમાપ્તિ કે ભોગ એકકેય નથી તો પછી તેરશે કયા કારણથી પુનમ માનવી અને પુનમનો તપ શાથી યોગ્ય ગણાય ?

**પ્રશ્ન ૯૨૧**–જ્યારે ટીપણામાં પુનમની વૃદ્ધિ હોય ત્યારે સ્પષ્ટપણે, માનો કે–શનિવારે તેરશ તો રવિવારે ચઉદશ અને સોમ તથા મંગળવારે પુનમ હોય, અને તે વખતે શનિવારે તેરશ કરવા સાથે રવિવારે પણ તેરશ કરાય અને સોમવારે ચઉદશ કરી મંગળવારે પુનમ કરાય છે. તેમાં રવિવારે ચઉદશનો ઉદય હતો છતાં તે દિવસે ચઉદશ ન માનતાં સોમવારે વગર ઉદયે ચઉદશ માની, એ સર્વ ઉદયના સિદ્ધાંતનો અનાદર કરનાર, અને ઉદય, સમાપ્તિ કે ભોગ ન હોય તેવી તિથિઓ તે તે દિવસે માનવાથી મિથ્યાવાદ બોલનાર ન કહેવાય ?

**સમાધાન**–તે તિથિ પ્રમાણ કરવી કે જેમાં ઉદય હોય એ વાતને કોઈપણ નથી માનતું એમ છેજ નહિ, પરંતુ આ વાત જરૂર ધ્યાનમાં રાખવાની છે કે–ઉદયવાળી તિથિને પ્રમાણ કરવી એવા વિધાનની જ જરૂર શી ? કહેવું જોઇશે કે તિથિના પ્રારંભની અપેક્ષાએ, ભોગવટાની અપેક્ષાએ, પ્રતિક્રમણ વખતે હોવાની અપેક્ષાએ, સમાપ્તિની અપેક્ષાએ, તિથિનું આરાધન કરવામાં આવે તો ઉપવાસ, છઠ્ઠ, અટ્ઠમઆદિ ન બને, કેમકે તે ઉપવાસઆદિ તો બે સૂર્યોદયનાં આંતરાની સાથે સંબંધ રાખનારા છે. વળી દેશાવકાશિક, પૌષધ અને અતિથિસંવિભાગ જેવા વ્રતો કે જે તિથિઓને દિવસે અવશ્ય કરવાનાં હોય છે અને તે પણ અહોરાત્ર કે દિવસ અગર રાત્રિથી પ્રતિબદ્ધ હોય છે માટે તિથિના પ્રારંભ, ભોગ કે સમાપ્તિ ગમે ત્યારે હોય તો પણ તિથિને અતિથના અહોરાત્રની સાથે સંબદ્ધ કરવાને માટે જ જે તિથિમાં સૂર્યોદયનો સંબંધ થાય તે તિથિને પ્રમાણ ગણવી એટલે સુર્યોદયને ફરસવાવાળી તિથિ છે એમ ગણવી અને સૂર્યોદયને ફરસવાવાળી તિથિ ભલે થોડી હોય કે ઘણી હોય તોપણ તેની હયાતી ન ગણવી, પણ ક્ષય પામેલી ગણવી, ઉપર જણાવેલી હકીકત સમજનારો સ્પષ્ટપણે સમજી શકે કે અહીં તિથિપણાનું વિધાન

નથી પણ તિથિની ગણતરીનું અને પ્રમાણિકતા એટલે આરાધનામાં ઉપયોગીપણાનું વિધાન છે અને તેજ વાત શાસ્ત્રકારો પ્રમાણ'' શબ્દ વાપરીને સ્પષ્ટ કરે છે અહીં તિથિનું વિધાન નથી. પણ તિથિની પ્રમાણિકતા એટલે આરાધનાની ઉપયોગિતાનું વિધાન છે પણ તે ઉદય–યુક્તતાને ઉદ્દેશીને કહે છે અને તેથી જ 'क्षये पूर्वा'નો અર્થ એજ કરવો પડે છે કે સૂર્યોદય વિનાની તિથિ હોય ત્યારે તેનાથી પૂર્વની ઉદયવાળી તિથિને પ્રમાણ માનવી એટલે ઉદયવાળી એકમઆદિને ઉદયવાળી બીજ આદિ માનવી અને એજ હિસાબે 'वृद्धौ कार्या तथोत्तरा ' નો અર્થ એજ કરવો પડે કે તિથિની વૃદ્ધિ હોય ત્યારે 'उत्तरा' એટલે બીજી તિથિનેજ ઉદયવાળી ગણીને પર્વતિથિપણે માનવી એટલે જેમ ક્ષયમાં પડવાઆદિનો ઉદય બીજઆદિના ઉદયપણે લેવો. તેવીજ રીતે બીજી બીજઆદિનો સૂર્યોદય જ બીજઆદિપણે માનવો એટલે પહેલી બીજનો સૂર્યોદય એ બીજનો સૂર્યોદયજ નહિ પણ તેને પડવાનો સૂર્યોદય માનવો. અને આજ કારણથી આચાર્ય મહારાજ શ્રીહીરસૂરિજી બીજી અગીઆરસ વિગેરેને ઔદયિકી તિથિ ગણે છે. અને પહેલી બીજ વિગેરેને અનૌદયિક ગણીને સ્પષ્ટપણે પડવાઆદિપણે જણાવે છે. આ સવ હકીકત વિચારનારને સ્પષ્ટપણે માલુમ પડશે કે માત્ર આરાધનાના અંગેજ ઉદયવાળી પ્રમાણ. પૂર્વોદય પ્રમાણ અને ઉત્તરોદય પ્રમાણ આ વ્યવસ્થા કરવામાં આવી છે અને તેથી શાસ્ત્રકારો સ્પષ્ટ કહે છે કે ઉદય ન હોય તોપણ એટલે પર્વ-તિથિનો ક્ષય હોય તો પણ ઉડાવવી નહિ. અછતો પારકો ઉદય પણ આરાધના માટે લેવો અને છતો પણ ઉદય આરાધના એવડાઈ ન જાય માટે ન ગણવો. આ વસ્તુ જો બરોબર મગજમાં ઉતરશે તો સ્પષ્ટ થશે કે–શનિવારે અને રવિવારે તેરશ માનીને, સોમવારે ચૌદશ તથા મંગળવારે પુનમ માનવી તેજ વ્યાજબી છે. વળી પુનમ કે અમાવાસ્યાના ક્ષયની વખતે તો તેરશે ચઉદશનો અને ચઉદશે પુનમ અમાવાસ્યાનો ભોગ હોવાથી જેમ એક પર્વની આરાધનાની રક્ષા માટે કરાય છે તેમ બે

પર્વની આરાધનાની રક્ષા માટે બે ઉદયો પારકા લેવા પડે અને ભોગમાત્રની અપેક્ષાજ રખાય એમાં આશ્ચર્ય શું ?

**પ્રશ્ન ૯૨૨**–ઘટાઘટ વિચારમાં 'किंच चतुर्दशी पौर्णमासी चेत्युमे अप्याराध्यत्वेन संमते स्तः, परं चातुर्मासिकलक्षणा ग्राह्याः नान्याः ।' આવી રીતે લખીને ચોમાસીની પુનમોજ આરાધવા યોગ્ય જણાવે છે તે શું સાચું છે ?

**સમાધાન**–આનંદસૂરિગચ્છવાળાઓ ચઉમાસી સિવાયની પુનમો માનવાની ના કહે ને અને ચઉમાસી તો વર્તમાનમાં ચઉદશે થાય છે એટલે તેઓને એકપણ પુનમ આરાધવાની રહેશે નહિ. ખરી સ્થિતિએ જેમ પંચમી સ્વયં તિથિ છતાં સંવચ્છરી તરીકે આરાધાતી હતી અને સંવચ્છરી પલટી ગઇ છતાં તે પંચમીનું પર્વપણું ગયું નહિ અને તેથીજ શ્રીશ્રાદ્ધદિનકૃત્ય–'छण्हं तिहिण मज्झंमि का तिहि अज्ज वासरे' એમ સ્પષ્ટપણે કહ્યું છે. અર્થાત્ બધી પુનમો આરાધવા લાયકજ જણાવે છે, વળી તેની જ ટીકામાં પણ 'मासाभ्यन्तर इति गम्यते, षण्णां तिथीनां सितेतराष्टमीचतुर्दशीपूर्णिमाऽमावास्यालक्षणानां मध्ये ' આવી રીતે દરેક મહિનાની અજવાળી અને અંધારી આઠમ, ચઉદશ અને પુનમ અમાવાસ્યારૂપી છ તિથિઓ આરાધવા લાયક જણાવીજ છે. માટે બીજી પુનમો આરાધવા લાયક નથી એવું આનંદસૂરિજીવાળાનું કથન ખોટું છે. સૂયગડાંગજીમાં લેપશ્રાવકના અધિકારની વ્યાખ્યામાં ત્રણ ચઉમાસીની પુનમો જે ગણી છે તે પાંચમને સંવચ્છરી જેમ મુખ્યતાએ કહે તે રૂપે સમજવી. વળી તે ચરિતાનુવાદરૂપ છે, વિધિવાદરૂપે નથી, તેમજ ભગવતીજી આદિમાં સામાન્ય રીતેજ બધી પુનમ અને અમાવાસ્યા સ્પષ્ટપણે તિથિરૂપે લીધાંજ છે, માટે ત્રણ સિવાય બીજી પુનમો ન માનવી એ ખોટું છે.

**પ્રશ્ન ૯૨૩**–ઘટાઘટ વિચારમાં આનંદસૂરિવાળા લખે છે કે –

**'यदा च भाद्रपदसितचतुर्थी क्षीयते तदा तत्तपः पूर्वस्यां तृतीयालक्षणायां पूर्यते, यदा पञ्चमी क्षीयते तदा तत्तपः पूर्वस्यां**

तिथौ पूर्यते । यदुक्तं हीरप्रश्ने–यदा पञ्चमी क्षीयते तदा तत्तपः पूर्वस्यां तिथौ क्रियते, यदा पूर्णिमा क्षीयते तदा त्रयोदशीचतुर्दश्योः क्रियते, त्रयोदशी यिस्मृतौ तु प्रतिपद्यपीति, अत्र त्रयोदशी विस्मृतौ तु प्रतिपद्यपि इत्युपलक्षणत्वात्–

छट्ठी सहिया न अट्ठमी तेरससहियं न पक्खियं होइ ।

पडिवइ सहियं कयाइवि इय भणियं जिणवरिंदेहिं ॥१॥

प्रतिपद्यपि, पूर्णिमायास्तपः पूर्यते, वैयाकरणपाशैः उदयगतायां त्रयोदश्यां चतुर्दशीयते, तदसत्, यत औदयिक्येव आराध्यते उदयात्' અર્થાત્ ભાદરવા સુદ પાંચમના ક્ષય તેનો તપ ચોથે કરવા જણાવે છે અને પુનમનો તપ પડવાએ કરવા જણાવે છે તે કેમ મનાય?

**સમાધાન**–શ્રી વિજયદેવસૂરિગચ્છવાળા સ્પષ્ટપણે પુનમની વૃદ્ધિએ તેરશની વૃદ્ધિ કરવાનુ લખે છે અને તે પ્રમાણે અત્યાર સુધી પણ દેવસૂરગચ્છવાળા સંવેગી અને યતિ, બંને કરતાં આવ્યા છે, અને તે પ્રમાણે દેવસૂરગચ્છવાળાની માન્યતા જણાવનાર તિથિપત્રક પણ ૧૮૯૫નું લખેલું હતું તે છપાઈ ગયેલું છે. સામુદાયિક લખાણ હોવાથી એક કર્તાનું નામ ન હોય એ સ્વાભાવિક છે. વળી જુનાં પાનાં છે અને પરંપરા તે પ્રમાણે ચાલુ છે તો પછી તેને વર્તમાન સાધુઓ દેવસૂરગચ્છવાળા થઈને ઉઠાવશે તેનું શું થશે? તે જ્ઞાની જાણે વળી શ્રીહીરપ્રશ્નમાં સામાન્ય રીતે પંચમીના તપની વાત છે તેને એ આણસૂરવાળાઓ ભાદરવા સુદ પાંચમને લગાડે છે તે કોઈપણ પ્રકારે સમ્યક્ કહેવાય નહિ; કેમકે જો ભાદરવા સુદ પાંચમનો પ્રશ્ન હોત તો પુનમની માફક ત્રીજ. ચોથ, બેનેજ લખત. આણસૂરવાળાએ આપેલી છટ્ઠી ગાથા પુનમીયાની કલ્પેલી છે. શાસ્ત્રમાં પુનમને કોઈ પક્ખી કહેતું નથી, પુનમીયાએ આવી તો ઘણી ગાથાઓ જ્યોતિષ્કરંડકમાં ઘાલી દીધી છે તે જ્યોતિષ્કરંડકની ટીકા સાથે જોવાથી માલમ પડશે આવી ગાથાને દેવસૂરવાળા માનેજ નહિ વળી આ ઉપરથીજ સાબિત થાય છે કે દેવસૂરવાળા પુનમના ક્ષયે તેરશનો ક્ષય ગણીને

તેરશે ચઉદશ કરતા હતા એ ચોકખું થાય છે અને ચઉદશે પુનમ કરતા હતા એ પણ ચોકખુંજ થાય છે. ધ્યાન રાખવા જેવું છે કે–પુનમનો તપ તેની પૂર્વતિથિ ચઉદશમાં કરી લેવો એમ હીરસૂરિજીનું વચન નથી. પુનમનો ક્ષય છતાં તેરશે તે ક્ષયની વાત ન જાણી અથવા ભૂલી ગયો તો પછી ચઉદશે તો પુનમ કરી શકે નહિ કેમકે ચઉદશ ઉડી જાય. વળી ચઉદશ પુનમ ભેળી કરવાની હોત તો તેરશની ભૂલે પડવાએ તપ કરવાનું કહેતજ નહિ. પણ ચઉદશે કહેત અને પુનમનો ક્ષય છતાં તેરશે ચઉદશ ન કરીએ એટલે ચઉદશે પુનમ ન થાય એ ચોકખુંજ છે તેથી ચઉદશે ચઉદશ કરીને પડવાને દિવસેજ પુનમનું તપ કરવું પડે. આવું ચોકખું તેરશના ક્ષયનું વાકય છતાં ભૂલને લીધે અને 'अपि' શબ્દથી કહેલું પકડી બેસે તેને શું કહેવું ? તે જાણવાનું જ્ઞાની સિવાય બીજાનું કામ નથી.

**પ્રશ્ન ૯૨૪**–उदयंमि जा तिहि सा पमाणमियरीइ कीरमाणीए ।
आणाभंगऽणवत्था–मिच्छत्तविराहणं पावे ॥ १ ॥

એ શ્રાદ્ધવિધિઆદિમાં કહેલી ગાથાથી ઉદયમાંજ જે તિથિ હોય તેજ તિથિ (આખા દિવસ માટે) પ્રમાણ ગણવી. પણ ઉદયની વખત ન હોય તેવી તિથિ (આખો દિવસ કરાય તો આજ્ઞાભંગ અનવસ્થા મિથ્યાત્વ અને વિરાધનાનો દોષ લાગે. એમ સ્પષ્ટ છે તો પછી પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેનાથી પહેલાની જે અપર્વતિથિ હોય તેજ ઉદયવાળી તિથિને બીજઆદિપણે માનીને કે બીજને ભેળી માનનારાઓની અપેક્ષાએ બીજઆદિ માનીને તે પડવાઆદિને દિવસે બીજ આદિની ક્રિયા કરનારા આજ્ઞાભંગ આદિ દોષોને પામવાવાળા કેમ ન ગણાય ?

**સમાધાન**–'उदयंमि' એ ગાથાથી ઉદયમાં જે તિથિ હોય તે પ્રમાણ કરવી, અને બીજી પ્રમાણ કરાય તો આજ્ઞાભંગ આદિ દોષો લાગે, એ જગો પર બીજીતિથિશબ્દથી જો ઉદય વિનાની એમ લઈએ તો પર્વતિથિના ક્ષયે વગર ઉદયની તિથિ જે લેવી પડે તેમાં આજ્ઞાભંગ વિરાધનાદિ

દોષો લાગવાનું થાય વળી અધિક તિથિ હોય ત્યારે પહેલી તિથિ ઉદયવાળી હોય છતાં પણ તેને છોડવી પડે તેમાં પણ આજ્ઞાભંગ આદિ દોષો લાગે. એ ખરૂં છે, પણ બીજીતિથિશબ્દથી ઉદય વિનાની એવો અર્થ ન કરવો, પણ જૈનોનો પરસ્પર મતભેદોમાં પણ જે બેસતી તિથિ માનનારા તથા પ્રતિક્રમણની વખતે હોય તે તિથિ માનનારા તથા આથમતી એટલે પૂર્ણતાની તિથિ માનનારા હોય તેના ખંડનને માટે આ જણાવેલું છે અને તેમ હોવાથી બીજીતિથિ એ શબ્દથી બેસતી, પ્રતિક્રમણની અને આથમતી તિથિ એવો અર્થ કરવો. એટલે બીજ પાંચમ આદિ બધી તિથિઓ સૂર્યોદય વખતની લેવી, પણ જો બેસતી આદિ લે તો આજ્ઞાભંગ આદિ દોષો લાગે, એમ સર્વસાધારણ રીતે જણાવેલ છે. પરમતમાં જેમ સંપૂર્ણ, શુદ્ધ, વિદ્ધ, સમ, ન્યૂન,અધિકૃત આદિભેદો તથા કર્મકાલ ભાવિની આદિ ભેદો તિથિના લીધા છે. તેમ અહીં કોઈપણ બીજો ભેદ લેવાનો નથી. અને જો તે લે તો આજ્ઞાભંગ આદિ દોષો લાગે. એ અર્થ સરલ અને તાત્ત્વિક છે, કારણ કે જૈનોને દિન, અહોરાત્ર કે રાત્રિની અપેક્ષાએ પૌષધ ઉપવાસ આદિ કરવાના હોય છે, અને તે પૌષધ આદિનો આરંભ સૂર્ય ઉદયની અપેક્ષાએ જ રહેલો છે. અને તેથીજ તિથિનો આરંભ ક્રિયાકાલ આદિ લઈને કરે તો પૌષધ-ઉપવાસઆદિ દિનઆદિ પ્રમાણના નહિં રહેવાથી તથા તિથિ આદિના આરંભ અને સમાપ્તિની અપેક્ષાવાળા થવાથી અખંડ ન થાય અથવા તે સાચવે તો પર્વતિથિ માન્ય છતાં વિરાધના થાય, માટે ઇતરતિથિ માનવામાં આજ્ઞાભંગ આદિ દોષો જણાવ્યા છે

**પ્રશ્ન ૯૨૫**-બીજઆદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તે બીજઆદિનો ઉદય હોય નહિ. તેમજ તે દિવસે પડવાઆદિનોજ ઉદય હોય, માટે ઉદય વગરની બીજઆદિ છતાં તે દિવસે બીજઆદિ માનનારાઓને આજ્ઞા-ભંગઆદિ દોષો કેમ નહિ લાગે ? કેમકે 'उदयंमि' એ ગાથામાં બીજી તિથિ કરવામાં તે દોષો જણાવેલા છે.

**સમાધાન**-પ્રથમ તો 'उदयंमि' એ ગાથા હંમેશાં તિથિ માનવાની

અપેક્ષાએ છે, એટલે હંમેશાં સૂર્યોદયના ફરસવાલીજ બીજઆદિ તિથિયો લેવી પણ બેસતી, પ્રતિક્રમણ વખતની કે આથમતી ન લેવી. એ ગાથામાં જેઓ હંમેશાં બેસતી આદિ તિથિયોને માનવાવાળા છે તેઓને આજ્ઞાભંગાદિ દોષોની આપત્તિ આપી છે. એટલે ક્ષયની વખતે પૂર્વતિથિ કરનાર કંઈ બેસતી આદિની માન્યતાથી પડવા આદિને દિવસે બીજઆદિ કરતો નથી. પરંતુ મહિનામાં બાર તિથિની આરાધના કરવી એ નિયમિત છે, અને તેથી પડવાદિને દિવસે બીજઆદિ માની આરાધના કરે છે આટલા માટેજ શ્રીઉમાસ્વાતિજીનો પ્રઘોષ જણાવાય છે કે–'क्षये पूर्वा तिथिः कार्या' અર્થાત્ બીજઆદિનો ક્ષય હોય ત્યારે બીજઆદિનો સૂર્યોદય ન હોય અને તેથી તેનાથી પહેલાની પડવા આદિ તિથિનો જે સૂર્યોદય તેનેજ બીજઆદિનો સૂર્યોદય ગણવો. કેમકે તિથિ તો સૂર્યોદયને અંગે હોય, માટે તે સૂર્યોદય પડવાનો છે તો પણ બીજનો સૂર્યોદય માની લેવો. જે નવીનો પડવામાંજ બીજ કરવી કહે તેઓને પણ પડવાના સૂર્યોદયના પહેલેથી પૌષધાદિ માટે બીજઆદિ માનવીજ પડશે. અને પડવાના સૂર્યોદયથી પહેલાં બીજ માની એટલે સૂર્યોદયથી તિથિનો વ્યવહાર થાય છે માટે તે સૂર્યોદય બીજનોજ છે એમ માનવુંજ પડશે અને તેથીજ પડવો બીજ ભેળાં એવું કહેવાનો વખત રહેશેજ નહિ અર્થાત્ ક્ષયની વખત પોતાનો સૂર્યોદય નથી. તો પણ પારકા સૂર્યોદયને પોતાનો સૂર્યોદય ગણીનેજ તિથિ માનવી પડશે. એમાં જો આજ્ઞાભંગઆદિ દોષો થાય છે એમ માનીએ તો શ્રીઉમાસ્વામિતિવાચકજીએ તે દોષો લગાડવાની આજ્ઞા કરી એમ માનવું પડે પણ શ્રીવાચકજી મહારાજે તો પર્વતિથિની આરાધનાનું અખંડિતપણું તેમ કરીને પણ રાખવા કહ્યું છે.

**પ્રશ્ન ૯૨૬**–બીજઆદિના ક્ષયનીવખતે પડવાઆદિ તેનાથી પહેલાની અપર્વતિથિનો ક્ષય કહેવો કે પડવો–બીજઆદિ ભેળાં કહેવાં ?

**સમાધાન**–ટીપણામાં તો જો કે પડવાઆદિનો ઉદય હોવાથી પડવોઆદિ તે દિવસે ગણે પણ ધર્મારાધનાવાળા તો તે વખતે પડવો-

આદિ છે એમ બોલેજ નહિ. કિંતુ બીજઆદિજ છે એમ બોલે. એટલે બીજઆદિના ક્ષયે પડવાઆદિનો ક્ષયજ કહેવો. આવીરીતે બીજઆદિના ક્ષયે પડવાઆદિનો ક્ષય કરવાનો રિવાજ સંવત્ ૧૬૧૫ના પહેલેથી છે, કારણ કે તરવતરંગિણીમાં ચઉદશના ક્ષયની ચર્ચામાં જણાવે છે કે–

**'तत्र त्रयोदशीति व्यपदेशस्यापि असम्भवात् किन्तु प्रायश्चित्तादिविधौ चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात्'** વળી **'मुख्यतया-चतुर्दश्या एवेति व्यपदेशो युक्तः'** તેમજ **'अद्यापि त्रयोदशीमेव वदसि !'** અર્થાત્ ચઉદશનો ક્ષય હોય ત્યારે તેરશને ચૌદશ બનાવવી અને તે વખતે તેરશને દિવસે તેરશ છે એમ કહેવાનો પણ સંભવ નથી. આ ઉપરથી ચોક્ખું થાય છે કે–બીજઆદિ પર્વતિથિના ક્ષયે તેનાથી પહેલાની પડવાઆદિતિથિને પડવાઆદિપણે બોલવીજ નહિ. અર્થાત્ પડવાઆદિનો ક્ષયજ ગણવો. વળી પ્રાયશ્ચિતઆદિ જે ચઉદશના કાર્યો છે તેમાં ચઉદશજ છે એમ વ્યવહાર થાય છે, અર્થાત્ ૧૬૧૫થી પહેલાં પણ ચઉદશના ક્ષયે તેરશને ચઉદશજ છે એમ બોલવાનો વ્યવહાર હતો. વર્તમાનમાં પણ ધર્મારાધનામાં તેમજ લખાય છે અને બોલાય છે માત્ર બે વર્ષથી હમણાં નીકળેલા પડવા–બીજ કે યાવત્ તેરશ–ચઉદશ ભેળાં બોલનારા થયા છે પણ શાસ્ત્રો અને પરંપરા બંનેથી વિરૂદ્ધ છે એમ નક્કી છે.

**પ્રશ્ન ૯૨૭**–શાસ્ત્રોમાં સ્થાને સ્થાને–

उदयंमि जा तिही सा पमाणमियरीइ कीरमाणीए ।
आणाभंगऽणवत्था-मिच्छत्तविराहणं पावे ॥ १ ॥

આ ગાથાથી સ્પષ્ટ જણાવ્યું છે કે સૂર્યોદય વખતે જે તિથિ હોય તેજ પ્રમાણ ગણવી અને બીજી તિથિ પ્રમાણ ગણનારો મિથ્યાત્વ, અનવસ્થા, વિરાધનાની સાથે આજ્ઞાભંગને પામે. આવું સ્પષ્ટ વચન છે તો પછી પુનમ–અમાવાસ્યાના ક્ષયે અને વૃદ્ધિએ તેરશની ક્ષય–વૃદ્ધિ કરતાં વગર ઉદયની ચઉદશ તેરશે કરાય અને ઉદયવાળી ચઉદશ છતાં તે દિવસે

પુનમ કરાય એ આજ્ઞાભંગાદિ દોષવાળું કેમ ન ગણાય ? વળી પુનમ-અમાવાસ્યાની વૃદ્ધિએ તેરશની વૃદ્ધિ કરતાં ઉદયવાળી ચઉદશે તેરશ કરવી. ઉદયવાળી પુનમે ચઉદશ કરવી. એ પણ આજ્ઞાભંગાદિ દોષથી મુક્ત કેમ ગણાય ? એવી રીતે ભાદરવા શુદ પાંચમની ક્ષય-વૃદ્ધિએ ત્રીજની ક્ષય-વૃદ્ધિ કરતાં પણ ઉભય પ્રસંગે ઉદયને ઉડાડવાથી આજ્ઞાભંગાદિ દોષો કેમ ન લાગે?

**સમાધાન**-શાસ્ત્રકારોએ સ્થાને સ્થાને 'उदयंमि जा तिही' એ ગાથા લખીજ છે અને ઉદયવાળી તિથિજ પ્રમાણ જણાવી છે એ સર્વ કોઈને માન્ય છે. પરંતુ ઈતરતિથિ કઈ લેવી એ સમજવાની જરૂર છે. જે સ્થાને એ ગાથા શ્રાદ્ધવિધિમાં લેવામાં આવી છે તેમાં-

'पूआ पच्चक्खाणं पडिक्कमणं तह य नियमगहणं च।
जीए उदेइ सूरो तीइ तिहीए उ कायव्वं ॥

આ ગાથા જણાવતા 'तिथिश्च या प्रत्याख्यानवेलायां स्यात् सा प्रमाणं' એમ જણાવે છે અને તેને અંગે ઈતરતિથિનો નિષેધ કરે છે. એટલે તિથિપ્રવેશ પૂજાદિક્રિયાકાલ કે પ્રતિક્રમણકાલ વ્યાપ્તિથી તિથિ માનવામાં આવે તો આજ્ઞાદિભંગાદિ દોષો લાગે છે. અર્થાત્ આ પ્રકરણથી બીજી રીતે તિથિ માન્યતા ન રાખવી એટલું જ જણાવે છે, એમ ન માનતા જો એમ માનીયે કે અનુદયની તિથિ કરવા માત્રમાં આજ્ઞા-ભંગાદિ દોષો લાગે છે તો પછી ક્ષીણપર્વતિથિને આરાધતાં આજ્ઞા-ભંગાદિ દોષો લાગશે. કારણ કે જ્યારે બીજઆદિમાં સૂર્યોદયનો સ્પર્શ હોય નહિ ત્યારેજ તે બીજઆદિ ક્ષય પામેલી કહેવાય અને તેવી સૂર્યોદયવગરની બીજઆદિએ જો બીજઆદિ તિથિ મનાય તો આજ્ઞા-ભંગાદિ દોષો લાગવા જોઈએ. વળી આ ગાથાથી ઉદયમાં હોય તે તિથિ કરવીજ જોઈએ એમ કહીએ તો પણ બીજઆદિની વૃદ્ધિ વખતે બંને તિથિઓમાં સૂર્યનો ઉદય ફરસેલો હોય છે તેથી પહેલાની એક તિથિ અને તે નહિ આરાધનારને આજ્ઞાભંગાદિ દોષો જરૂર લાગશે અને આ વાતને કોઈપણ સુજ્ઞ મંજૂર કરેજ નહિ ખરી રીતે તો

ચઉદશના ક્ષયે તેરશે તેરશનું નામ કહેવાનો સંભવ નથી, પણ આરાધનામાં ચઉદશજ છે એમ કહેવાય છે. પર્વતિથિના ક્ષયની વખતે આવી રીતે 'तत्त्वतरंगिणीकार' કહે છે કે તેથી પર્વતિથિના ક્ષયે તેનાથી પહેલાની અપર્વતિથિને ગણવી નહિ, પણ તે દિવસે પર્વતિથિજ ગણવી. એટલે સૂર્યોદય થયો ત્યારથી ચૌદશ આદિ પર્વતિથિજ મનાય એટલે અપર્વનો ક્ષય કરનારને તો પર્વની તિથિ ઉદયવાળીજ છે પણ જેઓ અપર્વતિથિનો ક્ષય નથી માનતા, તેઓને પર્વતિથિના ક્ષયે અપર્વમાં કરાતા પચ્ચક્ખાણાદિ ઉદય વગરના છે. અને તેથી ભેળસેળપંથીઓ ઉદય વગરની પર્વ-તિથિને માનનારા હોવાથી આજ્ઞાભંગાદિ દોષો પામે છે. વળી પર્વતિથિની વૃદ્ધિની વખતે પણ શ્રીહીરસૂરીશ્વરજીમહારાજ બીજી પર્વતિથિનેજ ઔદયિક કહે છે. અર્થાત્ પહેલી પર્વતિથિને પર્વતિથિના ઉદયવાળીજ માનતા નથી અને તેથી પહેલે દિવસે બીજઆદિનો સૂર્યોદય છતાં પણ ન ગણ્યો. એટલે આપોઆપ તે ઉદય પડવા આદિ અપર્વનોજ ગણાયો અર્થાત્ પર્વતિથિની વૃદ્ધિ વખતે પહેલાની અપર્વતિથિનાજ બે સૂર્યોદયો થયા, એટલે અપર્વની વૃદ્ધિ થઇ આવી રીતે પૂર્વ કે પૂર્વતર એવા અપર્વની વૃદ્ધિ માનનારાઓ તો ઉદયને એકવડો માને છે અને તિથિને આરાધે છે, પણ એકપર્વનો ઉદય માનીને પણ તે પહેલાં પર્વને નહિ આરાધનારા આજ્ઞાભંગાદિ દોષોને પામનારા અને વ્રતનિયમોનો ભંગ કરનાર અને કરાવનાર છે.

**પ્રશ્ન ૯૨૮**–બીજીઆદિ પર્વતિથિયોની આરાધનામાં ક્ષય કે વૃદ્ધિ થાય નહિ એ ઠીક પણ ભાદરવા શુદ ચોથ એ બીજઆદિ પર્વતિથિયોમાં નથી માટે તે ચોથની સ્વયંવૃદ્ધિ હોય કે પંચમીની ક્ષય-વૃદ્ધિને લીધે તેની ક્ષય-વૃદ્ધિ પ્રાપ્ત હોય તો ભાદરવા શુદ ચોથની ક્ષય-વૃદ્ધિ માનવામાં અડચણ શી ? અને એ હિસાબે ભાદરવા શુદ પાંચમની કે ચોથની ક્ષય-વૃદ્ધિએ ભાદરવા શુદ ચોથની ક્ષય-વૃદ્ધિ માનવામાં અડચણ શી ? અને એવી ક્ષય-વૃદ્ધિ વધારે કલ્યાણકોમાં માની લેવી.

**સમાધાન**-શ્રીતત્ત્વતરંગિણીમાં ચૌદશના ક્ષયે તેરશને દિવસે તેરશ કહેનાર મૂર્ખશિરોમણિ ગણ્યો છે. તેથી પર્વના ક્ષયે તેનાથી પહેલાના અપર્વનો ક્ષય કરવો એજ વ્યાજબી છે. તથા શ્રી હીરસૂરિજી આઠમ, અગીયારસ અને પુનમ-અમાવાસ્યાની વૃદ્ધિએ બીજીતિથિનેજ ઔદયિક માને છે એટલે પહેલી આઠમ વિગેરે તિથિએ આરાધનામાં આઠમ આદિનો સૂર્યોદય જ ગણાતો નથી. તેથી પર્વની વૃદ્ધિએ તેનાથી પહેલાના અપર્વનીજ વૃદ્ધિ થાય એ વાત તમારે કબુલ કરવીજ પડે તેમ છે. હવે ચોથની પર્વતિથિ માટે સમજવું કે શ્રીશ્રાદ્ધવિધિમાં બીજ પાંચમ આદિ પક્ષની છ તિથિઓ જણાવીને વર્ષના પર્વ તરીકે સંવચ્છરી જુદી ગણાવેલ છે, માટે ભાદરવા શુદ ચોથ બીજ આદિ કરતાં વિશેષ પર્વ છે, માટે તેની વૃદ્ધિ-હાનિ થાયજ નહિ, એમ માનવું જોઈએ અને તેથી પાંચમની ક્ષય-વૃદ્ધિએ અને ચોથની ક્ષય-વૃદ્ધિએ જેમ પુનમ કે ચૌદશની ક્ષય-વૃદ્ધિએ તેરશનીજ ક્ષય-વૃદ્ધિ પરંપરાથી થાય છે અને તે શાસ્ત્રસિદ્ધ છે, તેમ ત્રીજની ક્ષય-વૃદ્ધિ શાસ્ત્રસિદ્ધ માનવીજ જોઈએ. કલ્યાણકની આરાધના પ્રાયે તપથીજ હોય છે, અને છઠઆદિ તપનો ઉચ્ચાર તો સાથે પણ થાય છે, તેથી આગલના દિવસ પૂરા થાય. એકાસણાદિ દિનબદ્ધ કલ્યાણકોમાં ક્ષય-વૃદ્ધિ નથીજ થતી.

**પ્રશ્ન ૯૨૯**-ખરતરો પોતાના જિનદત્તસૂરિને પાટણથી ઔષ્ટ્રિકી-વિદ્યા સાધીને રાતોરાત જાવાલ ગયા માને છે તો વિદ્યાઆદિથી થયેલા વાહનો ઉપર સાધુ બેસે ખરા ?

**સમાધાન**-ખરતરો જે ઔષ્ટ્રિકીવિદ્યાથી બનેલી ઉંટડી ઉપર બેસીને ગયાનું કહે છે તેજ બીજાઓ ઔષ્ટ્રિકીવિદ્યાનો શાસ્ત્રોમાં પાઠ ન હોવાથી તેમજ સાચી બનેલી હકીકતને આધારે ઉંટડી ઉપર બેસીને ગયાનું કહે તે પણ સાધુને વિદ્યાથી બનાવેલી કે કોઇ પણ ઉંટડી ઉપર બેસવાનું થાય તે દૂષિત હોવા સાથે પ્રમાદ સ્થાનજ છે. ગોશાલાએ પોતે આ આત્મા બીજો છે અને આ શરીર માત્ર ગોશા-

લાનું છે એમ જણાવવા માગ્યું હતું. પણ તેના ભક્તો સિવાય તે વાત કોઈ માનતું નહોતું.

**પ્રશ્ન ૯૩૦**–ગોશાલાના સ્થવિરો ગોશાળો જીવતાં ભગવાન્ મહાવીર મહારાજને શરણે આવ્યા છે ?

**સમાધાન**–'पडिबुद्धा आजीवियथेरा केइ जिणमुविंति' એવા મલધારી શ્રી હેમચંદ્રસૂરિના વચનથી ઘણા શ્રીવીરને શરણે આવ્યા છે.

**પ્રશ્ન ૯૩૧**–ઉત્સૂત્રકંદકુદ્દાલ નામનો ગ્રંથ મહોપાધ્યાય શ્રીધર્મ-સાગરજીનો કરેલો છે કે કોઈ બીજાનો કરેલો છે ?

ખરતરવાળાઓ તો જિનચંદ્ર નામની ચોપડીમાં તે ઉત્સૂત્રકંદકુદ્દાલ શ્રી ધર્મસાગરજીનો કરેલો કહે છે, અને કેટલાક તપાગચ્છવાળાઓ પણ તે ગ્રંથને જલશરણ કર્યાનું જણાવતાં તે ગ્રંથ મહોપાધ્યાય શ્રીધર્મ-સાગરજીનો કરેલો હોય એમ ધ્વનિત કરે છે.

**સમાધાન**–ઉત્સૂત્રકંદકુદ્દાલ નામનો ગ્રંથ મહોપાધ્યાય શ્રીધર્મસાગર-જીએ કરેલો નથી. પરંતુ તેઓ કરતાં પહેલાના આચાર્યોએ કરેલો છે એ હકીકત મહોપાધ્યાય ધર્મસાગરજીના શિષ્ય જે ભક્તિસાગરજી હતા, તેમના વખતમાં મહોપાધ્યાય કાલ કરી ગયા પછી તેમના મતનું ખંડન કરવા માટે શ્રીભાવવિજયજી મહારાજે બનાવેલા 'षट्त्रिंशज्जल्प' નામના ગ્રંથથી માલમ પડે છે. તેમાં લખે કે—

**'तेषां चैकदा तादृशरागद्वेषवता बृहच्छालीयेन केनचित्कृत उत्सूत्रकन्दकुद्दालनामा ग्रन्थो नयनविषयीबभूव, ततश्च ते तं ग्रन्थं गणिपिटकोपनीषदिति मन्यमाना:'**

તે શ્રીધર્મસાગરજીની દૃષ્ટિમાં કોઈક વખત તેવા રાગદ્વેષવાળા કોઈક વડીપોશાલવાળાએ કરેલો ઉત્સૂત્રકુંદકુદ્દાલ નામે ગ્રંથ આવ્યો, પછી તે ધર્મસાગરજી તે ગ્રંથને ગણિપિટકનું રહસ્ય હોય નહિ એમ માનતા (હતા) આ મહોપાધ્યાય શ્રીધર્મસાગરજીના વિરોધીના લખાણ

ઉપરથી સાબીત થાય છે કે ઉત્સૂત્રકુંદકુદ્દાલગ્રંથ મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજીને કરેલો નથીજ. પરંતુ વડીપોશાલવાળા કોઈ પૂર્વના આચાર્યે કરેલો છે આ ઉપરથી ખોટું લખનારાને માનનારા ચેતશે અને સમજશે કે તે ગ્રંથ શાસ્ત્રવિરોધને લીધે જલશરણ નથી. પણ માત્ર વિરોધીયોની કાકલુદીઓના લીધે જલશરણ થયો છે, અને આથીજ ઉપાધ્યાય શ્રીયશોવિજયજી સરખા ન્યાયાચાર્ય એને અનુસરતી ગાથા પૂર્વપક્ષમાં તે ગ્રંથને નામે લે છે.

**પ્રશ્ન ૯૩૨**–કોઈક આચાર્ય નામી એમ પણ કહે છે કે પર્યુષણની અઠ્ઠાઈમાં ચાર દિવસ શ્રાવણના અને ચાર દિવસ ભાદરવાના જોઈએ એ સત્ય છે કે કેમ?

**સમાધાન**–શાસ્ત્રની અપેક્ષાએ શ્રાવણમાસમાં સંવચ્છરી પર્જુસણ હોયજ નહિ, જેને ગુજરાતી લોકો શ્રાવણ વદ કહે છે તે તો શાસ્ત્રની અપેક્ષાએ ભાદરવા વદજ છે. માટે ચાર દિવસ શ્રાવણના પજુસણની અઠ્ઠાઈમાં જોઈએજ એ કહેનાર આચાર્ય નામી હોય તોપણ અજાણ છે એમ માનવું પડે. વળી એમ લઈયે કે શાસ્ત્રની અપેક્ષાએ ચાર દિવસ ભાદરવા વદના અને ચાર દિવસ ભાદરવા સુદના લેવા, તો તે વાત પણ શાસ્ત્રથી વિરૂદ્ધ છે. કારણ કે ચઉદશે, અમાવાસ્યાએ અને પડવે પણ કલ્પનો આરંભ શાસ્ત્રકારો જણાવે છે. માટે કોઈક વખત શ્રાવણ (ભાદરવા) વદના ત્રણ દિવસ હોય અને કોઈક વખત પાંચ પણ હોય, અને કોઈક વખત ભાદરવા સુદના ત્રણ પણ હોય અને પાંચ પણ હોય 'શ્રીહીરપ્રશ્ન'માં 'चतुर्दश्यां कल्पो वाच्यते अमावास्यादिवृद्धौ वा अमावास्यायां प्रतिपदि वा' અર્થાત્ ચઉદશે કલ્પ વંચાય કે અમાવાસ્યાદિની વૃદ્ધિએ અમાવાસ્યા કે પડવે પણ કલ્પ વંચાય. આ ઉપરથી બન્ને પક્ષના કે માસના ચાર ચાર દિવસનો નિયમ કહેનારા અજ્ઞાની છે એમ જણાય છે.

**પ્રશ્ન ૯૩૩**–**सम्यग्दर्शनस्य शङ्कादिशल्यरहितस्याणुव्रतादिगुणविकलस्य योऽभ्युपगमः सा प्रतिमा प्रथमे॥** આવી રીતે સમવાયાંગે

સૂત્રમાં શ્રીઅભયદેવસૂરિજી ફરમાવીને જણાવે છે કે શ્રાવકની પહેલી પ્રતિમા અણુવ્રતાદિગુણરહિતને હોય છે અને શ્રીઉપાસકદશાંગ વિગેરેમાં શ્રાવકોનો જે પર્યાય વ્રતધારીપણાનો ગણાવ્યો છે તેમાં પ્રતિમાનું પણ વહન છે એટલે પહેલી પ્રતિમા કેવી હોય?

**સમાધાન**–વ્રતધારીયોએ પ્રતિમા અંગીકાર કરી તેના અધિકારમાં શ્રીઉપાસકદશાંગમાં જણાવે છે કે–આકારરહિતપણે સમ્યગ્દર્શનનો અંગીકાર એ પહેલી પ્રતિમા છે, એ અપેક્ષાએ અણુવ્રતાદિ સહિતને પ્રથમ પ્રતિમા હોય. શ્રીસમવાયાંગમાં સામાન્ય ભૂમિકારોહ જણાવવાની અપેક્ષાએ અણુવ્રતાદિગુણવિકલ એમ કહે છે. એટલે અણુવ્રતાદિ ગુણો ન હોય તો પણ એકલા સમ્યક્ત્વના અંગીકારથી પ્રથમ પ્રતિમા થાય છે, એવી રીતે ત્રીજીમાં 'अप्रतिपन्नपौषधस्य' એમ જે જણાવ્યું છે તે પણ ભૂમિકારોહની અપેક્ષાએજ જણાવાય છે. પરંતુ આવા પાઠો દેખી અણુવ્રત ન ઉચ્ચર્યાં હોય તોજ પહેલી પ્રતિમા હોય અને પૌષધ ન કર્યો હોય તેનેજ સામાયિક પ્રતિમા હોય આવો અર્થ ન લેવો.

**પ્રશ્ન ૬૩૪**–**पोषं–पुष्टिं कुशलधर्माणां धत्ते यदाहारत्यागादिकमनुष्ठानं तत् पौषधं तेनोपवसनं–अवस्थानमहोरात्रं यावदिति पौषधोपवास इति, अथवा पौषधः पर्वदिनमष्टम्यादि तत्रोपवासः–अभक्तार्थः पौषधोपवास इति, इयं व्युत्पत्तिरेव, प्रवृत्तिस्त्वस्य शब्दस्याहारशरीरसत्काराब्रह्मचर्यव्यापारपरिवर्जनेष्विति'** આવી રીતે શ્રી અભયદેવસૂરિજીએ બે વ્યુત્પત્તિયો કરી અને એક પ્રવૃત્તિ જુદી જણાવી કેમ?

**સમાધાન**–પહેલી વ્યુત્પત્તિમાં અહોરાત્રનોજ પૌષધ આવતો હતો અને તેથી 'एगरत्तिं न हावए' એવી શ્રીઉત્તરાધ્યયનસૂત્રમાં જણાવેલ એકલો રાત્રિપૌષધ ઉડી જતો હતો. વળી કુશલધર્મને પોષણ કરનારા આહારાદિકના ત્યાગોજ છે એમ અર્થ થવાથી પૂજાપ્રભાવનાસામાયિકઆદિ કુશલધર્મને પોષનારા નથી એમ થઈ જાય તેથી તેને પ્રવૃત્તિ અર્થ ન

માન્યો, તેમજ બીજી વ્યુત્પત્તિમાં પર્વદિવસેજ ઉપવાસાદિ કરવાં તે પૌષધ એવો અર્થ થાય અને જૈનનો કોઈ પણ એવો મત નથી કે જે પર્વ સિવાયના દિવસોમાં ઉપવાસાદિ નહિ કરવાં એવી માન્યતા ધરાવતો હોય, ખરતરો જો આ ઉપરથી પર્વદિન લેવા માંગે તો પ્રથમ તો શ્રીઅભયદેવસૂરિજીએ કરેલા ચાલુ અર્થને અમાન્ય કરનારા ઠરે અને વળી પર્વ સિવાય ઉપવાસ પણ નહિ, એવું માનનારા થઈ જાય. આહારાદિક ચાર પ્રકારનો પૌષધ પર્વ સિવાય ન થાય એવો અર્થ તો કોઈથી સીધી રીતે થઈ શકે તેમ નથી. શ્રીઅભયદેવસૂરિજી અભક્તાર્થને ઉપલક્ષણમાં ન લેતાં વ્યુત્પત્તિ અર્થજ છે એમ કહી તે અર્થને વ્યર્થ કરે છે અને પર્વે કે અપર્વે આહારાદિકનો ત્યાગ કરાય ત્યારે ત્યારે પૌષધજ કહેવાય એમ સ્પષ્ટ કરે છે.

**પ્રશ્ન ૯૩૫**-જાતિસ્મરણજ્ઞાનને શ્રીઆવશ્યકવૃત્તિમાં વજ્રસ્વામિજીના અધિકારમાં તેમજ સમવાયાંગાદિમાં ચિત્તસમાધિના અધિકારમાં સંજ્ઞિજ્ઞાન તરીકે કેમ લીધું છે ?

**સમાધાન**-જાતિસ્મરણજ્ઞાન મનની પર્યાપ્તિવાળા સંજ્ઞિઓનેજ હોય છે તેથી, અથવા

સંજ્ઞિપણાના ભવોજ માત્ર તો જાતિસ્મરણથી જણાય છે તેથી, અથવા

મતિ, શ્રુત અને અવધિજ્ઞાનો અપર્યાપ્ત અવસ્થામાં મન સિવાય પણ હોય,

પરંતુ આ જાતિસ્મરણ તો ભવાંતરથી લાગલગાટ ચાલે નહિ અને સંજ્ઞિપણું મેળવ્યા પછીજ મળે, એટલે જ્ઞેય જ્ઞાતા અને અવધિમાં સંજ્ઞિપણાની જરૂર ગણી સંજ્ઞિજ્ઞાન ગણાયું હોય.

**પ્રશ્ન ૯૩૬**-પર્વતિથિને દિવસે અથવા સામાન્યપણે સચિત્તાહારને છોડાય છે તો આરંભ કેમ છૂટો રહે છે ?

**સમાધાન**-એટલું સમજવું જોઈએ કે શાસ્ત્રકારો આરંભ કરવાની આજ્ઞા આપતા નથી; તેમ તેની અનુમોદના કરતા નથી, પરંતુ

ભાગતાચોરની લંગોટીને હિસાબે જેઓ આરંભ સર્વથા ન છોડે તેઓને પણ ખોરાકમાં લેવાતી સચિત્તવસ્તુનો ત્યાગ કરાવવા માટે પહેલા કટીબદ્ધ થાય છે. મુનિરાજને અંગે પણ ધ્યાન રાખવું કે આધાકર્માદિ દોષો આરંભમય છે, છતાં ઉત્તરગુણના ઘાતક ગણાય, અને પચન અને ઘાતનની ૭ કોટી તો મૂલગુણ ઘાતક ગણાય છે.

વળી ઉત્કૃષ્ટ શ્રાવકના વિચારમાં પણ પહેલે નંબરે ફાસુ એષણીય આહારવાળા લીધા, અને તેમ નહિ તો બીજે નંબર એષણીયનો ન લેતાં ફાસુનો લીધો.

વળી વ્રતોના અતિચારો દેખાડતાં સચિત્ત અને તત્પ્રતિબદ્ધ એ બે અતિચારો કહ્યા છતાં અપક્વ અને દુષ્પક્વ ઔષધિના અતિચારો ગણાવ્યા છે એ પણ આરંભ કરતાં ભક્ષણના દોષની મહત્તાને અંગેજ ગણાય.

યાદ રાખવું કે—ઔષધિના જીવોની વિરાધના તો સચિત્તાદિમાં પણ છે, અને વળી એક અપક્વ દુષ્પક્વ ટાળવા માટે તો અધિક આરંભ થવાનો હોય છતાં અપક્વ અને દુષ્પક્વને અતિચારો તરીકે ગણી, જણાવે છે કે—પચન—ઘાતનઆદિ કરતાં પણ અપક્વ દુષ્પક્વ એ ઘણું ખરાબ છે,

વળી શ્રાવકની પ્રતિમામાં પણ સાતમી પ્રતિમામાં સચિત્ત આહાર વર્જવાનો છે અને પછી આઠમીમાંજ આરંભ વર્જવાનો છે અને સ્વનિમિત્ત થએલો આરંભ તો ઠેઠ દશમીએ વર્જવાનો છે. આ બધી વસ્તુ સમજનારો પર્વ કે સામાન્ય દિવસે સચિત્તનો (લીલોતરીનો) આહાર વર્જવામાં ખોટા બહાના નહિ કહાડે.

**પ્રશ્ન ૯૩૭**—એક સ્થાનમાં એક સાધુ હોય અને ત્યાં બીજા સાધુ આવે તે વખતે જે ઉતરવાની વિનંતિ ન કરે તેને અને વગર રજાએ જે ઉતરે તે બેમાં કોને કયો કયો દોષ ગણવો?

**સમાધાન**–શ્રીઅભયદેવસૂરિ વિગેરે મહાપુરૂષો શ્રમણમહાત્માનો દશ પ્રકારનો ધર્મ જણાવતાં 'संविज्ञमनोज्ञसाधुदानं' એમ ત્યાગ–ધર્મનું લક્ષણ જણાવે છે, તેથી જે સાધુ નવા આવતા સાધુને વસતિઆદિનું નિમંત્રણ ન કરે તે સાધુને સાધુધર્મમાંજ હરકત થાય. વળી શ્રીઓઘનિર્યુક્તિઆદિના હિસાબે પાસત્થા અને યથાછંદો પણ વસતિની નિમંત્રણાથી ચૂકતા નહોતા એમ સ્પષ્ટ જણાય છે. જો કે–શાસ્ત્રકારોએ પાસત્થાદિનો અવગ્રહ ગણ્યો અને માન્યોજ નથી. એ વાત પાસત્થાદિનું ક્ષેત્ર નાનું હોય અને સંવેગિયોનો બહાર નિર્વાહ થતો હોય તો પાસત્થાના ક્ષેત્રોમાં ન જવું એમ શ્રીઅભયદેવસૂરિજી ૧૨ મા સમવાયમાં જણાવે છે એ ઉપરથી એ પણ સમજાશે કે શ્રીવર્ધમાનસૂરિજી વિગેરે 'निस्सम्बन्धविहारहारिचरितान् श्रीवर्धमानाभिधान्' આવા આવા શ્રીઅભયદેવસૂરિ મહારાજ આદિના વાક્યોથી વસતિવાસીજ હતા, છતાં પ્રાટણને ન પ્રેર્યું અને શ્રીજિનેશ્વરસૂરિજી વિગેરે એ કેમ પ્રેર્યું અને પુરોહિતની વિનંતિથી રાજા દુર્લભે કરેલા આગ્રહથી ચૈત્યવાસીયોએ શ્રીજિનેશ્વરસૂરિજીને કેમ સ્થાન આપ્યું એ બધું પણ સ્પષ્ટપણે સમજાશે.

**પ્રશ્ન ૯૩૮**–ખરતરો શ્રીઅભયદેવસૂરિજીને માને છે છતાં તેઓ પહેલે દિવસે માત્ર અભક્તાર્થ કે ચતુર્થભક્તનુંજ પચ્ચક્ખાણ માને છે, અને 'છઠ્ઠ' 'અટ્ઠમ'આદિનાં પચ્ચક્ખાણ સાથે પહેલે દિવસે કરવાનાં માનતા નથી તો શ્રીઅભયદેવસૂરિજી સાથે પચ્ચક્ખાણ માને છે કે કેમ ?

**સમાધાન**–ભગવતીજીની ટીકામાં ચતુર્થપર્યંત ભક્તોનો ત્યાગ તે ચતુર્થભક્ત, એવી રીતે છઠ્ઠા આદિ ભક્ત પર્યંતનો ત્યાગ તે છઠ્ઠ અટ્ઠમ વિગેરે જાણવા એમ સ્પષ્ટપણે જણાવેલ છે. વળી સમવાયાંગજીમાં પ્રતિમાના અધિકારમાં 'अष्टमभक्तपर्यन्तरात्रौ' એમ જે જણાવે છે તે જો અષ્ટમભક્તની એકલી ત્રીજી રાત્રિ હોત તો લખત નહિ, માટે શ્રીઅભદેવસૂરિજી તો પરંપરાથી આવતા ચોત્રીશભક્ત સુધીનાં સાથે પચ્ચક્ખાણ માનતા હતાજ. વળી ભગવતીજીની ટીકામાં કોટિસહિતમાં

પણ ઉપવાસઆદિની કોટી મેળવી છે. તે પણ સાથે પચ્ચક્ખાણથી જુદો જુદો ગણાય અન્યથા છઠ્ઠઆદિ કોટીસહિતમાં આવી જાય.

**પ્રશ્ન ૯૩૯**-પ્રવ્રજ્યા દેતી વખત વેષ સમર્પણ કરતાં ઓઘો અને મુહપત્તિ એ બે વાનાં આપવાં કે એ બેની સાથે ચોલપટ્ટો ત્રીજો આપવો ?

**સમાધાન**-શ્રીઅભયદેવસૂરિજીમહારાજ-

'रजोहरणमुखवस्त्रिका चोलपट्टमात्रया श्रमणो जातः' એમ જણાવે છે તેથી વેષ અર્પણની વખતે ચોલપટ્ટો સાથે આપવો એ યોગ્ય છે. એકલી મુહપત્તિને મુનલિંગ નહિ માનનારા તથા સામાયિકમાં ત્રણે વસ્તુ રાખનારાજ સન્માર્ગે ગણાય.

**પ્રશ્ન ૯૪૦**-સરખા સમુદાયવાળાએ પરસ્પર પહેલાં કેટલું વર્તન કરવું ?

**સમાધાન**-આસનત્યાગ કરી ઉભા થવું, પ્રાઘુર્ણક અને ગ્લાનપણા વિશ્રામણાદિનો હુકમ માગવો, સારી અવસ્થાથી ખસતો હોય તો પણ પાછો સ્થાપવો, અને અભેદપણું જણાવવું.

**પ્રશ્ન ૯૪૧**-સાધુની વૈયાવચ્ચ કરતાં સાધુએ શું શું કરવું ?

**સમાધાન**-તત્ત્વાર્થભાષ્યકાર શ્રીઉમાસ્વાતિવાચકજી વૈયાવચ્ચની વ્યાખ્યા કરતાં એમ જણાવે છે કે-અન્ન, પાન, વસ્ત્ર, પાત્ર, પ્રતિશ્રય (ઉપાશ્રય), પીઠ (બાજોઠ), ફલક (પાટીઉં), સંથારો વિગેરે ધર્મના સાધનોથી તેને મદદગાર થવું. શુશ્રૂષા એટલે સેવા કરવી, ઔષધ વિગેરેની યોગ્ય પ્રવૃત્તિ કરવી. જંગલ, વિષમ સ્થાન કે દુષ્ટ એવા ઉપદ્રવોમાં એમની સર્વથા પ્રકારે સેવા બજાવવી એ વિગેરે કરવું તેનું નામ વૈયાવચ્ચ છે એમ જણાવે છે.

**પ્રશ્ન ૯૪૨**-ગંધર્વ, નાટ્ય અને વાજિંત્ર વિગેરે ભાવપૂજામાં ગણવા કે દ્રવ્યપૂજામાં ગણવા ?

**સમાધાન**-શ્રીશાંતિસૂરિમહારાજે-

गंधव्वनट्टवाइयलवणजलारत्तियाइ जं किच्चं ।

आमिसपूयाए चिय सव्वंपि तयं समोयरइ ॥ २३ ॥ २०२ ॥

ગંધવ, નૃત્ય, વાદિત્ર, લવણ જલ, આરતિઆદિ જે કરાય તે બધું આમિષ- પૂજામાં ગણાય, એમ જણાવી-

पूयादुगंपि एयं उच्चियं न हु साहुसाहुणिजणस्स ।

सावयजणस्स नियमा उचियं सामग्गिसब्भावे ॥ २०६ ॥ અંગ અને આમિષરૂપી બે પૂજાઓ સાધુસાધ્વીયોને ઉચિત નથી, પણ સામગ્રી હોય તો શ્રાવકજનોને તે નક્કી ઉચિત છે. આવાં વાક્યો વિચારતાં સ્પષ્ટ માલમ પડશે કે-નૃત્ય વાજિંત્ર અને ગાંધર્વાદિ દ્રવ્યપૂજા રૂપ છે.

**પ્રશ્ન ૯૪૩**-દ્રવ્યપૂજામાં સમગ્ર સંયમની વિરૂદ્ધતા કહેવાય છે તો તે દ્રવ્યપૂજાની પૂજા સત્કારના કાઉસગ્ગદ્વારાએ પ્રાર્થના કેમ કરાય છે?

**સમાધાન**-દ્રવ્યપૂજાની સાથે સમગ્ર સંયમનો જે વિરોધ કહે છે તે પુષ્પાદિના દ્રવ્યસ્તવને અંગે છે એમ પુષ્પાદિને દ્રવ્યસ્તવ કહેવાથી તથા 'पुप्फाइयं न इच्छंति' એમ કહેવાથી સ્પષ્ટ થાય છે, વળી પુષ્પાદિની પૂજા કરવા માટે ઇચ્છા ન કરે, એ કથનથી તેમજ પૂર્વશાસ્ત્રોમાં એની દેશના અને અનુમોદના હોવાથી પુષ્પાદિદ્રવ્યપૂજાનો પણ સ્વયંકરણને આશ્રીનેજ નિષેધ ગણાય. પ્રતિષ્ઠા અને નંદીમાં શ્રીજિનેશ્વર મહારાજના મસ્તકે અને ચરણકમલમાં વાસ નાખવાનો અધિકાર સ્પષ્ટ છે અને વાસ એ દ્રવ્યજ છે.

**પ્રશ્ન ૯૪૪**-શ્રીપંચાશકજી અને લલિતવિસ્તરા વિગેરેમાં 'जय वीयराय' રૂપ પ્રણિધાનસૂત્રની 'जय० અને લોગ૦' એ બેજ ગાથાઓ જણાવી છે અને ખરતર વિગેરે બે ગાથાઓજ કહે છે, તો તપાગચ્છવાળા જે અધિક કહે છે તે તેઓની કલ્પિત છે અને વધારાની છે એમ કેમ ન માનવું?

**સમાધાન**–વડગચ્છની તપાબિરૂદથી અલંકૃતતા નહોતી થઈ તે વખત થયેલા શ્રીશાંતિસૂરિજીના ભાષ્યમાં 'जय० लोग० वारि० दुक्ख०' એ ગાથાઓ પ્રણિધાનમાં જણાવેલી છે. વળી 'उप० सर्व०' એ ગાથાઓ તો શાંતિમાં ખરતરો પણ માનેજ છે.

**પ્રશ્ન ૯૪૫**–ચતુર્વિધ સંઘ મળીને દેવવંદન કરતો હોય ત્યારે બાઈની કહેલી થુઈઓ કલ્પે કે નહિ ?

**સમાધાન**–ભાષ્યકાર કહે છે કે–પુરૂષ સ્તુતિ કહે તો તેથી ચારે પ્રકારનો સંઘ દેવવંદન કરે, અને બાઈ થુઈ કહે તો તે શ્રાવિકા અને સાધ્વીનેજ કામ લાગે, એવી રીતે 'नमो अरिहंताणं' કહીને કાઉસ્સગ્ગ પાર્યા છતાં 'परमेट्ठिनमुक्कारं सक्कयभासाइ' એ વચનથી તેમજ 'पुरिसो न चेव इत्थी' એ વચન પુરૂષે 'नमोऽर्हत्०' એવી રીતે ચોથી થુઈમાં ૧૮૮ ગાથાથી કહેવાનું છે તેથી સ્ત્રી 'नमोऽर्हत्०' ન બોલે એ જાણવું.

**પ્રશ્ન ૯૪૬**–'नमोऽत्थु णं''થી ભાવજિન 'जावंत केवि' આદિથી સાધુ 'जाईजरा०'થી શ્રુતજ્ઞાન અને 'सिद्धाणं०'થી સિદ્ધ મહારાજનું વંદન થાય છે, છતાં દેવવંદનને ચૈત્યવંદન એટલે સ્થાપનાજિનનું વંદન કેમ કહેવાય ?

**સમાધાન**–જિનેશ્વર ભગવાનની મૂર્તિની આગલ તે દેવવંદન કરવામાં આવે છે માટે ચૈત્યવંદન કહેવાય છે એમ ભાષ્યકાર કહે છે.

**પ્રશ્ન ૯૪૭**–કેટલાક એમ કહે છે કે–શ્રાવકે પાકાદિક આરંભનું કામ પોતાને હાથે કરવું તે કોઇ પણ પ્રકારે ઉચિત નથી, પણ શક્તિ હોય તો મૂલ્યથી કરાવવું, એ વસ્તુ સાચી છે ?

**સમાધાન**–શાસ્ત્રકારો બાર વ્રતની વ્યાખ્યામાં સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે–

**'स च (સમારંભ) स्वयं कृतोऽन्येन वा कारित इति न कश्चित् तत्त्वतो विशेषः प्रत्युत स्वयं च गमने गुणः ईर्यापथादिविशुद्धेः**

**परस्य त्वनिपुणत्वात् कुतस्तच्छुद्धिः?' इति**। તે આરંભ પોતે કર્યો અગર પોતે (પૈસાથી રાખેલા) નોકરાદિ અન્યદ્વારાએ કરાવ્યો એમાં તત્ત્વથી કોઈ પણ જાતનો ફરક નથી પરંતુ પોતાને જવામાં (કરવામાં) ફાયદો છે. કેમકે ઈર્યાપથિકી વિગેરેની શુદ્ધિ થઈ શકે, પરંતુ બીજો માણસ તો અનિપુણ હોવાથી તેની શુદ્ધિ ક્યાંથી કરે? આવી રીતે દેશાવકાશિકને અંગે જણાવ્યું છે એટલુંજ નહિ પરંતુ તપગચ્છના ધુરંધુર આચાર્ય શ્રીવિજયદેવેન્દ્રસૂરિજી નંદશ્રેષ્ઠિની કથામાં જણાવે છે કે–

'सम्मं कम्मविवागं जाणंतो अप्पणा कुणइ पागं'। અર્થાત્ કર્મ વિપાકને રૂડી રીતે જાણનારો (હોવાથી) પોતે હાથેજ રસોઈ કરે છે. આ વસ્તુ વિચારનારો મૂલ્ય આપીનેજ પાપ–કષ્ટ વિગેરે આરંભનું કાર્ય કરાવવું લાયક છે, પરંતુ શ્રાવકે પોતે કરાયજ નહિ એવું કહેનારાઓને સાચા માની શકે નહિં.

**પ્રશ્ન ૯૪૮**–કેટલાકો શ્રીદેવેન્દ્રસૂરિમહારાજના–

'ईरियं सुपडिक्कंतो कडसामइओ व सुट्ठु पिहियमुहो।

सुत्तं दोसविमुत्तं सपयच्छेयं गुणइ सड्ढो॥ એવી ધર્મરત્નમાં શ્યેન–શ્રેષ્ઠિના અધિકારમાં કહેલી ગાથાને આગળ કરી સામાયિક કરતાં પહેલાં ઇરિયાવહીયા કરવાનું સિદ્ધ કરવા માગે છે તે શું વ્યાજબી છે?

**સમાધાન**–જો કે મહાનિશીથ અને દશવૈકાલિકની ટીકા વિગેરેની સામાયિકઆદિ કોઈ પણ અનુષ્ઠાનની શુદ્ધિ રાખવી હોય તો પહેલાં ઇરિયાવહીયા કરવાની જરૂરજ છે, પરંતુ શ્યેનશ્રેષ્ઠીવાળી ગાથા ઉપરથી એ વાત સાબીત કરવી યોગ્ય નથી, કારણકે ધર્મરત્નમાં 'व'નો પાઠ છે તેથી ચ્હાય તો એકલી ઇરિયાવહીયા પડિક્કમીને અગર સામાયિક લઇને સારી મુખવસ્ત્રિકાથી મુખ ઢાંકયું છે જેણે એવો શ્રાવક દોષરહિત અને પદચ્છેદે કરીને સહિત સૂત્રનો સ્વાધ્યાય કરે આવો વૈકલ્પિક અર્થ છે.

અને શ્યેનશ્રેષ્ઠિએ પણ એકલી ઇરિયાવહીયા પડિક્કમીને સ્વાધ્યાય કર્યો છે, એમ ' पडिक्कमिऊण य ईरियं एवं करेइ सज्झायं ' અર્થાત્ ઇરિયાવહીયા પડિક્કમીને આવી રીતે સ્વાધ્યાય કરે છે. એમ જણાવવાથી વૈકલ્પિક અર્થની સિદ્ધિ થાય છે.

**પ્રશ્ન ૯૪૯**–ભગવાન્ જિનેશ્વરમહારાજની પુષ્પાદિથી કરાતી દ્રવ્યપૂજામાં સમગ્ર સંયમની વિરાધના શાસ્ત્રકારો જણાવે છે, પરંતુ કેટલાકો પાણી અગ્નિ અને વાયુકાયની વિરાધના જે દ્રવ્યપૂજામાં થાય છે તેને અંગે વાસ્તવિકતા માની ફુલના હારો ગુંથેલાજ હોવા જોઈએ પણ પરોવેલા ન હોવા જોઈએ એમ કહે છે તે શું વ્યાજબી છે?

**સમાધાન**–આચાર્ય મહારાજ શ્રીદેવેન્દ્રસુરિજીમહારાજ શ્રીશ્રાદ્ધદિન-કૃત્યસૂત્રમાં જે ' णाणापयारबंधेहिं ' એવો પાઠ ફુલને માટે છે તેની ટીકામાં ' प्रोतग्रथितादिपुष्पैः ' અર્થાત્ પરોવેલાં અને ગુંથેલાં વિગેરે ફુલોએ કરીને શ્રાવક શ્રીજિનેશ્વરની પૂજા કરે એમ સ્પષ્ટ જણાવે છે ફુલોને માટે વિરાધનાને અંગે રાયચંદે 'ફુલપાંખડી જ્યાં દુભવાય' એમ કહીને કરાતો વિચાર પોતાની લુંપકપણાની છાયા જેમ જણાય છે તેની માફક લુંપકપણાની ભાવનાને જણાવનાર છે.

**પ્રશ્ન ૯૫૦**–જે બલદેવ, હરિણુ અને સુથાર પાંચમે દેવલોકે ગયા તેમાં હરિણુને કેવલ બલદેવના વચનથીજ રાગ થયો છે કે કેમ?

**સમાધાન**–' तत्थिक्को हरिणजीवो संविग्गो पुव्वजम्मसंबंधो ' અર્થાત્ 'તે જંગલમાં એક જુવાન હરિણીયો જે સંવેગવાળો અને રામની સાથે પૂર્વભવનો સંબંધવાળો હતો' એવા શ્રીદેવેન્દ્રસૂરિજીના વચનથી રામની સાથે પૂર્વભવનો સંબંધ હોવાથી પણ રાગ છે.

**પ્રશ્ન ૯૫૧**–સાધુ તથા સાધ્વીને વડીદીક્ષા વખતે દિગ્બંધ હોય છે અને તેથી તેમના કુલ ગણ વિગેરે કહેવાય, પણ શ્રાવક–શ્રાવિકાઓના કુલ ગણ વિગેરે કહેવાય કે નહિ?

**સમાધાન**-શ્રાવક-શ્રાવિકાઓને દાન દેવાની અપેક્ષાએ તો દિશા દેખવાની હોય છે એમ શ્રીપંચાશકઆદિ શાસ્ત્રકારો જણાવે છે, પરંતુ તેમના આચારને અંગે કુલ ગણઆદિ ગણવાનાં હોય નહિ વળી ખરતરોના સંઘપટ્ટક વિગેરેમાં પણ શ્રાવક-શ્રાવિકાનો દિશાબંધ માનનારાઓને માર્ગથી વિરૂદ્ધ માન્યા છે. (વર્તમાન કાલમાં તો કેટલાક ખરતરોજ કુલ-ગોત્રને નામે શુદ્ધમાર્ગ છોડાવે છે અને શાસ્ત્રના વચનથી ન સમજાવતાં કુલ ગોત્રના નામે સન્માર્ગ છોડાવી અસન્માર્ગમાં ભોલા લોકોને ખેંચે છે. સમજુઓ તો એમ પણ તેમને સ્પષ્ટ કહી દે છે કે-સન્માર્ગ આદરતાં કુલ ગોત્ર વચમાં લાવે તે મિથ્યાત્વી હોય.) વિચારવાની જરૂર છે કે જો શ્રાવકોને કુલ-ગોત્ર હોય તો અવિરૂદ્ધ એવા પણ સામાચારીના ભેદોની વખતે શ્રાવકોએ કઈ સામાચારી કરવી? સાધુઓને અવિરૂદ્ધ એવી પણ અન્ય સામાચારી કરવામાં પ્રાયશ્ચિત્ત છે. માટે શ્રાવકોને કુલ ગણ મનાયા નથી.

**પ્રશ્ન ૯૫૨**-શ્રીલલિતવિસ્તરાના 'आकालमेते' વિગેરે પાઠ સર્વકાલના સર્વતીર્થંકરોના તીર્થંકરના ભવને લાગુ ન કરે અને તીર્થંકરના સર્વ-ભવને લાગુ કરે ત્યારે ભગવાન્ મહાવીરમહારાજના પરિવ્રાજકપણાનો અને મદ કરવા આદિનો વાંધો આવે તેથી आकाल''નો અર્થ નિત્ય એવો કરાય તો નિત્યપણાનો જણાવનાર 'आकालं' શબ્દજ કેમ મ્હેલ્યો?

**સમાધાન-પ્રથમ** તો સર્વતીર્થંકરના છેલ્લા ભવ માટે એ વાક્ય રહે છે છતાં સર્વતીર્થંકરોના સર્વભવો માટે લેવા માગે તો તે યુક્તિ અને આગમથી વિરૂદ્ધ છે, અને 'आकाल' શબ્દથી મુખ્યતાએ તીર્થંકર-નામકર્મ બાંધ્યા પછીથી એમ વિવક્ષિત લેવાય, સામાન્ય રીતિએ સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી એમ પણ લઈ શકાય. જો કે 'आङ्' તો મર્યાદા વાચક છે અને મર્યાદા તો વિવક્ષિતે પણ હોઈ શકે, પરંતુ નિત્ય જેવા શબ્દો પણ વિવક્ષાને અનુસરે છે અને તેથી શ્રીકલ્પસૂત્ર-આદિમાં 'निच्चं वोसट्ठकाए'નો અર્થ દીક્ષા ગ્રહણ કર્યા પછી (નિત્ય) કાયાને

વોસરાવનાર એવો સ્પષ્ટપણે કર્યો છે. તેથી 'आकाल''નો અનાદિકાલજ અર્થ થાય એમ કહેનારા શ્રીકલ્પસૂત્રાદિને જાણનારા કે માનનારા નથી એમ સ્પષ્ટ થાય છે.

**પ્રશ્ન ૯૫૩**–એકની પૂજાથી બધાની પૂજા અને બધાની પૂજાથી એકની પૂજા થાય છે એમ જ્યારે છે તો પછી 'नमो अरिहंताणं' વિગેરેમાં બહુવચન શા માટે રાખવું ?

**સમાધાન**–સોનાનો વ્યવહાર કરનાર અથવા રત્નનો વ્યવહાર કરનાર રતિ કે ચોખાભાર સોના કે રત્નનો વ્યવહાર કરે ત્યારે જેમ સોના અને રત્નના લક્ષણનો ખ્યાલ કરીનેજ તેનો વ્યવહાર કરે છે તેવી રીતે એકપણ અરિહંત ભગવાન્ આદિને નમસ્કાર અને પૂજા કરતી વખત અરિહંતઆદિના સ્વરૂપને ધ્યાનમાં રાખીને નમસ્કાર અને પૂજા કરાય છે, એક અરિહંત આદિકના નમસ્કારથી કે પૂજાઆદિથી સર્વ અરિહંત-આદિને નમસ્કાર અને પૂજાઆદિ થાય છે. ન્યાયની દૃષ્ટિએ પણ એક ધૂમાડા કે અગ્નિ આદિના બોધથી સર્વ ધૂમાડા અને અગ્નિઆદિનો બોધ થાય છે એમ મનાય છે. છતાં જ્ઞાનને માટે અને સ્વરૂપના નિશ્ચયને માટે જેમ એકના જ્ઞાન અને નિશ્ચયમાં તે જાતના સર્વપદાર્થના જ્ઞાન અને નિશ્ચયની જરૂર રહે છે તેમ કિમ્મતઆદિની વખતે માન–તોલ વિગેરે ઉપર પણ આધાર રાખવો પડે છે તેમ દ્રવ્યના સદુપયોગ માટે તથા નિર્જરાની વૃદ્ધિ માટે ઘણી વ્યક્તિઓ જે જે અરિહંતપણાઆદિને ધારણ કરનારી હોય તેની નમસ્કારપૂજાઆદિથી ભક્તિ કરવાની જરૂર છે માટે 'नमो अरिहंताणं'' આદિમાં બહુવચનની જરૂર છે. વળી એ પણ સમજવાનું છે કે જેમ ચૈત્યવંદનની ક્રિયામાં પહેલી થોય કહે ત્યારે એક જિનેશ્વરમહારાજ જેઓની પ્રતિમા સન્મુખ હોય તેઓની કહેવાય છે, અર્થાત્ વ્યક્તિની પ્રધાનતા છે, તેવી રીતે 'नमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स'એ આદિના નમસ્કારોમાં એક એક વ્યક્તિની પ્રધાનતા છે અને જેમ બીજી થોઈની વખતે ચૈત્યવંદનમાં ચોવીશ જિનેશ્વરભગવાનની વ્યક્તિઓની મુખ્યતા

છે, તેવી રીતે 'नमो अरिहंताणं' આદિમાં સર્વકાલ અને સર્વક્ષેત્રના અરિહંતઆદિની મુખ્યતા છે. એક અરિહંતભગવાનની આરાધનામાં પણ જેમ તેવા ભાવ વિનાની સામાન્ય આરાધના સામાન્ય ફલ દેનારી થાય છે અને વિશેષ આરાધના વિશેષ ફલ દેનાર થાય છે, તેવી રીતે સર્વ અરિહંતઆદિની સામાન્ય નમસ્કારઆદિ ભક્તિથી જે નિર્જરા થાય તેના કરતાં જે વિશેષ ભક્તિથી વ્યક્તિ દીઠ આરાધના થવાથી વિશેષ નિર્જરા થાય એ સ્વાભાવિકજ છે અને તેથી 'नमो अरिहंताणं' અને 'नमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स' આદિ એ બન્ને યથાયોગ્ય ફલ દેનાર છે, માટે બન્ને કરવા યોગ્ય છે.

**પ્રશ્ન ૯૫૪**–ત્રણ કાલ ત્રિસંધ્ય ચૈત્યમાં ચૈત્યવંદન કરાય એ તો ઠીક પરંતુ સ્થાપનાચાર્ય કે જે ગુરૂની સ્થાપના છે તેમની આગળ ચૈત્યવંદન જે દેવાધિદેવને વાંદવાની ક્રિયા છે તે કરાય કેમ?

**સમાધાન**–ચૈત્યવંદનબૃહદ્ભાષ્યમાં શ્રીશાંતિસૂરિજી કે જેઓની આચાર્ય શ્રીધર્મઘોષસૂરિજી મહારાજ સાક્ષી આપે છે. તેથી તેઓથી ઘણા પહેલાં થયેલા છે. તેઓ સ્પષ્ટપણે એમ જણાવે છે કે–

'जिणबिम्बाभावे पुण ठवणा गुरुसक्खिया वि कीरंती। चिइवंदण च्चिय इमा,' અર્થાત્ જિનબિંબના અભાવે સ્થાપનાગુરૂની સાક્ષીએ કરાતી પણ ચૈત્યવંદનાજ કહેવાય. અર્થાત્ જિનબિંબ સિવાય સ્થાપના સાક્ષીએ દેવવંદન કરી શકાય.

**પ્રશ્ન ૯૫૫**–'सव्वप्पवायमूलं०' એવી ઉપદેશપદની ગાથા છે તેથી અન્યમતવાળાના ગુણોનો અનાદર અને અવજ્ઞા થવાથી શ્રીજિનશાસનની અનાદર અને અવજ્ઞા થાય છે એમ મનાય ખરૂં?

**સમાધાન**–શ્રીશાન્તિસૂરિમહારાજ–

किंतु सुहज्झाणजणगं जं कम्मक्खयावहं अणुट्ठाणं ।
अंगसमुद्दे रुद्दे भणियं चिय तं तओ भणियं ॥ २० ॥

આ ગાથાથી શુભધ્યાન ઉત્પન્ન કરનાર અને કર્મક્ષય કરનાર જે અનુષ્ઠાન હોય તે વિશાલ એવા અંગસમુદ્રમાં ન મળે તો પણ (પરંપરાથી થતું અનુષ્ઠાન) તેમાં કહેલું છેજ એમ જાણવું. એમ જણાવી જૈનધર્મમાં આદરાએલાં અનુષ્ઠાનો સિદ્ધાંતોક્ત ન દેખાય તો પણ સિદ્ધાંતોક્ત ગણવા જણાવે છે. અન્યદર્શનીયોની માસખમણ જેવી તપસ્યાને પણ બાલતપ સ્પષ્ટપણે સૂત્રકારો જણાવે છે. વળી મિથ્યાત્વનું સ્થિરીકરણ કે વૃદ્ધિ થાય તેવું તો સમ્યગ્દૃષ્ટિથી થાયજ નહિ. સમ્યગ્દૃષ્ટિની પ્રશંસા ન કરાય અને અનાદર અવજ્ઞા કરાય તે દર્શનાચારથી વિરૂદ્ધ છે. પણ મિથ્યાદૃષ્ટિના ગુણને માટે તેમ નથી, મિથ્યાત્વને વધારનારની તો વાતજ શી ?

**પ્રશ્ન ૯૫૬**- શ્રીશ્રીપાલચરિત્ર, શ્રાદ્ધવિધિ, ધર્મસંગ્રહ અને ભવિષ્યદત્તકથા જેવા અર્વાચીન ગ્રંથોમાં ઉજમણાનો અધિકાર છે, પરંતુ તેનાથી પ્રાચીન ગ્રંથમાં ઉદ્યાપનનો અધિકાર છે ?

**સમાધાન**–આચાર્યશાન્તિસૂરિજી અનેક પ્રતિમા સાથે બનાવવાને અંગે જણાવે છે કે–'परमेट्ठिनमुक्कारं उज्जमिउं कोइ पंच जिणे' અર્થાત્ પંચપરમેષ્ઠિનમસ્કારનો તપ કરીને તેનું ઉજમણું કરવા પાંચ તીર્થંકરોની એકઠી મૂર્તિઓ કરે, વળી–'कल्लाणयतवमहवा उज्जमिउं०' એટલે કલ્યાણકોના તપનું ઉજમણું કરવા બહુમાનવિશેષથી ભરતક્ષેત્રમાં થનારા ચોવીસે તીર્થંકરોની મૂર્તિઓ સાથે બનાવે. શ્રીઅભયદેવસૂરિજીના વચનથી હરિશ્ચંદ્રે ઉપદેશમાલાનું ઉજમણું કર્યું છે એમ મલધારીય શ્રીરાજશેખરસૂરિ પણ અંતરકથામાં કહે છે.

**પ્રશ્ન ૯૫૭**–જિનેશ્વરભગવાનની મૂર્તિનો આકાર તેમની સિદ્ધદશાની અપેક્ષાએ છે કે સમવસરણની અપેક્ષાએ છે ?

જો સિદ્ધદશાએ હોય તો આઠ પ્રાતિહાર્ય અને મુકુટાદિ કેમ ? અને સમવસરણની અપેક્ષાએ હોય તો કાઉસગ્ગીયાનો આકાર કેમ ?

**સમાધાન–જો** કે વ્યવહારથી સમવસરણની દશાએ પ્રતિમાઓ થાય છે એમ કહેવાય છે પણ પરમાર્થથી 'मुत्तिपयसंठियाणं' એવા બૃહદ-

ભાષ્યના વચનથી મુક્તિની દશાની અપેક્ષાએ પ્રતિમાઓ થાય છે અને તેથી તે પર્યંક અને કાયોત્સર્ગ એ બે આસનેજ થાય છે કારણ કે એ બે આસનેજ જિનેશ્વરો મુક્તિ પામે છે, અને પ્રાતિહાર્યાદિ તો ત્રણે અવસ્થાની ભાવના માટે છે, સ્ત્રીપુત્રાદિ સંસર્ગ કોઈ અવસ્થાની ઉત્તમતા માટે નથી. સમવસરણમાં તો પ્રભુ સુખાસને બેસે છે અને યોગમુદ્રાએ હાથ રાખે છે.

**પ્રશ્ન ૯૫૮**–જૈનમત અને અન્યમતના દોષો હોય તો સરખી રીતે કહેવા જોઈએ પણ સંઘકુલાદિનો પક્ષ કરવો નહિ એ શું યોગ્ય છે?

**સમાધાન**–जो पुण संतासंते दोसे गोवेइ समणसंघस्स ।
विमलजसकित्तिकलिओ सो पावइ निव्वुइं तुरियं ॥ १३५ ॥

એ ગાથાથી સ્પષ્ટ જણાવે છે કે–શ્રમણસંઘના છતા–અછતા દોષને ગોપવનાર અને નિર્મલ જશકીર્તિ પામીને જલદી મોક્ષને પામે છે. શાસ્ત્રમાં જે કુલ–ગણઆદિના રાગ–દ્વેષ વિના સાચો વ્યવહાર કરવાનું જણાવે છે તે ક્ષેત્રાદિનાં આભાવ્ય અનાભાવ્યને અંગે છે, અને શ્રીસંઘમાં પરસ્પર માટે છે.

**પ્રશ્ન ૯૫૯**–કેટલાક રામચંદ્રો જણાવે છે કે ભગવાન્ જિનેશ્વર-મહારાજ તીર્થંકરના ભવમાં આરાધક હોયજ નહિ, કિંતુ આરાધ્યજ હોય એ શું યોગ્ય છે?

**સમાધાન**–ભવ્ય જીવોને ભગવાન્ તીર્થંકર મહારાજ ગર્ભ કે જન્મથી આરાધ્યજ હોય છે. પરંતુ ભગવાન્ તીર્થંકરો આરાધ્ય હોવાથી આરાધક હોયજ નહિ એ કથન અણસમજનું છે. પ્રથમ તો તેઓ શ્રીસિદ્ધભગવાનને નમસ્કાર કરે છે તે સિદ્ધો આરાધ્ય છે એમ ધારીને જ કરે છે એટલે ગુણવતી વ્યક્તિની અપેક્ષાએ પણ તેઓ આરાધક બને છે વળી શ્રીઅજિતનાથજીવિગેરે જિનેશ્વરોએ ભગવાનની પૂજા કરી છે એમ શાસ્ત્રકારો કહે છે તો તે અપેક્ષાએ પણ ભગવાન્

જિનેશ્વરો તે ભવમાં પણ આરાધક હોયજ નહિ એ કથન ખોટું જ છે. વળી 'आराहणा पडाग० प्रतिपद्याशुभशमनं० व्रतानि विधिवत्समारोप्य०' એ વિગેરે સ્થાને શાસ્ત્રોમાં ભગવાન્ જિનેશ્વરની આરાધક દશાને જણાવનારાં વાક્યો અને ભગવાનની ધર્મકાય અવસ્થા વિગેરેને વાંચનાર વિચારનાર તો પરમ આરાધકભાવ ભગવાન્ તીર્થંકરમહારાજાનો હોયજ એમ માન્યા સિવાય રહેજ નહિ. સુજ્ઞ મનુષ્યો એ તો સ્હેજે સમજી શકશે કે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુમહાત્માઓ પોતાની અપેક્ષાએ આરાધક દશામાં હોય છે અને ભક્તોની અપેક્ષાએ આરાધ્ય હોય છે એ ચોક્કસ છે, એટલે આરાધ્ય અને આરાધકપણું વિરૂદ્ધ છે અથવા ભગવાન્ તીર્થંકર આરાધક નજ હોય. આવા રામચંદ્રના ચંદ્રકને કોઈ ચલકાટવાળો કહે તેમ નથી.

**પ્રશ્ન ૯૬૦**–**'महतां स्थितिसिद्धये०' 'ज्ञापकं चात्र भगवान्०' 'अणुमणत्थो०' 'तित्थयरो चउनाणी०'** એ વિગેરે શાસ્ત્રીય પાઠો અનેક વખત જાહેર કરીને ભગવાન્ જિનેશ્વરજીના વર્તનની અનુકરણીયતા નજ હોય એમ સૂત્રવિરૂદ્ધ બોલનારને સમજાવ્યા છતાં જેઓ આગ્રહ ન છોડે અથવા સર્વથા પ્રકારે અનુકરણ કરવાની વાતજ ન હોય તેમ છતાં સર્વથા અનુકરણનો પક્ષ છે એમ કહે, અને એમ કહી છલવાદથી અંશે અનુકરણ માનીને પણ અનુકરણ સર્વથા હોયજ નહિ એવા કથનને ખસેડે નહિ તેને શાસનપ્રેમીયોએ કઈ લાઈનમાં ગણવો ?

**સમાધાન**–શાસ્ત્રમાં સ્થાને સ્થાને ભગવાન્ જિનેશ્વરદેવની સ્થિતિ કથની અને કરણીમાં સરખી માની યથાવાદી તથાકારી માનેલા છે એ વિગેરે સ્પષ્ટ છતાં અને દેશ અનુકરણ માનવામાં હરકત નથી એમ સ્પષ્ટ જાણ્યા અને પ્રરૂપ્યા છતાં બીજી બાજુ અનુકરણીયતા હોયજ નહિ વિગેરે બોલે તે માર્ગથી વિરૂદ્ધ અને અસદ્ભાવ ભાવનાથી આત્મા અને પરને વાસિત કરનારો ગણાય અને તેવાનો સંસર્ગ કે આલાપ પણ શાસનપ્રેમીયોને યોગ્ય નથી.

**પ્રશ્ન ૯૬૧**-જીવ, કર્મ અને એ ઉભયનો યોગ આ ત્રણેય વસ્તુઓ અનાદિ છે. આ વાક્ય કેટલાકો સમજણ વગરનું છે એમ કેમ કહે છે?

**સમાધાન**-શાસ્ત્રકારો જીવ અનાદિ છે એમ માની તેનો ભવ અનાદિ માને છે અને તે અનાદિભવ અનાદિના કર્મસંયોગથી થયેલ છે. એમ જે જણાવે છે તેને અનુસરતું એ છે. માત્ર શાસ્ત્રીય વાક્ય વૈરાગ્યના હેતુ તરીકે ભવની અનાદિતા અને આશ્રવના રોધને માટે ભવનું કર્મના યોગથી થવાપણું જણાવવાની પરમાર્થતા ધરાવે છે. ત્યારે આ વાક્ય કર્મ અને તેના યોગને અનાદિ જણાવી ઉપર જણાવેલ પરમાર્થને પ્રગટ કરવામાં સરળતા ધારતું નથી. જીવનું પર્યાયરહિતપણે અવસ્થાન નથી એ માટે ભવનું અનાદિપણું અને ભવની આકસ્મિકતા નથી એ જણાવવા અનાદિ કર્મસંયોગથી નિષ્પન્નતા બતાવવા જે વાક્ય ઉપયોગી હતું તે અહીં ત્રણની અનાદિતા સાબીત કરવા લેવામાં ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ વિકાસને સમજાવી શકે નહિજ, વળી યોગ શબ્દ વાપરવાથી દ્રવ્યકર્મની અનાદિતા થાય, અને એ રીતે તો સિદ્ધદશામાં પણ દ્રવ્યકર્મરૂપ પુદ્‌ગલોનો સંબંધ નથી એમ કોઈથી કહેવાય તેમ નથી.

**પ્રશ્ન ૯૬૨**-જીવ અને કર્મનો યોગ એજ સંસાર છે. એ વાક્ય બોલવામાં સમજણની ખામી કેમ ગણાય છે?

**સમાધાન**-વસ્તુસ્થિતિને જાણનાર સમ્યગ્દષ્ટિઓ સ્પષ્ટપણે સમજે છે કે-ચૌદરાજલોકમાં ત્રસનાડી તો શું પરંતુ ત્રસ અને સ્થાવર એવા બન્નેના સ્થાનોમાં એક આકાશપ્રદેશ પણ એવો નથી કે જ્યાં અનંતાનંત કર્મપુદ્‌ગલો ન હોય, અને તે તે આકાશમાં અવગાહેલ આત્માઓ પછી ભલે તે સંસારી હોય કે મુક્ત હોય તેઓને તે સંબંધમાં આવે નહિ એમ તો ન જ બને એટલે યોગ એ સંસાર ન કહેતાં કર્મબંધ આદિને સંસાર કહેવામાં શાસનની છાયા રહે છે. આ વાત 'कम्मसंजोगनिव्वत्तिए' વિગેરેમાં યોગશબ્દ ન વાપરતાં સંયોગશબ્દ વાપર્યો છે તેથી સ્પષ્ટ છે સંયોગ કારણ અને સંસાર એ કાર્ય છે.

**પ્રશ્ન-૯૬૩**-જીવ અને કર્મના યોગનો વિયોગ એજ મોક્ષ છે. આ વાક્ય પણ તત્ત્વનું સ્વરૂપ સમજ્યા વિનાનું છે. એમ કહે છે તે શાથી?

**સમાધાન**-આ વાક્ય પ્રથમ તો વક્તાની માત્ર લહેરી દશા સૂચવે છે. અહીં કર્મનો સર્વથા વિયોગ કહ્યો હોત તો જુદી વાત હતી વળી કર્મ એ ગુણ છે કે ધર્મ છે? એનો વિચાર કર્યો હોય એમ જણાતું નથી. વળી સંસારીને નિર્જરેલા કર્મપુદ્ગલો તો ફેર વળગે પણ ખરાં. પરંતુ યોગ તો નાશ પામ્યા પછી રહેતો કે વળગી શકતોએ નથી વળગે પણ નહી. આ બધી તત્ત્વદૃષ્ટિ જેનામાં ન હોય ને આવાં આવાં વાક્યો ડગલે પગલે બોલે અને નવપદના સ્વરૂપને દર્શાવવા જતાં પોતાના આચાર્યપણાના રામ બોલાવે.

એવી રીતે દુઃખમય; દુઃખરૂપ કે દુઃખફલ કે દુઃખફલક, દુઃખાનુબંધ કે દુઃખપરંપરાનો ફેર. મોક્ષ એકાન્તે સુખમય અલગ બતાવવો કે કર્મ વળગે નહિ તેવો આત્મા બતાવવો આ વિગેરે વાક્યોનો ફરક તત્ત્વજ્ઞોજ સમજે.

**પ્રશ્ન ૯૬૪**-उस्सुत्तमणुवइट्ठं सच्छंदविगप्पियं अणणुवाइ।
परतत्तिपवित्ते तिंतिणे य इणमो अहाछंदो ॥ १ ॥

આ શ્રીનિશીથભાષ્યની ગાથામાં પ્રરૂપણાની બાબતમાં જુદાં જુદાં વિશેષણો શા માટે છે?

**સમાધાન**-આ ગાથામાં ઘણાં વિશેષણો જે આપેલાં છે તે પ્રરૂપણાની યથાવસ્થિતદશા તથા તેનાથી વિપરીતદશા જણાવવા માટે છે. અર્થાત્ જો કોઈપણ મનુષ્ય એમ કહે કે સૂત્રોમાં લખેલા અક્ષરો સિવાયનું સૂત્રાનુસારિયોથી બોલાય નહિ તો એવું બોલનારો જુઠો યથાચ્છંદી અને જુઠાં કલંક દેનારો છે. સૂત્રમાં અબદ્ધ એવી પાંચસેં હકીકતો છે કે જે કોઈ જગો પર કહી નથી છતાં મનાય છે અને

કહેવાય છે. વળી અવ્યવહારરાશિ અને વ્યવહારરાશિ એવા બે વિભાગ કોઈ પણ સૂત્રોમાં જણાવ્યા નથી અને વ્યાખ્યાકારોએ જગો જગો પર જણાવેલા છે. માટે એકલું સૂત્રમાં કહેલું જ હોય તે કહેવાય એમ કહી પરંપરાગત વસ્તુને કહેવામાં બાધ ગણનારા માર્ગથી દૂર છે. વળી પ્રવ્રજ્યા અને ઉપસ્થાપનાઆદિમાં તપવિગેરેની સામાચારી જુદી જુદી રહેવાથી તેની જુદી જુદી પ્રરૂપણા થાય એ સ્વાભાવિકજ છે અને પોતપોતાની ગચ્છસામાચારીથી વિરૂદ્ધ કરનારો તે તે ગચ્છવાળો પ્રાયશ્ચિત્તનો ભાગી થાય છે અને પ્રાયશ્ચિત્તનો ભાગી કહેવો પડે છે. માટે જણાવ્યું કે સૂત્રોક્ત ન હોય મૂત્કલ વ્યાકરણની માફક અનિબદ્ધ હોય છતાં સ્વકલ્પનાથી ઉભું કરેલું ન હોય તેવું હોય તો પણ તેવી પરંપરાની સમાચારીનું વચન કહેનારો યથાચ્છંદી ગણાય નહિ. આટલું છતાં પણ ભગવાન્ કેશિકુમારે આપેલ દતિવિગેરે દૃષ્ટાન્તો તથા આચાર્ય મહારાજ શ્રી સિદ્ધસેનદિવાકરજીએ જણાવેલ કલ્પવ્યવસ્થા યથાછંદના માર્ગરૂપ થાય, તથા આગમિકપદાર્થની પ્રરૂપણા કરાય, પરંતુ દાર્ષ્ટાન્તિકતરીકે પદાર્થની પ્રરૂપણા કરનારા યથાછંદી ગણાય. પણ શાસ્ત્રકાર મહારાજ જણાવે છે કે સૂત્રમાં કહેલું ન હોય મુત્કલ વ્યાકરણની માફક અબદ્ધશ્રુત તરીકે ન હોય, કિંતુ તર્કવાદીઓએ સ્વયં કલ્પેલું હોય, છતાં તે દાર્ષ્ટાન્તિકરીતિની માફક સૂત્રોક્ત અર્થને અનુસરનાર હોય તો તેવા પદાર્થને પ્રરૂપનાર કોઈપણ પ્રકારે યથાચ્છંદી ન ગણાય. આવી રીતે જેઓ ગાથાની વસ્તુસ્થિતિને ન સમજતાં 'સૂત્રના એવા અક્ષરો નથી માટે બોલવા યોગ્ય નથી' એવું કહેનાર રામચંદ્રો માર્ગનું સત્યાનાશ વાળનારાજ નીવડે.

પ્રશ્ન ૯૬૫–શ્રીસિદ્ધાચલજી સરખા ક્ષેત્રમાં ભગવાન્ પુંડરીકસ્વામીજીની આગલ ચૈત્યવંદન કરતાં 'नमोत्थु णं०' અને 'अरिहंतचेइयाणं०' કેમ કહી શકાય ?

કારણ કે 'नमोत्थु णं' ભાવ અરિહંતને માટે છે અને 'अरिहंत-चेइयाणं' એ દંડકપણ અરિહંત ભગવંતોને માટે છે અને શ્રીપુંડરીક-સ્વામીઆદિ ગણધરો પૂજ્ય છતાં પણ અશોકાદિ આઠ પ્રતિહાર્યોને ધારણ કરવારૂપ અર્હત્તાવાળા તો નથી.

**સમાધાન**–અશોકાદિ આઠ પ્રાતિહાર્યથી થતી પૂજારૂપ ભાવ-અર્હત્પણું ભગવાન્ પુંડરીકસ્વામી આદિમાં નથી એ વાત સાચી છે પણ અરિહંત શબ્દના અરહંતરૂપ પર્યાયને અંગે કેવળજ્ઞાનવાળા હોવાથી શ્રીપુંડરીકસ્વામીઆદિ સિદ્ધમહારાજાઓ પ્રચ્છન્નપણાના અભાવવાળા અને મરણના કે જ્ઞાનાદિ નાશના અભાવવાળા છે. અને તેથી તેઓ પણ ભાવ અરહંતો જ છે. આ વાત સમજવા માટે શ્રીઆવશ્યકચૂર્ણિકાર મહારાજે 'सिद्धाई अरहंता' એમ જણાવેલ છે તે વિચારી લેવું. અર્થાત્ સિદ્ધભગવાન્ આગળ 'नमोत्थु णं' અને अरिहंतचे०' કહેવામાં શાસ્ત્રને માનવાવાળાને અડચણજ નથી.

**પ્રશ્ન ૯૬૬**–'तिक्खमन्नयरं सत्थं हव्ववाहो न संसओ' આવાં શાસ્ત્રકારોનાં સ્પષ્ટવચનો હોવાથી છએ જીવનિકાયને શસ્ત્રરૂપ એવું અગ્નિનું જ્વાલન કરવું એ ઉચિત નથી તો પછી આરતી અને મંગળદીવો કેમ કરાય ?

**સમાધાન**–'तिक्ख' એ વાક્ય સાધુધર્મની અપેક્ષાએ છે એ ચોકખું જ છે આ વસ્તુ વિચારવામાં આવશે તો સ્પષ્ટ થશે કે શ્રાવકોને સૂત્રો ભણવાનો નિષેધ છે એ વ્યાજબીજ છે. કેમકે છકાયના કુટામાં રગદોલાયેલો મનુષ્ય 'तिक्ख' વિગેરે બોલે અને સંભળાવે એ કેવલ બકવાદરૂપ જ થાય. વળી આરતી મંગલદીવા માટે જેને એવી વિરાધનાનો વિચાર આવે તો પછી તે ગૃહસ્થપણામાં રહેજ કેમ? ભગવાન્ શ્રીહરિ-ભદ્રસૂરીશ્વરજી તો સ્પષ્ટશબ્દોમાં ફરમાવે છે કે–આસદારંભી જીવ જો અભિનિવેશમિથ્યાત્વવાળો હોય તો જ ભગવાન્ જિનેશ્વરમહારાજની

પૂજામાં વિરાધના ગણે અર્થાત્ પુષ્પદીપકઆદિમાં હિંસાના નામને આગલ કરી ગૃહસ્થોને તે પૂજાથી રોકવાવાળા તો મહા અભિનિવેશવાળા સિવાય બીજા હોયજ નહિ. આ આરતીનો ખુલાસો શ્રીશ્રાદ્ધદિનકૃત્યની ટીકાથી વિશેષપણે મેળવી શકાશે.

**પ્રશ્ન ૯૬૭**–ભગવાન્ જિનેશ્વરમહારાજની મૂર્તિ દર્શનીય વંદનીય અને આરાધ્ય છે એમ માનવા છતાં પણ સામાયિકની અવસ્થામાં તેના ફલની અભિલાષા શા માટે 'वंदणवत्तियाए' આદિ કહીને કરાય છે ?

**સમાધાન**–હજારો વર્ષોથી શ્રાવકો ભગવાન્ જિનેશ્વરમહારાજની મૂર્તિની પૂજાઆદિ કરવાવાળા છતાં પણ જે સામાયિકની અવસ્થામાં 'वंदणवत्तियाए' આદિ ભગવાન્ જિનેશ્વરમહારાજની પ્રતિમાના વંદન પૂજન આદિના ફલની પ્રાપ્તિ માટે કહે છે તેથી સ્પષ્ટ થાય છે કે શ્રાવકનો સદા કાળ એજ ધર્મ છે કે–ભગવાન્ જિનેશ્વરમહારાજની મૂર્તિની પૂજા સત્કારાદિની તીવ્ર ને તીવ્ર આકાંક્ષા હોય.

**પ્રશ્ન ૯૬૮**–ભગવાન્ જિનેશ્વરમહારાજની પ્રતિમાની પૂજા શ્રાવકોને અવશ્યકર્ત્તવ્ય તરીકે અને પ્રતિદિન વિશેષ કર્તવ્ય તરીકે હોય અને એવી સ્થિતિ જેઓની હોય તેજ વાસ્તવિક રીતે શ્રાવક છે એટલે દિગંબર અને સ્થાનકીયાને તો પોતાને શ્રાવક કહેવડાવવાનો પણ હક નથી પરંતુ સાધુમહાત્માઓ તો પાંચ મહાવ્રત રૂપ ભાવપૂજામાં તત્પર હોવાથી તેઓથી 'वंदणवत्तियाए' આદિ પાઠ કેમ બોલાય ?

**સમાધાન**–સાધુમહાત્માઓ મહાવ્રતરૂપ ભાવપૂજામાં તત્પર છે એમાં કોઈ જૈને મતભેદ કર્યો નથી. પરંતુ દ્રવ્યપૂજાનો લાભ એ કંઇ ભાવપૂજાથી વિરોધી નથી. શું દ્રવ્યપૂજાદ્વારાએ થતી સમ્યક્ત્વની શુદ્ધિ અને પૂર્વકાલમાં ઉપાર્જન કરેલ કર્મની નિર્જરા એ બે વસ્તુ ભાવપૂજારૂપ મહાવ્રતથી વિરૂદ્ધ છે ? યાદ રાખવું કે ઘર એ પરિગ્રહ હોઈ આશ્રવ છે. છતાં તેનો ઉપાશ્રય તરીકે થતો ઉપયોગ મુનિ–મહારાજાઓને પણ

પ્રશંસનીય જ છે. તથા છકાયના આરંભથી થતાં આહારપાણી પાપરૂપ છે છતાં તેનાથી બનેલું દાન એ એવી ચીજ છે કે કેવલિમહારાજ પણ તેને અનુમોદના લાયક કહે. વળી દ્રવ્યપૂજાની વિરૂદ્ધતામાં સ્નાનાદિનો પહેલો પ્રસંગ છતાં 'ण्हाणाई न इच्छंति' એમ કહેતા નથી, પરંતુ' 'पुप्फाई न इच्छंति' એમ કેમ કહે છે ? બારીકદષ્ટિથી જોનાર સ્પષ્ટપણે જાણી શકશે કે પ્રથમ તો શાસ્ત્રકારો નિષેધદ્વારાએ પણ દ્રવ્યપૂજામાં પુષ્પાદિકને જ મુખ્યપદ આપે છે. બૌદ્ધોએ પુરિકાપુરીમાં પણ તેનોજ નિષેધ કરવી શાસનહેલના કરાવી હતી, અને ભગવાન્ વજ્રસ્વામીજીએ પણ ફુલ લાવવાદ્વારાએજ શાસનની ઉન્નતિ કરી હતી એટલે સ્પષ્ટ થયું કે કોઈપણ બ્હાને પુષ્પની પૂજામાં ન્યૂનતા લાવનારો ભગવાન્ શ્રીજિનેશ્વરની પૂજાનું વિઘ્ન કરનારજ છે વળી મનુષ્ય વનસ્પતિ કે જે ઘણે અંશે મનુષ્યને મળતા ધર્મવાળી છે તે વનસ્પતિના આરંભની ઇચ્છા કરે કે પ્રવૃત્તિ કરે તે આરંભથી નિવૃત્ત થયેલ કોઈ પણ પ્રકારે ગણાય નહિ તેમ હોઈ શકે નહિ માટે તે સંબંધી આરંભ અને પ્રસંગ દોષને વારવા માટે 'पुप्फाईयं' એમ કહેવામાં આવ્યું. બાકી મહાવ્રતરૂપ ભાવપૂજાવાળાને પણ 'वंदणवत्तियाए' આદિ કહી દ્રવ્યપૂજાનું ફલ તો ઇચ્છવા લાયકજ છે.

**પ્રશ્ન ૯૬૯**–ચિલાતીપુત્રને સુસુમાને માર્યા પછી માથું લઈને જતાં સાધુ મલ્યા, તેમનો ધર્મ પૂછ્યો, એ તો ભવિતવ્યતા ગણાય અને તે સંભવિત પણ ગણાય, પરંતુ સાધુએ કહેલા ઉપશમ, વિવેક અને સંવર એ ત્રણ પદનો અર્થ તેણે વાસ્તવિક રીતે કેમ જાણ્યો ?

**સમાધાન**–એક વાત તો ચોક્ખી છે કે તે ચિલાતીપુત્રનો જીવ પૂર્વભવમાં સાધુપણામાં રહેલો હતો, તેથી આ ભવમાં જન્મથી અધમતાવાળો છે છતાં પણ પૂર્વભવના માત્ર અભ્યાસથીજ તેણે તે પદોનો અર્થ વાસ્તવિક રીતે જાણ્યો છે. જો કે જાતિસ્મરણનું કારણ નહિ હોવાથી જાતિસ્મરણ થયું નથી. પરંતુ પહેલાના ભવના અનિચ્છાવાળા અભ્યાસથી

પણ તે ત્રણે પદોનો વાસ્તવિક અર્થ તેણે જાણ્યો છે આ વાત શ્રીમલધારી હેમચંદ્રમહારાજ ભવભાવનામાં આ પ્રમાણે સ્પષ્ટ જણાવે છેઃ-

**तो एगंते होउं परिभावइ अक्खराण ताणऽत्थं ।**
**पुव्वभवब्भासेण य सो एवं तस्स परिणमइ ॥ १ ॥** (६३८ पृ.)

સાધુ આકાશમાં ત્રણ પદ કહીને ઉડી ગયા પછી તે ચિલાતીપુત્ર એકાંતમાં જઇને તે અક્ષરોનો અર્થ વિચારવા લાગ્યો અને પૂર્વભવના અભ્યાસથી પૂર્વભવમાં વિરાધનાવાળું પણ ચારિત્ર પળાયું છે તેના સંસ્કારને લીધે તે પદોનો વાસ્તવિક અર્થ તેને આવી રીતે પરિણમ્યો (આ ઉપરથી પૂર્વભવને જણાવનાર જાતિસ્મરણાદિ ન થયાં હોય તો પણ માત્ર પૂર્વભવના સારા સંસ્કારોથી મનુષ્યોને વાસ્તવિક અર્થનો બોધ થાય અને વાસ્તવિક સન્માર્ગની પ્રવૃત્તિઓ થાય તેમાં આશ્ચર્ય શું ગણાય ?)

**પ્રશ્ન ૯૭૦**-ભગવાન્ જિનેશ્વરમહારાજાની આજ્ઞાને માનનારા અને તત્ત્વાતત્ત્વને ઉપાદેય-હેય તરીકે જાણનારા જીવો સર્વાંગસુંદરતાદિને માટે સર્વાંગસુંદરઆદિ તપસ્યાઓ કરે તો શું તેઓને મિથ્યાત્વી ગણવા ? અને એ અનુષ્ઠાનને શું ગરલઅનુષ્ઠાન કે વિષઅનુષ્ઠાન કહેવું ?

**સમાધાન**-જે મનુષ્યો ભગવાન્ જિનેશ્વરમહારાજની આજ્ઞાને માનનારા અને આજ્ઞાને આગલ કરીને પ્રવર્ત્તનારા છે, તેઓ સર્વાંગસુંદરતાઆદિને માટે સર્વાંગસુંદરઆદિ તપો કરે તો તેઓને મિથ્યાત્વી કહેનારે કે ગરલ વિષઅનુષ્ઠાન કહેનારે ભગવાન્ હેમચંદ્રસૂરિજીનો આ પાઠ વિચારવો-

**'अस्य च तपसः सर्वाङ्गसुन्दरत्वमानुषङ्गिकमेव फलं, मुख्यं तु सर्वज्ञाज्ञया क्रियमाणानां सर्वेषामेव तपसां मोक्षावाप्तिरेव फलमिति भावनीयं, एवमुत्तरत्राऽपीति'** અર્થાત્ આ સર્વાંગસુંદર તપસ્યાનું સર્વાંગસુંદરપણું તો પ્રાસંગિક ફલ છે. મુખ્ય તો સર્વજ્ઞની આજ્ઞાએ કરાતી સઘલી તપસ્યાઓનું મોક્ષપ્રાપ્તિજ ફલ છે. આ પ્રમાણે

આગલ કહેવાતી તપસ્યાઓમાં પણ સમજવું. આ વિષય તપઉદ્યાપનના લેખમાં શ્રીપંચાશકાદિશાસ્ત્રોના પાઠોથી પણ સ્પષ્ટ જણાવાયો છે. છતાં જેઓને પોતાને અધમ વિશેષણવાળા બનવા માટે શાસ્ત્રોના આપેલા પાઠો પણ જોવા નથી તેઓની સ્થિતિ તો જ્ઞાનીજ જાણે.

**પ્રશ્ન ૯૭૧**–ચૈત્યવંદન, સ્તવ અને સ્તુતિ એ ત્રણેમાં ભગવાન્ જિનેશ્વરમહારાજના ગુણોનું વર્ણન હોય છે તો પછી તે ત્રણેમાં ફરક શો ?

**સમાધાન**–ચૈત્યવંદન, સ્તોત્ર અને સ્તુતિમાં ભગવાન્ જિનેશ્વરમહારાજના ગુણોનું વર્ણન હોય છે એ વાત સાચી છે. પરંતુ 'नमुत्थु णं' રૂપ પ્રણિપાત પહેલાં જે ભગવાનના ગુણોને વર્ણન કરનારૂં કથન કરાય તેનું નામ ચૈત્યવંદન કહેવાય છે અને તેમાં વિશેષ કરીને સ્થાવર તીર્થોનો અને ભગવાન્ જિનેશ્વરમહારાજાઓની પ્રતિમાનો અધિકાર હોય છે, તેથી કરીનેજ તે ચૈત્યવંદન બોલ્યા પછી 'जं किंचि नामतित्थ" વિગેરે કહી સકલતીર્થસ્થાનો અને જિનપ્રતિમાઓનું વંદન જણાવનાર સૂત્ર બોલાય છે. વળી ભાવતીર્થંકર અને દ્રવ્યતીર્થંકરને શક્રસ્તવથી વંદન કર્યા પછી સકલ લોકનાં ચૈત્યો અને પંદર કર્મભૂમિઓના સાધુઓને વંદન કરવારૂપ પ્રણિધાન પછી જે ભગવાનના ગુણોને અને ભગવાનના ઇંદ્રનરેંદ્રાદિકોએ કરેલા ભક્તિભાવને જણાવનારી રચના બોલવામાં આવે અને જેની પછી ભવાંતરને માટે અને ભવિષ્યને માટે પ્રાર્થનારૂપ પ્રણિધાન કરવામાં આવે એટલે પ્રણામરૂપ બે પ્રણિધાનો પછીનું અને જે પ્રાર્થનારૂપ ત્રીજું પ્રણિધાન કરવાની પહેલાં જે ગુણગાન ભગવાન્ જિનેશ્વરમહારાજના કરાય તેનું નામ સ્તવ અથવા સ્તોત્ર કહેવાય છે. એવી રીતે 'नमुत्थु णं' પહેલાંની સ્તુતિ એ ચૈત્યવંદન અને પ્રણામ–પ્રણિધાન પછી અથવા પ્રાર્થના–પ્રણિધાન પહેલાં કહેવાય તે સ્તુતિને સ્તવ કહેવાય અને ચૈત્યાદિના કાર્યોત્સર્ગ પછી 'काउसग्गं पारियंमि' એવા આવશ્યકના વચનથીજ જે સ્તુતિ ભગવાનના ગુણોની કરાય તેનું નામ સ્તુતિ કહેવાય છે.

**પ્રશ્ન ૯૭૨**–પીસતાલીસ આગમમાં ચૈત્યવંદન સ્તવ અને સ્તુતિનો અધિકાર ક્યાં છે?

**સમાધાન**–શ્રીઉત્તરાધ્યયનસૂત્રમાં ચૈત્યવંદન, સ્તવ અને સ્તુતિનો અધિકાર છે અને તેના ઓગણત્રીશમા અધ્યયનમાં નીચે જણાવીશું એ પ્રમાણે સૂત્ર છે.

એ સૂત્રમાં સ્પષ્ટપણે સ્તવ સ્તુતિ અને મંગલ કરવાથી જ્ઞાન દર્શન અને ચારિત્રનો લાભ તથા બોધિનો લાભ થવાનું જણાવે છે અને દેવવંદનમાં પ્રથમ મંગલ સ્થાને ચૈત્યવંદન હોવાથી ચૈત્યવંદનને મંગલ તરીકે મણાવ્યું છે. એટલે સ્તવ સ્તુતિ અને મંગલ એટલે ચૈત્યવંદનની સ્થિતિ જણાવી છે.

**પ્રશ્ન ૯૭૩**–શ્રીઉત્તરાધ્યયનસૂત્રમાં ઓગણત્રીશમા અધ્યયનમાં જે સ્તવ સ્તુતિ મંગલ જણાવેલ છે તેમાં એકવચન હોવાથી તે સ્તવ સ્તુતિ મંગલ એકજ કેમ ન ગણાય?

**સમાધાન**–જો કે શ્રીઉત્તરાધ્યયનના પાઠમાં તે સૂત્ર આવી રીતે છે.

**'थयथुइमंगलेणं भंते! जीवे किं जणेइ?**

**थयथुइमंगलेणं नाणदंसणचरित्तबोहिलाभं संजणइ, नाणदंसणचरित्तबोहिलाभसंपन्ने णं जीवे अंतकिरियं कप्पविमाणोववत्तियं आराहणं आराहेइ'**

અર્થાત્ સ્તવ, સ્તુતિ, મંગલથી જીવો શું મેળવે છે? આવા પ્રશ્નના ઉત્તરમાં જણાવે છે કે–સ્તવ, સ્તુતિ મંગલથી જ્ઞાન–દર્શન–ચારિત્રનો (આ ભવમાં) લાભ મેળવે છે અને (પરભવમાં) બોધિલાભ એટલે જૈનધર્મની પ્રાપ્તિ મેળવે છે અને જ્ઞાન-દર્શન–ચરિત્રને પામેલો અંતક્રિયા કરનારી તથા બાર દેવલોક સુધીના ગણાતા કલ્પવિમાનમાં ઉત્પન્ન થઇ શકે તેની આરાધના કરે છે. આ સ્થાને 'થય૰' એક જગો પર જે એકવચન છે તે એકશેષની માફક એકવદ્‌ભાવમાં એકવચન છે.

અને તેથીજ સામાચારી અધ્યયનમાં 'थुइमंगलं च काउणं' તથા 'करिज्ज सिद्धाण संथवं' એમ સ્પષ્ટપણે ભિન્નભિન્ન નિર્દેશ છે.

**પ્રશ્ન ૯૭૪**-'थयथुइ०' એ સૂત્રમાં સ્વત-સ્તુતિ કરનારા તો સાધુ અને શ્રાવકો બન્ને હોય છે તો તેમાં બાર દેવલોક સુધીનાં વિમાનો કે કલ્પોપપન્ન વિમાનો કહેવામાં આવે છે ત્યાંસુધી ઉત્પત્તિવાળી આરાધના કેમ જણાવી ? કેમકે એ બારદેવલોક સુધીની ઉત્કૃષ્ટ આરાધના તો શ્રાવક વર્ગને માટે હોય છે. સાધુભગવંતોને માટેની આરાધના તે તો કલ્પાતીત એવા નવ ગ્રૈવેયક અને સર્વાર્થસિદ્ધ સુધીના અનુત્તરની પણ હોય છે.

**સમાધાન**-'પુષ્પામિષસ્તોત્ર' એટલે પુષ્પાદિ નૈવેદ્યાદિ અને સ્તોત્ર આદિથી થતી ત્રણ પ્રકારની અથવા અંગ, અગ્ર અને સ્તોત્રાદિથી ત્રણ પ્રકારની થતી પૂજાના અધિકારી શ્રાવકોજ હોય છે. અને પુષ્પાદિ કે અંગાદિ પૂજાના અનુક્રમથી થતી સ્તોત્રપૂજા અહીં ગણેલી હોય તો બારમા દેવલોકની ઉત્પત્તિવાળીજ આરાધનાજ જણાવવી પડે છે. સાધુભગવંતે કરાતી કેવલ સ્તોત્રાદિની પૂજા એટલે પુષ્પાદિપૂજા અને અંગાદિપૂજાથી નિરપેક્ષ જો કેવલ ભાવપૂજા જણાવી હોત તો કલ્પાતીત એવા ગ્રૈવેયક અને અનુત્તરવિમાનની ઉત્પત્તિવાળી આરાધના જણાવત, આ વાત જ્યારે બરોબર વિચારવામાં આવશે ત્યારેજ આ 'थइथुइ०'ના સૂત્રથી કેટલાક મહાનુભાવો ભગવાન્ જિનેશ્વરમહારાજની પ્રતિમાનું પૂજ્યપણું સાબિત કરે છે તે સયુક્તિક છે એમ સમજાશે.

**પ્રશ્ન ૯૭૫**-ભગવાન્ જિનેશ્વરમહારાજની અંગાદિ અનુક્રમે કે પુષ્પાદિ અનુક્રમે સ્તુતિ-સ્તોત્રાદિકથી ભાવપૂજા કરે ત્યારે તે સમ્યગ્દર્શનાદિકને પામેલોજ હોય તો પછી આ 'थइथुइ०' સૂત્રમાં સ્તવ-સ્તુતિઆદિથી જ્ઞાન-દર્શન-ચારિત્ર ઉત્પન્ન થવાનું કેમ જણાવ્યું ?

**સમાધાન**-ભગવાન્ જિનેશ્વરમહારાજની પ્રતિમાની અંગાદિક્રમે કે પુષ્પાદિક્રમે સ્તુતિ-આદિથી પૂજા કરનારો સમ્યગ્દર્શનાદિ પામે એવા સૂત્રકાર

મહારાજાના કથનથી સૂક્ષ્મદષ્ટિયો સમજી શકશે કે મિથ્યાદૃષ્ટિવાળાએ પણ કરેલી ભગવાન્ જિનેશ્વરમહારાજની પ્રતિમાની અંગાદિ અને પુષ્પાદિકમવાળી પૂજા નવા સમ્યગ્દર્શનાદિને કરવાવાળી છે. અર્થાત્ જેમ અણુવ્રતાદિની ક્રિયામાં વ્યવહારથી પણ સમ્યગ્દર્શનની પહેલેથી જરૂર છે તેમ ભગવાન્ જિનેશ્વરમહારાજના પૂજનમાં પ્રથમથી વ્યવહાર સમ્યગ્દર્શનની પણ જરૂર છે એમ નથી. અર્થાત્ ભગવાન્ જિનેશ્વર-મહારાજની પૂજા જેમ સમ્યગ્દર્શનાદિની શુદ્ધિ માટે છે તેવીજ રીતે નહિ પ્રાપ્ત થયેલ સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ માટે પણ ભગવાન્ જિનેશ્વરની પૂજા જરૂરી છે. વળી આ જ્ઞાન-દર્શન અને ચારિત્રને ઉત્પન્ન થવારૂપ ફલ જણાવવાથી પણ શાસ્ત્રકારમહારાજા સ્પષ્ટ કરે છે કે- આ સૂત્ર શ્રાવકોએ કરાતી સ્તુતિ-સ્તોત્રાદિકની પૂજાની અપેક્ષાએ છે. અર્થાત્ સાધુની અપેક્ષાએજ જો આ સૂત્ર હોત તો જેમ કલ્પાતીતની ઉત્પત્તિ જણાવત તેમ જ્ઞાનાદિની વૃદ્ધિ જણાવત, પરંતુ જ્ઞાન-દર્શન- ચારિત્રનો નવો લાભ થવાનો જણાવત નહિ.

**પ્રશ્ન ૯૭૬**-ભગવાન્ જિનેશ્વરમહારાજની પ્રતિમાની સ્તવ-સ્તુતિ-મંગલથી પૂજા કરવામાં બોધિલાભ થવાનું ફલ કેમ જણાવ્યું છે?

**સમાધાન**-જો કે ભગવાન્ જિનેશ્વરમહારાજની પૂજા કરનારો ભગવાન્ જિનેશ્વરમહારાજના ધર્મને બહુધા પામેલો હોય છે, છતાં ભગવાન્ જિનેશ્વરમહારાજના ધર્મની પ્રાપ્તિ અખંડિતપણે તો કોઈક ભાગ્યશાળીનેજ ટકે છે, માટે ભગવાનની પૂજાના ફલ તરીકે બોધિલાભને ઉત્પન્ન થવાનું કે સ્થિર રહેવાનું કહેવામાં આવે તો તે અયોગ્ય નથી. વળી ભવાંતરની અપેક્ષાએ તો વિરાધકભાવને પામેલા સાધુ માટે પણ શ્રીજૈનધર્મની પ્રાપ્તિ ભવાંતરે દુર્લભ હોય છે, તો પછી આરંભ-પરિગ્રહમાં આસક્ત એવા શ્રાવકને જૈનધર્મની પ્રાપ્તિ થવી મુશ્કેલ હોય તેમાં આશ્ચર્ય શું? અને આ વાત જ્યારે સમજવામાં આવશે ત્યારેજ આ સ્થાને કહેલ બોધિલાભરૂપ ફલ અને સાધુ-શ્રાવકની સામાયિક

અવસ્થામાં પણ 'बोहिलाभवत्तियाए' કરીને બોધિલાભની પ્રાર્થનાનો કાયોત્સર્ગ કેમ કરવામાં આવે છે તેનું તત્ત્વ સમજવામાં આવશે.

**પ્રશ્ન ૯૭૭**–સ્તવ–સ્તુતિ અને મંગલ જ્યારે સ્તોત્ર (સ્તવન) થોય અને ચૈત્યવંદનરૂપ છે તો સ્તોત્રો અને થોયો તો પહેલાકાલની પ્રસિદ્ધિ છે. પણ એવા ચૈત્યવંદનો કે જેને મંગલકાવ્યો ગણી મંગલ તરીકે ગણાવ્યાં છે તે કોઈ પહેલાકાલનાં છે?

**સમાધાન**–વર્તમાનકાલમાં પણ શ્રીપ્રવચનસારોદ્ધારવૃત્તિ અને શ્રીસંઘાચારભાષ્યમાં મંગલકાવ્યરૂપ ચૈત્યવંદનો છે, તેવા પહેલા પણ હશે. જગચિંતામણિ ચૈત્યવંદન તો પહેલાનું પ્રસિદ્ધ છે જ.

**પ્રશ્ન ૯૭૮**–જૈનસૂત્રોમાં સ્યાદ્‌વાદ નથી, પણ આચાર્યમહારાજશ્રી-સિદ્ધસેનદિવાકરજીએ જૈનદર્શનના પદાર્થોની વ્યવસ્થા કરતાં સ્યાદ્‌વાદ અથવા અનેકાંતવાદ તરીકે જૈનદર્શનને સ્થાપન કર્યું છે, એવું કેટલા-કોનું કથન અસત્ય કેમ?

**સમાધાન**–શ્રીભગવતીજી જીવાભિગમ વિગેરેમાં જીવ અને નારકી-આદિના શાશ્વત અશાશ્વતપણાના પ્રશ્નની વખતે 'सिअ सासए, दव्वट्ठयाए सासए' ઇત્યાદિ વાકયોને દેખનાર તો ભગવાન્ જિનેશ્વરમહારાજનું શાસન હંમેશાં સ્યાદ્‌વાદદર્શન તરીકે હતું એમ સમજી શકે તેમ છે. વળી શ્રીભગવતીમાં સોમિલના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્ મહાવીરે પોતાનું એકપણું બેપણું વિગેરે જણાવ્યું છે તે પણ સ્યાદ્‌વાદજ છે. વિજ્ઞાનનો અર્થ કરતાં ઘટજ્ઞાનરૂપે નાશ અને ઉપયોગરૂપે અવસ્થાનનું કથન તે પણ સ્યાદ્‌વાદ છે.

**પ્રશ્ન ૯૭૯**–નિત્યપદાર્થમાં વિકાર ન થાય કે માનમાં અલ્પબહુત્વ ન થાય તોજ નિત્ય કહેવાય એમ ખરૂં?

**સમાધાન**–જૈનદર્શનની માન્યતા પ્રમાણે કોઈપણ પદાર્થ ઉત્પાદ અને વ્યયથી મુક્તાજ નથી. વળી ગંગાદિનદીયોનું માન સર્વકાલ સરખું

નથી, છતાં નિત્ય છે. સમજવું જોઈએ કે જગતમાં કોઇપણ વસ્તુ દ્રવ્યની અપેક્ષાએ તો અનિત્ય છે જ નહિ વિકારરહિત હોય તે નિત્ય કહેવાય એવો તો સાંખ્યનો મત છે. જૈનમતમાં એવું નથી. 'अप्रच्युता०' એ લક્ષણ સાંખ્યનું છે. જૈનનું 'तद्भावाव्ययं' લક્ષણ છે.

**પ્રશ્ન ૯૮૦**–શ્રીસિદ્ધાચલજીનું પ્રમાણ ન્યૂનાધિક થાય છે તો તે શાશ્વતો કેમ કહેવાય ?

**સમાધાન**–શ્રીસિદ્ધગિરિમહારાજનું પ્રમાણનું ન્યૂનાધિકપણું હોવાથી પ્રાયઃ શાશ્વતો કહેવાય છે કોઈ કાલે શ્રીસિદ્ધાચલજીનો નાશ થવાનો નથી, માટે ગિરિની અપેક્ષાએ શાશ્વતગિરિ કહેવામાં પણ અડચણ નથી.

**પ્રશ્ન ૯૮૧**–સ્તુતિ, સ્તવ અને સ્તોત્રનાં લક્ષણોમાં સ્તુતિ અને સ્તવની ભિન્નતા માટે શ્રીવ્યવહારભાષ્યકાર 'एगदुग०' એ ગાથાથી ત્રણ શ્લોક સુધીની સ્તુતિ અને પાંચ કે સાત શ્લોકથી અધિકને સ્તવ કહે છે, અને શાંતિસૂરિજી ચૈત્યવંદન બૃહદ્ભાષ્યમાં સંસ્કૃતમાં હોય તેને અને અનેક પ્રકારના છંદોથી પ્રાકૃત ભાષામાં હોય તેને સ્તોત્ર કહેવું એમ કહે છે, છતાં શ્રીઆવશ્યક ઉત્તરાધ્યયન વિગેરેમાં 'लोगस्स' આદિને કોઈ વખત સ્તવશબ્દથી કોઇ વખત સ્તુતિશબ્દથી અને કોઇ વખત મંગલ-શબ્દથી કહેવામાં આવે છે તે કેમ ?

**સમાધાન**–ચૈત્યવંદનની અપેક્ષાએ આદિ ચૈત્યવંદન એ મંગલ, પ્રણિધાનોની વચ્ચે સ્તવ અને કાર્યોત્સર્ગની અંતે સ્તુતિ કહેવાય છે, પાંચ દંડકના દેવવંદનમાં પણ તેમ હોવા છતાં 'नमोत्थु ण' આદિને દંડક તરીકે કહેવામાં આવે છે, પ્રતિક્રમણની અપેક્ષાએ 'लोगस्स' આદિને સ્તુતિ, સ્તોત્ર અને સ્તવ કોઈપણ શબ્દથી કહેવાય છે, અને છૂટી સ્તવનાની અપેક્ષાએ ભક્તામરઆદિને સ્તોત્રો અને અજિતશાંતિને સ્તવ કહેવાય તો ઠીક મણાય.

**પ્રશ્ન ૯૮૨**–છમાસના તપને ચિંતવતા કાયોત્સર્ગ કરતાં છેલ્લે

મહિને દિવસ ઓછા કરી પછી સોલ ઉપવાસઆદિ ન લેતાં ચોત્રીશ-ભક્તઆદિ કેમ લેવાય છે ?

**સમાધાન**–શ્રીપ્રવચનસારોદ્ધાર વિગેરેમાં છેલ્લે મહિને ચોત્રીશ ભક્તથી લેવાનું અને પછી નીચે ચતુર્થ ભક્ત સુધી બે બે ભક્ત ઓછા કરવાનું સ્પષ્ટપણે કહે છે. વળી શ્રીભગવતીજી અને જ્ઞાતાજીઆદિમાં શ્રીસ્કંદક અને શ્રીમેઘકુમારાદિના ચરિત્રમાં પણ ગણધરમહારાજા ચોત્રીશ ભક્ત સુધી ભક્તોની ગણત્રીજ જણાવે છે.

**પ્રશ્ન ૯૮૩**–ખરતરગચ્છવાળા બીજા ઉપવાસે છઠ્ઠ અને ત્રીજા ઉપવાસે અઠ્ઠમ કહે છે, અને એમ આગલ આગલ પણ કહે છે તે કેમ ?

**સમાધાન**–ભગવાન્ અભયદેવસૂરિજી તથા શ્રીજ્ઞાતાસૂત્રની વૃત્તિમાં ચોકૂખા શબ્દોમાં 'षष्ठादिरुपवासद्वयादेः' એમ કહી બેઆદિ ઉપવાસોની છઠ્ઠઆદિ સંજ્ઞા જણાવે છે. કોઇ પણ સ્થાને બીજા ઉપવાસની છઠ્ઠ કે ત્રીજા ઉપવાસની અઠ્ઠમ એવી સંજ્ઞા છેજ નહિ. અર્થાત્ બે ઉપવાસ સાથે કરે અથવા ત્રણ ઉપવાસ સાથે કરે તોજ છઠ્ઠ અઠ્ઠમ કહી શકાય એ ચોકૂખું છે.

**પ્રશ્ન ૯૮૪**–શ્રીનંદીસૂત્રમાં 'निव्वुइपहसासणयं०' એ ગાથાની વ્યાખ્યામાં ચૂર્ણિકારભગવાને દર્શન અને ચારિત્રને મોક્ષમાર્ગ તરીકે લીધાં છે કે કેમ ?

**સમાધાન**–શ્રીનંદીસૂત્રની ચૂર્ણિમાં એ 'निव्वुइ०' ગાથાની વ્યાખ્યા નથી અને તેથી ચૂર્ણિકારભગવાને મળેલા આદર્શમાં કે તેઓની પરંપરામાં એ ગાથા નહિ હોય. બીજી ગાથાઓની વ્યાખ્યા જોતાં એ ગાથા હોત તો જરૂર વ્યાખ્યા કરત. છેવટે બીજી સુગમ ગાથાઓ માટે કંઠ્ય એમ જેવી રીતે કહે છે તેમ કંઠ્ય એવું પણ કહેત.

**પ્રશ્ન ૯૮૫**–ભગવાન્ હરિભદ્રસૂરિજીએ 'निव्वुइ०' ગાથાની

વ્યાખ્યા કરતાં સમ્યગ્દર્શન અને ચારિત્રનેજ મોક્ષમાર્ગ તરીકે કેમ ગણાવ્યાં? જો કદાચ સમ્યગ્દર્શનથી સમ્યગ્જ્ઞાન આવી જાય છે અથવા ચારિત્રવાળો જીવ કોઈ દિવસ જ્ઞાનવિનાનો હોતો નથી. અર્થાત્ 'नाणेण विना न हुंति चरणगुणा' એ વાક્યથી જ્ઞાનવિના ચારિત્ર ન હોય, એટલે ચારિત્ર લેવાથી જ્ઞાન આવી જાય, એમ ધારીએ તો સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર એ બે રૂપજ મોક્ષમાર્ગ લઈએ? અને એમ હોય તો 'ज्ञानक्रियाभ्यां मोक्षः' એમ કહેવાય કેમ?

**સમાધાન**-ભગવાન્ હરિભદ્રસૂરિજીને 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' એ સૂત્ર માન્ય છે, અને 'निव्वुइ०' ગાથામાં પણ એ ત્રણનેજ મોક્ષમાર્ગ તરીકે જણાવેલ છે. છતાં નિર્વૃતિ- પથની વ્યાખ્યા કરતાં જે સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર એ બેનેજ મોક્ષમાર્ગ તરીકે જણાવેલ છે તે 'सव्वभाव०' ની જ્ઞાનદ્વારાએ વ્યાખ્યા કરવા માટે છે. અર્થાત્ गो કહેવાથી બલદ અને ગાય બંને આવી જાય છે, તેમ છતાં बलिवर्द શબ્દ જોડે હોય ત્યારે गो શબ્દની વ્યાખ્યામાં એકલી ગાયોજ લેવાય છે, તેમ મોક્ષમાર્ગથી સમ્યગ્દર્શન, જ્ઞાન અને વિરતિરૂપ ચારિત્ર લેવાં પડે. પણ 'सव्व' એ પદ જ્ઞાનને દેખાડનાર જોડે છે તેથી મોક્ષપક્ષની વ્યાખ્યામાં દર્શન અને ચારિત્રજ લીધાં છે.

**પ્રશ્ન ૯૮૬**-શ્રીનંદીસૂત્રમાં તીર્થંકરાવલિકા ગણધરાવલિકા કહ્યા પછી 'निव्वुइ०' એ ગાથા સ્થવિરાવલિકાના પહેલાં ત્રણ આવલિકાની વચમાં કેમ લખી?

**સમાધાન**-ચૂર્ણિકારમહારાજ અને શ્રીહરિભદ્રસૂરિજીમહારાજે શ્રીનંદીસૂત્રની શરૂઆતમાં અનાદિના સામાન્યતીર્થંકરો અને મહાવીર-મહારાજારૂપ વિશેષ તીર્થંકરની અને 'तित्थयरपवयण' એ ગાથામાં બીજે નંબરે શ્રીસંઘ હોવાથી તેની સ્તુતિ કરીને પ્રાતીર્થંકર વિગેરેની ત્રણ આવલિકા કહેવાની પ્રતિજ્ઞા જણાવી છે. છતાં ભગવાન્ હરિભદ્રસૂરિજીએ

જે 'निव्वुइं' ગાથા માની છે અને તેની વ્યાખ્યા લખી છે તે એમ જણાવવા માટે હોય કે તીર્થંકર અને ગણધરોની પ્રામાણિકતા જેમ તે તે નામકર્મના ઉદયવાળા હોવાથી સ્વતઃ છે તેવી સ્થવિરોની પ્રામાણિકતા સ્વતઃ નથી, પરંતુ સ્થવિરોની પ્રામાણિકતા શ્રીશાસનની પ્રામાણિકતા માનવા અને તે પ્રમાણે વર્ત્તવા ઉપર રહેલી છે. શ્રીજિનેશ્વરમહારાજ અને શ્રીગણધરમહારાજ કેવલ મોક્ષગામીજ હોય, પરંતુ સ્થવિરોમાં શ્રીજંબૂસ્વામીજી જેવા મોક્ષગામી તથા શ્રીપ્રભવસ્વામી જેવા સ્વર્ગગામી હોય અને ગોષ્ઠામાહિલ અને આર્યરોહ જેવા દુર્ગતિગામી પણ હોય, માટે સ્થવિરોની પ્રામાણિકતા અને પૂજ્યતા તેઓ શ્રીજિનવચનને અનુસરતા હોય તોજ અને અનુસરતા હોય ત્યાં સુધીજ હોય આ ઉપરથી એ પણ સમજી શકાય કે જેમ કુગુરુ અને સુગુરુ માનીને કરેલી માન્યતા અને આરાધના સાચી શ્રદ્ધા થાય ત્યારે મિચ્છમિદુક્કડં-આદિ દઇ વોસરાવવાની હોય છે, તેમ જમાલિઆદિની શ્રીજૈનશાસનને અનુસરવાની અવસ્થામાં કરેલી માન્યતા અને આરાધનાનું પ્રાયશ્ચિત્ત કરવાનું હોય નહિ.

**પ્રશ્ન ૯૮૭**-નિશ્ચય-ધર્મ અને વ્યવહાર-ધર્મ કોને કહેવાય ?

**સમાધાન**-અપુનર્બંધથી વ્યવહાર-ધર્મ હોય અને ચઉદમા ગુણઠાણાના અંત્યસમયે નિશ્ચય-ધર્મ હોય.

**પ્રશ્ન ૯૮૮**-તે બે ધર્મનું સ્વરૂપ જાણ્યા સિવાય સમજ્યા સિવાય (ઓળખ્યા સિવાય) જીવનમાં પરિણમન કર્યા સિવાય સમકિત કહેવાય ?

**સમાધાન**-વ્યવહારસમ્યક્ત્વ અરિહંત એ દેવ, સુસાધુ એ ગુરુ અને કેવલિપ્રજ્ઞપ્તધર્મને માને ત્યારથી છે. પારમાર્થિકથી સદાદિદ્વારોથી જીવાદિક સ્વરૂપને માનવાના સાધનભૂત આત્મપરિણામ છે, અને કારકની અપેક્ષાએ મુનિવરને જ છે.

**પ્રશ્ન ૯૮૯**-સમકિત સિવાય સકામનિર્જરા થાય ?

**સમાધાન**-કેટલાકો આવશ્યકનિર્યુક્તિ અને તત્ત્વાર્થમાં અકામનિર્જરા કરતાં બાલતપને જુદુ લીધેલું હોવાથી મિથ્યાત્વીને પણ સકામનિર્જરા હોય એમ માને છે જ્યારે કેટલાકો અકામનિર્જરા માત્ર વિરૂદ્ધ ઇચ્છાપૂર્વકની હોય છે અને બાલતપ દુઃખને સહન કરવાની ઇચ્છાવાળું હોય છે છતાં યથાર્થપણે જીવ અને મોક્ષને રોકનારા કર્મોની શ્રદ્ધા તથા જ્ઞાન ન હોવાથી સકામનિર્જરા મિથ્યાદૃષ્ટિને માનતા નથી. તેઓ કહે છે કે—અકામનિર્જરા કેવલ દુઃખરૂપ છે, તેના ફલથી સામાન્ય દેવત્વ થાય અને બાલતપઆદિથી ઉંચું દેવત્વ મળે, અને તે બાલતપવાળાને બારે પ્રકારની તપસ્યા હોય. પણ સંવરની માન્યતા અને ધારણાપૂર્વકની બાર પ્રકારની તપસ્યાથીજ સકામનિર્જરા થાય.

**પ્રશ્ન ૯૯૦**-સકામનિર્જરા સિવાય જીવને જન્મ, મરણ, આધિ, વ્યાધિ ઉપાધિ, ઇષ્ટયોગ, અનિષ્ટસંયોગાદિ દુઃખોથી મુક્તિ થાય ?

**સમાધાન**-સકામનિર્જરાવાળોજ મોક્ષ મેળવી જન્માદિદુઃખનો નાશ કરે.

**પ્રશ્ન ૯૯૧**-મુક્તિ કોની થાય ને કોનાથી ?

**સમાધાન**-સમ્યક્ત્વાદિગુણોવાળા આત્માનો સમ્યક્ત્વાદિના પ્રભાવે મોક્ષ થાય.

**પ્રશ્ન ૯૯૨**-જે મુક્તિ થવાવાળો ને જેનાથી મુક્ત થવાય તે એનું સ્વરૂપ જાણ્યા સિવાય મોક્ષ થાય ?

**સમાધાન**-જીવાદિથી મોક્ષ સુધીના તત્ત્વોને જાણવા માનવાઆદિથીજ મોક્ષ થાય, પણ તેને યથાર્થ જાણ્યા સિવાય મોક્ષને નામે ક્રિયા કરનાર અપુનર્બંધક પણ લગાર વાર પછી પણ મોક્ષ મેળવે. જીવ જો આસન્નભવ્ય હોય તો તે ધર્મારાધનમાં રસિયો થાયજ. ધર્મથી દૂર રહેનારા તે આસન્નભવ્યની કોટીમાં પણ ન આવે.

**પ્રશ્ન ૯૯૩**–જીવ કોને કહેવાય ? એટલે જીવનું સ્વરૂપ શું ?

**સમાધાન**–ઉપયોગ લક્ષણુ જીવ છે, અને તે જ્ઞાનઆદિસ્વરૂપ-વાળોજ છે.

**પ્રશ્ન ૯૯૪**–જીવ (દ્રવ્ય) કોણે નિપજાવ્યું ? કયા દ્રવ્યમાંથી નિપજ્યુ ?

**સમાધાન**–જીવ અનાદિઅનંત સ્થિતિવાળો છે. કોઈ દ્રવ્યમાંથી થયો નથી કે જેથી તેનો નાશ થાય.

**પ્રશ્ન ૯૯૫**–આ શરીરનો માલિક કોણ ? અને શરીરની અંદર પાચનાદિક અનેક ક્રિયાઓ થઇ રહેલ છે તે કોણ કરે છે ?

**સમાપાન**–શરીરને નામકર્મથી જીવ બનાવે છે, અને તૈજસ-આદિથી આહારની પાચનક્રિયા થાય છે.

**પ્રશ્ન ૯૯૬**–જે ક્રિયાનો કરનાર ક્રિયાને જાણે તે પોતાને જાણે કે નહિ ? અને શાથી જણાય ?

**સમાધાન**–આત્મા અરૂપી હોવાથી તેને કેવલજ્ઞાનથીજ સાક્ષાત્ જાણી શકાય. આત્માગમાદિથી તો પહેલાં પણ જણાય.

**પ્રશ્ન ૯૯૭**–ભગવાન્ મહાવીરમહારાજાના સંવત્ અને વિક્રમ સંવતની વચ્ચે ચારસે સીત્તેર વર્ષ ગણવામાં અવંતીના પાલકઆદિક રાજાઓ કેમ લેવામાં આવ્યા છે ?

**સમાધાન**–ભગવાન્ મહાવીરમહાવીરમહારાજે કાલ કર્યો તેજ દિવસે પાટલિપુત્ર (પટના)માં ઉદાયીરાજા મરણ પામ્યો અને તે અપુત્ર હોવાથી તે રાજ્યનું આધિપત્ય અવંતીના રાજા પાલકનું થયેલું છે આ વાત શ્રીધર્મઘોષસૂરિજી સંઘાચારવૃત્તિમાં સ્પષ્ટપણે કહે છે. અને એ બે જાતના સંવતના આંતરામાં અવંતીની ગાદીના વર્ષ લેવાયાં છે. એવી રીતે બીજાં બીજાં વર્ષો અવંતીની ગાદીનાં જે જે લેવાયાં છે તે પણ તેજ કારણથી લેવાયાં ભગવાન્ શ્રીહેમચંદ્રમહારાજા ઉદાયિરાજાના અપુત્રપણે

મરણથી નંદને રાજા થવાનું જે વૃત્તાંત જણાવે છે તે કેટલાંક વર્ષ પછી ઉદાયિની પાટે નંદ આવવાને લીધે છે. યાદ રાખવું જરૂરી છે કે-ઉદાયિ રાજાને મારનારને પીઠબલ અવંતીપતિનુંજ હતું. આચાર્ય-મહારાજ શ્રીધર્મઘોષસૂરિજીએ વિક્રમાદિત્યથી આગળ પણ ભોજમહારાજા સુધી ગણત્રી આપેલી હોવાથી તે ઇતિહાસની લાંબી શોધનું પરિણામ હોય તેમ જણાય છે. વળી વર્તમાન ઇતિહાસકારો પણ શ્રીચંદ્રગુપ્તના રાજ્યકાલની શરૂઆત શ્રીવીરમહારાજના મોક્ષથી બસેં પંદર વર્ષે માને છે, એકસો પંચાવનમાં સાઠ ઉમેરવાથી બસેં પંદર થાય છે.

**પ્રશ્ન ૯૯૮**–ભગવાન્ કાલિકાચાર્યે વીરસંવત્ ૯૮૦ કે ૯૯૩માં આનંદપુરમાં શ્રીચતુર્વિધસંઘસમક્ષ શ્રીકલ્પસૂત્ર વાંચવું શરૂ કર્યું એમ ખરૂં?

**સમાધાન**–આનંદપુરમાં મૂલઘર ચૈત્યમાં સભાસમક્ષ શ્રીકલ્પસૂત્ર તો શ્રીનિશીથચૂર્ણિકારમહારાજના પહેલેથી વંચાતું હતું. શ્રીકલ્પસૂત્ર નવસેં એંસી વર્ષે શ્રીસંઘસમક્ષ વાંચવું શરૂ થયું કે શ્રીકાલિકાચાર્ય-મહારાજે તે શરૂ કર્યું કે શ્રીસંઘસમક્ષ કલ્પસૂત્ર વંચાય એવો કલ્પ-ટીકાકારોથી પહેલાંનો લેખ નથી. કલ્પટીકાઓમાં પણ ધ્રુવસેનરાજાએ સભાસમક્ષ વંચાવ્યું એવો લેખ છે, તથા સ્તોત્રમાં પણ નવસેં ત્રાણુંએ આનંદપુરમાં પહેલું વંચાયું એવો લેખ છે, પરંતુ શ્રીકાલિકાચાર્યે વાંચવું શરૂ કર્યું કે નવસે એંશી કે ત્રાણુંમાં તેઓએ શરૂ કર્યું કે શ્રીસંઘસમક્ષ શ્રીકાલિકાચાર્યે વાંચ્યું, હકીકતોમાંથી કોઈપણ હકીકત શાસ્ત્રાનુસારિણી હોય એમ જણાતું નથી.

**પ્રશ્ન ૯૯૯**–શ્રીવીરમહારાજ અને વિક્રમરાજાના સંવતના આંતરામાં શ્રીકાલિકાચાર્યે અહીં લવાયેલ શકરાજાનાં ચાર વર્ષ ગણ્યાં છે તો શું ગર્દભિલ્લનો ઉચ્છેદ કરનાર કાલિકાચાર્ય શ્રીવીર સંવત્ ચારસેં-સીત્તેર પહેલાં થયા?

**સમાધાન**–શ્રીપુષ્પમાલાવૃત્તિ-શ્રીસંઘાચારવૃત્તિઆદિ પ્રાચીનગ્રંથો

વીરમહારાજ અને વિક્રમરાજાના સંવતના આંતરા સમજનારા બીજા પણ ગ્રંથકારો તો વિક્રમના સંવતની પ્રવૃત્તિ થવા પહેલાંજ શ્રીકાલિકાચાર્ય કે જે ગર્દભિલ્લ ઉચ્છેદક છે તેને થયા માને . વળી ચતુર્થીની સંવચ્છરી કરનારા કાલિકાચાર્ય શ્રીનિશીથચૂર્ણિકાર મહારાજ કરતાં ઘણા પહેલાં થયેલા છે. વળી શ્રીપુષ્પમાલાની ટીકા વિગેરે અનેક પૌઢગ્રંથોમાં ગર્દભિલ્લના ઉચ્છેદક શ્રીકાલિકાચાર્યેજ પર્યુષણાની તિથિ પલટાવી ચોથની પર્યુષણાની આચરણા કરી છે એમ ચોક્ખું લખેલ છે. શ્રીવીર પછી નવસેં એંસી વર્ષે ચોથની સંવચ્છરી આચરવામાં આવી એવો તીર્થોદ્ગારિક-ને નામે ઉલ્લેખ ખરતરગચ્છીય જિનપ્રભે સંદેહવિષૌષધિમાં કર્યો તેનાથી પહેલાંનો લેખ જણાયો નથી. ગચ્છ અને શાખાની અસહિષ્ણુતાએ જે ઉથલપાથલ થઈ હોય તે માનવાનું સબલ કારણ નથી.

**પ્રશ્ન ૧૦૦૦**–ચૈત્યવંદન કરતી વખતે કે દેવ વાંદતી વખત 'नमोऽत्थु णं' આદિથી ભાવજિન 'जे अ अईआ' ઇત્યાદિથી દ્રવ્યજિન અને 'लोगस्स' આદિથી નામજિનનું વંદન કરવામાં આવે છે, છતાં–'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં?' એમ કહી ચૈત્યરૂપ સ્થાપના આગળ તીર્થંકરના વંદનનો આદેશ કેમ મંગાય છે?

**સમાધાન**–'नमोऽत्थु णं' આદિથી ભાવજિન આદિને વંદના કરાય છે અને એવી રીતેજ 'अरिहंतचेइआण' આદિથી સ્થાપનાજિન એટલે ચૈત્યોને વંદન કરાય છે, છતાં તે બધુંએ વંદન ભગવાન્ જિનેશ્વર-મહારાજની પ્રતિમા આગળ કરાય છે માટે તે ચૈત્ય એટલે પ્રતિમારૂપ આલંબનની મુખ્યતા ગણીને–'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં?' એમ આદેશ મંગાય છે સ્થાપનાચાર્યની આગલ પણ સ્થાપનાચાર્યના અક્ષોમાં પરમેષ્ઠિની કલ્પના કરીનેજ દેવવંદન થાય છે માટે ત્યાં પણ એવોજ આદેશ મંગાય છે. જંઘાચારણઆદિમુનિઓ પણ વંદનઆદિમાં નમોત્થુ ણં આદિથી ભાવજિનઆદિનાં વંદનો કરે છે, છતાં તે પણ ચૈત્ય

એટલે ભગવાનની મૂર્તિની મુખ્યતા ગણીને કરે છે માટે શાસ્ત્રકારો 'चेइआइं वंदइ' એમ સ્થાને સ્થાને જણાવે છે.

**પ્રશ્ન ૧૦૦૧**–સ્તવ અને મંગલ એટલે ચૈત્યવંદનમાં કેટલા કેટલા શ્લોક કે કાવ્ય જોઈએ ?

**સમાધાન**–સ્તવમાં પાંચ સાત કાવ્ય અગર શ્લોકો હોય અથવા તેનાથી વધારે હોય સ્તુતિઓમાં વંદનીયની અપેક્ષાએ ત્રણ અને સ્મરણીયની સ્તુતિ સાથે ચાર શ્લોક કે કાવ્યો હોય, અને ચૈત્યવંદનના કાવ્યો 'एकद्वित्र्यादिका नमस्कारा भणनीयाः' એ વચનથી અને 'जाव अट्ठसय' એ વચનથી એકથી એકસો આઠ સુધીનાં કાવ્યો કે શ્લોકો હોય.

**પ્રશ્ન ૧૦૦૨**–ચૈત્યવંદન માટે શ્રીદેવેન્દ્રસૂરિજીમહારાજે કરેલું ભાષ્ય છે તે કરતાં શું પહેલાં બીજાં ચૈત્યવંદનનાં ભાષ્યો હતાં ?

**સમાધાન**-પહેલાં પણ શ્રીશાંતિસૂરિજીએ ચૈત્યવંદન ઉપર ભાષ્ય કરેલું છે, અને એને 'बृहद्भाष्य' તરીકે કહેવાય છે. વળી શ્રીશાલિસૂરિજીનું કરેલું ભાષ્ય હતું એમ પણ શ્રીધર્મઘોષસૂરિજીના વચનથી જણાય છે, તથા લઘુભાષ્યના નામે પણ ચૈત્યવંદન ઉપર ભાષ્ય હતું, એમ તે ભાષ્યની ટીકા ઉપરથી જણાય છે: વળી ભાષ્યની ટીકામાં આપેલાં મતાંતરોથી પહેલાં પણ અનેક ભાષ્યો ચૈત્યવંદન ઉપર હશે એમ નક્કી થાય છે.

**પ્રશ્ન ૧૦૦૩**–જ્ઞાનનો સ્વભાવ એક વિશેષ જાણવાનો કે અનેક વિશેષ જાણવાનો છે?

**સમાધાન**–જ્ઞાનનો સ્વભાવ વિશેષમુખ્યક પદાર્થ જાણવાનો છે, જેવો જેવો ક્ષયોપશમ હોય તેવા તેવા અને તેટલા તેટલા વિશેષો જાણે. કેવલજ્ઞાનથી સર્વવસ્તુના સર્વવિશેષ જાણે.

**પ્રશ્ન ૧૦૦૪**–એક વિશેષને જાણવામાં એક સમય જેટલો કાલ જોઇએ એમ ખરૂં ? અને જો એમજ હોય તો પછી અનેક અને અનંતવિશેષો એક સમયમાં ન જણાય એમ કેમ નહિ ?

**સમાધાન**–એક વિશેષને જાણવામાં છદ્મસ્થોને ક્ષયોપશમવાળું જ્ઞાન હોવાથી અંતર્મુહૂર્ત્ત કાલ જોઈએ અને કેવલીને ક્ષાયિકજ્ઞાન હોવાથી અખિલવિશેષો એકજ સમયમાં જણાય છે.

**પ્રશ્ન ૧૦૦૫**–એક વિશેષ જાણવા માટે એક ઉપયોગની જરૂર ખરી કે નહિ ! અને જો એક ઉપયોગે એક વિશેષ જણાય તો અનેક અને અનંત વિશેષો જાણવા માટે અનેક અને અનંત સમયોની જરૂર નહિ ?

**સમાધાન**–જેમ એક ઘડાને જોવા માટે એક પ્રકાશની જરૂર ખરી. પણ ઘણા ઘડાઓના પ્રકાશને માટે ઘણા દીવાઓની જરૂર રહેતી નથી, તેમ એક વિશેષ પણ એક ઉપયોગથી જણાય અને ઘણા વિશેષો પણ એકજ ઉપયોગથી જણાય છે. કેવલજ્ઞાનથી દરેક વસ્તુના સર્વવિશેષો પ્રતિક્ષણે જણાય અર્થાત્ એક જ્ઞાન અને એક ઉપયોગથી અનેક વિશેષો ન જણાય એવું છદ્મસ્થ કે કેવલિમહારાજ એકકેય માટે નથી. જો એક સમયે એકજ વિશેષને છદ્મસ્થ પણ જાણતો હોય તો અવધિજ્ઞાનમાં ભાવનાજ્ઞાનમાં અનંતગુણવૃદ્ધિહાનિ આવેજ નહિં. તથા કેવલજ્ઞાનથી દરેક સમયે સર્વપર્યાય વિશિષ્ટ સર્વવસ્તુ જણાયજ નહિ ધ્યાન રાખવું કે–એક સમયે એકજ દ્રવ્ય જણાય એવો પણ નિયમ છદ્મસ્થ કે કેવલિ માટે નથી.

**પ્રશ્ન ૧૦૦૬**–પ્રાતિહાર્યોનો અર્થ પહેરેગિરનું કર્મ એમ થાય છે, અને તેથી તેને ચોવીશે કલાક સાથે રહેનાર મનાય છે તો શું અશોક વૃક્ષ પણ સદા સાથે રહે છે ?

**સમાધાન**–સમવસરણ સિવાય જ્યાં જ્યાં ભગવાન્ બિરાજે ત્યાં અશોકવૃક્ષ તો હોયજ, માટે તે પ્રાતિહાર્ય ગણાય, વિહારમાં જરૂર ન હોવાથી કદાચ ન રહે અગર રહ્યા છતાં વર્ણન ન કરે તેમાં નવાઈ નથી.

**પ્રશ્ન ૧૦૦૭**–દિવ્યધ્વનિ પ્રાતિહાર્યમાં છે, તો તે દેવકૃત માનવો કર્મક્ષયથી થયેલ માનવો ?

**સમાધાન**–ભગવાનનો ધ્વનિ સમવસરણમાં કે તે સમવસરણ

સિવાયની દેશનામાં દિવ્યજ હોય છે. પરંતુ દેવતા વાજીંત્રથી તેનો અનુવાદ કરે છે માટે તે દેવકૃત ગણાય છે.

**પ્રશ્ન ૧૦૦૮**–ભામંડલ એ પ્રાતિહાર્યમાં ગણાવેલ છે, તો પછી કર્મક્ષયજનિતમાં કેમ ગણાવાય છે ?

**સમાધાન**–મસ્તકના પાછલના ભાગે જે ભામંડલ ધરાય છે તે દેવકૃત છે. અને શરીરનું તેજ જે પાછલા ભામંડળમાં સંક્રમે છે તે કર્મક્ષયથી થયેલ મનાય તેમાં નવાઈ શી ? જ્યાં સમવસરણ તે તીર્થંકરને માટે ન થયું હોય તો ત્યાં ભગવાન્ સમવસરે ત્યારે સમવસરણ થાય જ. અને જ્યાં કોઈ મહર્દ્ધિક દેવતા વંદન માટે આવે ત્યાં પણ સમવસરણ જરૂર થાય. બાકી સર્વદેશનાને સ્થાને પ્રાતિહાર્યો તો થાય જ.

**પ્રશ્ન ૧૦૦૯**–બધી નિગોદોમાં જીવો સરખા હોય કે ઓછાવત્તા પણ હોય ?

**સમાધાન**–જો કે બધી નિગોદોમાં અનંતા જીવો હોય જ છે. પરંતુ અનંતાના અનંતા ભેદો હોવાથી નિગોદોમાં સરખી સંખ્યાએ અનંતા જીવો નથી, આજ કારણથી શાસ્ત્રકારો લોકમાં થતા નિગોદના ગોળાને ઘણાભાગે તુલ્ય અને પ્રાયઃતુલ્ય માને છે.

**પ્રશ્ન ૧૦૧૦**–નિગોદમાં એક જીવ અને એક ગોળાની અવગાહના શાસ્ત્રકારો સરખી કહે છે. માટે બધી નિગોદોની અવગાહના સરખી માનવી કે કેમ ?

**સમાધાન**–નિગોદ અને ગોળાની અવગાહનાનો આધાર નિગોદના જીવની અવગાહના ઉપર રહે છે અને નિગોદના જીવની અવગાહના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણે પ્રકારે હોય એ શાસ્ત્રકારોએ અસત્કલ્પનાથી પણ જઘન્યથી પાંચ હજાર પ્રદેશની તથા ઉત્કૃષ્ટથી પંદરહજાર પ્રદેશની અવગાહના માની, મધ્યાવગાહના બધા નિગોદજીવોની દશહજાર પ્રદેશની લેવી એમ સ્પષ્ટપણે જણાવેલ છે. એટલે

તત્ત્વથી બધી નિગોદોમાં જીવોની અવગાહના પણ સરખી નથી. દરેક નિગોદમાં જીવો અનંતા છે અને નિગોદની અવગાહના આંગુલના અસંખ્યાતમાભાગની છે એ સ્પષ્ટ જ છે.

**પ્રશ્ન ૧૦૧૧**–અવધિ અને વિભંગમાં જેમ જઘન્યભાગ તુલ્ય છતાં ઉત્કૃષ્ટમાં કાલઆદિની અપેક્ષાએ સરખાપણું નથી, અર્થાત્ વિભંગમાં એકત્રીસ સાગરોપમ અને અવધિમાં તેત્રીશ સામગરોપમ કાલ હોય છે, તેમ શ્રુતજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનની ઉત્કૃષ્ટતામાં ફરક હોય કે નહિ ?

**સમાધાન**–શ્રુતઅજ્ઞાન કરતાં શ્રુતજ્ઞાન પણ ઉત્કૃષ્ટપણામાં ફરક વાળું હોય અને અધિક જ હોય છે. શ્રુતઅજ્ઞાન અધિકમાં અધિક ન્યૂનદશ પૂર્વ જેટલું જ હોય, ત્યારે શ્રુતજ્ઞાન ઉત્કૃષ્ટ ચૌદ પૂર્વ હોય છે. પણ અવધિ તથા વિભંગમાં જેમ સર્વ સ્થાને ન્યૂનાધિક્યનો નિયમ નથી તેમ શ્રુતઅજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં પણ સર્વત્ર જીવોમાં ન્યૂનાધિક્યનો નિયમ નથી

**પ્રશ્ન ૧૦૧૨**–ઉપધાનની ક્રિયા આરાધના માટે છે ? જો આરાધના માટે હોય તો શાસ્ત્રકારે 'श्रुतमभीप्सता' એમ કેમ કહ્યું છે ? અને જ્ઞાનની પ્રાપ્તિ માટે ઉપધાન હોય તો કર્ણાઘાટથી કે બીજે કોઈપણ પ્રકારે શ્રુતજ્ઞાન આવ્યા પછી ઉપધાનની ક્રિયા શા માટે કરવી ?

**સમાધાન**–જ્યારે પુસ્તક નિરપેક્ષપણે શ્રુતની પ્રવૃત્તિ પરંપરાએ હતી ત્યારે જ્ઞાનીમહારાજા આ ઉપધાનથી આરાધના કરનારને જ શ્રુતજ્ઞાન આપતા હતા. માટે આરાધના અને જ્ઞાન એ બંને માટે ઉપધાનની જરુર ગણાય. કર્ણાઘાટથી મળેલા જ્ઞાનની પણ રીતસર આરાધના તેના ઉપધાનથી જ થાય એટલા માટે તો શ્રીવજ્રસ્વામીજી સંપૂર્ણ એકાદશાંગના અને કંઈક પૂર્વના અંશને ધારણ કરનારા થયા છતાં તે વખતે વાચનાચાર્ય થવાને માટે લાયક ગણાયા નહોતા. અને આચરણથી નમસ્કારઆદિ શ્રુત આવડ્યું હોય તો પણ તેના ઉપધાનને નહિ કરવારા વિરાધક ગણાયા છે. પરંપરાથી શ્રુતજ્ઞાનની પ્રાપ્તિની

વખતે ગુરુએ કરાવેલ આદેશ અને ક્રિયા થાય, અને પુસ્તકકાલમાં આચરણાથી ઉપધાન પહેલાં પણ ઉપધાનની શક્તિએ ઉપધાનને વહન કરવાની ઈચ્છાવાળાને ભણાવવાનું હોવાથી પોતે સૂત્ર બોલે અને આદેશ તથા ક્રિયા થાય તેમાં આશ્ચર્ય નથી.

**પ્રશ્ન ૧૦૧૩**–અવસર્પિણીમાં જેમ પૂર્વકાલને મહત્ત્વ અપાય છે તેમ ઉત્સર્પિણીમાં ભવિષ્યકાલને મહત્ત્વ અપાશે કે કેમ ?

**સમાધાન**–અવસર્પિણીમાં પૂર્વકાલને મહત્વ અપાય છે એમ નથી, પહેલા બીજા અને ત્રીજાના પહેલાના મોટા ભાગને કોઈપણ વખાણતું નથી પરંતુ મુમુક્ષુ જીવો મોક્ષમાર્ગની ઉચ્ચ પ્રવૃત્તિ અને મોક્ષપ્રાપ્તિ કરાવનાર તરીકે પૂર્વકાલને વખાણે છે. ઉત્સર્પિણીમાં તીર્થસ્થાપના પછીજ ધર્મની પ્રવૃત્તિ અને મોક્ષપ્રાપ્તિ થવાનો વખત હોવાથી ભવિષ્યકાલની મહત્તાનો સવાલ રહેતોજ નથી.

**પ્રશ્ન ૧૦૧૪**–પરલોક, પુણ્ય, પાપ, સદ્‌ગતિ અને દુર્ગતિઆદિને ન માને પણ સદાચાર અને નીતિથી ચાલે તો તે સારો ગણાય કે નહીં ?

**સમાધાન**–પરલોકઆદિને નહિ માનનારો છતાં નીતિ અને સદાચાર પાળે તે પરલોકઆદિને ન માનવાવાળા અને નીતિને ન પાળવાવાળા કરતાં ભલે સારો હો, પણ અનીતિ અને અસદાચારમાં જે પારભવિક નુકશાન નથી માનતો તે નીતિ અને સદાચારથી થતો તાત્ત્વિક ફાયદો સમજનાર ન હોવાથી આંધળા અજ્ઞાનીના હાથમાં આવેલ હીરાના જેવી તે નીતિ ગણાય અને સદાચાર પણ તેવોજ ગણાય તત્ત્વની શ્રદ્ધા સિવાયની સાધુપણાની ક્રિયા પણ અનંતી વખત થયા છતાં જેમ આત્મકલ્યાણના પક્ષે વ્યર્થજ ગઈ છે. આઠ તત્ત્વને માની માત્ર મોક્ષને નહિ માનનાર અભવ્યજીવની ચારિત્ર ક્રિયા પણ જ્યારે આત્મસાધ્યની અપેક્ષાએ નિષ્ફળ જાય છે તો પછી પરલોકાદિને નહિ માનનારાની નીતિ અને સદાચાર તો આત્મકલ્યાણની અપેક્ષાએ

ગણતરીમાંજ ક્યાંથી આવે? વળી ભૌતિક એવાં પરલોકાદિને નહિ માને તે આત્મા અને તેના સમ્યગ્દર્શનાદિગુણોને ક્યાંથી માનશે? કેમકે તે ભૌતિક નથી. અને આત્માના ગુણોને માન્યા સિવાય તેને રોકનાર ક્યાંથી જાણશે? અને ક્યાંથી દૂર કરશે? એટલે કહેવું જોઇયે કે પરલોકઆદિની માન્યતા નહિ કરનારની નીતિ અગર સદાચાર કેવલ લોકની રંજનક્રિયા અનુકરણના પંથેજ રહ્યાં છે અને તે રંજનઆદિની પ્રાપ્તિ કે પોષણ બીજી રીતે થવાના પ્રસંગે મનુષ્ય બીજો રસ્તો લે એ સ્વભાવિક છે અને જો નીતિ રાખતાં ભૌતિકપદાર્થનો કે લોક-રંજનનો બાધ આવે તો મર્કટદીપિકા ન્યાય કરતાં તે શ્રદ્ધાહીનને વાર લાગે નહિ પરલોકાદિને માનનારો મનુષ્યજ ભૌતિકના ભોગે પણ નીતિ અને સદાચારને જાળવનારો થાય પરલોકાદિકની શ્રદ્ધાવાળાને જ લોકરંજન કે ભૌતિકપદાર્થનો લાભ ધાન્યની ખેતીમાં થતા ઘાસ જેવોજ ગણવાનું થાય અને તેથી હરકોઇ ભોગે પણ નીતિ અને સદાચારને તે શ્રદ્ધાવાળો જાળવે.

**પ્રશ્ન ૧૦૧૫**–જેઓને યાવજ્જીવ પાંચ તિથિ કે દશ તિથિ ઉપવાસનો નિયમ હોય અને તે મનુષ્ય ઉપધાનાદિ તપ આદરે કે વર્ધમાનતપઆદિની ઓળી આદરે તો તેની તપસ્યા તે તિથિના હિસાબમાં આવે કે કેમ?

**સમાધાન**–ઉપધાનાદિમાં આવતી પાંચમઆદિ તિથિઓએ ઉપવાસ કરે અને બન્નેની ક્રિયાઓ કરે તો બન્નેની આરાધના થાય. જુદા ઉપવાસ વાળવાની એમાં જરૂર નહિ.

**પ્રશ્ન ૧૦૧૬**–મગફળીની શીંગ જમીનમાં થાય છે તો તે લીલી કે સૂકી બન્નેમાંથી એક્કેય અભક્ષ્ય કેમ નથી?

**સમાધાન**–અનંતકાયમાં ફુલપત્રાદિ ગણાવતાં શીંગો ગણાવેલી નથી. અને મગફળીની શીંગોનો અભક્ષ્ય તરીકે વ્યવહાર પણ નથી. તે શીંગોના દાણા ફોતરાવાળા અને બદામની માફક બે દલવાળા હોય છે.

**પ્રશ્ન ૧૦૧૭**-શાસ્ત્રોમાં કાયોત્સર્ગના શ્વાસોચ્છ્વાસનું પ્રમાણ આવે છે. પરંતુ નવકાર કે લોગસ્સ વિગેરેનુ પ્રમાણ નથી આવતું તેનું શું કારણ ?

**સમાધાન**-શ્રીસંઘાચારભાષ્ય તથા લલિતવિસ્તરાવૃત્તિ (પૃ. ૮૯)માં શાસ્ત્રકાર મહારાજાઓ જણાવે છે કે-

**'इहोच्छ्वासमानमिदं, न पुनर्ध्येयनियमः, यथापरिणामेन हि तत्, स्थापनेशगुणतत्त्वानि वा स्थानवर्णार्थालंबनानि वा आत्मीयदोषप्रतिपक्षो वा, प्रतिविशिष्टध्येयध्यानं हि विवेकोत्पत्ति-कारणं'** પચવીશ કે આઠ વિગેરે શ્વાસો માત્ર કાયોત્સર્ગનું પ્રમાણ છે પણ ધ્યેયનો નિયમ નથી. પોતાના પરિણામ પ્રમાણે ધ્યેય લેવું સ્થાપના પરમેશ્વરના ગુણો અને તત્ત્વોનું ધ્યાન, સ્થાન, વર્ણ, કે અર્થ આલંબનનું ધ્યાન, અથવા આત્માના દોષોથી વિરૂદ્ધનું ધ્યાન થાય. સારાનું ધ્યાન વિવેકને ઉત્પન્ન કરનાર છે. આ વચનથી સૂત્ર જાણ્યા વિના પણ ઉપધાનના કાઉસ્સગ્ગોમાં અડચણ ન આવે.

**પ્રશ્ન ૧૦૧૮**-કૃષ્ણ અપરકંકામાં ગયા ત્યારે લવણમાં રથ ચલાવ્યો તે પાણી ઉપર કે જમીનના તળીએ ?

**સમાધાન**-અપરકંકામાંજ જવા માટે માર્ગ દેવા શ્રીકૃષ્ણમહારાજે સુસ્થિતદેવને આરાધ્યો છે. એટલે તે માર્ગ કોઈક જમીનનો ભાગ ઉંચો હોય એવો હોવો જોઈએ.

**પ્રશ્ન ૧૦૧૯**-જિનકલ્પી અને એકાકી પ્રતિમાધારીમાં શું તફાવત ? બન્નેને ઓછામાં ઓછું કયું સંઘયણ હોય ? અને એકાકી પ્રતિમાધારીનું અસ્તિત્વ કયા પટ્ટધર સુધી ચાલ્યું ?

**સમાધાન**-જિનકલ્પ અને પ્રતિમાધારીની સામાચારી જુદી જુદી છે. સંઘયણ બન્નેમાં પહેલું હોય. પ્રતિમાધારીનું અસ્તિત્વ અમુકપાટ સુધી હતું અને અમુકપાટે વ્યુચ્છિન્ન થયું એમ નથી. છતાં શ્રીભદ્રબાહુ-

સ્વામીના શિષ્યોએ પ્રતિમા ધારણ કરી હતી એમ શ્રીઉત્તરાધ્યયનનિર્યુક્તિ કહે છે અને આચાર્યસ્થૂલભદ્રજીના સ્વર્ગગમન વખતે પહેલું સંઘયણ વિચ્છેદ ગયું છે.

**પ્રશ્ન ૧૦૨૦**–નિહ્નવોને કાયોત્સર્ગપૂર્વક સંઘબહાર કર્યા તો કાયોત્સર્ગનો અર્થ શું સમજવો?

**સમાધાન**–બાર પ્રકારના ઉપધિઆદિ સંભોગના વિસર્જનને માટે નિહ્નવોને અંગે કાઉસ્સગ્ગ થયા છે.

**પ્રશ્ન ૧૦૨૧**–રાયપસેણીમાં સૂર્યાભદેવ જેમ મૂર્તિની પૂજા કરે છે તેમ ધ્વજ પ્રહરણ વિ૦ની પૂજા કરે છે, જો તેનો એ આચાર હોવાથી પૂજે છે, તો તેને નિર્જરા કેમ કહી શકાય? અને પ્રહરણવિ૦ની પૂજાથી નિર્જરા કહેવી કે બંધ?

**સમાધાન**–સૂર્યાભદેવે પ્રહરણાદિકની કરેલી પૂજા સામાન્ય આદર અને શોભારૂપ છે, અને તે નિર્જરા માટે ન હોવાથી પ્રણામઆદિક્રિયા તેમાં કરી નથી.

**પ્રશ્ન ૧૦૨૨**–તામલી તાપસ મિથ્યાદૃષ્ટિ છતાં કાળ કરીને ઈંદ્ર થયા છે અને ઈંદ્ર બધા સમ્યગ્દૃષ્ટિજ હોય છે તો તેને સમકિત ક્યારે ફરસ્યું છે?

**સમાધાન**–તામલી તાપસ મિથ્યાત્વી છતાં ઈશાનેંદ્રપણે ઉપજ્યો, પણ પર્યાપ્તો થયો ત્યાં સમ્યક્ત્વ થયું, એમ નવપદવૃત્તિકાર કહે છે.

**પ્રશ્ન ૧૦૨૩**–જ્ઞાતામાં શૈલકમુનિ તથા કંડરીકમુનિ સાધુપણામાં હોવા છતાં બીમાર અવસ્થામાં દારૂપાન કરે છે તો તેને સાધુ કહી શકાય? અથવા અપવાદે પી શકતા હશે ખરા?

**સમાધાન**–શૈલકાદિને તેવી અવસ્થામાં માર્ગગામી ન ગણતાં યથાચ્છંદાચારવાળા ગણ્યા છે, એટલે તેના આચારને અપવાદમાર્ગ તરીકે લાવવાનો રહેતો નથી.

**પ્રશ્ન ૧૦૨૪**–ચક્રવર્ત્તી સ્ત્રીરત્ન સિવાય બીજી સ્ત્રીઓને ભોગવવામાં વૈક્રિયશરીર કરે છે તો યુદ્ધમાં વૈક્રિયશરીર કરે કે કેમ? અને વૈક્રિયશરીરદ્વારા બીજી સ્ત્રીઓને ભોગવે તો તે વીર્ય કઈ જાતનું હોય?

**સમાધાન**–ચક્રવર્તિયો જે ભોગમાટે વૈક્રિય કરે છે તે વૈક્રિયદ્વારાએ ઔદારિકવીર્યપુદ્ગલોનો સંક્રમ હોય છે તેથી ગર્ભ રહી શકે. યુદ્ધમાં વૈક્રિય કરી શકે તો પણ અડચણ નહિ.

**પ્રશ્ન ૧૦૨૫**–નંદીસૂત્રના કર્ત્તા દેવવાચકગણી કેટલા પૂર્વના જ્ઞાનવાળા હતા અને ક્યારે થયા?

**સમાધાન**–શ્રીદેવવાચકગણિજી ભગવાન્ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણની પહેલાં થયા અને પૂર્વધર હતા.

**પ્રશ્ન ૧૦૨૬**–વિષ્ણુકુમારે વૈક્રિયશરીર કર્યું ત્યારે મૂળશરીરને ક્યાં રાખ્યું અને મેરૂ ઉપરથી આવ્યા તે વૈક્રિયશક્તિથી કે આકાશગામિની વિદ્યાથી?

**સમાધાન**–શ્રીવિષ્ણુકુમારે વૈક્રિય વખતે ઔદારિક શરીર ઉપાશ્રય વિગેરેમાં રાખ્યું હોય, અને તેઓ અંગદેશના મંદરાચલથી આવ્યા છે. અને આકાશગામિની વિદ્યાથી આવ્યા છે.

**પ્રશ્ન ૧૦૨૭**–નવકારમંત્ર અનાદિકાલથી આટલા જ અને આજ વર્ણવાળો હોવાથી એને અપૌરૂષેયવચન કેમ ન કહી શકાય?

**સમાધાન**–અનાદિથી આરાધકો હોય છે ને તેથી નવકારઅનાદિનો છે છતાં અપૌરૂષેય નથી.

**પ્રશ્ન ૧૦૨૮**–ચંદનબાળાએ ૧૧ અંગનો અભ્યાસ કોની પાસે કર્યો? તેમને ગુરૂણી તો હતાં નહિ. તેવી જ રીતે બ્રાહ્મીવિ૦ પ્રથમ સાધ્વીને પણ કેમ?

**સમાધાન**–શ્રીચંદનબાલાઆદિ ભગવાન્ ગણધરમહારાજા પાસે ભણી શકે.

**પ્રશ્ન ૧૦૨૯**–પૂર્વકાળમાં સાધ્વીઓને ૧૧ અંગ ભણવાનો અધિકાર હતો અને હાલ આચારાંગ સિવાય બીજાનો અધિકાર નથી તેનું કારણ શું? અને તે રિવાજ કોના વખતથી બદલાયો?

**સમાધાન**–આચાર્યશ્રીઆર્યરક્ષિત પછી આર્યાઓને આચાર-કલ્પઆદિ છેદસૂત્રના અધ્યયનની શ્રીધર્મરત્નવૃત્તિ અને આવ૦ ચૂર્ણિ-આદિના અક્ષરથી મનાઈ જણાય છે.

**પ્રશ્ન ૧૦૩૦**–અનંતપરમાણુનિષ્પન્ન એવા પુદ્‌ગલસ્કંધમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાન ઓછામાં ઓછા કેટલાં હોય અને વધુમાં વધુ કેટલાં હોય? એક પરમાણુમાં તો બેજ સ્પર્શ હોય છે તે આખા સ્કંધમાં વધુ ક્યાંથી આવી શકે?

**સમાધાન**–લઘુ ગુરુ કર્કશ અને મૃદુસ્પર્શો સ્કંધના સ્વભાવરૂપ હોવાથી સ્કંધ હોય ત્યારે થાય, પરમાણુમાં એકેક રૂપ, ગંધ, રસ હોય અને બે સ્પર્શો હોય છે.

**પ્રશ્ન ૧૦૩૧**–દરેક સૂત્રના કર્તા ૧૦ પૂર્વધરોજ હોય છે તો પછી પીસ્તાલીસને આગમ તરીકે ગણવામાં કેમ આવે છે? અને બાકીનાને સૂત્ર શા માટે?

**સમાધાન**–છેદસૂત્રના કર્તા દશપૂર્વધરજ હોય એવો લેખ જણાયો નથી, વર્તમાનમાં યોગની ક્રિયાવાળા આગમો અને તે સિવાયનાં સૂત્રો કહેવાય છે. (અંગવિજ્જા વગેરે પયન્ના સામાન્ય છે.)

**પ્રશ્ન ૧૦૩૨**–ચારે નિકાય પૈકીના કયા દેવો પોતાના મૂળશરીરે પોતાના સ્થાનમાંથી બહાર જતા હશે?

**સમાધાન**–મૂળશરીરે કોઈ પણ દેવ દેવલોકમાંથી બહાર જાય નહિ.

**પ્રશ્ન ૧૦૩૩**–દેવોને મનોભક્ષણ આહાર હોય છે તો તેને ત્રણ આહાર પૈકીનો સમજવો ? કે તેથી જુદો ?

**સમાધાન**–ઓજઆહારઆદિ ત્રણ વિભાગો ઔદારિકની અપેક્ષાએ ગણાય. મનોભક્ષિનો આહાર લોમાહાર ગણાય.

**પ્રશ્ન ૧૦૩૪**–ગર્ભજ જીવ માતાના રૂધિર અને પિતાના વીર્યમાં ઉત્પન્ન થાય છે, તો જીવ ગર્ભમાં આવતાની સાથે રૂધિર અને વીર્યનો આહાર કરે કે બીજી કોઇ વસ્તુનો ?

**સમાધાન**–ગર્ભજપચેંદ્રિય પ્રથમ ઓજઆહાર લે અને તે શુક્રરૂધિરનો હોય.

**પ્રશ્ન ૧૦૩૫**–નવકારમાં નમો લોએ સવ્વઆયરિયાણં એમ કેમ નહિ ? ફક્ત સવ્વસાહૂણં કેમ ?

**સમાધાન**–આચાર્ય અભયદેવસૂરિજી અરિહંતાદિ ચાર પદોમાં પણ સર્વપદો જોડવાનું કહે છે. જિનકલ્પ યથાચ્છંદઆદિ ભેદો સાધુમાં હોવાથી સર્વપદની જરૂર પણ ગણી છે. આચાર્ય ઉપાધ્યાય સ્થવિરકલ્પમાં જ હોય.

**પ્રશ્ન ૧૦૩૬**–ચરમતીર્થંકરની ૧૬ પહોરની દેશનામાં રાત્રે સાધ્વીઓ અને સ્ત્રીઓ બેઠી હશે કે નહિ ? અને બેઠી હોય તો તેમનો શું તે આચાર છે ?

**સમાધાન**–દેવતાઓની હાજરીઆદિથી સતત દિવસ જેવું હોવાથી સોલ પહોરની દેશનામાં શ્રીચતુર્વિધસંઘ હોય.

**પ્રશ્ન ૧૦૩૭**– કાલિકસૂત્ર અને ઉત્કાલિકસૂત્ર એટલે શું ?

**સમાધાન**–રાતદિવસના પ્રથમ અને ચરમ પહોરે ભણાય તે કાલિકસૂત્ર, અને કાલવેલા છોડી સર્વ વખત ભણાય તે ઉત્કાલિકસૂત્ર ગણાય,

**પ્રશ્ન ૧૦૩૮**–પ્રવચનસારોદ્ધારટીકા તથા કર્મગ્રંથટીકામાં શ્રુતવિભાગમાં પદનું પ્રમાણ જાણવામાં નથી તેમ લખે છે, તો તે વિષે આપ જાણતા હો તો લખશો ?

**સમાધાન**–આચાર્યમહારાજશ્રીદેવેન્દ્રસૂરિજી શ્રીશ્રાદ્ધદિનકૃત્યની ટીકામાં અર્થાધિકારવાળું પદ લેવા જણાવે છે.

**પ્રશ્ન ૧૦૩૯**–મહાવિદેહમાં અહીની પેઠે વર્ણ વ્યવસ્થા ખરી કે નહિ ? કથાનુયોગમાં-ક્ષત્રિયોનાં ઉદાહરણો આવે છે, તે હિસાબે બીજી કોમો પણ અનાદિકાળથી હોવાનો સંભવ ખરો કે નહિ ? અને હોય તો આ યુગમાં ભરત રાજાના વખતમાં બ્રાહ્મણોની ઉત્પત્તિ થઈ એમ તો રહ્યું જ નહિ ?

**સમાધાન**–યુગલીયાના વખતમાં વર્ણ વિભાગ ન હોય. અસિ-આદિથી પ્રવૃત્તિ થાય ત્યારે તે હોય છે,

**પ્રશ્ન ૧૦૪૦**–મહાવિદેહમાં પણ અહીંની પેઠે ષડ્દર્શન ખરાં કે નહિ ? અથવા ઓછાં વત્તાં ? અને હોય તો કયાં સુધી રહેવાનાં ?

**સમાધાન**–મહાવિદેહમાં પણ જુદાં જુદાં મિથ્યાત્વિદર્શનોનો અસંભવ નથી.

**પ્રશ્ન ૧૦૪૧**–જેમ ૧૪–૧૦ પૂર્વધરો સંભળાય છે તેમ ૧૧–૧૨–૧૩ પૂર્વધરો કોઈ કાળમાં હોય ખરા કે નહિ ?

**સમાધાન**–અહીં શ્રીસ્થૂલભદ્રજીનું નિર્વાણ થતાં અગીયારઆદિ પૂર્વોનો સાથે જ વિચ્છેદ થયો છે. પણ બધે ક્ષેત્રે અને બધે કાલે તેમ નથી.

**પ્રશ્ન ૧૦૪૨**–પહેલા પૂર્વ કરતાં બીજાં પૂર્વો અને અનુક્રમે બમણાં લખે છે, અને પદની સંખ્યા તો ઓછી વત્તી લખે છે, તો બમણાં બમણાં કેમ સમજવાં ?

**સમાધાન**-સ્યાદ્યન્ત કે અર્થાધિકારવાળાં પદોમાં અક્ષરનું સરખાપણું ન હોવાથી માન એવડું છતાં એવડાં પદોની સંખ્યા હોવાની જરૂર નથી.

**પ્રશ્ન ૧૦૪૩**-શાસ્ત્રકારો સમ્યક્ત્વના પ્રશમઆદિલક્ષણોમાં શમલક્ષણનું વર્ણન કરતાં જણાવે છે કે-' अवरद्धेऽवि न कुप्पइ० ' ઇત્યાદિ, તથા 'અપરાધિ શું રે પણ નવિ ચિત્તથી, ચિંતવિયે પ્રતિકૂળ' વિગેરે તો ચોથા ગુણઠાણે રહેલા અવિરતસમ્યગ્દષ્ટિને પણ હોય છે અને તેઓને અનર્થદંડની હિંસાનો પણ ત્યાગ હોતો નથી તો પછી અર્થદંડરૂપ એવી સાપરાધની હિંસાનો ત્યાગ કે રોધ તો હોય જ ક્યાંથી? અને અણુવ્રતોને ધારણ કરનાર દેશવિરતિવાળો જે પાંચમે ગુણઠાણે હોય છે તેને પણ નિરપરાધ ત્રસજીવની હિંસાનો ત્યાગ છે. અર્થાત્ સાપરાધની હિંસાનો ત્યાગ કે રોધ પાંચમે ગુણઠાણે પણ હોતો નથી. વળી છઠ્ઠે ગુણઠાણે રહેલા પ્રમત્તસંયતો જો કે ત્રસ અને સ્થાવર બન્ને પ્રકારના જીવોની હિંસાથી સર્વથા વિરમેલા છે, પરંતુ કષાયના ઉદયાળા હોવાથી અપરાધી જીવો પર સર્વથા ક્રોધરહિતપણું તો તેઓને પણ હોવાનો સંભવ નથી, તો શું એ ત્રણે ગુણઠાણા સમ્યક્ત્વના લિંગ વગરનાં માનવા કે સમ્યક્ત્વ વિનાનાં માનવાં?

**સમાધાન**-દર્શનીયમોહનીયના ક્ષયોપશમઆદિથી થયેલ તત્ત્વની અપ્રતીતિ અને અનંતાનુબંધિના ક્ષયોપશમાદિથી થયેલ અતત્ત્વની પ્રતીતિના નાશથી સમ્યગદર્શનવાળો જીવ પરમપદનેજ સાધ્ય અને પ્રાર્થ્ય ગણનારો હોય, અને તે એટલે સુધી મોક્ષમાર્ગની આરાધનાની ઉત્તમતા ગણનારો હોય કે સ્વાય જેવા અપરાધીને પણ પ્રાપ્ત થતી મોક્ષમાર્ગની આરાધનામાં અંશ માત્ર પણ પ્રતિકૂલતા વિચારે નહિ, તેમ કરે પણ નહિ. આ હકીકત આચાર્યદેવેન્દ્રસૂરિજીએ શ્રીશ્રાદ્ધદિનકૃત્યની વૃત્તિમાં સ્પષ્ટ કરી છે-

'मोक्षलाभहेतुभिस्तान् सर्वान् स्वशक्त्या लम्भयामि, न च

**तद्विघ्नकर्तारमपि विघाते वर्त्तेऽहमिति'** અર્થાત્ મોક્ષની પ્રાપ્તિમાં જે સમ્યગ્દર્શનાદિ કારણો છે તેની બધા જીવોને મ્હારી શક્તિએ પ્રાપ્તિ કરાવું અને મ્હને મોક્ષનાં સાધનોમાં વિઘ્ન કરનાર જીવોને પણ મોક્ષમાર્ગની પ્રાપ્તિ કે આરાધનાના વિઘ્નમાં હું વર્તું નહિ. આ વાત ધ્યાનમાં આવશે ત્યારેજ કૌશાંબીના ઘેરામાં રહેલી અને ચંડપ્રદ્યોતનને ઠગવાવાળી એવી મૃગાવતીને ચંડપ્રદ્યોતને ભગવાન્ મહાવીરમહારાજાના સમવસરણમાં જતાં કે ભગવાનની દેશના સાંભળતા કેમ પકડી કે રોકી નહિં ? તેનો ખુલાસો થશે અને એનો પણ ખુલાસો થઈજ જશે કે ચક્રવર્તી ભરતમહારાજાઆદિએ પોતાના પરિવારને સંસારનો ત્યાગ કરી દીક્ષાગ્રહણમાં કેમ રોક્યો નહિ ? આ ઉપરથી એક વાત તો સ્પષ્ટ થઈજ જશે કે સમ્યગ્દર્શનને ધારણ કરનાર પુરૂષ સ્વજનને તો શું ? પરંતુ શત્રુ તરીકે ગણાયેલાને પણ મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં તો મદદ કરનારજ થાય. દીક્ષા અંગીકાર કરનાર શત્રુ થયો હોય તો પણ સ્તુતિપાત્રજ છે. એમ સમ્યગ્દર્શનવાળો માને અને તેથીજ બાર વર્ષ સુધી લડાઈ કરનાર શ્રીબાહુબલિજીની ભરતમહારાજે દીક્ષા થવાની સાથે સ્તુતિ કરી છે, વળી "विवायं कलहं चेव" અને "जो किर पहणइ" એ શ્રીશ્રાદ્ધદિનકૃત્યની ગાથાઓને અનુસારે અપરાધી એવા દર્શનમાત્રધારી શ્રાવકમાં પણ પ્રતિકૂલ વિચારવાનું સમ્યક્ત્વ દૂષિતજ થાય એમ સમજી અપરાધી એવા પણ શ્રીસંઘથી પ્રતિકૂલ નજ વિચારવું અને નજ કરવું એમ માનવું પ્રતિકૂલ નથી અને તેથીજ મહારાજા ઉદાયને દાસીને ચોરી જનાર અને જીવતસ્વામીજીની પ્રતિમાને ઉઠાવી જનાર પ્રચંડદ્યોતનને શ્રાવકપણું છે એમ જાણવાથી માલવાની ગાદી પાછી આપી. એટલુંજ નહિ પણ કપાલનો ડામ ઢાંકવા માટે રાજાપણા સાથે સુવર્ણપટ્ટ જે શરૂ કરાવ્યો તે વ્યાજબીજ ઠરશે.

**પ્રશ્ન ૧૦૪૪**–ભગવાન્ શ્રીઅજીતનાથજી અને શ્રીશાન્તિનાથજીએ સિદ્ધાચલજી ઉપર ચોમાસાં કર્યાં ત્યારે સાધુ–સાધ્વીઓ ગિરિરાજ ઉપર

જતા આવતા કે નહિ ? અને જો ચોમાસામાં તે વખતે સાધુ–સાધ્વીઓનું ચઢવું ઉતરવું થતું હોય તો વર્તમાનકાલમાં કેમ યાત્રાનો ચોમાસામાં નિષેધ કરાય છે ?

**સમાધાન–इतश्च स्वामी वर्षासमयं समागतं विज्ञाय तत्रैव शृङ्गे सपरिच्छदश्चतुर्मासीं तस्थौ । तत्र स्वामिनो निवासार्थं देवाः प्रोत्तुङ्गं मंडपं चक्रुः । साधवस्तु तपोध्यानपरायणाः केचित् कन्दरासु केऽपि सर्पबिलस्याग्रे केचिज्जीर्णप्रपादेवकुलादिषु यथालब्धस्थानेषु तस्थुः ॥**

શ્રીશત્રુંજયમાહાત્મ્યમાં શ્રીઅજીતનાથજી ભગવાન્ અને તેમના સાધુઓના ચોમાસા માટે જણાવેલ સ્પષ્ટ પાઠ કે ભગવાન્ અને સાધુઓની એકત્ર સ્થિતિ જણાવે છે તે દેખનાર અને માનનાર તો ચોમાસામાં યાત્રા કરવા માટે ગિરિરાજ ઉપર સાધુઓનું ચઢવું ઉતરવું માનેજ નહિ. વળી "ततो वर्षाकाले गतेऽन्यत्र विहरति स्म ।" શ્રીશાન્તિનાથજી મહારાજે પણ મુખ્ય શ્રૃંગમાં નહિ પણ મરૂદેવાશ્રૃંગમાં ચોમાસુ કરેલ છે, તેમાં પણ ચોમાસામાં ગિરિરાજ ઉપર ચઢવા ઉતરવાનું નથી, એટલે તે આલંબન પણ લેવાય તેમ નથી છતાં જેઓ શાસ્ત્ર અને આચાર બંનેની દરકાર ન કરતાં મનસ્વીપણે બોલે, છાપે અને વર્તે તેઓની ગતિ અને સ્થિતિ જ્ઞાનિમહારાજજ જાણે

**પ્રશ્ન ૧૦૪૫**–દેવતાઓ ત્રીજી નરક સુધી જઈ શકે છે, તો ત્યાં નરકમાં ગયેલા સૌધર્માદિ વૈમાનિક દેવતાને અવધિજ્ઞાન ક્ષેત્રથી અધોલોકમાં વધે અને ઉર્ધ્વલોકમાં વિમાનની ધ્વજાથી ઓછું થાય કે કેમ ?

**સમાધાન**–દેવતાઓ મૂળશરીરે તો પોતાના સ્થાનમાંજ હોય છે, માટે જે જે દેવતાને જ્યાં જ્યાં બીજે ક્ષેત્ર જવાનું થાય ત્યાં પણ તે મૂળશરીરની અપેક્ષાએજ ક્ષેત્રની મર્યાદા ગણવાથી કાંઈપણ ક્ષેત્રની વૃદ્ધિ કે હાનિ માનવાની જરૂર રહેતી નથી.

**પ્રશ્ન ૧૦૪૬**–જે જે દેવતાઓ ભવનપતિ વિગેરે પોતાના અવધિ-ક્ષેત્રની બહાર જાય ત્યારે બહાર ગયેલા પ્રદેશોમાં શું અવધિજ્ઞાનાવર-ણીયનો ઉદય થાય છે એમ માનવું ?

**સમાધાન**–પોતપોતાના સ્થાનથી અને અવધિક્ષેત્રથી બહાર ગયેલા દેવતાઓના આત્માના તે બહાર ગયેલા પ્રદેશોમાં પણ અવધિજ્ઞાના-વરણીયનો ક્ષયોપશમ છે પણ અવધિજ્ઞાનાવરણીયનો ઉદય નથી. સમગ્ર આત્મપ્રદેશોથી એક ઉપયોગ થતો હોવાને લીધે જે જે દેવતાને જેટલું જેટલું અવધિજ્ઞાન હોય છે તે તે દેવતાઓના અવધિક્ષેત્રથી બહાર ગયેલા પ્રદેશો પણ તેટલાજ અવધિજ્ઞાનવાળા હોય છે. એટલે તે પ્રદેશોને અવધિજ્ઞાનનું આવરણ થયેલું માનવાનું રહેતું નથી. અડધા અજવાળા અને અડધા અંધારામાં રહેલ દેવદત્ત જેમ દીપકના પ્રકાશગત પદાર્થોમાં દેખવામાં સર્વ આત્મપ્રદેશોથી ઉપયોગવાળો છે, તેમ દેવતા પોતાના સ્થાને અગર બીજે સ્થાને અવધિથી પદાર્થને જાણવામાં ઉપયોગવાળાજ છે.

**પ્રશ્ન ૧૦૪૭**–દેવતા જ્યારે પોતાને સ્થાને હોય કે ઉત્તરવૈક્રિય કરી ઉત્તરવૈક્રિયથી અન્યત્ર સ્થાને ગયેલ હોય ત્યારે પોતાનું નિયમિત જે અવધિક્ષેત્ર તેજ જાણે તો બ્રહ્મદેવલોકથી માંડીને અચ્યુતસુધીના દેવો કદાચ ત્રીજી નરક વિગેરેના અવધિજ્ઞાનવાળા હોવાથી ત્યાંના મિત્ર કે શત્રુ નારકની સાતા, અસાતા કરવા જાય, પરંતુ બીજાઓને તે ક્ષેત્રનું અવધિ ન હોવાથી શી રીતે જાય ?

**સમાધાન**–ભવનપતિ વિગેરે દેવતાઓ ભવપ્રત્યયિક વૈર કે મિત્રતાને લીધે ત્યાં જાય, અને જગતમાં જેમ પૂર્વભવમાં વૈર અને સ્નેહ યાદ આવ્યા વિના પણ પૂર્વભવના તે તે વૈર અને સ્નેહના સંબંધવાળાં કાર્યોમાં તે તે વૈર અને સ્નેહને અનુસારેજ પ્રવૃત્તિ થાય છે, તેમ ત્યાં પણ તેવી પ્રવૃત્તિ થાય તેમાં આશ્ચર્ય નથી. રાજાઓ વિગેરે તેવા જ્ઞાન વિના પણ જંગલ વિગેરેમાં જાય છે અને ત્યાં તેવા તેવા કર્મોદયવાળા પ્રાણિ-યોનો નાશ પણ કરે છે અને કેટલાકને પાળવા માટે પણ લાવે છે.

**પ્રશ્ન ૧૦૪૮**–અસુરકુમારના ભવનપતિઓમાં જે પરમાધામિયો છે તેઓને જેમ વિશિષ્ટ અવધિજ્ઞાન હોતું નથી તેમ પોતાના પણ પહેલા ભવનું વિશિષ્ટજ્ઞાન હોતું નથી, તો પછી નારકિયોને વેદના કરતી વખત નારકિયોના પહેલાના ભવનાં કાર્યો શી રીતે યાદ કરાવે છે?

**સમાધાન**–નારકિયોને પીડા કરતી વખત જે પરમાધામિયો તે નારકિયોના પહેલા ભવની કરણીનાં વાક્યો કહે છે તે અવધિ કે વિભંગજ્ઞાનથી તે નારકિયોનાં કૃત્યો જાણીને કહે છે એમ નથી પરંતુ અહીં સ્મરણા કરવાતાં વાક્યો કયા જ્ઞાનથી પરમાધામી જાણે છે તેનો ખુલાસો થવો યોગ્ય છે જેમ અભવ્ય એવા પણ અંગારમર્દકાદિ સાધુઓને મોક્ષાદિતત્ત્વોની દેશના કરવાની શ્રદ્ધા નથી હોતી છતાં કલ્પ રહે છે તેમ તે મિથ્યાદષ્ટિ પરધામિયોનો પણ તેવી તેવી વેદના કરવી અને તેવાં તેવાં વચનો બોલવાં તેવો રિવાજજ છે.

**પ્રશ્ન ૧૦૪૯**–પરમધામિયોમાંનો એકેક દેવતા પણ પંદરે પરમાધામિયોનાં કાર્યો કરવા સમર્થ છે તો પછી પંદર પરમાધામિયો અને તે પણ અમુક નિયમિત કાર્યથી વેદના કરનાર માનવાની જરૂર શી?

**સમાધાન**–જો કે દરેક પરમાધામી દરેક પરમાધામિનું કાર્ય કરવા સમર્થ છે, છતાં પોતપોતાના રિવાજથી તે પંદરે પરમાધામિયો જુદી જુદી પીડા કરે છે. અને તેથી જુદી જુદી પીડા વખતે જુદા જુદા પરમાધામિયો જુદાં જુદાં વાક્યો બોલે છે, અને તે વાક્યો બોલવાનો કલ્પ પણ અવધિ કે બીજાના જાતિસ્મરણનો અભાવ છતાં પણ તેથી સાર્થક થાય છે.

**પ્રશ્ન ૧૦૫૦**–પરમાધામી નારકોને જે પૂર્વભવનાં કૃત્યો સંભળાવે તે વાક્યોને નારકી સાચાં માને કે જુઠાં માને? અને સાચાં માને તો નારકોને પોતે તે તે કાર્યો કર્યાની પ્રતીતિ શાથી થાય?

**સમાધાન**–પરમાધામિયો નારકોને પોતાના તેવા તેવા રિવાજથી તેવી તેવી વેદના કરે અને જ્યારે નારકીના જીવો અત્યંત વિલાપ કરી

અને કરગરે, ત્યારે તે પરમાધામિયો પોતાના કલ્પથી તેવાં તેવાં પૂર્વ-ભવનાં કૃત્યો તે તે નારકીનાં સંભારનારાં વાક્યો કહે અને ત્યારે તે નારકિયોને ભવપ્રત્યયિક જાતિસ્મરણથી તે તે પોતાનાં કાર્યો યાદ આવે અને તેથી પરમાધામિના વાક્યોને જુઠ્ઠાં ન માની શકે.

**પ્રશ્ન ૧૦૫૧**–દેવતાઓને આત્મા અને જ્ઞેયક્ષેત્રથી સંબદ્ધ એવું અવધિજ્ઞાન હોય કે એકેકયમાં અસંબદ્ધ એવું અવધિજ્ઞાન હોય ?

**સમાધાન**–દેવતાઓનું મૂળશરીર તો અવધિના ક્ષેત્રની અંદરજ હોય છે માટે દેવતાઓનું અવધિ મુખ્યતાએ તો આત્મા અને જ્ઞેયક્ષેત્ર એ ઉભયથી સંબદ્ધજ હોય. પણ દેવતા ઉત્તરવૈક્રિયથી જ્ઞેયક્ષેત્રની બહાર જાય ત્યારે તેના તેના તે તે પ્રદેશોની અપેક્ષાએ આત્માથી અસંબદ્ધ એવા અવધિનો નિષેધ કરાય નહિ, જો કે મુખ્યતાએ સંખ્ય અસંખ્ય યોજનવાળા અને સંખ્ય અસંખ્ય આતરાવાળા અવધિજ્ઞાનના અધિકારી તો મનુષ્ય-તિર્યંચો હોય છે. મનુષ્યતિર્યંચોનો આત્મા સામાન્યે એકત્ર હોય છે.

**પ્રશ્ન ૧૦૫૨**– ભગવાન્ જિનેશ્વરમહારાજાઓ જે સ્વયંસંબુદ્ધ થઈ પ્રવ્રજ્યા માટે તૈયાર થાય છે તેમાં સ્વયંસંબુદ્ધપણું તેમના અપ્રતિપાતિ એવા અવધિજ્ઞાનથી હોય છે કે બીજા કોઈ હેતુથી હોય છે ?

**સમાધાન**–ભગવાન્ તીર્થંકરમહારાજનું સ્વયંસંબુદ્ધપણું તેઓશ્રીના અવધિજ્ઞાનથી નથી હોતુ. જો અવધિજ્ઞાનથી સ્વયંસંબુદ્ધપણું થાય તો સર્વ સમ્યગ્દૃષ્ટિ દેવતા અવધિજ્ઞાનવાળા હોવાથી બધા સ્વયંસંબુદ્ધ થઇ જાય વળી ભગવાનને અવધિ પહેલેથી છે માટે પહેલેથીજ સ્વયંસંબુદ્ધપણું થઈ જાય ભગવાન્ જિનેશ્વરમહારાજ સિવાયના પણ ઘણા જીવો પૂર્વ-ભવથી લાવેલા અવધિજ્ઞાનવાળા હોય છે તો તે બધા સ્વયંસંબુદ્ધ થઇ જાય પરંતુ તેમ નથી. કિંતુ ભગવાન્ જિનેશ્વરોએ પૂર્વભવોમાં જે જગતના ઉદ્ધાર માટે સુચરિતો કર્યાં હતાં તેના અભ્યાસને લીધે ભગવાન્ જિનેશ્વરોનું સ્વયંસંબુદ્ધપણું હોય છે અને એમ ભગવાન્ હરિભદ્રસૂરિજી

પણ તત્ત્વાર્થવૃત્તિમાં ફરમાવે છે આજ કારણથી શ્રીકલ્પસૂત્રકાર પણ 'पुव्विंपि णं' ઇત્યાદિ સૂત્ર કહી માત્ર અવધિજ્ઞાનાદિની સત્તા માત્ર જણાવે છે, તથા અવધિજ્ઞાનથી દીક્ષાનો સમય જાણવાની વાત જણાવે છે.

**પ્રશ્ન ૧૦૫૩**–ભગવાન્ જિનેશ્વર મહારાજાઓ જ્યારે દીક્ષા ગ્રહણ કરવાના વિચારવાળા થાય છે ત્યારે લોકાંતિકો 'धम्मतित्थं पवत्तेहि' અર્થાત્ "ધર્મતીર્થને પ્રવર્તાવો" એમ કેમ કહે છે?

**સમાધાન**–ભગવાન્ જિનેશ્વરોનો ઉદ્દેશ જગતના ઉદ્ધાર માટે દ્વાદશાંગીના પ્રણયનનો હોય છે, તે પ્રણયન ગણધરોના પ્રતિબોધથી થાય તે પ્રતિબોધ પણ કેવલજ્ઞાન પછી થાય, અને કેવલજ્ઞાનની ઉત્પત્તિ દીક્ષાથી થાય માટે દીક્ષા લેવી એવા વિચારથી જિનેશ્વરો દીક્ષા લે છે અને તેથી તે લોકાંતિક દેવો તેમ કહે છે.

**પ્રશ્ન ૧૦૫૪**–અંગપ્રવિષ્ટ અને અનંગપ્રવિષ્ટ એ બે પ્રકારના સૂત્રોમાં ગણધરમહારાજાઓએ ભગવાન્ જિનેશ્વરમહારાજે નિરૂપણ કરેલ ત્રિપદીને અનુસરીને રચેલ સૂત્રોને અંગપ્રવિષ્ટ અને બાકીના ગણધરોએ કે બીજાએ રચેલા સૂત્રોને અનંગપ્રવિષ્ટ કહેવાય છે. અર્થાત્ અનંગ-પ્રવિષ્ટ કરતાં પ્રધાનપણું અંગપ્રવિષ્ટનું છે અને ઉત્પત્તિ પણ પ્રથમ અંગપ્રવિષ્ટની છે. અનેક શાસ્ત્રકારો પણ અંગાનંપ્રવિષ્ટ શ્રુત કે અંગપ્રવિષ્ટ અનંગપ્રવિષ્ટ શ્રુત એમ ક્રમે નિર્દેશ કરે છે. પરંતુ તત્ત્વાર્થ-સૂત્રકારે 'श्रुतं मतिपूर्वं द्वयनेकद्वादशभेदं' એમ જણાવીને તેમજ ભાષ્યમાં પણ તેઓએ જ 'द्विविधमनेकविधं द्वादशविधं' એમ જણાવી અનંગપ્રવિષ્ટને મુખ્ય જણાવી પૂર્વનિપાત કેમ કરેલો છે?

**સમાધાન**–જો કે અનેક શાસ્ત્રકારોએ અને શ્રીતત્ત્વાર્થભાષ્યકારે પણ ઉત્પત્તિની અપેક્ષાએ પ્રથમજ અંગપ્રવિષ્ટ ભેદ તેવા વિવરણમાં જણાવ્યો છે. અને અંગપ્રવિષ્ટ સિવાયનું થયેલું શ્રુતજ અનંગપ્રવિષ્ટ છે. એમ અંગાનંગપ્રવિષ્ટના ભેદની જગોપર સ્પષ્ટપણે જણાવેલ છે. છતાં વસ્તુતાએ વચાર કરીએ તો ગણધરમહારાજાએ પણ પ્રથમ

સામાયિક કે જે અનંગપ્રવિષ્ટ એવા આવશ્યકના પ્રથમ અધ્યયનરૂપ છે તે સામાયિકનો ઉચ્ચાર કરી સાધુપણું લીધા પછી જ ત્રિપદી પામીને અંગપ્રવિષ્ટની રચના કરેલી છે. એટલે ઉત્પત્તિની અપેક્ષાએ બધું અનંગપ્રવિષ્ટશ્રુત અંગપ્રવિષ્ટશ્રુતની પછીજ ઉત્પન્ન થયું છે એમ કહી શકાયજ નહિ. વળી ઉત્પત્તિક્રમની અપેક્ષાએ અંગપ્રવિષ્ટ એવા શ્રુત સમૂહને મુખ્યતા આપીએ છતાં અભ્યાસક્રમની અપેક્ષાએ તો સામાયિકાદિ-રૂપ આવશ્યકાદિનીજ મુખ્યતા પૂર્વકાલે પણ હતી અને વર્તમાનમાં પણ છે. અને આજ કારણથી જ્યાં જ્યાં અગીઆરે અંગના અધ્યયનનો ઉલ્લેખ અંગોમાં આવે છે ત્યાં ત્યાં 'सामाइयमाइयाइं एक्कारसमंगाइं' એવા ઉલ્લેખોજ કરવામાં આવેલા છે, એટલુંજ નહિ પરંતુ આવશ્યકનિર્યુક્તિ-કાર ભગવાન્ ભદ્રબાહુસ્વામી પણ શ્રુતજ્ઞાનના અધિકારમાં 'सामाइयमाइ बिंदुसारपज्जंतं' એમ કહી બધા શ્રુતજ્ઞાનમાં સામાયિક વિગેરે અનંગ-પ્રવિષ્ટનેજ આદિમાં જણાવે છે. વળી શ્રીનંદીસૂત્રમાં તથા અનુયોગ-દ્વારસૂત્રમાં અનંગપ્રવિષ્ટ એવા આવશ્યક, ઉત્કાલિક અને કાલિકસૂત્રો જણાવ્યા પછીજ અંગપ્રવિષ્ટ એવા આચારાંગાદિ જણાવવામાં તથા નિરૂપણ કરવામાં આવેલ છે. તે નંદી અને અનુયોગદ્વાર બંનેમાં પ્રશ્નકારે પણ અનંગપ્રવિષ્ટનો ઉચ્ચાર અંગપ્રવિષ્ટ કરતાં પ્રથમજ કરેલોછે. એટલે સ્પષ્ટ થયું કે અભ્યાસના ક્રમની અપેક્ષાએ અંગપ્રવિષ્ટ કરતાં અનંગપ્રવિષ્ટ પ્રથમ અને પ્રધાન તરીકે લેવાય તે અયોગ્ય નથી.

**પ્રશ્ન ૧૦૫૫**–શ્રીજૈનશાસનનું દર્શન અને અન્યનાં દર્શનોને અંગે 'सव्वप्पवायमूलं' એ ઉપદેશપદની ગાથાનો આધાર રાખીને બોલ-નારાઓ સર્વદર્શનોની ઉત્પત્તિ જૈનદર્શનથી માની જૈનદર્શનને જનક માને છે અને અન્યદર્શનોને જન્ય માને છે. ત્યારે 'उदधाविव सर्वे सिन्धवः समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः' એવા શ્રીસિદ્ધસેનદિવાકરજીના વાક્યને અંગે બોલનારાઓ સર્વદર્શનો રૂપ નદીયો જૈનશાસનરૂપ સમુદ્રાયમાં મળી છે. એમ માની જૈનદર્શનની દષ્ટિ સર્વ શેષદષ્ટિથી થયેલ છે એમ

માને છે, અને તેથી સર્વદષ્ટિયો જનક અને જૈનદર્શન જન્ય થાય છે એમ માને છે, તો શાસનપ્રેમિયોએ કેમ માનવું વ્યાજબી છે ?

**સમાધાન**–ઉત્પત્તિની અપેક્ષાએ સર્વદર્શનાંતરો જૈનદર્શનથી એટલે દ્વાદશાંગીથી પછી થયેલાં છે. ભગવાન્ શ્રીઋષભદેવજી પહેલાં કોઇ પણ દર્શનાંતર નહોતું. પરંતુ શ્રીઋષભદેવજીએ તીર્થપ્રવર્તનમાટે લીધેલ દીક્ષા પછીજ બધાં દર્શનાંતરો થયાં છે. એટલું જ નહિ. પરંતુ ભગવાન્ ઋષભદેવજીના ત્યાગને અનુસરીને જ થયાં છે. વળી પ્રવૃત્તિની માફક પ્રરૂપણા પણ ભગવાન્ ઋષભદેવજીની ધર્મપ્રરૂપણા પછીજ છે. પુરાણકારો વિષ્ણુનાં અવતારોમાં પણ શ્રીઋષભદેવજીનોજ મનુષ્ય અવતાર તરીકે પહેલો અવતાર માને છે. વળી આત્મા મોક્ષઆદિ અતીન્દ્રિયપદાર્થો અતીન્દ્રિજ્ઞાનીયો સિવાય બીજો જાણી શકે નહિ અને તે ન જાણવાથી તે આત્માદિની આદ્યપ્રરૂપણા અતીન્દ્રિયજ્ઞાનિ સિવાયથી સ્વયં થઈ શકે જ નહિ, માટે અતીન્દ્રિય એવા આત્માદિની પહેલી પ્રરૂપણા શ્રીઋષભદેવજી કેવલજ્ઞાની ભગવાને જ કરી, નકલ કરી આ વાત તો સમજવી સહેલીજ છે કે નકલીનો પ્રાદુર્ભાવ અસલી પછીજ હોય છે વળી એ પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે દરેક દર્શનકારો ભવાંતરનાં સુખો અને મોક્ષને માટે ધર્મ કરવાનો જણાવેલો હોવાથી ધર્મને સાક્ષાત્ જાણવા સાથે તે ધર્મમાં રહેલી સુખઆદિ દેવાની શક્તિને જાણનારાજ પ્રથમ ધર્મ અને ફળને જણાવનાર બને અને તેવું જ્ઞાન વીતરાગપરમાત્માએજ મેળવેલું છે. માટે ધર્મ અને પરલોકાદિકનું નિરૂપણ કરનાર આદિપુરૂષ જો કોઈ પણ હોય તો તે માત્ર જિનેશ્વરોજ છે. અને અન્યદર્શનકારો તો માત્ર તેનું અનુકરણ કરનારાજ છે. તેવીજ રીતે પાપ અને તે પાપના દુષ્ટફળ રૂપે નરકાદિને જાણનાર અને તેની પ્રરૂપણા કરનારમાં પણ જો આદ્ય પુરુષ હોય તો તે માત્ર વીતરાગ સર્વજ્ઞપ્રભુજ છે. એટલે ઉત્પત્તિની અપેક્ષાએ સર્વદર્શનો અને કુધર્મોનું મૂલકારણ શ્રીજિનેશ્વરભગવાનનું

દર્શન અને ધર્મ છે. અને તેથી ભગવાન્ હરિભદ્રસૂરિજી અષ્ટકપ્રકરણમાં પણ 'अन्यथा देशनाऽफलम्। कुधर्मादिनिमित्तत्वात्' એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે. આથી ઉત્પત્તિની અપેક્ષાએ સર્વ પ્રવાદનું મૂલ અને કુધર્મોનું મૂલ દ્વાદશાંગી છે એમ કહેવું વ્યાજબીજ છે. પણ શરીરે થતા મેલને મીટાવવામાં શરીરજ મીટાવવાનું જેમ ગણાય નહીં તેમ અન્યધર્મોને કુધર્મ કહેવાથી દ્વાદશાંગીને કુધર્મ કહ્યો કહેવાય નહીં.

વળી દર્શનકારોના સમૂહમાં પદાર્થના સ્વરૂપોની વ્યાખ્યા સંબંધી ચર્ચામાં એકેક નૈગમાદિનયાભાસોને કહેનારા એવા વૈશેષિકઆદિકના મૂલરૂપ નૈગમાદિ સર્વનયો શ્રીજિનશાસનમાં હોવાથી કુદર્શનોને નદીરૂપ ગણી શ્રીજિનશાસનને સમુદ્રરૂપે ગણવામાં પણ કોઈ પ્રકારની હરકત નથી. શ્રીહરિભદ્રસૂરિજી તત્ત્વાર્થવૃત્તિમાં પણ નયાંતરો રૂપ સર્વ અન્યદર્શનો મણિઆદિ જેવા હોઈ ભગવાનના શાસ રૂપ સૂર્યથી પરાભવ પામી અંતર્ભૂત થયેલ છે એમ સ્પષ્ટપણે જણાવે છે. એ વાત તો ચોક્ખી છે કે મણિઆદિના તેજનો સૂર્યના તેજમાં અન્તર્ભાવ થાય છે, પરંતુ તે મણિઆદિ તેજોથી એક અંશે પણ સૂર્યની પ્રભામાં શુક્લ અને કૃષ્ણપક્ષમાં સૂર્યની પ્રભા સરખી હોવાથી ફરક પડતો નથી. તેમ કુધર્મોની ઉત્પત્તિ થયા પહેલાં કે પછી શ્રીજૈનશાસનમાં કંઈ પણ ફરક પડતો નથી.

**પ્રશ્ન ૧૦૫૬**–શ્રીજૈનશાસનમાં ભાષ્ય તરીકેનો વ્યવહાર શ્રીસંઘદાસગણી પછીજ થયો કે તે પહેલાં પણ તે વ્યવહાર હતો ?

**સમાધાન**–શ્રીતત્ત્વાર્થભાષ્યકાર જિનવચનનું મહોદધિ તરીકે વર્ણન કરતાં 'दुर्गमग्रन्थभाष्यकारस्य' એમ જણાવે છે તેથી ભાષ્ય તરીકેનો વ્યવહાર પહેલાંનો જણાય છે વળી શ્રીઆવશ્યકનિર્યુક્તિમાં 'भासग विभासग' આદિના અધિકારથી પણ તેમ જણાય છે.

**પ્રશ્ન ૧૦૫૭**–આવશ્યકઆદિશાસ્ત્રો ઉપર નિર્યુક્તિ કરનાર

શ્રીભદ્રબાહુસ્વામીજી શ્રુતકેવલી છે પરંતુ છેલ્લા ભદ્રબાહુ નથી એમ શાથી માનવું ?

**સમાધાન**–તે નિર્યુક્તિકાર શ્રુતકેવલી ભદ્રબાહુ ન હોત અને બીજા ભદ્રબાહુ હોત તો ચાણાક્યઆદિનો અધિકાર ન લેતાં પાછલ થયેલ કૌટિલેયઆદિનો અધિકાર લેત. વળી પોષ અને આષાઢ સિવાયના મહિનાઓની અધિકતા જણાવત, સામાયિકનિર્યુક્તિમાં પરંપરા અધિક જણાવત. આવશ્યક મૂલ, ભાષ્યાદિની રચના તેમના કરતાં પહેલાની થવા પામે. વળી શ્રીસિદ્ધસેનદિવાકર અને ભદ્રબાહુજી એકકાલીન થઈ જાય. યાદ રાખવું કે શ્રીસિદ્ધસેનદિવાકરજીએ તો કેટલીક નિર્યુક્તિની ગાથાઓની ઉપર વ્યાખ્યાભૂત ગાથાઓ પણ કરેલી છે. એટલું જરૂર છે કે આવશ્યકમાં નિર્યુક્તિ ગાથા વધારે હોવાથી ભાષ્ય અને મૂલભાષ્યનો પણ નિર્યુક્તિ તરીકે વ્યવહાર થયો છે. અને આચારપ્રકલ્પાદિમાં ભાષ્ય વિસ્તૃત હોવાથી નિર્યુક્તિ ગાથાઓ ભાષ્ય તરીકે વ્યવહૃત થઈ છે. શ્રીસ્કંદિલાચાર્યનો અનુયોગ હોવાથી તથા દેવર્દ્ધિક્ષમાશ્રમણજી સિદ્ધાંતોને પુસ્તકારૂઢ કરનાર હોવાથી શાસન સંબંધી કેટલીક હકીકતો ત્યાં સુધીની સૂત્રોમાં દાખલ થઈ છે. શાખા અને નિહ્નવોનો અધિકાર સ્વકાલ સુધીનો ન જણાવે તો શાખાઓની પ્રામાણિકતા અને ઈતરની અપ્રમાણિકતા વ્યાપ્ત હતી અને માન્ય હતી એમ ન ગણાય, માટે તે તે ઉલ્લેખો સૂત્ર અને નિયુક્તિમાં દાખલ થયા છે. સૂક્ષ્મદષ્ટિવાળા મનુષ્યો પ્રજ્ઞપ્ત અને ભેદના વાક્યોને સારી પેઠે સમજીજ શકે.

**પ્રશ્ન ૧૦૫૮**–વિશેષાવશ્યકઆદિ ભાષ્યો જૈનશાસનમાં કહેવાય છે તે ભાષ્યો વ્યાકરણાદિના ભાષ્યો જેવાંજ હોય છે. કે કાંઈ ભેદ છે ?

**સમાધાન**–વ્યાકરણાદિની અપેક્ષાએ ઉત્તરોત્તર મુનિઓનું પ્રામાણિકપણું માનેલું હોવાથી જ્યારે સૂત્રોનું વિવેચન કરતાં સૂત્ર વ્યાજબી કે ગેરવ્યાજબી છે ? એનો વિચાર પણ તે ભાષ્યકારો તે તે ભાષ્યોમાં કરે ત્યારે જૈનશાસનમાં પૂર્વ પૂર્વ મુનિઓની પ્રામાણિકતા હોવાથી જૈન-

શાસ્ત્રના ભાષ્યકારોને શાસ્ત્રોના વાકયોનું નિરૂપણ કરવાનું રહેવા સાથે તેની પરસ્પર સૂત્રોમાં સંગતિ જણાવવાનું હોય છે. કોઇપણ જૈનશાસ્ત્રના ભાષ્યકાર કોઇપણ સૂત્રને દુરૂક્ત તરીકે કહે નહિ અને કહ્યું પણ નથી એટલે જૈનશાસ્ત્રનાં ભાષ્યો સૂક્ત દુરૂક્તનો વિચાર કરનારાં નથી, પણ ઉક્તાનુક્તનો વિચાર કરનારાં છે.

**પ્રશ્ન ૧૦૫૯**– વિસ્તારને જાણવા માટે જે જીવો અસમર્થ હોય તેને માટે સંગ્રહ એટલે સંક્ષેપથી કથન હોય છે, તો પછી "उप्पन्ने इ वा" આદિ ત્રિપદી, સામાયિકસૂત્ર અને નમસ્કારસૂત્ર એ દ્વાદશાંગી સકલ પ્રવચન અને ચૌદપૂર્વનો સંગ્રહ કેમ કહેવાય ?

**સમાધાન**–જેવી રીતે વિસ્તારથી પદાર્થોનું જ્ઞાન ન કરી શકે તેવા જીવોને પદાર્થોનું જ્ઞાન કરાવવા માટે સંગ્રહ એટલે સંક્ષેપથી કહેવાનું હોય છે, તેવી રીતે ઉદ્‌ઘટિતજ્ઞ શિષ્યો કરતાં જુદા એવા અનુદ્‌ઘટિતજ્ઞ શિષ્યો માટે પણ સંગ્રહ એટલે સંક્ષેપથી કથન હોય છે. વળી સ્મરણાદિની અનુકૂલતા માટે પણ સંક્ષેપ હોય છે.

**પ્રશ્ન ૧૦૬૦**–શ્રીતત્ત્વાર્થભાષ્યકાર– 'अभ्यर्चनादर्हतां मनःप्रसादः' એમ કહે છે તો શું પૂજન કરવાની વખતે મનઃપ્રસાદ ન હોય એમ માનવું અને પૂજા પછી પ્રસન્ન થાય એમ માનવું ?

**સમાધાન**–સામાન્ય રીતે તો મનની પ્રસન્નતા વિના પૂજાનો પ્રારંભ કે કાર્ય થતુંજ નથી. પરંતુ 'ततः समाधिश्च' એ વાકયથી સમાધિને ઉપજાવે એવી મનની પ્રસન્નતા ભગવાનની પૂજા કરવાથી થાય છે. સામાન્ય પ્રસન્નતા તો પૂજા કરવા પહેલાં અને પૂજા કરતી વખત પણ હોય છે. કેમકે તે સિવાય તો પૂજા પછી પણ સમાધિ કરનારી મનની પ્રસન્નતા આવે નહિ.

**પ્રશ્ન ૧૦૬૧**–કેટલીક જગોપર–

'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः । तत्त्वार्थ०

नादंसणिस्स नाणं नाणेण विणा न हुंति चरणगुणा । चरणाहिंतो मोक्खो०' શ્રી ઉત્તરાધ્યયન૦ એમ કહી જ્યારે સમ્યગ્દર્શનઆદિ ત્રણથી મોક્ષ કહે છે.

વળી 'चरणगुणट्ठिओ साहू' શ્રીઅનુયોગદ્વાર૦ 'नाणकिरियाहिं मोक्खो' વિશેષાવશ્યક૦ એમ કહી કેટલીક જગોપર જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ જણાવે છે.

વળી આવશ્યકનિર્યુક્તિમાં-'नाणं पयासगं सोहओ तवो संजमो य गुत्तिकरो। तिण्हंपि समाओगे मोक्खो०' એમ કહી જ્ઞાન તપ અને સંયમથી મોક્ષ જણાવે છે તેનું કારણ શું ?

**સમાધાન**-સ્વપરદર્શનવાળાની સભાની અપેક્ષાએ સમ્યગ્દર્શનઆદિ ત્રણને અને સમ્યગ્દર્શનસંપન્ન એવા સંઘની સભાની અપેક્ષાએ કે કેવલ પરદર્શનની સભાની અપેક્ષાએ જ્ઞાન અને ક્રિયાને મોક્ષમાર્ગ જણાવાય તે ઠીકજ ગણવો.

તપ એ ચારિત્રનો વિભાગ છતાં માત્ર કર્મક્ષયમાં તેની પ્રધાનતા જણાવવા માટે નિર્યુક્તિમાં તપને જુદું ગણાવ્યું છે. વાસ્તવિકતાથી જુદુ જો તપ માનીયે તો તે તપનું આવારકકર્મ જુદું માનવું જોઇએ. શ્રીહરિભદ્રસૂરિજી 'सम्यक्चारित्ररूपत्वात्' એમ કહી પ્રત્યાખ્યાનમાત્રને ચારિત્રરૂપ જણાવે છે આજ વાત 'संजमतव' એ નિર્યુક્તિની વ્યાખ્યામાં પણ તપને સંજમનો ભેદ જણાવવાથી સ્પષ્ટ છે.

**પ્રશ્ન ૧૦૬૨**-આનંદશ્રાવકને અવધિજ્ઞાન જેટલા પ્રમાણમાં થયેલ હતું તેટલા પ્રમાણનું અવધિજ્ઞાન શ્રીગૌતમસ્વામીએ સદ્દહ્યું નહિ એ સદ્ભાવ અશ્રદ્ધા કહેવાય કે નહિ ? અથવા અસદ્ભૂતપદાર્થની અશ્રદ્ધા કહેવાય કે નહિ ?

**સમાધાન**-સદ્ભૂતપદાર્થની અશ્રદ્ધા તો ગણાય અને તેથીજ ભગવાન્ મહાવીરમહારાજે તે ગૌતમસ્વામીજીને આલોચનાઆદિ કરવાનું ફરમાવ્યું છે.

**પ્રશ્ન ૧૦૬૩**–સદ્દભૂતપદાર્થની શ્રદ્ધા નહિ તે મિથ્યાત્વરૂપ ગણાય કે નહિ ?

**સમાધાન**–સમ્યગ્દષ્ટિનો નિયમ છે કે સર્વજ્ઞભગવાને કે તેમના શાસ્ત્રોએ કહેલા પદાર્થોની શ્રદ્ધા જરૂર કરે સર્વજ્ઞ અને શાસ્ત્રના વચનોની શ્રદ્ધા ન થાય તેને તો સમ્યક્ત્વ હોયજ નહિ. પરંતુ સર્વજ્ઞ અને શાસ્ત્રના વચનની શ્રદ્ધા છતાં જે પદાર્થ જાણવામાં ન આવ્યો હોય તેને લીધે અથવા તેવા ક્ષયોપશમની ગેરહાજરીને લીધે અન્યથા જાણવાથી અન્યથા શ્રદ્ધા ગોચર થયો હોય તો તે આલોચનાદિ કરવા લાયક ગણાય પરંતુ તેટલા માત્રથી સર્વજ્ઞ અને શાસ્ત્રવચનોની પ્રતીતિ હોવાથી સર્વજ્ઞોક્ત અને શાસ્ત્રોક્ત પદાર્થ માને છે માટે મિથ્યાત્વ ગણાય નહિ સમ્યગ્દષ્ટિ જીવ બીજાએ એની માન્યતાને ખોટી જણાવી હોય તો તરત તેના સત્યતત્વને જાણવા શ્રીસર્વજ્ઞ પાસે કે શાસ્ત્રજ્ઞ પાસે તરત જાય, અને તેથીજ ભગવાન્ ગૌતમસ્વામીજીએ ભગવાન્ મહાવીરમહારાજને તે પ્રશ્ન કર્યો અને પોતે તરતજ આલોચનાદિ કર્યાં. કર્મગ્રંથને જાણવાવાલાની ધ્યાન બહાર નથી કે શ્રીકર્મપ્રકૃતિમાં 'सद्दहइ असब्भावं अजाणमाणो' એમ સ્પષ્ટપણે જણાવે છે. શ્રીમલયગિરિજીમહારાજ તેની ટીકામાં પણ જણાવે છે કે જીવ સમ્યગ્દષ્ટિ છતાં પણ જો અસદ્દભાવની શ્રદ્ધા થાય તો તે અજ્ઞાનથીજ થાય અને અજ્ઞાની ન હોય તો જરૂર સદ્દભાવનીજ શ્રદ્ધા થાય. અજ્ઞાનથી અસદ્દભાવપદાર્થની શ્રદ્ધા થાય તો પણ સમ્યગ્દષ્ટિપણાને બાધ આવે નહિ. જો તેને તે પદાર્થના નિર્ણયની શ્રીગૌતમસ્વામિઆદિની માફક ચીવટ હોય અને સત્ય જાણે અને આલોચનાદિ કરનાર હોય. અર્થાત્ અજ્ઞાનને નામે અસદ્દભાવની શ્રદ્ધા ચલાવી લેનાર તો નજ હોય. એટલું તો જરૂર છે કે શાસ્ત્રવચનોથી જે વાતનો એક નિશ્ચય થાય તેવું ન હોય તો વિશિષ્ટશ્રુતધરોને કે કેવલીયોને ભલાવી દે. પરંતુ એકકે પક્ષને સત્ય કે અસત્ય તરીકે કહે કે પ્રરૂપે નહિં. આથીજ અભયદેવસૂરિઆદિ ટીકાકાર મહારાજા તેવે સ્થાને તેઓનેજ ભલાવે છે.

શ્રીભગવતીજીમાં પણ કાંક્ષાદિને સ્થાને 'तमेव सच्चं०'ને ધારવાથી કાંક્ષામોહનીય નથી વેદાતું એમ જણાવ્યું છે. અજ્ઞાનથી પણ અસદ્ભાવપદાર્થને માનતાં શ્રીઉત્તરાધ્યયનની વૃત્તિમાં જણાવ્યા પ્રમાણે સાચી શ્રદ્ધાનો ઉપઘાત થાય છે એમ છે અને કર્મપ્રકૃતિની ટીકા (યશો૦) પ્રમાણે ઉપઘાત ન માનીએ તો પણ અસદ્ભાવથી થતી શંકામાં પણ કાંક્ષામોહનીય તો માનવું જ જોઈએ.

**પ્રશ્ન ૧૦૬૪**–શ્રીપર્યુષણાકલ્પમાં 'अंतकुलेसु वा' ઈત્યાદિ કહીને નીચકુલો બતાવ્યાં તો પછી 'माहणकुलेसु वा' એ કહેવાની શી જરૂર હતી?

**સમાધાન**–અંતપ્રાંતાદિક કુલો જગત્ માત્રની અપેક્ષાએ નીચકુલરૂપ છે અને બ્રાહ્મણકુલ જગત્માત્રની અપેક્ષાએ નીચકુલ નથી, પરંતુ માત્ર તીર્થંકરભગવાન્ આદિ શલાકાપુરૂષની અપેક્ષાએજ એ નીચકુલ છે. માટે 'माहणकुलेसु वा' એ પદ જુદું કહેવાની જરૂર રહે અને આવી અપેક્ષાથી તે પદ હોવાથી જ અગીયારે ગણધરો બ્રાહ્મણકુલમાં જન્મેલા હોવા છતાં તેમને 'जच्चा' એટલે ઉત્તમજાતિવાળા એમ કહી શકાય તથા 'जाइसंपन्ने कुलसंपन्ने' વિગેરે પદોથી તેઓને ઉત્તમજાતિવાળા અને ઉત્તમકુલવાળા જણાવ્યા છે. તે પણ યોગ્યજ છે. વળી મરીચિએ તીર્થંકર અને ચક્રવર્તીની ઉત્પત્તિને લીધે કુલમદ કરેલો હોવાથી તીર્થંકર આદિને લાયકનું કુલ ન મળે તેવું જે નીચગોત્ર એટલે આપેક્ષિક નીચગોત્ર બાંધ્યું કહેવાય. કુલઆર્યાદિ ભેદો પણ તીર્થંકરઆદિની અપેક્ષાએજ લેવાય તો વધારે અનુકૂલ ગણાય.

**પ્રશ્ન ૧૦૬૫**– પૂજાની અંદર જીવોની વિરાધના હોવાથી પૂજાને સાવદ્ય કહેવાય કે નહિં.?

**સમાધાન**–પૂજાની અંદર આરંભ થાય છે એમ ખરૂં, પણ પૂજાને સાવદ્ય ન ગણાય કારણ કે તે પૂજામાં થતી વિરાધના સ્વરૂપહિંસારૂપ છે અને તે સ્વરૂપહિંસાથી બંધાયેલ કર્મ તત્કાલજ તેજ પૂજાના અધ્યવસાયથી નાશ પામે છે. જો એમ ન હોય તો નદીને ઉતરનાર સાધુનુ

સંયમ સાવદ્ય કહેવું પડે. અને તેમ કહેવા અને માનવા જતાં જલ, નદી અને સમુદ્રમાં સિદ્ધ થવાનું થાય છે તે હોયજ નહિં. પૂજા માટે વિશિષ્ટ પુષ્પાદિની જે વિશિષ્ટઇચ્છા તે સમગ્ર સંયમને બાધકારક હોવાથી સાધુઓ દ્રવ્યસ્તવના અનધિકારી છે અને શાસ્ત્રકાર પણ 'તો कसिणसंजमविऊ पुप्फाईयं न इच्छंति' એમ ફરમાવે છે. વળી શ્રીહરિભદ્રસૂરિજી 'अधिकारिवशात्' એમ સ્પષ્ટપણે કહે છે એટલે આચાર્યાદિને વૈયાવચ્ચ અને ઈર્યાસમિતિમાં સ્વાધ્યાયના નિષેધની માફક સાધુને દ્રવ્યસ્તવનો નિષેધ છે એમ સ્પષ્ટ થશે. એવી જ રીતે બાહ્યદ્રવ્ય અનુકંપાદાનમાં પણ શ્રાવકનો અધિકાર અને સાધુનો અનધિકાર સમજાય તેમ છે.

**પ્રશ્ન ૧૦૬૬**–અનુકંપાદાનથી ભોગાદિનીજ પ્રાપ્તિ થાય પણ નિર્જરા ન થાય એમ ખરૂં ?

**સમાધાન**–અનુકંપાદાનથી મનુષ્ય અને દેવોના ભોગોની પ્રાપ્તિ થાય એમ છતાં નિર્જરા નજ થાય એમ નથી શ્રીજ્ઞાતાસૂત્રમાં હાથીએ શશલાની અનુકંપાથી મનુષ્યાયુઆદિ બાંધ્યા છે તેમ સંસાર પણ પરિમિત કર્યો છે એટલે નિર્જરા ન માનીયે તો તે સંસારનું અલ્પપણું બને નહિ. શ્રીપુષ્પમાલામાં પણ સમ્યગ્દૃષ્ટિને અનુકંપાથી નિર્જરા થાય છે એમ પણ સ્પષ્ટ શબ્દમાં જણાવેલ છે. નિરનુક્રોશપણું તિર્યંચઆદિ ગતિનું કારણ હોવાથી અને સમ્યક્ત્વવાળાને તેમ દેવનું આયુષ્ય થવાનું હોવાથી સમ્યક્ત્વનું લક્ષણ અનુકંપા છે એમ માનવુંજ પડશે, ધ્યાન રાખવું જરૂરી છે કે–સાનુક્રોશતા અને હિંસાવિરતિ જુદી ચીજ છે.

**પ્રશ્ન ૧૦૬૭**–દ્રવ્યસમ્યક્ત્વ અને ભાવસમ્યક્ત્વ કોને કહેવું ?

**સમાધાન**–ભગવાન્ જિનેશ્વરમહારાજે નિરૂપણ કરેલ જીવાદિ તત્ત્વો અને સમ્યગ્દર્શનાદિરૂપ રત્નત્રયી તેના ગુણો ન જાણે અને માત્ર ઓઘેજ ભગવાન્ જિનેશ્વરમહારાજે નિરૂપણ કરેલને તત્ત્વ તરીકે માને તે દ્રવ્યસમ્યક્ત્વ કહેવાય અને તે જીવાદિતત્ત્વો તથા સમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ તથા તેના ગુણો જાણીને ભગવાન્ જિનેશ્વરમહારાજાના કહેલા

તત્ત્વોની જે પ્રતીતિ થાય તે ભાવસમ્યક્ત્વ કહેવાય. ભગવાન્ હરિભદ્રસૂરિજી શ્રીપંચવસ્તુસૂત્રમાં જણાવે છે કે-

"जिणवयणमेव तत्तं एत्थ रुई होइ दव्वसम्मत्तं" એટલે જિનેશ્વરભગવાનનું વચન એજ તત્ત્વ છે એવી જે આ શાસનમાં રૂચિ થાય તે દ્રવ્યસમ્યક્ત્વ કહેવાય. ટીકામાં પણ સ્પષ્ટપણે કહે છે કે-

"जिनवचनमेव तत्त्वं, नान्यदित्यत्र रुचिर्भवति द्रव्यसम्यक्त्वं"

અર્થાત્ શ્રીજિનેશ્વરભગવાનનું વચનજ તત્ત્વ છે બીજું તત્ત્વ નથી એવી જે રૂચિ થાય તે દ્રવ્યસમ્યક્ત્વ છે અને તે "अनाभोगवद्रुचिमात्र" એટલે તત્ત્વ અને દેવાદિનું અજ્ઞાનપણું છતાં માત્ર શ્રીજિનવચનની રૂચિરૂપ હોય છે. વ્યંગ્યપણે જણાવે છે કે જેમ ભાગ્યશાળી હોય તોજ સુંદર રત્નોના સ્વરૂપ અને ગુણોથી અજાણ એવા મનુષ્યને રત્નને લેવાનું થાય છે. એમ દ્રવ્યસમ્યક્ત્વ જણાવી ભાવસમ્યક્ત્વને જણાવતાં કહે છે કે-"जहभावा णाणसद्धावरिसुद्धं तस्स सम्मत्तं" એટલે યથાવસ્થિતપણે જીવાદિતત્ત્વ અને રત્નત્રયીનું જ્ઞાન થવાથી જે શ્રદ્ધા થાય તે શુદ્ધ એટલે ભાવસમ્યક્ત્વ જાણવું.

**પ્રશ્ન ૧૦૬૮**-દ્રવ્યસમ્યક્ત્વ ઉત્પન્ન થવામાં અપૂર્વકરણની જરૂર ખરી કે નહિ?

**સમાધાન**-શ્રીહરિભદ્રસૂરિજી-

"जस्समुदायाओ च्चिय भवो उ तहा विचित्तरूवाओ।
इय सो सियवाएणं तहाविहं वीरियं लहइ ॥ ६१ ॥

तत्तो अ दव्वसम्मं—એમ જણાવી સ્પષ્ટ કરે છે કે-પરમાર્થથી વિચિત્ર એવા એ સ્વભાવઆદિ સમુદાયથી પરસ્પર સાપેક્ષપણે તે ભવ્યજીવ એવું વીર્ય પામે છે અને તેથી દ્રવ્યસમ્યક્ત્વ થાય છે. એટલે દ્રવ્યસમ્યક્ત્વના કારણ તરીકે પણ અપૂર્વવીર્યનો ઉલ્લાસ અને તથાભવ્યત્વાદિને જણાવે છે. ટીકાથી તો વળી સ્પષ્ટ શબ્દમાં લખે છે કે-તે જીવ

તેવું વીર્ય પામે છે કે જે વીર્યથી અપૂર્વકરણપણે ઉલ્લાસ પામે. કહે છે કે-'तथाविधं वीर्यं लभते यत उल्लसत्यपूर्वकरणेनेति' આ બધું સમજવાથી સ્પષ્ટપણે સમજાશે કે દ્રવ્યસમ્યક્ત્વને પામવામાં પણ અપૂર્વકરણની જરૂર છે.

**પ્રશ્ન ૧૦૬૯**-ભગવાન્ હરિભદ્રસૂરિજી શ્રી પંચવસ્તુમાં ધર્માસ્તિકાય વિગેરેને આજ્ઞાગ્રાહ્ય પદાર્થ તરીકે લખે છે, અને શ્રીઉત્તરાધ્યયનની શ્રી-શાંતિસૂરિજીવાળી ટીકા તથા શ્રીતત્ત્વાર્થની વૃત્તિમાં ધર્માસ્તિકાયઆદિને હેતુયુક્તિથી સિદ્ધ કરવામાં આવ્યા છે તો ધર્માસ્તિકાયાદિકને આજ્ઞાગ્રાહ્ય માનવા કે દાર્ષ્ટાન્તિક માનવા?

**સમાધાન**-આજ્ઞાગ્રાહ્ય પદાર્થો દૃષ્ટાન્તગ્રાહ્ય ન હોય એમ સમજવાનું નથી. પરંતુ જે પદાર્થની સિદ્ધિમાં હેતુ, યુક્તિ અને દૃષ્ટાન્તને પ્રયોગ કરતાં શ્રોતાઓની મતિ મુંઝાય તેવું હોય તેવા પદાર્થોને હેતુયુક્તિથી સિદ્ધ ન કરતાં આજ્ઞાથી સિદ્ધ કરવા. એટલે સામાન્ય શ્રોતાઓની અપેક્ષાએ ધર્માસ્તિકાયાદિની સિદ્ધિ આજ્ઞાગ્રાહ્ય હોય અને તર્કનિપુણશ્રોતાઓ માટે ધર્માસ્તિકાયાદિ આજ્ઞાગ્રાહ્ય હોવા સાથે દૃષ્ટાન્તગ્રાહ્યહોય તે તો યોગ્ય જ છે.

**પ્રશ્ન ૧૦૭૦**-શમઆદિ પાંચ લક્ષણો દ્રવ્યસમ્યક્ત્વમાં હોય કે ભાવસમ્યક્ત્વમાં હોય?

**સમાધાન**-દ્રવ્યસમ્યક્ત્વ તો જીવાદિ અને રત્નત્રયીના અજ્ઞાનવાળું હોવાથી તેમાં પ્રશમાદિલક્ષણોનો નિયમ નહિ, પરંતુ જીવાદિતત્ત્વો અને રત્નત્રયીના યથાર્થપણે જ્ઞાનવાળું ભાવસમ્યક્ત્વ હોવાથી તેમાં પ્રશમાદિ લક્ષણો નિયમિત હોય. શ્રીહરિભદ્રસૂરિજી ફરમાવે છે કે- भावसम्मं एवंविहमेव होइ णायव्वं पसमाइलिंगजणयं' એટલે ભાવસમ્યક્ત્વજ પ્રશમાદિરૂપ પોતાના કાર્યને કરનાર છે. વળી 'नान्यत्' એમ કહીને દ્રવ્યસમ્યક્ત્વથી પ્રશમાદિ ઉત્પત્તિનો નિયમ નથી એમ પણ જણાવે છે.

**પ્રશ્ન ૧૦૭૧**–દ્રવ્યસમ્યક્ત્વ અને વ્યવહારસમ્યક્ત્વમાં ફરક શો ?

**સમાધાન**–અજ્ઞાનની મુખ્યતા હોય અને જિનવચનની સત્યતાથી રૂચિમાત્ર હોય તે દ્રવ્યસમ્યક્ત્વ કહેવાય, અને પ્રશમાદિલક્ષણોમાંથી આસ્તિકયાદિ કોઈક લક્ષણયુક્ત જે સમ્યક્ત્વ હોય તે વ્યવહાર સમ્યક્ત્વ કહેવાય એટલા માટે શ્રીહરિભદ્રસૂરિજી તત્ત્વાર્થવૃત્તિમાં 'आस्तिक्याद्यान्यतरभावयुक्तं तु व्यावहारिकं' અર્થાત્ આસ્તિકય વિગેરે પાંચ લક્ષણોમાંથી કોઇક લક્ષણથી યુક્ત એવું વ્યાવહારિકસમ્યક્ત્વ છે. અહીં જે આસ્તિકયઆદિ લીધું છે તે એમ સ્પષ્ટ જણાવે છે કે–વ્યવહારસમ્યક્ત્વમાં પણ આસ્તિકય તો જરૂર જોઈએજ. વળી શ્રીહરિભદ્રસૂરિજી પ્રશમાદિ પાંચ લક્ષણોની ઉત્પત્તિ પ્રશ્ચાનુપૂર્વીથીજ લે છે માટે પણ પહેલાં આસ્તિકય થાય તોજ પછી અનુકંપાદિ બને એ નક્કી થાય છે. એટલે વ્યાવહારિકસમ્યક્ત્વમાં ઓછામાં ઓછું આસ્તિકય એટલે જીવ છે, નિત્ય છે, કર્મ કરે છે, કર્મ ભોગવે છે, મોક્ષ છે, અને મોક્ષના ઉપાયો છે એ ૭ વિચારોની સમજણવાળો જીવ હોય તેથી તે વ્યાવહારિકસમ્યક્ત્વમાં પણ હોવાજ જોઈએ.

**પ્રશ્ન ૧૦૭૨**–ભાવસમ્યક્ત્વ અને નિશ્ચયસમ્યક્ત્વનો ફરક શો ?

**સમાધાન**–ભગવાન્ જિનેશ્વરમહારાજે નિરૂપણ કરેલ જીવાદિતત્ત્વો અને રત્નત્રયીનો યથાવદ્બોધ થવાથી શ્રીજિનવચનની પ્રતીતિ થાય તે ભાવસમ્યક્ત્વ કહેવાય. અને તે ભાવસમ્યક્ત્વ થયા પછી તે ભાવસમ્યક્ત્વનો સ્વભાવ પ્રશમાદિને જરૂર ઉત્પન્ન કરવાનો છે તેથી તે પ્રશમાદિ પાંચે લક્ષણોએ સહિત તત્ત્વ અને રત્નત્રયીની પ્રતીતિ સાથે શ્રીજિનવચનની પ્રતીતિ જે થાય તે નિશ્ચયસમ્યક્ત્વ કહેવાય. અર્થાત્ શ્રીજિનવચનની પ્રતીતિ એજ સર્વત્ર સમ્યક્ત્વ છે.

**પ્રશ્ન ૧૦૭૩**–નિશ્ચયસમ્યક્ત્વ અને કારકસમ્યક્ત્વમાં શો ફરક ?

**સમાધાન**–'एतच्च किल समस्तप्रशमादिलिङ्गयुक्तं नैश्चयिकं जं

मोणंति पासह इत्यादिवचनविषयं' એટલે સમસ્તપ્રશમાદિલિંગોએ સહિત જે સમ્યક્ત્વ તે નિશ્ચયસમ્યક્ત્વ છે અને શ્રીઆચારાંગના 'जं मोणं' એ વિગેરે સૂત્રથી કહેલ કારકસમ્યક્ત્વ પણ આજ છે એવા શ્રીતત્ત્વાર્થવૃત્તિના વચનથી નિશ્ચયસમ્યક્ત્વ તેજ કારકસમ્યક્ત્વ છે ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજી-'भावसम्यक्त्वं नैश्चयिकमित्यर्थः' એમ જણાવી જો કે પંચવસ્તુમાં ભાવ-સમ્યક્ત્વને નૈશ્ચયિકસમ્યક્ત્વ કહે છે પણ તેમાં 'स्वकार्यकारितया' અને 'स्वकार्यकृदित्यर्थः' એ વિગેરે કહીને ભાવસમ્યક્ત્વ અને નૈશ્ચયિકસમ્યક્ત્વનો કારણકાર્યભાવ માન્યા છતાં કારકકાર્યના અભેદવિવક્ષા રાખેલી છે એમ સમજવું.

**પ્રશ્ન ૧૦૭૪**–જ્ઞાનાવરણીય અને દર્શનમોહનીયકર્મ જુદા હોવાથી દર્શનમોહનીયનો ઉપશમાદિ થાય અને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમાદિ ન હોય અને તેથી માષતુષાદિ જેવાને જિનવચનની પ્રતીતિ કે તત્ત્વાર્થની શ્રદ્ધા કેમ થાય ?

**સમાધાન**–માષતુષાદિને જ્ઞાનાવરણીયના ઉદયથી અજ્ઞાન હોય, પરંતુ જીવાદિતત્ત્વો અને રત્નત્રયીની રૂચિને રોકનાર મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમઆદિથી તે મોહનીયનો અભાવ થઈ જાય છે અને તેથી જેટલું જાણે તેમાં તો સાચી માન્યતા હોયજ. પરંતુ જે જાણવામાં આવેલ ન હોય તેમાં પણ શ્રદ્ધાની શક્તિ તો અસ્ખલિત અને તેજજ છે કેમકે નહિ જાણેલ એવા સંવરાદિ છતાં પણ ગુપ્તિસમિતિઆદિમાં નિરાબાધ પ્રવૃત્તિ તેઓની હોય છે. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે વિશેષ-સંવરાદિજ્ઞાનને ધારણ કરનારા નહિ છતાં પણ સમિતિગુપ્તિઆદિની પ્રવૃત્તિવાળા જીવો સમ્યક્ત્વવાળાજ છે. પણ જો તેઓ જાણેલા પદાર્થોની બરોબર શ્રદ્ધાવાળા હોય.

**પ્રશ્ન ૧૦૭૫**–સામાન્ય રીતે સમ્યગ્દર્શનવાળાએ કેવા બનવું જોઇએ ?

**સમાધાન**–શ્રીજિનેશ્વરભગવાનના માર્ગની દેશના જે સાંભળવામાં

આવે તેની યથાવત્ શ્રદ્ધા કરે અને જે વસ્તુ ન જણાય કે ન સમજાય તેમાં કદાગ્રહ કરે નહિ તેવા સમ્યગ્દષ્ટિઓ હોય એમ સમજવું.

**પ્રશ્ન ૧૦૭૬**–શ્રીઆવશ્યકનિર્યુક્તિકાર 'अणुकंपऽकामनिज्जर' એમ કહીને અનુકંપાને સમ્યક્ત્વનું કારણ કહે છે અને તત્ત્વાર્થકાર વિગેરે તે અનુકંપાને લક્ષણ અને કાર્ય તરીકે બતાવે છે તો તે બે અનુકંપામાં શો ફરક છે?

**સમાધાન**–શ્રીજિનવચનની પ્રતીતિ જેને થઈ હોય તેને પારમાર્થિક એટલે આસ્તિકયના કાર્યરૂપ એવી તાત્ત્વિક અનુકંપા ન હોય એમ 'परमार्थतोऽप्रतिपन्नजिनवचनानां' ઇત્યાદિ વચનથી શ્રીહરિભદ્રસૂરિજી તત્ત્વાર્થવૃત્તિમાં ફરમાવે છે તેથી સ્પષ્ટ થાય છે કે સમ્યક્ત્વના કારણ તરીકે કહેલ અનુકંપા અપારમાર્થિકી અનુકંપા છે અને સમ્યક્ત્વ થયા પછીની અનુકંપા એ પારમાર્થિકી અનુકંપા છે. આજ કારણથી અભવ્ય કે મિથ્યાદષ્ટિની અનુકંપા કે દયા અપારમાર્થિકી છે અને તેથી તેવી દયાવાળાને ચારિત્રવાળા માનવાનું કાર્ય શાસનને અનુસરનારાઓનું ગણાય નહિ.

**પ્રશ્ન ૧૦૭૭**–દ્રવ્યનું લક્ષણ જ્યારે 'गुणपर्यायवद् द्रव्यं' એમ છે. તો પછી દ્રવ્યનિક્ષેપાને અંગે શી રીતે દ્રવ્યપણું સમજવું?

**સમાધાન**–નામાદિક ચાર નિક્ષેપાને અંગે બે પ્રકાર છે. એક તો નામાદિ ચારે ભિન્નપણે હોય, અને એને અનુસરીનેજ શ્રીઅનુયોગદ્વાર અને શ્રીતત્ત્વાર્થભાષ્ય વિગેરેમાં 'यस्य चेतनावतः' ઇત્યાદિ કહેવામાં આવ્યુ તે, અને બીજો પ્રકાર એ છે કે મૂલ વસ્તુમાંજ ચારે નિક્ષેપા જોડવાના હોય છે. એને અનુસરીને શ્રીસંમતિતર્કમાં નામાદિ ચારને વસ્તુના ધર્મ તરીકે ગણાવ્યા છે. તથા શ્રીવિશેષાવશ્યકમાં નામાદિચાતુષ્કમયવસ્તુને ગણી છે. તેમાં પહેલા પ્રકારમાં જ્ઞાનને ઉપયોગના કારણ તરીકે ગણીને તથા ઉપયોગ ક્રિયાત્મક નોઆગમને ભાવનિક્ષેપામાં અંતર્ગત થતી

ક્રિયાના અને જ્ઞાન તથા ઉપયોગના કારણ તરીકે શરીરને ગણીને જ્ઞશરીર અને ભવ્યશરીર નામના બે ભેદો લેવામાં આવ્યા છે. વ્યવહારમાત્રને વ્યતિરિક્ત ભેદમાં આગલ કરવામાં આવ્યો છે. પરંતુ વસ્તુધર્મ તરીકે નિક્ષેપા ગણવાની અપેક્ષાએ તો 'भूतस्य०' આદિશ્લોકને અગ્રપદ નહિ આપતાં 'भूतभाविभवत्पर्यायाधारतया द्रव्यं' એમ કહી ત્રિકાલના પર્યાયના આધારભૂતને દ્રવ્ય ગણવામાં આવે છે. એટલે ભાવની વિવક્ષા ન કરીયે તો દ્રવ્યનિક્ષેપ એ ધર્મ ગણવો અને દ્રવ્યરૂપ આધારની વિવક્ષા ન કરતાં માત્ર વિવક્ષિતપર્યાય કે ગુણની અપેક્ષાએ ભાવનિક્ષેપો ગણાય છે. એટલે પૃથગ્ નિક્ષેપભેદોની અપેક્ષાએ 'भावो विवक्षितक्रियाऽनुभूतियुक्तो' ઇત્યાદિ કહેવાય છે અને વસ્તુધર્મની અપેક્ષાએ 'तद्भावः परिणामः' વિગેરે કહેવાય છે.

**પ્રશ્ન ૧૦૭૮**–'आणागिज्झो अत्थो०' એ ગાથા સર્વપ્રકરણોને લાગુ કરવી કે પ્રકરણવિશેષને લાગુ કરવી?

**સમાધાન**–'आणागिज्झो०' આ ગાથા શ્રીઆવશ્યકનિર્યુક્તિના અંત્યભાગમાં છે તેથી પ્રકરણવિશેષને અંગે લાગુ કરતાં આવશ્યકમાં છેલ્લું પ્રકરણ પ્રત્યાખ્યાનનું આવે છે તેથી આ ગાથા પ્રત્યાખ્યાનને લાગુ કરાય અને આવશ્યકશાસ્ત્રના અંત્યમાં હોવાથી ઉપસંહાર તરીકે લેવામાં આવે તો આખા આવશ્યકને અને ઉપલક્ષણથી સર્વશાસ્ત્રોને પણ લાગુ કરવામાં આવે.

**પ્રશ્ન ૧૦૭૯**–'आणागिज्झो०' આ ગાથા પ્રત્યાખ્યાનને શી રીતે લાગુ કરાય?

**સમાધાન**–અનાગત અતિક્રાંતાદિ પ્રત્યાખ્યાનો પર્વકાલની સાથે સંબંધ ન રાખે છતાં તે અનાગતાદિપ્રત્યાખ્યાનોથી પર્વના પ્રત્યાખ્યાન જેવું ફલ થાય અને તે મૂલપર્વની તપસ્યાની માફક અતીત અને અનાગતમાં કરી શકાય એ કેવલ આજ્ઞાથીજ સમજાય. પરંતુ વધાદિની

વિરતિનાં સારાં ફલ તથા વધનાં ખરાબ ફલ આજ્ઞા સાથે દૃષ્ટાંતે પણ સમજાય તેવાં છે.

**પ્રશ્ન ૧૦૮૦**–શ્રીતત્ત્વાર્થસૂત્રમાં શ્વેતાંબરો 'यथोक्तनिमित्तः षड्विकल्पः शेषाणां' એવો પાઠ માને છે ત્યારે દિગંબરો 'क्षयोपशमनिमित्तः०' એવો પાઠ માને છે. એ બે પાઠમાં વ્યાજબી પાઠ કયો અને તેનું કારણ શું?

**સમાધાન**–પ્રથમ તો શ્રીજૈનશાસનમાં કેવલજ્ઞાન સિવાયનાં ચારે જ્ઞાનો ક્ષાયોપશમિક છે એટલે ક્ષયોપશમથી થવાવાળાં છે માટે 'क्षयोपशम' પદ ન રખાય. પરંતુ 'तत्क्षयोप०' અથવા 'तदावरणक्षयो०' એમ કહેવું પડે, વળી મતિઆદિના સૂત્રોમાં 'तदिन्द्रियानिन्द्रियक्षयोपशमनिमित्तं' ઇત્યાદિ કહેવું જોઈએ. વળી દેવતા અને નારકીના અવધિની જે ભિન્નતા જણાવવી છે તે નહિ રહે, કારણ કે તે દેવઆદિનો અવધિ મહાક્ષયોપશમ વગર તો નથી જ 'यथोक्त' પદ વાપરવાથી તો સ્પષ્ટ થાય કે અવધિજ્ઞાનની ઉત્પત્તિને માટે જણાવેલ અવધિજ્ઞાનાવરણીયના ક્ષયોપશમ સિવાય જે બીજું ભવઆદિનિમિત્ત અગર પ્રત્યય અવધિજ્ઞાનની ઉત્પત્તિ માટે હોય છે તે નથી જેમાં એટલે માત્ર તે અવધિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમજ નિમિત્તભૂત છે જેમાં એવો આ મનુષ્યતિર્યંચનો અવધિ છે આ વસ્તુને મધ્યસ્થપણે વિચારનારો સુજ્ઞ મનુષ્ય 'उक्तानतिक्रमेण यथोक्त" એવા યથોક્તનો અર્થ સમજવાથી શ્વેતાંબરોનો પાઠક્રમજ યોગ્ય છે એમ સ્પષ્ટપણે કબુલ કરશે. યાદ રાખવું કે મૂર્ખશિશુ પોતાનાં માબાપને નાલાયક કહે તેમાં અધમપાડોશીને હર્ષ થાય તેમ કેટલાક અધમગવેષકો શ્વેતાંબર થઈને શ્વેતાંબર સમાજને અધમ ચીતરનારને મધ્યસ્થપણાના નામથી નવાજે છે. પણ ભવભીરૂમનુષ્યને તેવી મધ્યસ્થતાની પણ હેયતા દુરાગ્રહના જેટલી અગર તેથી વધારે છે. અન્ય કુલવતીને માતા શબ્દથી વ્યવહાર કરનાર કરતાં પોતાની માતાને વંધ્યાઆદિ નામથી નવાજનાર તો સુજ્ઞપર્ષદામાં બેસવા લાયક રહેતોજ નથી.

વળી અનુગામી, અવસ્થિત અને અપ્રતિપાતિ એવા ત્રણ ભેદવાળું અવધિ તો દેવતાનારકીને હોય છે. છતાં અનાનુગામીઆદિ ત્રણ ભેદવાળું અવધિ તેઓને નથી એમ છતાં ભવપ્રત્યયમાં ત્રણ વિકલ્પવાળો અવધિ એમ જણાવ્યું નથી કારણ કે આખી ગતિમાં ભવપ્રત્યય તો અનુગામીઆદિ સ્વરૂપે છે. તેવો ભવ આ અવધિમાં નિમિત્ત રૂપ નહિ હોવાથી નરતિર્યંચને છએ પ્રકારનો હોય છે. એટલે છભેદમાં પણ યથોક્તપણું કારણ તરીકે રહે છે.

**પ્રશ્ન ૧૦૮૧**–ભગવાન્ શ્રીઉમાસ્વતિવાચકજીને સંપૂર્ણ દશ પૂર્વધર કહેવામાં આવે છે અને તેઓને ઉચ્ચનાગરીક શાખાના ગણવામાં આવે છે તે કેમ ?

**સમાધાન**–પ્રશ્નકારે સમજવું જોઈએ કે પ્રથમ તો ઉચ્ચનાગરી-શાખા આચાર્યશ્રીશાંતિશ્રેણિકસૂરિ કે જેઓ ભગવાન્ વજ્રસ્વામીજી કે જેઓ સપૂર્ણ દશપૂર્વધર છે તેમના કરતાં ત્રણ પાટ પહેલાં છે. કેમકે શ્રીઆચાર્યશાંતિશ્રેણિકના શિષ્ય આર્યદિન્ન છે જેના સિંહગિરિ નામે શિષ્ય છે તેમના શ્રીવજ્રસ્વામીજી શિષ્ય છે માટે ઉચ્ચનાગરી શાખાના હોવાથી દશ પૂર્વધર હોવામાં અડચણ નથી શ્રુતકેવલિઓ છ લેવાથી બીજા શ્રુતકેવલિઓ અને દશ પૂર્વિઓ દશ લેવાથી બીજા દશ પૂર્વિઓ ન હોય એમ નહિ, પરંતુ પટ્ટાવલી વિશેષમાં ગણાયેલી તે તે સંખ્યા ગણાય. ભગવાન્ મહાવીરની વખતે સેંકડોની સંખ્યામાં ચૌદપૂર્વી હતા અને શ્રીપ્રભવસ્વામીથી બધી પરંપરા એકેકજ શ્રુતકેવલિ અને એકેક દશપૂર્વી એમ મનાય નહિ આર્યવસુ ચૌદપૂર્વી હતા. અશ્વમિત્રના ગુરૂ કૌડિન્ય અણુપ્રવાદને ધરનાર હતા. શ્રીમહાગિરિના શિષ્ય ધનગુપ્ત વિગેરે હતા. વળી ભાષ્યકાર પોતાને ઉચ્ચનાગરવાચક એમ જણાવે છે. પરંતુ ઉચ્ચનાગરી શાખાવાલા જણાવતા નથી ઉચ્ચનગરી મોટી હોય તેમાં જન્મેલાની મહત્તા જણાવવા પણ તેમ લખાય. ઉચ્ચનાગરી શાખા કરતાં ઉચ્ચનગરી પહેલાંની હોય તે સ્વાભાવિકજ છે.

**પ્રશ્ન ૧૦૮૨**–ભગવાન્ ઉમાસ્વાતિવાચકજીએ 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं' એમ ફરમાવી શું સમ્યગ્દર્શનનો નિર્દેશ કર્યો છે?

**સમાધાન**–ઉદ્દેશ, નિર્દેશ, લક્ષણ અને પરીક્ષા નામના ચાર વિષયોને અંગે એ સૂત્રથી લક્ષણ કહેવામાં આવ્યું છે. ઉદ્દેશનો પ્રશ્ન અને નિર્દેશનો દ્રવ્ય ગુણ અને ક્રિયામાંથી અન્યતમપણાના નિયમરૂપે ઉત્તર તો 'निर्देश०' આદિસૂત્રમાં કરવાનો છે. આ હકીકત ભાષ્યને સ્વોપજ્ઞપણે જણાવશે. પરીક્ષા એ તો લક્ષણની સમવ્યાપકતાનો વિષય છે.

**પ્રશ્ન ૧૦૮૩**–'निर्देश०' વિગેરે સૂત્રથી સમ્યગ્દર્શનના સાધનનો નિશ્ચય થાય તેમ છે તો પછી 'तन्निसर्गाद०' એ સૂત્ર કહેવાની જરૂર શી?

**સમાધાન**–નિર્દેશદ્વારમાં જેમ જીવોનો નિર્દેશ કરતાં ઔપશમિકાદિભાવયુક્ત એવું જે દ્રવ્ય તે જીવ એમ કહેવામાં આવ્યું છે. તેવી રીતે સમ્યગ્દર્શનના નિર્દેશમાં એટલુંજ કહેવાય કે દર્શનમોહનીયના ક્ષયોપશમાદિથી થતો આત્માનો ગુણ તે સમ્યગ્દર્શન છે એટલે નિર્દેશમાં ગુણપણાનો અને સાધનમાં તેના ક્ષયોપશમાદિ સાધનનો નિશ્ચય થવાનો છે પરંતુ તે ક્ષયોપશમાદિના કારણો નિસર્ગ અને અધિગમ છે એમ અહીં જણાવાય છે.

**પ્રશ્ન ૧૦૮૪**–અવધિજ્ઞાનના સંબંધમાં 'द्विविधोऽवधिः' એમ કહી સૂત્ર કર્યું, ઉપયોગમાં 'स द्विविधोऽष्टचतुर्भेदः' એમ ભેદદર્શક સૂત્ર જણાવ્યું તો પછી અહીં સમ્યક્ત્વમાં 'तद्द्विविधं' એમ કેમ ન કહ્યું?

**સમાધાન**–અવધિજ્ઞાન ઉપયોગ ઇંદ્રિયો આદિના નિરૂપણમાં ભેદો જણાવવા માટે જુદાં સૂત્રો કહ્યા છે, પરંતુ મનઃપર્યાયના બે ભેદ જુદા સૂત્રથી જણાવ્યા નથી ભાવના ૭ ભેદ માટે નામથી જુદુ સૂત્ર નથી, એવી રીતે સમ્યક્ત્વના ભેદ માટે જુદુ સૂત્ર ન કરે તો પણ અડચણ નથી, છતાં નિસર્ગ અને અધિગમ સમ્યક્ત્વના ભેદો નથી, પરંતુ ઉત્પત્તિના કારણભૂત ક્ષયોપશમાદિનાં કારણો છે, વળી જેમ અવધિના

બે ભેદો વિગેરે પરસ્પર અભાવવાળાં છે તેમ આ નિસર્ગ અને અધિગમ પરસ્પર અભાવવાળાં નથી કિંતુ નિસર્ગવાળાને પણ અધિગમ સમ્યગ્દર્શન થતું હોવાથી સહભાવવાળા પણ આ ભેદો છે.

**પ્રશ્ન ૧૦૮૫**–'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं' અને 'तन्निसर्गादधिगमाद्वा' એમ બે સૂત્ર કરવાની અપેક્ષાએ 'यथोक्तनिमित्तं तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनं' એમ કેમ ન કર્યું ?

**સમાધાન**–જો કે જ્ઞાન અને ચારિત્રના સૂત્રોમાં માત્ર ભેદો જણાવ્યા છે, પરંતુ સમ્યગ્દર્શનપૂર્વકનું જ્ઞાન અને ચારિત્ર લેવાનું હોવાથી તેના લક્ષણની જરૂર ન ગણી. અને સમ્યગ્દર્શનના લક્ષણની જરૂર ગણી તેનું સૂત્ર જુદું કર્યું. આગલ પણ 'उपयोगो लक्षणं' એમ કહીનેજ તેના ભેદોનું સૂત્ર કરેલ છે. વળી અંતરગ હેતુ નિસર્ગાદિ નથી, પરંતુ ક્ષયોપશમાદિ છે.

**પ્રશ્ન ૧૦૮૬**–અવધિજ્ઞાનના ભેદો દેખાડતાં 'द्विप्रत्ययोऽवधिः' એમ કહીને અથવા भवयथोक्तप्रत्ययौ' એમ કહીને 'आद्यो नारकदेवानां' ઈત્યાદિ કેમ કહ્યું નહિ ?

**સમાધાન**–જો કે સામાન્ય રીતે હેતુ, નિમિત્ત, પ્રત્યય એ શબ્દો કારણવાચક ગણાય છે, છતાં શ્રી ઉમાસ્વામિજી તે શબ્દો જુદા જુદા ભાવાર્થમાં વાપરે છે. અન્યાર્થે થયેલ કાર્યથી થતા કાર્યને સ્થાને 'भवप्रत्यय लब्धिप्रत्यय'ની માફક પ્રત્યય શબ્દ વાપરે છે. આયુઆદિ કર્મોથી ભવ અને તપશ્ચર્યાથી લબ્ધિ છે અને તેનાથી જ્ઞાન (અવધિ) અને વૈક્રિય અને તૈજસ થાય છે અર્થાત્ અવધિ માટે ભવ નથી અને વૈક્રિયાદિ માટે ક્ષાયોપશમિકાદિભાવવાળા તપઆદિ નથી. એટલે કાર્યકારણમાં ભાવના વિપર્યાસે પ્રત્યયશબ્દ ઠીક ગણ્યો છે. વ્યાપારવાળું કારણ જણાવ્યું હોય ત્યારે નિમિત્તશબ્દ વાપરે છે. જે 'यथोक्तनिमित्तः' અને 'तदिन्द्रियानिन्द्रियनिमित्तं' વિગેરે અને સામાન્યકારણમાં હેતુ

જણાવતાં માત્ર પંચમી અને તૃતીયાજ વાપરે છે. જો 'तन्निसर्गा० बन्धहेत्वभावनिर्जराभ्यां० प्रमाणनयैः, निर्देश० धानतः, सत्सं० त्वैश्च, सगुप्ति० त्रैश्च, तपसा० औप० त्वाभावात्०' વિગેરે સૂત્રોમાં છે.

**પ્રશ્ન ૧૦૮૭**–'जत्थ य जं जाणेज्जा० चउकारणपरिसुद्धं० नामाइमयं सव्वं० नामाइतियं दव्व०' ઈત્યાદિક વાક્યોથી સર્વપદાર્થોમાં નામાદિ ચારની વ્યાપકતા સિદ્ધ છે. તો પછી શ્રીતત્ત્વાર્થભાષ્યકાર મહારાજા જીવ અને દ્રવ્યઆદિના નિક્ષેપાની વ્યાખ્યા કરતાં 'शून्योऽयं भङ्गः' એમ કહીને જીવ અને દ્રવ્ય વિગેરેમાં દ્રવ્યનિક્ષેપાનો નિષેધ કેમ કરે છે?

**સમાધાન**–ઉપર જણાવેલ પાઠોમાં 'जत्थ' આદિમાં 'જે વ્યાખ્યામાં' એવો અર્થ કરી નામાદિ નિક્ષેપાની વખતે 'जस्स णं जीवस्स वा' ઈત્યાદિ જણાવી જુદા જુદા નામાદિ નિક્ષેપા લેવામાં આવે ત્યારે નામાદિ ચારે નિક્ષેપાની વ્યાપકતા છે એ સહેજે સમજી શકાય તેમ છે; પરંતુ 'णामाइमयं' ઈત્યાદિ વાક્યોથી સાપેક્ષ રહીને 'जत्थ' આદિનો 'જે પદાર્થમાં' એવો અર્થ કરવામાં આવે ત્યારે એક વસ્તુને આશ્રયીને ચારે નિક્ષેપા થાય તેવી વખતે તત્ત્વાર્થકારના કથન પ્રમાણે નિત્ય અવસ્થિત પદાર્થમાં દ્રવ્યનિક્ષેપાની શૂન્યતા દેખાડે તેમાં આશ્ચર્ય નથી.

**પ્રશ્ન ૧૦૮૮**–ઉપયોગરૂપ આગમ અને ક્રિયાયુક્તતારૂપનો આગમની અપેક્ષાએ 'भूतस्य भाविनो वा' વિગેરે પદ્યથી જણાવેલ દ્રવ્યલક્ષણ લેતાં નિત્ય અને અવસ્થિત દ્રવ્યોમાં દ્રવ્યનિક્ષેપો યોગ્યતારૂપે ન હોય એ સ્વાભાવિક છે, પરંતુ 'णामाइमयं' વિગેરે વાક્યોથી જ્ઞાનાદિ ચારે નિક્ષેપા એકજ વસ્તુમાં છે તો દ્રવ્યનિક્ષેપામાં લક્ષણ ઘટે?

**સમાધાન**–'गुणपर्यायवद् द्रव्यं' એ સૂત્રથી દ્રવ્યમાત્ર ગુણ અને પર્યાયવાળાં છે એમ માનવાની કોઈ જૈન કે તર્કાનુસારીથી ના કહી શકાય તેમ નથી. પરંતુ ભાવવિયુક્ત એવા દ્રવ્યના લક્ષણની વખતે ભૂત અને ભવિષ્યત્ એવા પર્યાયોની કારણતા એટલે પરિણામિપણાની યોગ્યતા લેવી પડે અને તેની અપેક્ષાએ 'भूतस्य०' એ પદ્ય કહેવું અને

તે વ્યાજબી ગણાય પરંતુ નામાદિ ચારે નિક્ષેપને એક વસ્તુગત જ્યારે લેવા હોય ત્યારે ત્રણે કાલના પર્યાયના આધારને દ્રવ્ય તરીકે ગણી 'भूतभाविभवत्पर्यायाधारो द्रव्यं' અથવા 'त्रिकालविसय' त्रिसेसेइ' એ વિગેરે લક્ષણો લઇને વર્ત્તમાન પર્યાયના આધારને પણ દ્રવ્યનિક્ષેપામાં લઈ શકાય છે.

**પ્રશ્ન ૧૦૮૯**—ભગવાન્ ઉમાસ્વાતિજી મહારાજે 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' એવી રીતે જણાવેલ સૂત્રની વ્યાખ્યામાં ભાષ્યકાર 'सम्यग्दर्शनं सम्यग्ज्ञानं सम्यक्चारित्रं च' એમ કહી સમ્યગ્દર્શનની માફક જ્ઞાન અને ચારિત્રને પણ સમ્યક્શબ્દ જોડે છે પરંતુ સૂત્રકારમહારાજ તો 'मतिश्रुतावधिमनःपर्यायकेवलानि ज्ञानं' અને 'सामायिकच्छेदोपस्थाप्यपरिहारविशुद्धिसूक्ष्मसम्परायययथाख्यातानि चारित्रं' એવા સૂત્રો કહે છે અર્થાત્ જ્ઞાન અને ચારિત્રને સમ્યક્ એવું વિશેષણ લગાડતા નથી તો તેનું કારણ શું ? અને તેથી એ ભાષ્ય સ્વોપજ્ઞ છે એમ કેમ ગણાય ?

**સમાધાન**—દર્શનઆદિનો દ્વંદ્વ કરતાં આદિમાં જોડેલું સમ્યક્પદ દર્શન આદિ ત્રણેમાં લાગુ થાય અને તેથી ત્રણેમાં સમ્યક્પદ જોડાય એમાં વાંધો લઇ શકાય નહિ અને ભાષ્યકારે 'सम्यग्दर्शन'માં રહેલ સમ્યક્પદની વ્યાખ્યા કરી 'एवं ज्ञानचारित्रयोरपि' એમ સ્પષ્ટશબ્દોથી જ્ઞાન અને ચારિત્રમાં સમ્યક્પદ જોડવાની જરૂર જણાવી છે. સૂત્રમાં એવુંજ વક્તવ્ય છતાં પણ જે જ્ઞાન અને ચારિત્રનાં સૂત્રોમાં સમ્યક્શબ્દ જોડ્યો નથી તે મુખ્યતાએ સમ્યક્દર્શનપૂર્વકના જ્ઞાન–ચારિત્ર લેવાની અપેક્ષાએ છે અને તેથીજ 'मतिश्रुतावधयो विपर्ययश्च' એ કહેવું વ્યાજબી ઠરે છે. નહિતર 'सम्यग्मिथ्यादृष्टिग्रहात् ज्ञानाज्ञाने' એમ કહેવું પડત અને 'सामायिक०' એ સૂત્રમાં પણ 'सम्यग्योगनिग्रहो०' એ સૂત્રથી સમ્યક્પદની સ્પષ્ટપણે અનુવૃત્તિ આવે તેમ છે. એટલે ભાષ્ય તથા સૂત્ર એકજ ભાવાર્થના છે અને તેથી સ્વોપજ્ઞ માનવા યોગ્યજ છે.

**પ્રશ્ન ૧૦૯૦–** શાસ્ત્રોમાં દર્શનની વિપરીતતા માટે મિથ્યાદર્શન અને જ્ઞાનની વિપરીતતા માટે અજ્ઞાનશબ્દ વપરાય છે તો તેની માફકજ ચારિત્રની વિપરીતતા માટે 'मिथ्याचारित्र' કે 'अचारित्र' એવો શબ્દ કેમ કોઈ પણ જગ્યાએ કોઈ પણ શાસ્ત્રકારે વાપર્યો નથી? અર્થાત્ શું એમ માનવું કે દર્શન અને જ્ઞાનમાં સમ્યક્‌પણું અને વિપરીતપણું એ રહેલાં છે પણ ચારિત્રમાં તે બે સ્વભાવ નથી?

**સમાધાન–** ધ્યાન રાખો કે મિથ્યાદર્શન અને અજ્ઞાન એ બે પદાર્થો અંશે પણ સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાનના ફાયદાને આપે નહિ, પરંતુ સામાયિકાદિચારિત્ર તો એવી ચીજ છે કે તે સમ્યક્ત્વઆદિથી રહિત હોય કે સહિત હોય તો પણ પાપના બંધન અને દુર્ગતિમાં પાડનારને રોકવા રૂપ ફલ તો સર્વચારિત્રમાં હોય છે. આ કારણથી તો અભવ્ય અને મિથ્યાદષ્ટિ છતાં પણ વ્રતધારક થનારો નરકાદિ દુર્ગતિમાં નથીજ જતો એ ચોક્કસજ છે. અનુત્તર અને ગ્રૈવેયકે જવાવાળાના ચારિત્રમાં ફરક નથી એમ લેવાય તો પણ પરિણામમાં તો ફરક છેજ. જો એમ ન માનીએ તો મિથ્યાદષ્ટિનું ઉત્કૃષ્ટ વર્તન બીજું ફળ દેનાર માનવું પડે.

**પ્રશ્ન ૧૦૯૧–** हिंसा०' એ સૂત્રની આગળ મહાવ્રતની સિદ્ધિ કર્યા છતાં સંવરઅધ્યયનમાં ચારિત્રશબ્દ શા માટે ઉભો કર્યો?

**સમાધાન–** પ્રથમ તો પાંચે ચારિત્રોમાં મહાવ્રતો તો છેજ એટલે મહાવ્રતની અપેક્ષાએ ચારિત્રમાં તારતમ્યતા નથી. જો કે દિગંબરો કે જેઓ શ્વેતાંબરો એટલે કે જેઓ વસ્ત્રયુક્ત મુખ્યતાએ છે તેમાંથી નીકળેલા હોવાથી દિશારૂપ વસ્ત્રવાળા અમે છીએ એમ કહી પોતાને દિશારૂપ વસ્ત્રવાળા કહેવડાવે છે. તેઓના હિસાબે તો મહાવ્રતમાં નિર્ગ્રંથતા છે એટલે ચારિત્રપદનો પરાવર્ત્ત નકામો છે. પરંતુ શ્વેતાંબરો મમત્વને ગ્રંથ માનતા હોવાથી નિર્ગ્રંથના પાંચ પ્રકાર અને ચારિત્રના

પ્રકારો પણ માનવાની જરૂર છે. વળી તિર્યંચો સર્વથા હિંસાદિના ત્યાગવાળા હોય પણ ચારિત્રવાળા હોય નહિ. આ હકીકત પણ મમત્વને ગ્રંથ તરીકે માનનાર અને સામાચારીને ચારિત્ર માનનારજ માની શકશે.

**પ્રશ્ન ૧૦૯૨**–શ્રીતત્વાર્થસૂત્રમાં 'तत्प्रमाणे' એમ કહી પરોક્ષ અને પ્રત્યક્ષ એમ બેજ પ્રકારનાં પ્રમાણો જણાવવામાં આવે છે અને શ્રીઅનુયોગદ્વાર તથા શ્રીભગવતીજી વિગેરેમાં સ્પષ્ટપણે પ્રત્યક્ષ, અનુમાન-આદિ ચાર પ્રકારનાં પ્રમાણો જણાવવામાં આવ્યાં છે, તો પછી એ તત્ત્વાર્થસૂત્રને શ્વેતાંબરાચાર્યે કરેલું છે એમ કેમ માની શકાય ?

**સમાધાન**–પ્રથમ તો અનુયોગદ્વાર અને શ્રીભગવતીજી વિગેરેમાં પ્રત્યક્ષ,અનુમાનાદિ ચાર પ્રમાણો જણાવ્યાં છે તેમજ શ્રીનંદીસૂત્ર, ઠાણાંગ તથા જીતકલ્પઆદિ અનેક શ્વેતાંબરશાસ્ત્રોમાં પરોક્ષ અને પ્રત્યક્ષ એવા પ્રમાણના બે ભેદો પણ જણાવેલા છેજ.

**પ્રશ્ન ૧૦૯૩**–કેટલાક શ્વેતાંબરશાસ્ત્રોમાં પરોક્ષઆદિ બે પ્રમાણો જણાવ્યા છે તો પછી કેટલાકમાં ચાર પ્રમાણો કેમ જણાવ્યા છે ?

**સમાધાન**–અનુયોગ કરનારે પોતે પદાર્થનો નિશ્ચય પરોક્ષ અને પ્રત્યક્ષ એ બે પ્રમાણોદ્વારાએ કરવાનો હોય છતાં શ્રોતાને અનુયોગ કરતાં તેને પ્રત્યક્ષ અનુમાનાદિકથી અવગતિ હોવાથી તે ચાર પ્રમાણો દ્વારાએ સમજાવવું જરૂરી છે. માટે વ્યાખ્યાતાની અપેક્ષાએ બે પ્રમાણ હોય છતાં શ્રોતાની અપેક્ષાએ ચાર પ્રમાણ કહેવામાં અડચણ નથી. જગતમાં સમુદ્રના માપ છે. માઈલ, ફર્લાંગ, હાથ અને અંગુલદ્વારાએ જાણનારો શિક્ષક સામાન્યમનુષ્યને સમુદ્રનું માપ મોટી સંખ્યાએ બતાવે અને અજ્ઞાન બાલકને હાથ પહોળા કરીને બતાવે તેમાં ખોટું નથી. આજ કારણથી પ્રદેશીરાજાના વૃત્તાંતમાં વાયુનું તોલ ન ગણાયું અને સર્વજ્ઞની સિદ્ધિના પ્રકરણમાં પ્રમાણપંચકથી અગ્રાહ્યતા માની એટલુંજ

નહિ પરંતુ મીસાંસકે માનેલ કનક અને ઉપલનો સંયોગ અનાદિ માનીને અનાદિકર્મસંયોગના નાશની સિદ્ધિ મનાવી.

**પ્રશ્ન ૧૦૯૩**–નૈગમાદિનયો જ્યારે પ્રમાણના અંશરૂપ છે તો પછી 'प्रमाणनयैरधिगमः' એ સૂત્રમાં નયને લેવાની જરૂર શી ?

**સમાધાન**–એકેક નયે ધર્મોને વિચારતાં, જાણતાં અને માનતાં પ્રમાણથી નિશ્ચિત પદાર્થ જણાય માટે નયોને પણ જ્ઞાનનું સાધન ગણ્યું અને પ્રમાણના અંશ તરીકે પણ ગણ્યા.

**પ્રશ્ન ૧૦૯૪**–નયોથી થતું જ્ઞાન જો સમ્યક્ હોય તો 'प्रमाणनयैरधिगमः' એ કહેવું વ્યાજબી ગણાય અને જો સર્વ નયો મિથ્યા દૃષ્ટિ હોય તો પછી નયોથી જ્ઞાન થવાની વાત કેમ મનાય ?

**સમાધાન**–વિરૂદ્ધ એવા વર્તમાનધર્મોનું ખંડન કરનાર એવો જે નય હોય તે મિથ્યા છે બાકી વિરૂદ્ધ વર્તમાનધર્મની સાપેક્ષ એવા નયથી અંશે થતો બોધ તે નયના સમુદાયરૂપ અને પ્રમાણભૂત બની શકે છે.

**પ્રશ્ન ૧૦૯૬**–શાસ્ત્રોમાં સ્થાને સ્થાને જ્ઞાનનય અને ક્રિયાનયનો વિચાર કરવામાં આવે છે, પરંતુ કોઈ પણ જગો પર દર્શનનયનો વિચાર કેમ કરવામાં નથી આવતો ?

**સમાધાન**–ઉપક્રમ, નિક્ષેપ અને અનુગમ એ ત્રણે દ્વારોથી સૂત્રોની જે વ્યાખ્યા કરાય કે માને તે શ્રીજૈનશાસનને પ્રતિપન્નની અપેક્ષાએ હોય છે એટલે અનુગમ સુધી વ્યાખ્યા થયા પછી તે વ્યાખ્યાને જ્ઞાનની મુખ્યતામાં ઉતારાય અને ક્રિયાની પ્રધાનતામાં ઉતારાય માટે ચોથા અનુગમ નામના અનુયોગ પછી નયના નામનો અનુયોગ રાખ્યો અને ચારિત્ર અને જ્ઞાનગુણમાં રહેલાનેજ પર્યવસાને સાધુ તરીકે માન્ય ગણ્યો. 'ज्ञानक्रियाभ्यां मोक्षः' અને 'सुयं सेयं सीलं सेयं' એ વિગેરે સૂત્ર પણ પ્રતિપન્નદર્શનોની અપેક્ષાએ લેવા. બાકી સામાન્યનરોની અપેક્ષાએ તો શ્રીઆવશ્યકનિર્યુક્તિના વંદનાધ્યયનમાં દર્શનપક્ષ લેવામાં

આવેલોજ છે, જેમ સર્વદર્શનવાળાઓની અપેક્ષાએ સમ્યગ્દર્શનાદિ ત્રણે મોક્ષમાર્ગ તરીકે લીધાં છે તેમજ પુણ્ય–પાપને પણ ઇતર તત્ત્વોના અભાવ રૂપ ન હોવાથી તત્ત્વમાં ન લીધાં પણ જૈનની અપેક્ષાએ એ તત્ત્વો જ છે.

**પ્રશ્ન ૧૦૯૭**–સમ્યગ્દર્શનના પ્રતિપન્નોની અપેક્ષાએ જ્ઞાનક્રિયાની માફક શ્રુતશીલ લેવામાં આવ્યાં હોય તો જ્ઞાનપક્ષમાં દેશવિરાધના કહી તેમ ક્રિયાપક્ષમાં પણ દેશવિરાધના હોવી જોઇએ ?

**સમાધાન**–જ્ઞાન અને ક્રિયા અથવા શ્રુત અને શીલના અંશો સરખા છતાં જ્ઞાન અને શ્રુતની મહત્તાને લઈને માત્ર દેશની વિરાધકતા રખાય જેમ ક્રોધને શમાવવા રૂપ આરાધકતા સરખી, છતાં સ્વપક્ષની ક્ષમાની મહત્તા હોવાથી તેમાં દેશવિરાધકતા શ્રીજ્ઞાતાસૂત્રમાં રાખવામાં આવી છે, અને પરપક્ષની ક્ષમાને દેશઆરાધકતાની દશા જણાવી છે તે સમજી શકાય નહિ તેમ નથી. આશ્ચર્યની વાત તો એ છે કે બન્ને જગો પર જ્ઞાન અને સ્વપક્ષનું સહન કરનારને જ્યારે દેશથી વિરાધક ગણ્યા છે, જ્યારે ક્રિયા અને પરપક્ષનું સહન કરનારને દેશથી પણ આરાધક કહ્યા છે. આ વસ્તુનો વાસ્તવિક ખુલાસો ત્યારેજ થાય કે જ્યારે સમ્યગ્દષ્ટિ જીવ આરાધનાની મહત્તાને જેટલું અગ્રપદ આપે તેના કરતાં અલ્પ પણ વિરાધનાને ઘણું અગ્રપદ આપે, જ્યારે અન્ય સંસ્કારવાળાઓ તો 'ન્હાયા એટલું પુણ્ય' એમ માનનારા હોઈ અલ્પ પણ આરાધનાને અગ્રપદ આપે એ વસ્તુ સામાન્યથી લક્ષ્યમાં આવે. વસ્તુતઃ જ્ઞાનવાન્ થઈને સદાચારથી દૂર રહેનાર ભવસન્મુખ જનાર અને ભદ્રિકપણે ક્રિયા કરનાર મોક્ષ સન્મુખ થનાર થાય એ ભાવાર્થમાં અસંગતતા નથીજ. ક્ષમાના વિષયમાં પણ શ્રમણ મહાત્મા અન્યના આક્રોશાદિકને સહન કરનાર પોતાને કહે તેટલી પણ વિરાધના એને ડૂબવાની સ્થિતિવાળી છે, જ્યારે શાસનબહારનો મનુષ્ય અલ્પ પણ સહન કરે તે આગળ વધારનારો થાય છે. જ્ઞાનક્રિયા અને સ્વપર ક્ષમામાં

એકેક વ્યક્તિને ધારીને જુદા જુદા વિષય લઈને સર્વ-દેશ આરાધક-વિરાધકપણું લેવામાં પણ અસંગતતા આવશે નહિ. એક દેવદત્ત વિનયવૈયાવચ્ચાદિ કાર્યોમાં જ્ઞાનક્રિયાના ઉભય અન્યતર અને અનુભયવાળો હોય અગર એક આક્રોશમાં સ્વપરના ઉભય અન્યતર અને અનુભયના સહનવાળો થાય ત્યારે સર્વ-દેશ આરાધના-વિરાધના થાય એ અસંભવિત નથી, પરંતુ અંશે વિજ્ઞાતધર્મતા અને ઉપરતતા માનવી જોઈએ. અન્યથા શ્રદ્ધાદ્વારાએ ઉભયસંપન્નતા છતાં તેની વિવક્ષા ન કરી પૃથક્ પૃથક્ વિષયોની વિવક્ષા કરી આરાધકતાદિ વિચારાય, એક વાત જરૂર ધ્યાનમાં રાખવા જેવી છે અને તે એ કે જ્ઞાન અને ક્રિયાનું સૂત્ર અન્ય-તીર્થીય વક્તવ્યતાની સ્પર્ધામાં છે અને ક્ષમાનું સૂત્ર સ્વાભાવિક છે એટલે જ્ઞાન અને ક્રિયાના વિભાગો સર્વજીવવ્યાપક લેવાય અને સ્વપરસહનનાં સૂત્રો શાસનાંતર્ગતો માટે લેવાય અને તેથીજ સહનમાં સ્વ અને પરપક્ષ તરીકે વિવક્ષા કરી અને અહિં સમ્યગ્-મિથ્યા જ્ઞાન કે ક્રિયાની વિવક્ષા ન કરી.

**પ્રશ્ન ૧૦૯૮**-સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિની શ્રદ્ધાનો નિયમ શી રીતે સમજવો ?

**સમાધાન**-'**तत्त्वार्थश्रद्धान सम्यग्दर्शनं**' **तत्त्वा०** '**भूयत्थेणाहिया**' **उत्त०** '**तत्तत्थसद्दहाणं०**' **पंचाशक०** વિગેરે શાસ્ત્રવચનોથી એ નક્કી છે કે જીવાદિની સાચી શ્રદ્ધાવાળોજ સમકિતી હોય અને સમકિતી જીવ હોય તે સાચી શ્રદ્ધાવાળોજ હોય. એટલે સમ્યક્ત્વવાળાને શ્રીજિનેશ્વરોના વચનને આધારેજ તત્ત્વ માનવાનું હોવાથી સાચી શ્રદ્ધાજ હોય. સમ્યક્ત્વવાળાની ભવિતવ્યતા એટલી બધી અનુકૂલતાવાળી હોય કે તેને ખોટા પદાર્થને માનવાનો સંભવ થાયજ નહિ. ભવિતવ્યતા અને અપૂર્વકરણાદિથી સમ્યક્ત્વ પામીને સાચી શ્રદ્ધાવાળો થયો હોય તેવાને પણ ભવિતવ્યતા અને મોહમહીધરની પ્રતિકૂલતા થાય એટલે કાં તો કુગુરુનો યોગ થાય અને શ્રદ્ધાથી પડે અથવા અજ્ઞાન છતાં નિશ્ચય કરવા તરફ દોરાઇને સાચી શ્રદ્ધા ગુમાવી મિથ્યાત્વીની દશામાં જઈ પડે. જો અજ્ઞાનના દોષે

અને કુગુરૂના સંગે સમ્યક્ત્વથી પતિત ન થવાતું હોત તો સમ્યક્ત્વનો અમરપટ્ટોજ જગતમાં રહેત. તત્ત્વ એટલુંજ કે કર્મની લાઘવતાને લીધે ભગવાન્ જિનેશ્વરમહારાજે કહેલા તત્ત્વની સમ્યક્ત્વ હોય ત્યાંસુધી પ્રતીતિ થાયજ. મુમૂર્ષુ આતુર જેમ કહ્યું પથ્ય ગ્રહણ ન કરે એટલુંજ નહિ પણ અણકહ્યું કે કહ્યું એવું અપથ્યજ ગ્રહણ કરે તેમ મિથ્યાદષ્ટિ જીવ હોય કે થાય, ત્યારેજ ઉપદેશેલા પણ તત્વની શ્રદ્ધા ન કરે, પરંતુ ઉપદેશેલા કે અનુપદેશેલા પણ અતત્ત્વની શ્રદ્ધા કરે છે. ધ્યાન રાખવું કે ઉપદેશેલા કે અનુપદેશેલા પણ અતત્ત્વની શ્રદ્ધા મિથ્યાત્વ છે. વિરૂદ્ધ પદાર્થની શ્રદ્ધા થાય છતાં સમ્યક્ત્વ ગણવું અને સાચાપદાર્થની શ્રદ્ધા સાંભળવામાં આવ્યા છતાં શ્રદ્ધા ન થાય છતાં પણ સમ્યક્ત્વ માનવું એમ અજ્ઞાન અને ગુરૂના નામે બચાવ કરવો ક્યાં સુધી ટકે?

**પ્રશ્ન ૧૦૯૯**–સાંજે પ્રતિક્રમણના ૭ આવશ્યકમાં દેવવંદન આવતું નથી માટે તે ન કરે તો અડચણ શી?

**સમાધાન**–૭ આવશ્યકરૂપ પ્રતિક્રમણ જો કે પંચઆચારની શુદ્ધિને માટે છે એ વાતમાં બે મત નથી, પરંતુ ધ્યાન રાખવાની જરૂર છે કે પંચઆચારની શુદ્ધિ કરતાં પણ સમ્યક્ત્વની ક્રિયા અત્યંત જરૂરી છે. અને ત્રિકાલદેવવંદન કરવું એ સમ્યક્ત્વવંતની ક્રિયા છે, વળી મહાનિશીથમાં સાંજના દેવવંદન કર્યા સિવાય પ્રતિક્રમણ કરનારને પ્રાયશ્ચિત જણાવેલું છે માટે ચૈત્યવંદન એ ૭ આવશ્યકથી પ્રથમ કર્ત્તવ્યજ છે.

**પ્રશ્ન ૧૧૦૦**–પ્રતિક્રમણ કરનારા જે હોય તેઓને સામાયિક ન હોય અથવા તો વખત બે ઘડી ન જોઇએ એમ ખરૂં?

**સમાધાન**–પ્રતિક્રમણનાં ૭ આવશ્યક હોવાથી સામાયિક તો જરૂર જોઇએ વળી 'जावनियमं'નો અર્થજ ચૂર્ણિકાર જઘન્યથી બે ઘડી કહે છે માટે કોઇપણ સામાયિક બે ઘડીથી ઓછી મુદતનું હોયજ નહિં.

**પ્રશ્ન ૧૧૦૧**–પચ્ચક્ખાણભાષ્ય ગાથા ૯ મધ્યના પચ્ચક્ખાણોમાં

'સૂરે ઉગ્ગએ' વિગેરે પદ જુદા જુદા ન કહેવા તો આદિ શબ્દથી 'ઉગ્ગએ સૂરે' પદ લેવું કે નહિ? અને આયંબિલ એકાસણાના પચ્ચખ્ખાણમાં શરૂઆતમાં 'ઉગ્ગએ સૂરે' એ વખત બોલાય છે તે બોલાય કે નહિ?

**સમાધાન**-મધ્યના પચ્ચખ્ખાણોમાં 'ઉગ્ગએ સૂરે' ન બોલવું એનો અર્થ એટલો છે કે વિગય, નિવિ, અને આયંબીલના પચ્ચખ્ખાણ એકાસણા બેસણાના પચ્ચખ્ખાણ અને 'પાણસ્સ લેવેણ વા'ના અને દેશાવગાસિકમાં 'ઉગ્ગએ સૂરે' કે 'સૂરે ઉગ્ગએ' ન બોલવું અંગુષ્ઠ-સહિત મુટ્ઠસીમાં પણ ન બોલવું. આદિશબ્દથી 'ઉગ્ગએ સૂરે' આવે. 'વોસિરેઈ વોસરામિ' શબ્દ પણ ન બોલવો એ પણ સ્પષ્ટ છે 'ઉગ્ગએ સૂરે' કે 'સૂરે ઉગ્ગએ' એ પદ પહેલું આવે છે. 'વોસિરેઈ વોસિરામિ' એ પદ છેલ્લું આવે છે. વસ્તુતાએ નમુક્કારસિ પોરસિ વિગેરે પચ્ચખ્ખાણો મુહૂર્ત અને પોરસસુધીના વખત સુધીના હોય છે એટલે તેને સૂર્યના ઉદયથી મુહૂર્ત વિગેરેનો અવધિ લેવો પડે છે. પરંતુ વિગય એકાસણા વિગેરેના પચ્ફખાણો આખા દિવસ માટે હોય છે તેથી તેમાં મુહૂર્ત પોરસ વિગેરે અવધિ નથી અને તેથી અવધિવાળા 'ઉગ્ગએ સૂરે' કે 'સૂરે ઉગ્ગએ' પદની જરૂર નથી એ સ્વાભાવિક છે. યાદ રાખવું કે વિગય વિગેરે પચ્ચક્ખાણો દિવસના છે અને પચ્ચક્ખાણો ઉત્તરગુણ રૂપ હોવાથી તેને ધારણ કરનારા રાત્રિભોજનવિરમણરૂપી મૂળગુણ ન ધારણ કરનારા હોઈ નોકારસી વિગેરે પચ્ચક્ખાણોમાં 'ઉગ્ગએ સૂરે' એ વખત બોલવાનું શાસ્ત્રોક્ત નથી. પરંતુ પુરિમડ્ઢ અને અવડ્ઢના પચ્ચખ્ખાણ જુદા હોવાને લીધે તે ભેળા લેવા હોય તો 'સૂરે ઉગ્ગએ' જુદું સાથે સાથે બોલવું પડે છે.

**પ્રશ્ન ૧૧૦૨**-પચ્ચક્ખાણભા૦ ગાથા ૧૦ ઉત્તરાર્ધ- 'दुविहारे अचित्तभोइणो' એકાશન વિગેરે દુવિહારવાળું કર્યું હોય અને અચિત્ત-ભોજી તો પાણીના આગાર લેવા તો અચિત્તભોજીમાં અચિત્ત-પાણી આવી જાય કે કેમ? અથવા તો ઉત્તરાર્ધનો અર્થ કેવી

રીતે કરવો ?

**સમાધાન**–એકાસણાં વિગેરે દુવિહારે પણ સંપ્રદાય વિશેષે અત્યારે નથી થતાં છતાં પણ થતાં હોય અગર કોઈ કરે તો પણ તેને 'પાણસ્સ લેવેણ વા'ના આગાર લેવા જોઈએ. વળી એકાસણું વિગેરે વિશેષ પચ્ચખ્ખાણ ન હોય છતાં અચિત્ત ભોજન અને પ્રાસુક પાણીનો નિર્ણય હોય તો પણ તેણે પાણસ્સના આગાર લેવા જોઇએ. આવી રીતનો સંપ્રદાય પણ સુવિહિતોમાં અને આખા શ્રીસંઘમાં ચાલે છે. કોઈક પરંપરા અને શાસ્ત્રને ન માનનારા અને ન સમજનાર અન્યથા કરે તે વાત પ્રમાણભૂત ગણાય નહિ,

**પ્રશ્ન ૧૧૦૩**–શ્રાવકો અને સાધુઓને પોરિસી વિગેરે તિવિહારે થઇ શકે છે તો તે બાબતમાં પચ્ચખ્ખાણ–ભાષ્યની ગા. ૧૨મીનો ભાવાર્થ બરાબર **છે કે** જુદી રીતે ?

**સમાધાન**–પચ્ચખ્ખાણ કરનારાઓના ઉત્સાહને માટે કેટલુંક વિવેચન ભાવાર્થરૂપે છે પરંતુ ગાથાના અર્થને અનુસરતું હોઇ બાધકારક નથી.

**પ્રશ્ન ૧૧૦૪**–અત્યારે તિવિહારે પોરિસી કરી શકાય કે નહિ ? અને કરે તો ક્યારે અને કેવી રીતે પાણી પીએ ?

**સમાધાન**–સાધુ અને શ્રાવક બંનેને નોકારશી તો ચોવિહાર કરવાનીજ છે એ વાત ઘણી વખત પ્રત્યાખ્યાનભાષ્યમાંજ જણાવેલી છે. મુનિ અને શ્રાવક પોરિસી તિવિહાર કરે તો નોકારશી ચોવિહાર–પચ્ચખ્ખાણ કરી પોરિસી વિગેરેનો તિવિહાર કરે તો કરી શકે પરંતુ તેવી સામાચારી કે સંપ્રદાય નથી.

**પ્રશ્ન ૧૧૦૫**–અસ્થિર અને સ્થિર, શુભ અને અશુભ એ ચારે ધ્રુવોદયી છે તે ૧૩મા ગુણઠાણા સુધી રહે છે તો વચમાં હાડ, દાંત કેમ ભાંગી જતાં હશે અને સ્થિરનામકર્મનો ઉદય હોય તેને ૧૩મા

ગુણઠાણા સુધી રહેવા જોઇએ ?

**સમાધાન**–તે તે હાડ દાંત બાબતમાં અસ્થિરકર્મ ઉદયમાં આવે તો હાડ દાંત વિગેરે તૂટે તેમાં આશ્ચર્ય નથી. જેટલા પૂરતો સ્થિરનામકર્મનો ઉદય હોય તેટલા પુરતો સ્થિર રહે. બધા અસ્થિર થતા નથી. લોહીનું ફરવું યોગને લીધે હોય છે અને યોગની ચંચળતા આત્મપ્રદેશની ચંચળતાને લીધે હોય છે. સ્થિર–અસ્થિરપણું હાડકા વિગેરેની અપેક્ષાવાળું છે. ઉપર કહેલી લોહીની વાત સમજાશે એટલે તીર્થંકરમહારાજને અસ્થિરના ઉદયના પ્રસંગની શંકા નહિ રહે.

**પ્રશ્ન ૧૧૦૬**–શુભ, અશુભ. નાભી નીચેના અંગો તે અશુભ અને ઉપરના અંગો તે શુભ, આ પ્રમાણે અર્થ કરીએ તો તીર્થંકર મહાત્માને દેવતાઓ પૂજે છે તો તેમને સર્વાંગે શુભનામકર્મ માનવું પડે અને અન્યજીવોને નાભી નીચેના ભાગોને અશુભ માનવા પડે તો અન્યજીવોને નાભી નીચેનો ભાગ શુભ પ્રાપ્ત થાય કે નહિ ?

**સમાધાન**–મુખ્યતાએ ગુણ અને પ્રીતિ વિગેરેની અપેક્ષા સિવાય આ વ્યવસ્થા કરેલી છે તેથી અરિહંતમહારાજ કે આચાર્યાદિના નાભી વિગેરેથી નીચેના અંગો પૂજ્ય થાય તેમાં આશ્ચર્ય નથી.

**પ્રશ્ન ૧૧૦૭**–ચૈત્યવંદનભાષ્યમાં કહ્યું છે કે કાઉસ્સગ્ગમાં આડ પડતી હોય તો અન્ય સ્થલે જવું તો પતિક્રમણમાં આડ પડતી હોય તો અન્ય સ્થળે જવું કે આડ ન ગણવી ?

**સમાધાન**–સર્વક્રિયા ગુરૂ આદિની સાક્ષીએ તેમની સમક્ષજ કરવાની છે તેથી ગુરુ આદિની સાક્ષીએ કરાતી ક્રિયામાં સર્વત્ર આડ વારવાની છે, પરંતુ કાયોત્સર્ગમાં સ્થાનનો નિયમ હોવાથી આડની વખતે આગળ આવવાના આગાર માટે એ વાત જણાવવામાં આવી છે.

**પ્રશ્ન ૧૧૦૮**– ચૈત્યવંદનભાષ્યમાં શાસનદેવનું સ્મરણ કરવાનું કહેલ છે તો દરરોજ શાસનદેવનું પ્રક્ષાલન અને પૂજા થાય છે તે

કરવું ઊચિત છે?

**સમાધાન**-દેવવંદનના બારે અધિકારો સાધુ અને શ્રાવક બંનેને અંગે સાધારણ કહેવામાં આવ્યા છે, તેથી ભાષ્યમાં બાર અધિકાર વખતે સ્મરણ માત્ર શાસનદેવતાદિકનું જણાવ્યું છે હમેશાં પક્ષાલન પૂજન કરવું એ સાધાર્મિકભક્તિ અને સુલભબોધિપણાને માટે અનુચિત ગણાય નહિ.

**પ્રશ્ન ૧૧૦૯**-દેરાસરમાં અશુભવિગેરે થાય તો શું કરવાથી આશાતના દૂર થાય?

**સમાધાન**-સામાન્ય અશુચિ હોય તો એટલું સ્થાન ધોવાથી અને વિશેષ અશુચિ થાય તો સ્નાત્રપૂજા અને મંદિર ધોવા વિગેરેથી પણ કરાય.

**પ્રશ્ન ૧૧૧૦**-શ્રાવકના અતિચારમાં 'બેસતાં નવકાર ન ભણ્યો ઊઠતાં પચ્ચખ્ખાણ કરવું વિસાર્યું" એવું જે આવે છે તે એકાસણું વિગેરે કર્યા પછી પચ્ચખ્ખાણ લેવું જોઈએ તે માટે છે કે બીજા માટે?

**મસાધાન**-પૌષધ વિગેરેમાં એકાસણું કર્યું હોય ત્યારે અથવા સામાન્યપણે પણ એકાસણાવિગેરે કરવા બેસતાં પચ્ચખ્ખાણ પહેલાં પાર્યું હોય તો પણ ઇષ્ટ સ્મરણ માટે પહેલાં નવકાર ગણવો જોઇએ, અને એકાસણા વિગેરેમાં ઘણા આગાર હોવાથી આગારના ઓછાપણા માટે તિવિહારનું પચ્ચખ્ખાણ કરવુ જોઈએ અને ન કરે તો તપાચારમાં દૂષણ લાગે માટે કહ્યું છે.

**પ્રશ્ન ૧૧૧૧**-ત્રણ કાળ કેવી રીતે ગણવા?

**સમાધાન**-કેટલાક ગ્રંથકારના કહેવા પ્રમાણે ત્રણે સંધ્યાઓની આગળ પાછળની એક એક ઘડી લેવી. અને કેટલાકના કહેવા પ્રમાણે સૂર્ય ઉદય અને આથમ્યા પછીની બે ઘડી સવાર સાંજની સંધ્યા વખતની ગણવી. મધ્યાહ્નને મધ્યરાત્રિની આગળ પાછળની એક એક ઘડી ગણવી.

**પ્રશ્ન ૧૧૧૨**–કેટલાક સાધુ અંદર કપડો નાખ્યા સિવાય એકલી કામળી ઓઢવાનું નિરૂપણ કરે છે તે વાજબી છે કે કેમ ?

**સમાધાન**–શ્રીનિશીથચૂર્ણિના પ્રથમ ઉદ્દેશામાં નીચે જણાવ્યા પ્રમાણે કપડા માટે વિધિ હોવાથી એકલી કામળી ઓઢવી તે ઉચિત જણાતું નથી –

**'इक्क' पाउरमाणो, खोमियं उन्निए लहुमासो ।**
**दुन्निय पाउरमाणो अंतो खोमी बहिं उन्नी ॥१॥**
**छप्पइयपणगरक्खा भूसा उज्झायणा य परिहरिया ।**
**सीयत्ताणं च कयं तेण य खोमं न बाहिरओ ॥२॥**

**एतच्चूर्णियंथा–इमं खोमियं कार्पासिकं पाउणिज्जइ उन्नियमेगं न पाउणिज्जइ अह पाउणइ मासलहुं च से पच्छित्तं पच्छद्धं कंठं ॥१॥ खोमियस्स अंतो उन्निअस्स बहिं परिभोगे इमे गुणा 'छप्पइ' गाहा व्याख्या–कप्पासिए छप्पइया न सम्भवन्ति इयरहा बहू भवंति, 'पणग' उल्ली अंतो उन्निअं पाउणिज्जमाणं मलीमसं तत्थ मलिमसे उल्ली भवति, सा य विहिपरिभोगेण रक्खिया भवइ, बाहिं खोमिएण विभूसा भवइ सावि उज्झिया य परिहरिया भवति, वत्थं मलक्खमं न कंबलि, मलिमसा य कंबलि दुग्गंधा, सावि उज्झायणा परिहरिया भवइ, पडिगम्मा कंबलीइ सीयत्ताणं कयं हवइ, एएहिं कारणेहिं बहिं न पंगुरिज्जा' इति श्रीनिशीथभाष्यचूर्णौ प्रथमोद्देशके ॥२॥**

ભાષ્યકારમહારાજ જણાવે છે કે એક વસ્ત્ર ઓઢવું હોય તો સૂત્રનું ઓઢવું, પણ ઊનનું એકલું જો ઓઢે તો લઘુમાસ પ્રાયશ્ચિત આવે એક વસ્ત્ર ઓઢવાનો વિધિ બતાવીને બે વસ્ત્રના ઓઢવાના વિધિમાં જણાવે છે કે બે વસ્ત્ર ઓઢતો સાધુ અંદર સૂત્રનું બહાર ઊનનું વસ્ત્ર ઓઢે, ઊનનું વસ્ત્ર બહાર રાખવું અંદર સૂત્રનું રાખવું તેનુ કારણ

જણાવતાં ફરમાવે છે કે ઊનનું વસ્ત્ર એકલું અંદર ન ઓઢવાથી જૂઓ અને લીલફુલની રક્ષા થાય છે તેમજ કામળીની મલીનતા જેને લીધે લોકોમાં થતી નિંદા તેનો પણ પરિહાર થાય છે, અને ટાઢથી બચવાનું વધારે થાય છે. તેથી સૂત્રનું વસ્ત્ર અંદર રાખવું પણ બહાર ન રાખવું. ચૂર્ણિકારમહારાજ કહે છે કે-એકલું ક્ષૌમિક એટલે કપાસનું ઓઢવું પણ એકલું ઊનનું ન ઓઢવું. જો કોઈ એકલું ઊનનું ઓઢે તો તેને માસલઘુ પ્રાયશ્ચિત્ત આવે. એક વસ્ત્ર ઓઢવાનો વિધિ જણાવ્યો બે વસ્ત્ર ઓઢવાના વિધિવાળી ગાથાનું પશ્ચાર્ધ સુગમ છે. સૂત્રના વસ્ત્રનો અંદર પરિભોગ કરવાના અને ઊનના વસ્ત્રનો બહાર પરિભોગ કરવાના આ ફાયદા છે. સૂત્રના વસ્ત્રમાં તેટલી જૂઓ નથી હોતી. ઊનના વસ્ત્રમાં (પરસેવાથી) બહુ જૂઓ થાય છે. અંદર ઊનનું વસ્ત્ર ઓઢાય અને તે મેલું થાય તો તે મેલા ઊનના વસ્ત્રમાં લીલ-ફુલ જલ્દી થાય. માટે અંદર સુતરનું અને બહાર ઊનનું વસ્ત્ર વાપરવાથી જૂઓની માફક લીલફુલની પણ રક્ષા થાય. બહાર સુતરનું વસ્ત્ર વાપરવાથી શોભા થાય તેનો પણ બહાર ઊનનું વસ્ત્ર વાપરવાથી પરિહાર થાય. સુતરનું વસ્ત્ર મેલ સહન કરી શકે છે પણ ઊનનું વસ્ત્ર મેલ સહન કરી શકતું નથી. મેલું થયેલું ઊનનું વસ્ત્ર દુર્ગંધી થાય છે તેથી અપભ્રાજના થાય તેનો પણ ઊનનું વસ્ત્ર બહાર રાખવાથી પરિહાર થાય સુતરનું વસ્ત્ર અંદર હોય તેવી કામળીથી ટાઢનો પણ બચાવ સારો થાય એ કારણોથી (સૂત્રનું વસ્ત્ર અંદર ઓઢવું) પણ બહાર ન ઓઢવું. એવી રીતે નિશીથચૂર્ણિમાં પ્રથમ ઉદ્દેશમાં નિરૂપણ કરેલું છે.

આ ઉપરથી એકલું કામળીનું વસ્ત્ર જેઓ ઓઢે છે તેઓ શાસ્ત્રના વચનથી વિરૂદ્ધ વર્તનારા અને વિરાધનાવાળા છે. પરંતુ જેઓ એકલું ઊનનું વસ્ત્ર ઓઢવાનું પ્રતિપાદન કરે છે તેઓ તો તેમ આચરીને વિરાધના કરે છે એટલું જ નહિ પરંતુ પોતાના આત્માને ઉત્સૂત્રભાષકપણામાં મેલે છે.

**પ્રશ્ન ૧૧૧૩**-કૈવલ્યજ્ઞાન આત્મામાં શક્તિરૂપે હોવાથી કર્મને દૂર કરવા પ્રયાસ કરવાની જરૂર નથી. પણ આત્માની શક્તિ પ્રગટ કરવાથી આપેઆપ કર્મનાશ થાય છે. કર્મના આવરણ માનવાની જરૂર નથી, તો કૈવલ્યજ્ઞાન આત્મામાં શક્તિરૂપે માનવું કે સત્તાપણે માનવું?

**સમાધાન**-(અ) શ્વેતાંબર, દિગંબર અને સ્થાનકવાસી વિગેરે સર્વ જૈનમતવાળાઓ અને સૂત્રકારો આત્માના જ્ઞાનાદિગુણોને આવરવાવાળા જ્ઞાનાવરણીયાદિ કર્મો માને છે અને શાસ્ત્રકારો પણ કહે છે. માટે જ્ઞાનાવરણીયાદિ વિગેરેને આવરણરૂપે નહિ માનનારો જૈનધર્મને પામેલોજ નથી.

(આ) આત્મામાં જો શક્તિરૂપે સર્વદા જ્ઞાન રહેલું છે એમ માનવામાં આવે તો લોકાલોકપ્રકાશ રૂપે કાર્ય થવુંજ જોઇએ. કેમકે કેવળજ્ઞાનની શક્તિ એજ છે. આવરણકર્મ વસ્તુને આવરનાર છે. માટે સત્તારૂપે માની શકાય, વળી આવરણના ક્ષયઆદિ થયા હોય ત્યારેજ શક્તિરૂપે મનાય, મત્યાદિના આવરણનો નાશ હોય છે ત્યારેજ તે મત્યાદિને લબ્ધિ એટલે શક્તિરૂપે મનાય છે.

(ઇ) **"सव्वपावप्पणासणो" 'पावाणं कम्माणं निग्घायणट्ठाए'** ઇત્યાદિ વાક્યો અને સંવર તથા નિર્જરાતત્ત્વ (સંયમ અને તપ) ત્યારે વ્યાજબી ગણાય કે કર્મને રોકવા લાયક માનવામાં આવે. છેવટે "नमो अरिहंताणं" પણ ત્યારેજ વ્યાજબી ગણાય કે જ્યારે કર્મને હણવા લાયક મનાય.

(ઈ) આત્માના પ્રયાસથી આવરણકર્મનો નાશ ન માનીએ તો શક્તિને પ્રગટ થવાનું કે ન થવાનું કારણ રહેતું નથી. બીજું પ્રયાસ પણ નહિ થવા થવાનું કારણ આવરણને ન માનીએ તો રહેતું નથી. એટલે કર્મના ક્ષયોપશમાદિક માટે આત્માનો પ્રયાસ થાય છે. અને તેથીજ શક્તિ અગર વસ્તુ પ્રગટ થાય છે એમ માનવું જોઇએ આત્મા લોકાલોકપ્રકાશક ન થાય ત્યાં સુધી આત્મામાં કેવળજ્ઞાન સ્વભાવરૂપ

હોવાથી સત્તારૂપે મનાય, પણ શક્તિરૂપે ન મનાય. નહીતર અભવ્યાદિને શક્તિરૂપે કેવળજ્ઞાન છે એમ કહેવું પડે.

**પ્રશ્ન ૧૧૧૪**–સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી ગૃહસ્થાશ્રમધર્મમાં રહીને ગમે તેવા ભોગ ભોગવે કે લડાઈ કરે અગર ગમે તેવાં કર્ત્તવ્ય કરે છતાં ત્યાં નિર્જરા હેતુભૂત છે? ચેડા રાજાએ લડાઇ કરી હતી, તેમ. ઘણા સમ્યક્ત્વી રાજાઓ લડાઈ કરે તો તેમાં નિર્જરા છે?

**સમાધાન**–(અ) સૂક્ષ્મસંપરાય અને તેનાથી આગળના ગુણઠાણા સિવાય મોહનીયકર્મના બંધનો પણ વિચ્છેદ નથી તો પછી અવિરતસમકિતદષ્ટિ જીવ એકલી નિર્જરાજ કરે છે અને કર્મને બાંધતો નથી એમ કહેવું તે શાસ્ત્રને અનુસરનાર અને શાસ્ત્રની શ્રદ્ધા રાખનારને તો શોભે તેવું નથી.

(આ) અવિરતસમ્યગ્દષ્ટિગુણસ્થાને અવિરતિ, કષાય અને યોગને લીધે કર્મનો બંધ હોય જ છે.

(ઇ) જો સમ્યગ્દષ્ટિ એકલી નિર્જરા કરતો હોય અને હિંસાદિક કરવા છતાં તેને પાપ ન જ લાગતું હોય તો પછી તેને સંવર વિગેરેનો ઉદ્યમ કરવાની જરૂર રહે નહિ, તથા 'अप्पोसि होइ बंधो' એમ જણાવેલું છે તે પણ યોગ્ય ગણાય જ નહિ.

(ઈ) મહાવ્રતાદિક ઉચ્ચારણ કરી સમિતિઆદિને પાલન કરનારા પ્રમત્તસાધુઓને પણ જ્યારે પ્રમાદપ્રત્યયિક બંધ હોય છે તો પછી હિંસા વિગેરે પાપસ્થાનકોમાં પ્રવર્તાવાવાળા સમ્યગ્દષ્ટિ છતાં એકલી નિર્જરાજ કરે છે તેવી માન્યતા સાચી કેમ હોય?

(ઉ) અવિરતસમ્યગ્દષ્ટિથી શરૂ કરીને અપૂર્વકરણગુણસ્થાન સુધીમાં શાસ્ત્રકારો ન્યૂન એક કોડાકોડીસાગરોપમથી ઓછો બંધ નજ હોય એમ જણાવે છે છતાં ચોથે ગુણસ્થાને અવિરતિ વિગેરે છતાં અને આરંભાદિ કરવા છતાં કર્મબંધ હોયજ નહિં અને નિર્જરાજ હોય

એમ માનવું કેમ શોભે ?

(ઊ) કર્મમાત્રની અપેક્ષાએ બંધનો અભાવ એકલા અયોગીગુણસ્થાને જ હોય છે. ઘાતીકર્મના બંધનો અભાવ દશમા પછીથી હોય છે. એ સમજનારો મનુષ્ય કોઇ દિવસ પણ ચોથે ગુણઠાણે બંધનો અભાવ માની શકે નહિં.

**પ્રશ્ન ૧૧૧૫**-સંસારની પ્રવૃત્તિ ગમે તેવી શુભાશુભ હોવા છતાં તે કાર્ય પોતાનો શુદ્ધ આત્મા કરતોજ નથી, પરંતુ ઉદય આવેલી પ્રકૃતિ સંસારમાં જોડાઈ છે, પણ તે કાર્ય અને તે કાર્યના પરિણામથી મારો આત્મા જુદો છે. તેથી કર્મ લાગતાં નથી તેમ સમ્યક્ત્વની માન્યતા હોવાથી સમ્યક્ત્વીને કર્મ લાગતાંજ નથી ?

**સમાધાન**-(અ) સમ્યક્ત્વવાળાને અપ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાનાવરણીય અને સંજ્વલના કષાયો અને વેદાદિનોકષાયોનો ઉદય હોય કે નહિ ? અને હોય તો તે બધા જીવવિપાકી હોઇને આત્માની સ્વરૂપરમણતાને બગાડનારા થાય કે નહિ ? અને તેને બગડેલી પરિણતિ થયા છતાં કર્મ બંધાયજ નહિ એમ કહેવું વિચારવાળાને શોભે કયાંથી ?

(આ) જો કે સમ્યક્ત્વની પરિણતિવાળો દુઃખ કે સુખ વેદતાં કર્મના ઉદયનું સ્વરૂપ વિચારે અને તેથી આર્તરૌદ્રધ્યાનવાળો ન થાય અને તે દ્વારાએ નવાં તેવા ગાઢ પાપો ન બાંધતાં ગાઢ કર્મોને નિર્જરે એમ કહેવામાં વાંધો નથી. પરંતુ હિંસાદિ આશ્રવોમાં પ્રવર્તે, કષાયોમાં તન્મય થાય અને એકલી નિર્જરાજ કરે અને કોઈ પણ જાતનું કર્મ નજ બાંધે એમ કહેવું એ આત્મા અને કર્મના જાણનારાને શોભે નહિ.

(ઇ) સમ્યક્ત્વ પામેલો ગૃહસ્થ અવિરતિ ટાળીને ચારિત્ર લેવાની ઇચ્છાવાળોજ હોય તો પછી જો તેને કર્મબંધ જ ન હોય તો તેને ચારિત્ર લેવાની કે સ્વલિંગ લેવા દ્વારા નિર્વૃતિ કહેવાની જરૂરજ કયાં રહી ?

(ઇ) શાસ્ત્રકારો ઉદયના નિરોધને તથા ઉદયની નિષ્ફળતાને સંવરનું કારણ ગણે છે. તો પછી ઉદયના આધારે વર્તનારાને તો ધર્મનો સ્પર્શ પણ થયો ન ગણાય. તો તે વાતે બંધનો અભાવ થયો તે ગણાય ક્યાંથી ?

(ઉ) જો આત્મા શુદ્ધ છે એવા જ્ઞાનમાત્ર કે વિચારમાત્રથી આત્માની શુદ્ધિ થતી હોય એટલે કર્મ ન લાગવારૂપ સંવર થતો હોય અને કર્મના નાશરૂપ નિર્જરા થઇ જતી હોત તો 'ज्ञानक्रियाभ्यां मोक्षः" 'चरणगुणट्ठिओ साहू' 'सुयं सेअं सीलं सेअं ३, ४,' 'तिण्हंपि समाओगे मोक्खो' વિગેરે વાક્યો નિરર્થકજ થઈ જાત.

**પ્રશ્ન ૧૧૧૬**–કોઈએ કોઈનું ખૂન કર્યું કે પરિતાપ કર્યો અગર તો પોતે કોઈને માર્યો કે બચાવ્યો. તેવી માન્યતા હોવી કે વાણી બોલવી તે મિથ્યાત્વીની શ્રદ્ધા અને સમ્યક્ત્વી કોઇનું ખૂન થયાનું કે બચાવ્યાનું માનતોજ નથી ?

**સમાધાન**–(અ) હિંસાને પાપનું સ્થાન ન માને અગર વિરમણને સંવરનું સ્થાન ન માને તે કોઈ પણ અંશે સમકિતિ છે તેમ મનાયજ નહિ.

(આ) બાર પ્રકારની અવિરતિમાં છકાયના વધને અવિરતિ તરીકે ગણવામાં આવે છે. માટે વધઆદિને નહિ માનનારો કે વધઆદિથી થતા પાપકર્મને નહિ માનનારો પોતાને જૈન કહેવડાવવા લાયકજ નથી, તો પછી સમકિતિ તો હોઈજ ક્યાંથી શકે ?

(ઇ) કેવળી મહારાજના ચિહ્નો જણાવતાં શ્રીઠાણાંગજીસૂત્ર અને શ્રીભગવતીજીસૂત્રમાં, પ્રાણીના પ્રાણોનો અતિપાત અને અનતિપાત જણાવવામાં આવેલા છે, માટે પ્રાણોનો અતિપાતજ થતો નથી તેવું માનનારો સર્વજ્ઞને નહિ માનવામાં જ પર્યવસિત થશે.

(ઈ) મહાવીરભગવાન્ વિગેરે જિનેશ્વરોએ આચારાંગાદિમાં જણાવેલી દેશનાઓમાં પચવીસ ભાવનાવાળા પાંચ મહાવ્રતો હોય છે અને

તેથી હિંસાની માન્યતા અને દેશના મિથ્યાત્વીને હોય એમ ગણનારો ભગવાન્ જિનેશ્વરની ભયંકરમાં ભયંકર આશાતના કરનારો થાય છે.

(ઉ) હિંસા વસ્તુજ ન હોય તો અણુવ્રતો અને મહાવ્રતો રહેતાજ નથી અને તેથી દેશવિરતિ અને સર્વવિરતિનાં ગુણઠાણાં લોપવાનું પ્રાયશ્ચિત તેવાઓને લાગે છે.

(ઊ) પ્રાણાતિપાત વિગેરેને ન માનનારો મનુષ્ય શાસ્ત્રોમાં પ્રાણાતિપાત વિગેરેથી જીવોનું ભારેપણું થવાનું જે કહ્યું છે તેને ન માનનારો થઈ મિથ્યાત્વગુણઠાણાવાળો થાય તેમાં આશ્ચર્ય નથી.

(એ) જો ઉપદ્રવ અને પીડા જીવોને થતીજ નથી, તો પછી આરંભિકી અને પારિતાપનિકી ક્રિયાજ જગતમાં નથી એમ માનવું જોઈએ. અને તેમ માનનારો મિથ્યાત્વી સિવાય બીજો નજ હોય.

(ઐ) જૈનનાં સામાન્ય બાલકો પણ જે સૂત્ર જાણે છે એવા ઇરિયાવહિના સૂત્રમાં પણ એકેંદ્રિયવિગેરેના અભિઘાતાદિથી પાપ થવાનું સ્પષ્ટ જણાવેલું છે, એટલે જેઓ પરિતાપાદિકને માનનારા નથી, તેઓ જૈનબચ્ચાંઓ કરતાં પણ અધમકોટીના છે.

**પ્રશ્ન ૧૧૧૭**—આત્માને કર્મ લાગતાં નથી એ જડનાજ કારણથી અને તેના ઉદયથીજ કર્મ બંધાય છે એમ નહિં ?

**સમાધાન**-(અ) મિથ્યાત્વ, અવિરતિઆદિક હેતુએ આત્માને કર્મનો બંધ થાય છે, એ વાત નવતત્ત્વમાં બંધતત્ત્વને સમજનારો અને માનનારો સ્હેજે સમજે અને માને. જો આત્માને કર્મ લાગતાં ન હોય તો આત્મા સંસારમાં રખડતજ નહિ. ભવમાં રખડતો ન હોત તો શરીર હોત નહિ. શરીર ન હોત તો ઇંદ્રિયો ન હોત અને ઇંદ્રિયો ન હોત તો વિષયોનો બોધ હોત નહિ. અને વિષયનો બોધ ન હોત તો સુખ-દુઃખ થાત નહિ. માટે આત્માને કર્મ લાગતાંજ નથી એમ માનનારે જૈનશાસન, જૈનધર્મ કે નવતત્ત્વનો સર્વથા બોધ કર્યો નથી

અગર શ્રદ્ધા નથી એમ સમજવું.

(આ) વળી આત્માને કર્મ ન લાગતાં હોય એમ માનીએ તો બંધ વગર ઉદય હોયજ નહિ માટે કર્મનો ઉદય પણ આત્માને છે એમ માનવાનું રહે નહિ અને ઉદયના અભાવથી સંસારાદિક બધા પદાર્થો કલ્પિત થઈ જાય.

(ઈ) કર્મ લાગવાનું આત્માને હોય છે અને તેથીજ આત્મા કર્મનો કથંચિત્ કર્ત્તા છે એ માનવું થાય. અને તેનુંજ નામ આસ્તિક્ય છે, અને આત્મા કર્મનો કર્ત્તા નથી એમ માનવું તે તો મિથ્યાત્વ સ્થાન જ છે.

(ઈ) જો આત્માને કર્મ લાગતાંજ ન હોય તો કર્મનો ઉદય આત્માને શી રીતે હોય? અને જો આત્માને કર્મનો ઉદય ન હોય તો પછી આત્માને મિથ્યાત્વાદિક વિકારો થાય કેમ? અને જો તે ન થાય તો તેનાથી કર્મ બંધાય પણ કેમ?

(ઉ) આત્માને જો કર્મ ન લાગતાં હોય તો આકાશાદિક અને સિદ્ધની પેઠે કર્મનો ઉદય આત્માને સતાવનારો બનેજ નહિ.

(ઊ) આત્માને કર્મ લાગતાં ન હોય અગર આત્મા કર્મને કરતો ન હોય તો પછી કર્મને તોડવા માટેના મોક્ષનાં સાધનો તથા આત્યન્તિક કર્મવિયોગથી થયેલ મોક્ષ માનવો તે પણ રહે નહિ.

(એ) આત્માને કર્મ લાગતાંજ ન હોય તો ચાર ગતિ અને એકેન્દ્રિયાદિક જાતિ વિગેરેનું માનવું ભ્રમરૂપજ ગણાય.

**પ્રશ્ન ૧૧૧૮**—આત્મા પોતેજ ત્રિરત્ની હોવાથી વ્યવહારથી પાંચ-વ્રત કે દેશચારિત્ર લેવા તે મોક્ષનું કારણ નથી, પરંતુ આત્માને શુદ્ધ સ્વરૂપે શ્રદ્ધવો તે સમ્યગ્દર્શન અને તેને સમજવો તે સમ્યગ્જ્ઞાન તેમજ આત્મભાવમાં સ્થિરતા હોવી તેજ ચારિત્ર છે, અને આત્માની સ્થિરતામાંજ અનંતા કર્મની નિર્જરા છે?

**સમાધાન**–(અ) આત્મા સ્વરૂપે સમ્યગ્દર્શનાદિ ત્રણ રત્નવાળો છે, પરંતુ જેમ દેખનાર માણસની આંખે પાટો બાંધેલો હોય તો તે પાટો દૂર થાય ત્યારેજ તે ચક્ષુદ્વારાએ દેખવાનું કામ થઈ શકે. તેમ આત્માને અંગે પણ જ્ઞાન દર્શન અને ચારિત્રરૂપી ત્રણ રત્નને રોકનારાં કર્મનો ક્ષય થાય તોજ તે જ્ઞાનાદિ ત્રણ રત્ન ઉપયોગમાં આવે.

(આ) દુર્જનતા દૂર થયાથી જેમ સજ્જનતા આપોઆપ આવે છે, વાદળ દૂર થવાથી સૂર્ય આપોઆપ પ્રકાશિત થાય છે, તેવી રીતે જ્ઞાનને રોકનાર તથા ચારિત્રને આચ્છાદિત કરનાર કર્મોનું જોર હોય ત્યાં સુધી જ્ઞાનનો પ્રકાશ પોતાનું કામ કરે નહિં, તથા મોહનીયનો નાશ ન થાય ત્યાંસુધી દેશવિરતિ અને સર્વવિરતિ (પાંચ અણુવ્રતો અને પાંચ-મહાવ્રતો) અને વીતરાગતા પ્રગટ થાય નહિં. એટલે જ સ્પષ્ટ થયું કે જે આત્માને પાંચ અણુવ્રતો નથી આવ્યાં એટલે લેવાનું બન્યું નથી તેને તથા જેને સાધુપણું એટલે પાંચ વ્રતો લીધાં નથી અગર મલ્યાં નથી તેને મોહનીયનો ઉદય ગયો નથી એ ચોક્કસ છે.

(ઇ) અણુવ્રતો અને મહાવ્રતો જેમ ચારિત્રમોહનીયના ક્ષયોપશમને લીધે થાય છે તેમજ તે અણુવ્રતો અને મહાવ્રતો નવાચારિત્ર મોહનીયને રોકનાર તથા તોડનાર થાય છે. તેથીજ શાસ્ત્રકારોએ સામાયિકઆદિ-ચારિત્રોને મોક્ષના માર્ગ તરીકે સ્પષ્ટપણે જણાવેલજ છે.

(ઈ) અણુવ્રતો અને મહાવ્રતો લેવાં એવો ભવમાં રહેલા નિર્દોષ મહાત્માનો સ્વભાવ હોવાથીજ ભરતાદિક મહાપુરૂષો ગૃહસ્થપણે કેવલ-જ્ઞાન પામ્યા છતાં વ્યવહાર–સાધુપણાને આદરવાવાળા થયા છે.

(ઉ) શાસ્ત્રોમાં અન્યલિંગે પણ મોક્ષે જવાનું જણાવ્યું છે, છતાં જે મહાત્મા અંતર્મુહૂર્ત્તથી વધારે આયુષ્યવાળો હોય તે મહાપુરૂષ તો ત્યાગરૂપી મહાવ્રતોને અંગીકાર કર્યા સિવાય રહેજ નહિ અને તેથીજ શાસ્ત્રકારો જણાવે છે કે અંતર્મુહૂર્ત્તથી અધિક આયુષ્યવાળા અન્યલિંગે કેવલી થયેલા સિદ્ધ હોયજ નહિ.

(ઊ) અપ્રત્યાખ્યાનની ચોકડી જે આત્માના ઉદયમાં હોય તેજ પાંચ અણુવ્રતો ન લઈ શકે.

(એ) જે આત્માના પ્રદેશોથી પ્રત્યાખ્યાનાવરણીયની ચોકડીનો ઉદય ખસેલો હોય તે આત્મા તો પાંચ મહાવ્રતોરૂપ ચારિત્રને આદર્યા સિવાય રહેજ નહિ. કારણ કે તેજ તેને રોકનારા હતા, અને જો આત્માનો સ્વભાવ અહિંસકતાઆદિ ગુણવાળો ન માનીએ તો પછી ચારિત્રમોહનીયકર્મને માનવાનો અવકાશ રહેતો નથી.

(ઐ) આત્માને શુદ્ધસ્વરૂપે માને જાણે અને આત્મભાવમાં સ્થિરતા કરે તે ચારિત્રમોહથી દૂર થયેલોજ હોય, અને તેવો જીવ અવિરતિને કર્મબંધનનું કારણ માનનારો હોવાથી વિરતિ લીધા વગર રહેજ નહિ.

(ઓ) વિરતિવાળા થવાની આત્માને જરૂર છે એવી જેની શ્રદ્ધા ન હોય તે સમ્યગ્દર્શનવાળોજ નથી, અને મિથ્યાત્વવાળો જીવ આત્મભાવમાં સ્થિર છે એવું કહેવું, માનવું કે પ્રરૂપવું તે અનંતભવચક્રમાં રખડાવનાર એવા અનંતાનુબંધીને બાંધવાનું કારણ છે.

**પ્રશ્ન ૧૧૧૯**–વ્યવહારથી પાંચ વ્રત કે શ્રાવકનાં વ્રત અગર ગમે તેવી શુભ પ્રવૃત્તિ તે ઉદયાધીન છે એટલે તે વસ્તુ ઉદયમાં હોય તેની તેવી ક્રિયા કરે છે પણ તેમાં નિર્જરા નથી?

**સમાધાન**–(અ) પ્રાણાતિપાતાદિકથી દેશથી કે સર્વથી નિવૃત્તિ કરવી તે કર્મના ક્ષયોપશમથીજ થાય છે માટે તેને તત્ત્વાર્થ અને કર્મગ્રન્થ જાણનારાઓ ક્ષાયોપશમિક માને છે. પરંતુ વ્રતોને કે મહાવ્રતોને ઔદયિક માનવા એ તો જૈનશાસનથી ખસેલો તો શું પણ જૈનશાસનના વૈરીઓથી પણ બની શકે તેમ નથી ઉન્મત્તની માફક કોઈ લવારો કરે તેની વાત તો જુદી છે.

(આ) જો મહાવ્રત કે અણુવ્રતરૂપી ચારિત્ર કર્મના ઉદયને લીધે થવાવાળું હોય તો જે એકેંદ્રિયાદિ જીવો મહાવ્રત કે અણુવ્રત વગરના

છે તેઓને શું મોહનીયના ઉદયનો અભાવ છે? એમ સમકિતિથી શું મનાય?

(ધ) ચારિત્ર અને વ્રતની ક્રિયા સંવર અને નિર્જરાનું કારણ છે એમ તો નવતત્ત્વ અને તત્ત્વાર્થને જાણનારો સહેજે કહી શકે, પરંતુ તેમાં નિર્જરા થતી નથી એવું કહેનારા તો માત્ર લવારો જ કરે છે. કેમકે તે હકીકત શાસ્ત્રીય નથી.

(ધ) મહાવ્રતાદિ અને અણુવ્રતાદિરૂપ ચારિત્ર જો નિર્જરાનું કારણ ન હોય તો તે મિથ્યાત્વાદિકમાંથી કયું બંધનું કારણ છે? તે સમજવું જોઇએ મહાવ્રતાદિ ક્ષાયોપશમિકજ છે, અને તેથી તે નથી તો બંધના કારણ અને નથી તો ઉદયને આધીન એટલું જ નહિ. પરંતુ તે એકાંત નિર્જરાનાં કારણ છે.

(ઉ) જો તપ-સંજમની ક્રિયા નિર્જરાનું કારણ ન હોય તો શાસ્ત્રકારો તપ-સંજમથી આત્માને ભાવવાનું લખત નહિ અને જ્ઞાન-ક્રિયાથી મોક્ષ કહેત નહિ. યાદ રાખવું કે એકલું સમ્યક્ત્વ મોક્ષનું કારણ નથી, પરંતુ સમ્યક્ત્વ જ્ઞાન અને ચારિત્ર એ ત્રણે મળે તોજ મોક્ષનું કારણ છે.

(ઊ) મોક્ષના ઉદ્દેશથી કરાતું વંદન, પ્રત્યાખ્યાન, તપ નિયમ વિગેરે કોઈ પણ ક્રિયા હોય તે સકામનિર્જરા કરાવનારજ થાય છે.

**પ્રશ્ન ૧૧૨૦**-કોઈ જીવ શુભ ઉદયથી ત્યાગ કરે છે તો કોઈ તપશ્ચર્યા કરે છે, તે તમામ ઉદયના ઘરની વાત છે. માટે આત્મભાવમાં સ્થિરતા સિવાય કોઇ ક્રિયાની જરૂર નથી?

**સમાધાન**-(અ) ત્યાગ અને તપશ્ચર્યાને જેઓ શુભ કે અશુભ કર્મના ઉદયથી થયેલા માને છે તેઓ જૈનધર્મને જાણતાજ નથી, કેમકે સંયમ અને તપ તે બન્ને કે બન્નેમાંથી એક પણ કર્મના ઉદયથી થવાવાળી ચીજ નથી, પરંતુ કર્મના ક્ષયોપશમથીજ થવાવાળી ચીજ છે. ચારિત્રની પરિણતિ સિવાય વીતરાગતા નથી અને વીતરાગતા સિવાય આત્મસ્થિરતા નિર્વિઘ્ન થતી નથી.

(આ) તત્ત્વાર્થકાર 'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः' એ સૂત્રથી ચારિત્રને મુખ્ય મોક્ષમાર્ગ તરીકે જણાવે અને સૂત્રકાર પણ 'चरणगुणट्ठिओ साहू' એમ કહીને ચારિત્રમાં રહેનારનેજ સાધુ ગણવાનું કહે છે, તથા 'सोहओ तवो संजमो य गुत्तिकरो' એમ કહી નિયુક્તિકાર-મહારાજા પણ મોક્ષના સાધન તરીકે ચારિત્રની જરૂર જણાવે છે.

(ઇ) તેરમે ગુણઠાણે સંપૂર્ણ જ્ઞાન દર્શન અને ચારિત્ર હોવાની સાથે આત્મભાવમાં રમણતા છે, છતાં યોગરોધની ક્રિયા વગર મોક્ષ થતો નથી એ વિચારનાર ક્રિયાને મહાફલવાળી ગણેજ.

(ઈ) ગમન–આગમન–આહાર–નીહાર વિગેરે પ્રવૃત્તિઓ આત્માની ચંચળતા વગર થતીજ નથી માટે તેવી ગમનાદિકક્રિયાવાળો જીવ આત્માને પોતાને માટે સ્થિરજ છું એમ માનવાનું કહે તે સ્પષ્ટપણે જુઠુંજ છે.

(ઉ) શું આત્મભાવમાં સ્થૈર્ય થાય તેનું નામ ક્રિયા ગણવી? જો તેનું નામ ક્રિયા હોય તો ચૌદમે ગુણઠાણે વર્તતા જીવો આત્મભાવમાં સ્થિરતાવાળા છે તો તે શું સક્રિય અને સયોગી છે? એટલે કહેવું જોઇએ કે દયાઆદિકની પ્રવૃત્તિરૂપ ક્રિયા ઉઠાવવાને માટે આત્મભાવની સ્થિરતાને ખોટી રીતે ક્રિયાશબ્દ લાગુ કરવામાં આવેલો છે.

**પ્રશ્ન ૧૧૨૧**–ભરતમહારાજા કે મરૂદેવામાતા આત્માની સ્થિરતા-માંજ સંપૂર્ણદશાને પ્રાપ્ત થયા છે પામ્યા છે. તો વ્યવહારચારિત્ર મોક્ષનું કારણ નથી?

**સમાધાન**–(અ) ભરતમહારાજાએ પૂર્વભવમાં પૂર્વવર્ષો સુધી ચારિત્રની આરાધના કરી છે. અને જબ્બરજસ્ત તપસ્યા કરી છે ભરતમહારાજાના ભવમાં પણ વીંટી વિગેરેનો ત્યાગ કરવા દ્વારાએજ ભાવના વધી છે અને કેવલજ્ઞાન પામ્યા છે. વળી પછી પણ સાધુપણું લીધેલુંજ છે એટલે જ્યારે કેવળજ્ઞાન પામ્યા પછી પણ ચારિત્રનો વ્યવહાર આદરવાની જરૂર રહે તો પછી સંસારદાવાનળમાં બળતા

જીવોને તેની જરૂર રહે તેમાં તો આશ્ચર્યજ શું ?

(આ) મરૂદેવામાતા અનાદિવનસ્પતિમાંથી આવેલાં હતાં એટલે તેઓને પૂર્વભવનાં ચીકણાં અને દીર્ઘકાળનાં લાંબાં કર્મો ન હોય તે સ્વાભાવિક છે, પરંતુ એવા અનાદિવનસ્પતિમાંથી એકદમ મનુષ્યપણામાં કે જુગલીયાપણામાં નહિં આવેલા જીવોને ભારે કર્મીપણું હોવાનું સહેજે સંભવિત ગણાય, છતાં તેવા જીવો વ્યવહારચારિત્રને મોક્ષનું કારણ ન માને તો ગાયના શકુનનું ફલ ગધેડો લેવા ગયો એમ કહેવું પડે.

(ઇ) મરૂદેવામાતા પણ જીનેશ્વરભગવાનની સામા ગયા એ પણ ક્રિયાજ ગણાય.

(ઈ) મરૂદેવામાતાને જે કેવળજ્ઞાન થયું છે તે ભગવાનની સમવસરણાદિ ઋદ્ધિના વિચારને અંગેજ થયેલું છે, એ જાણનારો મનુષ્ય વ્યવહારને કેમ લોપી શકે ?

(ઉ) મરૂદેવામાતાને સર્વવિરતિરૂપ વ્યવહારચારિત્ર નથી આવ્યું છતાં ભાવથી મોક્ષે ગયા છે એ બનાવ આશ્ચર્ય રૂપ છે, એ વસ્તુ શ્રીહરિભદ્રસૂરિજીમહારાજ પંચવસ્તુમાં સ્પષ્ટપણે જણાવે છે તો તેવા આશ્ચર્યને આગળ કરી વ્યવહારચરિત્ર મોક્ષનું કારણ નથી એમ ગણનાર કે માનનાર શાસ્ત્ર કે શાસનને માનતો નથી એ ચોક્કસ છે

**પ્રશ્ન ૧૧૨૨**–કેટલાક કહે છે કે સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી જે આરંભ પરિગ્રહ લેવાય છે તેમાં જેટલા જડપદાર્થ છે તે જડપદાર્થમાં પરિણમત ભાવ જેવા સ્વરૂપે થવાના હોય તેવા સ્વરૂપે બનાવવાનો ચૈતન્યઆત્માનો ભાવ આપોઆપ થઈ જાય, તેથી સમ્યક્ત્વી તેવી પ્રવૃત્તિમાં જોડાતો હોવાથી તેને દોષ લાગતોજ નથી. દાખલા તરીકે સમ્યક્ત્વીને મકાન બનાવવું હોય ત્યારે પત્થરઆદિની વસ્તુ વિગેરે તેવા સ્વરૂપે તેને પરિણમવાનું થવાથી સ્હામાને તેવા ભાવરૂપે આપોઆપ થવાનું છે તેથી તે વસ્તુ તે સ્વરૂપે બની જાય છે. તેમાં સમ્યક્ત્વીની જવાબદારી નથી. કારણ કે તે પોતે પોતાને જ્ઞાતા અને દૃષ્ટા તરીકે માને છે.

**સમાધાન**-(અ) સમ્યક્ત્વ તેનુંજ નામ છે કે વિરતિવાળાનેજ ગુરૂ માનવા અને વિરતિનેજ ધર્મ માનવો.

(આ) જેને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હોય તે અવિરતિને કર્મબંધનનું કારણજ માને.

(ઇ) જેને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હોય તે આરંભ અને પરિગ્રહને છાંડવા લાયકજ માને, અને તે છાંડવામાંજ આત્માનું કલ્યાણ છે એમ માને.

(ઈ) સમ્યક્ત્વવાળા જીવોને આરંભિકી અને પારિગ્રહિકી ક્રિયા માનનાર સમકિતી તો શું ? પણ વ્યવહારથી પણ જૈની નહિ કહી શકાય.

(ઉ) જડના પરિણામની અપેક્ષાએ તો મિથ્યાત્વી વિગેરેના પરિણામ પણ તેવી ભવિતવ્યતાથી થાય છે તો તેને પણ કર્મબંધ લાગવો જોઇએ નહિ.

(ઊ) હિંસામાં જેમ હિંસ્યનો કર્મનો ઉદય છતાં તેનું કારણ બનનારો એવો ઘાતક હિંસાના પાપનો ભાગી છે. તેવી રીતે જડ પરિણતિમાં કારણ માનનારો જીવ પણ જરૂર પાપથી લેપાયજ છે.

(એ) આરંભ, પરિગ્રહાદિકમાં પ્રવર્ત્તવું, રાચવું, લોકોને પ્રેરવા અને સાધુપણાને અનુચિત કાર્યો કરવાં, કરાવવાં અને પોતાના આત્માને જ્ઞાતા અને દ્દષ્ટા કહીને બચાવવો એવું સ્વપ્ને પણ સમકિતી જીવને તો હોવજ નહિ.

તા. ક. ચોવીસે તીર્થંકરોમાંથી કોઈ પણ તીર્થંકરમહારાજ વ્યવહારચારિત્ર આદર્યા સિવાયના નહોતા અને તે સર્વે ગર્ભકાળથી સમ્યક્ત્વ અને ત્રણે જ્ઞાનને ધારણ કરવાવાળા હતા એ વિચારનાર મનુષ્ય વ્યવહારચારિત્રની અત્યંત ઉપયોગિતા માન્યા સિવાય રહેશેજ નહિ. વળી જગતના સ્વભાવે ઉત્પન્ન થતું મનઃપર્યવજ્ઞાન પણ વ્યવહારત્યાગવાળાનેજ ઉત્પન્ન થાય છે. એવું જાણનારા મનુષ્ય વ્યવહારત્યાગને ઉત્તમપદનું સાધન માન્યા સિવાય રહેજ નહિ. માટે શાસ્ત્રદ્દષ્ટિવાળાએ તો જીવાદિકતત્ત્વશ્રદ્ધારૂપી સમ્યક્ત્વ અને અંગાદિકજ્ઞાનરૂપી બોધ તથા

સામાયિકાદિચારિત્રને મોક્ષનો માર્ગ માનવો. શાસ્ત્રમાં કહેલ નિશ્ચયનાં વાકયોને પકડી વ્યવહારને ન માનનાર તીર્થઉચ્છેદના પાપવાળો છે એમ સ્થાને સ્થાને શાસ્ત્રકારો કહે છે. તેવો વ્યવહાર લોપનારને નજરે જોવામાં પણ પાપ છે એમ શાસ્ત્ર સ્પષ્ટપણે કહે છે.

**પ્રશ્ન ૧૧૨૩**–શ્રમણ ભગવંતમહાવીરમહારાજાએ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું ત્યારે દેશના ઋજુવાલિકાનદીના કાંઠે દીધી તે દેશનામાં મનુષ્યો આવ્યા હતા કે નહિ ? અને જો મનુષ્યો આવ્યાજ ન હોત તો પછી 'अभाविया परिसा' અર્થાત્ 'अभाविता पर्षद्' એટલે કોઈપણ જીવે જે પ્રથમ પર્ષદામાં સર્વવિરતિ ગ્રહણ કરી નહિ તેથી આશ્ચર્ય ગણાયું એમ કહેવાની જરૂર શી ? કેમકે મનુષ્યગતિ સિવાય બીજી કોઈપણ ગતિવાળો જીવ સર્વવિરતિ પામે નહિ એ શાસ્ત્રસિદ્ધ હકીકત છે તો પછી તેનું આશ્ચર્ય ગણાય કેમ ?

**સમાધાન**–ભગવાન્ મહાવીરમહારાજાના ચરિત્રોમાં નીચે પ્રમાણે ઉલ્લેખો છે તેથી દેવતાઓજ આવેલા હતા–

**महावीरचरित्र'–चक्रुः समवसरणं यथाविधि दिवौकसः ॥९॥
न सर्वविरतेरर्हः कोऽप्यत्रेति विदन्नपि ।
कल्प इत्यकरोत्तत्र, निषण्णो देशनां विभुः ॥ १ ॥
महावीर० (गुण०) 'ताहे तिलोयणाहो थुव्वंतो देवनरनरिंदेहिं ।
सिंहासणे निसीयइ तित्थपणामं पकाऊणं ॥ २ ॥
जइविहु परिसं नाणेण जिणवरो मुणइ जोग्गयारहियं ।**

**महावीर० (नेमि०) पव्वज्जाइगुणाणं पडिवत्तिखमो न कोइ इह अत्थि। इय णाउं खणमेगं केवलमहिमं सुरेहिं कयं ॥ १ ॥ जीयंति अणुभवउं सुरकयवरकणयकमलनवगंमि । चरणे विनिक्खिवंतो चउविहसुरसंघपरियरिओ ॥ २ ॥**

**आवश्यकं (मल०) पृ० ३०० भगवतो ज्ञानरत्नोत्पत्तिसमनन्तरमेव देवाश्चतुर्विधा अप्यागता आसन्, अत्यद्भूतां च**

**प्रहर्षवन्तो ज्ञानोत्पादमहिमानं चक्रुः, तत्र भगवान् अवबुध्यते नात्र कश्चित् प्रव्रज्याप्रतिपत्ता विद्यते ।**

**आव० [हारि०] पृ० २२९ भगवतो ज्ञानरत्नोत्पत्तिसमनन्तरमेव देवाश्चतुर्विधा अभ्यागताः, तत्र च प्रव्रज्याप्रतिपत्ता न कश्चिद् विद्यत इति विज्ञाय विशिष्टधर्मकथनाय न प्रवृत्तवान् ।**

ઉપર જણાવેલા ચરિત્રોમાંજ એકલું દેવતાનું આવવું જણાવે છે તેમ નહિ, પરંતુ શ્રીકલ્પસૂત્રની ટીકામાં પણ માત્ર સુર અને અસુરાનું પ્રથમ સમવસરણમાં આવવું જણાવે છે. જુઓ તે પાઠ–

**मिलितेषु सुरासुरेषु स्थलवृष्टिमिव निष्फलां देशनां क्षणं कृत्वा प्रभुः अपापापुर्यां महासेनवने जगाम ।**

ઉપર જણાવેલા પાઠોથી સ્પષ્ટ થાય છે કે ભગવાન્ મહાવીર–મહારાજાના પ્રથમ સમવસરણમાં મનુષ્યોની હાજરી નહોતી આમ છતાં પણ શ્રીઆચારાંગસૂત્રના ભાવના અધ્યયનનો પાઠ તો ખુલ્લે ખુલ્લા શબ્દોમાં જણાવે છે કે-શ્રમણ ભગવંત મહાવીરમહારાજે પહેલા સમવસ–રણમાં દેવતાને ઉદ્દેશીનેજ ધર્મ કહ્યો અને મનુષ્યને ઉદ્દેશીને તો પછીજ ધર્મ કહેલો છે. જુઓ તે પાઠ–**आचाराङ्गसूत्रं–तओणं समणे० पुव्वं देवाणं धम्ममाइक्खइ पच्छा मणुआणं ।**

ઉપર જણાવેલા પાઠોથી એ વાત તો સ્પષ્ટ થઈ જાય છે કે ભગ–વાન્ મહાવીર મહારાજના પહેલા સમવસરણમાં કેવળ દેવતાઓ જ હતા અને તેમને જ ઉદ્દેશીને ધર્મદેશના કરવામાં આવી હતી. હવે એ વાત જરૂર વિચારવાની રહે છે કે જ્યારે પ્રથમ સમવસરણમાં એકલા દેવતા જ હતા અને મનુષ્યો હતા જ નહિ તો પછી દેવતાઓને સર્વવિરતિ દેશવિરતિ પણ ભવ-પ્રત્યયથી જ નથી અને તેથી તે સમવસરણમાં સર્વવિરતિ ન થાય તેમાં આશ્ચર્ય શું? પરંતુ આવી વિચારશ્રેણી લાવવી યોગ્ય નથી, કારણ કે કોઇ પણ ચોવીશીમાં કોઇ પણ કાલે સામાન્ય રીતે તીર્થંકરમહારાજાઓના પ્રથમ સમવસરણમાં એકલા

દેવતાઓ જ આવે અને મનુષ્યો ન આવે તેમજ મનુષ્યો ન આવવાથી કોઈ પણ મનુષ્ય ચારિત્ર લેનારો ન થાય તેમજ ગણધરપદની સ્થાપના વિગેરે ન બને એવું બને જ નહિ. પરંતુ અહીંયાં મનુષ્યો ન આવ્યા અને ગણધરપદ વિગેરે પ્રથમ સમવસરણમાં ન બન્યાં તે જ આશ્ચર્ય છે. અહીં ગુણચંદ્રનાં ચરિત્રમાં નર નરેન્દ્ર જે જણાવવામાં આવ્યા છે તે સ્તુતિને કરનારાઓના વર્ગ માટે અને કિરણાવલીમાં જણાવેલ નરપદ ભાષાના ગુણોને જણાવવા માટે ગણાય.

**પ્રશ્ન ૧૧૨૪**–આચાર્ય મહારાજ હરિભદ્રસૂરિજીએ દીક્ષા પંચાશક નામનું બીજું પંચાશક કરેલું છે અને જેમાં સમવસરણની રચના કરી આંખ મીંચીને ફૂલ નાંખવા વિગેરે જણાવ્યું છે તે દીક્ષા કઈ સમજવી!

**સમાધાન**–આચાર્ય ભગવાન્ હરિભદ્રસૂરિજીએ તેજ બીજા પંચાશકની શરૂઆતમાં સ્પષ્ટપણે જણાવી દીધું છે કે આ દીક્ષા જે કહેવામાં આવે છે તે મસ્તકમુંડનરૂપ દીક્ષા નથી. પરંતુ ચિત્તની પરિણતિને સુધારવા રૂપ દીક્ષા છે, વળી તેમાં જણાવેલી વિધિ પ્રમાણે દીક્ષિત થયેલાને જે મહાદાન અને ગુરુસેવા વિગેરે કરવાનાં જણાવેલાં છે તે સર્વવિરતિ દીક્ષાથી દીક્ષિત થયેલાને લાગુ પડે તેવાં નથી. પરંતુ શ્રાવકધર્મનું કેટલીક મુદ્દત સુધી પાલન કર્યા પછી સર્વસ્વ અર્પણની દીક્ષા લેનાર એવા શ્રાવકને જ લાગુ પડે તેમ છે, અને એજ કારણથી શાસ્ત્રકાર દ્વિપદ–ચતુષ્પાદ–કનક–મણિ–માણિક્ય વિગેરેનું તેમજ કુટુંબ–કબીલાનું ગુરુ આધીન કરવાનું જણાવે છે. એ બધી હકીકત વિચારનારો સુજ્ઞપુરૂષ સહેજે સમજી શકશે કે બીજા પંચાશકમાં ભગવાન્ હરિભદ્રસૂરિજીએ જણાવેલી દીક્ષા જે છે તે પ્રવ્રજ્યારૂપ દીક્ષા નથી, પરંતુ સર્વસ્વાર્પણ કરી સ્વયંસેવક બનવારૂપ દીક્ષા છે. જો કે પ્રકરણ ગાથા અને તેના અર્થો વિગેરે વિચાર્યા સિવાય બોલનારા અજ્ઞાની જીવો તો તે બીજા પંચાશકમાં દીક્ષાની વિધિને અંગે કહેલું વચન સર્વવિરતિરૂપ દીક્ષાને લાગુ કરે છે, પરંતુ તેમાં તેઓની પૂરી અજ્ઞાનતા છે એમ કહેવા સિવાય બીજું કહેવાય નહિ

**પ્રશ્ન ૧૧૨૫**–શ્રીનિશીથચૂર્ણિમાં–

'वासत्ताणं मोत्तूण इक्कस्स उण्णियस्स नत्थि परिभोगो' આવા જણાવેલ વાકયથી ચોમાસા સિવાય એકલા ઊનના વસ્ત્રને વાપરવાનું નથી એમ સ્પષ્ટ જણાય છે તો પછી બારે માસ એકલા ઊનના વસ્ત્રોને વાપરવામાં પ્રાયશ્ચિત્ત છે એમ કેમ કહેવાય ?

**સમાધાન**–પ્રથમ શ્રીનિશીથચૂર્ણિકારમહારાજ શ્રીનિશીથભાષ્યની 'इक्कं पाउरमाणो' એ ગાથાની વ્યાખ્યામાં એકલા સુતરના કપડાને ઓઢવાનો વિધિ જણાવી એકલા ઊનના કપડા (કાંબળી) ને ઓઢવામાં પ્રાયશ્ચિત્ત જણાવે છે એ ચોકખું છે એટલે એકલું ઊનતું વસ્ત્ર એટલે કામળી એકલી ઓઢાય નહિ એ ચોકખું છે. વળી જે નિશીથચૂર્ણિનો પાઠ ઉપર આપ્યો છે તેમાં 'वासत्ताण''નો અર્થ વર્ષાઋતુ એવો જે કરવામાં આવ્યો છે તે ખોટો છે. એ 'वासत्ताण'નો અર્થ વર્ષાત્રાણ એટલે વરસાદથી બચાવનાર એટલે કાંબળી થાય છે. વળી 'वासत्ताण'' ઇત્યાદિ વાક્યની પહેલાં 'परिभोगे विवच्चासो न किज्जति' અર્થાત્ સુતર અને ઊનના વસ્ત્રના પરિભોગમાં એટલે વાપરવામાં વિધિનું ઊલટાપણું ન કરવું એમ જણાવેલ છે તેથી આ 'वासत्ताण''નું વાકય અવિધિના સંભવને કે વિધિના વિપર્યાસને જણાવનાર છે અર્થાત્ સૂત્રના બે કપડા અને ઊનતું એક વસ્ત્ર કાંબળી રૂપ લેવાનું હોવાથી કાંબળી સિવાય બીજા એકલા ઊનના વસ્ત્રોનો પરિભોગ નથી એટલે એક કાંબળી જ ઊનની છે અને તેને એકલી વાપરવામાં આવે તો વિધિનો વિપર્યાસ થયો કહેવાય અને એજ કારણથી એકલી કાંબળીને ઓઢવામાં ભાષ્ય અને ચૂર્ણિમાં પ્રાયશ્ચિત્ત જણાવેલાં છે. 'वास०' ના વાકયથી જો ચોમાસામાં એકલી કાંબળી ઓઢવાનું જણાવવું હોત તો અવિધિપરિભોગના નિષેધમાં લેત નહિ. તેમજ 'वासासु वासत्ताणं इक्कं परिभुंजइ' એમ સરલપણે જ કહેત એટલું નહિ, પરંતુ ઊનના વસ્ત્રને એકલું ઓઢવામાં પ્રાયશ્ચિત્ત જણાવતા ભાષ્યકાર અને ચૂર્ણિકાર 'वासावास' અથવા 'वासं मोत्तूण' એમ લખત.

**પ્રશ્ન ૧૧૨૬**–ઊનતું વસ્ત્ર એકલું ન વાપરવું. પણ સુતરના કપડા સાથેજ વાપરવું એવા અક્ષર કોઈ ગ્રન્થકારે કહ્યા છે.

**સમાધાન**-આણસૂરગચ્છમાં અગ્રપદે ગણાતા ઉપાધ્યાયશ્રી કીર્તિવિજયજીએ શ્રીવિચારરત્નાકરમાં ગચ્છાચારનો વિચાર જણાવતાં પણ સ્પષ્ટપણે જણાવે છે કે-

'अयोजितसौत्रकल्पं केवलमौर्णिकं साधुभिर्न व्यापारणीयमित्याह' અર્થાત્ સુતરનું કપડું જોડયા વિના એકલું ઊનનું વસ્ત્ર સાધુઓએ વાપરવું નહિ એ વાત જણાવે છે.

**પ્રશ્ન ૧૧૨૭**-વર્ષાઋતુમાં કપડાં સાથે કાંબળી ઓઢાય એવો ચોખ્ખો પાઠ કોઈ શાસ્ત્રમાં છે?

**સમાધાન**-શ્રીપર્યુષણાકલ્પસૂત્રના સામાચારી વ્યાખ્યાનમાં સ્પષ્ટપણે 'संतरुत्तरंसि'. એવું જણાવે છે અને એનો અર્થ સ્પષ્ટ છે કે અંદરના સુતરના કપડા સહિત એવો ઉપરનો ઊનનો કપડો એટલે કાંબળી (ભીંજાય) છતાં (આહારપાણીને તે) પાણી લાગે તેવા વરસાદમાં ચોમાસું રહેલા સ્થવિરકલ્પી સાધુએ ગોચરી જવું કલ્પે નહિ તે પાઠ આ પ્રમાણે છે કે-'चतुर्मासकस्थितस्य कल्पते आन्तरः-सौत्र उत्तरः-और्णिकः ताभ्यां प्रावृतस्यात्मवृष्टौ' આવો સ્પષ્ટ પાઠ છતાં અને તે બધું જણાવ્યું અને સમજાવાયા છતાં ચોમાસામાં એકલું ઊનનુંજ વસ્ત્ર ઓઢવું એમ માનનાર અને કહેનારને કેવો ગણવો તે જૈન તો સાફ સમજી શકે છે.

**પ્રશ્ન ૧૧૨૮**-કેટલાકો વર્ષાકાલશબ્દથી એટલે ચોમાસા સિવાય ઊનનો કપડો એટલે કાંબળી એકલી ઓઢવી નહિ એમ ગચ્છાચારમાં કહેલું છે એમ કહે છે અને ગચ્છાચારની ૧૪મી ગાથાની ટીકાનો પાઠ આપે છે. અને તેથી એમ જણાવવા તેઓ માગે છે કે ચોમાસામાં એકલી કપડાના અંતરપટ સિવાયની કામળી ઓઢવી જોઈએ. એમ કહે છે તેનું કેમ?

**સમાધાન**-શ્રી ગચ્છાચારની ૧૪મી ગાથાની ટીકામાં વિધિથી વાપરવાનું જણાવતાંજ ટીકાકાર જણાવે છે કે-'मध्ये सौत्रिको बहिरौर्णिक इति विधिपरिभोगः' અર્થાત્ અંદરનું સૂતરનું કપડું અને બહારનું ઊનનું કપડુ વાપરવું તેનું નામ વિધિથી વાપરવું કહેવાય અને તેથીજ

જણાવ્યું છે કે-'और्णिक एकको न व्यापार्यः' અર્થાત્ ઊનનું એકલું વસ્ત્ર વાપરવું નહિ. જો એકલું ઊનનું ચોમાસા સિવાય ન વાપરવાનું હોત તો પરિભોગનો વિધિ જણાવતાં ચોમાસાનું વર્ણન કરત. ખરી રીતે ચોમાસામાં બમણી ઉપધિ લેવાનું શાસ્ત્રીય વિધાન હોવાથી ચોમાસા સિવાય બે સુતરના અને ઊનનો કપડો રાખવો એમ જણાવવામાં આવેલ છે. તેને તેઓ સમજતા નથી. વળી વિચારરત્નાકરમાં આવેલા તે પાઠને શોધનારે 'और्णिके शरीरे लग्ने षट्पदिकादिजन्तुसंसक्त्यादिदोषाः स्युः' અર્થાત્ ઊનનું વસ્ત્ર શરીરે લાગે તો જૂ આદિ જીવોની ઉત્પત્તિ આદિ દોષો લાગે એમ સ્પષ્ટપણે જણાવીને એકલા ઊનના વસ્ત્રને વાપરવાની મનાઈ કીધી છે તે પણ વિચાર્યું નથી. (વિચારરત્નાકર આત્મારામજીમહારાજના વિજયદાનસૂરિએ શોધ્યો છે તેમાં અને તેમના પૌત્રશિષ્ય જંબુવિજયજીએ પ્રસ્તાવનામાં પણ તેમ લખ્યું છે.)

**પ્રશ્ન ૧૧૨૯**–મનઃપર્યવજ્ઞાની મનુષ્યક્ષેત્રવર્ત્તી સંજ્ઞિના મનપણે પરિણામ પામેલા અગર તો પામતા મનોગત ભાવ જાણે તો પછી કાળથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી ભૂત અને ભવિષ્ય જાણે એમ કહ્યું તો ભવિષ્યકાળની મનોગત વર્ગણાઓ જે મનપણે પરિણમાવી નથી તે શી રીતે જાણી શકે? અને વિશેષાવશ્યકમાં–'मन्निज्जमाणाइ' એ પદથી ચિંતવાતા એમ કહ્યું હોવાથી ભૂતભવિષ્યકાળના પણ શી રીતે પલ્યના અસંખ્યાતમા ભાગ સુધીના ચિંતવાતા જાણી શકે?

**સમાધાન**–ભૂતકાળમાં તેટલા કાળ સુધી અને ભવિષ્યકાલમાં પણ તેટલા કાળ સુધી પરિણામ પામવાવાળાને દેખી શકે (જેમ અમુક મનુષ્ય ભૂતકાળમાં આવી રીતે મનના પુદ્ગલો લઈને પરિણમાવી ગયો છે અને ભવિષ્યકાળમાં આવી રીતે મનના પુદ્ગલો પરિણમાવશે એટલે ગતકાળનું વર્તમાનપણું અને ભવિષ્યકાળનું પણ વર્તમાનપણું જાણવાથી મનઃપર્યવવાળાને અતીત, અનાગત જાણવાની અને ચિંતવાતાની અડચણ નહિ રહે) કદાચ એમ માની લઈએ કે છુટા પડેલા મનના પુદ્ગલોને પરિણમાવવાનો થયેલો પર્યાય તે મનઃપર્યવજ્ઞાની જાણે તો તે અનુકૂલ

આવે એમ નથી. કારણ કે મનના પુદ્ગલની અપેક્ષાએ પણ અતીત અનાગતપણું થઈ જાય. એટલે મન્યમાનપણુ ન રહે, વળી મનના પુદ્ગલોનું મનપણે પરિણમન અંતર્મુહૂર્ત્તથી વધારે વખત રહેતું નથી. કે જેથી એકજ જીવના મનપણે ગ્રહણ કરીને મનાતા પુદ્ગલોનું તેટલી સ્થિતિ સુધીનું વર્તમાનપણું જાણવાનું બની શકે એમ માની શકાય.

**પ્રશ્ન ૧૧૩૦**–વ્યતિરિક્તદ્રવ્યનંદીનિક્ષેપામાં બાર પ્રકારનો તૂર્ય સમુદાય લેવો એમ કહ્યું તો હાલમાં નીકળેલા વાજીંત્રા તેને દ્રવ્યનંદી ગણી શકાય કે? અથવા તે તેની અંતર્ગત થઈ જતા હશે? બાર એવી સંખ્યા નિયત કરી માટે શંકા થાય છે. સામાન્ય તૂર્યશબ્દ કહ્યો હોય તો આધુનિકકાળના પણ નંદીમાં ગણી શકાય?

**સમાધાન**–પ્રાચીનકાળમાં પણ વાજીંત્રા અનેક પ્રકારનાં હતાં. છતાં લોકવ્યવહારથી બાર પ્રકારનાં તે વાજીંત્રોને દ્રવ્યનંદી કહેવામાં આવી છે વર્તમાનકાળમાં પણ ત્રાંસાની જગોએ નગારીઓ કે ઝાલરની જગોપર નગારાં વગાડતાં નથા.

**પ્રશ્ન ૧૧૩૧**–નંદીસૂત્રમાં ત્રીજા સૂત્રમાં–'पच्चक्खं दुविहं पन्नत्तं' तं जहा–इंदियपच्चक्खं नोइंदियपच्चक्खं च' તો પ્રત્યક્ષજ્ઞાનમાં ઇંદ્રિયપ્રત્યક્ષ કે નોઇંદ્રિયપ્રત્યક્ષ કેમ જણાવ્યું હશે? ખરૂં પ્રત્યક્ષ તો ઇંદ્રિયથી નિરપેક્ષ હોય છે છતાં આ સૂત્રમાં આમ કેમ જણાવેલ હશે?

**સમાધાન**–ઇંદ્રિયપ્રત્યક્ષ એ પરમાર્થથી પરોક્ષ છે, છતાં વ્યવહારથી પ્રત્યક્ષ છે માટે ત્યાં પ્રત્યક્ષપણે કહ્યું છે. ૧. અવધિઆદિ વ્યવહાર અને પારમાર્થિક બન્ને દષ્ટિએ પ્રત્યક્ષ છે. ૨. અનુમાન વિગેરે બન્ને દષ્ટિએ પરોક્ષ છે. ૩. ઇંદ્રિયપ્રત્યક્ષ એ વ્યવહારથીજ પ્રત્યક્ષ જાણવું.

**પ્રશ્ન ૧૧૩૨**–પોથી પૂજેલું, સૂત્ર વ્હોરાવવી વખતે બોલાએલી બોલીનું દ્રવ્ય કે પ્રતિક્રમણસૂત્ર બોલવા માટે બોલાતી બોલી જે જ્ઞાનદ્રવ્ય કહેવાય તેવા પ્રકારના દ્રવ્યનો શ્રાવકોના છોકરાને ઉપયોગી એવા

ધાર્મિક-પુસ્તકોમાં ઉપયોગ થઇ શકે અથવા તો શ્રાવકોચિત વાંચવાના કે તેને છપાવીને આપવાના પુસ્તકોમાં તે દ્રવ્યનો વ્યય કરી શકાય ?

**સમાધાન**-શ્રાવકો સપરિગ્રહ હોવાથી તેઓથી વ્યવહારિક કે ધાર્મિક કોઇ પણ કેળવણીમાં જ્ઞાનની પૂજા વિગેરેનું દ્રવ્ય વાપરી શકાય નહિ. વ્યવહારિક કેળવણી દેવામાં તો જ્ઞાનદાન કહેવાયજ નહિ.

**પ્રશ્ન ૧૧૩૩**-વીરભગવંતનું ચારિત્ર ઉત્તમકોટિનું હોય અર્થાત્ તેમને શરીર માટે ઔષધાદિક સેવન કરવાનું ન હોય છતાં સુજ્ઞ રેવતી-શ્રાવિકાએ ભગવાનને માટે પાક બનાવ્યો કેમ ? અને ભગવંતે પણ ઔષધ પોતા માટેનો કરેલો પાક ન લાવવા માટે, ઘોડા માટે બનાવેલ પણ પાકને લાવવા જણાવ્યું છે તો જેમ જીનકલ્પીઓ ઔષધ ન સેવે તેમ તીર્થંકરોનો પણ તેવોજ કલ્પ ન હોય ?

**સમાધાન**-જીનેશ્વરમહારાજા જેમ સ્થવિરકલ્પમાં ન ગણાય તેમ જીનકલ્પમાં પણ ગણાતા નથી, પરંતુ તેઓ કલ્પાતીત ગણાય છે. ભગવાન્ મહાવીરમહારાજે જે ઔષધ લીધું છે તે સિંહઅનગારની શાંતિની અપેક્ષાને વધારે રાખનાર છે

**પ્રશ્ન ૧૧૩૪**-'तहाविहं समणं माहणं वा' ઇત્યાદિમાં એકાંતે નિર્જરા કહી છે તો માહણશબ્દથી શ્રાવક લેવા કે સાધુ ? અલ્પ પણ પાપ નથી પણ પુણ્ય ક્વચિત્ થઇ જાય છે, જ્યારે બીજી વખતે 'अप्रहितादि०' કહી એકાંતપાપકર્મ અને અલ્પ પણ નિર્જરા નથી એમ કહ્યું છે તો એકાંતપાપકર્મ કેમ ? ભલે નિર્જરા ન થાય પણ પાપકર્મ શી રીતે બંધાય ? આમ તો પછી કોઈ દાન દેજ નહિ ?

**સમાધાન**-માહણશબ્દથી જે વૃદ્ધશ્રાવકો ભરતમહારાજના નિયત કરેલા તે લેવામાં અડચણ નથી. વળી શ્રમણમાહણશબ્દો એકાર્થ પણ થાય, અવિરતિને અંગે જે એકાંતપાપ કહેલું છે તે પ્રતિલાભવાની અપેક્ષાએ છે અને પ્રતિલાભવું એ ગુરુને અંગે પારિભાષિકશબ્દ છે, તેથી અસંયત કે શ્રાવકને ગુરૂમાનીને પ્રતિલાભે તો એકાન્તપાપ

થાય તેમાં આશ્ચર્ય નથી અને એ વાસ્તવિક અર્થ સમજવાથી અનુકંપાદિ દાનના નિષેધનો પ્રસંગ નહિ આવે.

**પ્રશ્ન ૧૧૩૫**-શીંગદાણાને ધાન્યોની ગણતરી કરી છે ત્યાં તે ધાન્ય નથી ગણાવ્યા તો તેને શેમાં સમજવા ? તેને કેટલાકો ભોંયમાં થતાં હોવાથી અભક્ષ્ય માન્યા છે તો તે ભક્ષ્ય કે અભક્ષ્ય છે ?

**સમાધાન**-શીંગ એ ધાન્ય નહિ તો પણ બીજ તો છે અને તે અભક્ષ્ય ગણાતી નથી.

**પ્રશ્ન ૧૧૩૬**-રોહિણી તપ આગાઢ કે અનાગાઢ છે ? અર્થાત્ સ્ત્રીઓ તેવા માંદગી કે પ્રસુતિસમયમાં તે તપ ન કરી શકે તો શું કરવું ?

**સમાધાન**-વ્યવહારથી જે તપ જે દિવસે કરવાનો હોય છતાં રોગાદિથી તેમ ન બને તો પૂરો થતાં આગળ વધારી દેવાય છે.

**પ્રશ્ન ૧૧૩૭**-ભગવંતો સમિતિ સાચવે છે તે પ્રસંગમાં 'प्रमर्ज्य' એમ કહે છે તો ઓઘો મુહપત્તિ તો રાખતા નથી તો તેમને 'प्रमर्ज्य' શી રીતે સંભવી શકે ?

**સમાધાન**-પહેલા છેલ્લા તીર્થંકર સિવાય બધા તીર્થંકરોને જાવજ્જીવ દેવદૂષ્ય તો રહેલું જ છે એટલે તેના છેડાથી પૂજવાનું અસંભવિત નથી, પરંતુ શરીરના સંસ્કાર વગરના અને ઉપકરણ-વિનાના હોવાથી તેમને તેની જરૂર હોય નહિ.

**પ્રશ્ન ૧૧૩૮**-દરરોજ અભ્યાસથી અમુક સ્થાને પાકું પાણી પડેલું છે તેમ ધારી ભૂલથી સચિત્ત પાણી એકાસણા, આંબિલ કે ઉપવાસમાં ગૃહસ્થ વાપરી જાય તો પ્રાયશ્ચિત્ત કેટલું ?

**સમાધાન**-અજાણતાં કાચું પાણી પીવાય છે તેને આલોયણમાં આંબિલ જેવું આપવાની પદ્ધતિ છે.

**પ્રશ્ન ૧૧૩૯**-બાવીશ તીર્થંકરના શાસનના સાધુ ઋજુ અને

પ્રાજ્ઞ હોય તેમ રથનેમિજી હતા છતાં એકલા કાઉસગ્ગધ્યાને ગુફામાં રહ્યા તેથી જણાય છે કે તેઓ આગમવિહારી હશે, તો તેવા પણ આત્માને પરિણામથી પડવાનું કેમ બન્યું હશે? મધ્યમતીર્થના સાધુ હોવાથી ચાર વ્રતજ તેમને હોય ને સાધુઓ શાણા સરલ અને સમજુ હોવાથી અપરિગૃહીત રાજીમતીને ગ્રહણ કરવા કેમ તૈયાર હશે?

બીજું રાજીમતી જેવા પૌઢ અને અગ્રેસર સાધ્વી એકલાં કેમ પર્વત પરથી ચડતાં ઉતરતાં હશે? બીજા કોઈ સાથે કેમ રાખ્યા નહિ હોય? અગર શિષ્યાઓ કેમ સાથે ગઈ નહિ હોય? જો સાથે કોઈ હતે તો કદાપિ રહનેમિના આવા માઠા પરિણામ નજ થતે?

**સમાધાન**–રથનેમિજી અને રાજીમતી બન્નેને વરસાદને લીધેજ સમુદાયના જોડેવાળાથી છૂટાં પડવાનું થયું એટલે એક એકલા ગુફામાં ગયા છે. રથનેમિજી ભિક્ષા લઈને ગામમાંથી આવ્યા છે અને રાજીમતી ઉપરથી વંદણા કરીને ઉતર્યાં છે અને સમુદાય જોડે હતો એ વાત દશવૈકાલિકની વૃત્તિમાં સ્પષ્ટ છે. પરિણામની પતિતતા તો ચૌદપૂર્વીઓને બને, અને ઋજુપ્રાજ્ઞપણું છતાં મોહની બલવત્તરતા અસંભવિત નથી

**પ્રશ્ન ૧૧૪૦**–કૃષ્ણમહારાજ ઉત્તમપુરૂષોમાં છે. તેથી નિરૂપક્રમ-આયુષ્યવાળા છે તો તેમને જરાકુમારના બાણનો ઉપદ્રવ કેમ લાગ્યો? ને તેથી મરણ કેમ થયું? અર્થાત્ નિરૂપક્રમ આયુષ્યવાળાને બાણનો ઉપક્રમ લાગ્યો તેથી મૃત્યુ થયું તેમ કેમ મનાય? પ્રતિવાસુદેવો ઉત્તમ-પુરૂષો હોય તો તે બધાને વાસુદેવ સ્વચક્રથી મારી નાંખે છે તો તે શી રીતે ઘટે?

**સમાધાન**–આયુષ્યનું અપવર્ત્તનીયપણું અને અનપવર્ત્તનીયપણું તે જુદી વસ્તુ છે. અને સ્વોપક્રમ તથા નિરૂપક્રમપણું તે જુદી વસ્તુ છે. આયુષ્યને નાશ કરનારાં સાધનો મળે તેથી સ્વોપક્રમ ગણાય, પરંતુ આયુષ્ય પૂરૂ થયાની વખતેજ તેવા ઉપક્રમ બને તો તેથી આયુષ્ય અન-પવર્ત્તનીય ગણાય. એટલા માટે તત્ત્વાર્થકારે અનપવર્ત્તનીય શબ્દ રાખ્યો છે;

**પ્રશ્ન ૧૧૪૧**–શ્રેણિક કે કૃષ્ણમહારાજાએ તપસ્યાદ્વારાએ એકપણ સ્થાનક આરાધ્યું નથી તો તીર્થંકરો આગલા ત્રીજા ભવમાં એક પણ સ્થાનક આરાધેજ તેવો નિયમ શો !

**સમાધાન**–વીશસ્થાનકમાં સર્વપદની કે કેટલાક પદની આરાધના કરવાથી તીર્થંકરપણું થાય છે. એ નિયમ છે. પણ તેમાં તપસ્યાનો અવશ્યભાવ નથી. જગતના સર્વજીવો જે રસ્તે ધર્મમાર્ગે જોડાય તેને અંગે ઉચિત એવી તપસ્યાદ્વારાએ કે બીજી રીતે પણ પ્રવૃત્તિ કરીને આરાધે તો પણ જિનનામ બાંધે

**પ્રશ્ન ૧૧૪૨**–આચારાંગાદિ અંગો, ઉપાંગો કે સૂત્રો જે આગમો અત્યારે વિદ્યમાન છે તેમાં અંગમાં આચારાંગથી સૂયગડાંગ બમણું, સૂયગડાંગથી ઠાણાંગ બમણું એમ ઉત્તરોત્તર બમણા પ્રમાણવાળા ગણાય છે, તો અત્યારે તે પ્રમાણે અંગો ઉપલબ્ધ નથી, તો અત્યારના વિદ્યમાન અંગો સંપૂર્ણ ગણવા કે કેટલોક ભાગ વિચ્છેદ ગયો છે એમ માનવું ? વિદ્યમાન ભાગ ક્યારસુધીનો અત્યારે હશે ? હરિભદ્રસૂરિ વિગેરે પ્રૌઢ ટીકાકારોના વખતમાં પણ આટલોજ ભાગ વિદ્યમાન હશે કે આથી વધારે હશે ? તેમના કાલ જેટલું તો મૂળ અત્યારે વિદ્યમાન છે કે નહિ ?

**સમાધાન**–અંગના પદોના પરિમાણને અંગે કેટલાક ટીકાકારો 'विभक्त्यन्तं पदं ' લેવા કહે તે અપેક્ષાએ અત્યારે પણ જે જે વાચના સંક્ષેપ થઈ છે તે લખવામાં આવે તો ઠામ બમણાં પદ થવામાં અડચણ આવે નહિ એમ લાગે છે અને અર્થાધિકારની સમાપ્તિને પદ કહેવાય એવા મતની અપેક્ષાએ પદો લેવાં હોય તો પણ અર્થાધિકાર ગોઠવવામાં અને વિસ્તાર વાચનાની અપેક્ષા રાખવામાં આવે તો બમણા પદ થવામાં અડચણ આવી શકે તેમ નથી. છતાં દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજીએ આરૂઢ કરતી વખતે સંકોચ કર્યો છે એમ માનવામાં પણ અડચણ નથી.

**પ્રશ્ન ૧૧૪૩**–અંગનાં ઉપાંગો છે, અને અંગને અનુસરીને ઉપાંગો તેનો વિસ્તાર કરનારૂં હોય છે તો મૂળસૂત્ર કરતાં તેમાં કંઇક જુદીજ વસ્તુઓ અને વિવેચનો હોય છે. જેમ નિર્યુક્તિઓ, ભાષ્યો,

ટીકાઓ, અને ચૂર્ણિઓ મૂળસૂત્રને સ્પર્શ કરતી એવી વ્યાખ્યાઓ અને વિવેચનો કરે છે. તેમ ઉપાંગમાં તે રૂપ ઉપલબ્ધ થતું નથી તો અંગના ઉપાંગ શા માટે ગણવા? સ્વતંત્ર અંગઆદિ માફક સૂત્રો ગણવામાં શી હરકત?

**સમાધાન**–અંગમાં કહેલા અર્થોમાંથી કોઇપણ એક અર્થની અપેક્ષાએ વિસ્તાર કરવામાં આવે તો તેને ઉપાંગ કહી શકાય. જેમ આચારાંગમાં આત્માનું ઔપપાતિકપણું કહ્યું હતું અને ઉવવાઇજીમાં તેજ ઉપપાતને અંગે વર્ણન કરાયું છે નગરીઆદિકનું વર્ણન તો પ્રાસંગિક છે. સૂયગડાંગજીમાં નાસ્તિકનું ખંડન હતું અને તેજ ઉદ્દેશથી રાયપસેણીમાં મુખ્ય મુદ્દો તે ચર્ચ્યો છે. ઠાણાંગ વિગેરે સૂત્રોમા પણ જે એવા એકેક મુદ્દા હતા તેને અંગે જ તે તે ઉપાંગો રચાયાં છે.

**પ્રશ્ન ૧૧૪૪**–'सूचनात् सूत्रम्' એ વ્યુત્પત્તિથી સૂત્ર સંક્ષિપ્ત હોય તો આચારાંગ, નંદીસૂત્ર, પન્નવણા વિગેરેમાં બહુજ વિસ્તારથી સૂત્રો કેમ બનાવ્યાં છે. જો તત્ત્વાર્થસૂત્રઆદિની માફક અગર સિદ્ધહેમઆદિના સૂત્રોની માફક ગોઠવણ કરી સૂત્રો બનાવ્યાં હતે. તો ટુંકા બની શકત આગળની અનુવૃત્તિ પાછળ ખેંચી શકાય તેવાં ઘણાં પન્નવણા વિગેરે સૂત્રોમાં સરખા આલાવાવાળાં સૂત્રો છે, તો તત્ત્વાર્થસૂત્ર માફક ટુંકું ન કરતાં બહુ વિસ્તારવાળું શા માટે બનાવ્યું હશે? આ તો ઉલટું યાદ રાખવું વધારે કઠિન પડે. સરખા આલાવાથી પાઠમાં ગુંચવાઇ પણ જવાય. તો ટુંકું સૂચવે તેવા સૂત્રો ભગવંતોએ કહેવાને બદલે વિસ્તૃત અને એક વસ્તુ વારંવાર પણ શા માટે સૂત્રમાં લખી હશે?

**સમાધાન**–વૈરાગ્ય, વ્રત અને ભાવના વિગેરે આત્માને સર્વથા ઘાતીકર્મનો ક્ષય ન થાય ત્યાં સુધી વારંવાર આચરવામાં અને મનન કરવાનાં હોય છે માટે જ સૂત્રોમાં હેય તથા ઉપાદેય પદાર્થોને વારંવાર અને જુદી જુદી રીતે જણાવાવમાં આવ્યાં છે અને તેથીજ પ્રમાદ, અપ્રમાદ, પંચમહાવ્રત અને છકાયના સ્વરૂપને વારંવાર કહેલું ગણાવી

નિરર્થક ગણનારને સૂત્રની આશાતના કરવાવાળો કહ્યો છે, 'सूचनात् सूत्रम्' એ વાકય સંગ્રહસૂત્રની અનુસરીનેજ છે, જો એમ ન હોય તો વ્યાકરણ-સૂત્રોમાં પણ દંતાદિ અને પદાદિ એમ કરવું પડે. એવી રીતે સમાસ, તદ્ધિત, કારક, આખ્યાત અને કૃદંત વિગેરેમાં સ્થાને સ્થાને જોઈ શકાય છે. વ્યાકરણસૂત્રોમાં કોઇ જગોએ આદિથી લઈ લે છે અને કોઈ જગોએ સાક્ષાત્ બધાને જણાવે છે. ન્યાયમાં પણ સંશયાદિ પદાર્થો પ્રમાણ કે પ્રમેયમાં નહોતા આવતા એમ તો નહોતુંજ છતાં જણાવ્યા છે માટે એ લક્ષણ સંગ્રહસૂત્રની અપેક્ષાએ છે.

**પ્રશ્ન ૧૧૪૫**–ગીતાર્થ કે ગીતાર્થની નિશ્રાવાળુ એમ સાધુપણાના બેજ પ્રકાર છે. ત્રીજો પ્રકાર સાધુપણાનો નથી એમ નિષેધ કર્યો છે. તો ગીતાર્થની આજ્ઞાથી અલગ અગીતાર્થ ચોમાસુ કરે, વિહાર કરે, પરંતુ આચારપ્રકલ્પાદિકના પ્રાયશ્ચિત્ત અને તેના દાનવિભાગ ન જાણે તો તેવાનું સાધુપણું ગણી શકાય? જો ન ગણી શકાય તો અત્યારે ગીતાર્થોજ એક આંકડાની સંખ્યામાં પૂરા નથી તો આધુનિક સમુદાયપણે આજ્ઞા-ખપી જીવોનું સાધુપણું ગણવું કે નહિ?

**સમાધાન**–શાસ્ત્રકારો ગીતાર્થની નિશ્રાએ તો સાધુપણું ગણેજ છે, એટલે ગીતાર્થની નિશ્રાવાળાને તો સાધુપણામાં અડચણ નથી, અને પ્રાયશ્ચિત્ત પ્રતિપત્તિ ગીતાર્થના સંજોગે અને બીજી રીતે પણ લઈ શકાય છે. દેશકાલાદિના સંયોગે નિશ્રિતમાં સાધુપણું માનવાનું ભિન્નક્ષેત્રે અને ભિન્નકાલે પણ બને છે. સહચારશબ્દ નથી લીધો પણ નિશ્રિત શબ્દ લીધો છે.

**પ્રશ્ન ૧૧૪૬**–શ્રમણભગવંત મહાવીરમહારાજાના મ્હોટાભાઈ જે નંદિવર્ધન તેમની જયારે રજા માગી ત્યારે તેમના કુટુંબમાં બીજો કોઇ મ્હોટો હતો કે નહિ? અને તેમની રજા માગી છે કે કેમ?

**સમાધાન**–શ્રીઆવશ્યકચૂર્ણિમાં'–न दिवद्धणसुपासपमुह ०' એટલે શ્રીનંદિવર્દ્ધન અને સુપાર્શ્વ વિગેરે સ્વજનવર્ગને ભગવાને પૂછયું, આવું

કથન હેવાથી સુપાર્શ્વ કે જે ભગવાન્ મહાવીરમહારાજના સગા કાકા થાય અને જેને અંગે શ્રીકલ્પસૂત્ર વિગેરેમાં 'पितिज्जए सुपासे' એમ કહેવામાં આવે છે તે તે વખતે હયાત હતા અને તેમની પણ આજ્ઞા માગવામાં આવી.

**પ્રશ્ન ૧૧૪૭**–ભગવાન્ મહાવીરમહારાજને દીક્ષા લેતાં બે વરસ રોકવાનું એકલા નંદિવર્દ્ધનજીએ જણાવ્યું કે આખા કુટુંબે જણાવ્યું ?

**સમાધાન**–આવશ્યકચૂર્ણિમાં 'ताहे ताणि बिगुणसोगाणि भणंति०' એવું કહેલ છે. તેથી સ્પષ્ટ સમજાય છે કે માતાપિતાના કાલધર્મ પછી એકલા નંદિવર્દ્ધનજીનાજ આગ્રહથી બે વરસ રહેવાનું થયું છે એમ નહિ, પરંતુ આખા કુટુંબના મનુષ્યોના આગ્રહથી બે વર્ષ રહેવાનું થયું છે.

**પ્રશ્ન ૧૧૪૮**–શ્રમણ ભગવાન્ મહાવીરમહારાજે શ્રીનંદિવર્દ્ધન વિગેરે આખા કુંટુંબને જે બે વર્ષ રહેવાની કબુલાત આપી તે બે વર્ષમાં ભગવાન્ મહાવીરમહારાજા કેવી રીતે વર્ત્યા ?

**સમાધાન**–શ્રીઆવશ્યકચૂર્ણિકારમહારાજા જેઓ પ્રસિદ્ધિએ કરીને જિનદાસગણિમહત્તર છે એમ કહેવાય છે તેઓ તે બાબતમાં નીચે પ્રમાણે જણાવે છે–

**जति अप्पच्छंदेण भोयणादिकिरियं करेमि, ताहे समत्थितं अतिशयरूवंपि ताव से कंचि कालं पासामो, एवं सयं निक्खमणकालं णच्चा अवि साहिए दुवे वासे। सीतोदगमभोच्चा णिक्खंते, २ अप्फासुगं आहारं ३ राइभत्तं च अणाहारेंते। ४ बंभयारी ५ असंजमवावाररहिते ठिओ, ६ ण य फासुगेणवि ण्हाते, हत्थपादधोवणं तु फासुगेणं आयमणं च।**

**भावार्थ:**–તમારી તરફથી બે વર્ષ રહેવાની વિનંતિનો સ્વીકાર કરૂં કે જો મ્હને પોતાની ઈચ્છા પ્રમાણેજ ભોજનાદિક ક્રિયા કરવાનું થાય.

આવા કથનના ઉત્તરમાં કુટુંબીજનોએ જણાવ્યું કે તે હમારે કબુલ છે, અર્થાત્ તમારી ઈચ્છાએ ભોજનાદિક ક્રિયા તમે કરજો. તેમાં

અમો કોઈ પણ પ્રકારે બાધા થાય તેવી વિનંતી પણ કરીશું નહિ, અને તમે તમારી ઇચ્છા પ્રમાણેજ ભોજનાદિક ક્રિયા કરજો (વર્તમાન-કાળમાં કેટલાક શ્રદ્ધાહીન અને સંયમને ભોગવંચના તરીકે માનનારા યુવકો શ્રીનંદિવર્દ્ધનજીના દાખલાને દીક્ષા રોકવા માટે આગળ કરે છે, પરંતુ વિનંતીથી રોકાયેલા પણ દીક્ષાભિલાષીને કે નહિ રોકાતા એવા તેને કેટલી ધર્મની અનુકૂલતા આ લોકો કરે છે? તે અમદાવાદ રામજીમંદિરની પોળ, અને રાધનપુર ટંકારીયા છાણી વિગેરે અનેક સ્થળોના તે જૈન નામધારીઓના વર્તનથી જાહેર થઈ ચૂકયું છે. એટલે સ્પષ્ટ થાય છે કે તેઓને માત્ર કુટુંબી તરીકે કંઈ પણ લાગણી નથી, પરંતુ માત્ર ધર્મના દ્વેષ તરીકે પ્રવૃત્તિ છે શાસનપ્રેમી મહાશયોએ એવા ચારિત્રદ્વેષીઓના વચન કે વર્તન ઉપર લેશ પણ ધ્યાન આપવા જેવું નથી. પરંતુ તેઓનો પગલે પગલે પ્રતિકાર કરવા જેવો છે. યાદ રાખવું કે જૂન્નેરનાજૂથનો બહિષ્કાર કરવા માત્રથી તમારૂં કાર્ય સંપૂર્ણ થતું નથી, પરંતુ સ્વપ્ને પણ તેવાઓની સાથે બેસવાને કે તેવાઓની સાથે સહકાર કરવાનો વખત શાસનપ્રેમીએ રાખવા જેવો નથી, કદાચ તેઓ પોતાના તૂટી ગયેલા જૂથને સાધવા માટે શાસન વિરોધી ઠરાવોને જતા પણ કરે, પરતુ તેવી સોબત તો કુંફાડા વગરના નાગના સહકાર જેવીજ છે.) શ્રમણ ભગવંતમહાવીરમહારાજાને ગૃહસ્થપણામાં પણ દીક્ષિતપણે વર્તવાની છૂટ આપીને કુટુંબીજનો સ્પષ્ટપણે જણાવે છે કે ભલે તમે ભોજનાદિકમાં સાધુપણાની ક્રિયામાં વર્તો પરંતુ તેટલા કાળસુધી એટલે બે વર્ષ સુધી તમારા રૂપના અતિ-શયને અમે દેખીએ આટલુંજ અમારે કામ છે. (આ વાકયથી સ્પષ્ટ થાય છે કે કુટુંબ વર્ગ સ્નેહવાળો હતો, પરંતુ વર્તમાનકાળમાં જડ એવો કુટુંબી વર્ગ કે જે જમને દેવા તૈયાર થાય તેવો છે તેવો તે ન્હોતો તે સ્પષ્ટ થાય છે, અને તેથી તે વર્ગની વિનંતી અને આ વર્ગની જડતાનું કેટલું આંતરૂં છે? તે સુજ્ઞ–પુરૂષ સ્હેજે સમજી શકે તેમ છે. અર્થાત્ વિનંતિનું કાર્ય જડનાથી કરવાવાળા અને હક

દેખાડવાવાળા કોઇ પણ પ્રકારે સાંભળવાને લાયક રહેતા નથી)

ભગવાન્ મહાવીરમહારાજે કુટુંબીજનોના શોકનું નિવારણ કરવા તથા બમણો શોક નહિ થવા દેવા જે બે વર્ષ રહેવાની વિનંતિ સ્વીકારી છે તેને માટે પણ ચૂર્ણિકારભગવાન્ લખે છે કે તે વિનંતિનો સ્વીકાર જે આવી રીતે કર્યો તે પણ પોતાના દીક્ષાકાળ પણ બે વર્ષ થવાનો જાણીને કર્યો અર્થાત્ અવધિજ્ઞાનથી પોતાની દીક્ષા પણ બે વર્ષ પછીજ થવાની છે અને કુટુંબીઓ પણ બે વર્ષ જ સાધુપણાની ક્રિયાથી રહેવાનું માને છે માટે અડચણ નથી. (આ ઉપરથી સુજ્ઞ-મનુષ્યો સમજી શકશે કે શ્રમણ ભગવંત મહાવીરમહારાજા જો પોતાનો દીક્ષાનો કાળ બે વર્ષ પછીજ થવાનો છે એમ અવધિજ્ઞાનથી ન જાણત તો કુટુંબીજનોનો શોક કોઇ પ્રકારે ગણતજ નહિ)

વળી એવી રીતે કંઇક અધિક બે વર્ષ સુધી સચિત્તજળ નહિં વાપરીને દીક્ષિત થયા. (જો કે ભગવાન્ મહાવીરમહારાજે કંઇક અધિક બે વર્ષ સુધી અચિત્તઆહાર વિગેરેની ક્રિયા કરેલી છે. છતાં અહીં ફક્ત સચિત્તજળ ન પીવાની વાત જણાવી છે તે માત્ર એટલું જણાવવા પુરતી છે કે ગૃહસ્થોને સચિત્તજળનું પાન વર્જવું તે પણ સાધુપણાની પ્રથમ કસોટી છે)

જેવી રીતે સચિત્તજળ કંઇક અધિક બે વર્ષ સુધી વાપર્યું નથી. તેવીજ રીતે કંઇક અધિક બે વર્ષ સુધી અપ્રાસુક એટલે સચિત્ત એવો કોઇપણ અન્ન, પાણી, ફલ, ફલાદિનો આહાર પણ પોતે કર્યો નથી. વળી રાત્રિભોજન કે જે અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ વિષયક દ્રવ્યથી ગણાય છે તેનો પણ પરિહારજ કરેલો હતો.

કંઇક અધિક બે વર્ષ સુધી સર્વથા બ્રહ્મચર્યને પણ પાલનારા થયા હતા. (આ ઉપરથી જેઓ ગૃહસ્થને સર્વથા બ્રહ્મચર્ય કરાયજ નહિ એવું કહેનારા છે તેઓ જૈનશાસન સમજનારા નથી. એમ ચોક્ખું થાય છે. પંચાશકવૃત્તિ વિગેરેમાં શ્રાવકને સર્વથા બ્રહ્મચર્ય ઉચ્ચરવાનું પણ

પોતે જણાવે છે અને શ્રાવકની છઠ્ઠી પ્રતિમામાં તો સર્વથા બ્રહ્મચર્ય પાળવાનું હોયજ છે.

ભગવાન્ મહાવીરમહારાજે સીતોદગ અપ્રાસુક આહાર-રાત્રિભોજન અને અબ્રહ્મનોજ માત્ર ત્યાં અધિક બે વર્ષમાં ત્યાગ કર્યો એટલુંજ નહિ પરંતુ અસંયમની પ્રવૃત્તિવાળી જે જે ક્રિયાએ તે બધી ક્રિયાઓથી વિરક્ત થઇનેજ કંઈક અધિક બે વર્ષ સુધી રહ્યા.

વળી સામાન્ય ગૃહસ્થ માટે તો શું ? પરંતુ મતાંતરના ત્યાગીવર્ગને પણ મુશ્કેલ પડે એવુ ભગવાન્ મહાવીરમહારાજે એક કાર્ય કર્યું અને તે એ કે 'फासु' પાણીએ કરીને પણ સ્નાન કર્યું નહિ પરંતુ હાથપગનું ધોવું અને સ્થંડિલાદિક કર્યા પછી જે પ્રક્ષાલન કરવું તે તો જરૂરી હોવાથી કર્યું. પરંતુ તે પણ પ્રાસુક એટલે અચિત્તપાણીએજ કર્યું.

ઉપરની હકીકતથી સ્પષ્ટ થતે કે કદાચિત્ દીક્ષાના અભિલાષિઓને કુટુંબીજનો રોકવા માગે અને રોકાવુંજ પડે. તો તેને ઉપરના દૃષ્ટાન્ત પ્રમાણે-૧. સચિત્તજળ પીવું નહિ. ૨. સચિત્ત આહાર કરવો નહિ. ૩. સર્વથા બ્રહ્મચર્ય પાળવું. ૪ રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કરવો. ૫ કોઇ પણ ગૃહસ્થપણાની પ્રવૃત્તિમાં જોડાવું નહિ. ૬ ફાસુપાણીએ સ્નાન પણ કરવું નહિ. (જો કે ભગવાન્ જિનેશ્વરમહારાજાની પૂજા સ્નાન વગર થઈ શકે નહિ, અને પ્રભુની પૂજા કરવી તે શ્રાવકને માટે જરૂરી કાર્ય છે. છતાં જેઓ સ્નાનનો અને સચિત્તનો ત્યાગ કરે છે, તેઓ વિમળધી ગણાય છે. અને તેવા વિમળધી માટે ષોડશક અને પંચાશકાદિ ગ્રંથોમાં પ્રભુની દ્રવ્યપૂજાની જરૂરીયાત સ્વીકારાયેલી નથી માટે પૂજા ન થાય તો અડચણ નથી.)

**પ્રશ્ન ૧૧૪૯**-શ્રમણ ભગવાન્ મહાવીરમહારાજે જે માતાપિતાના કાળધર્મથી પ્રતિજ્ઞા પુરી થયા છતાં પણ રહેવાનું કર્યું તે પ્રતિજ્ઞા લોપ ગણાય કે કેમ ?

**સમાધાન**-નિર્યુક્તિકારમહારાજા શ્રીભદ્રબાહુસ્વામીજી આવશ્યક-

નિર્યુક્તિમાં અને પર્યુષણાકલ્પમાં પણ એમજ જણાવે છે કે–

**णाहं समणो होह अम्मापियरंमि जीवंते** તથા

**णो खलु मे कप्पइ अम्मापिऊहिं जीवंतेहिं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए–**

અર્થાત્ માતાપિતા જીવે ત્યાં સુધી સાધુપણું નહિ લેવું એટલીજ માત્ર પ્રતિજ્ઞા છે. પરંતુ એવી પ્રતિજ્ઞા નથી કે માતાપિતા કાળધર્મ પામે ત્યારે દીક્ષા લેવીજ. એટલે માતાપિતાના કાળધર્મથી ગર્ભમાં રહેતા થકાં કરેલી પ્રતિજ્ઞા પુરી થઇ છે. એ વાત ખરી છે. પરંતુ અધિક બે વર્ષ વધારે રહેવાથી પ્રતિજ્ઞા પળાઇ નથી એમ કહી શકાય નહિ. આચાર્ય ભગવંત હરિભદ્રસૂરિજી પણ અભિગ્રહનું એજ સ્વરૂપ જણાવે છે કે 'तावदेवाधिवत्स्यामि गृहमहमपीष्टितः' અર્થાત્ જ્યાં સુધી આ ભવમાં માતાપિતા જીવે છે ત્યાં સુધી હું ઘરમાં પણ મારી ઇચ્છાથી રહીશજ. અર્થાત્ તાવત્શબ્દની આગળ રહેલો એવકાર 'अधिवत्स्यामि'૦ ક્રિયાપદની સાથે જોડી શકાય તેવો છે. અને તેથી ઉપર જણાવેલા શાસ્ત્રને મળતો અર્થ થઈ શકે તેમ છે. વળી આ અષ્ટકજીમાં ઇચ્છાથી રહેવાનું જણાવીને નીચે પ્રમાણે સ્પષ્ટ કરે છે જો કે ચારિત્રમોહનીયનો ઉદય એજ ચારિત્રને રોકનારી ચીજ છે. ચારિત્રમોહનીયના ઉદય સિવાય કોઈપણ ગૃહસ્થપણામાં એટલે અવિરતિપણામાં રહેતું નથી; પરંતુ ગૃહસ્થપણામાં રાખનાર એવો જે ચારિત્રમોહનીયનો ઉદય તે મારા શુભ પરિણામથી ખસી શકે એવો છે. પરંતુ માતાપિતાના ઉદ્વેગના નિવારણને માટે તેમની અનુકંપાથી તે ચારિત્રમોહનીયના ઉપક્રમનો ઉદ્યમ નહિ કરૂં. પરંતુ ઇચ્છા પૂર્વકજ હું ગૃહવાસમાં રહીશ. આ વસ્તુ બરોબર સમજનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે ભગવાન્ મહાવીરમહારાજનું તેમના માતપિતાની હતાતી સુધી ઘરમાં રહેવાનું જે અભિગ્રહ દ્વારાએ થયું છે તે તેઓની ઇચ્છાથી જ છે, અને માતાપિતાની અનુકંપા માટેજ છે. પરંતુ પોતાની ત્રીસ વર્ષ પછીજ દીક્ષા થવાની છે. એવું અવધિજ્ઞાનથી જાણીને પછી અભિગ્રહ કર્યો છે એમ કહેવાય નહિ. અને એમ કહેવું તે શાસ્ત્રોને

નહિ સમજવાવાળાનું કામ છે. જો કે આવશ્યકવૃત્તિમાં ગર્ભમાં રહ્યા છતાં કરેલા અભિગ્રહની વાત પછી 'ज्ञानत्रयोपेतत्वात्' એમ હેતુ દેવામાં આવેલો છે પરંતુ તે હેતુ ગર્ભમાં પણ અભિગ્રહની સંભાવનીયતાને માટે છે, પરંતુ અભિગ્રહના કારણ તરીકે તો 'माउअणुकंपणट्ठाए' એ પણ પર્યુષણ કલ્પમાં તથા આવશ્યકવૃત્તિ વિગેરેમાં સ્પષ્ટપણે છે. જો અવધિજ્ઞાનથી દીક્ષા ન લેવાનું હોય તો પછી માતાની અનુકંપા માટે અભિગ્રહ લીધો તેમજ તેમના કાળ સુધી રહેવા માટેનો અભિગ્રહ લીધો એ બન્ને વસ્તુ વ્યર્થ જ થઈ જાત વળી શાસ્ત્રકારોએ ચારિત્રમોહનીયના ઉપક્રમનું અકર્તવ્યપણું જણાવ્યું તે પણ વ્યર્થજ થાત કારણ કે ત્રીસ વર્ષની ઉમ્મર પહેલાં ઉપક્રમની કર્તવ્યતા થવાનીજ નહોતી એ નિશ્ચિતજ છે. અવધિજ્ઞાનથી જો દીક્ષાકાળ દેખ્યો હોત તો ચારિત્રમોહનીયકર્મના ઉપક્રમના પ્રયત્નનો અસંભવપણ દેખેલોજ હોત અને તેથી ઉપક્રમ નહિં કરવા રૂપ ઇચ્છાની વાતને સ્થાન રહેતજ નહિ.

**પ્રશ્ન ११५०-सञ्चिततपोधनानां नित्यं व्रतनियमसंयमरतानाम्।**
**उत्सवभूतं मन्ये मरणमनपराधवृत्तीनाम् ॥ १॥**

આ પ્રમાણે ભગવાન્ ઉમાસ્વાતિવાચકજીની આર્યા છે. તેનો અર્થ રામ-શ્રીકાંતો એવો કરે છે કે એકઠું કર્યું છે તપરૂપી ધન જેઓએ અને હંમેશાં જેઓ વ્રત નિયમ અને સંજમમાં લીન છે, તથા જેઓનું વર્તન અપરાધરહિત એટલે પાપ અને વૈરવિરોધ રહિત છે તેવાઓના મરણને હું ઓચ્છવ રૂપ માનું છું. એતો અર્થ રામ-શ્રીકાંતો તરફથી કરીને ભગવાન્ તીર્થંકરાદિ મહાત્માના મરણને ભક્તોએ ઓચ્છવ ગણવો એમ કહેવાય છે તે શું વ્યાજબી છે ?

**સમાધાન**-ઉપર ભગવાન્ ઉમાસ્વાતિવાચકજીની જણાવેલી 'सञ्चित०' આર્યાનો અર્થ આ પ્રમાણે છે તપરૂપી ધન જેઓએ મેળવ્યું છે, તેમજ જેઓ હંમેશા વ્રત નિયમ અને સંજમમાં લીન છે તથા જેઓનું વર્તન પાપ અને વૈરથી રહિત છે તેવા મહાત્માઓને (તો)

જે મરણ થાય (તે પણ તેઓને) ઉત્સવભૂત હોય છે એમ હું માનું છું. એટલે આ આર્યામાં મરણશબ્દની આગળ દ્વિતીયા વિભક્તિ નથી પણ પ્રથમા વિભક્તિ છે. તેમ 'उत्सवभूत" ત્યાં પણ પ્રથમાજ છે. તથા 'मन्ये' એ ક્રિયાપદ ઉત્પ્રેક્ષાઅલંકારને માટે છે અને તે મરણમાં ઉત્સવની અસંભાવનીયતા જણાવવા માટે છે જુઓ કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રીહેમચંદ્રાચાર્યનું કાવ્યાનુશાસન પૃષ્ઠ ૨૪૭ અને વાગ્ભટ્ટનું કાવ્યાનુશાસન પૃષ્ઠ ૩૪–

असद्धर्मसम्भावनमिवादिद्योत्योत्प्रेक्षा ॥ प्राकरणिकेऽर्थे ये धर्मा गुणक्रियालक्षणास्तदभावलक्षणा वा तेषां सम्भावनं तद्योगोत्प्रेक्षणमुत्प्रेक्षा सा चेव मन्ये–शङ्के, ध्रुवं प्रायो नूनमित्यादिभिः शब्दैर्द्योत्यते ।

अत्यंत सादृश्याद्सतोऽपि धर्मस्य कल्पनमुत्प्रेक्षा । तां चेव मन्ये–शङ्के ध्रुवमित्यादिभिर्द्योतयेत् ।

ઉપરના બંને પાઠો જેઓના જોવા જાણવા અને સમજવામાં આવ્યા હોય તેઓ 'मन्ये' ક્રિયાપદ ઉત્પ્રેક્ષાને જણાવનાર છે એમ સ્હેજે સમજે અને તેથી મરણનું ઉત્સવપણું દરેકને માટે અસંભાવનીય છે, છતાં તેવા મહાત્માઓમાં મરણની પ્રાપ્તિ પણ ઉત્સવ રૂપ છે, એમ અર્થ કરી શકે એવી જ રીતે શ્રીવીતરાગસ્તોત્રમાં પણ જણાવેલું છે જુઓ તે શ્લોકઃ– दानशीलतपोभावभेदाद् धर्मं चतुर्विधम् ।

मन्ये युगपदाख्यातुं चतुर्वक्त्रोऽभवद् भवान् ॥

टीका–भुवनबान्धवे हि धर्मोपदेशनिमित्ततः समवसरणममरकल्पितमलङ्कृत्य मृगेन्द्रासनमुपविष्टे प्राङ्मुखे दक्षिणापरोत्तरासु तिसृष्वपि दिक्षु तथास्थितेरेव विरचयन्ति व्यन्तरसुराः स्वामिप्रतिच्छन्दानि । इदमेव स्तुतिकृदुत्प्रेक्षते–हे भुवनस्वामिन्नहमेवं मन्ये यद् भवानेतदर्थं चतुर्वक्त्रोऽभवत् । किमर्थमित्याह–आख्यातुं–कथयितुं, किं तद् ? धर्मं प्रथमपुरुषार्थं किंविशिष्टं ?

**चतुर्विधं-चतुष्प्रकारम्। चातुर्विध्यमेवाह-दानशीलतपोभावनारूपम्। नन्वेकरूपोऽपि भगवांश्चतुर्विधमपि धर्मं पर्यायेण प्ररूपयति किं चतुर्मुखत्वेनेत्याह-युगपत्-समकालं एतच्चतुर्वक्त्रत्वमन्तरेण नोपपद्यत इति ॥**

વીતરાગસ્તોત્રની અવચૂરિમાં પણ પત્ર ૬૮માં જણાવે છે કે-

**दान० हे वीतराग! दानशीलतपोभावभेदाच्चतुर्विधं चतुष्प्रकारं धर्मं युगपत्समकालमाख्यातुं भवान् चतुर्वक्त्रश्चतूरूपो बभूवेत्यहं मन्ये ॥ ४ ॥**

જો રામ-શ્રીકાંતોનું ઉપરના પાઠો સંબંધી જાણપણું અને માન્યતા હોત તો તેઓ ઉત્પ્રેક્ષા અલંકાર પ્રથમ વિભક્તિ અને ભૂતશબ્દનું રહસ્ય જરૂર સમજત પણ તત્ત્વ વિભક્તિ અલંકારના જ્ઞાનથી વંચિત છે. જો તેમ ન હોય તો કોઈ દિવસ પણ તીર્થંકરઆદિ મહાત્માઓના મૃત્યુને ભક્તોએ ઓચ્છવ માનવો એમ જણાવવા તૈયાર થાત નહિ વળી તેઓએ-

**मरणंपि सपुण्णाणं जही मे तमणुस्सुयं।**
**सुपसन्नमणक्खायं संजयाणं वुसीमओ ॥ १ ॥**

એ સૂત્ર તેની ટીકા વિગેરેની સાથે વિચાર્યું હોત તો કોઈ પણ પ્રકારે મહાપુરૂષોના મરણને તેના ભક્તો ઓચ્છવ ગણે એમ કહેવા અને માનવાને તૈયાર થાતજ નહિ. વળી તે રામ-શ્રીકાન્તોએ ઉત્સવશબ્દની આગળ ભૂતશબ્દ વપરાયો છે તેનો જે અર્થ ઉપમા અને તાદર્થ્ય થાય છે તે સંબંધી પણ વિચાર કર્યો હોત તો મહાપુરૂષના મરણને ભક્તો ઉત્સવ માને એમ કહેવા કે માનવાનો વખત આવતજ નહિ.

**પ્રશ્ન ૧૧૫૧**-સમ્યગ્દૃષ્ટિ જીવ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સંપૂર્ણપણે વર્તી ન શકે. છતાં તેનું સમ્યગ્દર્શન જાય નહિં, પણ માન્યતા અવળી થાય તો સમ્યક્ત્વ રહે નહિં એ વાત શાસ્ત્રસિદ્ધ હોવાથી રામ-શ્રીકાન્તોના કહેવા પ્રમાણે જેઓ સમ્યગ્દૃષ્ટિ હોય તેઓએ ભગવાન્ જીનેશ્વરમહા-

રાજાદિના મરણને ઓચ્છવ તરીકે માનવો જોઈએ, અને જો તે મહાત્માઓના મરણથી તે તે મહાત્માના ભક્તો શોક મનાવે કે માને તો તેઓ વિપરીતશ્રદ્ધાવાળા થઈને મિથ્યાત્વી થાય એમ ખરૂં ?

**સમાધાન**-પ્રથમ તો ઉપર જણાવેલ 'सञ्चित'० આર્યાનો અર્થ જ તેઓએ ખોટો જાણ્યો માન્યો અને પ્રરૂપ્યો છે, વળી જો મહાત્મા-ઓના મરણમાં શોક મનાવવો એ મિથ્યાદષ્ટિનું કાર્ય હોય, અગર ઉત્સવ ન મનાવવો એ પણ મિથ્યાદષ્ટિનું કાર્ય હોય તો ભગવાન્ ગૌતમસ્વામીજી, ભરતમહારાજા અને ઈંદ્રમહારાજા કે જેઓએ ભગવાન્ મહાવીરમહારાજાના કાલધર્મને અંગે અને ભગવાન્ શ્રીઋષભદેવજીના કાલધર્મ અંગે શોક માન્યો અને કર્યો છે, તેઓને તે રામ-શ્રીકાન્તો કેવા ગણશે અને માનશે ? ભગવાન્ મહાવીરમહારાજના નિર્વાણ વખતે 'कस्याङ्घ्रिपीठे० राहुग्रस्तदिवाकरमिव' અને 'प्रसरति मिथ्यात्वतमो' આ વિગેરે. વાક્યોથી ભગવાન્ ગૌતમસ્વામીજીનો શોક સકલ શ્રીસંઘમાં જાહેર છે, 'खेदोऽपि' એ કથન પણ શ્રીગૌતમસ્વામીજીના ખેદને જ જણાવનારૂં છે, વળી ત્રિષષ્ટીયની અંદર ભગવાન્ ઋષભદેવજીના નિર્વાણનો અધિકાર શું કહે છે તે જુઓ. પર્વ ૧ સર્ગ ૬ -

ततोऽङ्कुशेन संस्पृष्टः, सद्यः शोककृशानुना ।
तरुः सिमसिमाबिन्दू-निवाश्रूणि मुमोच सः ॥४६४॥
तेऽपि प्रदक्षिणीकृत्य जगन्नाथं प्रणम्य च ।
विषण्णाश्च, निषण्णाश्च, तस्थुरालिखिता इव ॥४८२॥
महाशोकसमाक्रान्तश्चक्रवर्ती तु तत्क्षणम् ।
पपात मूर्च्छितः पृथ्व्यां, वज्राहत इवाचलः ॥४९४॥

પર્વ-૧૦-સર્ગ-૧૩ પત્ર ૧૮૧

जगद्गुरोर्वपुर्नत्वा, बाष्पायितदृशः सुराः ।
अदूरे तस्थुरथ ते शोचन्तः स्वमनाथकम् ॥२४९॥
श्रावकाः श्राविकाश्चापि, भक्ति शोकसमाकुलाः ॥२६१॥

ઉપરના શ્લોકોથી સ્પષ્ટ થાય છે કે ભરતમહારાજા, ઈંદ્રો, દેવતાઓ શ્રાવકો અને શ્રાવિકાઓ એ સર્વ ભગવાનના નિર્વાણથી શોકવાળા થયા છે, પરંતુ કોઇએ ભગવાનના મરણને ઓચ્છવરૂપ માન્યો નથી, એટલે રામ-શ્રીકાન્તોના મુદ્દાપ્રમાણે સમ્યક્ત્વનું પડીકું તે બધાનું છૂટી ગયું હશે.

**પ્રશ્ન ૧૧૫૨**-સૂત્રો પ્રાકૃતભાષામાં લખાયા તેનું કારણ બાલ મૂઢ સ્ત્રી વિગેરે સમજી શકે અર્થાત્ પ્રાકૃતભાષા સહેલી છે માટે તે ભાષામાં ગ્રંથો લખવામાં આવ્યા છે. તો જો તે ભાષા સહેલી હોય તો નવા ગ્રંથો પણ તે જ ભાષામાં લખવા જોઇએ અને તેના ઉપર સંસ્કૃતભાષામાં ટીકાની જરૂર હોય નહિ, પરંતુ સહેલાઇને માટે તો સંસ્કૃતભાષાનો આશ્રય લેવો પડે છે તો પ્રાકૃતને સહેલી શા માટે કહેવામાં આવે છે?

**સમાધાન**-તીર્થંકર અને ગણધરની હયાતિમાં એટલે સૂત્ર રચનાની વખતે માગધી અને અર્ધમાગધીભાષા મગધાદિદેશને માટે પ્રચલિત હતી. અને બાળ, સ્ત્રી વિગેરેને સહેજે સમજી શકાય તેવી હતી, અને તેથી આચારાંગાદિ અંગોની રચના કરી અને તેની ભાષા માગધી, અર્ધમાગધી રાખી તથા તેની સહેલાઇને લીધે નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણિઓ પણ તે ભાષામાંજ લખાઈ. પરંતુ જેમ દેશવિશેષની માતૃભાષા દેશવિશેષવાળાને સમજવા માટે ભાષાન્તરની અપેક્ષા રાખે છે. ગુજરાતી ભાષા ઘણી સહેલી છતાં અન્યદેશવાળાને સમજવા માટે ભાષાંતરની જરૂર પડે છે. તેમ કાલવિશેષે તે ભાષાની મૃતપ્રાય અવસ્થા હોવાથી તેને સમજવા ટીકાની જરૂર ગણાય

**પ્રશ્ન ૧૧૫૩**-પૂર્વો સંસ્કૃતભાષામાં હતાં તેવું સાંભળવામાં આવે છે. તો ઠાણાંગ-વિશેષાવશ્યક વિગેરેમાં પૂર્વગત સૂત્રની સાક્ષીઓ આપવામાં આવે છે અને તે પ્રાકૃતમાં હોય છે તો ખરૂં શું છે?

**સમાધાન**-પૂર્વગત નામના દૃષ્ટિવાદના ચોથા ભેદે રહેલો આગમરૂપ પૂર્વોમાંજ એટલે ચૌદપૂર્વોમાંજ સંસ્કૃત ભાષા હોય એમ કિંવદંતીનો અર્થ કરવાથી પૂર્વગતના પ્રાકૃત પાઠો જે નિહ્નવવાદ વિગેરેમાં આવે છે તે સંબંધમાં સંશય થવાનો સંભવ નથી.

**પ્રશ્ન ૧૧૫૪**–પૂર્વકાળમાં સાધ્વીઓને ૧૧ અંગ ભણવાનો અધિકાર હતો, હાલ અંગમાંથી આચારાંગ સિવાય બીજાનો નિષેધ શા માટે ?

**સમાધાન**–કાલવિશેષે સાધ્વીઓને છેદાદિસૂત્રો આપવાનો નિષેધ તો શાસ્ત્રકારોએ સ્પષ્ટપણે જણાવેલ છે. તેવી રીતે સંપ્રદાયથી આચારાંગ સિવાયનો નિષેધ સંભવિત છે.

**પ્રશ્ન ૧૧૫૫**–ઠાણાંગના સાતમા ઠાણામાં ૭ નિહ્નવો કહ્યા છે ૮મા શિવભૂતિની ગણના કરી નથી, તો આ આઠમો કેમ ગણ્યો નહીં હોય ?

**સમાધાન**–શ્રીસ્કન્દિલાચાર્યે અનુયોગની વ્યવસ્થા કરેલ હોવાથી તેમનાથી પહેલાના થયેલા સાત નિહ્નવો મૂલમાં કહ્યા છે; વળી પુસ્તકારોહણ શ્રીદેવર્દ્ધિક્ષમાશ્રમણે કર્યું તેમાં જો તે નિહ્નવોનો અધિકાર ન કહેવાય તો પૂર્વકાલીય શ્રીસંઘની અપ્રમાણિકતા થાય. માટે તે નિહ્નવોનો અધિકાર ચાલુ રાખ્યો છે.

**પ્રશ્ન ૧૧૫૬**–સાતે નિહ્નવોમાં કેટલાકને ૧૧ અંગનું અને કોઈ કોઈને તો પૂર્વનું પણ જ્ઞાન હતું એટલે તે બધાઓ ત્રીજું ઠાણાંગસૂત્ર તો ભણેલાજ હતા, અને ઠાણાંગના ૭મા સ્થાનમાં એ સાતે નિહ્નવોની વાત આવે છે, ત્યારે તે જાણતાં એમને ખબર તો પડી જ હશે કે અમે નિહ્નવ થવાના છીએ. છતાં શા માટે આગળ ભણવાનું ચાલુ રાખ્યું હશે ? આ હિસાબે તો એમ સમજાય છે કે સૂત્રની શબ્દરચનામાં પાછળથી ફેરફાર થયેલો હોવો જોઈએ.

**સમાધાન**–જમાલિનિહ્નવને ખુદ ભગવાનના વચનનીજ શ્રદ્ધા નહોતી તો પછી નિહ્નવો થનાર શ્રદ્ધાવાન્ હોય એમ નિર્ણય ન થાય, અથવા સાવચેત હોય અને ભાગ્ય પણ ભૂલાવે તો તેમાં પણ આશ્ચર્ય શું ? જ્યોતિષ અને નૈમિત્તિકના સાચા નિર્ણયોમાં શું તેમ નથી બનતું ?

**પ્રશ્ન ૧૧૫૭**–તીર્થંકરો આહાર ન લે તો આત્મામાં અનંતવીર્ય છતાં પણ શરીરમાં તો મંદતા આવી જાય અને વિશ્રાંતિ પણ તેથી લે

છે, આવા ભાવવાળું લખાણ સૂત્રકૃતાંગની ટીકામાં છે. તો આદીશ્વર ભગવાનના શરીરની અપેક્ષાએ ઉત્તરોત્તર તીર્થંકરોમાં શરીરબળ ઓછું હશે કે કેમ?

**સમાધાન**–વાસુદેવો જેમ શરીરની ન્યૂનતાએ કે કાલબળે શારીરિક બળમાં સરખા નથી, તેમ છદ્મસ્થપણામાં વર્તતા તીર્થંકરો અન્ય તે કાલના જીવો કરતાં અતુલબલવાળા છતાં પૂર્વ પૂર્વના તીર્થંકરોની અપેક્ષાએ શારીરિક બલે હીન હોય તો તેમાં આશ્ચર્ય નથી આત્મીયબલ અનંત પ્રગટ થાય તો પણ શરીર તો તેને લાયકજ પરિશ્રમ ખમે અને વધારે પરિશ્રમે થાકે પણ ખરૂં. શરીરનો સર્વથા પણ નાશ છતાં આત્મીય અનંતવીર્ય તો અવસ્થિતજ છે.

**પ્રશ્ન ૧૧૫૮**–આવશ્યકસૂત્ર અંગમાં તેમજ અંગબાહ્યમાં પણ પક્ખીસૂત્રમાં ગણ્યું નથી, તો એ ભેદ સિવાય તેને કયા ભેદમાં સમાવવું?

**સમાધાન**–અનુયોગદ્વારની માફક આવશ્યક અને આવશ્યકવ્યતિરિક્ત એવા ભેદ ગણીને વ્યતિરિક્તમાં ઉત્કાલિક તથા કાલિક અને કાલિકમાં અંગબાહ્ય, અંગપ્રવિષ્ટ એમ ભેદ લેવાથી તાત્પર્યથી આવશ્યકસૂત્ર અંગબાહ્ય આવી શકે.

**પ્રશ્ન ૧૧૫૯**–જિનકલ્પી સાધુને સાત પ્રકારની ગોચરીમાં ૫ નો અભિગ્રહ અને ૨ નો ગ્રહ એટલે ૭ માં ત્યાગ કેટલાનો અને સ્વીકાર કેટલાનો? અને તેનાં નામો શું?

**સમાધાન**–અસંસૃષ્ટઆદિપદોથી થતા સાત ભાંગામાં પાંચ એષણાનો અત્યાગ અને તેમાં બેનો સ્વીકાર

**પ્રશ્ન ૧૧૬૦**–ઉત્તરપટ્ટો વિગેરે ઔપગ્રહિક (જે વાપરીને પાછું આપવાનું હોય) ઉપધિ તરીકે ગણ્યાં છે, તો તે ન મળે તો ઘાસનો સંથારો કરવાનું થઈ ચૂકયું, આમ હોવા છતાં દિગંબરો ઘાસનો ઉપયોગ કરે તેની નિંદા શા માટે?

**સમાધાન**–નહિં મળવાથી જેનો ઉપયોગ કરાય તે આપવાદિક અને તે માર્ગ રૂપ ગણાય. પરંતુ ઉત્સર્ગ એવા વસ્ત્રાદિ મુખ્ય વસ્તુનો નિષેધ કરી માત્ર અપવાદજ માને તે તો દિગંબરોનું મિથ્યાત્વજ છે.

**પ્રશ્ન ૧૧૬૧**–ઝોળીના ઉપકરણમાં પાત્રક અને માત્રક લખ્યું છે તેનો અર્થ શું ?

**સમાધાન**–ભક્ત–પાનને સંઘરવાવાળું તે પાત્ર ગણાય અને ભક્ત–પાન જેનાથી ગૃહસ્થ પાસેથી લેવાય તે માત્રક, આચાર્યાદિકને લાયક પણ માત્રક નામના ભાજનમાં લેવાય.

**પ્રશ્ન ૧૧૬૨**–કાપ કહાડનારને ૧ કલ્યાણકની આલોયણ લખી છે તો કલ્યાણક એટલે કેટલો તપ ?

**સમાધાન**–એક ઉપવાસ આંબિલ એકાસણું નીવિ અને પુરિમુડ્ઢને કલ્યાણક તપ કહી શકાય.

**પ્રશ્ન ૧૧૬૩**–પૂર્વગત જ્ઞાન ભગવાનના નિર્વાણથી ૧ હજાર વર્ષ સુધી રહ્યું છે, એમ ભગવતીના ટીકાકાર લખે છે. તો દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણ હજાર વર્ષના અંતભાગમાં થયા છે, એટલે તેમને પૂર્વનું જ્ઞાન હતું. અને પૂર્વનું જ્ઞાન હોય તેને ૧૧ અંગનું સંપૂર્ણ જ્ઞાન હોવું જોઇએ, તેમણે પોતેજ જ્ઞાનને પુસ્તકારૂઢ કર્યું છે તો ૧૧ અંગો અપૂર્ણ શા માટે લખાયાં ?

**સમાધાન**-અગિયાર અંગોને શ્રીદેવર્દ્ધિગણિજી સંપૂર્ણપણેજ જાણતા હતા અને સંપૂર્ણ લખ્યાં છે. પદનાં સ્વરૂપમાં મતભેદ છે. કદાચ અપૂર્ણ લખાયાં માનીયે તો પણ જ્ઞાન અને લેખનના સમપણાનો નિયમ રહે નહિ.

**પ્રશ્ન ૧૧૬૪**–૧૦ પૂર્વધર ૧૦ જ હતા કે વધુ થયા છે ?

**સમાધાન**– દશપૂર્વધરો ઉલ્લિખિત દશ કહેવાય છે અધિકનો નિષેધ કરી શકાય તેવું સાધન નથી.

**પ્રશ્ન ૧૧૬૫**-અમુક પ્રકૃતિનું સ્તિબુક સંક્રમણ કરે, પ્રદેશ અને રસ પ્રકૃતિની સાથે અમુક પ્રકૃતિને ઉવેલી નાંખે, તો તેવી ક્રિયા કરીને દળીયા અને રસને શેમાં નાખતા હશે ? અનંતાનુબંધિની વિસંયોજના શબ્દ વારંવાર આવે છે તો વિસંયોજના અને ક્ષયમાં ફેર શું ?

**સમાધાન**-તે તે કર્મપરમાણુનો તે તે કર્મપણાનો સ્વભાવ સર્વદા પોતાને અંગે તોડી નાંખવો તે ક્ષય છે, અને તે સ્વભાવ સ્થગિત કરવો તે વિસંયોજના ગણાય તો ઠીક.

**પ્રશ્ન ૧૧૬૬**-સૂર્ય પશ્ચિમમાં અસ્ત પામતો અને પૂર્વમાં ઉગતો હંમેશા જોવામાં આવે છે, પણ ચન્દ્રમામાં એવું દેખાતું નથી. તે તો શુક્લ બીજે પશ્ચિમમાં ઉગે છે. વળી દિવસે પણ ઘણી વખતે આકાશમાં દેખાય છે, આ પ્રમાણે હોવાથી શાસ્ત્રના લખાણની સાથે સ્પષ્ટ વિરોધ આવે છે. શાસ્ત્રમાં તો લખે છે કે જેવી રીતે ૨ સૂર્ય ગતિ કરે છે તેવી રીતે ૨ ચન્દ્ર પણ ગતિ કરે છે અને તેવી રીતે દેખાતું નથી માટે તેનું સમાધાન શું ?

**સમાધાન**-બીજને દિવસે કે વચમાં યાવત્ પૂર્ણિમામાં ચંદ્ર જે સ્થાને હોય કે દેખાય ત્યાંથી તે પશ્ચિમ તરફ જ જાય છે. પ્રત્યક્ષ યુક્તિ અને શાસ્ત્રમાં સિદ્ધ પદાર્થો સમજવા કે માનવામાં જેની બુદ્ધિ ચાલે તેવો મનુષ્ય જે શાસ્ત્રવિરોધ જણાવવા માટે તૈયાર થાય તે તો ગર્દભશર્કરા ન્યાય જ ગણાય.

**પ્રશ્ન ૧૧૬૭**- સૂત્રપૌરસી અને અર્થપૌરસીનો ચોક્કસ ટાઇમ કેટલો ?

**સમાધાન**-દિવસ અને રાત્રિનો પહેલો પહોર સૂત્રપૌરસી અને બીજો પહોર અર્થપૌરસી.

**પ્રશ્ન ૧૧૬૮**-પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ અને સ્નાતક આ પાંચ પ્રકારના ચારિત્રમાં નિર્ગ્રંથ અને સ્નાતક તો ૧૧-૧૨-૧૩-૧૪ ગુણસ્થાનકે હોય છે, તો જ્યાંસુધી શ્રેણિ માંડી મોહનીય કર્મને ન ખપાવે ત્યાં સુધી તીર્થંકરને કયું ચારિત્ર હોય ?

**સમાધાન**–કેવલિપણું ન મેળવે ત્યાંસુધી તીર્થંકરોને પણ કષાયકુશીલ ગણવા પડે.

**પ્રશ્ન ૧૧૬૯**–ભદ્રબાહુસ્વામિમહારાજે નિર્યુક્તિની રચના કરી તો તે પહેલાં અનુગમનામનો ભેદ તે કેવી રીતે ઘટી શકે? જે નિર્યુક્તિ અનુગમ તેનો સમાસ કર્મધારે છે કે ષષ્ઠીતત્પુરૂષ છે?

**સમાધાન**–શ્રીભદ્રબાહુસ્વામીના પહેલેથી પણ નિર્યુક્તિ તો હતી એમ આવશ્યક વિગેરેમાં સ્પષ્ટ છે, માત્ર વર્તમાનમાં જે ગ્રંથરૂપે છે તે રૂપે શ્રી ભદ્રબાહુજીની કરેલી છે. સમાસનું નામ કર્મધારે એવું નથી, પણ કર્મધારય છે. અને અહીં તે જ લેવાનો છે.

**પ્રશ્ન ૧૧૭૦**–આચાર્ય શ્રી અભયદેવસૂરિજી શ્રીપંચાશકની વ્યાખ્યામાં 'पक्षे-अर्धमासे भवं पाक्षिकं-पञ्चदशी चतुर्दशी वा' એમ કહે છે તો શું તેઓ પુનમની પક્ખી માનતા હશે? કેમકે જો એમ ન હોત તો જેમ બીજી જગોપર પાક્ષિકશબ્દની વ્યાખ્યામાં 'चतुर्दशी' એકલી જ કહેવાય છે. તેમ એકલી ચૌદશ જ પાક્ષિકની વ્યાખ્યામાં જણાવત?

**સમાધાન**–આચાર્ય શ્રીઅભયદેવસૂરિજી જો પુનમની પખ્ખી માનતા હોત તો પ્રથમ તો 'चतुर्दशी वा' એમ કહી ચૌદશની પખ્ખી જણાવત જ નહિં, વળી કોશકારો 'पूर्णिमा पौर्णमासी અને पौर्णमासी तु पूर्णिमा' એમ પુનમને માટે પૂર્ણિમા અને પૌર્ણમાસી એ બે શબ્દ જણાવે છે, તેથી જો આચાર્યને પુનમની પક્ખી ઇષ્ટ હોત તો 'पूर्णिमा કે पौर्णमासी' શબ્દ વાપરત. કદાચ કહેવામાં આવે કે પૂર્ણિમા કે પૌર્ણમાસી એ શબ્દ વાપરવાથી એકલી પુનમ આવે, પણ અમાવાસ્યા ન આવે માટે પુનમ અને અમાવાસ્યા એ બંનેની પખ્ખીઓ લેવા માટે પંચદશી શબ્દ વાપરેલો છે. તો આ કથન વ્યાજબી નથી. કારણ કે પૂર્ણિમા અને અમાવાસ્યા માટે જો પંચદશી શબ્દ હોત તો 'पञ्चदश्यौ' એમ કહેવું પડત. કોશકારો પણ 'पक्षान्तौ पक्षपर्वणी તથા पर्वणी अपि એમ જ કહે છે. ખરી રીતે તો 'पञ्चदशाना पूरणी पञ्चदशी' એમ કોશકારોએ પણ કરેલી વ્યાખ્યાને અનુસરીને પંદરમી તિથિ એટલે દિવસ એવો અર્થ થાય અને પક્ખીની કહેલી

ચૌદશ અને બીજી ચૌદશની વચ્ચે પંદર દિવસ હોય, વળી કદાચ અવમરાત્રિ જે પક્ષમાં હોય તે પક્ષમાં ચૌદ દિવસ પણ થાય એટલે પંદરમે દિવસે કે ચૌદમે દિવસે એવો અર્થ થાય, વળી જૈનશાસ્ત્રોની અપેક્ષાએ પાક્ષિક ચતુર્દશીએજ હોય છે, પરંતુ લૌકિક અપેક્ષાએ પૂર્ણિમાએ હોય છે તેથી લૌકિક અપેક્ષાએ અર્ધમાસમાં આવતી પુનમને જણાવવા વડે લોકરૂઢ અર્થ જણાવી લોકોત્તરમાર્ગની ચૌદશની પકખી જણાવી છે. આ ઉપરથી ખરતરોની ચૌદશના ક્ષયે પુનમની પકખી કરવાનો મત ટકતો નથી. કેમકે તેમ હોય તો 'चतुर्दशी पञ्चदशी वा' એમ કહી પુનમ આપવાદિક કહેત. પાયચંદ તો પુનમના ક્ષયે પણ ચૌદશને ઉદયને નામે માને અને શાસનને અનુસરનારાઓ માફક તેરસે ચૌદશ અને ચૌદશે પુનમ ન માને માટે 'पञ्चदशी वा' કહેવાની જરૂર નથી.

**પ્રશ્ન ૧૧૭૦**–શ્રીદશાશ્રુતસ્કંધના આઠમા અધ્યયનપણે શ્રીપર્યુષણાકલ્પ છે તેનું આટલું બારસે પ્રમાણ ખરું ?

**સમાધાન**–જો શ્રીકલ્પસૂત્રનું વિદ્યમાન મ્હોટું પ્રમાણ હોત નહિ તો દશ અધ્યયનવાળા શ્રીદશાશ્રુતસ્કંધમાં શ્રીદશવૈકાલિકના દશ અધ્યયનોમાં જેમ પાંચમા અને છઠ્ઠા અધ્યયનને મધ્ય મંગલમાં લીધું, તેમ અહીં પણ પાંચમા અને છઠ્ઠા અધ્યયનને મધ્ય મંગલ તરીકે લેત. પરંતુ ચૂર્ણિકાર ભગવંતોએ જે આઠમા અધ્યયનને મધ્ય મંગલ તરીકે ગણ્યું તે વર્તમાનપરિમાણની અપેક્ષાએજ હોય.

**પ્રશ્ન ૧૧૭૨**–છેલ્લા શ્રુતકેવલી ભગવાન્ ભદ્રબાહુસ્વામીજીએ જો કલ્પસૂત્રની રચના કરી છે તો પછી શ્રીકલ્પસૂત્રમાં શ્રીભદ્રબાહુસ્વામીજીથી આગળની પટ્ટાવલી ક્યાંથી આવી ?

**સમાધાન**–પ્રથમ પ્રશ્નકારે એ વિચારવાનું છે કે પર્યુષણાકલ્પશબ્દનું તાત્પર્ય સામાચારીના સૂત્રોમાં છે અને તેજ નવમા પૂર્વથી ઉદ્ધરેલ છે, તો પછી તેમાં જિનેશ્વરમહારાજાઓનાં ચરિત્રો તે કલ્પસૂત્રમાં જણાવવાની શી જરૂર છે ? જો એનું સમાધાન એમ દેવામાં આવે કે

જેવી રીતે પર્યુષણા વખતે પર્યુષણાકલ્પનું કથન આચાર્યાંત્ય-જિનશાસનનાં આચારરૂપ છે, છતાં તેમાં મંગલની જરૂર હોવાથી મંગલરૂપે જિનેશ્વરોનું કીર્તન કરવામાં આવ્યું છે. તો પછી જેવી રીતે પર-ગુરૂરૂપ શ્રીજિનેશ્વરોનું વર્ણન મંગલને માટે છે, તેવીજ રીતે અપર-ગુરૂરૂપ સ્થવિરોનું કથન પણ મંગલરૂપ હોવાથી તે હોવું જ જોઇએ અને તેથીજ શ્રીદેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજીએ પોતાના ગુરૂ સુધીની પટ્ટાવલિ સિદ્ધાંતને પુસ્તકારૂઢ કરતાં લખી છે તેમ તે વ્યાજબી છે. પટ્ટાવલીકારો પણ તે પર્યુષણાકલ્પની સ્થવિરાવલિના સંબંધથી પટ્ટાવલી જણાવવાનું કહે છે. કેટલાક વિવરણકારો પણ પોતાના ગુરૂ સુધી પટ્ટાવલી લે છે. પરંપર-ગુરૂ-સ્મરણની માફક અનન્તર-ગુરૂના સ્મરણની મંગલતાનો તો કોઈથી નિષેધ થાય તેમ પણ નથી. શ્રીસામાચારીની પાછળ સકળ દેવાદિપર્ષદાની હકીકત પણ પૂર્વથી ઉદ્ધરવાને લીધે એ સામાચારીને અંગે લાગુ પડે એટલે કલ્પકર્ષણને જે નિશીથમાં ગૃહસ્થાદિ આગળ અભાવ કહ્યો છે તે પણ વિરૂદ્ધ થતો નથી. શ્રીદશાશ્રુતસ્કંધના દશમા અધ્યયનને અંતે દેવાદિપર્ષદા જણાવેલ હોવાથી આ પર્ષદા સદ્ભાવ સામાચારીને પૂર્વગતપણાની વખતે લાગુ થાય.

**પ્રશ્ન ૧૧૭૩**-શ્રીદશાશ્રુતસ્કંધસૂત્ર સ્વતંત્ર રચાયું નથી પણ પૂર્વગતથી ઉદ્ધરેલું છે એમ ચૂર્ણિકારમહારાજા જણાવે છે તો તેની સૂત્રમાં શી નિશાની છે?

**સમાધાન**-અધ્યયનોની આદિમાં 'सुयं मे०' ના સૂત્રની આગળ 'थेरेहिं भगवंतेहिं' વિગેરે જે કહેવામાં આવે છે તે જણાવે છે કે ગણધરમહારાજરૂપ સ્થવિરના વચનોનો અનુવાદ અથવા ઉદ્ધારરૂપ આ સૂત્ર છે, વળી નવમા અધ્યયનના ઉપક્રમમાં કોણિકરાજાદિનું વર્ણન છે. અને પછી દશમા અધ્યયનના ઉપક્રમમાં શ્રેણિકમહારાજાદિનું વર્ણન છે, તેથી પણ મૂળ રચનારૂપ આ ન હોય પણ ઉદ્ધારરૂપ હોય. શ્રીભગવતીજી વિગેરે સ્વતંત્ર ગણધરોવડે રચાયેલાં સૂત્રમાં તેમ નથી.

**પ્રશ્ન ૧૧૭૪**-અપૃથક્ત્વાનુયોગ એટલે શું?

**સમાધાન**-ચરણકરણ અનુયોગઆદિ ચાર અનુયોગોમાંથી કોઇપણ એક અનુયોગની વ્યાખ્યા કરતાં ચારે અનુયોગની વ્યાખ્યા નિયમિત કરવાનું થાય તે અપૃથક્ત્વાનુયોગ કહેવાય અને એકેક અનુયોગની વ્યાખ્યા જુદી જુદી કરાય તે પૃથક્ત્વાનુયોગ કહેવાય.

**પ્રશ્ન ૧૧૭૫**-શ્રી પર્યુષણાકલ્પ કે જે કલ્પસૂત્ર તરીકે ઓળખાય છે તે શ્રીદશાશ્રુતસ્કંધનું આઠમું અધ્યયન શાથી ગણવું ? કારણ કે કોઈપણ કલ્પસૂત્રની પ્રતમાં 'इति श्रीदशाश्रुतस्कन्ध अष्टमाध्ययनम्' એવું સમાપ્તિમાં લખેલું હોતું નથી તેમ આદિમાં પણ 'अथाष्टमाध्ययनम्' એમ હોતુ નથી

**સમાધાન**-પ્રથમ તો શ્રીસ્થાનાંગસૂત્રમાં દશાશ્રુતસ્કંધનાં અધ્યયનો ગણાવતાં પર્યુષણાકલ્પને આઠમા અધ્યયન તરીકે ગણાવેલ છે. વળી ટૂંકી વાચનાવાળી દશાની પ્રતોમાં પણ 'तेणं कालेणं०'ના ઉલ્લેખો છે. કેટલાક પાટણ વિગેરેના ભંડારના પુસ્તકોમાં અત્યારે પણ તે કલ્પસૂત્રના આખા પાઠવાળાં પુસ્તકો છે. વળી શ્રીસમવાયાંગજીમાં પર્ષદાના નિરૂપણમાં પણ શ્રીપર્યુષણાકલ્પ એટલે કલ્પની ભલામણ છે તેમજ દરેક કલ્પસૂત્રોની પ્રતોમાં 'पज्जुसणाकप्पो णाममज्झयण' એમ સમાપ્તિમાં લખેલુંજ છે, અને અધ્યયન એ આખા સૂત્રને માટે વપરાય કે સૂત્રના એક ભાગને માટે વપરાય ? તે સહેજે સમજાય તેમ છે. વળી શ્રીદશાશ્રુતસ્કંધની નિર્યુક્તિ અને ચૂર્ણિમાં આઠમા અધ્યયનપણે તે કલ્પનું વિવેચન છે.

**પ્રશ્ન ૧૧૭૬**- શાસ્ત્રકારો સ્થાને સ્થાને અરિહંતમહારાજને અર્થના પ્રતિપાદનમાં કાંઈ પણ પ્રયોજન નથી એમ જણાવીને તરતજ તીર્થંકરનામકર્મને ભોગવવાનું પ્રયોજન તેમાં બતાવે છે, તો એ વાક્યો પરસ્પરવિરોધવાળા કેમ ન ગણાય ?

**સમાધાન**-'प्रयोजनं फले हेतौ' એ વાક્યને સમજનારો મનુષ્ય એ વ્યાખ્યામાં અંશે પણ વિરોધ માનશે નહિ કારણ કે ફલની અપેક્ષાએ ધર્મદેશનાથી ભગવાન્ અરિહંતોને કાંઇપણ સાધ્ય સાધવાનું

નથી. કેમકે તેઓ કૃતાર્થ થઇનેજ દેશના દે છે માટે ફલરૂપ પ્રોજનથી રહિતપણું છે. અને હેતુરૂપ પ્રયોજનની અપેક્ષાએ તીર્થંકરનામકર્મનો ઉદય છે. તેથી જ દેશના દે છે.

**પ્રશ્ન ૧૧૭૭**–તીર્થંકરનામકર્મને ભોગવવા ભગવાન્ દેશના દે છે તો તે તીર્થંકરનામકર્મ તોડવાનું પ્રયોજન દેશનામાં છે એમ કેમ કહેવાય નહિ?

**સમાધાન**–લુગડાનો મેલ કાપવા જેમ સાબુ ઘલાય અને કપડાં સાફ કરતા મેલ નીકળી જાય અને તેની સાથે સાબુ પણ નીકળી જાય છતાં મેલ ધોવાની મહેનત કહેવાય છે પણ સાબુને ધોવાની મહેનત કહેવાતી નથી. કારણ કે મેલ કાઢવાજ સાબુ લગાડયો હતો તેની રીતે અહીં પણ ભવ્યજીવોને તારવા તીર્થ સ્થાપવાજ તીર્થંકરનામકર્મ બાંધ્યું હતું તેથી તે જો કે દેશનાદ્વારા ભોગવવાથી તૂટે છે. પણ તે ફલ કહેવાય નહિ.

**પ્રશ્ન ૧૧૭૮**–સમ્યગ્દર્શનાદિ ત્રણ તત્ત્વો, દેવ, ગુરુ અને ધર્મરૂપ ત્રણ રત્નો અથવા અરિહંતાદિક નવપદો એ મોક્ષના કારણો છે. એટલે નિર્જરાનાં કારણો છે. તો પછી તેની આરાધના રૂપ વીશસ્થાનકથી તીર્થંકરનામકર્મનો બન્ધ કે આશ્રવ કેમ થાય?

**સમાધાન**–જે જીવ પોતાના આત્મકલ્યાણની દૃષ્ટિએ સમ્યગ્દર્શનાદિનું આરાધન કરે તો તે આરાધનાથી મોક્ષ મેળવે, પણ જો જીવ જગતના આત્માના કલ્યાણને માટે તેની આરાધનામાં પ્રવૃત્તિ કરે તે જીવ તીર્થંકરનામકર્મનો બન્ધ પણ તેથીજ કરે.

**પ્રશ્ન ૧૧૭૯**–શ્રીજિનનામકર્મ બાંધનારો જીવ તે જિનનામ કરવાના ભવમાં મોક્ષે કેમ ન જાય?

**સમાધાન**–જિનનામકર્મના બન્ધનો તેવો સ્વભાવ છે કે જેથી નિકાચિત ત્રણ ભવ બાકી રહે ત્યારેજ તે બન્ધાય.

**પ્રશ્ન ૧૧૮૦**-પક્ષમાં તેર કે ચૌદ અગર સોળ કે સત્તર દિવસ થવા છતાં પક્ખીમાં 'पन्नरसण्हं राइंदियाणं' તથા પાંચ માસ અને તેર માસ થવા છતાં પણ ચોમાસીમાં 'चउण्हं मासाणं' વિગેરે તથા સંવચ્છરીમાં 'बारसण्हं मासाणं' વિગેરે કેમ કહેવાય છે?

**સમાધાન**–તિથિની વધ-ઘટ કે માસની વધ-ઘટ થાય તો પણ પંદર નામની તિથિઓ અને બાર નામનાજ માસ છે. માટે એ કથન વ્યાજબી છે. અને સર્વગચ્છવાળાઓએ માન્ય કરીને તે પ્રમાણે આચરેલ છે, ટીપણામાં હોય તે ન માને તેને મિથ્યાત્વી તરીકે જંબૂએ કહ્યા તેના અહીં તો પંદર દિવસ આદિ કહેવાથી રામ રમેલા છે. વિશેષમાં નીચેની હકીકત ધ્યાનમાં લેવી–

કર્મવર્ષને અંગે વ્યવહાર હોવાથી તિથિ અને માસની અનિયતતા હોવા છતાં ૧૫, ૧૨૦, અને ૩૬૦ રાત-દિન બોલાય. બીજાં વર્ષો અને બીજા માસો તો અખંડ હોતાજ નથી. જૈનજ્યોતિષના ગણિતના હિસાબે બે અષાઢ આવે તે અભિવર્ધિત વર્ષ ગણ્યું હોવા છતાં સ્થિરતારૂપ પર્યુષણાને અંગે બીજો અષાઢ કે જે ફાગણથી પાંચમો માસ છે, છતાં તે અષાઢચોમાસીથી વીસ દિવસની મર્યાદા શ્રીનિશીથચૂર્ણિ-આદિમાં જણાવેલ છે એટલે જ્યો તષ્કના ચારમાં પાંચ માસ થાય તો પણ પ્રતિક્રમણ તો ચોમાસીજ કહેવાય અને તેથી ચાર માસ, આઠ પક્ષઆદિ કહેવાય કોઈપણ ગચ્છે પંચમાસી પ્રતિક્રમણ કર્યું કે માન્યું નથી. વળી ખરતરોની અપેક્ષાએ જ્યારે શ્રાવણ અધિકમાસ હોય ત્યારે તો બીજા શ્રાવણ સુદ પાંચમે કે ચોથે સંવત્સરી કરી બાર માસ રાખ્યા પણ જે બીજે વર્ષે માસ વૃદ્ધિ થતી નથી હોતી છતાં પાંચ માસે ચોમાસી અને તેર માસે સંવત્સરી થાય છે વળી ચાર માસ થયા અને માન્યા ચોમાસી ન કરવી અને પાંચ માસ સુધી ટકવું અને બાર માસ થયા અને માન્યા છતાં સંવત્સરી ન કરવી અને તેરમા મહિના સુધી ટકવું એ કોઈ શાસ્ત્રનું કથન નથી જૈનજ્યોતિષથી તિથિહાની છતાં જેમ બોલવટે પંદર દિવસ નહિ છતાં પંદર માન્યા અને લૌકિકરીતિએ સોળ

સત્તર દિવસ છતાં તિથિના નામની અપેક્ષાએ પંદર દિવસજ માન્યા તેમ ચોમાસી સંવત્સરીમાં પણ ચાર અને બાર માસજ બોલાય વળી પ્રત્યાખ્યાનાવરણની સ્થિતિ ચાર માસ છે છતાં પાંચ માસે ચોમાસી કરે તો પ્રત્યાખ્યાનાવરણની સ્થિતિથી આગલજ વધાય. પ્રતિક્રમણ કે જે અધિકરણ શમાવવા માટે છે તેનો અધિકાર સમજાય તો સાચો માર્ગ મળશેજ. દરેક ચૌદશે પક્ખી, આષાઢાદિ ચૌદશે ચોમાસી અને ભાદરવા સુદ ૪ સંવત્સરી કરવી એજ ન્યાય્ય છે. અભિવર્ધિતમાં માસજ ૩૧ $\frac{૧૨૧}{૧૨૪}$ એટલે લગભગ ૩૨ દિવસનો છે. દિનઆદિની ગણતરીએ તેથી દેવસી, રાઈ, પક્ખી અને ચોમાસી બધાં અવ્યવસ્થિત થશે. છ ઋતુનું વર્ષ બે ઋતુનું ચોમાસું વિગેરે પણ ચોમાસીના હિસાબેજ છે.

**પ્રશ્ન ૧૧૮૧**–શાસ્ત્રની આદિમાં મંગલ કરવાથી વિઘ્નનો નાશ અને તે દ્વારાએ સમાપ્તિ જે ફલ તરીકે ગણાવાય છે તેનું કારણ શું ? અને કયા વિઘ્નનો નાશ તે સમાપ્તિમાં કારણ તરીકે માનવો ?

**સમાધાન**–પ્રથમ તો એ વાત ધ્યાનમાં રાખવાની છે કે જેમ કલ્પવૃક્ષઆદિમાં સમસ્ત અર્થની સિદ્ધિ કરવાનો સ્વભાવ છે છતાં આરાધક જેની કલ્પના કરે તેનીજ તે સિદ્ધિ કરે છે. તેવી રીતે ઇષ્ટદેવને નમસ્કાર આદિ રૂપ ધર્મ પણ ગ્રંથના આરંભ વખતે ચિંતવેલ ગ્રંથની સમાપ્તિ કરનાર અને તેમાં અંતરાય કરનાર અવગ્રહ–ઇહા–અપાય અને ધારણાને રોકનાર જે કર્મો તેનો નાશ કરે છે અને તેથીજ નિર્વિઘ્ન સમાપ્તિ થાય છે. વળી ઉદ્દેશની વખતે ગુરૂમહારાજે ભણવાનો કરેલ આદેશ પણ શુભ આશિર્વાદરૂપ અને સ્વરૂપના નિર્દેશરૂપ છે. અન્યદેવોને જે નમસ્કારાદિ તે ધર્મરૂપ ન હોવા છતાં પણ તે કરવામાં અજ્ઞાનાવરણનો નાશ તો થાય અને તેથી નિર્વિઘ્ન સમાપ્તિ થાય અધ્યવસાયના પ્રમાણ પર ધર્મના પરિમાણનો આધાર હોવાથી એક નમસ્કારે ઘણા વિઘ્નોનો અને અનેક નમસ્કારે થોડા વિઘ્નોનો નાશ થાય એથી અગર એક અથવા ઘણા નમસ્કારો છતાં વિઘ્નોનો નાશ કે સમાપ્તિ ન થાય તેમાં મંગલની નિરર્થકતા નથી. મંગલ કર્યા છતાં પણ નહિ ગુંથેલ મંગલમાં

પણ તેનું કારણપણું જતું રહેતું નથી. યથાપ્રવૃત્તિની માફક ભોગવાઈ જતા કર્મને અંગે વિના મંગલે પણ સમાપ્તિ થાય તો તેથી મંગલનું કાર્ય પ્રવૃત્તિને યોગ્ય નથી એમ ન ગણાય. ચોરના આગમન વખતે રક્ષણના યત્નથી મિલકતનું રક્ષણ થતું દેખાને બીજી વખતે રક્ષણનો પ્રયત્ન વ્યર્થ છે એમ સુજ્ઞ તો માને નહિ.

**પ્રશ્ન ૧૧૮૨**–શાસ્ત્રમાં મધ્યમંગલ કરવાથી શાસ્ત્રની સ્થિરતારૂપ અને લોકોમાં શાસ્ત્રનો વિસ્તાર થવારૂપ ફલ કેમ મનાય છે?

**સમાધાન**–અવગ્રહાદિ તથા સ્મરણાદિને રોકનાર એવાં કર્મના નાશ દ્વારા થતા તેના સ્મરણાદિથી આવરણ તુટવા પછી સંપૂર્ણ થયેલા શાસ્ત્રની અભ્યસ્તતા થાય અને તેથીજ સ્થિરતા થાય અને તેવા સ્થિર શાસ્ત્રવાળા પાસેજ લોકો પર્યુપાસનાદિ કરી જ્ઞાન મેળવે અને લોકોમાં તેવા શાસ્ત્રનો વિસ્તાર થાય એ સાહજીકજ છે ગુરૂમહારાજ પણ સમુદ્દેશની વખત પણ સ્થિરપરિચિત કરવાનુજ કહે છે ઉદ્દેશાદિક્રિયાના મધ્યમાં સમુદ્દેશ છે અને શાસ્ત્રના મધ્યભાગમાં કરાતું મંગલ પણ તે ઉદ્દેશવાળું ગણાય.

**પ્રશ્ન ૧૧૮૩**–શાસ્ત્રના છેલ્લા ભાગે કરાતા મંગલથી શિષ્ય-પ્રશિષ્યાદિ વંશમાં શાસ્ત્રનો અવિચ્છેદ થવાનો કહેવાય છે તે કેમ?

**સમાધાન**–નિર્વિઘ્નપણે પૂર્ણ કરેલ અને સ્થિરપરિચિત કરેલ એવું શાસ્ત્ર જો હોય તોજ પૂર્વાપર બાધ થાય નહિ તેવી રીતે સમજાવી શકાય અને એવી રીતે સમજાવાય તોજ શિષ્યપ્રશિષ્યાદિમાં તેનો અવિચ્છેદ બને. ગુરૂમહારાજ અનુજ્ઞામાં પણ ધારણ અને દેવાનોજ આદેશ આપે છે. આ અપેક્ષાએ અનુયોગ કરતાં આવશ્યક ઉપોદ્ઘાતને અંત્યમંગલપણે કેટલાકો ગણે તો તેમાં આશ્ચર્ય નથી. સૂત્રાર્થની સમાપ્તિ પછીજ નિર્યુક્તિ અનુગમ હોય છે અને નથી તો સાથેજ ચાલે છે

**પ્રશ્ન ૧૧૮૪**–મતિઆદિ પાંચ જ્ઞાનોમાં દેશને જણાવનાર કયાં જ્ઞાનો? અને સર્વને જણાવનાર કયાં જ્ઞાનો?

**સમાધાન**–તત્ત્વાર્થઆદિને જાણનારાઓને સ્પષ્ટ માલમ પડે તેમ

છે કે મતિઆદિચારજ્ઞાનો સર્વપર્યાયોને જણાવનારા નથી તેથી તે દેશ-ગમક ગણાય અને ભગવાન્ ભાષ્યકાર પણ 'देशगमगत्तणओ' આદિથી સ્પષ્ટપણે તે જણાવે છે અને કેવલજ્ઞાન સર્વપર્યાયને જણાવનાર હોવાથી સર્વગમક છે.

**પ્રશ્ન ૧૧૮૫**–મતિઆદિ ચાર જ્ઞાનોને શ્રીનન્દીઆદિમાં સર્વભાવને જણાવનાર માન્યાં છે તેથી તે ચાર જ્ઞાનો પણ સર્વગમક કેમ ન બને?

**સમાધાન**–મતિઆદિ ચાર જ્ઞાનોમાં મતિ અને શ્રુતનો સર્વભાવ વિષય છે એમ નન્દીઆદિમાં જણાવેલ છે તથા અવધિ અને મનઃપર્યાયને સર્વભાવવિષયક જણાવ્યાં નથી કિંતુ તે તો અનંતભાગ પર્યાયના વિષયવાળાં છે એમ જણાવ્યું છે. પરંતુ મતિ અને શ્રુતને પણ જે સર્વભાવવિષયક જણાવ્યાં છે તે પણ ઓઘાદેશ એટલે શ્રુતદ્વારાએ સામાન્યપણે જણાવેલ છે. એટલે ચાર દેશગમક છે. વળી તે બે પરોક્ષ-જ્ઞાન છે માટે તે દેશગમક છે.

**પ્રશ્ન ૧૧૮૬**–આચારાંગથી શ્રીદૃષ્ટિવાદ સુધીનું લોકોત્તર–શ્રુત છે. તેને સમ્યગ્જ્ઞાન કહેવું કે મિથ્યાજ્ઞાન કહેવું?

**સમધાન**–આચારાંગાદિ બારે અંગનું શ્રુત પ્રકૃતિથી સમ્યગ્જ્ઞાન કહેવાય.

**પ્રશ્ન ૧૧૮૭**–જો આચારાંગાદિ બારે અંગ સમ્યગ્જ્ઞાન છે તો પછી કંઇક ન્યૂન દશપૂર્વને ધારણ કરનારાઓને પણ સમ્યગ્જ્ઞાનીજ માનવા જોઇએ તેમજ નિયમા સમ્યગ્દૃષ્ટિ પણ માનવા જોઇએ એમ ખરૂં?

**સમાધાન**–ભગવાન્ જિનેશ્વરમહારાજે નિરૂપણ કરેલ હોવાથી પ્રકૃતિથી બારે અંગોનું સમ્યગ્જ્ઞાનપણું ગણાય, પણ સ્વામીની અપેક્ષાએ જો તે ન્યૂન દશપૂર્વ સુધીના શ્રુતને લેનાર મિથ્યાદૃષ્ટિ હોય તો તે ન્યૂન દશપૂર્વ સુધીનું બધું શ્રુત મિથ્યા–શ્રુતજ ગણાય અને જો એને ગ્રહણ કરનાર સમ્યગ્દૃષ્ટિ હોય તો તે ન્યૂન દશપૂર્વ સુધીનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન ગણાય.

**પ્રશ્ન ૧૧૮૮**–સંપૂર્ણ દશપૂર્વથી ચૌદપૂર્વ સુધીના શ્રુતજ્ઞાનને સ્વામીની અપેક્ષાએ મિથ્યાજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન કેમ ન કહેવાય ?

**સમાધાન**–સમ્યગ્દર્શનવાળો જીવ થયા સિવાય દશપૂર્વ પૂરાં કરી શકેજ નહિ. તેમ આગલનાં પૂર્વો પણ લઈ શકેજ નહિ, માટે સંપૂર્ણ દશપૂર્વથી ચૌદપૂર્વ સુધીનું જ્ઞાન સમ્યગ્જ્ઞાનજ હોય, પણ મિથ્યાજ્ઞાન નજ હોય.

**પ્રશ્ન ૧૧૮૯**–આચારાંગઆદિ શાસ્ત્રો લોકોત્તર–શ્રુત છે છતાં તે મિથ્યાજ્ઞાન કેમ થાય છે ?

**સમાધાન**–ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન સુધી ન વિચારે તેમજ ઐદંપર્ય સુધી ન પહોંચે તો તે આચારાંગાદિનું શ્રુતમય માત્ર જ્ઞાન ગણાય અને તેથી તે અજ્ઞાન પણ ગણાય.

**પ્રશ્ન ૧૧૯૦**–'जह जह बहुस्सुओ०' એ ગાથામાં બહુશ્રુતને સિદ્ધાન્તનો પ્રત્યનીક એટલે વૈરી કેમ ગણાવ્યો ?

**સમાધાન**–શ્રી જૈનશાસ્ત્રો ઉત્સર્ગઅપવાદઆદિ અનેક પ્રકારનાં છે અને તે એકાંતે ઉત્સર્ગાદિને પકડનારા સિદ્ધાંતના વૈરી થાય એમાં નવાઈ નથી.

**પ્રશ્ન ૧૧૯૧**–ભગવાન્ જિનેશ્વરમહારાજને–

'नयास्तव स्यात्पद लांञ्छिता इमे, रसोपविद्धा इव लोहधातवः।' એમ કહીને સ્તુતિકાર શું જણાવે છે ?

**સમાધાન**–એ કાવ્યાર્થનો અર્થ આ પ્રમાણે છે કે–

હે ભગવન્ ! ત્હારા નયવાદો જ્યારે સ્યાત્પદથી યુક્ત થાય છે ત્યારેજ તે નયવાદો રસે વિંધાયેલા લોઢાના અર્થાત્ સોનાની માફક (ઇષ્ટસિદ્ધિને કરનાર થાય) છે. ઉપર જણાવેલ કાવ્યાર્થનો અર્થ વિચારશે તેને નીચેની વાતો સ્પષ્ટ માલમ પડશે.

(૧) ભગવાન્ જિનેશ્વરમહારાજના સર્વવચનો નયમય છે.

(૨) ભગવાનનાં વચનો નૈગમાદિ, વ્યવહારાદિ, જ્ઞાનાદિ અને ઉત્સર્ગાદિની વિધિઆદિવાળાં હોવાથી જુદા જુદા નયવાળાં છે અને તે વચનો સમુદાયેજ સર્વનયરૂપ છે.

(૩) ભગવાનનાં વચનોની ભગવાને જ જણાવેલી સ્યાદ્‌વાદ મુદ્રાએ સ્યાત્પદને જોડીને વ્યાખ્યા જો કરવામાં આવે તોજ તે સુવર્ણ-સિદ્ધિ સમાન થાય છે.

(૪) ભગવાનના સર્વનયમય વચનોને ઈતરેતર નયની સાથે સાપેક્ષતા જણાવવા માટે સ્યાત્પદ જોડયા સિવાય લેવામાં આવે તો તે બધાં વચનો એકનયમય થવાથી લોઢાની જેવાં ગણાય.

(૫) ભગવાનના વચનોને સ્યાત્પદ લગાડીને જેઓ સમજે અને માને તેઓ જ સમ્યગ્દર્શની ગણાય.

(૬) ભગવાનના વચનોને પણ જેઓ સ્યાત્પદ જોડયા વિનાજ ગ્રહણ કરે તેઓ મિથ્યાદૃષ્ટિ હોય છે.

**પ્રશ્ન ૧૧૯૨**-આચારાંગાદિ દ્વાદશાંગીનું જ્ઞાન સમ્યક્શ્રુત છે કે મિથ્યાશ્રુત છે?

**સમાધાન**-સમ્યગ્દૃષ્ટિજીવો સ્યાદ્‌વાદની શ્રદ્ધાવાળા હોવાથી સ્યાત્પદને લગાડીનેજ. તે તે વચનો ગ્રહણ કરે અને તેથી તેને જે જ્ઞાન થાય તે સમ્યક્શ્રુત કહેવાય.

**પ્રશ્ન ૧૧૯૩**-આચારાંગઆદિ શાસ્ત્રોનું જ્ઞાન અજ્ઞાન કેમ કહેવાય?

**સમાધાન**-મિથ્યાદષ્ટિ જીવો સમ્યક્શ્રદ્ધારહિત હોવાથી તેજ આચારાંગાદિ શાસ્ત્રોને સ્યાત્પદ લગાડયા સિવાય અને મોક્ષમાર્ગના ઉપયોગીપણા સિવાય ગ્રહણ કરે તેથી તે અજ્ઞાન ગણાય.

**પ્રશ્ન ૧૧૯૪**-જ્ઞાનના સમ્યક્પણા કે મિથ્યાપણાનો હેતુ કયો?

**સમાધાન**-ગ્રહણ કરનારની શ્રદ્ધા સાચી હોય તો તે સર્વજ્ઞાનને સ્યાત્પદની સાથે જોડે અને તેથી સમ્યગ્જ્ઞાન ગણાય અને જો તેમ ન થાય તો તે જ જ્ઞાન મિથ્યાજ્ઞાન ગણાય.

**પ્રશ્ન ૧૧૯૫**–લૌકિક ભારતઆદિ શાસ્ત્રોને મોક્ષના હેતુપણે ન ગ્રહણ કરે તેમ સંસારના હેતુપણે પણ ન ગ્રહણ કરે, પરંતુ માત્ર પદાર્થજ્ઞાનની બુદ્ધિથી જ ગ્રહણ કરે તો અજ્ઞાન કહેવાય કે કેમ ?

**સમાધાન**–માત્ર પદાર્થને જાણવાની દૃષ્ટિએ પણ લૌકિક શાસ્ત્રોનું જ્ઞાન જેમ સ્યાત્પદથી જોડયા વિનાનું તેમ જ મોક્ષના હેતુભૂત ન હેવાથી અજ્ઞાન ગણાય તેમ લોકોત્તર શ્રુત પણ. જો કે પ્રકૃતિએ સમ્યગ્જ્ઞાન ગણાય છે કેમકે ભગવાન્ જિનેશ્વરમહારાજે મોક્ષ માટે જ તે નિરૂપણ કરેલ છે છતાં તે પણ જો સ્યાત્પદ યુક્તપણે કે મોક્ષના હેતુપણે ન લેવાય તો તે પણ અજ્ઞાન જ ગણાય, જો એમ ન ગણીએ તો સમ્યગ્દૃષ્ટિને પરસમય જે ભારતાદિ ગણાય છે તે જાણવાનું જરૂરી ન ગણાય અને સમ્યગ્જ્ઞાનરૂપ ન ગણાય અને દેશોનદશપૂર્વ સુધીનું જે લોકોત્તર શાસ્ત્ર છે તેને મિથ્યાદૃષ્ટિ અને અભવ્યજીવો ગ્રહણ કરનાર બને નહિ. અર્થાત્ કોઈ પણ શાસ્ત્ર સ્યાત્પદની મુદ્રાએ કે મોક્ષમાર્ગના હેતુપણે ન ગ્રહણ થાય તો તે અજ્ઞાન ગણાય.

**પ્રશ્ન ૧૧૯૬**–સ્યાત્પદથી યુક્ત અને મોક્ષના કારણભૂત જ્ઞાન તો સમ્યગ્જ્ઞાન ગણાય કેમકે તે જ્ઞાન સર્વનયના સમુદાયવાળું હોય, પરંતુ નૈગમાદિ એકનયની અપેક્ષાએ જે જ્ઞાન તે જ્ઞાન ગણાય કે અજ્ઞાન ગણાય ?

**સમાધાન**–સર્વ નયના સમુદાયમય એવા જૈનમતની અંતર્ગત એકલા નૈગમાદિનયોનું વાકય કે જ્ઞાન તે અપ્રમાણ પણ ગણાય નહિ તેમ પ્રમાણ પણ ગણાય નહિ. કિંતુ તેને પ્રમાણનો અંશ ગણાય. અને જૈનમતની અંતર્ગત એવું પણ નૈગમાદિનયનું જ્ઞાન સર્વનયમય માર્ગના અંશરૂપ ન હોય તો તેજ નયજ્ઞાન બીજા દર્શનની માફક મિથ્યાજ્ઞાન ગણાય.

**પ્રશ્ન ૧૧૯૭**–આવશ્યકમાં સર્વદ્વાદશાંગી મિથ્યાદૃષ્ટિને અજ્ઞાનરૂપ છે અને સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનરૂપ છે. એમ જણાવે છે તો પછી સંપૂર્ણ દશપૂર્વથી આગળ સમ્યગ્જ્ઞાનરૂપજ શ્રુત છે એમ કેમ ?

**સમાધાન**–સંપૂર્ણ દશપૂર્વથી આગળનું શ્રુત સમ્યગ્દષ્ટિજ ગ્રહણ કરે છે માટે તે સમ્યગ્જ્ઞાનજ છે અર્થાત્ તેને પણ મિથ્યાદષ્ટિ ગ્રહણ કરે તો અજ્ઞાન થાય. પણ તેમ થતુંજ નથી.

**પ્રશ્ન ૧૧૯૮**–આચાર્ય ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી પૂર્વગતશ્રુતના વ્યુચ્છેદના કાલની નજીકના વખતમાં થયા છે એમ શાથી માનવું ?

**સમાધાન**–શ્રીપંચાશકની ટીકામ આચાર્ય શ્રી અભયદેવસૂરિજી તે માટે જણાવે છે કે–'प्रवचनार्थतारतारकविशेषानुपदिदर्शयिषुः' તેમજ 'नितरा-मनुपलक्षीभूतपूर्वगतादिबहुतम०' વિગેરે એ જાણનારને એ વાત સહેજે સમજાય તેમ છે. વળી શ્રીહરિભદ્રસૂરિજી શ્રીનંદીજીની ટીકામાં દષ્ટિવાદને અંગે તેનો વ્યુચ્છેદ જણાવતાં 'प्रायः०' શબ્દ વાપરે છે ત્યાંજ પરિકર્મ અને સૂત્ર નામના* ભેદને અંગે સૂત્રાર્થથી સર્વથા વિચ્છેદ જણાવ્યા છતાં પણ નજીકનો કાલ હોવાથી સંપ્રદાયની સંભાવના ગણીને 'यथा संप्रदाय' એમ પણ જણાવે છે અને તે નજીકના કાલેજ હોય અન્યાન્ય ગ્રંથ-કારોના નામોના તેઓએ પોતાના ગ્રંથમાં કરેલા નિર્દેશથી કેટલાકો તેમને અર્વાચીન ઠરાવવા માંગે પણ શ્રીજૈનસંઘમાં શ્રીહરિભદ્રસૂરિજી, અભયદેવસૂરિજી, પ્રદ્યુમ્નસૂરિજી, સિદ્ધસેનસૂરિજીઆદિ અનેક જુદા જુદા કાલના સરખા નામવાળા આચાર્યોની માફક બીજામાં પણ ધર્મોત્તર, ધર્મકીર્ત્તિ, દિઙ્નાગ વિગેરે નામોને અંગે બનાવનો સંભવ વિચારનારને તે યોગ્ય નહિં લાગે. વળી નીચેની વાતો ધ્યાનમાં લેવાથી વિશેષ સમજાશે.

(૧) બૌદ્ધમતનું ખંડન સ્થાને સ્થાને અનેક પ્રકારે કરેલું છે

(૨) દિગમ્બરોને અંગે વસ્ત્રની ઉપકરણતાની સિદ્ધિ માટે શ્રીધર્મ-સંગ્રહણી શ્રીપંચાશકાદિમાં યત્ન થયો છે.

(૩) યાપનીયપક્ષ અને યાપનીયશાસ્ત્રોની મુખ્યતા દિગંબરોમાં જે વખતે હતી તે વખતે તેઓશ્રીએ લલિતવિસ્તરા બનાવી.

(૪) સામાયિકચારિત્ર હોવાથી સાધુઓએ નમસ્કારસહિત આદિ પચ્ચક્ખાણ ન લેવાય અને તેના આકારો ન ઉચ્ચારાય, એવી

મંતવ્યતાનો પ્રચાર તેમના વખતે હતો.

(૫) જૈનોનું મુખ્ય કેન્દ્રસ્થાન પાટલીપુત્ર અને તગરાનગરીઆદિ તે વખતે હતાં.

(૬) આવશ્યકવૃત્તિમાં 'गुरवस्तु व्याचक्षते' એમ કહી જણાવે છે કે, 'एतदपि न्याय्यमेवास्माकं प्रतिभाति, किन्तु अतिगम्भीरधिया भाष्यकृता सह विरुध्यते।' અર્થાત્ 'અમારા આચાર્ય એમ કહે છે' અને 'આ પણ હમોને ન્યાયયુક્તજ જણાય છે. પરંતુ અત્યંતગંભીરબુદ્ધિવાળા ભાષ્યકારની સાથે વિરોધ આવે છે' એમ જણાવે છે. આ વાકયમાં નીચેની વાતો ધ્યાનમાં લેવા જેવી છે.

अ ભગવાન્ હરિભદ્રસૂરિજી શ્રીજિનદત્તસૂરિજીના શિષ્ય હતા છતાં વિદ્યાધરકુલના શ્રીજિનભટસૂરિની આજ્ઞામાં રહેનારા હતા એટલે ભાષ્યકારની બહુસમકોટીમાં જિનભટ ગુરુને કહે છે.

आ ભાષ્યકારના વચનની સાથે વિરોધ આવે તો પણ ન્યાયયુક્ત ગણાય પણ ખંડન યોગ્યતા ન ગણાય એમ કહે છે તો તેમ કહી શકાય એટલા પહેલા તેઓ હતા.

इ ભાષ્યકારના વચનનો ઉચ્ચતમ પ્રભાવ ન પડ્યો હોય તેવા કાલના તેમના વ્યાખ્યા-ગુરૂ જિનભટ છે

ई ભાષ્યકારમહારાજની આપ્તપણાની છાયા ન પ્રચલિત થઈ હોય અને માત્ર ગંભીરબુદ્ધિપણાની છાયા હોય એ સમય હતો.

(૭) શ્રીવિચારસંગ્રહમાં શ્રીવિક્રમથી ૫૮૫ અને શ્રી મહાવીરમહારાજથી ૧૦૫૫માં શ્રીહરિભદ્રસૂરિજીનો કાલધર્મ થવાનું જણાવે છે. કોઈક અણસમજુ 'पणपण्णदससएहिं' ને સ્થાને 'पणपन्नबारससए' પાઠની ગાથા જણાવે છે તેણે બરોબર ગાથા નથી જોઈ. મતાંતર કહેવા માટે એ ગાથાજ નથી.

(૮) સમરાઇચ્ચકહાની સંકલના તથા તે ઉપદેશની મૂલગાથાની સંકલના ભાષ્યકારની સંગ્રહ ગાથા માફક છે.

**પ્રશ્ન ૧૧૯૯**– આચારાંગાદિ વિગેરેની ચૂલિકાઓને જુદા શાસ્ત્ર તરીકે ગણવામાં આવતી નથી અને તેની અઢારહજારઆદિ પદસંખ્યા પણ ચૂલિકા સિવાય છે તો પછી દૃષ્ટિવાદના પાંચ ભેદો કેમ? અને એમાં ચૂલિકા જુદી કેમ?

**સમાધાન**–આચારાંગઆદિની ચૂલિકાઓ તે તે અંગાદિની સાથે ભણાય છે અને દૃષ્ટિવાદમાં ગણાતી ચૂલિકાઓ તો 'सव्वुवरिं किल पढिज्जंति' એ વચનથી બધા પૂર્વો પછી ભણાય છે એટલે જુદો ભેદ લીધો છે.

**પ્રશ્ન ૧૨૦૦**–શ્રીપ્રશ્નવ્યાકરણસૂત્રમાં પ્રશ્નાદિનો અધિકાર છે એમ શ્રીસમવાયાંગાદિમાં કહે છે તો વર્તમાનમાં આશ્રવો આદિ કેમ?

**સમાધાન**–શ્રીનંદીજીની ચૂર્ણિમાં આશ્રવઆદિ પણ અધિકાર તેમાં હોવાનું જણાવે છે એટલે એ અધિકાર રાખી બાકી પ્રશ્નાદિ અધિકારનો નિષેધ કર્યો ગણાય.

**પ્રશ્ન ૧૨૦૧**–એક બાજુ શાસ્ત્રકાર ચૌદશના ક્ષયે તેરશને દિવસે તેરશ ઉદયવાળી છતાં તેરશનો વ્યપદેશ પણ કરવો નહિ એમ કહે છે અને બીજી બાજુ જે સાક્ષી તરીકે ગાથા આપે છે તેમાં તો 'अवरावि' પદના અર્થમાં ચૌદશ પણ પ્રમાણ ગણવી એમ કહી ચૌદશની સાથે લીધેલા પણશબ્દથી તેરશનું નામ આવવાનું જણાવે છે તે પરસ્પર વિરૂદ્ધ કેમ ન ગણાય?

**સમાધાન**–આઠમ ચૌદશઆદિ પર્વો કે જેમાં તપ–ચૈત્યવંદન અને સાધુવંદનાદિ ન કરાય તો પ્રાયશ્ચિત્ત આવે તેવાં તથા પૌષધાદિ વિધિ કે જે નિયત પર્વાનુષ્ઠાન તરીકે ગણાય છે તેવાં કાર્યોમાં લૌકિક ટીપ્પણામાં ચૌદશનો ક્ષય હોય ત્યારે તેરશને દિવસે ઉદયવાળી તેરશ છતાં પણ તેરશનો વ્યપદેશ થાયજ નહિ એ અભિપ્રાયથી પહેલાં તેરશનો વ્યપદેશ કરવો નહિ એમ જણાવ્યું છે અને મુહૂર્ત્તાદિ કાર્ય કે તિથિના ઉદય કે તિથિના વ્યવહાર ઉપર આધાર ન રાખતાં માત્ર તિથિના ભોગ

ઉપરજ આધાર રાખે છે તેવા કાર્યમાં એટલે પૂર્વે જણાવેલ પર્વકાર્યથી ઇતર કાર્યમાં તેરશ ગણવામાં આવે એટલે પર્વકાર્યમાં તે દિને તેરશનો વ્યપદેશ નજ થાય એવું કથન વિરૂદ્ધતાવાળું ન ગણાય.

**પ્રશ્ન ૧૨૦૨**–સાક્ષીની ગાથામાં 'अवरावि' કહીને અપિશબ્દથી ચૌદશ કહેવાની સાથે તેરશ પણ ગૌણપણે છે એમ માનીને ગૌણપણે તે દિવસે તેરશનો વ્યપદેશ કેમ ન થાય ?

**સમાધાન**–શાસ્ત્ર અને ન્યાયને અનુસરીને યવથી થયેલા અંકુરામાં જેમ યવકારણ છે તેમજ પૃથ્વી પાણી અને હવા વિગેરે પણ કારણો છે છતાં તે અંકુરાને પૃથ્વી, પાણી કે હવાનો અંકુરો છે એમ કોઈ પણ કહેતું નથી, પરંતુ તેને યવાંકુરજ માને છે અને કહે છે કારણ કે તેજ યવાંકુરમાં મુખ્ય કારણ છે. તેમ અહીં પણ પર્વકૃત્યના પ્રસંગે ચૌદશનું મુખ્યપણું હોવાથી ચૌદશનોજ વ્યવહાર અને વ્યપદેશ થાય તેરશના ગૌણપણાને લઈને તે દિવસને તેરશ કહેનારા પાણીઆદિના અંકુરા કહેનારની માફક લૌકિકન્યાય અને શાસ્ત્રની બહાર હોવા સાથે શાસનની બહાર થાય છે.

**પ્રશ્ન ૧૨૦૩**–શ્રીપ્રશ્નવ્યાકરણસૂત્રમાં પ્રશ્નાદિનો અધિકાર છે એમ શ્રીસમવાયાંગાદિમાં કહે છે તો આશ્રવાદિ કેમ ?

**સમાધાન**–શ્રીનંદીજીની ચૂર્ણિમાં આશ્રવાદિનો પણ અધિકાર તેનો જણાવેલો છે એટલે એ અધિકાર રાખી પ્રશ્નાદિ અધિકારનો સંકોચ કર્યો ગણાય. (પણ મૂળ રચના ફેરવી ન ગણાય.)

**પ્રશ્ન ૧૨૦૪**–શ્રી નવપદમય શ્રીસિદ્ધચક્રમાં જે સાતમું પદ 'नमो नाणस्स' એવું કહેવાય છે એ પદથી જે સમ્યગ્જ્ઞાનને નમસ્કાર કરવામાં આવે છે અને અનેક પ્રકારે આરાધન કરવામાં આવે છે તે સમ્યગ્જ્ઞાન કયું ગણવું ?

**સમાધાન**–મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાન એ બે જ્ઞાનો તો કોઈ કાલે કોઈપણ જીવને અજ્ઞાનરૂપ હોતાં જ નથી, એટલે તે જ્ઞાનો તો

સર્વથા સમ્યગ્જ્ઞાન રૂપ જ છે. પણ મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાનો એવાં છે કે જો તેને ધારણ કરનારા સમ્યગ્દૃષ્ટિ જ હોય તો ત્રણે જ્ઞાનરૂપ ગણાય. માટે "नमो नाणस्स' એ પદનાં સમ્યગ્દષ્ટિના મતિ, શ્રુત અને અવધિ એવાજ ત્રણ જ્ઞાનોની સાથે મનઃપર્યવ અને કેવલજ્ઞાન લઇ પાંચ જ્ઞાનોને નમસ્કાર કરાય અને તેની આરાધના ગણાય.

**પ્રશ્ન ૧૨૦૫**–જ્ઞાનની આરાધના માટે જેવી રીતે 'श्रीआचाराङ्ग-सूत्राय नमः' વગેરે લોકોત્તરનો જાપ વિગેરે કરવામાં આવે છે, તેવી રીતે 'श्रीभारताय नमः' વિગેરે લૌકિકનો કેમ કરવામાં આવતો નથી?

**સમાધાન**–શ્રીઆચારાંગસૂત્રો ત્યારેજ સમ્યગ્જ્ઞાન રૂપ છે કે જયારે તેને ગ્રહણ કરનાર સમ્યગ્દષ્ટિ હોય અને ભારતાદિ શાસ્ત્રોને ત્યારેજ અજ્ઞાન રૂપ કહેવાય કે જયારે ગ્રહણ કરનાર જીવ મિથ્યાદૃષ્ટિ હોય. પરંતુ પ્રરૂપણા કરનાર સ્વામીની અપેક્ષાએ પ્રકૃતિથી વિચારવામાં આવે તો શ્રીઆચારાંગાદિસૂત્રોજ શ્રીજિનેશ્વરભગવાને જગતના જીવોને મોક્ષ-પ્રાપ્તિ માટે કહેલ છે તેથી પ્રકૃતિ અપેક્ષાએ સમ્યગ્જ્ઞાનરૂપ એવા આચારાંગાદિસૂત્રોના જાપઆદિ કરાય છે અને તેજ કરવા યોગ્ય છે.

**પ્રશ્ન ૧૨૦૬**–જે વસ્તુ જે સ્વરૂપે હોય તેવા સ્વરૂપે માનવી અને કહેવી એ જ સમ્યગ્દષ્ટિનું લક્ષણ છે એમ ખરૂં ?

**સમાધાન**–સમ્યગ્દર્શનાદિ, જીવાદિ, પ્રમાણાદિક અને દ્રવ્યાદિ જેવા સ્વરૂપે હોય તેવા સ્વરૂપે માનવાં અને કહેવાં એ જ સમ્યગ્દષ્ટિનું લક્ષણ છે.

**પ્રશ્ન ૧૨૦૭**–કોઈ મનુષ્યાદિ પ્રાણી સમ્યગ્દર્શનાદિ પદાર્થોને યથાસ્થિતપણે માનતો હોય અને પ્રરૂપણા અન્યથા કરે તેને શ્રદ્ધા સાચી હોવાથી સમ્યગ્દષ્ટિ કહેવાય કે નહિ ?

**સમાધાન**–વસ્તુતાએ સમ્યગ્દર્શનાદિ તત્ત્વોને સમ્યગ્દર્શનાદિ તરીકે માનવાં તે સમ્યગ્દર્શનનું કાર્ય છે, પણ સમ્યગ્દર્શન તો તે શુદ્ધમાન્ય-

તાના કારણભૂત એવું આત્મસ્વરૂપ છે, અને તે કારણથી તો સિદ્ધદશા અને અપર્યાપ્તાદિ દશામાં મન નથી અને તેથી માન્યતા પણ નથી, છતાં ક્ષાયિકઆદિ સમ્યક્ત્વ તો રહી શકે છે, છતાં શાસ્ત્રકારોએ કાયા અને વચન મનને આધીન હોવાથી મનની માન્યતા તે કાર્ય તરીકે લક્ષણમાં લીધી છે. એટલે શુદ્ધાત્મપરિણામથી જેમ માન્યતા ચોકૂખી હોય તેમ પ્રરૂપણા પણ સમ્યગ્દર્શનવાળાની ચોકૂખીજ હોય આ કારણથી તો શાસ્ત્રકારો ઉત્સૂત્રભાષકોને બોધિ-સમ્યક્ત્વનો નાશ તથા અનંતસંસાર થવાનું જણાવે છે. યાદ રાખવું જરૂરી છે કે કુવલયપ્રભ-આચાર્ય અને વસુરાજાઆદિની માન્યતા ખોટી નહિ છતાં ઉન્માર્ગનાં વચનોજ તેમને અનર્થકારક થયાં છે. વળી કાયાદિથી થતા પ્રણામાદિને અંગે રખાતા ફુલ, ગણાદિ આકારો પણ તેથીજ સફલ ગણાય.

**પ્રશ્ન ૧૨૦૮**–ઉત્સસૂત્રભાષકોને અનંતો સંસાર રખડવોજ પડે એવો નિયમ ખરો ?

**સમાધાન**–જેમ પ્રજ્ઞાપનીયભાષાની અપેક્ષાએ મિથ્યાત્વ અને અનંતાનુબંધી અનંતસંસાર રખડાવનાર કહેવાય તેમ ઉત્સૂત્રભાષણમાં અનંતસંસાર રખડવાનું કહેવાય પ્રજ્ઞાપનીયભાષાએ શાસ્ત્ર એ.

'अनन्तान्यनुबध्नन्ति, यतो जन्मानि भूतये । એમ કહી અનંતાનુબંધી-વાળાને અને તે મિથ્યાત્વ વિના હોય નહિ એ અપેક્ષાએ મિથ્યાત્વને અનંતસંસાર વધારનાર સ્પષ્ટપણે ગણાવ્યો છે; છતાં એમ તો નજ કહી શકાય કે અનંતાનુબંધી અને મિથ્યાત્વને ખપાવ્યા પછી અનંતસંસાર રખડીનેજ મોક્ષ મેળવે એટલે જેમ મિથ્યાત્વ અને અનંતાનુબંધીથી મેળવેલો અનંતસંસાર ફળ અનુભવવારૂપે ઓછો થઈ જાય અને યાવત્ અંતર્મુહૂર્ત્તમાં પણ તે જીવ મોક્ષને મેળવી શકે તેમ ઉત્સૂત્રભાષી પણ અનંતો સંસાર મેળવેજ છે. એમ શાસ્ત્રકારોના 'उस्सुत्त०'ના વચનથી કહેવામાં બાધક કહેવાય નહિ. સામાન્ય રીતે સર્વ મિથ્યાત્વી જીવો સૂત્રથીજ વિરૂદ્ધજ માનનારા અને બોલનારા હોય છતાં જેઓ જૈન નામ ધારણ કરીને તથા શાસનના ધુરંધર બનીને ઉત્સૂત્ર બોલનારા

થાય ત્યારે તેની દશા કારમી થાય. તેને તો સન્માર્ગે ચાલનારાઓને ઉન્માર્ગગામિ ઠરાવવા તથા મિથ્યાત્વી ઠરાવવા ભગીરથ પ્રયત્ન કરવા પડે છે ભગવાન્ મહાવીરમહારાજાની વખત ઘણા અન્યયૂથિક પાખંડીયો હતા, પરંતુ ગોશાલાની માફક ઘાતકી ઉપદ્રવ કરવાનું તથા જમાલિની માફક કોઈને પણ સમક્ષ આવીને યદ્વા તદ્વા બકવાનું ભગવાન્ મહાવીરમહારાજાને થયું નથી. આ વસ્તુ વિચારનારો સુજ્ઞ મનુષ્ય સહેજે સમજી શકશે કે ઉત્સૂત્રભાષક એવા જૈનને અંગે તો અનંતસંસારને નાશ કરનાર એવો બોધિલાભ ભવાંતરે પણ મુશ્કેલજ છે. વળી સાચા મોક્ષમાર્ગ ઉપર થયેલો દ્વેષ પણ એની હેરાનગતિમાં અને દુર્લભબોધિપણામાં વધારો કરે તે સ્વભાવિકજ છે.

**પ્રશ્ન ૧૨૦૯**–પદાર્થ જે રૂપે હોય તે રૂપે ન કહે તો સમ્યગ્દર્શન ન રહે એમ ખરૂં ?

**સમાધાન**–જીવાદિતત્ત્વોના સ્વરૂપને અંગે જે જે જીવાદિતત્ત્વ સ્વરૂપે હોય તેને તે તે સ્વરૂપે માને અને કહે તોજ સમ્યગ્દર્શન ગણાય એ વાત ખરી છે. પરંતુ વ્યવહારને અંગે તેમ નથી.

**પ્રશ્ન ૧૨૧૦**-શ્રીનંદીસૂત્રને પક્ખીસૂત્ર વિગેરેમાં સ્પષ્ટપણે સૂત્ર તરીકે જણાવ્યું છે છતાં નંદીને અધ્યયન તરીકે કેમ કહેવાય છે ?

**સમાધાન**-સર્વ શ્રુતસ્કંધોની આદિમાં શ્રી નંદીનું કથન થાય તેથી તે શ્રુતનો અંશ હોઈ સર્વ શ્રુતસ્કંધોની અંતર્ગત છે અને તેથી શ્રુતસ્કંધના અવયવરૂપ ગણાઈને અધ્યયન ગણાય

**પ્રશ્ન ૧૨૧૧**–પંચમેષ્ઠિનમસ્કારને શ્રુતસ્કંધ કે મહાશ્રુતસ્કંધ કેમ કહેવાય છે ? અને જો એ શ્રુતસ્કંધ છે તો પછી પ્રતિક્રમણ શ્રુતસ્કંધના અવયવ તરીકે કેમ બોલાય છે ?

**સમાધાન**-પંચનમસ્કારને સ્વતંત્રપણે મહાશ્રુતસ્કંધ કે શ્રુતસ્કંધ તરીકે કહેવાય ? સર્વશ્રુતની યાવત્ નંદીની પણ આદિમાં અને સર્વ અનુયોગની આદિમાં તેમજ સામાયિક ગ્રહણાદિની ક્રિયાની આદિમાં

પૃથક્પણે બોલાય છે, વિગેરે કારણથી તે મહાશ્રુતસ્કંધ પણ ગણાય. છતાં ચોથા પ્રતિક્રમણશ્રુતસ્કંધમાં જ્યારે બોલાય ત્યારે તેજ અવયવ બની અધ્યયન બને છે એ રીતે સામાયિકસૂત્ર સ્વતંત્ર અધ્યયનપણે છતાં પ્રતિક્રમણ અધ્યયનની અપેક્ષાએ અધ્યયનનો અંશ પણ બને છે.

**પ્રશ્ન ૧૨૧૨**–શ્રીનિશીથચૂર્ણિકારે પોતાનું જિનદાસનામ સ્પષ્ટપણે જણાવ્યું છે અને શ્રીનંદીની ચૂર્ણિમાં સંકેતદ્વારા કર્તાએ પોતાનું જિનદાસ નામ જણાવ્યું છે. પણ આવશ્યકચૂર્ણિના કર્તા કોણ ?

**સમાધાન**–'एयाओ सव्वाओ जहा नमुक्कारे तहा दट्ठव्वाओ' એવા શ્રીનંદીચૂર્ણિના વચનથી આવશ્યકચૂર્ણિ પણ જિનદાસ-મહત્તરની કરેલી ગણાય.

**પ્રશ્ન ૧૨૧૩**–પરમાણું એકલો છૂટો હોય તેમાં વર્ણ ગંધ રસ અને સ્પર્શનો પલટો થાય કે નહિ ?

**સમાધાન**–એકલો છુટો પરમાણું હોય તો પણ વર્ણાદિનો ફેરફાર થાય છે તે માટે શ્રીઉત્તરાધ્યયનબૃહદ્વૃત્તિકાર પત્ર ચોવીસમામાં નીચે પ્રમાણે જણાવે છે–

**कृष्णपरमाणुः कृष्णत्वमपहाय नीलत्वं प्रतिपद्यत इत्येको भङ्गः, एवं रक्तत्वं पीतत्वं शुक्लत्वं चेति चत्वारः, तथाऽयमेव रसपञ्चकगन्धद्वयाविरुद्धस्पर्शैस्तारतम्यजनितैश्च स्वस्थान एव द्विगुणकृष्णत्वादिभिः परमाण्वन्तरद्विप्रदेशादिभिश्च योजनाद्विवक्षावशात् सङ्ख्यातासङ्ख्यातानन्तात्मिकां भङ्गरचनामवाप्नोतीति ।**

અર્થ :–કૃષ્ણપરમાણુ કૃષ્ણપણાનો ત્યાગ કરીને નીલપણાને પામે છે એ એક ભાંગો. એ પ્રમાણે રક્તપણું પીળાપણું અને સફેદપણું એમ ચાર, તેવીજ રીતે આજ પરમાણું પાંચ રસ બે ગંધ અને અવિરૂદ્ધસ્પર્શોની તારતમ્યતાએ ઉત્પન્ન થવા વડે પોતપોતાના સ્થાનેજ બે ગુણા કૃષ્ણત્વાદિ વડે અને બીજા પરમાણુના તથા બે પ્રદેશાદિ વડે જોડાવાની વિવક્ષાના વશે સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતસ્વરૂપવાળી

ભગરચનાને પામે છે.

તત્ત્વાર્થભાષ્યકાર પણ કહે છે કે.-'स्पर्शादयः परमाणुषु स्कन्धेषु च परिणामजा एव भवन्ति' એટલે સ્પર્શાદિ ચાર પરમાણુઓમાં અને સ્કંધોમાં પરિણામથી ઉત્પન્ન થવાવાળા હોય છે.

**પ્રશ્ન ૧૨૧૪**-હંમેશાં ધર્મની આરાધના કરવાનું શ્રેષ્ઠ છે એ વાત કબુલ છે, પણ આઠમઆદિ તિથિયોએ આરાધના કેમ ?

**સમાધાન**-જે હંમેશાં ધર્મની આરાધના થાય છે તે નિરાલંબનપણે હોય છે અને તેથી તે શ્રેષ્ઠજ છે, પરંતુ જેઓ તેમ ન કરી શકે તેઓને અંગ આદિ આગમો આઠમ, ચૌદશ, પુનમ અને અમાવાસ્યા એમ ચાર પર્વ અને છ તિથિની આરાધના કરવાની આવશ્યકતા છે એમ વિધિવાદે જણાવે છે અને અંગઆદિ આગમોમાં શ્રાવકોના વર્ણનની વખતે ચૌદશ-આઠમ-અમાવાસ્યા અને પૂર્ણિમાને દિવસે સંપૂર્ણ પૌષધ કરવાનો અધિકાર જણાવે છે, જો કે તે તે શ્રાવકો કે જેઓનાં વર્ણનો અંગઆદિ આગમગ્રન્થોમાં છે તેઓ પર્યુષણા અને સંવચ્છરી જેવા પર્વોમાં પૌષધ કરતા નહોતા એમ નહિ,-પરંતુ દરેક મહિનાના નિત્યાનુષ્ઠાન તરીકે ત્ર ચૌદશઆદિ ચાર પર્વ તથા છ તિથિના પૌષધોની કર્તવ્યતા તેમને માટે જણાવી છે. એટલે વર્તમાનકાળમાં પણ શાસનને અનુસરનારા તથા શાસ્ત્રોને માનનારા મહાનુભાવ શ્રાવકો આઠમ, ચૌદશઆદિની આરાધના નિયમિત કરે તે યોગ્યજ છે. આચાર્યમહારાજ શ્રી હેમચંદ્રાચાર્યજી પણ યોગશાસ્ત્રમાં 'चतुष्पर्व्यां०' એ શ્લોક કહીને આઠમઆદિની આરાધના નિયમિતપણે કરવાનું જણાવે છે. શ્રીશ્રાદ્ધદિનકૃત્યસૂત્રકાર પણ 'छण्हं तिहीणं०' એમ કહી એજ વાત જણાવે છે. વળી લવણસમુદ્રની શિખા પણ દરેક માસની અપેક્ષાએ ચૌદશ અમાવાસ્યા અને પુનમે વધતી કહેવાય છે, તેથી અખાતીજ વિગેરેની અનિયમિત વૃદ્ધિને નથી ગણતા એમ નથી, વળી મધ્યગ્રહણથી આદ્યંતનું ગ્રહણ ગણીને પર્વ અને માસના મધ્યે અષ્ટમી પૂર્ણિમા કે અમાવાસ્યા લઈ પક્ખી તરીકે ચૌદશને લેવામાં નવાઈ

**સમાધાન**–સ્યાદ્યન્ત કે અર્થાધિકારવાળા પદોમાં અક્ષરનું સરખાપણું ન હોવાથી માન એવડું છતાં એવડાં પદોની સંખ્યા હોવાની જરૂર નથી.

**પ્રશ્ન ૧૦૪૩**–શાસ્ત્રકારો સમ્યક્ત્વના પ્રશમઆદિલક્ષણોમાં શમલક્ષણનું વર્ણન કરતાં જણાવે છે કે–'**अवरद्धेऽवि न कुप्पइ०**' ઇત્યાદિ, તથા 'અપરાધિ શું રે પણ નવિ ચિત્તથી, ચિંતવિયે પ્રતિકૂળ' વિગેરે તો ચોથા ગુ ! ણે રહેલા અવિરતસમ્યગ્દષ્ટિને પણ હોય છે અને તેઓને અનર્થદંડની હિંસાનો પણ ત્યાગ હોતો નથી તો પછી અર્થદંડરૂપ એવી સાપરાધની હિંસાનો ત્યાગ કે રોધ તો હોય જ ક્યાંથી? અને અણુવ્રતોને ધારણ કરનાર દેશવિરતિવાળો જે પાંચમે ગુણઠાણે હોય છે તેને પણ નિરપરાધ ત્રસજીવની હિંસાનો ત્યાગ છે. અર્થાત્ સાપરાધની હિંસાનો ત્યાગ કે રોધ પાંચમે ગુણઠાણે પણ હોતો નથી. વળી છઠ્ઠે ગુણઠાણે રહેલા પ્રમત્તસંયતો જો કે ત્રસ અને સ્થાવર બન્ને પ્રકારના જીવોની હિંસાથી સર્વથા વિરમેલા છે, પરંતુ કષાયના ઉદયાળા હોવાથી અપરાધી જીવો પર સર્વથા ક્રોધરહિતપણું તો તેઓને પણ હોવાનો સંભવ નથી, તો શું એ ત્રણે ગુણઠાણા સમ્યક્ત્વના લિંગ વગરનાં માનવા કે સમ્યક્ત્વ વિનાનાં માનવાં?

**સમાધાન**–દર્શનીયમોહનીયના ક્ષયોપશમઆદિથી થયેલ તત્ત્વની અપ્રતીતિ અને અનંતાનુબંધિના ક્ષયોપશમાદિથી થયેલ અતત્ત્વની પ્રતીતિના નાશથી સમ્યગ્દર્શનવાળો જીવ પરમપદનેજ સાધ્ય અને પ્રાર્થ્ય ગણનારો હોય, અને તે એટલે સુધી મોક્ષમાર્ગની આરાધનાની ઉત્તમતા ગણનારો હોય કે સ્હાય જેવા અપરાધીને પણ પ્રાપ્ત થતી મોક્ષમાર્ગની આરાધનામાં અંશ માત્ર પણ પ્રતિકૂલતા વિચારે નહિ, તેમ કરે પણ નહિ. આ હકીકત આચાર્યદેવેન્દ્રસૂરિજીએ શ્રીશ્રાદ્ધદિનકૃત્યની વૃત્તિમાં સ્પષ્ટ કરી છે–

'**मोक्षलाभहेतुभिस्तान् सर्वान् स्वशक्त्या लम्भयामि, न च**

**तद्विघ्नकर्तारमपि विघाते वर्त्तेऽहमिति'** અર્થાત્ મોક્ષની પ્રાપ્તિમાં જે સમ્યગ્દર્શનાદિ કારણો છે તેની બધા જીવોને મ્હારી શક્તિએ પ્રાપ્તિ કરાવું અને મ્હને મોક્ષનાં સાધનોમાં વિઘ્ન કરનાર જીવોને પણ મોક્ષ-માર્ગની પ્રાપ્તિ કે આરાધનાના વિઘ્નમાં હું વર્તું નહિ. આ વાત ધ્યાનમાં આવશે ત્યારેજ કૌશાંબીના ઘેરામાં રહેલી અને ચંડપ્રદ્યોતનને ઠગવાવાળી એવી મૃગાવતીને ચંડપ્રદ્યોતને ભગવાન્ મહાવીરમહારાજાના સમવસરણમાં જતાં કે ભગવાનની દેશના સાંભળતા કેમ પકડી કે રોકી નહિં? તેનો ખુલાસો થશે અને એનો પણ ખુલાસો થઈજ જશે કે ચક્રવર્તી ભરત-મહારાજાઆદિએ પોતાના પરિવારને સંસારનો ત્યાગ કરી દીક્ષાગ્રહણમાં કેમ રોકયો નહિ? આ ઉપરથી એક વાત તો સ્પષ્ટ થઈજ જશે કે સમ્યગ્દર્શનને ધારણ કરનાર પુરૂષ સ્વજનને તો શું? પરંતુ શત્રુ તરીકે ગણાયેલાને પણ મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં તો મદદ કરનારજ થાય. દીક્ષા અંગીકાર કરનાર શત્રુ થયો હોય તો પણ સ્તુતિપાત્રજ છે. એમ સમ્યગ્દર્શનવાળો માને અને તેથીજ બાર વર્ષ સુધી લડાઈ કરનાર શ્રીબાહુબલિજીની ભરતમહારાજે દીક્ષા થવાની સાથે સ્તુતિ કરી છે, વળી "विवायं कलहं चेव" અને "जो किर पहणइ" એ શ્રીશ્રાદ્ધદિનકૃત્યની ગાથાઓને અનુસારે અપરાધી એવા દર્શનમાત્રધારી શ્રાવકમાં પણ પ્રતિકૂલ વિચારવાનું સમ્યક્ત્વ દૂષિતજ થાય એમ સમજી અપરાધી એવા પણ શ્રીસંઘથી પ્રતિકૂલ નજ વિચારવું અને નજ કરવું એમ માનવું પ્રતિકૂલ નથી અને તેથીજ મહારાજા ઉદાયને દાસીને ચોરી જનાર અને જીવત્-સ્વામીજીની પ્રતિમાને ઉઠાવી જનાર પ્રચંડદ્યોતનને શ્રાવકપણું છે એમ જાણવાથી માલવાની ગાદી પાછી આપી. એટલુંજ નહિ પણ કપાલનો ડામ ઢાંકવા માટે રાજાપણા સાથે સુવર્ણપટ્ટ જે શરૂ કરાવ્યો તે વ્યાજબીજ ઠરશે.

**પ્રશ્ન ૧૦૪૪**—ભગવાન્ શ્રીઅજીતનાથજી અને શ્રીશાન્તિનાથજીએ સિદ્ધાચલજી ઉપર ચોમાસાં કર્યાં ત્યારે સાધુ–સાધ્વીઓ ગિરિરાજ ઉપર

જતા આવતા કે નહિ? અને જો ચોમાસામાં તે વખતે સાધુ-સાધ્વીઓનું ચઢવું ઉતરવું થતું હોય તો વર્તમાનકાલમાં કેમ યાત્રાનો ચોમાસામાં નિષેધ કરાય છે?

**સમાધાન**–**इतश्च स्वामी वर्षासमयं समागतं विज्ञाय तत्रैव श्रृङ्गे सपरिच्छदश्चतुर्मासीं तस्थौ। तत्र स्वामिनो निवासार्थं देवाः प्रोत्तुङ्गं मंडपं चक्रुः। साधवस्तु तपोध्यानपरायणाः केचित् कन्दरासु केऽपि सर्पबिलस्याग्रे केचिज्जीर्णप्रपादेवकुलादिषु यथालब्धस्थानेषु तस्थुः॥**

શ્રીશત્રુંજયમાહાત્મ્યમાં શ્રીઅજીતનાથજી ભગવાન્ અને તેમના સાધુઓના ચોમાસા માટે જણાવેલ સ્પષ્ટ પાઠ કે ભગવાન્ અને સાધુઓની એકત્ર સ્થિતિ જણાવે છે તે દેખનાર અને માનનાર તો ચોમાસામાં યાત્રા કરવા માટે ગિરિરાજ ઉપર સાધુઓનું ચઢવું ઉતરવું માનેજ નહિ. વળી "ततो वर्षाकाले गतेऽन्यत्र विहरति स्म।" શ્રીશાન્તિનાથજી મહારાજે પણ મુખ્ય શ્રૃંગમાં નહિ પણ મરૂદેવાશ્રૃંગમાં ચોમાસુ કરેલ છે, તેમાં પણ ચોમાસામાં ગિરિરાજ ઉપર ચઢવા ઉતરવાનું નથી, એટલે તે આલંબન પણ લેવાય તેમ નથી છતાં જેઓ શાસ્ત્ર અને આચાર બંનેની દરકાર ન કરતાં મનસ્વીપણે બોલે, છાપે અને વર્તે તેઓની ગતિ અને સ્થિતિ જ્ઞાનિમહારાજજ જાણે

**પ્રશ્ન ૧૦૪૫**–દેવતાઓ ત્રીજી નરક સુધી જઈ શકે છે, તો ત્યાં નરકમાં ગયેલા સૌધર્માદિ વૈમાનિક દેવતાને અવધિજ્ઞાન ક્ષેત્રથી અધોલોકમાં વધે અને ઉર્ધ્વલોકમાં વિમાનની ધ્વજાથી ઓછું થાય કે કેમ?

**સમાધાન**–દેવતાઓ મૂળશરીરે તો પોતાના સ્થાનમાંજ હોય છે, માટે જે જે દેવતાને જ્યાં જ્યાં બીજે ક્ષેત્ર જવાનું થાય ત્યાં પણ તે મૂળશરીરની અપેક્ષાએજ ક્ષેત્રની મર્યાદા ગણવાથી કાંઈપણ ક્ષેત્રની વૃદ્ધિ કે હાનિ માનવાની જરૂર રહેતી નથી.

**પ્રશ્ન ૧૦૪૬**–જે જે દેવતાઓ ભવનપતિ વિગેરે પોતાના અવધિક્ષેત્રની બહાર જાય ત્યારે બહાર ગયેલા પ્રદેશોમાં શું અવધિજ્ઞાનાવરણીયનો ઉદય થાય છે એમ માનવું ?

**સમાધાન**–પોતપોતાના સ્થાનથી અને અવધિક્ષેત્રથી બહાર ગયેલા દેવતાઓના આત્માના તે બહાર ગયેલા પ્રદેશોમાં પણ અવધિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ છે પણ અવધિજ્ઞાનાવરણીયનો ઉદય નથી. સમગ્ર આત્મપ્રદેશોથી એક ઉપયોગ થતો હોવાને લીધે જે જે દેવતાને જેટલું જેટલું અવધિજ્ઞાન હોય છે તે તે દેવતાઓના અવધિક્ષેત્રથી બહાર ગયેલા પ્રદેશો પણ તેટલાજ અવધિજ્ઞાનવાળા હોય છે. એટલે તે પ્રદેશોને અવધિજ્ઞાનનું આવરણ થયેલું માનવાનું રહેતું નથી. અડધા અજવાળા અને અડધા અંધારામાં રહેલ દેવદત્ત જેમ દીપકના પ્રકાશગત પદાર્થોમાં દેખવામાં સર્વ આત્મપ્રદેશોથી ઉપયોગવાળો છે, તેમ દેવતા પોતાના સ્થાને અગર બીજે સ્થાને અવધિથી પદાર્થને જાણવામાં ઉપયોગવાળાજ છે.

**પ્રશ્ન ૧૦૪૭**–દેવતા જ્યારે પોતાને સ્થાને હોય કે ઉત્તરવૈક્રિય કરી ઉત્તરવૈક્રિયથી અન્યત્ર સ્થાને ગયેલ હોય ત્યારે પોતાનું નિયમિત જે અવધિક્ષેત્ર તેજ જાણે તો બ્રહ્મદેવલોકથી માંડીને અચ્યુતસુધીના દેવો કદાચ ત્રીજી નરક વિગેરેના અવધિજ્ઞાનવાળા હોવાથી ત્યાંના મિત્ર કે શત્રુ નારકની સાતા, અસાતા કરવા જાય, પરંતુ બીજાઓને તે ક્ષેત્રનું અવધિ ન હોવાથી શી રીતે જાય ?

**સમાધાન**–ભવનપતિ વિગેરે દેવતાઓ ભવપ્રત્યયિક વૈર કે મિત્રતાને લીધે ત્યાં જાય, અને જગતમાં જેમ પૂર્વભવમાં વૈર અને સ્નેહ યાદ આવ્યા વિના પણ પૂર્વભવના તે તે વૈર અને સ્નેહના સંબંધવાળાં કાર્યોમાં તે તે વૈર અને સ્નેહને અનુસારેજ પ્રવૃત્તિ થાય છે, તેમ ત્યાં પણ તેવી પ્રવૃત્તિ થાય તેમાં આશ્ચર્ય નથી. રાજાઓ વિગેરે તેવા જ્ઞાન વિના પણ જંગલ વિગેરેમાં જાય છે અને ત્યાં તેવા તેવા કર્મોદયવાળા પ્રાણિયોનો નાશ પણ કરે છે અને કેટલાકને પાળવા માટે પણ લાવે છે.

नादंसणिस्स नाणं नाणेण विणा न हुंति चरणगुणा । चरणाहिंतो मोक्खो०' શ્રી ઉત્તરાધ્યયન૦ એમ કહી જ્યારે સમ્યગ્દર્શનઆદિ ત્રણથી મોક્ષ કહે છે.

વળી 'चरणगुणट्ठिओ साहू' શ્રીઅનુયોગદ્વાર૦ 'नाणकिरियाहिं मोक्खो' વિશેષાવશ્યક૦ એમ કહી કેટલીક જગોપર જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ જણાવે છે.

વળી આવશ્યકનિર્યુક્તિમાં–'नाणं पयासगं सोहओ तवो संजमो य गुत्तिकरो । तिण्हंपि समाओगे मोक्खो०' એમ કહી જ્ઞાન તપ અને સંયમથી મોક્ષ જણાવે છે તેનું કારણ શું ?

**સમાધાન**–સ્વપરદર્શનવાળાની સભાની અપેક્ષાએ સમ્યગ્દર્શનઆદિ ત્રણને અને સમ્યગ્દર્શનસંપન્ન એવા સંઘની સભાની અપેક્ષાએ કે કેવલ પરદર્શનની સભાની અપેક્ષાએ જ્ઞાન અને ક્રિયાને મોક્ષમાર્ગ જણાવાય તે ઠીકજ ગણવો.

તપ એ ચારિત્રનો વિભાગ છતાં માત્ર કર્મક્ષયમાં તેની પ્રધાનતા જણાવવા માટે નિર્યુક્તિમાં તપને જુદું ગણાવ્યું છે. વાસ્તવિકતાથી જુદુ જો તપ માનીયે તો તે તપનું આવારકકર્મ જુદું માનવું જોઇએ. શ્રીહરિભદ્રસૂરિજી 'सम्यक्चारित्ररूपत्वात्' એમ કહી પ્રત્યાખ્યાનમાત્રને ચારિત્રરૂપ જણાવે છે આજ વાત 'संजमतव' એ નિર્યુક્તિની વ્યાખ્યામાં પણ તપને સંજમનો ભેદ જણાવવાથી સ્પષ્ટ છે.

**પ્રશ્ન ૧૦૬૨**–આનંદશ્રાવકને અવધિજ્ઞાન જેટલા પ્રમાણમાં થયેલ હતું તેટલા પ્રમાણનું અવધિજ્ઞાન શ્રીગૌતમસ્વામીએ સદ્દહ્યું નહિ એ સદ્ભાવ અશ્રદ્ધા કહેવાય કે નહિ ? અથવા અસદ્ભૂતપદાર્થની અશ્રદ્ધા કહેવાય કે નહિ ?

**સમાધાન**–સદ્ભૂતપદાર્થની અશ્રદ્ધા તો ગણાય અને તેથીજ ભગવાન્ મહાવીરમહારાજે તે ગૌતમસ્વામીજીને આલોચનાઆદિ કરવાનું ફરમાવ્યું છે.

**પ્રશ્ન ૧૦૬૩**–સદ્‌ભૂતપદાર્થની શ્રદ્ધા નહિ તે મિથ્યાત્વરૂપ ગણાય કે નહિ ?

**સમાધાન**–સમ્યગ્દષ્ટિનો નિયમ છે કે સર્વજ્ઞભગવાને કે તેમના શાસ્ત્રોએ કહેલા પદાર્થોની શ્રદ્ધા જરૂર કરે સર્વજ્ઞ અને શાસ્ત્રના વચનોની શ્રદ્ધા ન થાય તેને તો સમ્યક્ત્વ હોયજ નહિ. પરંતુ સર્વજ્ઞ અને શાસ્ત્રના વચનની શ્રદ્ધા છતાં જે પદાર્થ જાણવામાં ન આવ્યો હોય તેને લીધે

અથવા તેવા ક્ષયોપશમની ગેરહાજરીને લીધે અન્યથા જાણવાથી અન્યથા શ્રદ્ધા ગોચર થયો હોય તો તે આલોચનાદિ કરવા લાયક ગણાય પરંતુ તેટલા માત્રથી સર્વજ્ઞ અને શાસ્ત્રવચનોની પ્રતીતિ હોવાથી સર્વજ્ઞોક્ત અને શાસ્ત્રોક્ત પદાર્થ માને છે માટે મિથ્યાત્વ ગણાય નહિ સમ્યગ્દષ્ટિ જીવ બીજાએ એની માન્યતાને ખોટી જણાવી હોય તો તરત તેના સત્યતત્વને જાણવા શ્રીસર્વજ્ઞ પાસે કે શાસ્ત્રજ્ઞ પાસે તરત જાય, અને તેથીજ ભગવાન્ ગૌતમસ્વામીજીએ ભગવાન્ મહાવીરમહારાજને તે પ્રશ્ન કર્યો અને પોતે તરતજ આલોચનાદિ કર્યાં. કર્મગ્રંથને જાણવાવાલાની ધ્યાન બહાર નથી કે શ્રીકર્મપ્રકૃતિમાં 'सद्दहइ असब्भावं अजाणमाणो' એમ સ્પષ્ટપણે જણાવે છે. શ્રીમલયગિરિજીમહારાજ તેની ટીકામાં પણ જણાવે છે કે જીવ સમ્યગ્દષ્ટિ છતાં પણ જો અસદ્‌ભાવની શ્રદ્ધા થાય તો તે અજ્ઞાનથીજ થાય અને અજ્ઞાની ન હોય તો જરૂર સદ્‌ભાવનીજ શ્રદ્ધા થાય. અજ્ઞાનથી અસદ્‌ભાવપદાર્થની શ્રદ્ધા થાય તો પણ સમ્યગ્દષ્ટિપણાને બાધ આવે નહિ. જો તેને તે પદાર્થના નિર્ણયની શ્રીગૌતમસ્વામિઆદિની માફક ચીવટ હોય અને સત્ય જાણે અને આલોચનાદિ કરનાર હોય. અર્થાત્ અજ્ઞાનને નામે અસદ્‌ભાવની શ્રદ્ધા ચલાવી લેનાર તો નજ હોય. એટલું તો જરૂર છે કે શાસ્ત્રવચનોથી જે વાતનો એક નિશ્ચય થાય તેવું ન હોય તો વિશિષ્ટશ્રુતધરોને કે કેવલીયોને ભલાવી દે. પરંતુ એકકે પક્ષને સત્ય કે અસત્ય તરીકે કહે કે પ્રરૂપે નહિં. આથીજ અભયદેવસૂરિઆદિ ટીકાકાર મહારાજા તેવે સ્થાને તેઓનેજ ભલાવે છે.

શ્રીભગવતીજીમાં પણ કાંક્ષાદિને સ્થાને 'तमेव सच्चं०'ને ધારવાથી કાંક્ષામોહનીય નથી વેદાતું એમ જણાવ્યું છે. અજ્ઞાનથી પણ અસદ્દ્ભાવપદાર્થને માનતાં શ્રીઉત્તરાધ્યયનની વૃત્તિમાં જણાવ્યા પ્રમાણે સાચી શ્રદ્ધાનો ઉપઘાત થાય છે એમ છે અને કર્મપ્રકૃતિની ટીકા (યશો૦) પ્રમાણે ઉપઘાત ન માનીએ તો પણ અસદ્દ્ભાવથી થતી શંકામાં પણ કાંક્ષામોહનીય તો માનવું જ જોઈએ.

**પ્રશ્ન ૧૦૬૪**–શ્રીપર્યુષણાકલ્પમાં 'अंतकुलेसु वा' ઈત્યાદિ કહીને નીચકુલો બતાવ્યાં તો પછી 'माहणकुलेसु वा' એ કહેવાની શી જરૂર હતી?

**સમાધાન**–અંતપ્રાંતાદિક કુલો જગત્‌ માત્રની અપેક્ષાએ નીચકુલરૂપ છે અને બ્રાહ્મણકુલ જગત્‌માત્રની અપેક્ષાએ નીચકુલ નથી, પરંતુ માત્ર તીર્થંકરભગવાન્‌ આદિ શલાકાપુરૂષની અપેક્ષાએજ એ નીચકુલ છે. માટે 'माहणकुलेसु वा' એ પદ જુદું કહેવાની જરૂર રહે અને આવી અપેક્ષાથી તે પદ હોવાથી જ અગીયારે ગણધરો બ્રાહ્મણકુલમાં જન્મેલા હોવા છતાં તેમને 'जच्चा' એટલે ઉત્તમજાતિવાળા એમ કહી શકાય તથા 'जाइसंपन्ने कुलसंपन्ने' વિગેરે પદોથી તેઓને ઉત્તમજાતિવાળા અને ઉત્તમકુલવાળા જણાવ્યા છે. તે પણ યોગ્યજ છે. વળી મરીચિએ તીર્થંકર અને ચક્રવર્તીની ઉત્પત્તિને લીધે કુલમદ કરેલો હોવાથી તીર્થંકર આદિને લાયકનું કુલ ન મળે તેવું જે નીચગોત્ર એટલે આપેક્ષિક નીચગોત્ર બાંધ્યું કહેવાય. કુલઆર્યાદિ ભેદો પણ શ્રાતીર્થંકરઆદિની અપેક્ષાએજ લેવાય તો વધારે અનુકૂલ ગણાય.

**પ્રશ્ન ૧૦૬૫**– પૂજાની અંદર જીવોની વિરાધના હોવાથી પૂજાને સાવદ્ય કહેવાય કે નહિં. ?

**સમાધાન**–પૂજાની અંદર આરંભ થાય છે એમ ખરૂં, પણ પૂજાને સાવદ્ય ન ગણાય કારણ કે તે પૂજામાં થતી વિરાધના સ્વરૂપહિંસારૂપ છે અને તે સ્વરૂપહિંસાથી બંધાયેલ કર્મ તત્કાલજ તેજ પૂજાના અધ્યવસાયથી નાશ પામે છે. જો એમ ન હોય તો નદીને ઉતરનાર સાધુનુ

સંયમ સાવદ્ય કહેવું પડે. અને તેમ કહેવા અને માનવા જતાં જલ, નદી અને સમુદ્રમાં સિદ્ધ થવાનું થાય છે તે હોયજ નહિં. પૂજા માટે વિશિષ્ટ પુષ્પાદિની જે વિશિષ્ટઇચ્છા તે સમગ્ર સંયમને બાધકારક હોવાથી સાધુઓ દ્રવ્યસ્તવના અનધિકારી છે અને શાસ્ત્રકાર પણ 'तो कसिणसंजमविऊ पुष्फाईयं न इच्छंति' એમ ફરમાવે છે. વળી શ્રીહરિભદ્રસૂરિજી 'अधिकारिवशात्' એમ સ્પષ્ટપણે કહે છે એટલે આચાર્યાદિને વૈયાવચ્ચ અને ઇર્યાસમિતિમાં સ્વાધ્યાયના નિષેધની માફક સાધુને દ્રવ્યસ્તવનો નિષેધ છે એમ સ્પષ્ટ થશે. એવી જ રીતે બાહ્યદ્રવ્ય અનુકંપાદાનમાં પણ શ્રાવકનો અધિકાર અને સાધુનો અનધિકાર સમજાય તેમ છે.

**પ્રશ્ન ૧૦૬૬**–અનુકંપાદાનથી ભોગાદિનીજ પ્રાપ્તિ થાય પણ નિર્જરા ન થાય એમ ખરૂં ?

**સમાધાન**–અનુકંપાદાનથી મનુષ્ય અને દેવોના ભોગોની પ્રાપ્તિ થાય એમ છતાં નિર્જરા નજ થાય એમ નથી શ્રીજ્ઞાતાસૂત્રમાં હાથીએ શશલાની અનુકંપાથી મનુષ્યાયુઆદિ બાંધ્યા છે તેમ સંસાર પણ પરિમિત કર્યો છે એટલે નિર્જરા ન માનીયે તો તે સંસારનું અલ્પપણું બને નહિ. શ્રીપુષ્પમાલામાં પણ સમ્યગ્દૃષ્ટિને અનુકંપાથી નિર્જરા થાય છે એમ પણ સ્પષ્ટ શબ્દમાં જણાવેલ છે. નિરનુક્રોશપણું તિર્યંચઆદિ ગતિનું કારણ હોવાથી અને સમ્યક્ત્વવાળાને તેમ દેવનું આયુષ્ય થવાનું હોવાથી સમ્યક્ત્વનું લક્ષણ અનુકંપા છે એમ માનવુંજ પડશે, ધ્યાન રાખવું જરૂરી છે કે–સાનુક્રોશતા અને હિંસાવિરતિ જુદી ચીજ છે.

**પ્રશ્ન ૧૦૬૭**–દ્રવ્યસમ્યક્ત્વ અને ભાવસમ્યક્ત્વ કોને કહેવું ?

**સમાધાન**–ભગવાન્ જિનેશ્વરમહારાજે નિરૂપણ કરેલ જીવાદિ તત્ત્વો અને સમ્યગ્દર્શનાદિરૂપ રત્નત્રયી તેના ગુણો ન જાણે અને માત્ર ઓઘેજ ભગવાન્ જિનેશ્વરમહારાજે નિરૂપણ કરેલને તત્ત્વ તરીકે માને તે દ્રવ્યસમ્યક્ત્વ કહેવાય અને તે જીવાદિતત્ત્વો તથા સમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ તથા તેના ગુણો જાણીને ભગવાન્ જિનેશ્વરમહારાજાના કહેલા

સંધ્યાકાળનો વખત થવા આવે તો ત્યાં શું રાત્રિના બીજા સમયથી ગણત્રી લેવી તેમાં બીજા સમયનો હેતુ શો ?

**સમાધાન**-યુગનો પલટો કે વર્ષનો પલટો શ્રાવણ વદી એકમની સંધ્યાકાળથી ગણાય છે. અને તેનાજ બીજે સમયે મહાવિદેહમાં થાય, સૂર્યના ઉદયનો એમાં નિયમ નથી પણ તેની મંડલગતિ ઉપર આધાર રાખે છે.

**પ્રશ્ન ૧૨૪૨**-મૂલાના પાંચે અંગ અભક્ષ્ય પન્નવણાઆદિ કોઈમાં છે કે કેમ ? આ તરફ તો કાંદા સિવાય ચારે અંગ સાધુ સાધ્વી પણ વાપરે છે.

**સમાધાન**-જો કે શ્રાદ્ધવિધિમાં મૂલાના પાંચ અંગ અભક્ષ્ય કહ્યાં છે. તો પણ વર્તમાનમાં મૂળા સિવાય બાકીના અંગો ઘણી જગ્યાએ વપરાય છે.

**પ્રશ્ન ૧૨૪૩**-મેરૂની વાવડીયોમાં તિર્યંચની ઉત્પત્તિમાં પંચેંદ્રિય જલચર એકલા કે વિકલેંદ્રિય પણ થાય ?

**સમાધાન**-મેરૂની વાવડીયોમાં વિકલેંદ્રિય હોય તો અસંભાવિત નથી.

**પ્રશ્ન ૧૨૪૪**-અત્યારે વિજયાષ્ટકમાં એકેક તીર્થંકર ભગવંત વિચરે છે તો બાકીની સાત સાત વિજયોમાં કેવલીઓ હોય કે કેમ ? અને હોય તો તે સહિત દશ દશ લાખનો કેવલિપરિવાર ગણેલ છે કે કેમ ?

**સમાધાન**-વર્તમાનમાં મહાવિદેહમાં તીર્થંકરોની હયાતિવાળી જે વિજયો છે. તેજ વિજયો હંમેશાં જઘન્યપદ વખતે રહે એવો નિયમ દેખવામાં આવ્યો નથી. બાકીની વિજયોમાં પણ સાધુઓનું વિચરવું અને કેવલિનું હોવું સર્વકાલે અસંભવિત છે એમ કહેવાય નહિ. પરંતુ અધિકતા તીર્થંકરોની સાથેના કેવલિસાધુઓની હોયજ તેથીજ તે સંખ્યા ગણી.

**પ્રશ્ન ૧૨૪૫**-અનાદિનિગોદના જીવોને મિથ્યાત્વગુણઠાણું ગણાય કે કેમ ?

**સમાધાન**-શાસ્ત્રોની અપેક્ષાએ કોઈ પણ સંસારી જીવ ગુણઠાણા વગરનો માન્યો નથી તેથી અવ્યવહારરાશિમાં પણ મિથ્યાત્વગુણઠાણું છે એમ ગણાય. કેટલાક શાસ્ત્રકારો યથાભદ્રકપણાને અને વ્યક્તમિથ્યાત્વ-પણાની પ્રાપ્તિને ગુણઠાણું કહે છે તેઓની અપેક્ષાએ ન ગણાય.

**પ્રશ્ન ૧૨૪૬**-સાંજના પડિલેહણનો કાજો વોસિરાવી ઇરિયાવહિ કરવી કે કેમ ?

**સમાધાન**-વસતિનું પ્રમાર્જન કરીને કાજો વોસરાવવો પડે છે અને તેને અંગે ઇરિયાવહિયા હોવી સ્વાભાવિક છે. છતાં પૌષધવિધિ વિગેરેમાં હોય ત્યાંથી બતાવવું.

**પ્રશ્ન ૧૨૪૭**-આર્દ્રકુમારના પૂર્વભવના વૃતાન્તમાં સ્ત્રી જે સાધ્વીપણામાં હતી તે-'ભરથાર એવા સાધુને રાગ થયો' એ હકીકત શાથી જાણી શકી ?

**સમાધાન**-પોતે સાધુને વાત કરી. સાધુએ આચાર્યમહારાજને જણાવ્યું અને ત્યાંથી પ્રવર્તિનીને જાણ થઈ અને તેથી તેણીને માલમ પડી.

**પ્રશ્ન ૧૨૪૮**-સાધુના રાગની વાત માલમ પડવાથી સાધ્વીઓ દેશાંતર ગઈ નહિ ?

**સમાધાન**-પ્રવર્તિની અને સાધ્વી બધાંએ દેશાંતર વિહાર કરી દીધો હોત, પણ સમવસરણ હોવાથી એકલી ન ગઈ.

**પ્રશ્ન ૧૨૪૯**-સાધ્વીને અણસણ કરવાનો શો પ્રસંગ આવ્યો ?

**સમાધાન**-તે વખતે તે દેશમાં સકલ સાધુ સાધ્વીઓનું સમવસરણ થવાનો પ્રસંગ આવેલ અને તેમાં સાધ્વીને સંયમની રક્ષા મુશ્કેલ માલમ પડી તેથી અનશન કર્યું અને કાલ કરી દેવલોકે દેવીપણે થઈ.

**પ્રશ્ન ૧૨૫૦**–તે સાધ્વીના કાલધર્મની વાત જ્યારે જાણી ત્યારે તે સાધુએ શું કર્યું ?

**સમાધાન**–તે સાધુને વિચાર થયો કે સાધ્વીએ સંયમની રક્ષા માટે જ્યારે અનશન કરી કાલ કર્યો, તો હવે મારૂં જીવન વ્યર્થ છે, એમ ધારી મરણના પહેલાં દિવસ ઘણા હોય તો પણ અનશન આદર્યું અને કાલ કરી દેવલોકે દેવપણું મેળવ્યું.

**પ્રશ્ન ૧૨૫૧**–સંયમ–રક્ષા માટે જીવનનો અનશન દ્વારાએ અંત લાવીને કાલ કરનાર દેવતા અને તેણીના કાલધર્મને સાંભળીને સંયમ–શુદ્ધિ માટે અનશન કરી કાલધર્મ પામી દેવલોકે જનારની ભવાન્તરમાં શી દશા થઈ ?

**સમાધાન**–કેટલાકના કથન પ્રમાણે તે સાધ્વીનો જીવ દેવલોકથી ચ્યવીને આર્યક્ષેત્રમાં સ્ત્રીપણે ઉપજ્યો, અને સાધુનો જીવ અનાર્યદેશમાં આર્દ્રકુમારપણે ઉપજ્યો. પરંતુ ચૂર્ણિકારમહારાજના કથન પ્રમાણે તે સાધ્વીનો જીવ અનાર્યદેશમાં આર્દ્રકુમારપણે ઉપજ્યો. અને સાધુનો જીવ આર્યદેશમાં શેઠીયાને ઘેર છોકરીપણે અવતર્યો. ચૂર્ણિના વચન પ્રમાણે જ્યારે સાધ્વીનો જીવ આર્દ્રકુમાર છે અને સાધુનો જીવ જ્યારે શેઠની છોકરી છે. ત્યારે આર્દ્રકુમારને ચારિત્રની તીવ્ર ભાવના અને શેઠની છોકરીને ચારિત્રની ભાવનાથી રહિતપણું હોવા સાથે બીજાને પણ ચારિત્રથી દૂર કરવાની અને દૂર રાખવાની જે ભાવના અને પ્રવૃત્તિ થઈ છે તે પૂર્વભવના વર્તનને અનુકૂળ ગણાય

**પ્રશ્ન ૧૨૫૨**–તે આર્દ્રકુમારે શેઠીયાની છોકરીનો સ્વીકાર કેમ કર્યો ?

**સમાધાન**–કેટલાકના કહેવા પ્રમાણે સંયમની રક્ષા માટે દેશત્યાગ કરી જે અન્યત્ર દેશમાં વિહાર કરતાં પણ ભૂલા પડવાથી આર્દ્રકુમાર તે છોકરીની દાનશાલામાં આવી ગયા અને છોકરીએ પગના લાંછનથી ઓળખ્યા પછી તે છોકરીને શેઠ, રાજા વિગેરેના આગ્રહથી પોતે

ગૃહસ્થપણું સ્વીકાર્યું નહિ, પછી છોકરી જ્યાં જ્યાં તે આર્દ્રકુમાર વિહાર કરતા જાય ત્યાં ત્યાં સાથે સાથે ગઈ. લોકોમાં આ આર્દ્રકુમારની સ્ત્રી છું એમ જાહેર કરતી ચાલે તેથી શાસનની હેલના ગામેગામ થાય એવો કુવિકલ્પ આવતાં છોકરીની સાથે ઘરમાં રહ્યા અને તેનો સ્વીકાર કર્યો.

**પ્રશ્ન ૧૨૫૩**–શ્રીસમવાયાંગઆદિસૂત્રોમાં ગણધરમહારાજે કહેલ 'नमोऽत्थु णं०' તથા શ્રીલલિતવિસ્તરાઆદિ શ્રીસંઘના આચાર દેખાડનાર વિધિમાં જણાવાતા અને આવશ્યકાદિ ક્રિયામાં કહેવાતા 'नमोऽत्थु णं'માં 'दीवो' આદિ છ પદો જણાવ્યાં નથી, અને શ્રીઉવવાઇજી તથા શ્રીકલ્પ-સૂત્રમાં અનુક્રમે કોણિક અને શક્ર-ઈંદ્રે કહેલા 'नमोऽत्थु णं०'માં તે પદો છે તેનું કારણ શું ?

**સમાધાન**–ઉપર જણાવેલા સ્થાનોમાં 'दीवो' આદિ છ પદો હોવા નહિ હોવાના ફરક છે ખરો અને ટીકાકારોએ એ બાબતમાં ખુલાસો કર્યો નથી. છતાં એમ જણાય છે કે શ્રીસંઘને પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીતઅવસ્થા તથા છદ્મસ્થ કેવલી અને સિદ્ધ અવસ્થા વિગેરે જન્મ પછીની અવસ્થાઓ સ્તુતિગોચર રાખવાથી અભૂતપૂર્વપણાની મહત્તા-આદિ દર્શક દીવોઆદિ પદો ન રાખ્યાં હોય અને શક્રેન્દ્રનો યવન-દશાથી સ્તવનાનો વિષય હોવાથી તે મહત્તાદર્શક પદો રાખ્યાં હોય અને પ્રસિદ્ધ ચૈત્યવંદનવિધિ વિરતિવાળાઓને હોવાથી દ્વીપાદિપણાની પ્રાર્થન-યતા ન ગણી હોય અને અવિરતિવાળા માટે કહેવાતા એકલા 'नमोत्थु णं०'માં દીવોઆદિની ઉપમાથી પ્રાર્થનીયતા ગણી હોય, એ તો ચોક્કસ છે કે 'दीवो' આદિ પદો પ્રથમાન્તપણે કહેલાં છે જ્યારે બીજાં બધાં પદો ચતુર્થીના અર્થવાળી છઠ્ઠીના અંતવાળાં છે. વિભક્તિને પલટાવવાની વાત છોડી દઇએ તો કહેવું જોઈએ કે એ પદો નમસ્કારનાં વિષયનાં નથી. વસ્તુતઃ ભગવાનના ઉપદેશેલા ચારિત્રરૂપ મોક્ષમાર્ગથી દૂર રહેલાઓને અદ્દભૂતતા દેખાને ઉપમાદિરૂપે કેવલ ઉપમાવાચક છે. સિંહ વિગેરે ઉપમાઓ જ્યારે પુરૂષલોકના તે ધર્મને અંગે છે. વળી

ભગવાનનું ભરતાદિ ક્ષેત્રના ચાર છેડાનું ચક્રીપણું જણાવ્યા પછી વિરતિરૂપ શાસનથી દૂર રહેલા માટે (તે પદો) છે. ભગવાનનું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનરૂપ શાસન તો ત્રણે લોકમાં હોય છે. માત્ર ભરતાદિકમાં તો તેઓના વિરતિરૂપ શાસનચક્રનું પ્રવર્તન છે. અને તેથીજ ચાતુરંતચક્રવર્તી છે દર્શનાદિની અપેક્ષાએ તો ત્રિલોક ચક્રવર્તી છે, એમ જો માનવામાં આવે તો ભગવાનને દૂર દેખીને નમસ્કાર્યતાનો વિષય કરવા કરતાં દીવોઆદિ પદો કહે. એટલે હું અવિરતિ હોવાથી ભવસમુદ્રના મધ્યમાં છું. અને તમો જેમાં વર્ત્તો છો એવો વિરતિદ્વીપ પણ મ્હારાથી દૂર છે. સંસારને કરનાર સાંપરાયિક કર્મો જે ગાઢપણે થઇ રહ્યા છે તેનાથી બચાવનાર વિરતિમય પ્રાણ પણ દૂર છે. સંયમાદિ જે ભવિષ્યના સંસારથી બચાવનાર શરણ રૂપ તમો પણ દૂર છો બાહ્યાભ્યંતર ગ્રંથ છોડીને સુસ્થતા માટે આશ્રય કરાતા તમે દૂર છો. દિન-પ્રતિદિન મળેલ ચારિત્રપરિણામના અવલંબન અને વૃદ્ધિના કારણરૂપ એવા આધાર જેવા આપ દૂર છો. એવી કોઇક સ્થિતિ દર્શાવનાર એ પદો પ્રથમાંતમાં રહેલા ગણાય. નમસ્કાર કરવામાં બુદ્ધિથી પણ નમસ્કાર્યનું સન્નિધાન કરવું જોઇએ રૂપક તરીકે વર્ણન કરતાં વર્ણનીયને બુદ્ધિપણે નજીક ન લાવતા દૂર રાખે એ 'દીવો૰' વિગેરે અવિરતિમાં દૂર રહેલા માટે હોવાં અસંભવિત નથી. શક્રસ્તવ અને ગણધરરચિતને સમજનારા સુજ્ઞો તો વિધિમાં 'દીવો૰' આદિ બોલેજ નહિ નવા પાયચંદીયાઆદિ મતો સિવાય પ્રાચીન ગચ્છો અને તેના આચાર્યો તો વિધિમાં તે 'દીવો' આદિ પદો કહેવાનું કહેતા નથી.

**પ્રશ્ન ૧૨૫૪**-વ્યવહારરાશિ અને અવ્યવહારરાશિ કોને કહેવી?

**સમાધાન**-જગતમાં જે સંસારી જીવોનો સમુદાય છે. તેમાં જેઓ કોઇપણ કાલે 'આ જીવ' એવો વ્યવહાર થઇ શકે તેવી રીતે બાદરપૃથ્વીકાયઆદિ પ્રત્યેકમાં આવ્યા નથી. તેઓ જીવના વ્યવહારથી રહિત હોવાને લીધે અવ્યવહારરાશિવાળા એમ ગણાય છે અને જેઓ બાદરપૃથ્વીકાયઆદિ પ્રત્યેક અવસ્થામાં કોઇપણ કાલે આવ્યા હોય

પછી ભલે તે કદાચિત્ સૂક્ષ્મ અવસ્થામાં કે સાધારણ એવી નિગોદ અવસ્થામાં જાય તો પણ વ્યવહારરાશિમાં ગણાય છે. કેટલાકો જીવના શરીરદ્વારાએ પૃથક્પણાના વ્યવહારને ન ગણતાં સૂક્ષ્મનિગોદનેજ માત્ર અવ્યવહારરાશિ તરીકે ગણીને બીજા બધા સંસારી જીવોને વ્યવહારરાશિમાં ગણે છે.

**પ્રશ્ન ૧૨૫૫**–વ્યવહારરાશિ અને અવ્યવહારરાશિમાં પરસ્પર અલ્પબહુત્વ શી રીતે છે?

**સમાધાન**–સીધી રીતે અવ્યવહારરાશિ અને વ્યવહારરાશિમાં અલ્પબહુત્વ શાસ્ત્રમાં કહ્યું હોય એમ સંભવ નથી. કારણ કે અવ્યવહારરાશિની કલ્પનાજ યૌક્તિક છે. અને તેની સિદ્ધિ માટે 'अत्थि अणंता जीवा जेहिं न पत्तो तसाइपरिणामो' એ શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણજીઆદિની કરેલી ગાથાઓનો આધાર લેવાય છે. પરંતુ સાદી સમજથી એમ કહી શકાય કે જીવના શરીરદ્વારા વ્યવહારિપણાને ગણતાં વ્યવહારરાશિવાળા જીવો કરતાં અવ્યવહારરાશિયા અનંતગુણ છે, પરતુ એકલી સૂક્ષ્મનિગોદનેજ અવ્યવહારરાશિ તરીકે ગણે તો કદાચ અવ્યવહારિયા અસંખ્યગુણાજ થાય.

**પ્રશ્ન ૧૨૫૬**–સર્વજીવોનું મૂલસ્થાન અવ્યવહારરાશિજ છે એમ ખરૂં?

**સમાધાન**–સર્વજીવોનું મૂલસ્થાન અવ્યવહારરાશિજ છે એવું તેઓજ માની શકે કે જેઓ બાદરપૃથ્વીકાયાદિપણાની પ્રાપ્તિથી વ્યવહારરાશિપણું માને. પરંતુ જેઓ બાદરનિગોદપણાઆદિની પ્રાપ્તિથી વ્યવહારરાશિ માનનારા હોય તેઓ સર્વજીવોનું મૂલસ્થાન અવ્યવહારરાશિ છે એમ માની શકે નહિ કેમકે એ વાત તો બન્ને પક્ષવાળા માનેજ છે કે જેટલા જીવ મોક્ષે જાય તેટલા જીવો અવ્યવહારમાંથી વ્યવહારમાં આવે છે અને મોક્ષે ગયેલા જીવો તો એક નિગોદનો અનંતમો ભાગજ હંમેશ માટે છે.

**પ્રશ્ન ૧૨૫૭**–વ્યવહારરાશિવાળા જીવો અનાદિ ખરા કે નહિ?

**સમાધાન**–બન્ને માન્યતાવાળા વ્યવહારરાશિને તો અનાદિ માને છે, એક વર્ગ વ્યવહારરાશિને અપરાપર જીવોની વ્યવહારિપણાની પ્રાપ્તિની અનાદિતાને લીધે મનુષ્યપણાદિની માફક અનાદિ માને ત્યારે બીજો વર્ગ વ્યવહારરાશિના જીવો વ્યવહારિપણામાં જ અનાદિકાલથી છે એમ માની નિગોદ અને અવ્યવહારરાશિની માફક તેને અનાદિ માને છે.

**પ્રશ્ન ૧૨૫૮**–'अत्थि अणंता०' એ ગાથામાં ત્રસાદિપરિણામ અને નિગોદવાસ જણાવીને અવ્યવહાર અને વ્યવહારનો વિભાગ કરે છે એમ નહિ ?

**સમાધાન**–જેઓ બાદરપૃથિવીઆદિથી વ્યવહારિપણું માને કે જેઓ બાદરનિગોદમાં આવવાથી વ્યવહારિપણું માને તે બન્ને વર્ગને આ ગાથામાં ઉપલક્ષણથી વ્યાખ્યાન લેવું જ પડે. પહેલા પક્ષવાળા 'तसाइ०'નો અર્થ કરતાં પશ્ચાનુપૂર્વીથી બાદરપૃથ્વીપણા સુધી જાય અને બીજો વર્ગ 'निगोयवासं'નો અર્થ માત્ર સૂક્ષ્મનિગોદ લેવી એમ કરે. અહીં ત્રસાદિ અને નિગોદ શબ્દ હોવાથી જો તેમ ન કરવામાં આવે તો ત્રસપણું નહિ પામેલા સમગ્ર જીવોને અવ્યવહારરાશિવાળા ગણવા પડે અને તેવી માન્યતાવાળો તો કોઈ વર્ગ છે નહિ. એટલું નહિ પરંતુ તેમ માનવા જતાં પૃથ્વીઆદિ જે બાદરો પૃથક્ પૃથક્ જીવપણાદ્વારા કે શરીરના બાદરપણાદ્વારા વ્યવહારમાં આવે છે તેને પણ વ્યવહારરાશિવાળા એ છે એમ માનવાનો પ્રસંગ રહે નહિ.

**પ્રશ્ન ૧૨૫૯**–શ્રીમહાવિદેહક્ષેત્ર અને ભરત, ઐરવત ક્ષેત્રમાં માસ, ઋતુ, વર્ષ અને યુગ આદિની શરૂઆત માટે કેટલું આંતરૂં છે ?

**સમાધાન**–શ્રીભગવતીજીના પાંચમા શતકના પહેલા ઉદ્દેશાના 'अणंतरपुरक्खडसमयंसि०' વાકયથી તથા શ્રીસૂર્યપ્રજ્ઞપ્તિઆદિનાં તેવા વાકયોથી એ નક્કી થાય છે કે જે સમયે ભરત ઐરાવતમાં વર્ષઆદિનો આરંભ થાય તે પછીના બીજા સમયથીજ શ્રીમહાવિદેહમાં વર્ષ ઋતુ આદિનો આરંભ થાય છે. ભરતમાં શ્રાવણ વદ એકમના સંધ્યાકાલથી

યુગનો આરંભ છે, મહાવિદેહમાં હિનારંભથી હોય.

**પ્રશ્ન ૧૨૬૦**–"તપ એ મનની કે વચનની ચીજ નથી, તો આત્મામાં તે કેમ પ્રવેશ કરશે? જે તપ પોતાની શક્તિને મન-વચન સુધી ફેરવી શકતું નથી તે તપ આત્મામાં જઇને કર્મોને કેવી રીતે તપાવશે?"

**સમાધાન**–તપ એ મન વચનને તપાવતું નથી, પણ કાયાનેજ તપાવે છે એવું કહેવું ઉચિત નથી. દીર્ઘતપસ્વીઓ માટે શાસ્ત્રકાર કહે છે કે તેઓને વચન બોલતાં તથા વિચાર કરતાં પણ જોર આવે છે, માટે તપશ્ચર્યા માત્ર કાયાના તાપનું તાપણું નથી, પણ મન તથા વચન ઉપર પણ અસર કરે છે. આત્મા અરૂપી છે તો તપશ્ચર્યાના પરિણામ પણ તેવા અરૂપી છે. પરિણામ પણ આત્માનાજ છે.

**પ્રશ્ન ૧૨૬૧**–"આત્માને વળગેલાં ચઉસ્પર્શી કર્મોનો નાશ તપ શી રીતે કરે? અસંખ્યાતાં ઊંડાં વળગેલાં કર્મોનો નાશ તપથી શી રીતે થાય?

**સમાધાન**-સૂર્ય અંધારાનો નાશ કરે છે. સૂર્ય અંધારાનો નાશ કરે તેમાં કાંઈ નવાઇ નથી. સૂર્ય અંધારાનો નાશ શી રીતે કરશે? એવું બોલવું તે તો બાલકને પણ શોભે નહીં. જેમ સૂર્ય બાર સ્વરૂપવાળો છે, દ્વાદશાવર્ત્ત છે. બારે રાશિનું રૂપ તેનું છે. તેમ આ તપના પણ બાર ભેદો છે–

૧ અનશન ૨ ઉનોદરી ૩ વૃત્તિસંક્ષેપ ૪ રસત્યાગ ૫ કાયક્લેશ ૬ સંલીનતા ૭ પ્રાયશ્ચિત્ત ૮ વિનય ૯ વૈયાવૃત્ય ૧૦ સ્વાધ્યાય ૧૧ ધ્યાન અને ૧૨ કાઉસ્સગ્ગ એટલે આ તપથી પાપ રૂપ અંધકારનો નાશ વિરૂદ્ધ સ્વભાવને લીધેજ થાય છે.

**પ્રશ્ન ૧૨૬૨**–જેટલા જેટલા તપ કરે તે તે પૂર્વના પાપીજ ને? જો તેઓ પ્રથમના પાપી ન હોય અને તપ કરે તો પાપ ન હોવાથી ક્ષય ન હોય માટે તપ નિષ્ફળ જવાનો ને?

**સમાધાન**–બુધ્ધે આ વિચારણાથીજ તપ મૂકી દીધો હતો. પ્રથમ તો જ્ઞાનીનો એ પ્રશ્ન છે કે જે જીવોને કેવલજ્ઞાન–દર્શનાદિની પ્રાપ્તિ નથી થતી તે પુણ્યના ઉદયે કે પાપના ઉદયે ? દરેકને પાપના ઉદયનેજ કબુલવો પડશે. શીયાળીયાની પાછળ વાઘ પડયો હોય અને શીયાળીયો પંજામાં આવી ગયો તે પછી કંઇ આંખ મીંચવાથી છૂટી શકવાનો નથી. તેમ ગુનેગાર પણ આંખ મીચામણાં કરે તેટલા માત્રથી છટકી શકતો નથી. જ્યાંસુધી કેવલજ્ઞાન નથી ત્યાંસુધી હું પાપી નથી એમ કહેવા માત્રથી જીવનો પાપના પંજામાંથી છૂટકો થાય તેમ નથી. આત્માના સ્વાભાવિક કેવલાદિ ગુણો પ્રાપ્ત થાય નહિં ત્યાં સુધી પાપીપણું દરેક આત્માને છે અને તે પાપના ક્ષય માટે તપ કરવો એ આવશ્યક છે.

**પ્રશ્ન ૧૨૬૩**–પાપ થયું ગયા ભવમાં અને તપ આ ભવમાં ? તેથી ગયા ભવમાં બંધ માટેની તપશ્ચર્યા આ ભવમાં કેમ થઈ શકે ? આગ લાગે ત્યાં અને પાણી રેડાય અહીં ? એવું આ તો થાય ?

**સમાધાન**–ખાઈમાં ખરડાયેલાં લુગડાં તળાવમાં ધોવાયજ છે. ગયા ભવમાં આત્મા ખાઈ જેવો હતો. આજે મનુષ્ય ભવ તળાવ જેવો હોઈ તપ કરે છે.

**પ્રશ્ન ૧૨૬૪**–સ્ત્રીઓ–'नमोऽर्हत्सिद्धाचार्योपाध्या०' બોલી શકે કે નહિ ?

**સમાધાન**–તે પૂર્વની વાણી હોવાથી સ્ત્રીઓને બોલવાનો અધિકાર નથી.

**પ્રશ્ન ૧૨૬૫**–'झंकारारावसारा' ० એ ગાથા એક સાથે મોટા ઉચ્ચારથી કેમ બોલાય છે ?

**સમાધાન**–શ્રીહરિભદ્રસૂરિમહારાજાએ ૧૦૪૪ ગ્રંથ બનાવ્યા તેમાં આ સંસારદાવાની ૪ ગાથાઓ છેલ્લા ૪ ગ્રંથ રૂપ છે. અંત અવસ્થાએ

સંસ્કૃત પ્રાકૃત ઉભય–ભાષાસ્વરૂપ અસંયુક્તાક્ષર એવા આ ગ્રંથની રચના કરતાં કરતાં કાળધર્મ પામે છે તે વખતે આ છેલ્લાં પદો સંઘ પણ સાથે સાથે પુરે છે,

**પ્રશ્ન ૧૨૬૬**–'नमोऽस्तु वर्धमानाय:' અને ' विशाललोचन०' સ્ત્રીઓ કેમ નથી બોલતી ?

**સમાધાન**– પૂર્વની વસ્તુ હોવાથી સ્ત્રીઓ નથી બોલતી કારણ કે સ્ત્રીને પૂર્વની વસ્તુ બોલવાનો નિષેધછે.

**પ્રશ્ન ૧૨૬૭**-તિથિ કોને કહેવી ?

**સમાધાન**–ચંદ્રનો સોળમો ભાગ નિત્યરાહુથી મુક્ત થઇને પ્રકાશમાં વધતો જાય તે શુક્લપક્ષની તિથિ અને તેટલો ભાગ નિત્યરાહુથી આવરાતો જઈ પ્રકાશમાં ઘટતો જાય તે કૃષ્ણપક્ષની તિથિ કહેવાય. આજ કારણથી શાસ્ત્રકારો તિથિની ઉત્પત્તિ ચંદ્રથી એટલે ચંદ્રની કલાના હાનિવૃદ્ધિને આધારે ગણે છે.

**પ્રશ્ન ૧૨૬૮**–ચંદ્રની ગતિ અને રાહુથી આવરાવવું તથા મુકાવવું દરેક પક્ષે નિયમિત છે. તો ચંદ્રમાને અંગે શુક્લ અને કૃષ્ણપક્ષની પંદર પંદર તિથિ થવાથી બન્ને પક્ષની ત્રીસ તિથિ થાય અને શાસ્ત્રકારો પણ સ્થાને સ્થાને ત્રીસ તિથિનોજ ચાંદ્રમાસ કહે છે તેમજ ત્રણસો સાઠ તિથિનુંજ ચાંદ્રવર્ષ કરે છે તો તિથિની હાનિ જે જૈનજ્યોતિષમાં પણ મનાય છે તે કેમ બને ?

**સમાધાન**–વસ્તુતાએ ચંદ્રમાસની ત્રીસ તિથિજ છે. અને શુક્લ તથા કૃષ્ણપક્ષની પંદર પંદર તિથિયોજ છે. એટલે તેમાં કોઈ પણ તિથિનો ક્ષય થતો નથી અને થઈ શકે પણ નહિ અને તેથીજ પાંચ વર્ષમાં યુગમાં થતા ૧૮૩૦ દિવસોમાં ચંદ્રમાના બાસઠ માસ થાય છે. સર્વયુગ–સર્વવર્ષ અને સર્વમાસમાં $\frac{૬૧}{૬૨}$ ઘડી પ્રમાણવાળી તિથિ હોય છે. નથી તો તે પ્રમાણમાં કોઈ કાલે વૃદ્ધિ થતી નથી કે નથી તો કોઇ કાલે હાનિ થતી.

**પ્રશ્ન ૧૨૬૯**–તિથિની ઉત્પત્તિ અને સ્થિતિ ચંદ્રની ગતિ ઉપર અને તેના આવૃત-અનાવૃતપણાને લીધે જ્યારે થાય છે અને તેની સંખ્યા દરેક યુગ તથા માસ પક્ષમાં નિયમિત છે તેમજ દરેક તિથિનું માન પણ નિયત છે તો પછી તિથિયોનો ક્ષય કેમ આવે છે? જૈન-શાસ્ત્રકારોએ પણ શ્રીસ્થાનાંગાદિસૂત્રોમાં અવમરાત્રના નામે તિથિનો ક્ષય માનેલો પણ છે તેનું કેમ?

**સમાધાન**–પાંચમ–આઠમ–ચૌદશ–પુનમ અને અમાવાસ્યા એ બધી તિથિઓ ચંદ્રની ગતિઆદિ ઉપર આધાર રાખનારી છે અને ચંદ્રમાસ અને તેના પક્ષની અપેક્ષાએ નિયતજ શરૂ થાય છે, વર્તે છે અને પૂર્ણ થાય છે. અને તેમાં કોઈ પણ તિથિની હાની થતીજ નથી. અને શાસ્ત્રકારોએ પણ ચંદ્રમાસની તિથિયોની હાનિ કરી નથી. શાસ્ત્રકારોએ જે અવમરાત્ર કહીને તિથિની હાનિ જણાવી છે તે કર્મમાસથી થતા કર્મવર્ષની અપેક્ષાએ જણાવેલી છે. યાદ રાખવું કે કર્મમાસ જ્યારે પરિપૂર્ણ ત્રીશ દિવસનો છે અને કર્મવર્ષ પૂર્ણ ત્રણસે સાઠ દિવસનું છે ત્યારે ચંદ્રમાસ પૂર્ણ ત્રીશ તિથિનો હોવા છતાં ૨૯$\frac{૩૨}{૬૨}$ દિવસનો છે અને ચંદ્રવર્ષ ૩૫૪$\frac{૧૨}{૬૨}$ દિવસનું છે, એટલે ચંદ્ર-સંબંધી મહિનો કે વર્ષ એક્કે નિરંશ એટલે અખંડ નથી. અને કર્મમાસ અને કર્મવર્ષ તે અખંડ છે તેની સાથે મેળવતાં ૫$\frac{૫૦}{૬૨}$ જેટલો ભાગ જે ઘટે છે તેનું જ નામ છ અવમરાત્ર છે અને તેથીજ છ તિથિયોનો ક્ષય ગણવામાં આવે છે. તિથિ છ ગુણી થવાથી મેળ મળે છે $\frac{૬૦}{૬૨}\times\frac{૬}{૧}=$૫$\frac{૫૦}{૬૨}$ થાયજ છે.

**પ્રશ્ન ૧૨૭૦**–ચંદ્રવર્ષના ૩૫૪$\frac{૧૨}{૬૨}$ દિવસ હોય તો પાંચ વર્ષના યુગમાં ચંદ્રના ૧૭૭૦$\frac{૬૦}{૬૨}$ દિવસો થાય અને યુગના દિવસો તો બરોબર ૧૮૩૦ હોય છે તે કેમ મળે?

**સમાધાન**–ચંદ્રવર્ષના જો કે ૩૫૪$\frac{૧૨}{૬૨}$ દિવસ હોય છે અને યુગમાં ચંદ્રના ૬૦ માસ હોય તો ૧૭૭૦$\frac{૬૦}{૬૨}$ દિવસ થાય, પરંતુ ચંદ્રવર્ષના યુગમાં ત્રીજો અને પાંચમો અભિવર્ધિત સંવત્સર હોય છે અને તે

અભિવર્ધિત ૩૮૩ ૪૪/૬૨ દિન પ્રમાણ હોય છે. એટલે બે અભિવર્ધિતના ૭૬૭ ૨૬/૬૨ દિવસ અને ત્રણ ચંદ્રવર્ષના ૧૦૬૨ ૩૬/૬૨ મેળવતાં ૧૮૩૦ દિવસ બરોબર યુગમાં થાય છે.

**પ્રશ્ન ૧૨૭૧**–અભિવર્ધિતવર્ષમાં ૩૮૩ ૪૪/૬૨ દિવસ હોય છે તો આજકાલના ખરતરોને તેવી વખતે ૩૯૦ દિવસ કેમ રહે છે?

**સમાધાન**–મૂલમાં તો ખરતરો પાર વગરની માન્યતા પ્રરૂપણા અને કરણી શાસ્ત્રોના વચનોથી વિરુદ્ધપણે કરતા આવ્યા છે. એની સાક્ષી શ્રીપન્નવણા તથા જીવાભિગમની વૃત્તિમાં શ્રીમલયગિરિજી છે. તેમાં નવા ખરતરોએ પંચમાસી અને તેરમાસી વિગેરે શબ્દો પોતાની પરંપરા અને શાસ્ત્રથી વિરુદ્ધ ઉભા કર્યા છે તે માત્ર અધિકમાસને પ્રમાણ કરવાના આગ્રહને લીધે જ જેમ છે તેમ ૩૯૦ દિનનો પણ રીવાજ તેઓએ નવો જ ચલાવ્યો છે. ખરી રીતે ચંદ્ર કે અભિવર્ધિત કોઇપણ વર્ષમાં ૩૯૦ દિન આવેજ નહિ, એક વાત ખરી છે કે ચંદ્રમાસ અને ચંદ્રની તિથિ પ્રમાણે અધિકમાસ હોય ત્યારે ચોમાસીમાં પાંચ માસ અને સંવચ્છરીમાં તેર માસ થાય તથા ચોમાસીમાં ૧૫૦ ૧૫૦ સંવચ્છરીમાં ૩૯૦ તિથિ થાય. પણ દિન ન થાય. પરન્તુ તે હિસાબે દરેક 'पन्नरसण्हं दिवसाणं' પક્ષમાં અને 'पन्नरसण्हं राईणं' નહિં કહી શકે. તેમજ ચોમાસી અને સંવચ્છરીમાં એકસો વીસ અને ત્રણસો સાઠની સંખ્યામાં દિવસો અને રાત્રિયો નહિં કહી શકે. વળી મુસલમાન લોકોની માફક તિથિયોનો વ્યવહાર ચંદ્રોદયની સાથેજ નિયમિત કરવો પડશે, પણ સૂર્યોદયની સાથે સંબદ્ધ નહિં રહે તથા મુસલમાનોના તાજીઆ આદિ તહેવારોની માફક સંવચ્છરી આદિ જુદા જુદા મહીને કરવા પડશે. શાસનને અનુસરનારા શ્રીતપાગચ્છવાળાને તો હીનાધિક તિથિની કે અધિકમાસની ગણતરી ન લેવાથી કોઈ જાતની અડચણ આવી નથી અને આવશે પણ નહિં.

**પ્રશ્ન ૧૨૭૨**–શાસ્ત્રોમાં 'चाउद्दसट्ठमुदिट्ठपुण्णमासिणीसु' વિગેરે વચનો

ચૌદશ આઠમ અમાવાસ્યા કે કલ્યાણક તિથિ અને પુનમને આરાધવાનું જણાવે છે. અને તે આઠમ વિગેરે તિથિયોની ઉત્પત્તિ ચંદ્રની ગતિઆદિ ઉપરથી છે. તેમજ તે તિથિયો હમ્મેશાં એક સરખા માનવાળી તથા સંખ્યાવાળી છે તો તેની આરાધના તે ચંદ્રતિથિની અપેક્ષાએ શા માટે કરાતી નથી ?

**સમાધાન**–જેવી રીતે શાસ્ત્રોમાં સ્થાને સ્થાને 'चाउद्दस०' વિગેરે વાકયથી ચૌદશઆદિ તિથિયો કે જે ચંદ્રની ગતિઆદિથી થાય છે તેની આરાધના કરવાનું જણાવે છે તેવી જ રીતે તે બધાં શાસ્ત્રવાકયો તે તિથિયોની સાથે 'पडिपुण्णं पोसहं' એમ જણાવી અહોરાત્ર કે દિન રાત્રિની મર્યાદાજ એક આહાર–શરીરસત્કાર, વ્યાપાર અને અબ્રહ્મનો ત્યાગ જણાવવા સાથે સાવદ્યના ત્યાગને કર્ત્તવ્ય તરીકે જણાવે છે. અને અહોરાત્રની મર્યાદા તો ચંદ્રની ગતિઆદિ ઉપર નથી, પણ સૂર્યના ઉદય આદિ ઉપર છે. અને શાસ્ત્રકારો પણ સ્થાને સ્થાને 'सूराई जेण हुंत०' એમ કહી અહોરાત્રનો સંબંધ સૂર્ય સાથે જ જોડે છે. એટલે ચૌદશઆદિની તિથિને આરાધનારે ચંદ્રની ગતિઆદિ ઉપરથી થતી તિથિઓ ઉપર જે આધાર રાખવાનો છે તેના કરતાં અધિક આધાર અહોરાત્ર ઉપર એટલે સૂર્યના ઉદય ઉપર રાખવાનો છે. જો એમ ન માનવા અને કરવામાં આવે તો મુસલમાનોના રોજા જેમ રાતે શરૂ થાય અને રાતે ખુલ્લા થાય છે, તેમ જૈનોના ઉપવાસાદિ નિયમો પણ રાતે શરૂ થઈ રાતે જ પૂરા થવાવાળા થાય અને એમ કરતાં ન તો રાત્રિભોજનવિરમણરૂપ મૂલગુણ રહે અને ન તો અદ્ધાપચ્ચખ્ખાણરૂપ ઉત્તરગુણ રહે. અને તેથી શાસ્ત્રકારો સૂર્યના ઉદયની અપેક્ષાએ તિથિ ન માનનારાઓને અર્થાત્ ચંદ્રોદય કે તત્કાલવ્યાપ્ત આદિથી તિથિ માનનારાઓને મિથ્યાત્વાદિ દોષો લાગવાનું કહે છે.

**પ્રશ્ન ૧૨૭૩**–ચૌદશઆદિ ચાંદ્રતિથિઓ આરાધવાની છતાં આરાધનાની સાચવણી માટે સૂર્યોદયને સ્પર્શ કરવાવાળી ચૌદશઆદિ

તિથિઓને પર્વતિથિ તરીકે માની અને સૂર્યોદયના સ્પર્શવાળા આખા દિવસને પર્વતિથિ તરીકે ન માનતાં જેઓ તિથિના આરંભથી કે વ્રતાદિકાલમાં રહેતી અગર માત્ર સમાપ્તિ સુધી રહેતી પવતિથિ માનીને તે મુજબ વ્રતાદિ અને પારણાં આદિ કરે. તેઓને શાસ્ત્રકારે મિથ્યાત્વાદિ દોષવાળા માન્યા છે તો એ ઉપરથી ઉદયવાળી જ તિથિને પર્વતિથિ તરીકે મનાય એ ખરુંને ?

**સમાધાન**–સૂર્યના ઉદયને ફરસતી તિથિના દિવસે પર્વતિથિ માનવી એ તત્ત્વ હોવાથીજ 'उदयंमि जा तिही०' વિગેરે કહેવામાં આવ્યું અને તેથી ઉપવાસાદિ તથા અહોરાત્ર પૌષધઆદિ પર્વતિથિની કરણી કરાય. એટલે એ નક્કી થયું કે પહેલાં પર્વતિથિવાળો દિવસ નકકી કરવો અને પછી તે આખો દિવસ પર્વતિથિ તરીકે માનવો અને તેની આખા દિવસમાં વ્યાપક એવા ઉપવાસાદિ નિયમથી આરાધના કરવી. શ્રાશ્રાદ્ધવિધિમાં પણ પહેલાં તિથિ પર્વરૂપ છે એમ માનવાનું જણાવીને પછી તેની આરાધના જણાવી છે. શ્રાદ્ધદિનકૃત્ય આદિમાં પણ 'छण्ह तिहीण मज्झंमि का तिही अज्ज वासरे ?' એમ કહી આરાધનાના વિષયમાં પહેલી તિથિનેજ પર્વતિથિ તરીકે નક્કી કરવાનું જણાવે છે. અને એ કારણથી શ્રીતત્ત્વતરંગિણીકાર પણ 'ग्राह्या' એવા સરલપદનો પણ પર્વ-તિથિપણું લેવા માટે 'उपादेयेत्यार्थः' એમ ઇત્યર્થ કહે છે. એટલું જ નહિં. પરન્તુ સ્પષ્ટપણે જણાવે છે કે ચૌદશનો ક્ષય હોય ત્યારે ઉદય-વાળી તેરસ છે છતાં તે દિવસે તેરસ છે એવું કહેવાનો શ્રીસંઘમાં રીવાજજ નથી, પણ તિથિને દિવસે ઉપવાસ ચૈત્યવંદન અને સાધુવંદન આદિ કરવામાં ન આવે તો પ્રાયશ્ચિત્ત આવે છે જેથી એવા પ્રાયશ્ચિત્ત-આદિના કાર્યમાં શ્રીસંઘ તે દિવસે ચૌદશજ માને છે. એમ જણાવી વગર ઉદયવાળી પણ ચૌદશ છતાં તે દિવસે ચૌદશજ કહેવી એમ સ્પષ્ટપણે જણાવે છે. એટલે હમણાં થોડા વર્ષોથી જે શાસનની પરંપરા અને શાસ્ત્રવાકયોથી વિરૂદ્ધપણે ભેળી તિથિઓ માનીને જે ભેળસેળીયા થયા છે. તેમને કોઈપણ પ્રકારે શાસન, પરંપરા અને શાસ્ત્રની

શ્રદ્ધાવાળાઓએ માન્ય કર્યા નથી અને તેવો સંભવ પણ નથી.

**પ્રશ્ન ૧૨૭૪**-સૂર્યના ઉદયમાં જે તિથિ વર્ત્તતી હોય તે માનવી જ જોઈએ એમ નહિ ?

**સમાધાન**-સૂર્યના ઉદયને ફરસવાળી તિથિ જો માનવી જ જોઈએ એવો નિયમ રાખીએ તો અષ્ટમી ચતુર્દશી આદિ પર્વતિથિના ક્ષયની વખતે સાતમ અને તેરસ આદિનો જ ઉદય છે માટે તે દિવસે આઠમ-ચૌદશઆદિ માનનારા અથવા આઠમ-ચૌદશઆદિ માની તેની આરાધના કરનારા માર્ગથી વિપરીત જ ગણાય. અર્થાત્ આઠમ-ચૌદશઆદિ માનનારા અગર સાતમ આઠમ આદિને ભેળી માનનારા થઈને પણ આઠમઆદિ માનનારા જે છે તે બન્ને મિથ્યાત્વી થાય. જો એમ કહેવામાં આવે કે ઉદયને ફરસવાવાળી માનવી જ એમ નહિ. પણ ઉદયને ફરસવાવાળી જ માનવી એમ કહેવામાં આવે તો આઠમ-આદિ તિથિઓ જ્યારે ઉદયને ન ફરસીને ક્ષય પામે ત્યારે તે આઠમ આદિની આરાધના સાતમ માનીને કે આઠમ માનીને પણ કરનારો મિથ્યાત્વીજ થાય. એટલે આ ગાથાથી નથી તો ઉદયવાળી તિથિ માનવીજ એવો નિયમ થતો, તેમ ઉદયવાળી જ માનવી એવો પણ નિયમ થતો નથી. આ ગાથા તો ક્ષય કે વૃદ્ધિનો પ્રસંગ ન હોય ત્યારે માત્ર ઉદયવાળી તિથિ એટલે ઉદયને ફરસનારી છે તે દિને અન્ય ઉદય જે આવે નો છે ત્યાંસુધી આરાધનાની તિથિને માનવા માટે જ છે. આજ કારણથી શ્રીશ્રાદ્ધવિધિકારે સામાન્ય પર્વતિથિના અધિકારમાં આ ગાથા લખી છે અને પર્વતિથિની હાનિવૃદ્ધિનું પ્રકરણ પછી ઉપસ્થિત કરેલું છે વળી તેમ હોવાથી જ તિથિનો આરંભ, ભોગ કે સમાપ્તિકાલ અગર પ્રત્યાખ્યાનકાલ કે પ્રતિક્રમણ કાલને લઈને આરાધના કરનારને અહોરાત્રની આરાધના ન થવાથી અને મૂલગુણ ઉત્તરગુણની વિપરીત આરાધના થવાથી મિથ્યાત્વઆદિ દોષોવાળા માન્યા છે.

**પ્રશ્ન ૧૨૭૫**-જે અષ્ટમી આદિ પર્વતિથિ ઉદયને ફરસવાવાળી હોય તે જરૂર માનવી જોઈએ એમ તો ખરું કે નહિ ?

**સમાધાન**–જૈનજ્યોતિષને **અનુસરતી** જ્યોતિષની માન્યતા વખતે ગાથાના **અર્થને મરડનારો** મનુષ્ય એમ માની પણ શકત પરંતુ વર્ત્તમાનપંચાંગોમાં પર્વતિથિની પણ વૃદ્ધિ થાય છે તેથી ઉદયને ફરસવાવાળી પણ પર્વતિથિ માનવી જ જોઇએ એમ બને જ નહિ. પર્વતિથિનો જેમ આરાધનાનાં વિષયમાં ક્ષય થાય નહિ તેમ વૃદ્ધિ પણ થાય નહિ. જ્યારે ટીપણામાં બે આઠમો કે બે ચૌદશો હોય ત્યારે બન્ને **આઠમો અને** ચૌદશો સૂર્યના ઉદયને ફરસનારીજ હોય છે. એટલે જો એમ નક્કી કરવામાં આવે કે સૂર્યના ઉદયને ફરસવાવાળી પર્વતિથિને પર્વતિથિ તરીકે માનવીજ જોઇએ. તો પછી બંને આઠમો વિગેરે પર્વતિથિ તરીકે આરાધવીજ જોઇએ. પણ તેમ બને નહિં. તેથી **કહેવું અને** માનવુંજ જોઇએ કે ઉદયને ફરસનાર પર્વતિથિ માનવી એ **હકીકત** ક્ષયવૃદ્ધિના પ્રસંગ સિવાયજ **છે.**

**પ્રશ્ન ૧૨૭૬**–ક્ષયના પ્રસંગમાં ઉદયને ફરસવાવાળી પર્વતિથિ ન મળે એ ચોખ્ખું છે પણ વૃદ્ધિના પ્રસંગમાં ઉદયથી પર્વતિથિની આરાધનાનો આરંભ અને ઉદય પછીજ તે આરાધનાની **સમાપ્તિ** થાય એ સિદ્ધાંત ન ગણવો ?

**સમાધાન**–શાસ્ત્રકારો– क्षये पूर्वातिथिर्ग्राह्या, वृद्धौ कार्या तथोत्तरा' એ પ્રઘોષને આધારે પર્વતિથિનો ક્ષય હોય **અર્થાત્** તે તિથિ સૂર્યોદયને ફરસવાવાળી ન હોય તો તેનાથી પહેલાની એટલે આઠમ **આદિના** ક્ષયે સાતમ આદિની તિથિનો જે સૂર્યોદય હોય તેને આઠમ આદિના સૂર્યોદય તરીકે ગણી **આઠમ આદિની** આરાધના કરવી એમ જણાવે છે અને તેથીજ શ્રી તત્ત્વતરંગિણીમાં ચૌદશના ક્ષયની વખતે તેરસે તેરસ કહેવાનો નિષેધ કરે છે. અને ચૌદશ જ છે એમ કહેવાનું સ્પષ્ટપણે જણાવે છે. એટલે વૃદ્ધિમાં પણ શ્રીઆનન્દવિમલસૂરિજી વખતના લખાણથી તથા શ્રીવિજયદેવસૂરિજીના પટ્ટકથી પુનમ–અમાવાસ્યાની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ કરવાની હોવાથી અપર્વની તિથિ જ હાની–વૃદ્ધિમાં બોલાય.

## સાહિત્ય-રસિકોને અપૂર્વ સહકાર

### પત્ર આકારે

| | |
|---|---|
| શ્રી ભગવતી સૂત્ર (અભયદેવસૂરિ ટીકા) શતક ૧૫ થી ૩૩ ભાગ-૩. | ૪-૦૦ |
| શ્રી પન્નવણા સૂત્ર (હરીભદ્રસૂરિ ટીકા) ભા-૨ | ૨-૦૦ |
| શ્રી પન્નવણા સૂત્ર (હરીભદ્રસૂરિ ટીકા) ભા-૨ | ૨-૦૦ |
| શ્રી ઉપાંગાદિવિષયાનુક્રમ | ૪-૦૦ |
| શ્રી અંગ અકારાદિ | ૪-૦૦ |
| શ્રી આગમીય સૂક્તાવલ્યાદિ | ૨-૨૫ |
| શ્રી તાત્ત્વિક-પ્રશ્નોત્તરાણિ | ૭-૦૦ |
| શ્રી પંચાશક ટીકા (હરિભદ્રસૂરિ) | ૬-૦૦ |

### પુસ્તક આકારે

| | |
|---|---|
| શ્રી લઘુસિદ્ધપ્રભા-વ્યાકરણ સલઘુતમ શબ્દકોષ | ૨-૨૫ |
| ઉપદેશ રત્નાકર મૂળ સાથે (ગુજરાતી) | ૫-૦૦ |
| પ્રશમરતિ અને સંબંધકારીકા વ્યાખ્યાન સંગ્રહ | ૫-૦૦ |
| તાત્ત્વિક પ્રશ્નોત્તર ગુજરાતી ભાવાર્થ સાથે | ૯-૦૦ |
| તપ અને ઉદ્યાપન ગુજરાતી લેખ | ૫-૦૦ |
| પર્વમાહાત્મ્ય વ્યાખ્યાન સંગ્રહ | ૩-૦૦ |
| આગમોદ્ધારકની અમોઘદેશના | ૨-૦૦ |
| આગમોદ્ધારકની અમૃતવાણી | ૨-૦૦ |
| આગમોદ્ધારક... ...ખ્યાન સંગ્રહ | ૨-૦૦ |
| અષ્ટાહ્નિકા મા... ...તવાહ્દેશના | ૨-૦૦ |
| સાગર સમા... ...સંગ્રહ | ૫-૦૦ |

શ્રી જૈનાાન સંગ્રહ ... પુરા, સુરત.